# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | શિબિરની આવશ્યક્તા શા માટે ? | ૧ |
| ૨. | કલકત્તા શિબિર | ૪ |
| ૩. | ભદ્રેશ્વર શિબિર | ૧૦ |
| ૪. | ઉપરિયાળા શિબિર | ૧૧ |
| ૫. | પાલનપુર શિબિર (ઈ.સ. ૧૯૭૨) | ૧૩ |
| ૬. | સૂરત જ્ઞાનસત્ર | ૧૮ |
| ૭. | કપડવંજ શિબિર (ઈ.સ. ૧૯૭૩) | ૧૯ |
| ૮. | વિદ્યાર્થી લેખ | ૪૮/૫૦/૭૦/૯૫ |
| ૯. | પાલીતાણા શિબિર (ઈ.સ. ૧૯૭૪) | ૫૩ |
| ૧૦. | કાપડરાજી જ્ઞાનસત્ર | ૬૫ |
| ૧૧. | પિંડવાડા શિબિર (ઈ.સ. ૧૯૭૫) | ૬૮ |
| ૧૨. | પલ્લીવાલ શિબિર | ૭૯/૧૦૧ |
| ૧૩. | માલેગાંવ શિબિર | ૮૦ |
| ૧૪. | માઉન્ટ આબુ શિબિર | ૮૯ |
| ૧૫. | નાસિક શિબિર (ઈ.સ. ૧૯૭૬) | ૯૦ |
| ૧૬. | ધૂળિયા શિબિર (ઈ.સ. ૧૯૭૮) | ૯૪ |
| ૧૭. | બોરડી શિબિર | ૧૦૦ |
| ૧૮. | સાન્તાક્રુઝ શિબિર (ઈ.સ. ૧૯૭૯) | ૧૦૧ |
| ૧૯. | મુલુન્ડ શિબિર (ઈ.સ. ૧૯૮૦) | ૧૫૨ |
| ૨૦. | ચંદનબાળા (રવિવારીય શિબિર) (ઈ.સ. ૧૯૮૦) | ૧૫૭ |
| ૨૧. | સૂરત (રવિવારીય શિબિર) (ઈ.સ. ૧૯૮૧) | ૧૬૩ |
| ૨૨. | કાવી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન (ઈ.સ. ૧૯૮૨) | ૧૬૫ |
| ૨૩. | કલિકુંડ શિક્ષાયતન | ૧૮૫ |
| ૨૪. | હિંમતનગર શિબિર | ૧૮૮ |
| ૨૫. | મલાડ(ઈસ્ટ) રત્નપુરી શિબિર (ઈ.સ. ૧૯૮૬) | ૧૯૨ |
| ૨૬. | સાંગલી શિબિર | ૧૯૪ |
| ૨૭. | રાની શિબિર | ૧૯૭ |
| ૨૮. | શિબિરાર્થીઓને થયેલા લાભો | ૧૯૭/૨૦૩ |





| ક્રમ | નામ | પાના નં. |
|---|---|---|
| ૨૯. | પારોલા શિબિર | ૨૦૦ |
| ૩૦. | બેંગલોર શિબિર | ૨૦૧ |
| ૩૧. | રાજમહેન્દ્રી શિબિર (ઈ.સ. ૧૯૮૮) | ૨૧૭ |
| ૩૨. | ભાવનગર શિબિર | ૨૧૯ |
| ૩૩. | ભોંયણી શિબિર | ૨૨૩ |
| ૩૪. | **પરિશિષ્ટ** - આ નામ નહીં તો ભૂલી શકાય કે નહીં તો ભૂસી શકાય | ૨૨૪ |
| ૩૫. | શિબિરનો ઉજ્જવળ ઈતિહાસ | ૨૨૮ |
| ૩૬. | શિબિરથી પરિવર્તન | ૨૩૨ |
| | **: પ્રકીર્ણ પ્રસાદ :** | |
| ૩૭. | આજનું શિક્ષણ અને વિદ્યાલયોનું કર્તવ્ય | ૨૪૭ |
| ૩૮. | વચનામૃત | ૨૪૯/૨૫૭/૨૬૩/૨૭૧/૨૯૧ |
| ૩૯. | શાકાહાર કોંગ્રેસ અધિવેશન | ૨૫૧ |
| ૪૦. | મંત્રનો પ્રભાવ | ૨૫૪ |
| ૪૧. | સંસારમાં બૂરાઈ શાથી છે ? | ૨૫૬ |
| ૪૨. | નમસ્કાર મહામંત્રનો પ્રભાવ | ૨૬૦ |
| ૪૩. | ધર્મસાધનામાં વિકાસ કેમ ? | ૨૬૩ |
| ૪૪. | પ્રશ્નોનું સમાધાન | ૨૬૫ |
| ૪૫. | નમસ્કારના ચાર નિક્ષેપા | ૨૬૯ |
| ૪૬. | જીવો ને જીવવા દો | ૨૭૩ |
| ૪૭. | આપણી શાસનશક્તિ | ૨૭૫ |
| ૪૮. | વિધપ્રતિભાનો વારસદાર | ૨૭૯ |
| ૪૯. | સકલાર્હતની પ્રથમ ગાથામાંથી મંત્રોદ્ધાર | ૨૮૨ |
| ૫૦. | જૈન શ્વે.કો. નું અધિવેશન | ૨૮૬ |
| ૫૧. | ભરુચ જજમેન્ટ | ૨૯૪ |
| ૫૨. | સુવર્ણનું સંશોધન | ૩૦૪ |
| ૫૩. | અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સભા | ૩૦૬ |
| ૫૪. | ‘નમોત્થુણં’સંબંધી ચિંતન | ૩૦૮ |
| ૫૫. | પ્રભુનું નામ શા માટે લેવું ? | ૩૧૧ |

## શિબિરની આવશ્યકતા શા માટે ?

(લે. શ્રી સુરેન્દ્રકુમાર લોઢા, M.Sc., હાઈસ્કૂલ-પ્રિન્સિ.)

ભાવી પેઢી માટે તૈયાર થનારા યુવકોનું જે વાતાવરણમાં નિર્માણ થઈ રહ્યું છે અને પતનમાર્ગોથી જે એ ભરપૂર ભરાતા જાય છે એ સમાજમાં એક ચિંતાનો વિષય બની ગયો છે. નવો યુવાન વર્ગ માત્ર ધર્મથી દૂર થયો છે એટલું જ નહિ, કિન્તુ સંસ્કારો અને સદ્ગુણોથી પણ એ સંબંધ તોડતો રહ્યો છે. આજે મંદિરો ઉપાશ્રયો કે ધર્મસ્થાનોનું નિર્માણ થઈ રહ્યું છે, પરંતુ એમાં જવાવાળાનું આપણે નથી કહી શકતા. નવી ભવ્ય ઈમારત સ્થાપત્ય ખડા કરીએ છીએ, પરંતુ નવા ભવ્ય આત્મચિંતક આત્માઓ ખડા નથી કરી રહ્યા. ધર્મસ્થાનો એ ધર્મપ્રેરણાનું કેન્દ્ર છે એનો કોઈ વિરોધ ન કરી શકે; એનું નિર્માણ જરૂરી છે. પરંતુ એમાંથી પ્રેરણા લેવાવાળા નહિ હોય ત્યાં સુધી પૈસા એમાં એકલામાં ખર્ચેલા સાર્થક શી રીતે થશે ?

ધર્મને જીવનમાંથી હટાવીને નવી પ્રજા જે પતન અવસ્થામાં જઈ રહી છે. એની વિકૃત વાનગીઓ સમય સમય પર મળતી રહે છે. આજે જે શિસ્તહીનતા ઉદ્ધતાઈ અને ઉચ્છૃંખલતા પ્રસરી રહી છે. એ સમાજ અને દેશને અસ્તવ્યસ્ત કરતી ચાલી છે. યુવકોની શક્તિ વિધ્વંસની તરફ અધિક અગ્રેસર છે. શિક્ષાલયો બેંકરોનું ઉત્પાદન કરવાના કારખાનાં બન્યા છે. ચારે બાજુ અંધકાર છવાઈ રહ્યો છે. સૌ કિંકર્તવ્યમૂઢ બન્યા છે. આમાંથી બચાવ માટે આશાના કિરણો શોધી રહ્યા છે.

બીમારીનો ઈલાજ એ સાચા ઢંગથી નિદાન પકડીને કરવામાં આવે તો એ 'સમસ્યા' નથી રહેતી. શિસ્તહીનતાની સમસ્યાને દેશનેતાઓ સાચી પદ્ધતિથી નિદાન પકડીને હલ કરી શક્યા નથી. (એ તો વિદ્યાર્થીઓને જાતીય વિજ્ઞાન આપીને એમનાં જીવન ઉજ્જવળ કરવા ઇચ્છે છે !) શિક્ષાલયોમાં નૈતિક શિક્ષાને કોઈ સ્થાન નથી. જીવનને વિશુદ્ધિના માર્ગે લઈ જવા માટે વિદ્યાર્થીઓને આજની શિક્ષાપદ્ધતિમાં કોઈ પ્રકાશ પ્રાપ્ત નથી થતો. જે સમાજના યુવક પથભ્રષ્ટ થાય છે એ સમાજનું ભાવી સારું શી રીતે હોઈ શકે ? જો આપણે ઇચ્છીએ છીએ કે આપણી સમાજ એવી જ સમૃદ્ધ અને સશક્ત રૂપમાં વિકસિત થાય જેવી કે એનો પૂર્વ ઈતિહાસ કહી રહ્યો છે, તો અનિવાર્ય છે કે નવી પેઢીના આધ્યાત્મિક ઉદયની દિશામાં વિચાર કરવામાં આવે.



જૈન સંઘમાં આ પથભ્રષ્ટતાની સ્થિતિ અટકાવવા માટે એક ઉપાયરૂપે ગત કેટલાક વર્ષોથી જૈન ધાર્મિક આધ્યાત્મિક શિક્ષણ-શિબિર યોજવામાં આવી રહી છે. ગ્રીષ્મકાળમાં જ્યારે વિદ્યાર્થીઓ સ્કૂલ-કૉલેજ દ્વારા અપાતી રજાઓના સમયનો અહીં તહીં ફરવામાં ઉપયોગ કરે છે, તો પછી એમને જો પવિત્ર વાતાવરણમાં રાખીને જીવનના ઉચ્ચ મૂલ્યો સાથે જોડવામાં આવે તો નિશ્ચિત રૂપે યુવકોને નવો માર્ગ પ્રાપ્ત થઈ શકે છે. જેટલી શિબિરો યોજવામાં આવી છે, એ બધીનું પરિણામ અત્યંત આશાજનક આવ્યું છે. આજના વિદ્યાર્થીવર્ગની પ્રત્યે સમાજનો જે પૂર્વગ્રહ બની ગયો હતો એને આ શિબિરોએ હટાવી દીધો છે, તથા સિદ્ધ કરી આપ્યું છે કે જૈન દર્શનનાં વિષયો અને જૈન આચાર-વ્યવહારોના સંપર્કમાં આવીને નાની કે મોટી વયના માનવી પોતાના આત્મામાં પરિવર્તન કરી શકે છે.

● શિબિરોમાં વિદ્યાર્થીઓનાં મનમાં પોપટ પાઠના જ્ઞાનના હથોડાથી પરિવર્તન નથી લાવવામાં આવતું, કિન્તુ એમને તર્કસંગત વૈજ્ઞાનિક તથા માનસશાસ્ત્રીય પદ્ધતિથી ધર્મ તથા તત્ત્વ-સિદ્ધાંત જચાવીને સંતોષવામાં આવે છે, એથી એમના મન પરિવર્તન પામે છે. ● શિબિરોમાં વિદ્યાર્થીઓને માત્ર શ્રદ્ધાના નામ પર ધર્મના વ્યવહારો શીખવવામાં નથી આવતા, બલ્કે એમનામાં એના રહસ્યોનું દર્શન કરાવીને એના પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન કરાવવામાં આવે છે. ● શિબિરોમાં વિદ્યાર્થીઓ જે વાતાવરણમાં રહે છે એમાં એમને જીવનમાં ઉપાદેય સદ્ગુણો સુસંસ્કારો અને સદ્વ્યવહારોની પ્રત્યે આકર્ષણ જાગ્રત થાય છે. ● જો શિબિર પછી એમને બરાબર દિશાદર્શન મળતું રહે તો સડકો પર ભટકવાવાળી આ જીવતી તસવીરો પોતાના ઉચ્ચ કાર્યોથી કીર્તિમાન સિદ્ધ થઈ શકે એમ છે. શિબિરોમાં વક્તૃત્વ લેખન સંગીત આદિ શક્તિઓ વિકસીત થઈ ધર્મદિશામાં બળ આપે છે. શિબિરોનું આયોજન વસ્તુતઃ પ્રશંસનીય છે.

સંઘ યોગ્યની નિશ્રામાં શિબિર યોજનાઓનું જેટલું અધિક નિર્માણ કરશે એટલી અધિક નવી પેઢીને નૈતિક ધાર્મિક પ્રેરણા મળશે. આશા છે સંઘ તન-મન-ધનથી એવી શિબિરોને સુદૃઢ કરશે, અને એમાં પોતાના બાળકોને અધિકાધિક સંખ્યામાં મોકલી એના ઉદ્દેશ્યને પુષ્ટ કરી એમને ધાર્મિક વળાંક અપાવશે.

('**શાશ્વતધર્મ**' માંથી સાભાર)

**• કલકત્તા ભવાનીપુર :** અત્રે ભવાનીપુરના વિશાળ ઉપાશ્રયમાં શ્રી સંઘ તરફથી મુંબઈવાળા શ્રી કુમારપાળ વિ. શાહના સંચાલન હેઠળ ૧૦૦ ઉપર વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષણ શિક્ષાયતન ચાલી રહ્યું છે. બેંગલોર, મહારાષ્ટ્ર, ખાનદેશ, મુંબઈ, સૌરાષ્ટ્ર, અમદાવાદ વગેરેથી પણ મેટ્રીક-કૉલેજના વિદ્યાર્થીઓ આવેલા છે. શિક્ષાયતનને રાષ્ટ્રપતિ શ્રી ગિરિ, ઉપરાષ્ટ્રપતિ શ્રી પાઠક, શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી અજય મુખરજી વગેરેની શુભેચ્છાઓ પ્રાપ્ત થયેલી. સરાક જાતિના વિદ્યાર્થીઓને આમાં લાવવા શ્રી અનિલકુમારજી સરાકની સાથે જુના બે વિદ્યાર્થીઓ જીપ લઈને ૧૦૦ માઈલમાં ફરેલા, તેથી મેટ્રિક-કૉલેજ વગેરેના સરાક જાતિના કુલ ૧૭ વિદ્યાર્થી આમાં જોડાયા છે.

**• ભદ્રેશ્વર : (કચ્છ) તારીખ : ૭**

વૈશાખ સુદ ૧ ના **શ્રી ભદ્રેશ્વરજી કચ્છના** ભવ્યતીર્થમાં જિનમંદિરે વાજતે ગાજતે જઈ, પૂ. મુનિરાજો સાથે કચ્છ-ગુજરાતના જુદા જુદા ગામના વિદ્યાર્થીઓ (૧૦૦ જેટલા) તથા અગ્રણી ભાઈઓએ ચૈત્યવંદના કરી. શ્રી જિતવિજયજી ગુરુમંદિરમાં ગયેલ. શ્રી નગીનભાઈ જસાણીએ શિક્ષાયતનનો કાર્યક્રમ રજૂ કર્યો. પૂ.પં.શ્રી કસ્તુરવિજયજી ગણિએ મંગલાચરણ કરેલ. ત્યારબાદ જ્ઞાનની સ્તુતિઓ બોલી વાંચનાનું પુસ્તક વહોરાવી ભદ્રેશ્વરજી તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીયુત મોતિલાલ ગોપાલજીભાઈએ પાંચવાટનો જ્ઞાનદીપક પ્રગટાવી સૌએ જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ લીધેલ. ત્યારબાદ જ્ઞાનની પૂજા ભણાવી, બહારગામથી પૂજ્ય આચાર્ય ભગવંત પૂ. ગુરુભગવંતનો તથા અનેક ભાગ્યવાનોના શુભ સંદેશાનું વાંચન શ્રી મહેન્દ્ર ડી. દેસાઈ (ભુજના ધાર્મિક શિક્ષક) એ કરેલ. શ્રીયુત નગીનભાઈએ પૂર્વેના શિક્ષાયતનનો લાભ અને સુસંસ્કારની યોજનાની સંક્ષેપમાં રૂપરેખા કહી. શ્રી જૈન ધાર્મિક સંસ્કરણ શિક્ષાયતન આજથી ૨૧ દિવસ માટે શરૂ થાય છે. પૂ. વાચનાદાતા વિદ્વાન મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીએ 'મોક્ષમાર્ગ' અને 'આપણા પૂર્વજોનો ઈતિહાસ' ભરહેસર સજ્ઝાયના આધારે સુંદર રીતે સચોટ-પ્રેરક અંતરસ્પર્શી વાણીમાં વર્ણવતા સૌ મુગ્ધ થયા. ગાંધીધામ નિવાસી ધર્મરસિક શ્રી દેવજીભાઈ ચાંપશી તરફથી સાધર્મિક ભક્તિ થયેલ, સામુદાયિક ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવી બપોરે ૩ વાગે 'ધ્યાન અને જીવન' 'ત્રણ ભાષ્યોનું વિજ્ઞાન' અને 'ભક્ષ્યાભક્ષ્ય' વિષયની વાચના થઈ હતી. સાંજના ભાવના બાદ વિદ્યાર્થીઓની સભા મળી કાર્યવાહીની ગોઠવણ થઈ.





## કલકત્તા શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિક્ષાયતનની યાદગાર પળો

**• ભવાનીપુર :** ભવિષ્યની પેઢી માટે તૈયાર થનાર યુવાનોનું આજે જે વાતાવરણમાં નિર્માણ થઈ રહ્યું છે એ તો અવગતિ, અવદશા અને અસદ્ માર્ગે આગેકૂચનું ચાલી રહ્યું દેખાય છે, આ બાબત સમગ્ર જૈન સંઘ માટે પણ ચિંતાનો વિષય છે. આ ચિંતાથી અનેક ભાગ્યશાળીઓની જેમ પૂ.પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યનું પણ હૃદય દ્રવી ઊઠ્યું, અને એમણે શાસ્ત્ર મર્યાદાઓ સાથે રાખીને ધાર્મિક શિક્ષણ શિક્ષાયતનની પ્રવૃત્તિમાં જ્ઞાન-સંસ્કાર દાનનો છેલ્લા કેટલાક વર્ષોથી પ્રારંભ કર્યો. ઉનાળાની લાંબી રજાઓમાં તેઓશ્રીએ અથાગ પરિશ્રમો વેઠી એ દાન પ્રવૃત્તિ એટલી વિકસાવી કે કુમારો અને યુવાનો એમના દ્વારા ધર્મ પામ્યા છે, હૃદય પરિવર્તન કર્યા છે. આ ઉપરથી શિક્ષાયતન વિશેષ જરૂરી નહીં પણ, અત્યંત આવશ્યક સમજાયા છે.

આ વર્ષે કલકત્તા ખાતે પ્રતિષ્ઠા આદિ ભવ્ય શાસન કાર્યો અર્થે પ.પૂ.પં.શ્રી ભાનુવિજય મહારાજ સાહેબ પધારેલ, એથી એઓશ્રીના સાનિધ્યમાં ધા.શિ.શિક્ષાયતન યોજવાનું શ્રી ભવાનીપુર સંઘે નક્કી કર્યું. એની જાહેરાતો થઈ, દૂર પૂર્વના પ્રદેશમાં કલકતા શહેરમાં આ આયોજન છતાં ગામે-ગામે પ્રાંત-પ્રાંતના કૉલેજના અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ આમાં જોડાયા.

શિક્ષાયતનનો શુભારંભ તા. ૧૬-૫-૭૦ના દિવસે થયો. પરંતુ તા. ૧૭/૫ રવિવાર હોઈ મંગળ પ્રારંભ-વિધિ આજે શ્રી સંઘની વિશાળ હાજરી વચ્ચે ઉલ્લાસ ભર્યા વાતવારણમાં થઈ. આ પ્રસંગે પ. બંગાળના કોંગ્રેસ પ્રમુખ શ્રી વિજયસિંહજી નાહર પણ પધારેલ. આ પ્રસંગે મુંબઈથી શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, વડોદરાના એમ્બેસેડોર હોટલના માલિક શ્રી નગીનભાઈ, મુંબઈથી કેશવલાલ મોહનલાલ આદિ જૈન સંઘના આગેવાનોના શુભ-સંદેશાઓ આવેલા, વિશેષમાં દેશની અગ્રીમ વ્યક્તિ રાષ્ટ્રપતિ વી.વી.ગીરી, ઉપરાષ્ટ્રપતિ જી.એસ. પાઠક, માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈ, કેન્દ્રીય પ્રધાન શ્રી જગજીવનરાજજી, શ્રીમતી તારકેશ્વરી સિંહા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘસંચાલક શ્રી ગુરુ ગોલવાલકરજી, પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શ્રી અજય મુકરજીના ધાર્મિક-શિક્ષાયતનની સફળતા ઈચ્છતા સંદેશાઓ આવ્યા હતા.

જેવા ઉત્સાહથી શિક્ષાયતનનો આરંભ થયો તેવા જ ઉત્સાહથી ધાર્મિક,

આધ્યાત્મિક-તાત્વિક શિક્ષણ-સંસ્કરણની આગેકૂચ થઈ. વિભિન્ન પ્રદેશોના વિભિન્ન શક્તિઓવાળા વિદ્યાર્થીઓનો સમૂહ ખરેખર નજરે નિહાળવા યોગ્ય હતો. મુંબઈ, અમદાવાદ, બેંગ્લોર, ખાનદેશ, મલકાપુર, મહેસાણા, વડોદરા, અમરેલી, સાવરકુંડલા કુર્નુલ, કોલ્હાપુર, નવસારી, બિલિમોરા, સીસોદરા, કરાડ, નાગોર, બ્યાવર, ભાવનગર, મધ્યપ્રદેશ, લાતુર, ચોપડા આદિ દૂર-દૂરના પ્રદેશમાંથી સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ પધારેલા. એક વિશિષ્ટતા એ થઈ કે બિહાર-બેંગ્લોર રાજ્યમાં વસતી લાખોની સંખ્યામાંની સરાક જાતિ જે પૂર્વે જૈન હતી, ને આજે પણ જેમાં આદિનાથ ગોત્ર, ઋષભદેવ ગોત્ર, પારસનાથ ગોત્ર વગેરે પ્રવર્તે છે, તથા જેમાં માંસાહાર નથી, યાવત્ શાક-ફળ માટે પણ 'કાપો' શબ્દ વાપરી શકાતો નથી, એમાં કાળક્રમે ધર્મ ભૂલાઈ ગયો. પણ ફરી એ માટે શ્રી જૈન સંઘ તરફથી કાંઈક પ્રયત્નો થતાં ધર્મ-જાગૃતિ આવી છે. એમાં પૂ. પંન્યાસજી મ.સા.ની કૃપાએ એ વિભાગના ગામે ગામથી એસ.એસ.સી. અને કૉલેજ કક્ષા સુધીના કુલ ૧૭ વિદ્યાર્થીઓએ શિક્ષાયતનમાં ભાગ લીધો. મૂળ બંગાળી ભાષાના પણ હિંદીની સમજણને કારણે હિંદી પ્રવચનોથી એમનામાં જે જૈન-ધર્મની શ્રદ્ધા અને જૈનાચારોનું બીજારોપણ થયું છે એ ખરેખર અનુમોદનીય છે. આ પ્રદેશ માટે સંઘે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

પૂજ્યશ્રીની પ્રભાવક શૈલી અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિ કોલેજીયનો માટે આકર્ષણનું કારણ બની હતી. દિવસ દરમિયાન ૫-૬ કલાકની જૈન તત્ત્વજ્ઞાનની વાચનામાં જૈનધર્મ અને જીવન-રહસ્યોની છણાવટ શંકા-કુશંકાઓ તોડી નાખી મિથ્યા માન્યતાઓને સદાયને માટે ભૂતકાળમાં ધકેલી દેતી અને તત્ત્વ-જિજ્ઞાસાને વધારી દેતી. મનુષ્ય જીવન સુંદર જીવવા માટે વિવિધ આધ્યાત્મિક વિષયોના સમ્યગ્જ્ઞાન અને આદર્શોની જરૂર છે. એમાંય આચાર-શૂન્ય માત્ર લુખ્ખા જ્ઞાનથી કામ સરતું નથી કિન્તુ જ્ઞાન સાથે શ્રદ્ધા અને સદાચાર સંસ્કરણનું ભારે મહત્ત્વ છે. ગધેડો ચંદનના ભાર ઉપાડી સુવાસનો ભાગીદાર બનતો નથી તેમ માત્ર જ્ઞાનનો બોજ ઉપાડનાર માણસ સદ્ગતિનો ભાગી બનતો નથી. કિંમત છે એ સમ્યગ્જ્ઞાન મુજબ સદ્આચાર-અનુષ્ઠાનોથી જીવનને સુશોભિત બનાવવાની. તેથી આ શિક્ષાયતનમાં જૈન-આચારો, મોક્ષ-માર્ગ, ધ્યાન અને જીવન, સૂત્ર અર્થ રહસ્ય, માર્ગાનુસારી જીવન, પ્રતિમા પૂજનનું વિજ્ઞાન આદિ વિષયોની વાચના એવી રીતે અપાતી કે યુવકો હાથ જોડી વિવિધ સદ્આચારોની પ્રતિજ્ઞા સહર્ષ લઈ લેતા. શિક્ષાયતનની આ પ્રસાદીથી વિદ્યાર્થીઓને સુંદર જીવન સંભારણું અને કલ્યાણકર પરલોક-ભાતું માનતા અને એથી પોતાના જીવનને ધન્ય સમજતા.



કોલેજીયન વિદ્યાર્થીઓ પણ રોજ સવારે માત-પિતાને પ્રણામ, રોજ જિન-પૂજા, દારૂ-માસ-પરસ્ત્રીગમનાદિ ૭ મહા વ્યસનોનો ત્યાગ, કંદમૂળ-મધ-માખણ આદિનો ત્યાગ, ઓછામાં ઓછું સવારે નવકારશી પચ્ચકખાણ, ૧ વર્ષ માટે સિનેમા ત્યાગ વગેરે નિયમો સ્વીકારતા એ આજના યુગને પડકારરૂપ દેખાતું. કેટલાકો વડે રાત્રી-ભોજન ત્યાગ. ૫-૧૦ તિથિ લીલોતરીનો ત્યાગ, તિથિ-દિન તપશ્ચર્યા, નિયમિત એક સામાયિક, પાંચ તિથિ પ્રતિક્રમણ, અમુક વર્ષોમાં નવલાખ નવકાર-મંત્રનો જાપ, એક લૂખી રોટલી ખાવી, રોજ અમુક દ્રવ્યોથી તથા અમુક ટંકથી વધારે ન ખાવું, પાઠશાળાએ જઇ ધાર્મિક અભ્યાસ તથા ધાર્મિક સ્વાધ્યાય, રોજ પ્રભુને ૫ મિનિટ બોલીને ગદ્ય-પ્રાર્થના કરવી, દર મહિને એક ઉપવાસ કે આયંબિલ કે એકાસણું, પ્રભુ-પૂજા માટે પોતાના દ્રવ્ય વાપરવા, વગેરે વગેરે પ્રકારના નાનામોટા નિયમો સ્વ-ઇચ્છાથી લેવાયા.

શિબિરના આ સામુહિક સહકાર ભર્યા વાતાવરણથી ૧૦૦ ઉપર વિદ્યાર્થીઓ વિશાળ ૪ મજલાના ઉપાશ્રયના જ મકાનમાં દિવસ-રાત સૌહાર્દ પૂર્ણ ભાવથી રહેતા. વાસ્તવમાં વિદ્યાર્થીઓને માટે શિક્ષાયતન એક મોટો પરિવાર બની ગયું હતું. એમના વર્તાવમાં કલ્યાણ-મિત્રસ્નેહ અને સાધર્મિક વાત્સલ્યની ઝાંખી થતી. શિક્ષાયતન એમના માટે જીવન-ઘડતર અને સંસ્કાર-સુવાસ પ્રસારવાનું નિમિત્ત બન્યું છે. દિવસોના દિવસો અનેક-વિધ કાર્યક્રમોથી પાણીના રેલાની જેમ પસાર થયા. વૈશાખ વદ ૧૧ નો પરમારાધ્ય સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગારોહણ દિન આવી પહોંચ્યો. સંઘ તરફથી પંચાહ્નિકા મહોત્સવનો પ્રારંભ થયો. જ્ઞાનદાતા ગુરુવર્યશ્રી ભાનુવિજયજી ગણિવરના મહાગુરુની શિબિરાર્થીઓને ઓળખ થતાં ઉજવણીમાં ઉત્સાહનો પ્રચંડ ઉછાળો આવ્યો. કેટલાય ઉપવાસ, આયંબિલ-એકાસણા થયા. ૯૬, કેનીંગ સ્ટ્રીટના દેરાસરથી પ્રભુજીની રથયાત્રા સાથે ગુરુભક્તિ યાત્રા નીકળી. એમાં પૂજ્ય આચાર્યદેવશ્રીનો વિશાળ ૬ x ૪ ફૂટનો નયનરમ્ય ફોટો ઊંચી ચાર ઘોડાની બગીમાં પધરાવવામાં આવેલો. વરઘોડામાં વિદ્યાર્થીઓ કર્મને તોડવા શરમ છોડી ધર્મની એક માત્ર લગન લગાવીને ગીતધૂન જયકારનાદોના બુલંદ અવાજોથી શહેરના રાજમાર્ગોને ગુંજતા કરી દેતા. સાજન પણ વિશાળ હતું. ત્યારબાદ ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવશ્રીજીના હૃદયસ્પર્શી ગુણગાન કરતું પૂ.પંન્યાસજી મહારાજે પ્રવચન કર્યું. વિદ્યાર્થીઓએ ગુણગીત ગાથા-ગવરાવ્યા, ને બપોરે શેઠશ્રી સવાઈલાલ શાહ તરફથી ગોત્ર-કર્મ-નિવારણની પૂજા ભણાવી. સાંજે પૂ.પંન્યાસજી મહારાજની સાથે ૪ માઈલ ચાલીને વિદ્યાર્થીઓ

ભવાનીપુર પાછા ફર્યા. શ્રી સંઘના આયોજનથી બે બસમાં એક દિવસ વિદ્યાર્થીઓએ કલકત્તા શહેર યાત્રા કરી મંદિરોના દર્શન કર્યા. ભાવ-પૂર્વક દર્શન-ચૈત્યવંદન કરતાં-કરતાં યુવાનો પણ જીવન ધન્ય માનતા. લીસા ઢાળ પરથી સરી જતી રેતી અને વહી જતાં પાણીની માફક સમય ક્યાં અને કેમ પૂરો થયો તેનો ખ્યાલ પણ ન આવ્યો. તપસ્યાઓ, સામાયિકો અને જ્ઞાનપ્રાપ્તિની ઝાકઝમાળતા રહી. પૂર્ણાહુતિના દિવસો નજદીક આવતા ગયા જ્ઞાન, અભ્યાસનું પુનરાવર્તન ચાલ્યું. તા.૨-૬-૭૦ના રોજે લેખિત પરીક્ષાઓ લેવાઈ. તાત્ત્વિક પ્રશ્ન પત્ર હાથમાં આવતાં જવાબો આપવા માટે ગજબ તૈયારી હોઈ જોરદાર કલમો ચાલી. વિદ્યાર્થીઓએ પોતાના ભાવો અને મહેનતને ઉત્તરપત્રોમાં ભરી દીધા. પ્રશ્નો પણ કેવા ? પ્રભુજીને પ્રક્ષાલ પૂજા અને પુષ્પ-પૂજા શા માટે ? પ્રતિમાનું આલંબન શું કરે ? પત્થરમાં દેવ કઈ રીતે ? પીવાને માટે ગરમ પાણી કેમ ? અને પક્ષાલ માટે ઠંડુ પાણી કેમ ? સિનેમા-નાટકના અનિષ્ટો ક્યાં ? પાપ ન કરીએ પણ એની પ્રતિજ્ઞા ન હોય તો પાપ શી રીતે લાગે ? જીવનને ધ્યાન સાથે શો સંબંધ ? મનના અધ્યવસાય ઉપર ભવિષ્યનું નિર્માણ શી રીતે થાય ? જીવનો અનાદિનો ઇતિહાસ શો છે ? વિશ્વનું સંચાલન શાના કારણે વ્યવસ્થિત ચાલી રહ્યું છે ? "કારણ વિના કાર્ય બનતું નથી." આમાં ભવિતવ્યતાદિ પાંચ કારણો ક્યાં ? કેવી રીતે ? નવકારવાળી કે આંગળીની મદદ વિના ૧૦૮ નવકાર જાપ સમવસરણના ચિત્રથી કેવી રીતે ? ઇચ્છાયોગ આદિ ત્રણ યોગ કયા ? તસ્સ ઉત્તરીમાં ઉત્તરીકરણ શું ? લોગ્ગસ સૂત્રની ૨૪ તીર્થંકરોની ધારણા માટે ક્રમ-વ્યવસ્થાનું ચિત્ર બતાવો. આર્ત-રૌદ્રધ્યાનના ૪-૪ પ્રકારો, માર્ગાનુસારીના ૩૫ ગુણ, સમ્યક્ત્વના ૬૭ બોલ, શ્રાવકના ૧૨ વ્રત, રોજના ચૌદ નિયમ, નવતત્ત્વનું ચિત્ર વગેરે... વગેરેના પ્રશ્નો પૂછાયેલા.

લેખિત પરીક્ષા પછી નિબંધ-લેખન હરિફાઈ "માનવ-જીવનનું કર્તવ્ય અને 'શિબિરનો મારા જીવન પર પ્રભાવ' એ વિષય પર થઈ. વિદ્યાર્થીઓએ સુંદર નિબંધ લખ્યા. આ પછી વક્તૃત્વના વિષયો 'જીવનમાં સદાચારનું મહત્ત્વ' 'વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન,' **'વિશ્વને જૈન-ધર્મની બક્ષીસ'** અને 'હું શિબિરમાં ન આવ્યો હોત તો ?' એમાંથી એક ગમે તે પર વક્તૃત્વ હરિફાઈ થઈ. કેટલાક વિદ્યાર્થીઓ સુંદર બોલ્યા. ગુણવત્તાની દૃષ્ટિએ પુરસ્કાર અપાયો હતો. કરાડના જવાહર શાહે અંગ્રેજીમાં તથા ભાવનગર-બિલિમોરાના રાજેન્દ્ર શાહ વગેરેએ હિંદી-ગુજરાતીમાં અસરકારક વક્તવ્ય રજૂ કર્યા. તા. ૩-૫-૭૦ ના દિવસે દરેક વિદ્યાર્થીને 'અરિહંત'નો ૫૦ હજારનો જાપ અને ટૂકડી-બદ્ધ અખંડ જાપ તથા એકાસણા કરવાનું આયોજન હતું.



આ જાપમા સારી ધૂન મચી."

તા. ૫-૬-૭૦ પૂર્ણાહૂતિનો યાદગાર દિવસ હતો. સવારે મેળાવડામાં સાડા આઠ વાગતાં શિક્ષાયતનના વિદ્યાર્થીઓના સંગીતમય નવકાર, ચત્તારિ મંગલં... 'શ્રી અરિહંતો સકલહિતદા'...ના સમુહ મંગલગીતથી પ્રારંભ થયો. બેંગ્લોર ગ્રુપે સ્વાગત ગીત, શિબિર વિદ્યાર્થીઓમાંથી રાજેન્દ્ર દલીચંદ બિલિમોરા, શ્રી જવાહર હીરાલાલ શાહ કરાડ (અંગ્રેજીમાં) શ્રી નવીનચંદ્ર ચંપકલાલ સીસોદરા અને રાજેન્દ્ર લહેરચંદ ભાવનગરવાળાએ વક્તવ્યમાં પોતાના જીવન પર પડેલ શિબિર પ્રભાવનું તાદૃશ કરાવેલું. શિક્ષાયતન સંચાલક મંત્રીશ્રી કુમારપાળ વિ. શાહે ૨૦ દિવસનો અહેવાલ રજૂ કર્યો. શિક્ષાયતન દરમિયાન વિદ્યાર્થીઓને સમ્યગ્દર્શનની આરાધનામાં રોજ ત્રિકાળ-દર્શન તથા પૂજન, નવકાર જાપ, ભક્તિગીત, પૂજામાં સ્વદ્રવ્ય-અર્પણ વગેરે, જ્ઞાનની આરાધનામાં પૂર્વોક્ત પાંચ વિષયો પર વાચના-ગ્રહણ તથા ચિંતન, ચારિત્રની આરાધનામાં સામાયિક, વ્રતનિયમો, તપસ્યા વગેરે થયું. કુલ ૭૩ ઉપવાસ, ૪૨ આયંબિલ, ૧૦૩ એકાસણા, ૧૪૭ બેસણા થયાં. તિથિના દિવસોમાં રાત્રીના પ્રતિક્રમણમાં સૂત્રની બોલીમાં કુલ ૪૧૦ સામાયિક બોલાયા.

ભવાનીપુર સંઘના આગેવાન શ્રી અમુભાઈની વિનંતીથી કેનીંગ સ્ટ્રીટ સંઘ પ્રમુખ શ્રેષ્ઠીવર્ય સવાઈલાલ કે. શાહ જે.પી.પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટના શુભ હસ્તે પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ થયું. પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થનાર ક્રમસર વિદ્યાર્થીઓમાં રાજેન્દ્ર દલીચંદ બિલિમોરા, નરેન્દ્રકુમાર ભાઈલાલ સીસોદરા, રાજેશ શાહ જયપુર, નિર્મલકુમાર રામપુરિયા કલકત્તા અને ચંદ્રકુમાર જસરાજજી જૈન બેંગ્લોરવાળાને માત્ર લેખિત પરીક્ષાના ઈનામમાં જ અનુક્રમે રૂા. ૧૦૧/-, રૂા. ૯૧/-, રૂા. ૮૧/-, રૂા. ૭૧/-, રૂા. ૬૧/- અપાયેલા, તેમજ બીજા પણ ઉત્તીર્ણ તમામ વિદ્યાર્થીઓને શ્રેણિ મુજબ ઇનામ અપાયા, ઉપરાંત બીજી સ્પર્ધાઓ, નોટો સદ્વર્તન, તપસ્યા વગેરેના પુરસ્કાર અલગ અપાયા, કાર્યકરો તથા માણસો વગેરેને પણ બક્ષીસ અપાઈ કુલ રૂા. ૩૫૦૦/- ના રોકડ ઇનામો વહેંચાયા હતાં. બેંગ્લોર ધાર્મિક શિક્ષક શ્રી તિલકભાઈ શાહ તથા વડોદરા, અમરેલી વગેરે વિદ્યાર્થીઓની વિશિષ્ટ સેવાઓની ધ્યાનમાં લઈ બિરદાવવામાં આવ્યા હતા. સૌથી વિશેષ સેવા તો પૂ. પંન્યાસજી મ.ની, શ્રી ભવાનીપુર સંઘની અને ભાઈશ્રી કુમારપાળ વિ. શાહના અનુમોદનીય બની.

સંઘ આગેવાનોમાં શ્રી મણીભાઈ વનમાળીદાસ, સામાજિક કાર્યકર શ્રી રસીકભાઈ દોશી, શ્રી અમુભાઈ પ્રાણલાલભાઈ વગેરેએ ભાવભર્યા વક્તવ્યો રજૂ

કર્યા હતાં, અને શિક્ષાયતનની પ્રવૃત્તિને હૃદયના ઉદ્ગારો સાથે અભિનંદી હતી. ત્યારબાદ યુવાનોને વિદાય સંદેશ આપતાં પ.પૂ.પં.ભાનુવિજયજી મ. સાહેબે જણાવ્યું હતું કે, 'શ્રી જિનશાસનમાં જ્ઞાન-તપ-સંયમથી મોક્ષ છે. જ્ઞાનથી આત્મઘરમાં પ્રકાશ થાય, તપથી કર્મ-કચરો સાફ થાય અને સંયમથી નવો કચરો પેસતો અટકે; એટલે સ્વચ્છ બનેલ આત્મઘરમાં કાયમી નિવાસ થાય. એજ મોક્ષ છે. શિક્ષાયતનથી પ્રકાશ મળ્યો છે હવે ઘરે જઈને એ પ્રકાશ ખુલ્લો રાખી તપ સંયમની પ્રવૃત્તિમાં આગળ વધવાનું છે. શ્રી સંઘે વિદ્યાર્થીઓની ભક્તિમાં ખરચેલ પૈસા, તથા સંચાલકોએ લીધેલી વ્યવસ્થા-મહેનતને અને આપવામાં આવેલ તત્ત્વપ્રકાશ, -એ સાર્થક કરો એમાં વફાદારી છે; ઉત્થાન છે... વગેરે છેવટે સ્તવન ગીતથી પૂર્ણાહૂતિ થઈ.'

સમાપ્તિ મેળાવડા બાદ અંતિમ ભોજન સમયે પ.પૂ.પં.ભાનુવિજયજી મ.સા.ને વહોરાવા માટે શિબિર વિદ્યાર્થીઓએ વિનંતી કરી લઈ આવ્યા. ત્યાં વહોરવા માટે વિદ્યાર્થીઓ વચ્ચે પડાપડી થઈ એટલે સ્થાવરના એક રજપૂત વિદ્યાર્થીભાઇએ આજીવન બ્રહ્મચર્ય, બીજાઓએ ચોમાસા દરમ્યાન સાહેબજીની સાથે રહી ધાર્મિક અભ્યાસ કરવો, કેટલાકોએ ૧ વર્ષમાં ૧૦૧ આયંબિલ, ૪૦૦-૫૦૦ સામાયિક, ૬૦૦-૭૦૦ ગાથા કરવી. આમ મોટી-નાની બાધા લઇ વિદ્યાર્થીઓએ સુપાત્રદાનનો લાભ લીધો.

તમામ શિક્ષાયતન-વિદ્યાર્થીઓના સન્માન માટે શ્રી સંઘમાં અજબ ભાવ છલકાઈ ઊઠ્યો. બાબુશ્રીમાન સૂરજમલ મંગલચંદજી ચૌધરી તરફથી રસ-પુરીનું જમણ અને એક એક રૂપિયો, શેઠશ્રી મણીલાલ વનમાળીદાસ ૨-૨ રૂા. શ્રી વસંતલાલ છગનલાલ ચુડાવાળા તરફથી ૧૦૧ રૂા. શ્રી ચંપકલાલ ભણસાલી તરફથી રૂા. ૫-૬/-ની એક એક પેન તથા ૨-૨ રૂપિયા રોકડા, શ્રી દેવચંદ ઝીણાભાઈ વોરા તરફથી ૧-૧ રૂા. શ્રી જગદીશભાઈ તરફથી ૧-૧ રૂા. બાબુશ્રી હરખચંદજી કાંકરીયા તરફથી એક એક સુંદર રૂમાલ, એક સદ્ગૃહસ્થ તરફથી ૧-૧ રૂા. તથા શ્રી પાર્શ્વ મહિલા-મંડળની બહેનો તરફથી ૧-૧ રૂપિયો આપવામાં આવેલ.

શિબિર વિદ્યાર્થીઓના વિદાય દરમ્યાન આંસુ આગ સમાન બનેલ, આટલા કઠોર હૃદયના યુવાનોની આંખો આંસુઓથી છલકાઈ ધ્રુસકે-ધ્રુસકે રડતા યુવાનોને જોઈ સૌ કોઈનું હૃદય દ્રવી ઊઠ્યું. વિદ્યાર્થીઓને શિક્ષાયતન એ જીવનનું જીવંત યાદગાર અંગ બની ગયું.





• **ભદ્રેશ્વર :** અત્રે કચ્છના આગેવાન શ્રાવકોના પ્રયત્નથી ધાર્મિક શિક્ષણ-સંસ્કરનું શિક્ષાયતનનું ૨૧ દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના શાળા કૉલેજના ૧૧૫ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા. એમાં પૂ. મુનિરાજો **શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ** તથા **શ્રી કીર્તિરત્નવિજયજી મહારાજે** આવશ્યક સૂત્રોના અર્થ, આપણાં પૂર્વજો, મોક્ષમાર્ગ, ચૈત્યવંદનાદિ ભાષ્ય, વિજ્ઞાન, ધ્યાન અને જીવન, તથા ભક્ષ્યાભક્ષ્ય ઉપર બહુ બોધક અને રોચક પ્રવચનો આપ્યાં. પ્રવચનોમાં દાખલા-દલીલ તથા મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી વિદ્યાર્થીઓ શ્રવણમાં રસતરબોળ બની જતા. સવારના ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધીના કાર્યક્રમોમાં પ્રવચન શ્રવણ, નોંધ, દેવદર્શન, પૂજા, સામાયિક, પ્રભુભક્તિ વગેરેએ વિદ્યાર્થીઓના માનસ પર ધર્મશ્રદ્ધાની ઊંડી અસર ઊભી કર્યાનું દેખાતું. પોતાના આત્માની ઓળખ, વિશ્વમાં એનું અનંતકાળથી ભ્રમણ, ભ્રમણનું કારણ જીવની નિરંકુશતાં, અંકુશથી મહાન લાભ વગેરે ઠસાવાતાં વિદ્યાર્થીઓ સ્વેચ્છાથી નિયમો લેતા, જેવા કે રોજ જિનદર્શન-પૂજા, ગુરુવંદન, મા-બાપને પ્રણામ, મા-બાપને ઉદ્ધતવચન ન કહેવા, ૧૦૮ નવકાર જાપ, સાત વ્યસન-બીડી-સિનેમા-હિંસાનો ત્યાગ-કંદમૂળ-અભક્ષ્યનો ત્યાગ, થાળી ધોઈ પીવી, તિથિએ લીલોતરી ત્યાગ, તપ, ધાર્મિક અભ્યાસ વગેરે... 'કચ્છ મિત્ર' દૈનિકપત્રના મેનેજર જે.પી.વોરાએ મર્યાદિત બ્રહ્મચર્યના નિયમવાળા ૩૧ વિદ્યાર્થીઓને ચાંલ્લો કરી. ૧-૧ રૂા.ની પહેરામણી કરી. વચમાં અને અંતે વિદ્યાર્થીઓની જ્ઞાનાભ્યાસની લેખિત તથા મૌખિક સૂત્રાભ્યાસની પરીક્ષા લેવાઈ. એમાં ઉત્તીર્ણ થનાર તથા શિક્ષાયતન દરમિયાન કરાયેલ સામાયિક, બેસણાં, ગરમ પાણી, સાધર્મિક સેવા વગેરેનાં ઈનામો વહેંચવાનો ભવ્ય મેળાવડો થયો. શ્રી મોતીલાલ શેઠ તથા વકીલ શ્રી કરમચંદના હસ્તે ઈનામ વિતરણ થયું. શ્રી ભોગીલાલભાઈએ સ્વ.પૂ.આચાર્ય ભગવંતશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સંક્ષેપમાં જીવન ચરિત્ર કહેવા સાથે કહ્યું કે પૂજ્યશ્રીના પ્રતાપે જૈન નવી પ્રજામાં, શ્રદ્ધાપૂર્વક જ્ઞાન અને ચારિત્રનો વિકાસ કરવાના આયોજનોનો સુંદર પ્રવાહ ચાલી આવ્યો છે અને માર્ગસ્થ યોગ્ય વાચનાં દાતા તથા યોગ્ય બાળકોના સુમેળથી કાર્યસિદ્ધ થાય છે. પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. આદિ મુનિરાજોએ ધર્માશિષ આપતાં જણાવ્યું કે મળેલા તત્ત્વજ્ઞાનથી જીવન ધન્ય બનાવશો. વિનય અને સદાચારમાં આગળ વધશો. અમેરિકાની યુનિવર્સિટીઓમાં પણ ન મળે એવું તત્ત્વજ્ઞાન તમને

અહીં મળ્યું છે. તો એનું ખૂબ રટણ રાખશો. બાદ કાર્યકર શ્રીએ શિક્ષાયતન યોજકો, તીર્થ-ભોજન-શાળાના સંચાલકો અને કાર્યકરો વગેરેનો આભાર માનવામાં આવ્યો હતો. ખાસ કરીને શ્રી નગીનદાસ જે. જસાણી તથા શિક્ષક શ્રી મહેન્દ્ર ડી. દેસાઈએ દિનરાતની મહેનતથી આખા શિક્ષાયતનને સુંદર યશસ્વી બનાવ્યું હતું. ડૉ. દેઢિયાએ ૩-૪ વાર વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન પર સુંદર વાર્તાલાપ આપેલો.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૧૯,અંક-૩૮,તા.૩-૭-૧૯૭૧

● **ઉપરિયાળા :** અત્રે શ્રી જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ સાબરમતી તરફથી વૈશાખ સુદ ૧૧થી ધાર્મિક શિક્ષાયતનનું આયોજન થયેલ. લગભગ ૧૨૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ હતી. ધાર્મિક પ્રવચનો માટે સમિતિ તરફથી ૬માસ પૂર્વેથી પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી મહારાજને લાવવા મહેનત ચાલુ હતી. અંતે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના આદેશથી પૂ. મુનિરાજશ્રીને આ માટે આવવાનું ઠર્યું. એ વખતે પૂ.આચાર્યદેવશ્રીના શિષ્ય પૂ.પં.શ્રી ત્રિલોચન વિજયજી મહારાજે સમિતિને સ્પષ્ટ પણ કહેલું કે 'અમારા સાધુ પૈસા વગેરે બાબતમાં જરાય નહિ પડે,' ત્યારે સમિતિએ પણ કહેલું કે 'સાહેબ ! અમે એમને પ્રવચન સિવાય બીજી કોઈપણ બાબતમાં પાડીશું નહિ એ બદલ નિશ્ચિત રહેશો એ જવાબદારી અમો શ્રાવકોની છે.' અમદાવાદના શેઠશ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા વગેરેએ પણ ખૂબ ઉત્સાહથી શિક્ષાયતનમાં સહકાર અને ભોગ આપ્યો, તેમજ ઉપરિયાળા તીર્થ ટ્રસ્ટી મંડળે પણ સારો ભાગ લીધો.

પૂ. મુનિરાજશ્રીએ શ્રાવકોના આચાર વિચાર, નવતત્ત્વ, મોક્ષમાર્ગ, પંચ-પરમેષ્ઠીની ઓળખ, અભક્ષ્યત્યાગ, દેવદર્શનાદિ વિધિઓ વગેરે પર સુંદર પ્રવચનો આપ્યાં. વિદ્યાર્થીઓ એથી એટલા બધા પ્રભાવિત થયા કે સૌએ ઘરે જઈને પણ આચરવાના નાના નાના નિયમો લીધા. શિક્ષાયતનમાં સ્વ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ વૈશાખ વદ ૧૧ રોજે આચાર્યપદની આરાધનાનો કાર્યક્રમ રખાયેલો. જેમાં વિદ્યાર્થીઓમાં ૨૭ ઉપવાસ, ૬૦ આંબેલ અને ૩૦ એકાસણા, બેસણાં થયેલ. શેઠશ્રી કાન્તિભાઈ અમદાવાદથી શ્રી મહાવીર મંડળને લઈને આવેલ સાથે સાબરમતીનું સંગીત મંડળ હતું. પૂજામાં ભક્તિનો ખૂબ ઠાઠ જામ્યો. સ્વ.પૂજ્યશ્રીના ગુણાનુવાદ પૂ. મુનિરાજે સુંદર કર્યા. અમદાવાદથી હાઈકોર્ટ જસ્ટીસ શ્રી સાંકળચંદભાઈ પણ આવેલ. એમનાં પુત્ર નીચીકેત જેને માત્ર



નવકારમંત્રનું જ્ઞાન, બાકી ધર્મપરિચય નહિ એને આ શિક્ષાયતનમાં જોડ્યાથી ખૂબ પરિવર્તન આવ્યું. ઉત્સાહક વાતાવરણથી એ એકાસણા-બેસણા પણ કરતો અને બેસણા-સામાયિકની સારી બોલી પણ બોલતો. અંતે પરીક્ષા લેવાઈ એના ઈનામ શેઠ શ્રી કાન્તિભાઈના વરદ હસ્તે ધામધૂમથી વહેંચાયા. વડોદરાના જુના શિબિર વિદ્યાર્થીઓ આવેલા એમણે પેપરો તપાસવા વગેરેમાં સારી સેવા આપી. એકંદરે શ્રી શિક્ષાયતનથી નવી પ્રજામાં ધાર્મિક સંસ્કરણ અને શિક્ષણ સુંદર થઈ રહેલ છે.

આ શિક્ષાયતન તા.૬-૫-૭૧ સુધી ચાલેલું. આમાં અમદાવાદ-સાબરમતી-વડોદરા-ડભોઈ-મુંબઈ-રાધનપુર-પાટડી-વિરમગામ-ભુજ-માંડવી-સુરેન્દ્રનગર વગેરેથી ૧૩૦ વિદ્યાર્થીઓ આવેલા. શિક્ષાયતન દરમિયાન ૫૫૦૦ સામાયિક ૧૭૫ આંબેલ ૩૦૦ બેસણાં વગેરે તપસ્યા થયેલા. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે કર્મવિજ્ઞાન-મોક્ષમાર્ગ-શ્રાવક કર્તવ્યો પ્રભુશ્રી મહાવીર સ્વામીનું જીવનચરિત્ર પર સુંદર પ્રવચનો આપેલા. આવશ્યક સૂત્રોનું પણ શિક્ષણ આપવામાં આવ્યું હતું. અંતે પરીક્ષા પ્રશ્નોમાં, ૮ કર્મની અસરનું ચિત્ર. કર્મબંધના ૫૭ હેતુનાં નામ, કર્મસિદ્ધિ પર નિબંધ, કર્મવિજ્ઞાન ભણવાનું ફળ, કયા કષાયથી કયા ગુણોનો ઘાત, ૩ વચન યોગ, મોહનીય જીતવાના ૩ ઉપાય, સમકિતના ૩ લિંગ, સંવેગાદિ વ્યાખ્યા, સમકિતની ગતિ, સમકિતના આગાર શા માટે ? ૧૦ વિનય, સમકિતની દૃઢતા તથા ઉપશમ પર દૃષ્ટાન્ત, ભાવનાઓ કેટલી ? તપના ૧૨ પ્રકાર, આજ્ઞાની આરાધનાના ૩ પ્રકાર વગેરે અંગે પૂછવામાં આવેલું. શિક્ષાયતનનું સંચાલન શ્રી લલિતભાઈ ધામી, વડોદરાના જુના શિબિર વિદ્યાર્થીઓ તથા કિરીટ ધ્રુવે કરેલ.

● **ભાવનગર :** અત્રે ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થી ભાઈ શ્રી રાજેન્દ્ર લહેરચંદ વોરાની અથાગ કુનેહ અને પ્રયત્નથી પાઠશાળા ક્ષેત્રે સારી પ્રગતિ થઈ રહી છે. વિદ્યાર્થી સંખ્યા અને કીર્તિ વધતી રહી છે. એક સદ્ગૃહસ્થ સામાયિક મંડળમાં દર રવિવારે રૂ. ૩૦-૩૫ની પ્રભાવના કરી જાય છે. એક ભાઈ બોલપેન વહેંચી ગયા. ૩-૪ રવિવારની પ્રભાવના પહેલેથી નોંધાઈ જાય છે. આનું કારણ વિદ્યાર્થીઓમાં વ્યવસ્થિત ધાર્મિક જ્ઞાન સાથે પૂજા, સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-તપસ્યા વગેરે આચરણ ઉતરી રહ્યું દેખાય છે. પાઠશાળાના સ્થાપના દિને ૫૦૦ વિદ્યાર્થીઓની પ્રભાતફેરી ભાવનગરના દરેક લત્તે ધાર્મિક ગીત ધૂન ગાતી ફરી. પછી સામાયિક મંડળ શરૂ થયું. બાદ એક ભાગ્યશાળી તરફથી ચુરમાના લાડુનું જમણ અપાયું. બપોરના ઓળીવાળા વિદ્યાર્થીઓનું સન્માન થયું.

વક્તૃત્વ સ્પર્ધા થઈ એમાં પાઠશાળાના લાભ અંગે છટાદાર ભાષણ થયા એમને ચરવળો કટાસણું, પંચપ્રતિક્રમણ બૂક, પેનની પ્રભાવના, બીજાને ડબી-ડીસ વગેરે અપાયા. રાત્રે નવકાર ધૂન થઈ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૦,અંક-૩૮,તા.૩-૬-૧૯૭૨

## પાલનપુર નગરે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ-સંસ્કાર શિબિરની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ

કલકત્તાવાસી શ્રીયુત ચંપકભાઈ મૂળ પાલણપુરના વતની હોઈ અને એમની સજોડે દીક્ષાનું મુહૂર્ત મે માસમાં પડતું હોઈ, દીક્ષા પાલનપુરમાં જ થાય એ માટે અત્રેના ભાઈઓએ ગ્રીષ્માવકાશમાં ખાસ કરીને મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓ માટે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ શિબિરનું અત્રેની જૈન બોર્ડિંગમાં આયોજન કરેલું. શિબિરમાં પ્રવચનો આપવા માટે પૂ.પં. શ્રી **ભાનુવિજયજી** મ. શ્રી આયોજકોની આગ્રહભરી વિનંતીથી અત્રે પધાર્યા હતા. લગભગ ૨૩૫ વિદ્યાર્થીઓ ગામગામથી આવેલા.

તા. ૩૦ એપ્રિલના પ્રારંભ દિવસે જૈન ઉપાશ્રયેથી પૂ.આ. શ્રી સુબોધસાગર-સૂરિજી મ.સા. તથા પૂ.પં. શ્રી મુક્તિવિજયજી ગણિવર તથા પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ. આદિ મુનિપરિવાર સામૈયા પૂર્વક બોર્ડિંગમાં પધાર્યા. સામૈયામાં વિદ્યાર્થીઓએ રાજમાર્ગોને ગગનભેદી જયનાદથી ગજાવી મૂકેલ.

શિબિરનો મંગલ પ્રારંભ મંગલાચરણ. ભક્તિગીત, શિબિરસ્વરૂપદર્શન તથા ત્રણે પૂજ્યશ્રીના આશીર્વાદ સાથેના પ્રવચનોથી થયો હતો. બાદ સર્વે સાધર્મિક વિદ્યાર્થીબંધુઓને શિખંડપુરીનું ભોજન આપવામાં આવેલ. બપોરના વિશ્રામ-બાદ ૨॥ થી પાંચ સુધી મોક્ષમાર્ગ અને જૈનઇતિહાસ ઉપર પ્રવચનો થયેલ પછી રોજ પ્રવચનો ચાલતા. પ્રવચનપૂર્વે સૌને પ્રાચીન ભક્તિગીત ગાનમાં લયલીન કરાતા. બપોરે ચિત્તની એકાગ્રતાપૂર્વક નમસ્કાર મહામંત્રનો જાપ ડભોઈના સંગીતકાર શ્રી અમૃતલાલભાઈની મંડળીના મધુર વાજિંત્ર સ્વરોની લહેરી સાથે થતો. સમવસરણમાં પહોંચી જઈ શ્રી અરિહંતવંદના કરી રહ્યા છીએ એવાં એવાં માનસ ચિત્ર ખડાં કરી અભ્યાસ કરાવાતો. રોજ નિયમિત કાર્યક્રમમાં સવારના ૬ થી ૭ આવશ્યક સૂત્ર, તેની ઉચ્ચારવિધિ, તેમાં રહેલા રહસ્યો, સૂત્ર બોલતી વખતે ખડું કરવાનું ચિત્ર વગેરેનો પ્રેરક કથાનકો સાથે સર્વેને ફરજિયાત સામાયિકયોગમાં બોધ કરાવાતો.



ત્યારબાદ પચ્ચક્ખાણ થતાં, તેમાં પૂજ્યશ્રીનાં રોજના સંવેગ-વૈરાગ્યભર્યા પ્રવચનોથી ઉત્સાહિત થઈ વિદ્યાર્થીઓ ઉપવાસ-આયંબિલ-એકાશના-બેઆસણા-૧૪ નિયમ ઉકાળેલું પાણી પીવું વગેરેમાં સારી સંખ્યામાં લાભ ઉઠાવતા. દેવદર્શન નવકારશી કરીને વિદ્યામંદિરના હોલમાં ૮॥ થી ૧૦॥ જૈનતત્ત્વજ્ઞાન અને માર્ગાનુસારી જીવન ઉપર હૃદયસ્પર્શી-માર્મિક બોધક પ્રવચન અપાતાં. જેમ જેમ વિદ્યાર્થીઓ શ્રવણ કરતા ગયા તેમ તેમ મોહના ઉન્માદ ઓસરતા ગયા. જીવનને વિકૃત અને પાયમાલ કરનારા સાતવ્યસનનો જીવનભર ત્યાગ, તેમજ જીવનભર યા એકવર્ષ સંપૂર્ણ અથવા મર્યાદિત ઉપરાંતનો સિનેમાનો ત્યાગ, અંતરથી નિર્ણીત થઈ જતો. જીવનના પાયાના પ્રશ્નો જેમકે આચાર, તત્ત્વ, માર્ગ જૈન ધર્મની વિશાળતા...વગેરે પરનાં રોચક પ્રવચન સાંભળતાં વિદ્યાર્થીઓનાં હૈયાં હચમચી ઊઠતાં ! જિંદગીમાં પહેલી જ વારનું હૃદય ભેદી શ્રવણ હતું. માતા પિતાને નમસ્કારાદિ, ઉપકારીઓ પ્રત્યે કૃતજ્ઞભાવ, દયા, પરોપકાર, સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહાર, વગેરે સદ્દૃષ્ટિ અને સદાચારના પોષક વિષયોનું રસમય પ્રવચન સાંભળતાં સમય ક્યાં નીકળી જતો તેની ખબર પડતી નહિ.

વિદ્યાર્થીઓમાં ઉત્તરોત્તર જ્ઞાન પ્રકાશથી મોહનું અંધારું ઉલેચાતું જતું હતું. કેટલાક વિદ્યાર્થીઓ ઉભયટંક અને કેટલાક સાંજના પ્રતિક્રમણ કરતા, ત્યારબાદ શ્રી જિનમંદિરમાં આરતી પછી મંડપમાં સામુદાયિક પ્રાર્થના-ધૂન-ભાવનાગીત સાથે વિદ્યાર્થીપરિચય, વ્યવસ્થા અંગેની સૂચનાઓ વગેરે થતું. વિદ્યાર્થીઓને ચાલેલા વિષયોની નોંધ શ્રી કિરીટભાઈ રાત્રે લખાવતા હતા.

બહારગામથી અનેક સાધર્મિક બંધુઓ વંદનાર્થે તથા પ્રવચન લાભાર્થે આવતા જતા હતા. વિદ્યાર્થીઓમાં સારો વિકાસ જોઈ પ્રભાવિત થતા અને કોઈ કોઈ તો રોજની ભક્તિના રૂા. ૧૦૦૦ આપી જતા. ૧૫ દિવસ બાદ સર્વે વિદ્યાર્થીઓને ચાલેલા વિષયોની વચલી લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. એ માટે વિદ્યાર્થીઓએ સારી મહેનત કરેલી. ૪ વિષયોના બે પેપરો નીકળેલ તેમાં વિદ્યાર્થીઓએ સંતોષકારી ઉત્તરો લખેલા. પ્રવચન શ્રવણ સારું ઝીલેલું તે પ્રશ્નોત્તરથી અનુભવાયું. વિદ્યાર્થીઓએ વચમાં વચમાં દેવાધિદેવની સ્નાત્રભક્તિરાગ રાગિણી સાથે ચામર નૃત્ય, દાંડિયારાસની રમઝટ પણ ધૂન-તાળી સાથે સારી કરેલી.

મુમુક્ષુદંપતીનાં દીક્ષા-વરસીદાનના ભવ્ય વરઘોડામાં વિદ્યાર્થીઓએ વિવિધ માંગલિક સૂત્રોનો જયનાદ-ભક્તિગુંજન-દાંડીયારાસ તાળીઓના તાલ સાથે 'વીર વીર બોલો, મહાવીર મહાવીર બોલો' વગેરેની ધૂન સાથે મુંબઈમાં ગોવિંદાઓ જેમ મટકી ફોડવા ઉપરા ઉપર ખભા પર લઈ ચાલે તેમ વિદ્યાર્થીઓ પોતાના ખભા

ઉપર શ્રી કુમારપાળભાઈ, યોગેશભાઈ ઘીઆ, હસમુખભાઈ વિ.ને હોંશે હોંશે લઈ ચાલતા. મંગલસૂત્રોનો પોકાર દૂરદૂર સુધી ફેલાવાતો. આ દીક્ષા-વરસીદાનનો વરઘોડો પાલનપુરના ઇતિહાસમાં યાદગાર બની ગયો. સૌ કોઈ અનુમોદના કરતું કે 'કોલેજીયન જેવા યુવાન વિદ્યાર્થીઓમાં પણ શિબિર દ્વારા જૈનધર્મનું સંસ્કરણ કેવું અદ્‌ભુત કાર્ય કરે છે ! આજના કાળે વ્યવસ્થિત રીતે ધર્મનું સિંચન કરવામાં આવે તો જૈનકુળના લાખો બાળકો જૈનશાસનનું ગૌરવ વધારનાર સંઘરત્ન બની શકે ! ધન્ય છે તે માબાપોને, કે જેમણે પોતાના પુત્રોને ધાર્મિકશિક્ષણ સંસ્કાર શિબિરમાં મોકલ્યા !!'

મુમુક્ષુદંપતીનો શિબિરના આયોજકો તરફથી ભવ્યસન્માન સમારોહ કરાયો. વિદ્યાર્થીઓ ચારિત્ર અંગે સારું બોલ્યા. શ્રી ચંપકભાઈએ પોતાની જીવન કહાણી કહેતા સભા ચકિત થઈ ગઈ કે સત્‌શ્રવણની આટલી બધી પ્રગતિ ? સૌ ગદ્‌ગદ થયા.

દીક્ષા-ઓચ્છવની પૂજાઓ બોર્ડિંગ જિનમંદિરની પાસે વ્યાખ્યાનમંડપમાં જ હોઈ વિદ્યાર્થીઓ શિબિર-પ્રવચનોથી ધર્મરંગે રંગાયા પૂજામાં ખૂબ ઝીલ્યા. એમને વૈ.સુ. ૬ ના દંપતી દીક્ષાનો પ્રસંગ નિહાળવાનો મળ્યો. જૈનશાસનનો ત્યાગ માર્ગ કેટલો અદ્‌ભુત અને ઉત્તમ આત્મકલ્યાણ કરે છે તેનું હૂબહૂ દર્શન થયું. આ જ દિવસે બોર્ડિંગમાં શ્રી આદિનાથ જિનાલયની પ્રથમ વરસગાંઠ હોઈને ઉછરામણી બોલી દીક્ષાર્થીના ચિ. સતીશભાઈએ શિખર ઉપર ધજા લહેરાવી, સત્તરભેદી પૂજા ભણાવાઈ, બે દંપતીઓએ ચતુર્થ વ્રત લીધા. માંગલિક પ્રવચન બાદ લાડુની પ્રભાવના થઈ તથા દીક્ષા નિમિત્તે શ્રીયુત કીર્તિલાલ ભણશાલી ડીસાવાળા તરફથી નવકારશી જમણ થયું. શ્રી સતીશભાઈએ દીક્ષાના આનંદમાં ખાસ આગ્રહ કરીને શિબિર વિદ્યાર્થીઓની ભક્તિમાં રૂા. ૧૦૦૦ આપ્યા.

વૈ.શુ. ૭ ના રોજ સર્વે વિદ્યાર્થીઓની આવશ્યક સૂત્રો-અર્થો-સ્તવન-સજ્ઝાય તથા તત્ત્વબોધની મૌખિક પરીક્ષાઓ લેવાઈ. શિબિરમાં નાના વિદ્યાર્થી પણ ૫૦ દાખલ થઈ ગયેલા એમને જુદાં પ્રવચન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ આપતા. એમાં જીવના ૫૬૩ ભેદ, ૧૪ નિયમ, મંદિર-વિધિ, માર્ગાનુસારી ગુણો અભક્ષ્ય વિચાર જૈન આચાર, નવ તત્ત્વ વગેરે સમજાવેલ. છેવટે એ વિદ્યાર્થીઓની પણ પરીક્ષા લેવાયેલી. આ રીતે ૨૧ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ જ્ઞાનદર્શન ચારિત્રની આરાધનાથી જે પરીક્ષાઓ આપી તથા વિવિધ વ્રત-નિયમો સાથે તપશ્ચરણ-પૌષધ-સામાયિક પ્રતિક્રમણાદિની જે ભવ્ય આરાધના કરી તથા ઘેર જઈ આરાધના ચાલુ રાખવાના નિયમો લીધા, તેનું બહુમાન કરવા માટે ભવ્ય સમારોહ તા. ૨૦-૫-૭૨ ના ગોઠવાયો તેની નિમંત્રણ-પત્રિકા નીચે મુજબ બહાર પાડવામાં આવી.



## : જૈન ધાર્મિક શિક્ષણ શિબિર :

**સમ્યગ્જ્ઞાનના બહુમાનનો પાલનપુરના આંગણે જીવનનો એક ધન્ય પ્રસંગ.**

આનંદ વિભોર હૃદય સાથે સર્વ સાધર્મિક સુજ્ઞ બંધુઓને જણાવવાનું કે, પાલનપુરના આંગણે તા. ૩૦-૪-૭૨ થી જૈન બોર્ડિંગમાં જુદા જુદા ગામોનો લગભગ ૨૫૦ જેટલા કૉલેજિયન યુવકોએ તથા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પ્રખરતપસ્વી પૂજ્યપાદ પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યની તારક નિશ્રામાં આચારસંહિતા સહિત જૈન તત્ત્વજ્ઞાનનાં રોજ ચાર ચાર વ્યાખ્યાનો સાંભળી એને દિલમાં ઉતારવા સાથે એની રોજને રોજ નોંધ કરેલ છે.

વર્તમાન કાળમાં વિલાસી વાતાવરણમાં અર્થ અને કામ તરફ જગત ઝૂકી રહેલું છે. તેવા કપરા સંયોગમાં નવ યુવકોને સન્માર્ગ સન્મુખ કરવા માટે છેલ્લા ૧૦ વર્ષથી જુદા જુદા સ્થળે પૂ.પં. શ્રી નાં આવાં પ્રવચનોથી નવ યુવકોમાં થતાં જીવન પરિવર્તનનો ભવ્ય પ્રયોગ સફળતાને પામતો જાય છે.

જે કાળમાં જૈનશાસનનાં નિધાનસમા તત્ત્વોના અજ્ઞાત નવયુવકોને ધર્મ વિમુખ નાસ્તિક આદિ કહીને બિરદાવવામાં આવે છે તે કાળમાં નવયુવકો ઉનાળાના દિવસોમાં સદ્‌ગુરુ-ભગવંતના મુખે જૈન શાસનમાં અદ્‌ભુત રહસ્યોને જેમ જેમ સાંભળતા જાય છે. તેમ તેમ તેઓ વધુને વધુ ધર્મ પ્રભાવિત બની જાય છે. પરમ નિધાન પ્રાપ્ત થયું હોય તેવો આનંદ અનુભવે છે, જીવનને ધન્ય બનાવનારા આ પ્રયોગમાં પ્રવેશેલા વિદ્યાર્થીઓનાં ૧૦-૧૨ દિવસ પછીનાં જીવનને નિહાળતાં જે એમના જીવનનો અનુભવ જાણવા મળે છે. તે અભૂતપૂર્વ આશ્ચર્ય ઉત્પન્ન કરાવે છે.

પૂ.પં.મ. શ્રીની અજોડ-સચોટ-વેધક પ્રવચન શક્તિથી વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ બન્યા છે. પૂજ્યશ્રીના એક એક પ્રવચનોમાં વિદ્યાર્થીઓ ક્યારેક હર્ષોલ્લાસની હેલીઓમાં ચઢે છે, જ્યારે ક્યારેક ભૂતકાળમાં અજ્ઞાનથી થઈ ગયેલાં પોતાનાં પાપોનાં પશ્ચાત્તાપથી અંતર વેદના સાથે રડી રહ્યાં હોય છે. મોક્ષમાર્ગ-જૈન તત્ત્વજ્ઞાન આવશ્યક સૂત્રોનાં ગંભીર રહસ્યો આદિનાં ગંભીર છતાં સુબોધ પ્રવચનોએ વિદ્યાર્થીઓમાં કોઈ અભૂતપૂર્વ આકર્ષણ જમાવ્યું છે.

ટૂંકમાં પત્થરમાંથી પારસ બનાવનાર તથા પારસમાંથી પરમ સાત્ત્વિક બનાવનાર આ સમ્યગ્જ્ઞાનનો યજ્ઞ હવે પૂર્ણાહૂતિ પામી રહ્યો છે, તેમાં વહાલા વિદ્યાર્થીબંધુઓએ જે મહેનત કરી પ્રશ્નોત્તરો લખ્યા તથા જે માનવ જીવનને

અજવાળનારા વ્રત-નિયમાદિ સ્વેચ્છાએ સ્વીકારેલ છે. તેનાં અનુમોદન બહુમાનનો સમારોહ તા. ૨૦-૫-૭૨ વૈશાખ સુદ-૮ શનિવારે રાત્રે ૭-૩૦ કલાકે ગોઠવવામાં આવેલ છે.

આ પ્રસંગે ઈનામોનું વિતરણ માલણ નિવાસી શેઠ **શ્રી રતિલાલ ત્રિભોવનદાસ શાહના** શુભ હસ્તે થશે. તેમજ અતિથિ વિશેષ તરીકે સિવિલજજ શ્રી અમૃતલાલ કે. શાહ પધારશે.

વિદ્યાર્થીઓના પ્રભાવક વક્તવ્યો, શિબિરનું વિસ્તૃત પરિણામ; ભક્તિગીતો, ધૂન, પ્રાર્થના અને સમ્યગ્ જ્ઞાનનું બહુમાન થશે. આ પ્રસંગે સકળ સંઘને હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

સમારોહ મંગળપ્રાર્થના, ભક્તિગીત, ઉદ્‌બોધનો વગેરેથી સુંદર ઊજવાયો. પરીક્ષા ઉપરાંત તપસ્યા-પ્રતિક્રમણ-સામાયિક આદિ વિશિષ્ટ આચાર, સેવા વગેરેને અનુલક્ષીને લગભગ રૂા. ૪૦૦૦ ના ઈનામોનું વિતરણ થયું. 'જૈનધર્મ વિશ્વધર્મ કઈ રીતે ?' તેની વિશેષતાઓની નિબંધ હરિફાઈ થઈ. તેમાં કેટલાક વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર લખેલ; તેમજ જીવનમાં 'વિરતિનું મહત્ત્વ' ઉપર વક્તૃત્વ હરિફાઈમાં કેટલાક વિદ્યાર્થીઓએ સારો પ્રકાશ પાડેલ. બંનેમાં વિજેતાઓને સારા પુરસ્કાર અપાયા. વિદ્યાર્થીઓ આવ્યા ત્યારે 'શું હશે, કેવું હશે, ફાવશે કે નહિ,' વગેરે વિમાસણ અનુભવતા હતા, તે હવે વિદાય લેતાં ખૂબ જ દુઃખગ્રસ્ત હતા કે 'આવી શિબિર મજા છોડી અમારે ઘેર જવું પડે છે ? ઘરે આવી સતત ધર્મઆરાધના કે ધર્મ-ઉપદેશ ક્યાં મળશે ?'

શિબિર દરમિયાન અમદાવાદથી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી અમૃતભાઈ લક્ષ્મીચંદ, ડૉ. સુરેશ ઝવેરી, ભાઈશ્રી કવરલાલ અમલનેરવાલા, શ્રી ચતુરદાસ ચીમનલાલ વગેરે; મુંબઈથી શેઠશ્રી પૂનમચંદ બાબુ, પંડિતશ્રી વસંતલાલ વગેરે, કોલ્હાપુરથી શેઠશ્રી હુકમીચંદજી તથા પૂનમચંદજી, મારવાડથી શેઠશ્રી કેશરીમલજી વગેરે પધારેલ. શિબિર-કાર્યથી પ્રભાવિત થઈ અનુમોદના રૂપે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. પૂ. તપસ્વી મુ. શ્રી જયસોમ વિજયજી મ.ની ૯૫ મી આંબેલ ઓળીની પૂર્ણાહુતિમાં ભાઈશ્રી હીરાલાલે શિબિર વિદ્યાર્થીઓ સાથે આમંત્રીને સંઘપૂજન કરેલ.





## સુરતમાં શ્રી જ્ઞાનસત્રનું ભવ્ય આયોજન

મહાપુણ્યોદયે પ્રભાવકે પ્રવચનકાર પરમ તપસ્વી પૂ. પંન્યાસવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબની ખાસ પ્રેરણા અને આશીર્વાદથી સુરતના આંગણે શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરીના મકાનમાં ગોપીપુરામાં વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિવર્યો શ્રી ધર્માનંદવિજયજી તથા શ્રી જયશેખરવિજયજીની નિશ્રામાં શ્રી જ્ઞાન-સત્રનું આયોજન થયેલું. લગભગ ૭૦ વિદ્યાર્થીઓ જોડાયેલા.

પૂજ્ય મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજે પોતાની સુમધુર અને રસપ્રદશૈલીમાં વિદ્યાર્થીઓને જૈન-આચાર, તત્ત્વજ્ઞાન, આવશ્યસૂત્રોનું રહસ્ય, ધ્યાન અને યોગ વિષય પર બોધદાયક દૃષ્ટાન્તો દ્વારા વિદ્યાર્થીઓને રસપ્રદ પ્રવચનો કર્યા હતા. જૈનઆચારમાં દેવાધિદેવશ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ, અતિશય, ગુણો, શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો પ્રભાવ અને મહિમા, વીતરાગ પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવંતની દ્રવ્ય અને ભાવથી વિધિસર પૂજા, શ્રાવકને કરવા યોગ્ય કર્તવ્યો, આત્મ-જાગૃતિ વગેરે વિષયો ઉપર સુંદર સમજુતી આપેલી. તત્ત્વજ્ઞાન જેવા ગહનવિષયમાં જીવાદિનું સ્વરૂપ અને ભેદ, છદ્રવ્ય, પંચાસ્તિકાય, વિશ્વ સંચાલન જગતકર્તા જીવ અને કર્મ આદિ ઉપર રસપ્રદ શૈલીમાં જ્ઞાન સિંચન કર્યું હતું. ધ્યાન અને યોગનું સ્વરૂપ મહત્તા અને શુભધ્યાનથી કર્મક્ષય અને દુર્ધ્યાનથી કર્મ બંધ કેવી રીતે થાય છે તે સમજાવ્યું હતું.

જ્ઞાન-સંપાદન પછી વિદ્યાર્થીઓએ કેટલું જ્ઞાન ગ્રહણ કર્યું છે, તે માટે પરીક્ષા લેવાઈ હતી. જેમાં M.B.B.S. ના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા ભાઈશ્રી યોગેશકુમાર અમૃતલાલ તથા S.Y.B.Sc. માં અભ્યાસ કરતા ભાઈશ્રી પંકજ માનચંદ ઝવેરી પ્રથમ નંબરે આવ્યા હતા.

ભાઈશ્રી ભદ્રેશકુમાર આજીવન પૂજાદર્શન બાદ નવકારશી, કંદમૂળ ત્યાગ અને નવ વર્ષમાં નવ લાખ શ્રી નમસ્કારની આરાધના કરવાના તથા બીજાઓએ શક્ય અભિગ્રહ કર્યા હતા. તથા ભાઈશ્રી કિશોરભાઈએ અઠ્ઠાઈ, કેટલાકોએ ચોસઠ પ્રહરી પૌષધ, નવપદજીની ઓળી આદિ કર્યા હતા.

શિબિરમાં ઉપસ્થિત રહેનાર, ઉત્તીર્ણ થનાર શિબિરાર્થીઓનો બહુમાન સમારંભ તા. ૧૨-૧૧-૭૨ રવિવારે બેસન્ટ હોલમાં પૂ.પંન્યાસશ્રી જયંતવિજયજી

મહારાજ સાહેબ પૂ. ધર્માનંદવિજયજી મહારાજ સાહેબ આદિની નિશ્રામાં થયો હતો. દરેક શિબિરાર્થીને પૂજાની જોડ, જૈન ધર્મનો સરળ પરિચય ભા.૧લો તથા ઈન્ડીપેન આપવામાં આવી હતી. તથા ઉચ્ચ શ્રેણીમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને વિશેષ પારિતોષિક એમ લગભગ બે હજાર રૂપિયાથી બહુમાન કરાયું હતું.

શિબિરના સમસ્ત આયોજન અને સંચાલનમાં મુખ્ય પ્રયત્ન ધર્મપ્રેમી શેઠશ્રી મઘાભાઈ, શેઠશ્રી રમણભાઈ, શેઠશ્રી છોટુભાઈ, શેઠશ્રી રસિકભાઈ કલકત્તાવાળા આદિના અનુમોદક ટેલીગ્રામ આવેલા. સત્રનો આર્થિક લાભ શ્રી લલીતાબેન લલ્લુભાઈ ઝવેરી, શ્રી મહેશભાઈ ભણશાલી, શ્રી સોભાગચંદ નવલચંદ દમણવાળાનો લીધેલો.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૧,અંક-૨૭,તા.૩૧-૩-૧૯૭૩

## ચાલો જૈન યુવાનો કપડવંજ

ઉનાળાની લાંબી રજાઓને સાર્થક કરવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની કમાણીનો સુઅવસર.

**કપડવંજ નગરે જૈન ધાર્મિક શિબિર**

તા. ૨૨-૪-૭૩ થી તા. ૧૩-૫-૭૩ સુધી

આત્મા શું ? પરમાત્મા શું ? લોક શું ? પરલોક શું ?

જીવ અને જડના સંયુક્ત ચમત્કારો શું ?

માર્ગાનુસારી ગુણ વડે જીવન-ઉત્થાન શી રીતે ?

જૈન આચારોથી જીવનમાં સુવાસ શી રીતે પ્રગટે ?

જૈન સંસ્કૃતિનો ઉચ્ચ અને ઉજ્જ્વળ ઇતિહાસ શો ?

જીવનમાં ધ્યાનનું મહત્ત્વ શું ? આવશ્યક સૂત્રોના અર્થપૂર્ણ રહસ્યો કયા ?

ઉપરોક્ત અજબ પ્રશ્નોના ગજબ રહસ્યોના જ્ઞાન માટે ૨૧ દિવસની જૈન ધાર્મિક શિક્ષણ શિબિર **કપડવંજ** મુકામે યોજવામાં આવી છે. ભારતભરનાં જિજ્ઞાસુ મેટ્રિક-કૉલેજના નવયુવકોને શિબિરમાં ભાગ લેવા આમંત્રણ આપીએ છીએ.

યુવાનોને જૈન તત્ત્વજ્ઞાન માર્ગાનુસારીજીવન, જૈન આચાર, ધ્યાન અને જીવન જૈન ઇતિહાસ અને સૂત્રના રહસ્યો આદિ વિષયોના પ્રવચન આપવા માટે અમે **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને** પધારવા વિનંતી



કરતાં પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કર્યો છે.

શિબિરમાં ભાગ લેનાર યુવાનોની રહેવા, જમવા આદિની સગવડ સાધર્મિક ભક્તિરૂપે અમારા તરફથી કરવામાં આવશે. **તા. ૨૨-૪-૭૩ રવિવારથી ૨૧ દિવસ સુધી** ચાલનારી આ શિબિરમાં યુવાનોને જોડાવા અમો હાર્દિક આમંત્રણ આપીએ છીએ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૧,અંક-૩૫,તા.૨૬-૫-૧૯૭૩

## 'કપડવંજ શિબિર - વિશેષાંક'

- **કપડવંજ સંઘના ધાર્મિક શિક્ષણ-સંસ્કરણને હાર્દિક વધામણાં.**
- **કપડવંજ નગરમાં ધમધમી ઊઠેલી ધાર્મિક શિક્ષણ પ્રવૃત્તિ.**
- **મેટ્રિક-કૉલેજના નવયુવકો તથા શ્રી કપડવંજ જૈન સંઘે દિવસોના દિવસો સુધી કરેલાં અધ્યાત્મના અમૃતપાન.**
- **નવયુવકોએ ઓકી નાખેલાં વિજ્ઞાનયુગમાં ઝેર, અને અનુભવેલાં સુખદ હૃદય-પરિવર્તન.**
- **સિનેમાત્યાગ-કંદમૂળ-અભક્ષ્યત્યાગ-રાત્રિભોજનત્યાગ-પરમાત્મભક્તિ-સદાચાર વગેરેના કરેલા આશીર્વાદભૂત સંકલ્પ.**
- **કપડવંજ સંઘે શિબિર આયોજનમાં નોંધાવેલો નવો વિક્રમ.**
- **નવી પ્રજામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ત્યાગ-તપસ્યા-વ્રતનિયમાદિ-સમ્યક્ચારિત્રનો જામેલો ત્રિવેણીસંગમ.**

જ્યાં ઘરોમાં નિશાળોમાં અને કોલેજોમાં ધાર્મિક આધ્યાત્મિક શિક્ષા-સંસ્કરણનો દુકાળ પડ્યો છે, જ્યાં એ શિક્ષા સંસ્કાર સાધુપુરુષો પાસે લેવા જવા માટે યુવાનોનું ધર્મસ્થાનોમાં પણ ગમનાગમનનું જ દેવાળું છે, એવા વર્તમાન ઝેરી યુગમાં ધાર્મિક શિક્ષણ શિબિર નવી યુવાન પેઢીને ધર્મશિક્ષા અને આધ્યાત્મિક સંસ્કારોનું સુંદર પ્રદાન કરી રહી હોવાનું, છેલ્લા દાયકાથી એની સત્ય હકીકતો પરથી, પુરવાર થયું છે.

ચાલુ વિ.સં. ૨૦૨૯ની સાલમાં આવી શિબિરનું આયોજન શ્રી સોમાભાઈ પૂનમચંદ B.A.LLB. ની પ્રેરણાથી શ્રી કપડવંજ જૈન સંઘે પોતાને આંગણે કરવાનું નક્કી કર્યું. એની માહિતી માટે શિબિરસંચાલક મુંબઈવાસી શ્રી કુમારપાળ વિ. શાહને પોતાને આંગણે નોંતાર્યા. શ્રી સંઘની મિટિંગમાં કુમારપાળભાઈએ શિબિરની

સમજુતી આપતાં એમાં કેવા કેવા જૈન તત્ત્વજ્ઞાન-મોક્ષમાર્ગ-જૈનઆચાર જૈનસૂત્ર-રહસ્ય અને ધ્યાન-જીવન, વગેરે વિષયોનો પૂ. મહારાજશ્રી જૈનશાસ્ત્રોને અનુસરીને બોધ આપે છે, તેમજ નવી પ્રજામાં ધર્મશ્રદ્ધા અને આધ્યાત્મિકભાવ તથા વ્રત-નિયમ-ક્રિયારુચિ સાથે પરમાત્મભક્તિ ભાવ કેવો ઊભો કરી આપે છે...ઈત્યાદિ સમજાવ્યું. શ્રી સંઘમાં એથી ઉત્સાહ વધી ગયો અને આ બધાનો મહાન લાભ તો અમારે પણ લેવો છે એવું નક્કી કરી તા. ૨૨ એપ્રિલથી ધા.શિક્ષણ શિબિર શરૂ કરવાનો ઠરાવ કર્યો. આ મિટિંગમાં ભૂતપૂર્વ M.L.A., વકીલો, ડૉક્ટરો વગેરે પણ હતા.

પછી સંઘના આગેવાનોએ અમદાવાદ જઈ પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજને પોતાની ભાવના વ્યક્ત કરી શિબિરમાં જૈન તત્ત્વજ્ઞાન વગેરેના પ્રવચનો આપવા માટે પધારવા વિનંતી કરી. સાથે પૂજ્યશ્રી આગળ એ પણ માગણી કરી કે આપ થોડા વહેલા પધારી ચૈત્ર શ્રી નવપદજીની ઓળીમાં પણ વ્યાખ્યાનાદિનો લાભ આપો. પૂ.આ.મહારાજશ્રીએ ઉભય વિનંતી માન્ય કરતાં શ્રી કપડવંજ સંઘનેતાઓએ ભારે હર્ષથી જયનાદ પોકાર્યો. આમ નક્કી થયાથી બહાર જાહેરાત કરવામાં આવી અને ફોર્મો મોકલવાનું શરૂ થઈ ગયું.

પૂજ્યશ્રી શિષ્યપરિવાર સાથે વિહાર કરી ઠા. ૧૬ કપડવંજમાં ચૈ.સુ. પાંચમે પ્રવેશ કર્યો. શ્રી સંઘે ભારે ઉત્સાહથી સામૈયું કર્યું. ઠેકઠેકાણે ગહુંલીઓ થઈ. ઓળીમાં અરિહંતાદિ નવપદનાં રહસ્ય કેવી રીતે જીવનસ્પર્શી બની આત્માને જડની સામે કેવું અપૂર્વ બળ અને વિશિષ્ટ તત્ત્વદૃષ્ટિ આપે છે એ પર પ્રવચનો થયાં.

દરમિયાન જૈન ધાર્મિક શિક્ષણ શિબિર માટેની નગરની બહાર શ્રી માણેકબાઈની જૈન વાડી તથા નગરપાલિકાની પ્રાથમિક શાળાનું જ મકાન પસંદ કરાયું. સંઘના કાર્યકરો શ્રી કાન્તિલાલ વાડીલાલ ઓઈલ મીલવાળા, શ્રી ધનવંતભાઈ નગરપાલિકા-કોર્પોરેટર, શ્રી જયંતીલાલ પાનાચંદ, શ્રી જેસંગલાલ સોમાભાઈ વગેરેએ પોતાના કામધંધા છોડી વાડીની મધ્યમાં વિશાળ સ્ટેજ તથા મંડપ ઊભો કરાવવા વગેરેની તૈયારી કરવા માંડી. કપડવંજ અને આસપાસ ગોધરા વેજલપુર વગેરેના વિદ્યાર્થીઓ પસંદ કરવાનું શ્રી સંઘે માથું લીધું, બાકી બહારના વિદ્યાર્થીઓની પસંદગી શ્રી કુમારપાળભાઈને સોંપવામાં આવી.

સમયાનુસાર પરિમિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લેવાના હતા, પરંતુ પૂર્વ શિબિરોથી થયેલા ગામે ગામના લાભની પ્રસિદ્ધિના હિસાબે આ વખતે પણ શિબિર પ્રવેશની વિશેષ માગણીઓ આવવા માંડી. તેથી લેવાની સંખ્યાનું ધોરણ વધારવું



પડ્યું, અને કુલ ૯૦ કૉલેજિયન તથા ૬૦ S.S.C. તેમજ એથી નીચેના બીજ વિદ્યાર્થી અને પ્રૌઢ જન, એમ કુલ ૧૭૦ ઉપર વિદ્યાર્થીઓને શિબિરમાં પ્રવેશ આપવામાં આવ્યો. આ સિવાય બીજા કેટલાય નવા અને પૂર્વ શિબિરોમાં આવી ગયેલા જુનાઓની અરજીઓ નામંજૂર કરવી પડી. આમ છતાં પણ વિદ્યાર્થીઓ કેટલાય તો શિબિર ઉદ્ઘાટન પર અને ત્યારબાદ આવી પહોંચેલા, પરંતુ દુખાતા દિલે ના છૂટકે તેઓને પ્રવેશની ના પાડવી પડી હતી.

આ જોતાં ગામેગામના શ્રી સંઘોમાં માબાપોને પોતાના સંતાનોને વ્યવસ્થિત ધાર્મિક શિક્ષા તત્ત્વબોધ અને આધ્યાત્મિક જૈન સંસ્કાર અપાવવાની કેટલી બધી ભૂખ છે, તમન્ના છે, એ જણાઈ આવતું હતું. શું એવી તમન્નાવાળા માબાપો ઘરે પોતાના સંતાનોને એ લાભ ન કરાવી શકે ? પરંતુ શિબિર-આયોજનો અને પૂ. આચાર્ય મહારાજનાં પ્રવચનો દ્વારા આજના યુવાન વિદ્યાર્થીઓમાં કેવું વ્યવસ્થિત રીતે આધ્યાત્મિક પરિવર્તન થવા સાથે કેવો તત્ત્વબોધ અને સાંસ્કૃતિક ઘડતર થાય છે એ જેણે જેણે જોયું છે, અનુભવ્યું છે, સાંભળ્યું છે, એ ચોક્કસ કહી શકે છે કે આજની ભૌતિક કેળવણી અને વહી ગયેલા વાતાવરણમાં ઘરે આ લાભ કરાવવાનું શક્ય નથી દેખાતું.

તા. ૨૨ એપ્રિલ શિબિર-ઉદ્ઘાટન પ્રસંગે મુંબઈથી શ્રી કપડવંજ સંઘના સંભાવિત ગૃહસ્થો શેઠશ્રી બાબુભાઈ વગેરે તેમજ પૂર્વશિબિર પ્રેરક શ્રી કેશવલાલ મો. શાહ, શ્રી ધીરજલાલ ટો. શાહ, શ્રી ચીમનલાલ પાલીતાણાકર, અમદાવાદથી શ્રી સંઘના અતિથિવિશેષ શેઠશ્રી અનુભાઈ ચીમનલાલ શાહ તેમજ શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ વગેરે અને આજુબાજુના કેટલાય ગૃહસ્થો ઉપસ્થિત થયેલા. સંદેશ, ગુજરાત સમાચારના ખબરપત્રીઓ ઉપરાંત 'જિનસંદેશ'ના તંત્રી શ્રી ગુણવંત શાહે હાજરી આપેલી. ઉદ્ઘાટન-સમારોહ દબદબાથી ઉજવાયો. એની વિગત આ પ્રમાણે,-

પૂજ્યપાદ પ્રખર તપસ્વી પ્રભાવક પ્રવચનકાર ગુરુભગવંત આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજાદિ ચતુર્વિધસંઘ ઉપાશ્રયેથી વાજતે-ગાજતે સામૈયા સાથે સૌ બહારની વાડીમાં શિબિરમંડપે ૯ વાગે પધારી ગયા. બાદ સાધર્મિક બંધુ શ્રી બાબુભાઈ મણિલાલ પરીખ અને શ્રી અનુભાઈ ચીમનલાલે જ્ઞાનદીપ પ્રગટાવેલ તથા શ્રી મણિભાઈ ભણશાળીએ ૧૧ ગણધરભગવંતોની પ્રતિકૃતિને પુષ્પહારથી બહુમાન કરેલ. આ મંગલપ્રસંગને પામીને બહારગામથી તથા ગામના ભાઈઓ, શિબિર વિદ્યાર્થીઓ વગેરેથી વિશાળ પટાંગણ ભરચકમેદનીથી ભરાયેલ. સૌને શિબિર-પ્રવચન કરનાર ગુરુભગવંત કેવો જ્ઞાનપ્રકાશ કરશે ? એની આતુરતા સાથે ઉત્સાહ તરવરતો હતો.

હર્ષભર્યા હૈયે શ્રી નગીનભાઈ વાડીલાલ ગાંધીએ શિબિરમાં ૨૧ દિવસ માટે સમ્યગ્જ્ઞાનપ્રકાશ લેવા માટે આવેલા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું. અને આંખમાં હર્ષના આંસુ સાથે જણાવ્યું હતું કે અમારા આંગણે આજે જૈન તત્ત્વજ્ઞાનનું શ્રદ્ધા-સંસ્કાર સિંચન કરવા સાથે તાલીમ આપતી શિબિર યોજાઈ છે તે અમારું અહોભાગ્ય છે. પૂજ્ય જ્ઞાની મહાત્માઓનો અવસરે અવસરે આ ભૂમિને લાભ મળતો રહ્યો છે તેમ આ વખતે શ્રી જૈન સંઘની આગ્રહભરી વિનંતીને સ્વીકારી પૂ.આ.ભ. શ્રી ભુવનભાનુસૂરિજી મ. આદિ પધાર્યા છે. તેથી કપડવંજની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. આ પ્રસંગ એક અલૌકિક છે. હૈયું આનંદથી ભરાઈ જાય છે, અને આંખમાં હર્ષના આંસુ આવી જાય છે. જેનું વર્ણન થઈ શકે એવું નથી.

શ્રી અનુભાઈએ શિબિરાર્થીઓ અને શ્રી સંઘને પૂજ્યશ્રીની પ્રેરક હૃદયવેધી ધર્મવાણીનો પૂરેપૂરો શ્રવણ સાથે જીવનમાં ઉપયોગ કરી લેવા અનુરોધ કરતાં કહ્યું હતું કે આવેલા યુવાનોને આજે આ અણમોલ તક મળી છે. માનવીને સાચા અર્થમાં માનવી બનાવે તેવું શિક્ષણ તત્ત્વજ્ઞાન સાથે આચારસંહિતાના પાલન સાથે મળશે, તે માટે તમને સૌને અભિનંદન આપું છું. જે સમ્યગ્જ્ઞાન મળે એને જીવનમાં ઉતારવા એમણે ખાસ અનુરોધ કર્યો હતો.

શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે જણાવ્યું હતું કે શિબિર પ્રવૃત્તિ પાછળ અમારો હેતુ કેવલ પંડિતો કે સાધુ બનાવી દેવાનો નથી...જિનવાણીનું શ્રવણ કરતાં આત્માનું ગજબનાક પરિવર્તન થાય છે એ અમે વર્ષોના અનુભવથી નિહાળતા આવ્યા છીએ. આજે વિજ્ઞાનનો-ભૌક્તિવાદનો પ્રભાવ વધી રહ્યો છે. લકઝરી-વિલાસી, રહેણી-કરણી, ખાન-પાન, અને મોજ શોખ ચોમેર કૂદકે-ભૂસકે વધી રહ્યા છે ત્યારે યુવાનોના જીવનનું સંરક્ષણ શાસન માટે અતિ જરૂરી છે. તે માટે જૈન તત્ત્વજ્ઞાનની વધુ જરૂર છે. ધર્મશ્રદ્ધાળુ અને આચારસંપન્ન બનાવવા માટે આ યોજના ઘણી ઉપયોગી છે. યુવાનો વતી કહું તો ધનનો વારસો તો સૌ આપે છે, અમારે તો ધર્મના વારસાની જરૂર છે. રોજના ચાલતાં વિષયોમાં સવારના સૂત્ર-અર્થ-રહસ્ય, માર્ગાનુસારીજીવન, ધ્યાન અને જીવન, જૈન તત્ત્વજ્ઞાન, જૈનઆચાર, ભક્ષ્યાભક્ષ્ય, વિધિ-વિધાન વગેરે વિષયોનું સદ્ગુરુમુખે જ્ઞાન લઈને કપડવંજ જૈન સંઘના અથાગ પરિશ્રમને સાર્થક કરવા સો વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

કેશવલાલ મોહનલાલ શાહ, ચીમનલાલ પાલીતાણાકર અને પં.શ્રી ધીરજલાલ ભાઈએ પૂજ્યશ્રીની તપ-સંયમ સાથેની જ્ઞાનશક્તિથી ઉત્તરોત્તર લાભ અને અનુભવ જણાવવા સાથે તત્ત્વજ્ઞાનનો લાભ ઉઠાવવા પ્રેરણા કરેલ.



પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યભગવંત શ્રી ભુવનભાનુસૂરિજી મ. શ્રીએ મધુરકંઠે માંગલિક ફરમાવી જણાવ્યું હતું કે 'આત્મઘરમાં કર્મરૂપી કચરાના ઢગલા છવાઈ ગયા છે. ઉપર અંધારું પથરાઈ ગયું છે. સુખ આત્મામાં છે અને દુઃખ પણ આત્મામાં છે. કચરા લાવનાર બારીબારણા ઊઘાડા હોય તો કચરાના ઢગ જામવાના, અને પ્રકાશ વિના અંધારું જ રહેવાનું. આ કચરા ઉલેચવા માટે પહેલાં સાચા જ્ઞાનના પ્રકાશની જરૂર છે.'

સમ્યગ્જ્ઞાનથી અજવાળું થશે અને આત્મા ઉપર કયા અને કેટલા કચરાના ઢગ જામ્યા છે તેની જાણ થશે. પછી જ કચરા બંધ થશે. આથી જ પ્રથમ જ્ઞાનની વાત કરી છે. શ્રદ્ધા અને જ્ઞાન વિના જીવ સંસારમાં અનંત અનંત કાળથી ભટકી રહ્યો છે.

મહાપુણ્યોદયે જૈન શાસન મળ્યું છે અને આત્માને અંધારામાં રાખીએ તો મૂર્ખા ગણાઈએ. જૈન દર્શનના જ્ઞાનથી આત્મામાં અનંતકાળનાં અજવાળાં પથરાય છે. ભૂતકાળ કેવો ? આજ હું શું કરી રહ્યો છું ? ભવિષ્ય કેવું ? તેનું ભાન થાય છે.

સર્વ જીવો પ્રત્યે વાત્સલ્ય વરસાવતા જૈન ધર્મમાં પરમાત્મા બનવા માટેના માર્ગ દરેકને માટે ખુલ્લા છે. આત્માની પગથિયાવાર ઉત્ક્રાંતિ કરાવનાર જૈન દર્શન છે.

નવકારમંત્રની રચનાનું રહસ્ય અને તેની મહત્તા રસમયશૈલીથી સમજાવી હતી. રોજની પાંચ-પાંચ વાચનાઓમાં જૈનદર્શન-તત્ત્વજ્ઞાન લઈ જીવનને સફળ કરવાના પૂજ્યશ્રીએ મંગળ આશીર્વાદ આપ્યા હતા.

વડોદરાના ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થી શ્રી હસમુખ શાહ તથા મૂકસેવક શ્રી યોગેશ શાહે શિબિરના સંચાલનકાર્યક્રમમાં પોતાની સતત સેવા આપી કૃતજ્ઞતા દર્શાવી હતી.

**શિબિર-પ્રવચન સ્થળ અને દૈનિક કાર્યક્રમ :-** કપડવંજ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં વિદ્યાર્થીઓને અંતેરસિયા દરવાજા બહારના નગરપાલિકા પ્રાથમિક શાળાના નવા મકાનમાં ઉતારો આપવામાં આવેલો. તથા પ્રવચનો પાસેની જ શ્રી માણેકબાઈ જૈન વાડીમાં પડાળીઓ સહિત વચ્ચેના સ્ટેજ પરના વિશાળ મંડપમાં થતાં હતાં. રસોડું અને ભોજન-વ્યવસ્થા પણ વિશાળકાય વાડીના બીજા ભાગમાં કરવામાં આવેલ. બાલબ્રહ્મચારી વિદ્યાર્થી સાધર્મિકોની તથા આગંતુક મહેમાનોની ભક્તિ કરવામાં શ્રી સંઘ ખડે પગે રહેતો.

શિબિર-કાર્યક્રમમાં સવારે ૬ વાગે સામાયિકમાં સ્તુતિરૂપે શ્રી નમસ્કારમહામંત્ર માલકોશ રાગમાં, ચત્તારિમંગલં વગેરે વૈદિક રાગમાં, તથા **'શ્રી અરિહંતો**

**સકલહિતદા'**ની નવપદમહિમાસ્તુતિ બોલાતી. પછી આવશ્યકક્રિયાના સૂત્રોનાં વ્યવસ્થિત ઉચ્ચારણ શિખવાતા, તથા અર્થ-રહસ્યની સમજુતી અપાતી. બાદ, દેવદર્શન અને નવકારશી કરવામાં આવતી. કેટલાક વિદ્યાર્થીઓ અવારનવાર બિયાસણ એકાસન આંબેલ ઉપવાસ પણ કરતાં. કેટલાક સવાર-સાંજ બંને ટાઈમ પ્રતિક્રમણ અને કેટલાય વિદ્યાર્થીઓ દિવસના પ્રવચનો દરમિયાન સામાયિકો પણ કરતા. આ સવારના કાર્યક્રમમાં પહેલા ચાર દિવસ માટે ધ્યાન અને જપ સંબંધે ખાસ આમંત્રણથી મુંબઈથી પધારી શ્રી ધીરજલાલ ટી. શાહે સુંદર અને સક્રિય સમજુતી આપેલી. એમાં મન કેમ વ્યવસ્થિત સ્થિર કરવું, આસન-મુદ્રા કેવી રાખવી, વગેરે સમજાવવા ઉપરાંત શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રે બતાવેલ ત્રિકરણ વંદનાનો પ્રયોગ શીખવેલો. એમાં ત્રણવાર પરમેષ્ઠિવંદના, પછી દરેક પરમેષ્ઠીના ગુણો સહિત; બાદ દરેક પરમેષ્ઠીમાંથી અભિલષિત ગુણસહિત; તથા પછી પરમેષ્ઠીના વર્ણસહિતની ધારણા સાથે વંદના; છેલ્લે સાતમી વંદનામાં શ્રી અરિહંત પરમાત્માને એકેક પ્રાતિહાર્યની ધારણા વધારી વંદના. એમ સાત વંદનાની તાલિમ અને એ દ્વારા અર્હદ્ધ્યાનનો અભ્યાસ આપેલો. ૫-૭ દિવસ આ કાર્યક્રમબાદ પૂ. આચાર્ય મહારાજે સૂત્રરહસ્યની સમજુતી આપવી શરૂ કરેલી.

નવકારશી બાદ સઘળા વિદ્યાર્થીઓ જિનપૂજાએ જતાં. એ માટે વાડીનું શ્રી નેમિનાથ પ્રભુજીનું દેરાસર એટલું મોટું ન હોઈ દેરાસરના પટાંગણમાં પ્રભુજી પધરાવી પૂજાની વ્યવસ્થા કરવામાં આવેલી.

લગભગ ૯ા વાગે 'મોક્ષમાર્ગ' તથા 'ધ્યાન અને જીવન' એ વિષય પર બે પ્રવચનનો કાર્યક્રમ રહેતો. તે ૧૧ાા-૧૨ વાગ્યા સુધી ચાલતો. એમ પછી ભોજન વિશ્રાંતિ બાદ લગભગ ત્રણ વાગે, 'જૈન તત્ત્વજ્ઞાન' અને 'જૈન આચાર' એ વિષય પર બે પ્રવચન લગભગ પાાા વાગ્યા સુધી ચાલતાં.

વિદ્યાર્થીઓને પ્રવચનમાં ઉત્સાહથી મન લાગે તથા સંગીતમય પ્રભુભક્તિનો અભ્યાસ મળે, એ માટે દરેક પ્રવચનના પ્રારંભે વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રાચીન સ્તવન-સજ્ઝાયપદ રાગ-રાગિણીમાં વાજિંત્ર તબલાના નાદ સાથે ઝીલાવવામાં આવતાં. એથી અપટુડેટ કૉલેજિયનો પણ તાનમાં આવી જતાં અને અંતે ચલતીમાં તાલીના તાલ સાથે સાથે ભક્તિ ગાનમાં ગુલતાન થઈ જતા.

**શ્રવણ-રસ અને નોંધ :-** પ્રવચનો શિબિર-પાઠ્યપુસ્તક 'શ્રી જૈન ધર્મનો સરળ પરિચય' ભા-૧ના આધાર પર થતાં, છતાં એમાં વિશેષ વાતો, કથાનકો, દૃષ્ટાન્તો વગેરે કહેવાતા તેથી વિદ્યાર્થીઓ નોટોમાં શક્ય નોંધ પણ સાથે કરતા



જતા. છતાં શ્રવણમાં રસ એટલો બધો આવતો કે લખવાનું ધ્યાન રહેતું નહિ. એટલે આ વખતે વિષય-વિષયના ખાસ સાઈકલોસ્ટાઈલમાં મુદ્રિત પેપરો આપવામાં આપતા જે સાથે અપાયેલ શિબિરની સ્પેશિયલ ફાઈલમાં સુરક્ષિત રખાતા.

**સંઘની શ્રવણ તપસ્યા :-** આ વખતની શિબિરમાં એક ખાસ વિશેષતા એ હતી કે કપડવંજ સંઘ પણ સવાર બપોરના પ્રવચનો સાંભળવા ઉપસ્થિત થઈ જતો. એને તત્ત્વ જિજ્ઞાસા અને પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્ય ઝરતા રોચક બોધક ને પ્રેરક પ્રવચનો સાંભળવાનો રસ એટલો બધો કે સવારે ૧૧ાા-૧૨ વાગ્યા સુધી તેમજ સાંજે ૫-પાા સુધી સાંભળવામાં તલ્લીન થઈને બેસે. પછી બપોરે ૧૨ વાગે ધૂમતાપમાં જતાં અને ત્રણેક વાગે ધૂમધોખ તડકે આવતાં કષ્ટ શાનું લાગે ? રોજ ને રોજ ચાર ચાર પ્રવચનો સાંભળતાં સાંભળતાં સંઘના ભાઈબહેનોને પણ લાગ્યા કરતું કે, અમને તો જિંદગીમાં આવું સાંભળવા-જાણવા મળ્યું નહિ ! ખરેખર જૈન ધર્મની આવી મૌલિક વાતો જાણ્યા વિના હૈયે ધર્મનો મર્મ ક્યાંથી સ્પર્શે ? જૈન ધર્મની તાત્ત્વિક મહાનતા શે સમજાય ? અમારાં અહોભાગ્ય કે આ શિબિરના નિમિત્તે અમને પણ આ સાંભળવાનું મળ્યું ! પ્રવચનો દરમિયાન વિદ્યાર્થીઓની સાથે સંઘના ભાઈબહેનો પણ અવારનવાર વ્રતનિયમ સ્વીકારતા. ચતુર્વિધ સંઘની સભામાં આમેય વિદ્યાર્થીઓ પૂ. મહારાજજીની સામે બેસતા, તથા સંઘના ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં બંને બાજુમાં ગોઠવાતા, તેથી નવી પ્રજાને દૃષ્ટિ બીજે જવાનો અવકાશ નહોતો; છતાં મેટ્રિક કૉલેજની બેનો પણ જે સંખ્યાબંધ હાજર રહેતી અને રસથી સાંભળતી; એમને આધુનિક વેશભૂષાના હિસાબે પૂ.મહારાજ સાહેબનાં સૂચનથી પ્રૌઢ બહેનોની પાછળ બેસવાની વ્યવસ્થા થયેલી.

**ચૈત્યપરિપાટીની રમઝટ :** શિબિર દરમિયાન પૂ. ગુરુમહારાજ સાથે વિદ્યાર્થીઓને પર્વતિથિએ ચૈત્યપરિપાટી કરાવવામાં આવેલી. શ્રી કુમારપાળ અને સુમનભાઈની દોરવણી નીચે વિદ્યાર્થીઓ રસ્તામાં પદ ગાતાં ઊભા રહી જઈ ધૂન જમાવતા, કપડવંજના રસ્તા ગાજી ઊઠતા, કૉલેજિયન વિદ્યાર્થીઓને એટિકેટ બાજુએ મૂકી પ્રભુભક્તિમાં લીન થતા જોઈ જનતા આશ્ચર્યચકિત થતી. અનેક સ્થાનોએ પૂ. આચાર્ય મ. ને ગહુંલીઓ થતી, અને મંદિર-દર્શન બાદ વિદ્યાર્થીઓને ભાવુકો તરફથી ૯ સ્થાનોએ ૧૦-૧૦ પૈસાની પ્રભાવનાઓ થયેલી.

**પૂજ્યશ્રીના તપની, ખોટ પૂરવા આરાધનાનો વાગેલો ડંકો :** શિબિર પૂર્વેથી પૂ.આચાર્ય મહારાજને વર્ધમાન આયંબિલતપની ૧૦૫મી ઓળી ચાલુ હતી, અને શિબિર શરૂ થયા પછી અવાજ કાંઈક બેઠેલો. શ્રી સંઘે તથા વિદ્યાર્થીઓએ વિનંતી કરી કે 'અમને બરાબર સાંભળવા મળે માટે પારણું કરો.' પૂજ્યશ્રીએ કહ્યું 'એમાં

મારે ખોટ પડે છે.' સૌએ કહ્યું 'અમે ખોટ પૂરી કરીએ,' એમ કરી તપની ટીપ કરી. હોંશે હોંશે બહેનો અને ભાઈઓએ તપ નોંધાવતાં સેંકડો આયંબિલ તથા એકાસણાં નોંધાયા. વિદ્યાર્થીઓએ પણ નોંધાવતાં આ પ્રમાણે નોંધ થઈ.

| **ત્યાગ** | **વિદ્યાર્થી સંખ્યા** | **ત્યાગ** | **વિદ્યાર્થી સંખ્યા** |
|---|---|---|---|
| આજીવન કંદમૂળ ત્યાગ | ૨૫ | આજીવન રાત્રિભોજનત્યાગ | ૫ |
| આજીવન સિનેમા ત્યાગ | ૬ | ૫ વર્ષ રાત્રિભોજન ત્યાગ | ૫ |
| ૫ વર્ષ સિનેમા ત્યાગ | ૫ | ૩ વર્ષ રાત્રિભોજન ત્યાગ | ૧ |
| વર્ષમાં ૫થીવધુ સિનેમા ત્યાગ ૧૩ | | | |

| **આરાધના** | **વિદ્યાર્થી** | **આરાધના** | **વિદ્યાર્થી** |
|---|---|---|---|
| ૬૦ ઉપવાસ | ૧ | ૫૧ આંબેલ | ૧ |
| ૫૧ ઉપવાસ | ૧ | ૩૧ આંબેલ | ૨ |
| ૨૫ ઉપવાસ | ૧ | ૨૫ આંબેલ | ૧ |
| ૨૧ ઉપવાસ | ૨ | ૨૧ આંબેલ | ૨ |
| ૧૫ ઉપવાસ | ૨ | ૧૫ આંબેલ | ૧ |
| ૧૧ ઉપવાસ | ૧ | ૧૧ આંબેલ | ૧૦ |
| ૮ ઉપવાસ | ૨ | **એક વર્ષમાં** | **વિદ્યાર્થી** |
| ૧૦૧ એકાસણાં | ૪ | ૧૪૬૦ સામાયિક | ૪ |
| ૫૧ એકાસણાં | ૧૪ | ૩૫૫ બેસણાં | ૯ |
| ૩૧ એકાસણાં | ૧ | બીજાઓએ છુટક નોંધાવતાં બધા મળીને | |
| ૧૫ એકાસણાં | ૧ | ૨૨૭ ઉપવાસ ૨૮૦ આંબેલ, ૧૧૯૯ | |
| ૧૧ એકાસણાં | ૧ | એકાસણાં થયેલ. | |

આ નોંધાવવામાં B.A.LL.B. સુધીના વિદ્યાર્થી હતા. બહેનોને બીજે દિવસે તપ સિવાયના આ વિદ્યાર્થીઓના આ ત્યાગની ખબર પડતાં બોલ્યા કે અમને આવી ખબર હોત તો અમારામાં પણ સારી નોંધ થાત. મૂળ, વ્યાખ્યાનોનાં શ્રવણ અને પરસ્પરના આલંબને એવો ધર્મરંગ ચડેલો કે સૌએ પોતપોતાની હોંશે આ ત્યાગ-તપ નોંધાવેલા.

પૂજ્યશ્રીનું ૨૭ આંબેલ પછી પારણું થયું, એમાં વહોરાવવા માટે નીચે પ્રમાણે નોંધ કરાઈ,-

- આજીવન સંથારે સૂવું.
- જીવનમાં વીસસ્થાનક તપ
- ૧ વર્ષમાં ૩ અઠ્ઠમ
- ૧ વર્ષમાં ૧ અઠ્ઠાઈ



- વર્ધમાન આંબેલ તપનો પાયો અને ૧ વર્ષમાં ૧૦ ઓળી.
- પર્યુષણામાં ૬૪ પ્રહર પોષધ.
- આજીવન થાળી ધોઈ પીવી.
- ૭ વ્યસન ત્યાગ.
- આજીવન નવકારશી
- દીક્ષા ન લેવાય ત્યાં સુધી ચા ત્યાગ.
- ૧ વર્ષમાં ૩૬૫ ગાથા.
- ૧ વર્ષીતપ
- ૧ વર્ષમાં ૧૦૦ ગાથા.

**(૧) શિબિરમાં અપાયેલ તત્ત્વજ્ઞાનના મુદ્દા :** શિબિર-પ્રવચનોના વિષયો પૈકી તત્ત્વજ્ઞાનનાં વિષયમાં વિશ્વ શું છે ? વિશ્વનું સંચાલન કોણ કરે છે ? જગત્કર્તાની પોકળ માન્યતા, આપણે કોણ છીએ ? આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય હોવાના પુરાવા, ષડ્દ્રવ્ય, પંચાસ્તિકાય, દ્રવ્ય-ગુણ-પર્યાય-જીવનમાં ધર્મની જરૂર, ધર્મની પરીક્ષા, જીવ-અજીવ આદિ નવતત્ત્વની સરોવરના દૃષ્ટાન્તથી સમજ, સૂર્ય-વાદળ-અંધકારના ચિત્રથી જીવના જ્ઞાનાદિ મૌલિક ૮ ગુણ, ૮ કર્મ અને અજ્ઞાનાદિ વૈભાવિક ગુણોની સમજ, જીવોના ભેદ, પુદ્ગલની ૮ વર્ગણા, પુણ્ય-પાપના મોટા પ્રકાર, મિથ્યાત્વ-અવિરતિ-કષાય આદિ આશ્રવો, સમિતિ-ગુપ્તિ આદિ સંવર, બાહ્ય-આભ્યન્તર તપના ૧૨ પ્રકાર, મોક્ષમાં સુખ શું ? પ્રવૃત્તિ શી ? વગેરે ચર્ચાયું.

**(૨) મોક્ષમાર્ગના વિષયમાં :** જીવનો અનાદિ ઈતિહાસ, ચરમાવર્ત કાળમાં સહજમળના નોંધપાત્ર નાશથી જીવનું ઉત્થાન, ભવનિર્વેદ, મોક્ષદૃષ્ટિ, મોક્ષમાર્ગની ભૂમિકારૂપે માર્ગાનુસારી જીવનમાં ૧૧ કર્તવ્ય, ૮ દોષત્યાગ, ૮ ગુણગ્રહણ અને ૮ સાધના એમ કુલ ૩૫ ગુણ, એ દરેક ગુણની વિશેષતા અને આવશ્યકતા પર, એમાંય ખાસ કરીને ન્યાયસંપન્નતા ઉદ્ભટવેશ-ત્યાગ, મિતાહાર, માતાપિતાની પૂજા, નિંદાત્યાગ, ઈન્દ્રિયજય, આંતરશત્રુનિગ્રહ, પાપભય, દાક્ષિણ્ય બલાબલ વિચારણા કૃતજ્ઞતા, દયા, ધર્મશ્રવણ વગેરે પર વિશદ વિચાર આપવામાં આવ્યો. બાદ સમ્યગ્દર્શનનું સ્વરૂપ, એના ૬૭ વ્યવહાર, ૧૨ વ્રત, ૧૪ નિયમ પર વિવેચન થયાં.

**(૩) જૈન આચારના વિષયમાં :** નવકારમંત્રસ્મરણ, નમસ્કારમહિમા, આત્મચિંતન, માનવભવે કયો કયો અવસર, મંદિરવિધિ, ૧૦ ત્રિક પૈકી ૩ નિસીહિ રહસ્ય, પ્રદક્ષિણામાં ભ્રમર-ઈલિકાન્યાય, અંગ-અગ્ર-ભાવપૂજા, અષ્ટપ્રકારી પૂજાનાં તથા નવાંગી તિલકનાં રહસ્ય, પૂજા એટલે દ્રવ્ય ભાવસંકોચ, પ્રભુની જન્મ-રાજ્ય-શ્રમણ એ પિંડસ્થ તથા તીર્થંકરપદની પદસ્થ અને મોક્ષની રૂપાતીત અવસ્થા પર ભાવના, સાકાર મૂર્તિને પૂજવાથી નિરાકાર સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે, મૂર્તિપૂજા સાધક દલીલો, પચ્ચક્ખાણો, સંતોષી વેપાર, અભક્ષ્યત્યાગ, ૭ વ્યસનત્યાગ, પર્વતિથિની આરાધના વગેરે ચર્ચાયા.

(૪) **'ધ્યાન અને જીવન'ના વિષયમાં :** ધ્યાનને જીવન અને મરણ સાથે સંબંધ, અશુભ ધ્યાન ટળ્યા પર જ શુભ ધ્યાન, એકલા ધ્યાનની પસંદગીમાં કેવા અનર્થ, આર્તધ્યાન-રૌદ્રધ્યાનની પસંદગીમાં કેવા અનર્થ, આર્તધ્યાન-રૌદ્રધ્યાનના ૪-૪ પ્રકાર, એનાં લિંગ-લક્ષણ ફળ, જીવનમાં ડગલે ને પગલે કેવી રીતે આર્તધ્યાનનું જોર ધર્મધ્યાનના ૪ પ્રકાર, આર્તધ્યાનને ધર્મધ્યાનમાં પલટાવવાની ચાવી,... વગેરે પર વિસ્તારથી સમજ અપાઈ.

(૫) **'સૂત્ર-રહસ્ય'ના વિષયમાં,** સૂત્રનાં શુદ્ધ ઉચ્ચારણ, અશુદ્ધ ઉચ્ચારણમાં મહા અનર્થ દા.ત. 'સવ્વ...'ને બદલે સવપાપપ્પણાસણો' બોલતાં 'સવ' એટલે શબ મડદું, અર્થાત્ મડદાના પાપનો નાશક નવકાર એવો અર્થ થાય, એવા બીજા દૃષ્ટાન્ત, પંચ પરમેષ્ઠિની ઓળખ, અરિહંતના ૮ પ્રાતિહાર્યનાં રહસ્ય, નવકારના છેલ્લા ૪ પદનું મહત્ત્વ સુકૃતાનુમોદન, પંચાંગ ખમાસમણ કેમ ? સાષ્ટાંગ પ્રણામ કેમ નહિ ? ખમાસમણની રીત, 'ઇચ્છકાર' એટલે ગુરુને સંબોધી 'આપની ઇચ્છા હોય તો પૂછું,' ઈરિયા વહિયંમાં ખૂનીના પશ્ચાત્તાપભર્યા ઈકરાર, ૧૦ વિરાધના ઉત્તરીકરણ વિશલ્યીકરણ વગેરેના ભાવ, કાયોત્સર્ગના ૧૬ આગાર, લોગસ્સમાં ૪ અતિશય તથા ૨૪ પ્રભુની ધારણાનો ક્રમ, અરિહંત ચેઈયાણંમાં વંદનાદિ ૬ નિમિત્ત, શ્રદ્ધાદિ ૫ સાધન, 'નમુત્થુણં'માં ૯ સંપદા, પરમાત્મસ્વરૂપ, વગેરે પર વિવેચન થયાં.

**શિબિરની અસર અને નિયમો :** પ્રવચનોમાં કથાઓ, દૃષ્ટાન્તો, દલીલો વગેરે સારા પ્રમાણમાં અપાતી, તેથી નવા માનસને એ સારું જચી જતું. ઉપરાંત દિલ શુભ ભાવથી ભાવિત થઈ જતાં. તેથી દિલમાંથી આધુનિક જડવાદી યુગની નાસ્તિક જેવી માન્યતાઓ ઓસરી જતી, અને આધ્યાત્મિક ભાવ કેળવાયે જતાં હૃદય પરિવર્તન પામતાં તેથી જ્યાં જ્યાં અવસર આવતો ત્યાં શ્રોતા વિદ્યાર્થીઓ અને સંઘ નિયમ પણ લઈ લેતા. દા.ત.

- રોજ પ્રભુદર્શન-પૂજા
- પાણી સિવાય દિવસમાં ખાનપાનના ટંક ૫-૭-૧૦
- કલાકે એક વાર 'નમો અરિહંતાણં'
- કંદમૂળ ત્યાગ
- રાત્રિભોજન ત્યાગ
- ૭ વ્યસન ત્યાગ
- વરસમાં અમુક પ્રતિક્રમણ
- મહિને ૧-૨ એકાસણ આદિ
- સિનેમા ત્યાગ
- ૨૨ અભક્ષ્ય ત્યાગ
- વરસમાં અમુક સામાયિક
- વરસમાં અમુક તપ
- પાંચ તિથિ લીલોતરી ત્યાગ
- માબાપ સામે ઉદ્ધત રીતે બોલવું કે વર્તવું નહિ
- રોજ પ્રભુભક્તિમાં પોતાની ચીજ લઈ જવી



- વરસમાં અમુક ગાથા
- માબાપને સવારે પ્રણામ
- હોટલમાં જવાનો ત્યાગ
- ઉકાળેલું પાણી
- સંથારા પર સૂવું.
- જીવનભર રોજ માટે અમુક દ્રવ્યથી વધુ ન ખાવાં.
- વિદેશ જવાનો ત્યાગ.

**નાના વિદ્યાર્થીઓની શિબિર :** પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે ભક્ષ્યાભક્ષ્ય અને ૧૨ વ્રત પર સુંદર પ્રવચન આપેલા. તેમજ કપડવંજના નાના ૩૦-૩૫ વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન વગેરેનાં સરળ ભાષામાં પ્રવચન આપેલ. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે એક પ્રવચનમાં યુવકોને પાણી ચડાવી સિનેમા ત્યાગ વગેરે માટે ઊભા કરી દીધેલ.

**પરીક્ષાઓ :** આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રવૃત્તિ ચાલી રહી હતી. દિવસો ક્યાં પસાર થઈ રહ્યા હતા તેની ખબર પડતી નહોતી, ને ત્રીજો સપ્તાહ આવી પહોંચ્યો. લેખિત પરીક્ષાની તારિખો જાહેર થઈ, ને વિદ્યાર્થીઓ એની તૈયારીમાં લાગી ગયા. રાતના કોઈ ૧૨ ને કોઈ ૧-૨ વાગ્યા સુધી વાંચન-મનનમાં લીન હતા. તા. ૯મી ૧૦મી મે એ પાંચે વિષયની લેખિત પરીક્ષાઓ લેવાઈ. કપડવંજ સંઘની કાળજી કેટલી બધી કે રોજના પ્રવચનોમાં વિદ્યાર્થીઓને ઉપયોગી નોંધ લેવી ફાવે એ માટે બેઠકની આગળ નાની પાટલીઓની હાર ગોઠવેલી, તેમજ પરીક્ષા વખતે તો સ્કૂલની બેન્ચો ગોઠવેલી; જેથી વિદ્યાર્થીઓ પ્રફુલ્લિત મનથી ૩-૪ કલાક સળંગ બેસી પેપરો લખી શકે.

આ ઉપરાંત, સૂત્રો-સ્તવનો વગેરેની મૌખિક પરીક્ષા લેવાઈ, વક્તૃત્વ હરિફાઈ થઈ, તેમજ આ શિબિરથી **'વર્તમાન જીવન પર શો પ્રભાવ પડ્યો'** એના પર નિબંધ લખાવાયો. પરીક્ષા બાદ બે દિવસ શાંતિસ્નાત્ર અને **'અરિહંત'** જાપના કાર્યક્રમ રહ્યા.

શિબિર દરમિયાન અમદાવાદથી શેઠ જીવતલાલ પરતાપશી, મુંબઈથી શેઠ રમણલાલ નગીનદાસ દિલ્હીવાળા વગેરે પધારેલા અને શિબિરથી પ્રભાવિત થયેલ. અમદાવાદથી શેઠ રમણલાલ વજેચંદ ૨૦-૨૫ ભાવિકોને લઈને પધારેલ. જંબુસરથી પ્રોફેસર પરમાર સાહેબ આવેલ એમણે વિદ્યાર્થીઓને સુંદર પ્રેરણા પણ આપેલી. મુંબઈથી શેઠ રતિલાલ શામળદાસ તથા મુંબઈ સમાચાર 'જયજિનેન્દ્ર' લેખક શ્રી રતિલાલ ચીમનલાલ પણ પધારેલ. બીજા પણ અનેક ગૃહસ્થો પધારેલ.

સંગીત કાર્યક્રમમાં કુંડલાના બે વિદ્યાર્થી શ્રી રાજુભાઈ તથા રાજેન્દ્રકુમાર, તેમજ મુંબઈના શ્રી નીતિનકુમાર અને વડોદરાના યોગેશ ઘીયાએ પેટી-તબલાવાદન

સુંદર સંભાળેલ. ઉપરાંત અત્રેના સંગીતવિશારદ શ્રી મધુસુદનભાઈએ પણ સુંદર સેવા ફ્રી આપેલ. એ જાતે વૈષ્ણવસંપ્રદાયના છતાં પ્રવચનોથી સારા પ્રભાવિત થયા અને આજીવન સિનેમા ત્યાગ તથા કપડવંજમાં હોય ત્યાં સુધી રાત્રિભોજન ત્યાગનો સંકલ્પ જાહેર કર્યો.

**શિબિરમાંથી જીવનભાતું :** વિદ્યાર્થીઓમાં વિશિષ્ટ આચાર અનુષ્ઠાનના સંકલ્પમાં ૧૮ જણાએ આજીવન સિનેમાત્યાગ, ૯ જણાએ રાત્રિભોજનત્યાગ, ૪૪ જણે કંદમૂળત્યાગ ૪-૪ જણાએ ૫૧ ઉપવાસ-આંબેલ, ૧૦ જણાએ ૫૧ એકાસણાં વગેરે સંકલ્પ કર્યા. એક વિદ્યાર્થીએ વર્ષીતપ-૩૬૫ સામાયિક-૩૬૫ ગાથા-૧ વર્ષ સંથારે શયનના સંકલ્પ કરેલ.

**ઈનામોનું વિતરણ :** વિદ્યાર્થીઓમાં પરીક્ષાઓના ગુણાંકને અનુસારે ઈનામોનું વિતરણ થયું. નાની શિબિરના વિદ્યાર્થીઓને પણ ઇનામ અપાયા. ઉપરાંત વિશિષ્ટ આચાર-અનુષ્ઠાન, દા.ત. સામાયિકો રોજ પ્રતિક્રમણ, તપસ્યા, સેવા, વિશિષ્ટ નિયમો વગેરેની પણ અભિનંદન પહેરામણી કરાઈ. દરેક વિદ્યાર્થીને પૂજાની પેટી તથા ૨ રૂ.ની પ્રભાવના કરાઈ તેમજ અન્યાન્ય ભાઈઓ તરફથી સ્તવન બુક, જૈન ધર્મનો સરળ પરિચય, તથા પૂ.મુ.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના પુસ્તકો ભેટ કરાયેલ. મુંબઈવાળા ભાઈશ્રી પ્રતાપરાય દલીચંદ તરફથી ૧૦૦ વિદ્યાર્થીઓને દિવ્યદર્શન પત્રના લવાજમ પેટે દરેકને ૫-૫ રૂા. ભેટ કરાયા. આમ કુલ રૂા. ૬૦૦૦ની પ્રભાવના અપાઈ.

**પૂર્ણાહુતિનો ભવ્ય સમારોહ :** રવિવાર તા. ૧૩મી સવારે શિબિરનો પૂર્ણાહુતિ મેળાવડો થયો. પૂ. આચાર્યદેવના શ્રીમુખે મંગળશ્રવણ બાદ વિદ્યાર્થીઓએ 'ચત્તારિ મંગલં...' તથા 'શ્રી અરિહંતો'ની સમૂહમાં સ્તુતિ ગાઈ પછી કપડવંજ સંગીત મંડળના પ્રમુખ શ્રી રજનીકાન્તભાઈએ **'કાલે આવ્યા ને આજે ચાલ્યા ભુવનભાનુ...'**નું ગીત ઝીલાવતાં સભામાં કરુણતા છવાઈ ગઈ. પછી સૌરાષ્ટ્રગ્રુપ તરફથી **'લાગ્યો શિબિર કેરો રંગ, ગુરુજી મારા...'** રજૂ થયું.

પછી શિબિર વિદ્યાર્થીઓને ઉદ્દેશીને શ્રી કુમારભાઈના જમણા હાથસમા શ્રી **કિરીટ ટોળિયા** B.Sc. એ કહ્યું 'આપણે અહીં સ્વતંત્ર આત્મદ્રવ્ય સમજ્યા, તો હવે આત્માની ઉન્નતિ સાધવી જોઈએ. એ માટે પહેલાં તો મનને સંસાર અસાર લગાડવાનો. એ સારું વીતરાગને જ વહાલા કરવાના. એમણે જે છોડ્યું તે વસ્તુ આપણને ન ગમે; ને આચર્યું એજ ગમે...' વગેરે. જૈનેતર સંગીતકાર શ્રી મધુસુદન ભાઈએ સિનેમાત્યાગ અને રાત્રિભોજનત્યાગ જાહેર કરતાં ભાવીને માટે શ્રી સંઘને



પોતાની સેવા આપવાની સદા તૈયારી બતાવી. કહ્યું કે હું જન્મે વૈષ્ણવ બ્રાહ્મણ હોવા છતાં જ્યાં સારું તત્ત્વ હોય તેને હું ગ્રહણ કરવાવાળો છું...વગેરે.

પછી કપડવંજના અને બહારના વિદ્યાર્થીઓએ શિબિરથી પોતાનામાં થયેલ પરિવર્તન વર્ણવ્યું અને દીપક સી. શાહે 'જ્ઞાનદીપક પ્રગટાવો ઓ ભગવંત...!' ગીત રજૂ કર્યું. પછી વકીલ અને માજી ધારાસભ્ય શ્રી નગીનદાસ ગાંધીના સુપુત્ર **રવીન્દ્રકુમાર** B.A.LL.B. શિબિરથી પોતાને થયેલ લાભથી પ્રેરાઈ, પૂ. આચાર્ય ભગવંતે શ્રી કપડવંજ સંઘ અને વિદ્યાર્થીઓ ઉપર કરેલ ભવ્ય ઉપકારને બિરદાવી શિબિર-વિદ્યાર્થીઓને ગુરુ ભગવંતના વ્યાખ્યાન માત્ર સાંભળી જવાનો નહિ, પણ જીવનમાં પચાવવાનો અનુરોધ કરતું વક્તવ્ય કર્યું.

ત્યારબાદ જૈન સંઘના પ્રખ્યાત સંગીતકાર **શ્રી ગજાનન ઠાકુરે** આ પ્રસંગે પોતાના તબલચી સાથે ખાસ પધારી પોતે રચેલ,-

**'અમે શિબિરના સંતાન,** અમે વીરના વારસદાર,
વીરના પગલે પગલે ચાલી પહોંચીશું ભવપાર...'

ગીત પોતાની આગવી મધુર શૈલીમાં ગાતાં અને ઝીલાવતાં પોતાની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી અને સભા પણ લાગણીભીની બની ગયેલી. પોતે ગુરુદેવને કહે કે 'શિબિર દ્વારા આપ આ મહાન ઉપકાર કરી રહ્યા છો અને આજે આની ઘણી જ જરૂર છે. **મારા પુત્રને હવે પછીની શિબિરમાં મોકલીશ...'** વગેરે કહેતાં કહેતાં ગદ્ગદ થઈ ગયેલ.

બાદ, ગોધરાના **પ્રદીપકુમાર** (ફાઈનલ M.B.B.S.) શિબિરના સુખદ અનુભવ પર સુંદર બોલ્યા અને રાજપીપળાવાળા શૈલેષકુમારે પણ શિબિર શિક્ષણને અંજલિ આપી.

**શ્રી સોમાભાઈ પૂનમચંદ** B.A.LL.B. એ ઈનામોનું વિતરણ કરી નવી પ્રજા પર પૂજ્યશ્રીથી થઈ રહેલ ભવ્ય ઉપકારને બિરદાવતાં કહ્યું કે આજે કૉલેજિયન કન્યાઓને પણ ખાસ કરીને પૂ. સાધ્વીજી મહારાજોએ આ રીતે ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો આપવાની ખાસ જરૂર છે. કેમકે એ જ ભવિષ્યમાં માતાઓ બની સંતાનોને પહેલા સંસ્કાર આપનારી થવાની છે.

બાદ, આમોદથી સેવા આપવા અર્થે ખાસ પધારેલ હાઈસ્કૂલના ટીચર શ્રી ઉદેચંદભાઈએ આજના કાળે કૉલેજિયનોને આવા સમ્યગ્જ્ઞાનદાન અને આચાર શિક્ષણની અતિ આવશ્યકતા બતાવી હતી.

**એક દીવાથી સેંકડો દીવા :** શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે

ઈ.સ. ૧૯૬૪ની શિબિરમાં જોડાયાથી પોતાના ઉપર થયેલ ચમત્કારિક લાભ, પછી પોતાને ગામ-ગામની શિબિરોના મળેલ સંચાલનમાં અનુભવેલ કૉલેજિયન વિદ્યાર્થીઓ ઉપર શિબિર શિક્ષણના મહાન લાભ વગેરેનું અસરકારક યથાસ્થિત વર્ણન કરતાં દેખાઈ આવતું હતું કે આજના યુવાન વિદ્યાર્થીઓને આ રીતે ધર્મશિક્ષા આપવાથી કેવો મહાન ઉપકાર થઈ રહ્યો છે અને એક દીવો કેવા સેંકડો દીવા પ્રગટાવી શકે છે.

અંતે ડભોઈના **કિરીટ કંચનકુમારે** ભારે કરુણતા ફેલાવે એવું શિબિરમાંથી વિદાય લેતી વખતનું અસરકારક ગીત રજૂ કર્યું હતું.

**પૂજ્યશ્રીનું અંતિમ પ્રવચન :** છેવટે વ્યાખ્યાન પીઠ પરથી પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે 'અપ્પા જાણઈ અપ્પા...' એ શ્લોક પર પ્રવચન કરતાં કહ્યું કે 'મહાકિંમતી માનવજીવનમાં કાંઈ પણ કરવા જેવું હોય તો પોતાના આત્માના હિતમાં - લાભમાં ઊતરે એ જ કરવા જેવું છે. ખરાબ વિચાર-વાણી-વર્તાવને અટકાવવા આ જુઓ કે જેની ખાતર એ કરવા જાઉં છું એ બાહ્ય વસ્તુ તો કર્મના ખેલ છે, એની પાછળ મારા આત્માના જ નુકસાનમાં ઊતરે એવું શા માટે વિચારું-બોલું-વર્તું ?' એ પછી વિદ્યાર્થીઓને અહીં શિબિર પ્રવચનોમાં મળેલ બોધ પર આ રીતે પગલે પગલે મારા આત્માના લાભમાં કેમ ઊતરે એ જીવનમાં વિચારતા રહેવા અને આચારબદ્ધ બન્યા રહેવાની પ્રેરણા કરતાં કહ્યું કે જુઓ આ વિચાર કેટલો મહત્ત્વનો છે કે સમરાદિત્ય રાજકુમારને પિતાના આગ્રહે લગ્ન કરવા પડ્યા પર પરણી લાવેલી બે રાજકુમારીઓના પ્રથમ મિલને એની સખીને એ કહે છે કે 'પૂછો તમારી સખીને કે એમને જો મારા પર પ્રેમ છે તો પ્રેમી પાસે એ શું કરાવવા આવી છે ? પ્રેમીના આત્માના લાભમાં ઊતરે એવું કરાવવા આવી છે ? કે પ્રેમીનો આત્મા ભવમાં ભટકતો થઈ જાય એવું કરાવવા આવી છે ? અને જો ભવમાં ભટકતો થાય એવું કરાવવા આવી હોય તો એ પ્રેમનું લક્ષણ છે ? એમને મારા પર પ્રેમ ગણાય ?' નવોઢા પત્નીઓ સુબુદ્ધ હતી, તરત જ સમજી ગઈ અને પગે પડી કહે છે 'તો બતાવો આપના આત્મ-લાભમાં ઊતરે એવું શું કરીએ ?' કુમારે બ્રહ્મચર્યનું કહેતાં ત્યાં જ એ બે જણીએ આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી લીધું... જીવનનો સાર ચારિત્ર છે...જગતને આપણે બનાવી શકીશું, કર્મસત્તાને નહિ. જગતને બનાવવા જનારને કર્મસત્તાએ ક્યાંય ફેંકી દીધા. ઇત્યાદિ કહી પૂ.આચાર્ય મહારાજે શિબિર વિદ્યાર્થીઓને ઘરે જઈ માતાપિતાનો ખાસ વિનય સેવા કરવા જૈનાચારો ખીલવવા, અને પરમાત્મભક્તિ કરતા રહેવા તથા મહિને એકવાર પણ શિબિર પ્રવચન નોટ વાંચતા રહેવા અને મળેલા તત્ત્વબોધને દેવ-ગુરુ-ધર્મની સેવામાં



વાળવા ભલામણ કરી. આમ પૂર્ણાહુતિ સમારંભ સમાપ્ત થયો.

**વિદ્યાર્થીઓ કેમ પલટાયા ?** ભોજન બાદ વિદ્યાર્થીઓ કોઈ યાત્રાએ અને કોઈ સીધા પોતાના દેશ જવા રવાના થવા માંડ્યા. આવ્યા ત્યારે મનને હતું કે થતું કે અહીં ફાવશે કે કેમ ? બહુ ક્રિયાઓ અને તપસ્યા તો નહિ કરવી પડે ? સંચાલકો કઠોર તો નહિ હોય ?...વગેરે, પણ જેમ જેમ રોજના ૫-૫ પ્રવચનો સાંભળતા ગયા, અને સંચાલકોનું નીતરતું વાત્સલ્ય તથા શ્રી કપડવંજ સંઘના કાર્યકરો શ્રી કાન્તિભાઈ, શ્રી ધનવંતભાઈ, શ્રી રજનીકાંતભાઈ વગેરેની ખૂબ પ્રેમભરી ભક્તિ જોતા ગયા, તેમ તેમ હૈયાપલટ થતી ગઈ, અને ભૌતિક વિલાસી દુનિયામાંથી આધ્યાત્મિક ધાર્મિક ગુણભરી દુનિયામાં નવો અવતાર પામ્યા. વિદ્યાર્થીઓની સેવામાં ડોકટર કસ્તૂરચંદ રોજ બપોરે આવી તબીબી સેવા આપતા.

**વિદ્યાર્થીઓનાં અનુભવ લખાણ :** કુલ સાઈઠેક ગામમાં ૧૭૦ વિદ્યાર્થીઓ આવેલા. એમણે જતાં જતાં છેલ્લે દરેક જે પોતાના પર પડેલ શિબિર પ્રભાવનાં લખાણ આપ્યાં એમાં શિબિર પહેલાની પોતાની આજના યુગમાં વહી ગયેલી દુર્દશાનું રોમાંચક વર્ણન જોતાં ખ્યાલ આવે છે કે આજના સમાજમાંધાતાઓ અને ખુદ માબાપોને ખબર નથી એવી ભયંકર બદીઓ આજના કુમાર-યુવાન વિદ્યાર્થીઓમાં કેવી કેવી પ્રસરી ગઈ છે !

ત્યારે આવી ધાર્મિક શિક્ષા-સંસ્કારની શિબિરોમાં પૂ. ગીતાર્થ સાધુ મહારાજોનાં પ્રવચનોની હારમાળા, સમૂહ શિસ્ત તથા નિયમિતતા અને દેવદર્શન-પૂજન સામાયિક આદિ ધર્મચર્યાથી જીવનમાં કેવાં કેવાં સુંદર પરિવર્તન આવે છે ! વિદ્યાર્થીઓનાં આ લખાણોનું એમના નામનિર્દેશ વિના એક ભવ્ય પુસ્તક તૈયાર થાય એવું છે. વિદ્યાર્થીઓને કેટલાકને લાગે છે કે, 'આ લખાણ અમારી પાસે રાખી અવારનવાર વાંચતા રહીએ જેથી અમને અમારા પતન અને ઉત્થાનનો ખ્યાલ જાગતો રહે.'

**શિબિરના સુકૃતના લાભ :** શ્રી કપડવંજ સંઘે આ શિબિર યોજી એટલું ભવ્ય કામ કર્યું છે કે એની આગળ હજારો રૂપિયાનો ખર્ચ કશી વિસાતમાં નથી. શ્રી સંઘમાં લાખો રૂપિયા ખરચાય છે. પરંતુ આ નવી પ્રજાના ઉદ્ધારના ક્ષેત્ર તરફ વિશેષ ધ્યાન દેવાની આજના કાળે અતિ અતિ આવશ્યકતા છે. જે ભાગ્યવાનનો સમૂહમાં પણ આ સુકૃત માર્ગે શક્તિ અનુસાર ફાળો જાય છે એ સેંકડો નાસ્તિક જેવા આત્મામાં આત્મદૃષ્ટિ જગાડવા, ધર્મબીજ વાવવા અને એમને સમ્યગ્દર્શન સમ્યગ્ ધર્માચાર પમાડી દુર્ગતિના દ્વાર બંધ કરાવવામાં તથા ઉત્તરોત્તર સદ્ગતિ દ્વારા મોક્ષની નિકટ પહોંચાડવામાં નિમિત્ત બને છે. એ વળી ભવિષ્યમાં પોતાના

આખા કુટુંબને ધર્મ પમાડે, તેમ બીજાઓને પણ ધર્મમાં પ્રેરે, અને એમ ધર્મ પરંપરા ચાલે. આ બધામાં નિમિત્તભૂત બનવાનો મહાલાભ નવી પ્રજાને ધર્મ પમાડવાના આયોજક પામે છે.

**શિબિરમાં વિશેષ અનુભવ :** (૧) પૂ. આચાર્ય ભગવંતશ્રીજીનું લો બ્લડપ્રેશર છતાં અનુગ્રહ કરીને પાંચ વખત વાંચના આપતા છતાં ઉત્સાહ અનુપમ દેખાતો. તેઓશ્રીની જૈન શાસન પ્રત્યેની ધગશ અવ્વલ જણાઈ આવતી. ભાવિ સંઘ શ્રદ્ધા અને આચારસંપન્ન બને એ માટે પોતાનું શરીર ભૂલી જતા અને કષ્ટોને ગણકારતા નહીં.

(૨) બોડેલીના વિદ્યાર્થી ચીમનલાલ જૈને 'વિરતિનું જીવનમાં મહત્ત્વ' વિષય ઉપર સંસ્કૃત પદ્યમાં સુંદર રજૂઆત કરેલ.

(૩) બી.એ.એલ.એલ.બી. જેવા તેજસ્વી વિદ્યાર્થીએ ૫૧ ઉપવાસ, ૫૧ આયંબિલ કરવા સંકલ્પ કર્યો.

(૪) વિદ્યાર્થીઓને ચાલતા વિષયોની નોંધની સારી રીતે અનુપ્રેક્ષા-પુનરાવર્તન સુગમ પડે તે હેતુએ દરેકને તે તે વિષયોની સંક્ષિપ્ત મુદ્દાસર નોંધ સાઈકલો. કોપી કરેલા ૪૫ પત્રો ફાઈલ સાથે અપાયા.

(૫) 'તમે બકરા નહિ...સિંહના સંતાન છો,' એમ હાકલ કરી પૂર્વજોએ લોહી રેડીને પ્રાણના ભોગ આપી ટકાવી રાખેલું જૈનશાસન આપણને મહાપુણ્યે મળી આવ્યું, છે એ સમજાવ્યું અને વેધકવાણીમાં અજયપાળ અને રામલાલ બારોટનો પ્રસંગ સચોટ રીતે રજૂ કરી સૌને પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ગદ્‌ગદ બનાવી દીધા અને જૈનત્વની ખુમારી ઊભી કરવા દોષોને દેશવટો દેવા હાકલ કરેલ. તેમાં ૩૫-૩૭ વિદ્યાર્થીઓએ તથા અનેક નર-નારીઓએ જીંદગીભર સિનેમાત્યાગ-કંદમૂળત્યાગ-હોટલત્યાગ વિ. પ્રતિજ્ઞાઓ તુરત થઈ.

(૬) પરસ્ત્રીદર્શન-સ્પર્શનના મહા અનર્થના ફંદામાંથી બચવાનો તથા, શીલ-સદાચારના આચાર ઉપર વેધક પ્રકાશ પાડતા અને સાત મહાવ્યસનોની ભયંકરતા પૂ. ગુરુમહારાજશ્રીના મુખે જાણ થતા અનેકોએ વ્યસન ત્યાગની પ્રતિજ્ઞા હર્ષભેર સ્વીકારી અને જીવનની દિશા બદલી.

● **શિબિર-સમાપ્તિ સમારોહ વખતે શ્રી રજનીકાન્તભાઈએ ગાયેલુ 'પારેખ' રચિત ગીત.**

કાલે આવ્યા ને આજ ચાલ્યા, **ભુવનભાનુસૂરિ**...,
કાલે આવ્યા ને આજ ચાલ્યા...

(૧) શહેરની જનતાને જ્ઞાન પીયુષને પાઈ કરી ઘેલી ઘેલી,
શાસ્ત્રોની વાતોને રંગોળી રૂપે વિદ્યાર્થીને પ્રેમે દીધી...ભુવન૦...



(૨) પાંત્રીશ ગુણો માર્ગાનુસારીના ધ્યાન જીવનમાં ઉતારી,
કોઈ કરે નવી નવી પ્રતિજ્ઞા રાત્રિભોજન કંદ ત્યાગી;...ભુવન૦...

(૩) તપસ્યાનું તો જાણે ઝાડ દેખાયે, કરે તપસ્યા બહુ ભારી;
ઉપવાસ, આંબેલ ને એકાસણાં વાંચન પૂજનની લે બાધી...ભુવન૦...

(૪) છે ગુણગ્રાહી, નથી દૃષ્ટિરાગી, શ્રાવકો કપડવંજના;
સઘળી શિબિરમાં અનોખી શિબિર, હમ તમની એ યાદી...ભુવન૦...

(૫) આંગણે આવેલ પારસમણિને જાણી શક્યા ના પામર
પારખ હતા તેણે પરખી જ લીધું ઈમિટેશન કે સાચું...ભુવન૦...

**શિબિર-સમાપ્તિ સમારોહ વખતે પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગજાનન ઠાકુરે ગાયેલું સ્વરચિત ગીત (રાગ-વંદેમાતરમ્)**

**અમે શિબિરના સંતાનો,** ને વીરના વારસદાર,
વીરને પગલે પગલે ચાલી પહોંચી જશું ભવપાર...
નિર્મળ પ્રેમ ગંગાને વહાવી ધોશું કપડા મેલા,
બાહ્ય અભ્યંતર ઉજ્જવળ થાશું, જાગી વહેલા વહેલા...અમે૦
વીરનો મારગ જાણી સમજી દુનિયાને સમજાવીશું,
માર્ગ ભૂલ્યાને માર્ગ ચીંધી ને સત્ય પંથ પર લાવીશું...અમે૦
પ્રાણ સમા જાણીશું સહુને મૈત્રી નિરંતર ધરશું,
હૈયે હૈયે જિનશાસન કેરી કોરણી પ્રેમે કરશું...અમે૦
વીર પ્રભુના ત્યાગ માર્ગને જોડશું આત્મ સાથ
અમી ઝરતો રહેજો અમ પર જગ વલ્લભનો હાથ...અમે૦
નવપદ ધ્યાન ધરીશું અંતર અંતર ઓછું કરશું,
આગમ આણા શિર પર ધારી મુક્તિપદને વરશું...અમે૦
ચડી કસોટી કંચન આજે, અંગ અંગ પરખાતું
ઉજ્જવળ કંચન દેખી માંયલું મોતી રે હરખાતું...અમે૦
ત્રિભુવન ભુવન અજવાળે એવો ભુવન ભાનુ પ્રકાશ
જીવન સફળ થયા, ને થાઓ, ઠાકુર એક જ આશ...અમે૦
સત્ય પંથના બની પ્રવાસી શાસન ધ્વજ લહેરાવીશું
જીવ માત્રમાં શાસન કેરી પ્રેમ જ્યોત પ્રગટાવીશું...અમે૦

**'શિબિરનો પોતાના પર પ્રભાવ' એ વિષય પરના વિદ્યાર્થીઓનાં અહેવાલો પૈકી એક કૉલેજિયન વિદ્યાર્થીનો હેવાલ.**

ખાવું પીવું અને મજા કરવી એ જીવનના ધ્યેય સાથે હું આવ્યો હતો. રંગરાગમાં મહાલતો હું અહીં શિબિરમાં આવ્યા પછી જોઉં છું તો લાગે છે કે ક્યાં મારી ૨૦ દિવસ પહેલાંની માન્યતા ? અને ક્યાં મારી અત્યારની માન્યતા ? આ પહેલાનાં જીવન અને અત્યારના જીવનમાં આકાશ પાતાળનો તફાવત છે. પહેલાં ફિલ્મો જોવી; અને સવારની કૉલેજ હોય એટલે આખો દિવસ છૂટ્ટા કામધંધા વગરના કાં તો સિનેમા જોવા જઈએ, કાંતો ગર્લ્સફ્રેન્ડ સાથે રખડવા જનારો હું અહીં પરમ ઉપકારી ગુરુમહારાજની વાણી સાંભળી અને થયું ઓ બાપરે ! સિનેમા જોવામાં આટલા બધા ભયંકર પાપ ! પાપ કરીને પણ પાછું પસ્તાવાનું નહીં ! પણ તેને અનુમોદવાનું ! **છ મહિના ઘર ચલાવતાં જે પાપ ન લાગે તે માત્ર સિનેમા જોવાથી લાગે.** ફિલ્મ એ તો શાહુકારી દુરાચાર છે. વર્ષમાં ઓછામાં ઓછા ૫૦ જોનારો હું આજે વર્ષમાં ૫ સિનેમાથી વધારે ન જોવા એવી બાધા લીધી છે. પણ આ ૫ સિનેમા જોવા જ એવું નહિ. પણ શક્ય હોય ત્યાં સુધી તો એક પણ સિનેમા હું જોઈશ નહિ. વળી હું એમ માનતો હતો કે ગર્લ્સફ્રેન્ડ રાખવામાં શો વાંધો ? પણ અહીં શિબિરમાં આવ્યા પછી જ મને સાચું જ્ઞાન થયું કે **માત્ર સ્ત્રી પર દૃષ્ટિ નાખવાથી આત્મા મન અને શરીર ઉપર વિકૃત અસર થાય છે.**

રાત્રિભોજન દરરોજ કરનાર અને અઠવાડીયામાં લગભગ પાંચ વખત હોટલની મુલાકાત લેનારો હું અને તેમાં પણ બટાકાવડા અને ઢોંસા જેવી વસ્તુઓ ખૂબ જ આનંદથી ખાનાર હું અહીં શિબિરમાં આવ્યા પછી ખબર પડી કે તેમાં કેટલું ભયંકર પાપ છે. બટાકાવડા, ઢોંસા અભક્ષ્ય વસ્તુ છે, અને દરેક કણમાં અનંતા જીવો છે. **આ અનંત જીવો કે જેણે આપણું કશું જ બગાડ્યું નથી તે અનંત જીવોને આપણા થોડાક જીભના સ્વાદ ખાતર મારી નાંખી આપણા શરીરમાં પધરાવી દેવા એ જરાય યોગ્ય નથી.** અને તેથી મેં વર્ષ સુધી કંદમૂળ ત્યાગ કર્યો છે. જો કે આ બાધા જીવન પર્યંત સુધી પાળવાની છે.

શિબિરમાં આવ્યો તે પહેલાં હું ખાસ દેવ ગુરુ અને ધર્મમાં માનતો ન હતો. જો કે અમારા કુટુંબીજનો દરરોજ સેવા પૂજા કરે થોડું ધર્મધ્યાન કરે પણ આપણે તો સમજ્યા કર્યા વગર જ મંદિરમાં રહેલી મૂર્તિને ભગવાન ન માનતાં પથ્થરની મૂર્તિ માનીને દર્શન કરતો. ઘરના રિવાજ પ્રમાણે માત્ર બે હાથ જોડી મૂર્તિને વંદન કરતો અને **કૉલેજની પરીક્ષા આવી હોય તો તેમ કહેતો કે હે ભગવાન પાસ કરજે તો હું ભંડારામાં સવા રૂપિયો મૂકીશ આમ ભગવાનને લાલચ આપતો.** કોઈ દુઃખના સમયે પણ ભગવાન ભાગ્યે જ યાદ આવતા. પણ શિબિરમાં આવ્યા પછી જાણવાનું મળ્યું કે **"મંદિરમાં રહેલી મૂર્તિ એ મૂર્તિ નથી, પરંતુ સાક્ષાત્ ભગવાન**



**છે. એ પરમ ઉપકારી છે. વળી ભગવાન પાસે આવી સંસારની માગણીઓ નહીં કરવાની પણ રાગદ્વેષ ઓછા કરવાની, ચારિત્ર લઈને મોક્ષમાં પહોંચવા માટેની શક્તિ માગવાની છે, અને તે માટે સર્વજ્ઞ ભગવાનનું આલંબન લેવાનું છે."** તેનું જ્ઞાન થયું છે.

અહીં શિબિરમાં આવ્યો અને શરૂઆતમાં ગુરુમહારાજને જોયા ત્યારે થયું કે આ ખખડધજ ડોસો કે જેનું શરીર લથડી ગયું છે, તે આપણને શું જ્ઞાન આપશે ! વળી ઘરડા માણસનો સ્વભાવ પણ મોટે ભાગે ચીડિયો હોય છે. એટલે મને તો થયું કે, 'આવી બન્યું; ફસાયા આપણે !' પણ ગુરુમહારાજના મુખેથી વીતરાગ ભગવાનની અમૃતમય વાણી સાંભળી ત્યારે થયું કે **જ્ઞાન એ તો અંતરની વસ્તુ છે. કોઈ માણસ બહારથી દેખાવમાં ગમે તેવો હોય પણ તેનામાં જ્ઞાન કેટલું છે તે કહી શકાતું નથી.** ગુરુમહારાજની વાણી સાંભળી તેમાં મુખ્યત્વે આત્મા શું છે ? જગતનું સંચાલન કેવી રીતે થાય છે, તે જાણવા મળ્યું. વળી આપણે **આપણા આત્માના ઉત્થાન માટે પ્રથમ ભૂમિકા તરીકે મોક્ષમાર્ગના તરફ અનુસરનારા ૩૫ ગુણો સ્વીકારવાના છે.** આ બધું જ્ઞાન અહીં જ પ્રાપ્ત થયું છે. વિરતિનું જીવનમાં મહત્ત્વ શું છે. આવું બધું જૈન હોવા છતાં જાણવાનું મન ન હતું પણ હવે તો **ધર્મના પુસ્તકો વાંચવામાં જે મજા આવે છે તે મજા બહારની નોવેલો વાંચવામાં નથી. તેમાં આત્માની ઉર્ધ્વગતિ નથી પણ અધોગતિ છે.** ટૂંકમાં શિબિરમાં આવ્યા પહેલાં દેવગુરુ-ધર્મની ખૂબજ ઉપેક્ષા કરતો હતો. પણ અહીં શિબિરમાં આવ્યા પછી જ ભાન થયું કે, **"આ માનવભવ સારો મળ્યો છે. પણ તેમાં આપણે ઈન્દ્રિયોના ગુલામ બનવાનું નથી. ઈન્દ્રિયોને કાબૂમાં લેવાની છે. માનવભવ તિર્યંચની જેમ ખાઈ પીને પૂરું કરવા માટે મળ્યો નથી."** આપણને ગુરુમહારાજે સમ્યક્ત્વની જે સાચી દૃષ્ટિ આપી છે તેનાથી આત્માનું ઉત્થાન કરવાનું છે."

અત્યાર સુધી તપમાં પણ હું માનતો ન હતો. પર્યુષણના પવિત્ર દિવસોમાં પણ છૂટે મોંએ હું ખાતો હતો. પણ અહીં આવ્યા પછી તપ શું છે, શા માટે કરવો જોઈએ, તેનું ભાન થયું છે, અને **અહીં જ પાંચ એકાસણા કર્યા છે.** તથા **મહિનામાં ઓછામાં ઓછું એક એકાસણું કરવું જ તેવી બાધા લીધી છે.** વળી શિબિરમાં આવ્યા પહેલાં નવકાર ઉપર પણ મને જરાયે શ્રદ્ધા ન હતી. પણ ગુરુમહારાજના ઉપકારથી શ્રદ્ધા પૂર્વક કલાકે નવકાર ગણતો થયો છું. **આજ સુધી ખરેખર હું મારણહારને તારણહાર માનતો હતો અને તારણહારને શીશામાં સપડાવનાર સમજતો હતો. પણ અહીં આવ્યા પછી ખરેખર મારણહાર કોણ એનો અને તારણહાર દેવગુરુ ધર્મનો સાચો પરિચય થયો છે.**

માતા પિતાને કદી ઉપકારી માનતો નહીં પણ હું જ તેમના ઉપર ન કરતો હોવા છતાં જાણે ઉપકાર કરું છું તેવું જ મારું તેમના પ્રત્યે વર્તન રહેતું. મારું ધારેલું કામ તેમની પાસેથી લેતો. તે હવે અહીં શિબિરમાં આવ્યા પછી ખબર પડી કે **"માતા પિતા તો મહાઉપકારી છે. (દેવગુરુધર્મ પરમ ઉપકારી છે.) તેમની સામે બોલવાનું તો શાનું ! પણ મરી ફીટવા પણ તૈયાર રહેવું જોઈએ, અને માતાપિતા સામે કદી ઉદ્ધતાઈથી ન બોલવું તે પ્રતિજ્ઞા લીધી છે."**

છેલ્લે બસ એટલું જ કહીશ કે, **મારા ૨૦ દિવસ પહેલાનાં અને હવેના જીવનમાં આકાશ-પાતાળ જેટલો ફરક હશે.** 'પાંચ ઇન્દ્રિયોના રાગમાં રંગાવાનું નહીં પણ રાગદ્વેષ છોડી વીતરાગ બનવાનું' એ મારું જીવનધ્યેય બની ગયું છે અને એ માટે મહાન ઉપકારી સાચા ઉત્કૃષ્ટ દેવગુરુ અને ધર્મનું આલંબન મળ્યું છે, તેનો સદ્ઉપયોગ હું કરીશ. અને સર્વજ્ઞ વીતરાગ પ્રભુને પણ મારી એ જ પ્રાર્થના કે આ સંસારચક્રમાંથી મને મુક્તિ મળે તે માટે આ જૈનધર્મ ભવોભવ મને મળે.

**:: શિબિર પ્રવચનોમાંથી પ્રસરેલ વેધક પ્રકાશનની વાનગી ::**

- જીવનમાં એવી શ્રદ્ધા જોઈએ કે 'જે સારું જિનેશ્વરદેવથી થાય છે તે બીજાથી નથી થવાનું.'
- દુનિયાનો સંગ એ રોગ છે, જેટલો સંગનો રોગ વધે તેટલી પીડા વધે પણ સત્પુરુષનો સંગ બધા સંઘ-મળને કાઢવાની ઓષધ પડીકી છે.
- કૃતજ્ઞતા-પરોપકાર-દયા, આ ત્રણ સાધનાને વિકસાવનાર સત્સંગ અને ધર્મશ્રવણ છે.
- આત્માને સાત્ત્વિક-નિર્મળ અને ભાવિક બનાવનાર વીતરાગ ભગવાનની પ્રાર્થના છે.
- કેન્દ્રમાં દેવાધિદેવ અરિહંતને રાખો તો આ બધો લાભ, જ્યારે બીજાને રાખો તો હિંગોડા મળે.

સ્મરણ-યાત્રા-સ્તુતિ-જાપધ્યાન-**અરિહંત** પ્રાર્થના-પૂજાભક્તિ-પ્રશંસા-આજ્ઞાપાલન. આમાં વિશેષતા અરિહંતના પરમોત્કૃષ્ટ આલંબનની છે. પોતાના સ્મરણ-પૂજાભક્તિ આદિની નહિ. કેમકે એ તો બીજાનાય કરાય છતાં આ લાભ નહીં. તેથી શાશ્વત લાભ આપનાર અરિહંત પરમાત્મા કહેવાય.

- ધર્મને હંબક કહેવાવાળા પણ બીજા પાસેથી દયા-અહિંસા-સત્યની આશા રાખે એ દયાદિ ધર્મ નહિ તો બીજું શું ? આમ ધર્મનો ઈન્કાર કરનારો પોતાની જાત માટે બીજા તરફથી ધર્મ જ ઇચ્છે છે, હિંસાદિ અધર્મ ઇચ્છતો નથી, માટે ધર્મની



જરૂર છે.

- **ઉપકરણ**=સદ્ગતિના અધિકારી બનાવે, સદ્ગતિનો ઉપકાર કરે તે ઉપકરણ. **અધિકરણ**=દુર્ગતિના અધિકારી બનાવે તે.
- મનુષ્યજીંદગી એટલે પાંચવર્ષનું પ્રમુખપદ-એમાંથી હકાલપટ્ટી પછીના સ્થાનને સારું બનાવવાની યોજના અહીંથીજ ન કરી લીધી તો રોતા-કકળતાં જવું પડશે.
- પોતાના સ્વાર્થ માટે ૨૦૦ ડોલર ખાઈ જવામાં જે આનંદ નથી તે પરાર્થમાં ૨ ડોલર વાપરવામાં આનંદ છે, 'એમ અમેરિકન કંજૂસ શ્રીમંતને બોધપાઠ મળ્યો.'
- મીઠું પણ નદીનું પાણી સમુદ્રના પાણીના સંગે ખારું થાય તેમ સારો પણ સમકિતી મિથ્યાદર્શનીના સંગે મલિન થાય, તેથી તેનો સંગ સારો નહિ.
- જેની પાછળ બહુ આરંભ-સમારંભ થાય તેવી પ્રવૃત્તિ પાપનો ભીરુ શ્રાવક કરે નહિ.
- **સુખ ભોગવો તો પુણ્ય ખપે, દુઃખ ભોગવો તો પાપ ખપે.**
- અકામ નિર્જરામાં કષાય અને હાયવોયથી બકરું કાઢી ઊંટ પેસાડવાનું થાય, ને સકામ નિર્જરામાં સમતાથી બકરું ને ઊંટ બંને જાય.
- બીજા જીવોની હિંસામાં તલવાર-ભાલા-બરછી એ શસ્ત્ર કહેવાય, જેથી પેલાના એક જન્મનો નાશ.
- પોતાના આત્માની હિંસામાં રાગ-દ્વેષ-મોહ વગેરે દુઃષિત મન-વચન-કાયાની પ્રવૃત્તિ ભાવશસ્ત્ર છે, જેથી અનંતવાર જન્મ મરણ થાય.
- 'ભગવાનનું વચન પહેલું, બાકી બધું પછી,'-આ જાગૃતિ રાખનારા સાજા અને માંદા બધા તરી ગયા.
- 'મનમાં વાસનાનું ખાતું જ નહિ' આ ભાવથી વાસનાથી બચાવ મળે.
- ન્યાયસંપન્નતા લૌકિકદૃષ્ટિથી બહુ સુખી કરે અને આધ્યાત્મિકદૃષ્ટિથી આત્મામાં પવિત્રતા લાવે.
- અન્યાય નહિ કરવાથી મન શાંત નિર્મળ પવિત્ર રહે છે.
- અન્યાય કુદરત પણ સહન કરતી નથી. તમે અન્યાય એક બાજુ કરો ને કુદરતનો ફટકો બીજી બાજુનો મળે.
- અન્યાયી જીવન લોફરનું જીવન છે.
- શુભધ્યાન એ દાવાનળ છે. એક સમયનું પણ શુભધ્યાન પાપનો પુંજ બાળી નાખે છે.

● સંસાર અસાર શા માટે ? સંસારની એક એક ચીજ જીવને ફસાવનારી છે, ધોખો દેનારી છે. વિશ્વાસ કરવા લાયક નથી.
● "હાંડલીમાં ચડતી ખીચડીમાંથી ચાર દાણા કાઢ્યા તે કાચા તો આખી હાંડલીની ખીચડી કાચી."
● આત્માનાં ભાવપ્રાણનું ખૂન કરનાર ઉદ્ભટવેશ છે.
● ફિલ્મ એ શાહુકારી દુરાચાર છે. રસ્તે ચાલી જતી સ્ત્રીને ટીકી ટીકીને જોઈ ન શકાય. જ્યારે સિનેમામાં પરસ્ત્રી સામે ડોળા ફાડી ફાડીને જોતાં કશો અફસોસ નહિ.
● ત્રણ કલાકનો સિનેમા-શો નરકનાં ભાતાં આપે અને ભવોભવ ભટકાવનાર બને.
● ધર્મ તો ખાનદાન કુળની લક્ષ્મી છે. તે ગમે તેને ન મળે.
● સંસાર બે મોટા પાયા પર ઊભેલો છે.
૧. આસક્તિ, ને ૨. અહંત્વ
● ધર્મ શીખીએ...જીવનમાં ધર્મ આવે એટલે આપણા પ્રેમ, રાગ, સ્નેહ વગેરે યોગ્યમાર્ગમાં જાય.
● આપણને પુણ્યયોગે મળેલ તન-મન-ધનની શક્તિ અનુપમ મૂલ્યવાન છે. તેનું યોગ્ય પાત્રમાં વિનિયોગ કરાવનાર અને મહાફળ નીપજાવનાર ધર્મ છે.
● કર્મને તોડવા કાયાને તોડી નાંખવી પડે.
● સુખ ધર્મથી મળે, દુનિયાના પદાર્થોથી નહિ. દુન્યવી સમૃદ્ધિ છતાં જીવનમાં ધર્મ નહિ તેને સુખશાન્તિ નહિ અને એ નહિ છતાં ધર્મ હોય તો મહાશાન્તિ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૧,અંક-૩૬,તા.૯-૬-૧૯૭૩

## 'કપડવંજ જૈન ધાર્મિક શિબિરના રસ-ઝરણાં'

કપડવંજ જૈન સંઘે પોતાના આંગણે ઉગતી યુવાન પેઢીનું નૈતિક અને આધ્યાત્મિક જીવન ઘડતર કરવા જૈન ધાર્મિક શિબિરનું આયોજન કરી ભારતભરના જૈન સંઘોનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પરમાત્માના પૂજારીઓ, જૈનાચારના પાલકો અને સંસ્કૃતિના રખેવાળો તૈયાર કરવાનું આ કાર્ય કપડવંજ સંઘે ખડે પગે તન-ધનના ભારે ભોગે આગળ ધપાવ્યું હતું. કેટલાક સંઘોને ભવિષ્યમાં આવાં ધર્મયજ્ઞો-ધર્મશિબિરો પોતાને આંગણે આમંત્રવા આકર્ષિત કર્યા હતા.



શિબિર મુલાકાતે શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ. શ્રી રમણલાલ નગીનદાસ પરીખ, જિન સંદેશના તંત્રી શ્રી ગુણવંત શાહ, શ્રી રતિલાલ (ધર્મપ્રિય), કાંતિલાલ ઉજમલાલ, શ્રી અમૃતલાલ મોદી. M.A. વગેરે પધાર્યા હતા.

અષ્ટાપદજીની પૂજા, શાંતિસ્નાત્ર સામૂહિક સ્નાત્રપૂજા, સામુહિક શહેરયાત્રા ૧૨ કલાકમાં ૫૦ હજારનો અરિહંતનો અખંડજાપ, ખીરના એકાસણાપૂર્વકથી થયો હતો. પ્રભાવનાઓ દિવસે દિવસે વધતી ચાલેલી. ૧-૧ રૂપિયા સુધીના સંઘપૂજન થયેલા.

આચાર્યશ્રીના પરમ વિનયી વિદ્વાન શિષ્ય પૂ.શ્રી રાજેન્દ્રવિજયજી મ.સા. ના થોડાક પ્રવચનોથી યુવાનોમાં તાજગી અને યોગ્યાયોગ્યનું જ્ઞાન થયું હતું. ભૂતપૂર્વ શિબિરાર્થીઓ સર્વશ્રી કિરીટકુમાર એન. ટોલીયા B.Sc. અમરેલીનો સહયોગ સંચાલન કાર્યમાં અનોખો રહ્યો. જ્યારે શ્રી યોગેશ ઘીયા B.Com. વડોદરા, શ્રી ઉલ્લાસ સી. શાહ B.A. હિંમતનગર, પ્રફુલ્લ જે. શાહ પ્રી. કોમર્સ હિંમતનગર, શ્રી હસમુખ વોરા, શ્રી નલીન જે. તેલી કપડવંજ. શ્રી લલિત આર. શાહ, (એંજી.) અમદાવાદ વગેરેનો સહકાર નોંધપાત્ર રહ્યો.

છેલ્લા દસ વર્ષથી વેકેશનના ફાલતું દિવસો સાર્થક કરવા યોજવામાં આવતી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરથી નવયુવકોમાં જયનાદ થયો છે. પ્રકાશની કેડી નિશ્ચિત થઈ છે. સત્ય કાજે ઝૂરતી અને ઝંખતી નવયુવાન પેઢીએ નવી દિશા પ્રાપ્ત કરી છે. યુવાનોમાં ઉલ્લાસ અને ઉત્સાહ પ્રગટ્યો છે. જાગૃતિનું વાતાવરણ નિશ્ચિત બન્યું છે. જ્ઞાનામૃત વિતરિત થયું છે. સંસ્કૃતિનો સંદેશ ગુંજી ઉઠ્યો છે. અલસાઈ પેઢીએ અંગડાઈ લીધી છે. યુવાનોનો આધ્યાત્મિક કાયા કલ્પ થયો છે. બે હજાર ઉપરાંત યુવાનોને જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. વડીલોને ઊગતી પેઢી પ્રત્યે વિશ્વાસ જાગ્યો છે. ઇતિહાસ સોનેરી બન્યો છે. નવો ઇતિહાસ સર્જાયો છે.

જૈન શિક્ષણ શિબિરના ચોક્કસ વિષયો હોય છે. વાચના આપવા અર્થે પ્રભાવક પ્રવચનકાર વેધક વક્તા પરમ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સાહેબને સુઆગ્રહ આમંત્રેલ આચાર્યશ્રીના સંદેશામાં સૌના માનસ ઉપર સુંદર અસર ઉપજાવવાની શક્તિ છે. ભવ્ય ઝલક છે. તત્ત્વોની તલસ્પર્શી છણાવટ છે. જ્ઞાન અને ક્રિયા, નિશ્ચય અને વ્યવહાર, તત્ત્વ અને તર્ક, આચાર અને વિચાર, કથા અને રૂપકની સમાન સમતુલા છે; જે યુવાનોને મુગ્ધ કરી દે છે. પૂજ્યશ્રી યુવાનોના હૃદયમાં ઊંડે ઉતરી જવામાં ઉત્તમ વિજેતા છે. આંસુ પડાવી

દેવામાં અને પેટ પકડીને હસાવી દેવાની કળાના કસબી કલાકાર છે. સંસારની આગમાં રાગ કરનાર આત્માઓનો કર્મની કરુણતા, સંસારની અસારતા, શરીર રોગની, ભોગની ભયાનક્તાથી ભયભીત કરીને ભગવાનની ભક્તિમાં લગાવી દેતાં અને પૂર્વજોનો ઇતિહાસ આલેખી ગૌરવથી એમના ચરણોમાં મસ્તક નમાવી આપનાર સમય પારખું આચાર્ય છે. એમણે શું શું કહ્યું ?...રાજમાર્ગ પર જતાં કેડી માર્ગે દોડવું પડે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રાજમાર્ગો પર પહોંચતાં માર્ગાનુસારીરૂપ કેડી માર્ગો પર ચાલવું અનિવાર્ય છે. માર્ગાનુસારી ગુણોના (Fundamental disciplin) ઉપર જૈનશાસનનો ભાર છે. દેખાવમાં સુંદર ફુલ પણ સુવાસ વિનાનું વ્યર્થ છે. તેમ સુંદર દેખાતો માનવદેહ માર્ગાનુસારી ગુણોની સુવાસ વિના ઉજ્જડ છે.

**• ધ્યાન અને જીવન :**

જે આર્ત ધ્યાન કરે છે તે હેવાન થાય છે.
જે રોદ્ર ધ્યાન કરે છે તે શેતાન થાય છે.
જે ધર્મ ધ્યાન કરે છે તે ઈન્સાન થાય છે.
જે શુક્લ ધ્યાન કરે છે તે ઈશ્વર થાય છે.

જીવનમાં ધ્યાનનું ઘણું મહત્ત્વ છે. ધ્યાનનો આધાર મન સાથે છે.

'મનવા તું રામ તું રાવણ' માનવનું મન એ રામ પણ છે અને રાવણ પણ છે. યુદ્ધ અને શાંતિનું પ્રભવસ્થાન માનવીનું મન છે. મન જો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં છે તો તે રાવણથી બદતર નરકનું નિમિત્ત છે, બંધનું કારણ બને છે. ધર્મ ધ્યાનમાં સ્થિર મન મોક્ષનું કારણ છે. મર્કટ જેવા આ તર્કટ કરતા મનને માંકડાની જેમ કૂદા કૂદનો એક સ્વભાવ પડી ગયો છે. ફૂટબોલની જેમ ફેકાતા મનને અશુભ ધ્યાનમાંથી ઉઠાવી શુભ ધ્યાનમાં જોડતાં આત્મામાં એક પ્રકાશ પ્રકાશિત થાય છે.

અશુભ ધ્યાન જીવના કેવા બેહાલ કરે છે. કરવાનું કંઈ નહિ માત્ર 'મન' ઘડિત મિથ્યા કલ્પનાઓ જીવનો કૂચો કાઢી નાખે તેવા આત્મા ઉપર કર્મોના ગંજ ખડકાવી મૂકે છે. એક તંદુલિયો મચ્છ મનની મિથ્યા અશુભ ધ્યાનની ચિંતવનાઓ ઉપર મરી સાતમી નરકની ઘોર વિટંબનાઓમાં ફેંકાઈ જાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ પ્રારંભે સાતમી સુધીના સ્ટોક ઊભા કરી દે છે. અંતે શુભ ધ્યાનના બળે કેવળજ્ઞાની બને છે. મનનું પરિવર્તન ચક્રવર્તીને ભિખારી, રાજાને રંક બનાવી દેવા સમર્થ છે.

આવા મનને નાથવાના ઉપાયો ?



આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના લક્ષણો ?
આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામો ?
આર્તધ્યાન અને રોદ્રધ્યાનના બચાવના ઉપાયો ?
ધર્મ ધ્યાનમાં જોડાવાના રસ્તાઓ ? પરિણામો

**• જૈનાચાર** (મંદિરવિધિ)**ને ભક્ષ્યાભક્ષ્ય**

જૈન આચાર કયા કયા ? આચાર અને વિચારનું મહત્ત્વ ? જીવનમાં સાત્ત્વિક આહારનું મહત્ત્વ ? ભક્ષ્ય અભક્ષ્ય પદાર્થોની ઓળખ ? અભક્ષ્યનો ત્યાગ શા માટે ? રાત્રિભોજન, માંસાહાર, દારૂ, કંદમૂળ આદિ ત્યાજ્ય શા માટે ? ૧૪ નિયમનું મહત્ત્વ ?

જીવનમાં પરમાત્મા ભક્તિનું મહત્ત્વ ? પરમાત્માના ઉપકારો ? પ્રભુના નામ અને સ્થાપના આદિ નિક્ષેપાની તાકાત ? મંદિર અને પ્રતિમા આધારરૂપ શી રીતે ? જિન પ્રતિમા જિન સારખી ? પ્રતિમા પ્રતિમા નહિ સાક્ષાત્ પરમાત્મા ? પરમાત્માના ચરણોમાં દ્રવ્યપૂજા શી રીતે ? ૧૦ ત્રિકપૂર્વક પૂજાવિધિ ? પૂજામાં ભાવ અને ભાવના ?

**• સૂત્ર-અર્થ-રહસ્ય.**

નવકારથી ચૈત્યવંદન વિધિ સુધીના સૂત્ર વિદ્યાર્થીઓને કંઠસ્થ કરાવાય છે. અર્થ પણ અપાય છે. અચિંત્ય ચિંતામણી નવકાર અને વિશ્વશ્રેષ્ઠ જયવીયરાય સૂત્રો જેવી પ્રાર્થનાઓમાં રહેલા રહસ્યોનું જ્ઞાન કરાવાય છે. સૂત્ર ગુંથણી, જાપ માટે મંત્રરૂપ આ સૂત્રોની ઓળખાણ અપાય છે. ગણધર ગુંથીત આ આવશ્યક સૂત્રોનું જીવનની ક્રિયામાં પળે પળે જોડી આપવાનું પાવન કાર્ય અહીંનો કાર્યક્રમ છે.

**અલક મલક**

- કપડવંજનગરમાં વૈશાખનો ધોમ તાપ ૧૦૮ ડિગ્રીથી પણ ઊંચે ચડી ગયો હતો ત્યારે પૂ. આચાર્યશ્રી વિ. ભુવનભાનુસૂરિજી વર્ધમાન તપની ૧૦૫મી ઓળીની તપશ્ચર્યામાં આગળ ધપી રહ્યા હતા...પણ ગુરુવર્ય યુવાનો પર ઉપકાર દૃષ્ટિથી તત્ત્વજ્ઞાનનું અમી સતત ૭-૭ કલાક વર્ષાવી અનેક આત્માઓને ઠંડક આપી રહ્યા હતા.
- શિબિર આયોજન કપડવંજ નગરપાલિકા નિર્મિત જાબીરહુસેન બદરૂદીન પ્રાથમિક શાળામાં થયું હતું. મુસ્લીમ દાતાના દાનથી બનેલી સ્કૂલમાં ચાલતી શિબિર બહારથી આવેલા મહેમાનોને વિચાર કરતા કરી દેતી...દીનના સ્થાનમાં જિનમાર્ગીઓની પ્રવૃત્તિ...કેવું આશ્ચર્ય.

- આચાર્યશ્રીના પ્રવચન ધોધથી ભલભલા કોલેજીયનના અભિમાન મીણબત્તીનું મીણ ઓગળે તેમ ઓગળી ગયાં...એક B.A.L.L.B. નો યુવાન ઊભો થઈ ગયો. આપી દ્યો... ૧ વર્ષમાં ૫૧ ઉપવાસ અને ૫૧ આયંબીલની પ્રતિજ્ઞા. ૩-૩ ઉપવાસ આયંબીલ તો ચાલુ શિબિરે જ કરી લીધા.
- નાની નાની રૂમોમાં મોટી સંખ્યામાં રહેતા ૨૦-૨૦ શિબિરાર્થીઓએ સાથે રહી સંયુક્ત કુટુંબનો આસ્વાદ માણ્યો. આપસમાં ભ્રાતૃભાવ અને મૈત્રીભાવ ભર્યું વાતાવરણ મજબૂત થયું. પૂર્ણાહુતિદિને વિદાયવેળાએ યુવાનોની આંખનાં ખૂણાં પાણીથી ભરાયેલા હતા. જ્યારે કેટલાકના ટપકી પડતા આંસુને અમારે લુછવા પણ પડ્યા. "તમે ઘેટાં બકરાના સંતાન નહિ પણ સિંહ પુત્રો છો." એમ પૂર્વજોનો ગૌરવવંતો ઇતિહાસ આલેખતાં યુવાન વેધક વક્તા પૂજ્ય મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીની વાણી વહેતા ૩૫-૪૦ યુવાનોએ સંકલ્પ કરી દીધા... આજીવન સિનેમા ત્યાગ...
- શિબિર પ્રારંભે મને આધેડ ઉમરનો માની આવેલા શિબિરાર્થીઓ કાર્યાલયમાં આવી મને પૂછતાં. સંચાલક કુમારપાળભાઈ ક્યાં છે ? એમને પરિચય થતાં ઘણાં આશ્ચર્યમાં ગરકાવ ! થતાં એમનાથી પણ ઓછી ઉંમર અને ઓછા ભણેલા સંચાલકને જોઈ હાશ અનુભવતા. એકે તો કહી નાખ્યું કે ધોતીયા વિનાના સંચાલકો ?...
- વેકેશનમાં ઘેર ૭-૮ વાગે ઉઠવા ટેવાયેલા; શિબિરમાં જ્યારે ૫ વાગે ઘંટ ગર્જિ ઉઠતો ત્યારે કેટલાક ચોંકી ઉઠતા...પણ જ્યારે વહેલી સવારે માઈક પરથી પાવન પવિત્ર શ્લોકો-સ્તવનોનું કર્ણપટલ પણ શ્રવણ કરતા ત્યારે બેડિંગ ઉપાડી દોડતા...દોડતા બેડીંગ મૂકી સામાયિક હોલ તરફ દોડી જતા.
- ખુરશીમાં બેઠાં બેઠાં થીએટરમાં ફિલ્મ જોતાં થાકીને ભાગી જનાર આ નવયુવકો ૭-૮ કલાક જિજ્ઞાસાપૂર્વક શિસ્તબદ્ધ ૧૭૦ પંક્તિબદ્ધ યુવાનોને નજરે જોવા એક લહાવો હતો. એમને જોઈ આનંદ પામતો શ્રી કપડવંજ સંઘ કહેતો અમો પાવન થઈ ગયા છીએ...આ બાલબ્રહ્મચારી યુવાનોની સાધર્મિક ભક્તિથી.
- ૨૧ દિવસ સુધી કપડવંજના થિએટર કે રેસ્ટોરન્ટની મુલાકાતે એક પણ શિબિરાર્થી જતો, શિબિરના સી.આઈ.ડી. ખાતાના હાથમાં ન ઝડપાયો. જિન પ્રવચનોમાં રસ અને સ્વાદમુગ્ધ બની બેઠો હતો.
- વ્હોરા મુસ્લીમ મહિલાઓ શિબિર કાર્યક્રમ નિહાળવા આવી...પોતાના દાનથી નિર્મિત સ્થાનમાં ચાલી રહેલ જૈન ધાર્મિક શિબિરમાં પ્રતિક્રમણ માટે શિસ્તબદ્ધ



બેઠેલા નવયુવકોને જોઈ મને કહેવા લાગી **"ધન ધન છે આ છોકલાઓને એ સિનેમા છોલીને એટલે દૂલ દૂલથી મઝહબનું ભનવા આવીયા છે."...**

- બે કામો એક સાથે કરવાં કપરાં ગણાય. શ્રવણ કરવું અને નોંધ કરવી. પણ આ વર્ષે અમે શિબિરાર્થીઓને એક બોજથી હળવા કર્યા. દરેકને રાત્રે દિવસ દરમ્યાનના પ્રવચનોની નોંધ "Running Lacture" ફાઈલો આપવા પૂર્વક (સાયક્લોસ્ટાઈલ કોપીઓ) કરેલી. માત્ર શ્રવણ એ જ એમનું કાર્ય હતું. આ પ્રકારની વિશેષતા અનુભવતાં મહાવિદ્યાલયોની યાદ તાજી થતી.
- ઘણા મોટા ભાગના શિબિરાર્થીઓને સૂત્ર કંઠસ્થનું જ્ઞાન નહિ નવકાર મંત્રથી આગળ...ઘણાં ઓછા પણ શિબિરમાં મૌખિક નિશ્ચિત અભ્યાસક્રમને કારણે ચૈત્યવંદન વિધિ સૂત્રો કંઠસ્થ કરવાના ફરજિયાત હતા. તેથી બપોરના ધૂમ તપતા ગરમ હવામાનમાં આરામ કરવાને બદલે ગોખતા યુવાનોએ પાઠશાળા જેવું વાતાવરણ સર્જી દીધું હતું.

**લેખિત-મૌખિક શિબિર પરીક્ષાઓનું પરિણામ**

| | |
|---|---|
| કુલ વિદ્યાર્થી ૧૭૨ | પ્રથમ કક્ષા ૯ |
| પરીક્ષા આપી ૧૬૨ | બીજી કક્ષા ૫૮ |
| ઉત્તીર્ણ વિદ્યાર્થી ૧૨૭ | |
| પરિણામ ૭૮% | ત્રીજી કક્ષા ૬૦ |
| | ૧૨૭ |

**પ્રથમ કક્ષાના ઉત્તીર્ણ શિબિરાર્થીઓ**

૧. સંઘવી ભરત શાંતિલાલ - અંજાર (કચ્છ)
૨. શાહ દેવેન્દ્ર હિંમતલાલ - સુરેન્દ્રનગર
૩. વોરા બિપીન રતિલાલ - સુરેન્દ્રનગર
૪. શાહ કુમારપાળ બાબુલાલ - અમદાવાદ
૫. શાહ વિનોદ શાંતિલાલ - અમદાવાદ
૬. વકીલ હિરેન રસીકલાલ - અમદાવાદ
૭. શાહ ચેતન નવીનચંદ્ર - ગોધરા
૮. શાહ દિલીપ હીરાલાલ - ઈડર
૯. શાહ નીતીન રતિલાલ - મુંબઈ

### વક્તૃત્વ હરિફાઈ

| | | ભાગ લેનાર વિદ્યાર્થીઓ |
|---|---|---|
| વિષયો : | (૧) જૈન ધર્મ વિશ્વ કર્મ. | ૮ |
| | (૨) ફિલ્મ-શાહુકારી દુરાચાર | ૫ |
| | (૩) સંચાર દાવાનળ | ૧૧ |
| | (૪) વિરતી. પ્રતિજ્ઞાપૂર્વક પાપ ત્યાગ | ૮ |
| | (૫) જિન પ્રતિમા જિન સરખી | ૧ |
| | | કુલ ૩૩ વિદ્યાર્થીઓ |

### વક્તૃત્વ વિજેતા હરિફ

| | નામ | ગામ | ઈનામી | રકમ |
|---|---|---|---|---|
| ૧. | મુકેશ કાન્તીલાલ શાહ | કપડવંજ | રૂા. | ૪૧ |
| ૨. | સૌભાગ્યચન્દ્ર ઈન્દુલાલ શાહ | મહુવા | રૂા. | ૩૧ |
| ૩. | શૈલેષચન્દ્ર લક્ષ્મીચંદ શાહ | રાજપીપળા | રૂા. | ૨૫ |
| ૪. | નીતીન મફતલાલ ચોકસી | ગોધરા | રૂા. | ૨૧ |
| ૫. | ચીમનભાઈ ઉંઘલભાઈ જૈન | બોડેલી | રૂા. | ૧૯ |
| ૬. | બીપીન રતિલાલ વોરા | સુરેન્દ્રનગર | રૂા. | ૧૭ |
| ૭. | રાજેન્દ્ર કાંતિલાલ શાહ | બાવળા | રૂા. | ૧૫ |

બીજા મળી કુલ ૨૦૭ રૂપિયાના ઈનામો અપાયાં.

### શિબિરાર્થીઓને ઈનામ વિતરણ

સન્માન અને વિદાય સમારોહ પૂર્વક તા. ૧૩-૫-૭૩ રવિવાર
ઈનામ વિતરક શ્રી સોમાભાઈ પુનમચંદ દોશી કપડવંજ.

| બાબત | ઈનામી રકમ |
|---|---|
| • લેખિત પરીક્ષાઓના વરિષ્ઠકક્ષાના વિદ્યાર્થીઓને | ૧૦૦૦-૦૦ |
| • બાળકક્ષાના વિદ્યાર્થીઓને | ૯૩-૦૦ |
| • પ્રત્યેક શિબિરાર્થીને પૂજાની સામગ્રી રાખવા માટે રંગીન પૂજાની ડબ્બીઓ સન્માન રૂપે | ૧૪૫૦-૦૦ |
| • વક્તૃત્વ હરિફાઈ ૩૩ વિદ્યાર્થીઓ | ૨૦૭-૦૦ |
| • લેખન હરિફાઈ | ૯૪-૦૦ |
| • વ્રત-નિયમ કરનારનું બહુમાન | ૪૩૯-૦૦ |
| • શિબિર સમય દરમ્યાન આરાધના | ૨૧૭-૦૦ |
| • શિબિરાર્થી યુવાનો દ્વારા સેવા, સહાયતાના કાર્યો અર્થે | ૪૮૭-૦૦ |
| • પ્રત્યેક શિબિરાર્થીને આચાર્ય ભગવંતનો ફોટો | ૩૨૦-૦૦ |
| • ૨૦ પુસ્તકો પ્રત્યેક વિદ્યાર્થીઓને ભેટ રૂપે અપાયેલ | ૧૯૦૦-૦૦ |
| • વિશિષ્ટ સન્માન રૂપે ૫ રેશમી પૂજાની જોડી | ૧૩૫-૦૦ |
| ઈનામ વિતરણ અંદાજે કુલ રૂપિયા | ૬૪૫૦-૦૦ |



"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૧,અંક-૩૭,તા.૧૬-૬-૧૯૭૩

## એક શિબિર વિદ્યાર્થીનું આત્મ-નિવેદન

### વર્તમાનકાળમાં શિબિરનો મારા પર પડેલો પ્રભાવ

### "ઘડો ફૂટે રખડે ઠીકરી, મા વિના તેવી દીકરી"

માતા-પિતાએ જન્મ આપ્યો અને હું ઘડો બન્યો. ઘડો આખો હતો એટલે કે જ્યારે હું બાળપણમાં હતો ત્યારે લોકોમાં મારી સુવાસ ફેલાઈ રહી હતી. પણ કળી અવસ્થામાંથી હું ફૂલ અવસ્થામાં આવ્યો ત્યારે માળી 'મને ચૂંટી ગયો. મારા મિત્રો ધર્મમાં માનનારા ન હતા તેઓ કહેતા ધર્મ એ શું છે ? ધર્મ તો મારા ખિસ્સામાં છે.' આ લોકોને સંગે હું ચડ્યો, ધર્મમાં પાછળ પડ્યો. મારા બાપુ મને દરરોજ કહેતા કે દહેરાસર જા, ભગવાનની પૂજા કરવા જા,' પણ આપણે તો સોબત એવી લાગેલી તે 'બાપ કોણ છે ? તેમનાં કરતાં તો હું ચડિયાતો છું.'-તેમ માનતો તેમના કહેલા વેણને હું ઠુકરાવતો. બાપુ મારી ઉપર ખૂબ ઉકળાટ કરતા; તેઓ કહી કહીને થાકી જતા, અને આપણે તો "લાટ સાહેબ" હતા, તે દેરાસરમાં જતો જ નહીં, પૂજા પણ કરતો નહીં.

મારા દેહમાં રહેલા આત્મામાં જે અધર્મનો કીડો હતો તેને જડમૂળમાંથી કાઢી નાખવા મારા પિતા મને ન છૂટકે વાલકેશ્વરમાં આવેલા પાર્શ્વનાથ દાદાના મંદિરે લઈ જતા મારું મન કચવાતું. દિલ અંદરમાં પ્રલય થવા ઝંખી રહેતું હોય તેવો દાવાનળ ફૂંકાતો. મને થતું ક્યાં ભગવાને મને આ ધર્મમાં સપડાવ્યો ? એના કરતાં હું વૈષ્ણવ જન્મમાં જન્મ્યો હોત તો આ બધી પંચાત થાત જ નહીં. જૈન ધર્મમાં રાત્રિભોજન નિષેધ, તપસ્યા તપથી, બરફ આઈસ્કીમ વગેરે ન ખાવા, બટાકા, કાંદા, એવા કંદમૂળ ન ખાવા. મને તો આવું બધું સમજાતું જ નહોતું. મને તો

બટાકા-કાંદા ખાવામાં અનેરો આનંદ આવતો. રજાના દિવસમાં બહાર જાઉં ત્યારે હું અને મારો જૈનેતર ભાઈબંધ સીધા હોટલમાં જતા અને બટાટાની અને કાંદાની વાનગી પર જ તૂટી પડતા. મારા માતા-પિતા આ બધું જોઈને હેબતાઈ જતા. તેઓએ મને સુધારવા માટે પૈસાના પાણી કર્યા. જૈન ધર્મની કંઈક રોપણી કરવા પાઠશાળામાં જવા માટે મોટી મોટી લાલચ આપતા, હું કહું તે લાવી આપતા. પણ પેલી ભાઈબંધીનો કીડો મગજમાં પડેલો. તે રાત્રિ-ભોજન બટાટા વગેરે ચીજો ખાવાના ટેસમાં તેમને ગણકારતો નહીં. પિતાની સામે બોલતો, માતાને તુચ્છકારતો 'મા'ને પૂજ્ય મા તરીકે ગણતો નહીં. આમ મારું જીવન ઘડો મટી રસ્તામાં રખડતી ઠીકરીના જેવું થયેલ. લોકો મારી નિંદા કરતા, મને તોફાની કહેતા. મારી બુદ્ધિ માટીમાં ભળી ગઈ હતી. આમ મારું જીવન એક પશું જેવું હતું. પશુને બુદ્ધિ ન હોય ને આમ તેમ ફરે, તેમ હું બુદ્ધિ વિના જ્યાં ત્યાં ફરતો.

પરંતુ લોખંડને સોનું બનાવનાર પારસમણિ હોય છે. કથીરના માણસને સુવર્ણ જેવો બનાવનારની પાસે જે સિદ્ધિ હોય તે સિદ્ધિ પૂ.આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ મેળવેલી અને તે સિદ્ધિ એમણે પૂ.ભાનુવિજયજી મ. વર્તમાનમાં આ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ને આપી તેમના પ્રવચનોએ મારા સંસાર દરિયામાં ડોલતું નાવડું ડૂબતું બચાવી લીધું.

શિબિરમાં ગુરુએ જે વ્યાખ્યાનો આપ્યા તે સાંભળી મારું હૃદય ધર્મ ભાવના તરફ વળ્યું. મને છેક એસ.એસ.સી. સુધી કોઈપણ ભગવાનની સ્તુતિ ન આવડતી કે સ્તવન કે ચૈત્યવંદન ન આવડતા તે થોડા દિનની શિબિરમાં શીખ્યો. આચાર્ય મહારાજના શિષ્ય રત્નસુંદર મ. સાહેબના સતત બે કલાકના વ્યાખ્યાને મારા હૃદયને હચમચાવી કાઢ્યું. મેં દૃઢ નિશ્ચય કર્યો કે, 'આજીવન સિનેમા ન જોવા.' કંદમૂળ ન ખાવા. રાત્રિભોજન ત્યાગ થાળી ધોઈને પીવાની વગેરે શિબિર દરમિયાન મનસૂબો કર્યો.

શિબિરમાં જૈન ધર્મના ઊંડા અભ્યાસમાં તત્ત્વો શું, એકથી પાંચ ઈન્દ્રિયોવાળા જીવો કયા કયા, વિશ્વ શું, મોક્ષમાર્ગ કયો...આ બધું સમજતો થયો. તે પહેલાં, બસ એમ જ સમજતો કે વિજ્ઞાન જ સાચું છે અને જૈન ધર્મ ખોટો છે. આજે મહારાજ સાહેબ પાસેથી જાણ્યું કે જૈનધર્મે વિશ્વનો ખરેખરો ખ્યાલ આપ્યો છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોની ઓળખ આપી છે. એટલું જ નહીં પણ આ વિશ્વમાં ચૌદરાજ લોક, તેમાં સાત નારકીના જીવો, ચાર પ્રકારના દેવલોક, મનુષ્યો અને બીજા જીવો ક્યાં ક્યાં રહે છે. ત્યાં કેવી કેવી દશા છે, એ સમજાવ્યું છે. તેમણે વિજ્ઞાનીઓને કહ્યું કે, 'તમે પૃથ્વી-દડા જેવી ગોળ કહો છે, પણ તમે



તો પૂર્વ-પશ્ચિમના આંટા માર્યા છે, પણ ઉત્તર-દક્ષિણ આંટા માર્યા વિના પૂર્ણ ગોળ કહો તે તમને સાચા કેમ કહીએ ? એટલું જ નહીં પણ સાથે સાથે કહ્યું છે કે ચંદ્ર પર જઈ આવ્યા કહો છો પણ ચંદ્ર તો Reflective Substance એટલે કે કાચ દર્પણ જેવી ચકમકતી ચીજ માનો છો ને ત્યાંથી ચટ્ટાન માટી લઈ આવ્યા તે ચંદ્રની શેની ? જૈન ધર્મ તર્ક સિદ્ધ ઘણી ઘણી નક્કર વાતો આપે છે. આવું જાણ્યા પછી કોના દિલમાં જૈન ધર્મ પ્રત્યે અભાવ જાગે ? આજે જૈનેતર પણ જૈન ધર્મ માને છે અને ચુસ્ત રીતે પાળે છે વિલાયતના પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાડ શૉનું મન જૈન ધર્મમાં જન્મ લેવા માટે નાચી રહ્યું હતું.'

જે પ્રમાણે માતા બાળકના જીવનમાં સંસ્કારી જીવનનો પાયો નાખે તેમ શિબિરે મારા જીવનમાં ધર્મનો પાયો નાખ્યો, અને હવે સમજ્યો કે માતા પિતાની સામું બોલવું નહીં. માતા-પિતાની આજ્ઞા શિરે ચડાવવી. આમ શિબિરની પૂર્વે મારું જીવન જે પશુ જેવું હતું, તેમાંથી પરિવર્તન કરાવ્યું અને મનુષ્યપણામાં લાવ્યું. મને લોકો ચાહવા લાગ્યા. લોકો મને માનની નજરે જોવા લાગ્યા. પ્રેમથી બોલાવવા લાગ્યા. પિતા તો રાજીના રેડ થઈ ગયા. તેમણે ખુશાલીમાં પેંડા વેચ્યા મારું ને ધર્મનું લગ્ન થયું. પર્યુષણમાં મને જવાનું મન ન થતું. છેલ્લે દિવસે છમછરી-પ્રતિક્રમણ પણ ન કરતો અને ઉપવાસ કે બીજું કાંઈ ન કરતો આખું વર્ષ બસ એશ આરામમાં; તે હવે શિબિરમાં તો એકવીસ દિવસમાં બે ઉપવાસ, બે બેસણાં, એક એકાસણું કર્યું. આમ તપશ્ચર્યા કરતાં શીખ્યો. આમ મારું જીવન હવે સુવર્ણ જેવું બનશે એમ લાગે છે.

''દિવ્ય-દર્શન'' - **''શિબિર''** વર્ષ-૨૧,અંક-૩૮,તા.૨૩-૬-૧૯૭૩

## શિબિરનો મારા જીવન પર પ્રભાવ

શિબિર એ મારા માટે દિલને સાફ કરીને સાધનાદ્વારા સિદ્ધિ મેળવવા માટે જ્ઞાન સાથે આચાર શિખવતી એક અદ્ભુત આધ્યાત્મિક પ્રયોગશાળા બની છે. જીવ સારા આલંબન વિના રાગ-દ્વેષ, કામ-ક્રોધ, આર્ત-રૌદ્રધ્યાનમાં જ જીવન પસાર કરી રહ્યો છે તેનું ભાન અહીં આવ્યા પછી મને અને મારા મિત્રોને થયું.

કૉલેજ જીવનમાં પ્રવેશ કર્યા પછી ધર્મની જીવનમાંથી બાદબાકી થઈ રહી હતી. અમદાવાદ હોસ્ટેલમાં બે વર્ષથી દેરાસર દર્શને જવામાં પ્રમાદ, સવારે લાટ સાહેબની માફક હોસ્ટેલમાં રૂમ પાર્ટનર ઉઠાડે ત્યારે ઉઠનાર, અને ઉઠીને સીધા નોકરને એક બે નહીં પણ ૫-૭ ગાળથી વધાવીને ધમકાવવો એ અમારું કાર્ય. જો

કે ઘેર માતા-પિતાની બીકે દર્શન કરવા જતો, કારણકે નહિતર સવારનો નાસ્તો ન મળે. તેના બદલે હોસ્ટેલમાં બે વરસથી અમદાવાદમાં રહીને દેરાસરે જવાનું બંધ હતું. **માત્ર** Eat-Drink-and Be merry ની નાસ્તિક માન્યતા ઘર કરી રહી હતી તેમાં કપડવંજ મુકામે જૈન ધાર્મિક સંસ્કરણ - શિબિરના શુભ સમાચાર જાણ્યા. જ્ઞાનમંદિરે જતાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે પ્રેરણા કરી અને અંજારના તત્ત્વરસિક ડૉ. યુ.પી. દેઢિયાએ અને ધાર્મિક શિક્ષક રસિકભાઈએ ઉત્સાહમાં વૃદ્ધિ કરી અને માતા-પિતાના સુસંસ્કાર માટે આશીર્વાદ પામી સમયસર શિબિરમાં પહોંચી ગયો.

શિબિરમાં આવ્યા પછી સમયસર ઊઠવાનું શરૂ કરી દીધું. સાત નમસ્કાર - વંદનાની ટેવ પાડી. પૂર્વે જે દર્શન કરવામાં પ્રમાદ હતો તેના બદલે અનંત ઉપકારી દેવાધિદેવ અરિહંત પરમાત્માની ઓળખ થતાં અષ્ટપ્રકારી પૂજાની બાધા લીધી. મૂર્તિપૂજાનું રહસ્ય અષ્ટપ્રકારી પૂજા શા માટે અને પરમાત્માનું આલંબન, દશત્રિક-પાંચ અવગ્રહ-વિનયાદિ જાણવા મળ્યા ત્યારે મનમાંથી મંદિર પ્રત્યે આ લાખો-કરોડોનો ખર્ચ ધૂમાડો છે એ માન્યતા નીકળી ગઈ. ખર્ચ નિરર્થક નહીં પણ ખરેખર સાર્થક જ છે, માનવીને અંતરાત્મદશા ને પરમાત્મદશાએ પહોંચાડનાર આ તારક ભક્તિયોગનું જબરજસ્ત સરળ આલંબન છે એમ શ્રદ્ધા થઈ.

પહેલા અમારી અજ્ઞાનતા કેવી કે માત્ર શરીર નેસનલાઈટથી ધોઈ ઊજળું કરવાની વાત. આત્મા અંગે કશું જ નહિ; એને શિબિર પ્રવચનોથી આત્માનું ભાન થયું. એમાં એ સમજાયું કે પિકચરના કેટલા બધા ગેરફાયદા ! કેટલા આર્ત-રૌદ્રધ્યાન !...આપણે સારામાં સારું ખાઈએ એ પણ વિષ્ટા થાય. 'યે સબ તો પુદ્‌ગલકા ખેલ હૈ.'

શિબિર પહેલાં અમારી નાસ્તિકની જેમ ભોગવિલાસ અને જલસા તરફ દૃષ્ટિ હતી. પેટ માટે મળેલા પૈસાનો થર્ડક્લાસમાં જઈ પિકચરમાં ઉડાવી દેતો...જ્યારે અહીં આવ્યા પછી સિનેમા એ શાહુકારી દુરાચાર છે. આંખ-મન અને જીવનને દુષિત કરવાનું ગોઝારું મનોરંજન છે. એમ દિલને સચોટ લાગ્યું. એમાંથી પાછા ફરવા માટે ઉત્સાહ જાગ્યો, અને નિયમવાળો બન્યો.

પહેલાં હું માનતો કે "આત્મા જેવી ચીજ નથી, કારણ કે જે દેખાય છે તેજ સાચું પરલોક કોણે દીઠા છે ? જનમ મળ્યો છે, શા માટે ? ભોગવિલાસ કરો, જે મળ્યું છે તેને છોડી દેવું મૂર્ખાઈ છે." પણ શિબિરમાં આત્મા વિષયક બોધ મેળવતાં હું કોણ ? નું ભાન થયું કે હું એટલે આ પૌદ્‌ગલિક શરીર નહિ, પરંતુ અનંતજ્ઞાન-



અનંતદર્શન-અનંતચારિત્ર-શક્તિવાળો, અવ્યાબાધ સુખવાળો સંવેદનશીલ આત્મા.

સંસાર એ પાપમય છે. દુઃખમય છે. જ્યારે આત્માનું મૂળ શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત થયા પછી નહીં જન્મ, નહીં મૃત્યુ, નહીં શરીર, નહીં રોગ; નહીં ભય કે નહીં શોક, ઈત્યાદિથી મોક્ષાદિ નવ તત્ત્વો કે જિનેશ્વરભગવંતોએ કહેલા છે તેના ઉપર વિશ્વાસ થયો. જિનના કહેલા વચનો ત્રણે કાળ માટે સત્ય છે.-એવી શ્રદ્ધા થઈ. અને આત્માને આ ફાની દુનિયાના પ્રચંડ પાપોના વાવાઝોડામાંથી બચાવી લેવા ૧૫ જેટલા નિયમો મેં કર્યા. ત્યારે મને આશ્ચર્ય થયું કે એકવાર હું કેવો હતો ? અને આજે કેવા સુંદર રાહ ઉપર ચડ્યો ! આશ્ચર્ય એટલા માટે કે 'પહેલો હું અર્થ એ સંગ્રહપ્રધાન, કામ એ ભોગરસપ્રધાન. મોક્ષ એ સાધુ મહારાજોનો ચલણી સિક્કો, અને ધર્મને સ્વાર્થપ્રધાન માનતો. પરીક્ષા દેવા જાઉં તો ૩ નવકાર ગણું પાસ પણ થાઉં, છતાં ધર્મની શ્રદ્ધા નહિ કિન્તુ ગુમાન રહેતુ કે મારી મહેનતથી પાસ થયો.' આવો હું આજે પાકો ધર્મશ્રદ્ધામાં આવી ગયો ! આ બધો રૂડો પ્રતાપ હોય તો ૨૧ દિવસના સતત સદ્‌ગુરુભગવંતના પ્રેરણામય-કૃપામય સમાગમનો છે.

પહેલાં મળેલ સારા સંસ્કારોથી માતા-પિતાને ઉદ્ધત જવાબ તો નહોતો આપતો. પરંતુ માતા-પિતાને પગે લાગવામાં શું લાભ છે તે જાણતો ન હતો. મારી તો માન્યતા હતી કે 'આપણે અહીં જન્મ્યા-સંસ્કાર મળ્યા એમાં માતા-પિતાનો વિશેષ ઉપકાર શો ? આપણો જન્મ તો માતા-પિતાની ભોગવાસનાનું પરિણામ છે.' એમની કાળી મજૂરી કરી કમાયેલા પૈસાનો ધુમાડો કરતાં સંકોચ નહીં. એમાં કુમારપાળભાઈએ માતા-પિતાના મહાન ઉપકારો માર્મિક શબ્દોમાં બોર્ડ ઉપર લખ્યા, પૂ. ગુરુમહારાજશ્રીએ હૃદય વેધી નાખે એવા શબ્દોમાં માતા-પિતાના મહાન ઉપકારોનું વર્ણન કર્યું. એ સાંભળતા હૈયું ગદ્‌ગદ થયું. માતા-પિતાના ઉપકાર કદી ન વિસરાય તે માટેના બે નિયમો લીધા...અને કૃતજ્ઞતા દાખવીશ...વિશેષ તો સર્વવિરતિ પામીને માતાપિતાને સમ્યક્‌ત્વાદિ માર્ગ પમાડવા દ્વારા જે વળતર બની શકે છે તેવું બીજે ક્યાંય નથી એ અહીં સમજવા મળ્યું. કદાચ હું સર્વવિરતિ ન લઈ શકું તો ય આટલું તો જરૂર રાખીશ કે,

**'પુષ્પો બિછાવ્યા જેમણે, અમ જીવનના રાહ પર,**
**એ રાહી પરના રાહ, પર કંટક કદી બનશો નહિ.'**

હું આજની પશ્ચિમની મોહક સંસ્કૃતિ તરફ અંજાયેલો, બીટલ્સ, નેરોકટ છોકરીઓ મારા સામે કેમ જુવે, એના એટ્રેક્શનનું કારણ કેમ બનું ? એવી મગજમાં ધૂન પૈસાનો ગેરઉપયોગ વગેરે કરનાર હું આ શિબિરથી વિનાશક પાશ્ચાત્ય વિકૃતિને

સમજ્યો. એથી બચાવનાર ભારતની સદાચાર સભર સંસ્કૃતિનું ભાન થયું, ત્યારે અંતરની ચક્ષુ ઊઘડી.

ભારતની સંસ્કૃતિને મૂળમાંથી ઊખેડી નાખવાના વ્યુહરચનાઓ કરનાર મેકોલેએ તેના પિતાને લખ્યું કે આ શિક્ષણ ભારતમાં ૫૦ વર્ષ સુધી સતત ચાલશે તો ૫૦ વર્ષ પછી કોઈ મૂર્તિને પૂજનારા જોવા નહિ મળે !

સદાચારની મહિમાવંતી સંસ્કૃતિનું આજે છડે ચોક લીલામ થઈ રહ્યું છે ! તેમાંથી બચાવી લેનાર અધ્યાત્મબળ અને વીલપાવર ઊભો કરનાર તત્ત્વજ્ઞાનનું શિક્ષણ અહીં મળ્યું, એથી ખાતરી થઈ કે મોહાંધ જીવને પોતાનું ભાન નથી માટે અનંત-અનંત કાળથી દુઃખની ધારા ચાલે છે. એ દુઃખની ધારાને મિટાવવા માટે સમર્થ હોય તો એકમાત્ર અરિહંત પરમાત્માનું તત્ત્વદર્શન છે.

આપણા આત્માની જે ચિંતા મા-બાપોએ કરી નથી તે 'સવિજીવ કરું શાસનરસી'ની ઉત્કૃષ્ટ ભાવનાવાળા પ્રત્યેક તીર્થંકર ભગવંતે કરી છે, તેમનું જ શરણ અને સેવામાં લાગી જવા ઇચ્છા રહે છે.

અહીં સુખી બનવાની ઇચ્છાને સળગાવી દઈ જીવનમાં શાંતિ, મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિ માટે સારા બનવાની અભિલાષા યત્કિંચિત્ જાગી. આ બધો રુડો પ્રતાપ શિબિરના વાચના દાતા ગુરુભગવંતોનો છે.

## "દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૨,અંક-૩૫,તા.૨૫-૫-૧૯૭૪

● **પાલીતાણા :** અત્રે મહારાષ્ટ્રભવનમાં ભાવનગર નિવાસી શ્રી મહાસુખભાઈ હીરાચંદ મહુવાવાળા તરફથી પોતાની પ્રાથમિક ઉદાર સખાવત સાથે કૉલેજ અને મેટ્રિકના વિદ્યાર્થીઓની શ્રી ધાર્મિક શિક્ષણ શિબિરનો, શાસન-સ્થાપનાના મંગળ દિવસ વૈશાખ સુદ ૧૧ ના રોજે, મંગળ પ્રારંભ થયો. શિબિર-સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહને આયોજનના એક મુદ્દા તરીકે વિદ્યાર્થીઓની ચૂંટણીમાં ભારે મૂંઝવણ રહી. કેમકે વિદ્યાર્થીઓ લગભગ ૧૭૫ ની સંખ્યામાં લેવાનો અવકાશ હતો, ત્યારે શિબિર પ્રવેશ માટે ૪૦૦-૫૦૦ અરજીઓ આવેલી. આજે શહેરોમાં નવી પ્રજામાં મોજશોખ-સ્વતંત્રતા વગેરે વધી ગયેલા દેખાય છે, એ જોઈ શ્રી કુમારપાળભાઈએ ધારેલી મર્યાદામાં શહેરોના વિદ્યાર્થીઓને વધુ સંખ્યામાં લેવાનું ધોરણ રાખ્યું. આમ વ્યવસ્થાને પહોંચી વળવાની મુશ્કેલીના હિસાબે લગભગ ૨૫૦ વિદ્યાર્થીઓના ફોર્મ નામંજૂર કરવા પડ્યા એ આજના વિષમ કાળે પણ નવી પ્રજામાં ધર્મતત્ત્વનો બોધ



તથા સંસ્કાર મેળવવાની કેવી લગન સૂચવે છે એ જણાઈ આવે છે.

શિબિરનું ઉદ્ઘાટન અરિહંતધૂન પછી મુંબઈ નિવાસી ધર્મનિષ્ઠ શેઠ શ્રી રસિકલાલ બાપુલાલ પાટણવાળા તથા શ્રી ચંદ્રસેનભાઈ જીવણભાઈ ઝવેરી સુરતવાળાના હસ્તે જ્ઞાનપ્રતિક દીપક પ્રગટાવીને કરાવવામાં આવ્યું. શ્રી કુમારપાળભાઈએ પ્રાસંગિક નિવેદનમાં આજના યુવકને સંઘની મિલકત ગણાવી શિબિરની જરૂરિયાત સમજાવી હતી. શિબિર વિદ્યાર્થીઓને બ્લોટિંગ પેપર જેવા બની શિબિરમાં મળતા જ્ઞાનને ઝીલવા માટે તેમણે અનુરોધ કર્યો હતો. શ્રી ચંદ્રસેનભાઈએ શિબિરમાં પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને શિબિરના પાઠ્યપુસ્તકો અર્પણ કરી સભાને જણાવ્યું હતું કે 'આજના યુવાનોમાં શક્તિ છે, પ્રજ્ઞા છે, તમન્ના છે, તેમને ધર્મનું માર્ગદર્શન આપવાની જરૂર છે;' ને તે માટે આવા યુવક શિબિરના આયોજનને આવકાર્યું હતું.

પાલીતાણાના ડૉ. બાવીશી, પંડિત કપૂરચંદભાઈ, શ્રી સોમચંદ ડી. શાહ, વગેરે સંભાવિત ગૃહસ્થો, અને બહારગામના શેઠશ્રી સંપતલાલ ફલોધિવાળા, શ્રી સરૂપચંદ કલકત્તાવાળા, લાલા વિલાયતીલાલજી વગેરે અનેક સદ્ગૃહસ્થોની હાજરી તરવરી આવતી હતી. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે જ્ઞાન તપ અને સંયમથી મોક્ષ બતાવી સમ્યગ્જ્ઞાનનાં મહત્ત્વ પર મંગળ પ્રવચન આપ્યું.

કૉલેજ તથા મેટ્રિકના વિદ્યાર્થીઓનો ઉત્સાહ અમાપ હતો. આવશ્યક સૂત્રોના ભાવ, મોક્ષમાર્ગ, ધ્યાન અને જીવન, જૈન આચાર તથા જૈન તત્ત્વો, એ વિષય પર રોજ પાંચ પ્રવચન થયા. પ્રવચન શ્રવણ કરવા વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રવચનકાર આચાર્યશ્રીના શિષ્યો, તથા આ. શ્રી વલ્લભસૂ. મ. ના મુનિ મહારાજો, ખરતરગચ્છ પાયચંદ ગચ્છના મુનિઓ અને અનેક ગચ્છોના સાધ્વીજી મહારાજો તેમજ યાત્રિકો અને પાલીતાણાવાસી જૈનો પણ ઉપસ્થિત થતા.

વિદ્યાર્થીઓને રોજ સવારે સામાયિક, સ્તુતિ, પચ્ચક્ખાણ, દેવદર્શન, જિનપૂજા, સાંજે દેવદર્શન, તિવિહાર, સમૂહ સ્તુતિ વગેરેનો ધાર્મિક કાર્યક્રમ રહેતો. વિદ્યાર્થીઓમાં આયંબિલ, એકાશન, બેસણું વગેરે પણ થતાં. પ્રવચન સાંભળતાં નોંધ પણ કરતા. તા. ૭ મી એ વિદ્યાર્થીઓની લેખિત વચલી ટેસ્ટ પરીક્ષા લેવામાં આવી એનું પરીક્ષાપત્ર આ સાથે પ્રગટ કરીએ છીએ.

# જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

### પ્રથમ સપ્તાહ પરીક્ષા પ્રશ્નપત્ર

**વિષયો : જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, માર્ગાનુસારી જીવન, સૂત્ર રહસ્ય.**

**૧૦** (૧) વિશ્વ શું છે અને જૈન ધર્મ એ વિશ્વ માટેનો વિશ્વહિતકર, વિશ્વદર્શક અને વિશ્વના સુખ માટેનો ધર્મ છે એના પર વિવેચન કરો.

**૧૫** (૨) ધર્મની કષ છેદ અને તાપ પરીક્ષામાં કાનજીમત, વૈદિકધર્મ, બૌદ્ધધર્મ કેમ નપાસ ? જૈન ધર્મ કેમ પાસ.

**૨૩** (૩) અનાદિ નિગોદમાંથી જીવનો ક્રમશઃ ઉત્થાન ને અંતે મોક્ષ પ્રાપ્તિનો ટૂંકમાં ખ્યાલ આપો. એમાં સંસાર અનાદિ કાર્ય કારણભાવ, બે પ્રકારે પુણ્યવૃદ્ધિ, જીવન એક બાજી, ચરમાવર્ત, ભવ્ય-અભવ્ય, સહજમલનાં અને અપુનબંધકના ૩-૩ લક્ષણ માર્ગાનુસારી જીવન મોક્ષમાર્ગ એ મુદ્દા આવરી લો.

**૧૯** (૪) (i) પીવામાં ઉકાળેલું પાણી ને પખાળમાં કાચું કેમ વપરાય છે ?

(ii) સંસાર એટલે ૭ પ્રકારે સંસરણ.

(iii) ભીખથી પેટ ભરી સામાયિક કરવા કેમ ખોટા ?

(iv) વેશનું મહત્ત્વ અને ઉદ્ભટ વેશથી શું નુકસાન ?

(v) યુદ્ધભૂમિ પર પ્રતિક્રમણ.

(vi) ધર્મની જરૂરના ૩ હેતુ.

**૨૦** (૫) આત્માની સાબિતીના ૭ મુદ્દા, ને સંસારની અસારતાના ૧૦ કારણો બતાવો.

**૩૦** (૬) 'નમો અરિહંતાણં'માં નમો પહેલા કેમ ? અરિહંતાણંમાં અનેક અરિહંતને એક નમસ્કાર વહેંચાઈ ન જાય ? લોએ સવ્વસાહૂણં કેમ ? પદ ૯ સંપદા ૮ કેમ ? અરિહંત સિદ્ધનો તફાવત, સમવસરણ ચિત્ર પર ૧૦૮ નવકાર, ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ સામર્થ્ય યોગ સમજાવો, નમો અરિ૰ નમોત્થુણં અરિ૰, માં શો ફરક ? નવપદ સ્તુતિનો અર્થ લખો.

**૨૫** (૭) બહિરાત્મ-અંતરાત્મ-પરમાત્મદશા, મંદિરના ૧૦ ત્રિકનું વર્ણન, પ્રદક્ષિણા જમણી કેમ ? ૩ કેમ ? એનાથી ભવના ફેરા કેમ મટે ? મૂર્તિ અને મૂર્તિપૂજાનું શું મહત્ત્વ, સાકારથી નિરાકારમાં કેમ ?

**૧૫** (૮) નીચેના કથા પ્રસંગ લખી એમાંથી ગ્રાહ્ય ઉપદેશ લખો.

હરિભદ્રસૂરિ, રામજીગંધાર, ૧। લાખનો હાર ૦। લાખમાં, અમેરિકન પ્રમુખ



ડેલેસ, નમિરાજર્ષિ, ઉદાયન, દુભાષગલીનો ઉદાર શ્રાવક, પાલકની ઘાણીમાં ૫૦૦ મુનિ.

● **દેલવાડા-માઉન્ટઆબુ :** આ વર્ષે અત્રે ૨૫-૫-૭૪ થી ૨૧ દિવસ મેટ્રિક અને તેની ઉપરના વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણ શિબિર થશે. શિબિરમાં પ.પૂ.આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મ. અને પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ના આત્મા, પરમાત્મા, ધ્યાન, તત્ત્વ, કર્મવાદ, જૈન ઇતિહાસ આદિ વિષયો ઉપર પ્રવચન થશે. રહેવા જમવાની ફ્રી વ્યવસ્થા થશે. ફોર્મ મંગાવવાનું સરનામું :

કુમાર એજન્સીઝ એન્ડ કું. ૪૪ ખાડીલકર રોડ, મુંબઈ-૪

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૨,અંક-૩૬,તા.૧-૬-૧૯૭૪

## ધાર્મિક શિક્ષણ-સંસ્કરણની મંગળ શિબિર. કોલેજિયન તથા મેટ્રિકના વિદ્યાર્થીઓએ સમ્યગ્જ્ઞાન-ક્રિયાના કરેલા અમીપાન.

● **પાલીતાણા :** અત્રે ભાવનગરના શ્રી મહાસુખભાઈ હીરાચંદ મહુવાવાળાના નિમંત્રણથી યોજાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ-શિબિરની પ્રવૃત્તિઓથી મહારાષ્ટ્રભવન અને એનું પટાંગણ ૨૨ દિવસ સુધી ધમધમી રહ્યું હતું. શિબિરનો મંગળ પ્રારંભ શ્રી મહાવીર શાસન-સ્થાપના દિન વૈશાખ સુદ ૧૧થી થયેલ. ભારતના લગભગ ૭૫ ગામ-નગરોમાંથી કૉલેજ-મેટ્રિકના આશરે ૧૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. દૂર ઠેઠ ઝરિયા બેંગ્લોરથી પણ વિદ્યાર્થીઓ આવેલ. શિબિર આયોજક શ્રી મહાસુખભાઈ, શ્રી કુમારપાલ વિ. શાહ તથા શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ અમદાવાદ-વાળાની વિનંતીથી સ્વ.પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પ્રવચન પ્રદાન અર્થે પધારેલ. મુંબઈના શેઠશ્રી ચંદ્રસેન જીવણલાલ તથા શ્રી રસિકલાલ બાપુભાઈના શુભ હસ્તે થયેલ ઉદ્ઘાટન વિધિ બાદ પૂ. આચાર્યદેવશ્રીનાં ધર્મપ્રવચનો શરૂ થયા હતા.

રોજ શ્રી આવશ્યક-સૂત્રરહસ્ય, મોક્ષમાર્ગ-માર્ગાનુસારી જીવન, ધ્યાન અને જીવન, જૈન તત્ત્વો તથા જૈન આચાર એ વિષયો પર પ્રવચનો થતાં. ધર્મનો સાવ અજ્ઞાન વિદ્યાર્થી પણ સમજી શકે એવી સરળ સુબોધ અને રોચક તથા પ્રેરક ભાષામાં પ્રવચનો અપાતા હોવાથી વિદ્યાર્થીઓને અનેરો રસ આવતો. એમાં વળી

આજના માણસને અપીલ કરે એવી દલીલો તથા પ્રાચીન-અર્વાચીન દૃષ્ટાન્તો સાથે તે તે વિષયોની માનસ-વિજ્ઞાનની પદ્ધતિથી એવી છણાવટ થતી કે વિદ્યાર્થીઓ એનું શ્રવણ કરવામાં મંત્રમુગ્ધ બની તરબોળ થઈ જતાં. સાથે તે તે વિષયની નોટમાં પ્રવચનમાંથી મુદ્દાઓની નોંધ પણ કરી લેતાં; અને અવકાશના સમયે એનું વાંચન-મનન કરતા. પ્રભાત સિવાય દરેક પ્રવચનના પ્રારંભે વિદ્યાર્થીઓ સમૂહમાં પ્રભુભક્તિ યા વૈરાગ્યના પદની ૨-૩ કડી ગાતા.

રોજના કાર્યક્રમમાં સવારે પા-પાાા વાગે સામાયિકમાં ગુરુવંદન પછી માલકોશ રાગમાં શ્રી નમસ્કાર મંત્ર, વૈદિક રાગમાં 'ચત્તારિ મંગલ' આદિ તથા શ્રી નવપદની સ્તુતિની પ્રાર્થના પછી નવકારજાપ થતો. બાદ શ્રી નમસ્કાર સૂત્ર આદિ આવશ્યક સૂત્રનાં શુદ્ધ ઉચ્ચારણ, એના શબ્દાર્થ-ભાવાર્થ તથા રહસ્ય પર પ્રવચન થતું. પ્રવચનના અંતે વિદ્યાર્થીઓની ભાવના મુજબ ઉપવાસ-આંબેલ-એકાશન-બિયાસણ નવકારશીનાં પચ્ચક્ખાણ અપાતાં. પર્વતિથિએ વિશેષ તપ થતો.

તે પછી દેવદર્શન, નવકારશી નાસ્તો તથા જિનપૂજાના કાર્યક્રમ બાદ નવ વાગે શ્રી 'મોક્ષમાર્ગ-માર્ગાનુસારી જીવન,' તથા 'ધ્યાન અને જીવન' એ બે વિષય પર ૧૧ાા વાગ્યા સુધી પ્રવચન થતાં. તે પછી ભોજન-આરામ બાદ ૩-૩ા થી પાા વાગ્યા સુધી જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચાર એ બે વિષય પર પ્રવચનો થતાં. સાંજના દેવદર્શન વિશ્રાન્તિ-વિહરણ બાદ ભક્તિ-ગીત વગેરેનો કાર્યક્રમ રહેતો. અનુભવીઓ પોતાના અનુભવની પ્રેરણાય આપતા. કેટલાક વિદ્યાર્થીઓ રોજ અને બધા જ વિદ્યાર્થી પર્વતિથિએ પ્રતિક્રમણ કરતા. રાતના પ્રવચન નોંધ વાંચન મનન થતું.

આમ દેવદર્શન પૂજા, સવાર બપોર-સાંજે પ્રભુ-પ્રાર્થના-ભક્તિગીતો, જાપ આદિ દ્વારા સમ્યગ્દર્શનની તથા પૂ. આચાર્ય મહારાજશ્રીનાં તત્ત્વ-પ્રવચનોનું શ્રવણ-નોંધ-મનન સાથે સૂત્રગાથા પાઠ દ્વારા સમ્યગ્જ્ઞાનની અને સામાયિકની, નવકારશી-તિવિહાર-ચોવિહાર પ્રાસંગિક તપ તથા બીજા વ્રતનિયમ દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરે અને તે પણ સવારના પા-પાાા વાગે ઊઠ્યા રાતના દસેક વાગ્યા સુધી તે ય રોજ ૬-૬ કલાક વ્યાખ્યાનમાં બેઠા રહી શ્રવણ અને નોંધ કરે, એ દૃશ્ય જોઈ ભલભલા સ્તબ્ધ થઈ જતા, અને ખરેખર સ્થિતિ પણ એવી હતી કે કૉલેજિયન વિદ્યાર્થીઓ પણ પ્રવચન સાંભળતાં ગદ્ગદ થઈ જતા, તથા સંવેગ વૈરાગ્ય-અને જિનભક્તિ તથા જિનશાસનની ભવ્યતાના આલ્હાદના શુભ અધ્યવસાયોમાં ઝીલતા. એ વખતે એ પોતાના જુદા જુદા કેટલાય અશુભ સંસ્કારો અને અશુભ કર્મોનો ક્ષય કર્યે જતા હશે એ તો જ્ઞાની જાણે. બાકી આ શુભ ભાવોમાં



રમવા હિસાબે પોતાના વર્તમાન ઝેરી વાતાવરણથી કલુષિત હૃદયનું પરિવર્તન કરી રહ્યા હતા. આ જોતાં લાગે કે શિબિરમાં થતો હજારો રૂપિયાનો ખર્ચ, જહેમત અને પૂજ્યશ્રીનાં પ્રવચનોનો શ્રમ ખરેખર લેખે છે, સફળતા સંપન્ન છે.

આ જો ધ્યાનમાં લેવાય તો, કેટલાકો જે આક્ષેપ કરે છે કે 'શિબિર વિદ્યાર્થીઓમાં પછીથી શિબિર આરાધના જેવી તમન્ના દેખાતી નથી, માટે શિબિર અને એનો ખર્ચ ફોગટ છે,' એ આક્ષેપ સમજ વિનાનો વાહિયાત લાગશે. એવા અસત્ આક્ષેપ કરનારને ખબર નથી કે રોજના રોજ કલાકો સુધી રહેતી શુભ અધ્યવસાયોમાં રમણતા, જિનશાસનની અનુમોદના, કુસંસ્કારો સહિત અશુભ કર્મોનો હ્રાસનું કેટલું બધું મહામૂલ્ય છે ! શાસ્ત્રકારો એક ક્ષણના પણ શુભ અધ્યવસાયનું બહુ મૂલ્ય આંકે છે. માટે તો હજારો લાખોના ખરચે કઢાતા ધર્મના વરઘોડા સાર્થક મનાયા છે; કેમકે એ દેખનાર લોકોના દિલમાં જિનશાસન પ્રત્યે આકર્ષણનો શુભ અધ્યવસાય જગાડે છે. ત્યારે અહીં તો દિવસોના દિવસો સુધી રોજ કલાકોના કલાકો સારું ધર્મશ્રવણ વિદ્યાર્થીઓના દિલમાં જિનશાસન પર આકર્ષણ ઉપરાંત બીજા કેટલાય શુભ અધ્યવસાય જગાડે છે. એને નિરર્થક કેમ કહેવાય ? અલબત્ત શિબિરમાંથી બહાર ગયા પછી દુન્યવી વાતાવરણમાં એટલી આરાધના ન દેખાય એ સહજ છે; એમ તો ઉપધાન આદિ કરનાર ઉપધાનાદિ પછી ક્યાં એટલી આરાધના કરે છે ? છતાં શિબિર-પ્રવચનોથી જૈન ધર્મની મહાનતાની એક દૃષ્ટિ ઊભી થઈ આગળ ચાલે છે. પાપની ઓળખ અને ગ્લાનિ રહે છે, શક્ય દેવદર્શનાદિ ચાલે છે. એ બધું, જો શિબિર-શિક્ષણ ન હોત તો, આજના યુગમાં તણાઈ રહેલા યુવકોમાં શે જોવા મળત ? અસ્તુ.

અનેકાનેક વિદ્યાર્થીઓએ પોતપોતાની શક્તિ અનુસાર પોતાને અનુકૂળ સમય માટે નક્કી કર્યું હતું કે અમારે રોજ

- માતા પિતાને પગે લાગવું,
- માતા પિતાની સામે ઉદ્ધત બોલ ન બોલવા,
- દેવદર્શન કર્યા વિના મોંમાં પાણી પણ ન નાખવું. • જિનપૂજા કરવી.
- ૫ મિનિટ પ્રભુને ગદ્ય પ્રાર્થના બોલીને કરવી. • થાળી ધોઈને પીવી.
- જમતી વખતે મૌન રાખવું. • બીભત્સ સેક્સનું સાહિત્ય ન વાંચવું.
- ૭ વ્યસનનો ત્યાગ. • હિંસક ચામડાના ચંપલ-બૂટ ન પહેરવા.
- મહિને ૧ એકાસણું કરવું. (કોઈ કોઈએ પાંચ આંબેલ, ૧ આંબેલ, ૫ એકાસણા, ૨ એકા. ૨ બેસણાં નક્કી કરેલ.)

● રોજ ૧ સામાયિક (કોઈએ રજાના દિવસે) ● રોજ નવકારશી પચ્ચક્ખાણ.

● રજાએ રાત્રિભોજન ત્યાગ, રોજ સૂર્યાસ્ત પછી એકવાર સિવાય ભોજન બંધ.

● સિનેમા અંકુશ. ● કંદમૂળનો ત્યાગ.

● જિનપૂજામાં પોતાની અગરબત્તી વરખ લઈ જવા.

● કલાકે 'નમો અરિહંતાણં' યાદ કરવું. ● ૧ વિગઈત્યાગ.

● ભોજનનાં દ્રવ્ય ધારવા. ● બીડી સીગરેટ બંધ.

● રોજના કાંઈ પણ ખાનપાનના ૭ થી વધુ ટંક નહિ (પાણીના ટંક નહિ ગણવાના.)

ત્રણ કૉલેજિયનોએ જીવનભર સિનેમા ત્યાગ કરેલ; પાંચ જણે જીવનભર રાત્રિભોજન ત્યાગ કરેલો.

શિબિરમાં કેટલાક વિદ્યાર્થી રોજ પ્રતિક્રમણ કરતા. ૩૦ ઉપર વિદ્યાર્થી પ્રવચનો સામાયિક સાથે જ શ્રવણ કરતા.

શિબિરમાં આવી બધી આરાધના જોતાં એ વિચારવા જેવું છે કે જ્યારે જૈન શાસન ધર્મસાધના-સુકૃત-સદ્‌ગુણોથી ઉપબૃંહણા-પ્રશંસા-સમર્થન-અનુમોદનને સમ્યગ્દર્શનનો એક આચાર બતાવે છે, તો શિબિર વિરુદ્ધ ગમે તેમ બોલીને શું આ આચારનો ભંગ નથી થતો ?

શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ ત્રણ વાર શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની ભારે ઉત્સાહ સાથે યાત્રા કરી હતી. શ્રી સિદ્ધાચલજીનો સંઘ લઈને આવનાર મહાનુભાવોનું બહુમાન અનુમોદના કરેલી.

વૈશાખ વદ ૧૧ પૂ. આચાર્ય ભગવંતની સ્વર્ગતિથિએ વિદ્યાર્થીઓ સવારે સમૂહસ્નાત્ર ઉજવી પછી બેન્ડબાજા, મુનિમંડળ ને સ્વ. પૂજ્યશ્રીની મોટી છબી સાથે ગામના મોટા દેરાસરે ચૈત્ય પરિપાટીએ માર્ગમાં પ્રભુભક્તિની રમઝટ મચાવતા ગયેલા. પછી વ્યાખ્યાનમાં સ્વ. પૂ. આચાર્યદેવશ્રીના ગુણાનુવાદ સાંભળી પૂજ્યશ્રી ઉપર ઓવારી ગયા. પૂજ્યશ્રીનો મહાવૈરાગ્ય, અદ્‌ભુત સંયમસાધના, સેવા-વિનય-સહિષ્ણુતા, પ્રખર ત્યાગ, અતુલ વિદ્વત્તા, શાસન રક્ષા-પ્રભાવના, લગભગ ૩૦૦ શિષ્ય પ્રશિષ્યોનો પરિવાર, અખૂટ નમ્રતા-લઘુતા, સાધુ-વાત્સલ્ય વગેરે જાણવા પર ગદ્‌ગદ થઈ ગયેલ. કેટલાકોએ ઉપવાસ આંબેલ એકાશન વગેરે તપ કરેલો.

શિબિર દરમિયાન મુંબઈના પ્રસિદ્ધ સંગીતકાર શ્રી મેઘકુમાર, શ્રી સોભાગચંદ તથા પંજાબના પ્રસિદ્ધ કવિ શ્રી સત્યપાલજીએ વિદ્યાર્થીઓને જિનભક્તિ-ગુરુભક્તિના ગીતો ઝીલાવેલા. વિદ્યાર્થીઓમાંના પણ કોઈ કોઈએ ભક્તિગીતોની રસલહાણ



પીરસેલી. ત્યારે પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રી તો રોજ વિદ્યાર્થીઓને ૪-૪ વાર જિનભક્તિના પદોની સમૂહ ધૂનમાં ગરકાવ કરી દેતા. આમ શિબિર-કાર્યક્રમ રોજ પ્રભુભક્તિથી પણ રસમય બની રહેતો.

વળી શિબિર દરમિયાન અમદાવાદના શેઠ શ્રી કાન્તિભાઈ કોલસાવાળા, મુંબઈના ભૂતપૂર્વ શિબિર સંચાલક શ્રી કેશવલાલ મો. શાહ, શ્રી ચીમનલાલ પાલીતાણાકર, શ્રી શામજી માસ્તર, પાલીતાણાના ડૉ. બાવીશી, વગેરેએ વિદ્યાર્થીઓને સમ્યગ્જ્ઞાન તથા આચાર અંગે પ્રેરણાદાયી ઉદ્‌બોધન કરેલું. બાકી શિબિર સંચાલક કુમારપાળ વિ. શાહની રસપ્રદ અને અવનવી માહિતિપ્રદ પ્રેરણા તો ચાલુ જ રહેતી.

શિબિર દરમિયાન વિદ્યાર્થીઓની બે વાર લેખિત જ્ઞાન-પરીક્ષા લેવામાં આવેલી. જેનો એક પ્રશ્નપત્ર પૂર્વ અંકમાં અપાયેલ છે, અને બીજો પ્રશ્નપત્ર આ સાથે આપવામાં આવેલ છે. ત્રીજા સપ્તાહની પરીક્ષા વિદ્યાર્થીઓની તૈયારી છતાં, પેપરો તપાસવાના સમયના અભાવે લેવામાં ન આવી. બાકી સામાયિક ચૈત્યવંદનના સૂત્રો-સ્તવન-ચૈત્યવંદન-થોયની મૌખિક પરીક્ષા લેવાઈ, વક્તૃત્વ હરિફાઈ તથા નિબંધલેખન થયાં.

પ્રશ્નપત્રો પરથી ખ્યાલ આવશે કે વિદ્યાર્થીઓને શિબિરમાં કેટકેટલો જૈન તત્ત્વ અને મોક્ષમાર્ગ વગેરેનો બોધ મળ્યો. પ્રશ્નપત્રમાં નહિ પૂછાયેલ પણ અનેકાનેક વસ્તુઓ પ્રવચનમાં કહેવાયેલ. પરંતુ ઉત્તરો લખવાનો સમય મર્યાદિત હોઈ બધું ક્યાંથી પૂછાય ?

આખીય શિબિર દરમિયાન વિજય વલ્લભસૂરિજી મહારાજના સમુદાયના અનેક સાધુ-સાધ્વીજી મહારાજો, પૂ. બાપજી મહારાજ તથા અન્યના પૂ. સાધ્વીજી મહારાજો, ખરતરગચ્છ આદિના સાધુ-સાધ્વીજીઓ, યાત્રિકો તથા પાલીતાણાવાસી-ઓએ પણ પ્રવચન શ્રવણનો સુંદર લાભ લીધેલ.

આ વખતે પરીક્ષા વચમાં વચમાં રાખ્યાથી વિદ્યાર્થીઓમાં સાંભળેલા નોંધેલા તત્ત્વપદાર્થોની ઉપસ્થિતિની મહેનત વધુ સારી રહેતી. તેમજ પ્રવચનો પણ ઠેઠ અંતિમ દિવસ સુધી ચાલ્યા. છેલ્લા દિવસે તીર્થાધિરાજની યાત્રા દાદાનો પ્રક્ષાલ પૂજા આદિ સાથે કરીને મુકામે આવ્યા પછી સાંજના પ્રવચનમાં સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહાર પૈકી શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય એ પાંચ લક્ષણનું સ્વરૂપ શું, કેવા ક્રમથી એ ઉત્પન્ન થાય છે, વગેરેની સરળ સુંદર સમજ અને પ્રેરણા લીધી.

જેઠ સુદ ૨ પૂર્ણાહૂતિનો મેળાવડો હતો ત્યારે પણ વહેલી સવારે સામાયિકમાં

પ્રવચનમાં 'નમુત્થુણ' સૂત્રના અભય-ચક્ષુમાર્ગ-શરણ-બોધિનાં દૃષ્ટાન્તથી રહસ્ય, ને ધર્મના દાતા-દર્શક-નાયક-સારથિ-ચક્રવર્તીના ભાવ સમજાવાયા. બાદ જિન-તીર્ણ-બુદ્ધ મુક્તનાં દૃષ્ટાન્ત પૂર્વક અને ગુણસ્થાનકોમાં ઘટના સાથેના સ્પષ્ટીકરણ થયાં. છેલ્લી ગાથામાં ભૂત-ભવિષ્યના અનંત તથા વર્તમાન ૨૦ તીર્થંકરોના સમવસરણ નજર સામે લાવવા અંગે સમજ અપાઈ. પછી 'જય વીયરાય' સૂત્રમાંની ૧૩ માગણી પર સરળ અને ભાવપૂર્ણ વિવેચન થયું. 'સર્વમંગલ માંગલ્યં' ગાથા બોલતાં જૈનશાસનની વિશેષતા મન પર લાવી જયવંતુ શાસન મળ્યાનો પરમ આલ્હાદ અનુભવવા અંગે માર્ગદર્શન અપાયું.

શિબિર-પૂર્ણાહુતિનો મેળાવડો પૂ. આચાર્યદેવશ્રીના પ્રમુખપદે યોજાયો. પૂ.પં. શ્રી ભાસ્કરવિજયજી મ. પં. શ્રી બલવંતવિજયજી મ. વગેરે મુનિમહારાજો ઉપસ્થિત હતા. પૂ. આચાર્યદેવશ્રીનો પૂ.મુનિરાજો શ્રી ગુણાનંદવિજયજી મ., શ્રી મિત્રાનંદ-વિજયજી મ. આદિ વિશાલ પરિવાર તથા ભિન્ન ભિન્ન સમુદાયના પૂ. સાધ્વીજી મહારાજો, સિહોરવાળા શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ, અમદાવાદથી ખાસ બીજી વાર પધારેલ શેઠશ્રી કાન્તિલાલ સી. કોલસાવાળા, અને શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ, મુંબઈથી શેઠશ્રી મહાસુખભાઈ પ્રાગજીભાઈ, યાત્રિકો, પાલીતાણાવાસી શ્રી વીરચંદભાઈ, ડૉ.બાવીશી, પં. કપૂરચંદ, સ્ટેટબેંકના મૅનેજર શ્રી જીતુભાઈ શાહ, શ્રી શુકલ સાહેબ, શ્રી ધરમશી જાદવજી, શ્રી સોમચંદ ડી. શાહ વગેરે અનેક શ્રાવક-શ્રાવિકા ઉપરાંત મુંબઈથી ખાસ શિબિરનો લાભ લેવા ત્રણ દિવસથી આવેલા શ્રી રસિકલાલ કોરા, પંજાબી લાલા શ્રી વિલાયતીલાલજી, કવિશ્રી સત્યપાલજી કુંજીલાલજી વગેરેથી મેળાવડો શોભી રહ્યો હતો.

મંગળાચરણ મંગળગીત બાદ શિબિર-નિમંત્રક શ્રી મહાસુખભાઈ બોલવા ઊભા થતાં પોતાને યત્કિંચિત્ સુકૃતથી મળેલ મહાન લાભ, તથા આખી શિબિર પોતે હાજર રહી વિદ્યાર્થીઓમાં થતાં પરિવર્તનનો કરેલ અનુભવ યાદ કરી હર્ષના આવેગમાં પૂ. આચાર્યદેવશ્રીના ચરણે માથું ઢાળી રડી પડ્યા હતા. બાદ વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે સારી પ્રેરણા આપી. એમણે અહીં લીધેલ સમ્યગ્જ્ઞાન આદિના લાભની અનુમોદના દર્શાવી હતી. શ્રી કુમારપાળ વિ.શાહના નિવેદન બાદ મહાસુખભાઈની વિનંતીથી શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદના હસ્તે વિદ્યાર્થીઓને બહુમાન રૂપે પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું. બંને પરીક્ષા તથા મૌખિક પરીક્ષા મળીને પહેલા ચાર નંબરે ઉત્તીર્ણ થનારને અલગ અલગ ઈનામ પૂર્વક ૧૦-૧૦ % નીચે નીચેમાં આવનારને ઈનામો અપાયા. આ સિવાય આચાર અંગે વિશિષ્ટ બહુમાનમાં જીવનભર રાત્રિભોજન ત્યાગ કરનાર ૩ વિદ્યાર્થીઓને વિશિષ્ટ ઈનામ અપાતાં, શેઠશ્રી



કાન્તિભાઈ કોલસાવાળા તરફથી પણ સિનેમા ત્યાગવાળા દરેકને રૂા. ૧૦૧-૧૦૧ તથા રાત્રિભોજન ત્યાગવાળા દરેકને રૂા. ૨૧-૨૧ અપાયા. શિબિર દરમિયાન રોજ પ્રતિક્રમણ કરનારા, સામાયિક સાથે પ્રવચનો સાંભળનારા, ઉપવાસો આંબેલો એકાસણાં તથા બેસણાં કરનારાઓનું ખાસ બહુમાન કરવામાં આવ્યું. શિબિરમાં હાજરી આપનાર દરેક વિદ્યાર્થીનું બહુમાન કરવા ઉપરાંત સોલાપુરવાસી શેઠશ્રી સંપતલાલજી ફલોધિવાળા તરફથી સિદ્ધાચલજી સ્તવનાવલિ ગુટકો ભેટ કરાયો. એમના તરફથી શિબિર ખર્ચમાં રૂા. ૩૦૦૦) અપાયા. શિબિર તરફથી કુલ રૂા. ૪૦૦૦)ના ઈનામ વહેંચાયા. આ પ્રસંગે શેઠશ્રી પ્રાગજીભાઈએ આવતી શિબિર માટે રૂા. ૫૦૦૦) અને (શિબિર જો પોતાના વતન સિહોરમાં થાય તો રૂા. ૨૧૦૦૦)નો લાભ લેવા જાહેર કર્યું. શેઠશ્રી કાન્તિલાલ કોલસાવાળા તથા શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી રૂા. ૨૫૦૦-૨૫૦૦ આ શિબિરના મોટા ખર્ચમાં જાહેર કરાયા. શ્રી મહાસુખભાઈ હીરાચંદ તરફથી બધા વિદ્યાર્થીઓને ૧ વર્ષ માટે દિવ્યદર્શન પત્ર મળવાનું જાહેર થયું.

પ્રાંતે શ્રી કુમારપાળ વિ. શાહે આમંત્રિતો, મહારાષ્ટ્ર ભવન તથા સૌધર્મ નિવાસના કાર્યકરો મૅનેજરો, શિબિરમાં આર્થિક લાભ લેનારાઓ વગેરેનો આભાર વ્યક્ત કર્યા બાદ પૂ.પં.શ્રી ભાસ્કર વિજયજી મ., પં.શ્રી બલવંતવિજયજી મ. તથા પૂ. આચાર્ય મહારાજે વિદ્યાર્થીઓને ઘરે ગયા બાદ જીવન સુંદર ધર્મમય બનાવવા ઉપદેશ આપેલ.

આમ શિબિર પૂર્ણાહુતિમાં રસપુરીના જમણ બાદ વિદ્યાર્થીઓ રડતી આંખે વિદાય થવા લાગ્યા. શિબિર તરફથી દરેક વિદ્યાર્થીને ૨૫૦ ગ્રામ પેંડા તથા ૧૫૦ ગ્રામ ગાંઠિયા રસ્તામાં ભાતા માટે અપાયા.

શિબિર દરમિયાન મુંબઈવાલા શ્રી શ્રેણિકકુમાર કાન્તિલાલ શાહ તરફથી અને કુમારપાળના પિતાશ્રી વિજાપુરવાળા શ્રી વિમળભાઈ મણિલાલ શાહ તરફથી વિદ્યાર્થીઓનું સંઘપૂજન કરવામાં આવેલ.

## જૈન ધાર્મિક શિક્ષણ શિબિર ૧૯૭૪ પાલીતાણા

### દ્વિતીય સપ્તાહ-પરીક્ષા પ્રશ્નપત્ર

**વિષય : જૈન તત્ત્વજ્ઞાન, માર્ગાનુસારી જીવન, જૈન આચાર, ધ્યાન જીવન, સૂત્ર રહસ્ય.**

**વાચના દાતા : પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

નોંધ :- ૧ લો અને ૭ મો પ્રશ્ન અવશ્ય છે. બાકીમાંથી ગમે તે છ લખો.

૧. આર્તધ્યાન - રૌદ્રધ્યાનના ૪-૪ પ્રકાર તથા ૫-૫ લક્ષણ સમજાવો. ૨૦

૨. અષ્ટપ્રકારી પૂજા અને નવાંગી તિલકના હેતુ લખો. પ્રભુની ૫ અવસ્થાનું ચિંતન લખો. ૨૫

૩. નવતત્ત્વને સરોવરના ચિત્રમાં બતાવો. સમ્યગ્દર્શન એટલે તત્ત્વરુચિ, તો શું આશ્રવની રુચિ કરવી ? સમ્યગ્દર્શનની જ્ઞેય-હેય-ઉપાદેયથી વ્યાખ્યા લખી સમજાવો. સમુદ્રદત્ત યા સાજનની તત્ત્વ-પરિણતિ વર્ણવો. ૨૫

૪. બ્રહ્મચર્યની ૯ વાડ, ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૧૨ તપ સમજાવો. પુણ્ય કર્મ બેડી છે તો ઉપાદેય કેમ ? પુણ્યાનુબંધી ને પાપાનુબંધી પુણ્ય એટલે ?

૫. ષડ્દ્રવ્યનું સ્વરૂપ વર્ણવો. પ્રતિજ્ઞા (વિરતિ)નું મહત્ત્વ બતાવો. સામાયિકથી શેઠના પ્રાણ બચ્યા એ પ્રસંગ લખો.

૬. માતા પિતાનો ઉપકાર કઈ પાંચ રીતે ? એમની પૂજા કઈ ૭ રીતે ? નિંદાથી સમ્યક્ત્વનાશ સુધીનાં ક્યાં ક્યાં નુકસાન ? સૌમ્યતા કઈ ૪ રીતે જરૂરી, એ કેવી અને કેમ ? ૨૫

૭. નીચેનામાંથી ગમે તે ૭ લખો. ૩૦

(૧) વધુ ખા-ખાથી જીવન ટૂંકાય કેમ ? ૩ ઉંદર,

(૨) પુદ્‌ગલના ખેલ ને સુબુદ્ધિમંત્રી.

(૩) 'કામ' આંતરશત્રુ ને સખો કે સખી.

(૪) ચારિત્રથી મૃત્યુ સામે ૨ રીતે બચાવ.

(૫) સાવદ્યાચાર્ય કર્મથી ક્યાં કેમ પડ્યા ?

(૬) ૫ વરસનું પ્રમુખપદ.

(૭) તૃષ્ણાની દૃષ્ટિએ ઉત્તમ-મધ્યમ-અધમ જીવ.

(૮) લજ્જા ૨ રીતે, ને આભડ મંત્રી.

(૯) પાપનો ભય કેમ પાયામાં જરૂરી ?

(૧૦) લોકપ્રિયતાની વ્યાખ્યા અને ઉપાયો.

૮. અનાદિ નિગોદમાંથી જીવન ક્રમશઃ ઉત્થાનને અંતે મોક્ષપ્રાપ્તિનો ટૂંકમાં ખ્યાલ આપો. એમાં સંસાર અનાદિ કાર્યકારણભાવ, બે પ્રકારે પુણ્ય વૃદ્ધિ, જીવન એક બાજી, ચરમાવર્ત, ભવ્ય-અભવ્ય, સહજમલનાં અને અપુનર્બંધકના ૩-૩ લક્ષણ, માર્ગાનુસારી જીવન અને મોક્ષમાર્ગ એ મુદ્દા આવરી લેવા. ૨૫

૯. આત્માની સાબિતીના ૧૦ મુદ્દા અને સંસારની અસારતાના ૧૨ કારણો



બતાવો. આત્માના મૌલિક અને વિકૃત સ્વરૂપનું ચિત્ર દોરો. ૨૫

૧૦. 'નમો અરિહંતાણં'માં નમો પહેલા કેમ ? 'અરિહંતાણં' માં અનેક અરિહંતને એક નમસ્કાર વહેંચાઈ ન જાય ? અરિહંત સિદ્ધનો તફાવત, જાપ માટે સમવસરણ ચિત્રનું આલેખન, ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, સામર્થ્યયોગ સમજાવો. 'નમો અરિહંતાણં' અને 'નમોત્થુણં અરિહંતાણ'માં ઘટાવો, નવપદ સ્તુતિનો અર્થ લખો નવકારના છેલ્લા ૪ પદ શા માટે ? ૨૫

૧૧. બહિરાત્મ-અંતરાત્મ-પરમાત્મદશા મંદિરના ૧૦ ત્રિકની ઓળખ, પ્રદક્ષિણા જમણી બાજુથી કેમ ? ૩ કેમ ? એનાથી ભવના ફેરા કેમ મટે ? મૂર્તિ અને મૂર્તિપૂજાનું શું મહત્ત્વ ? સાકારમાંથી નિરાકારમાં કેમ ? ૨૫

• • •

## સિદ્ધાન્ત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબની સાતમી સ્વર્ગારોહણ તિથિની ભવ્ય ઉજવણી

ઉજવણી- સાનિધ્ય : વર્ધમાન તપોનિધિ તત્ત્વજ્ઞ સંત હજારો નવ યુવકોના ઘડવૈયા.

**આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી**

દિનાંક : ૧૮-૫-૭૪ શનિવાર

સ્થળ : મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા, પાલીતાણા

યોજક : જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

**ગુરુદેવનો ગુણખજાનો :-**

- ૬૮ વર્ષના વિશુદ્ધ ચારિત્રપાલક.
- ૩૦૦ સંયમી, તપોરત્ન અને પ્રભાવક શિષ્યોનું ઘડતર.
- લાખો શ્લોક પ્રમાણ કર્મસાહિત્યના સર્જક.
- જૈન નવયુવકોના જીવન ઘડતર અર્થે જૈન ધાર્મિક શિક્ષણ શિબિરના પ્રેરક.
- સંયમરત્ન, શ્રુતમગ્ન, તપોમૂર્તિ પ્રેમવત્સલ.

**:: કાર્યક્રમ ::**

- સવારે સ્નાત્ર : ૭-૪૫ કલાકે. ગુરુ ગુણથી ગીતો ગાતા મહારાષ્ટ્રભવનથી શહેરના મોટા દેરાસરની ચૈત્યપરિપાટી.
- સવારે ૯-૩૦ કલાકે સૂરિ પુંગવના ગુણાનુવાદ. પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ગુરુદેવના પ્રભાવક જીવન પર વેધક પ્રકાશ પાથરશે. અન્ય વક્તાઓના પ્રાસંગિક વક્તવ્યો અને ગુરુગુણ ગીતો થશે.

- મહારાષ્ટ્ર ભુવનના ગુરુમંદિરે ગુરુમૂર્તિની ભવ્ય અંગરચના.

જૈન યુવાનોના આધ્યાત્મિક જીવન ઘડતર માટે ધાર્મિક શિક્ષણ શિબિર ચાલી રહી છે. વૈશાખ વદ ૧૧ ને શનિવારે સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજ્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની સાતમી સ્વર્ગારોહણ તિથિ છે. એ દિવસે શિબિરના ઉપક્રમે એક આખા દિવસનો વ્યવસ્થિત કાર્યક્રમ આયોજીત કર્યો છે. ગુરુદેવના પરમ પ્રેરણાદાયી સંયમ જીવન ને ભાવાંજલિ અને હૃદયના અર્ધ્ય ધરવા સકળ સંઘને આ શુભ પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૨,અંક-૪૧,તા.૬-૭-૧૯૭૪

## શ્રી કાપરડાજી મહાતીર્થમાં સફળ રીતે આયોજાયેલું શ્રી જૈન ધાર્મિક જ્ઞાનસત્ર

• અત્રે પૂ. શ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.સા.ની પ્રેરણાથી જેતારણ નિવાસી દાનવીર શ્રેષ્ઠિવર્ય શ્રી જોહરીલાલજી પુખરાજજી પટવા તરફથી આ જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. ગણિવર શ્રી સ્થૂલભદ્ર વિજયજી મ.સા. તથા પૂ. મુનિવર શ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં ૬૦ વિદ્યાર્થીઓએ મોક્ષમાર્ગના અંગોની સાધના સાથે અદ્‌ભુત જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરીને નૈતિક ધાર્મિક અને આધ્યાત્મિક ચેતના પ્રાપ્ત કરી છે. તા. ૨૬-૫-૭૪ થી તા. ૧૬-૬-૭૪ સુધીના આ જ્ઞાનસત્રમાં વિદ્યાર્થીઓને જૈન-તત્ત્વજ્ઞાન દર્શનપૂજનવિધિ, સંઘવ્યવસ્થા, માર્ગાનુસારીજીવન, મહાવીર ચરિત્ર તથા સામાયિકસૂત્રોનું જ્ઞાન વિસ્તૃત અને શાસ્ત્રીય માર્ગદર્શનપૂર્વક આપવામાં આવ્યું હતું. દરરોજ સામાયિક, જાપ, ધ્યાન સ્નાત્રપૂજા, પ્રભુભક્તિ વગેરે સુંદર કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીવર્ગમાં ધર્મ પ્રત્યેની લાગણી વિકસાવવામાં આવી હતી.

અંતિમ દિવસોમાં બધા વિષયોની પરીક્ષા લેવાતા ઊત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને વિશિષ્ટ ઈનામો આપવામાં આવ્યા હતા. સમાપન સમારોહમાં ઉપસ્થિત અગરચંદજી નાહટા (બીકાનેરવાળા) જ્ઞાનસત્રની પ્રવૃત્તિઓથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. ૨૧ દિવસના આ જ્ઞાનસત્રનું સંચાલન બ્યાવરવાળા B.Com. શ્રી જિનદાસ જૈને કુશળતાપૂર્વક કર્યું હતું. જ્ઞાનસત્રને જોવા માટે દૂર દૂરથી તથા આજુબાજુના ગામોથી સેંકડો માણસો આવ્યા હતા. જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ પછી પૂ. ગુરુદેવ અહીંથી વિહાર કરીને જેતારણ ચાતુર્માસાર્થે અષાઢ સુદ-૭ ના પ્રવેશ કરશે.

**• માઉન્ટ આબુમાં નૈતિક અને આધ્યાત્મિક શિબિરનું સફળ આયોજન :**

ન્યાય-ચરિત્રસંપન્નતા વિનય-મર્યાદા-આધ્યાત્મિકતા આદિના શિક્ષણની સાથે જીવનમાં તેને વણી લેવાનાં ઉપાયોનું પ્રશિક્ષણ આપવા માટે એક ગ્રીષ્મ કાલીન જૈન શિબિર તા. ૨૫-૫-૭૪ થી તા. ૨૪-૬-૭૪ સુધી દેલવાડા (માઉન્ટ આબુમાં યોજાઈ હતી. તેનું ઉદ્ઘાટન કરનાર સાગરમલજી B.A. B.LL.B. એ બે હજાર રૂપિયા અને ઉદ્ઘાટન સમારોહના અતિથિ વિશેષ જયચંદજીએ પાંચ હજાર રૂપિયા શિબિર માટે અગાઉથી દાન આપવાનું જાહેર કરેલ. શિબિરમાં દરરોજ આત્મા પરમાત્મા પરલોક-ધ્યાન-કર્મવાદ-સદાચાર આદિ વિષયો ઉપર પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્ર વિજયજી અને પૂ. મુનિરાજની ગુણરત્નવિજયજી મહારાજના માર્મિક અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ પ્રવચનો થયાં હતાં...

આ શિબિરમાં ભારતના ૬ પ્રાંતોનાં મદ્રાસ, મુંબઈ, અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, ખંભાત, જોધપુર, જયપુર, ઉદેપુર, ભરતપુર, પિંડવાડા, નાગોર, પાલી આદિ ૩૬ નગરોનાં B.A. B.Com. B.E. B.B.S. આદિ કૉલેજના ૪૧ વિદ્યાર્થીઓએ અને મેટ્રીક સુધીના ૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ગુજરાતી અને હિંદી બે માધ્યમથી શિક્ષણ પ્રશિક્ષણ આપવામાં આવતું હતું.

આ શિબિરમાં પાંચ વિદ્યાર્થીઓએ આજીવન સિનેમા ત્યાગ, ૨૦ વિદ્યાર્થીઓએ રાત્રિભોજન ત્યાગ, ૩૧ વિદ્યાર્થીઓએ સર્વ વ્યસન ત્યાગ (શરાબ-માંસ-શિકાર-જુગાર-ચોરી-પરસ્ત્રીગમન-વેશ્યા ત્યાગ) ૨૧ વિદ્યાર્થીઓએ જમીનકંદ ત્યાગ, ૩૦ વિદ્યાર્થીઓએ ધૂમ્રપાન ત્યાગ તેમજ માતાપિતાને નમસ્કાર કરવા આદિ માટે દૃઢ સંકલ્પ કરેલ.

તા. ૯-૬-૭૪ ના ૯ વાગે રાજસ્થાનનાં રાજ્યપાલશ્રી જોગેન્દ્રસિંહ તથા કેન્દ્રીય ભૂતપૂર્વ ખાદ્યમંત્રી શ્રી અજીતપ્રસાદ જૈને શિબિરની મુલાકાત લીધી હતી. પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યા બાદ પોતાનો અભિપ્રાય આપ્યો હતો કે 'અમે શિક્ષણ શિબિરને પણ જોઈ વિદ્યાર્થીગણ ધ્યાન અને પરિશ્રમથી કાર્ય કરી રહેલ છે. એમનો રહેવા વગેરેનો પ્રબંધ સપ્રશંસનીય છે. આ શિબિરની અમો સફળતા ઇચ્છીએ છીએ...'

તા. ૧૨-૬-૭૪ ના બે પ્રશ્નપત્ર દ્વારા પરીક્ષા થઈ હતી. તેનું ૮૩ ૧/૨%

પરિણામ આવેલ. તા. ૧૪-૬-૭૪ ને વિદ્યાર્થીઓને યોગ્યતાનુસાર પારિતોષિક અને અભિનંદન પત્ર પ્રદાન કરવામાં આવેલ. તે દિવસે શ્રી અજીતપ્રસાદ જૈન તથા રાજસ્થાન હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ભગવતીપ્રસાદ બેરી અને રાજસ્થાન હાઈકોર્ટના જી.એસ. જૈન આદિ પધારેલ.

શ્રી ચીફ જસ્ટીસે જણાવ્યું કે નૈતિક ઉત્થાન માટે શિબિરનું આયોજન એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આયોજકોને હું વધાઈ આપું છું. યુવાનવર્ગને આનાથી સ્થાયી લાભ થશે. અને આનાથી ભારતમાં ભવિષ્યમાં સફળતા મળશે.

શ્રી અજિતપ્રસાદ જૈને જણાવ્યું કે પરમાત્મા આદિને સમજાવનાર આવી શિબિરની ઘણી આવશ્યકતા છે.

પૂજ્ય ગુરુદેવોએ અંતે ભલામણ કરેલ કે મેળવેલ જ્ઞાન જ્યોતિથી અનેક દીવાઓ પ્રગટાવશો. એવી અમે આશા રાખીએ છીએ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૨,અંક-૪૩,તા.૨૦-૭-૧૯૭૪

## આબુ ધાર્મિક શિક્ષણ શિબિર અંગે અભિપ્રાયો

આબુ દેલવાડામાં પૂ. મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી મ. અને શ્રી ગુણરત્ન વિ.મ.ની નિશ્રામાં યોજાયેલ ધાર્મિક શિક્ષણ શિબિરનું નિરીક્ષણ કરી રાજસ્થાનના રાજ્યપાલશ્રી વગેરેએ નીચે જણાવ્યા પ્રમાણે અભિપ્રાય આપ્યા હતા.

(૧) 'અમે શિક્ષણ શિબિરને પણ જોઈ વિદ્યાર્થીગણ ધ્યાન અને પરિશ્રમથી પોતાનું કાર્ય કરી રહેલ છે. એમના રહેવા-કરવાની વ્યવસ્થા પ્રશંસનીય છે. અમે આ શિબિરની સફળતા ઇચ્છીએ છીએ.'

- જોગેન્દ્રસિંહ (રાજ્યપાલ રાજસ્થાન સરકાર)

- અજિતપ્રસાદ જૈન (ભૂતપૂર્વ કેન્દ્રીય ખાદ્ય-મંત્રી ને રાજ્યપાલ)

- લક્ષ્મી જૈન (ધર્મપત્ની, શ્રી અજિતપ્રસાદ જૈન)

(૨) 'નૈતિક ઉત્થાન માટે શિબિરનું આયોજન એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને આયોજકોને હું વધાઈ આપું છું. યુવાન વર્ગને આથી સ્થાયી લાભ થશે એવો મારો વિશ્વાસ છે, અને આનાથી ભારતના ભવિષ્યના નિર્માણમાં સહાયતા મળશે.'



આબુ, ૧૪-૬-૧૯૭૪ - ભગવતીપ્રસાદ બેરી

(મુખ્ય ન્યાયાધીશ રાજસ્થાન હાઈકોર્ટ)

(૩) 'મેં ગ્રીષ્મકાલીન જૈન ધાર્મિક શિબિરના સમાપ્તિ-સમારોહમાં ભાગ લીધો. એનાથી જણાયું કે ભિન્ન ભિન્ન નગરોના બાળકોએ શિબિરમાં હાજર રહી આધ્યાત્મિક શિક્ષા પ્રાપ્ત કરી, અને એ જૈન ધર્મગુરુઓની કૃપાથી. સંચાલકોનું આ કાર્ય પ્રશંસનીય છે. હું આશા રાખું છું કે આવી શિબિરો થતી રહેશે, અને સમાજને આથી પૂરો લાભ પ્રાપ્ત થશે.

- જે.પી. જૈન

(જજ. રાજસ્થાન હાઈકોર્ટ, જોધપુર)

આ શિબિરમાં ૩૬ નગરના મેટ્રિક, કૉલેજ, B.A., B.Com., M.B.B.S., B.Sc., B.E. આદિના વિદ્યાર્થીઓ હતા. શિબિરમાં ૨૭ ઉપવાસ, ૧૧ આંબેલ, ૧૧૦ એકા૦ ૪૨૨ બેસણાં, ૫૯૪૧ સામાયિક થયા. જીવનભર સિનેમા ત્યાગ ૫, કંદમૂળ ત્યાગ ૨૧, રાત્રિભોજન ત્યાગ ૧૦, સાત વ્યસન ત્યાગ ૩૧, ચા ત્યાગ, ૨, ધૂમ્રપાન ત્યાગ ૩૦, જીવનભર જિનપૂજા ૬. આ વર્ષમાં ૩૧૪૨૪ સામાયિક કરવાનું નક્કી કર્યું. ૧૫ જણે નવ લાખ નવકાર જાપ ૧૦ થી ૧૮ વર્ષમાં કરવાનું, ૧૬ જણે રોજ ૧૪ નિયમ ધારવાનું, ૩-૪ જણે સર્વવિરતિના નિયમ લીધા. આ ઉપરાંત અમુક વર્ષ સુધી હોટલ ત્યાગ, વિલાસી વાંચન ત્યાગ, ૫ તિથિ લીલોતરી ત્યાગ, બ્રહ્મચર્ય, પાનસોપારી ત્યાગ ધાર્મિક વાંચન, માતાપિતાને પ્રણામ, વગેરે નિયમ થયા.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૩,અંક-૩૦,તા.૧૨-૪-૧૯૭૫

## પિંડવાડામાં શિબિર-સમારોહ

● **લુણાવા :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ પિંડવાડાથી વિહાર કરી અત્રે પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મહારાજનાં દર્શનાદિ અર્થે પધાર્યા. વિહારની વચમાં વિજાપુર મુકામે મુંબઈથી શિબિર-આયોજક ભાઈશ્રી કુમારપાળ વિ. શાહ આવેલ અને આ વખતની ગ્રીષ્માવકાશ ધાર્મિક શિક્ષણ-શિબિર પિંડવાડા (રાજસ્થાન, સ્ટેશન સિરોહીરોડ) શ્રી સંઘના અતિ આગ્રહભર્યા આમંત્રણથી પિંડવાડાનગરમાં ભરવાનું નક્કી કરી ગયા, જેથી પૂજ્યશ્રીને પિંડવાડામાં જ મુંબઈવાળા શ્રી બાબુભાઈની સકુટુંબ દીક્ષા ચૈત્ર વદ ૧ તા. ૨૬-૪-૭૫ના રોજે

થયા પછી તરતમાં ચૈત્ર વદ ૫ તા ૩૦-૪-૭૫ થી પ્રારંભ થતી, આ શિબિરમાં પ્રવચનોનો લાભ આપવાનું અનુકૂળ રહે. અત્રે લુણાવામાં પૂ. પંન્યાસજી સાહેબનું સ્વાસ્થ્ય હાલમાં ઠીક ચાલે છે અને એઓશ્રી રાતામહાવીરજીમાં મુંબઈ શ્રી નવપદ આરાધક સમાજ તરફથી આયોજાનાર આગામી ચૈત્રી ઓળીના સમૂહ આરાધના વખતે લાભ આપવા માટે પધારવા ધારે છે. એઓશ્રી પાસેથી પૂ. આચાર્ય મહારાજશ્રીએ આજની વિપશ્યના, ધ્યાનમાર્ગ, સંઘહિત, શિબિરશિક્ષણ વગેરે અંગે સુંદર માર્ગદર્શન મેળવ્યું, હવે અત્રેથી વિહાર કરી પિંડવાડા ચૈ.સુ.૧ પધારવા ધારે છે. ત્યાં અમદાવાદથી વિહાર કરી પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ પણ પધારી રહ્યા છે. પિંડવાડામાં ફા.વ.૧૩ થી ચૈ.સુ.૫ સુધી ઉપધાનમાળા મહોત્સવ અને ચૈ.સુ.૬ થી ચૈ.સુ.૫ સુધી ઉપધાનવાળા મહોત્સવ અને ચૈ.સુ.૬ થી ઓળી મહોત્સવ ઉપરાંત ચૈ.સુ.૮ થી ચૈ.વ.૧ દીક્ષા મહોત્સવ નક્કી થયેલ છે. આ વખતે શિબિરસ્થળ મોડેથી નક્કી થયું હોઈ શિબિરમાં જોડાવા ઈચ્છતા મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓએ તરત જ મુંબઈ કુમારપાળભાઈ પર શિબિર પ્રવેશ ફોર્મ ભરીને મોકલી દેવા. ૬૮ ગુલાલવાડી મુંબઈ-૪)

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૩,અંક-૩૫,તા.૧૭-૫-૧૯૭૫

## "પિંડવાડાના આંગણે યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિર"
## "ઉત્સાહભર્યા વાતાવરણમાં થયેલ મંગલ ઉદ્‌ઘાટન !"

પિંડવાડા જૈન સંઘના અત્યાગ્રહને માન આપી મેટ્રિક અને કૉલેજના વિદ્યાર્થીઓ માટેની ૨૧ દિવસની શિબિરના તા. ૩૦-૪-૭૫ ના મંગલપ્રભાતે સંગીતના આહ્‌લાદક સુરો વચ્ચે ઉત્સાહભર્યા વાતાવરણમાં મંગળ પ્રારંભ થયો હતો. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના જુદા જુદા પ્રાંતોમાંથી ૫૨ થી વધુ ગામોના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિબિરમાં સામિલ થવા ઉપસ્થિત થયા હતા.

પ્રારંભમાં વયોવૃદ્ધ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબે મંગલાચરણ કરેલ. ત્યારબાદ આ શિબિરથી જેના જીવનનું ઉર્ધ્વગમન થયું છે, એવા ઉત્સાહી ગ્રેજ્યુએટ હિંમતનગરના શિક્ષાર્થી પ્રફુલ શાહે 'શિબિર એ અમારી **"વાત્સલ્ય સભર માતા"** જનેતા છે. કૉલેજકાળના અમારા યૌવનના તરવરાટભર્યા જીવનને શિબિરના સિંચનથી ઉન્માદમાંથી કેવી રીતે સુખદ વળાંક મળ્યો છે અને અમારા જીવનનું ઘડતર કેવી રીતે થયું છે, એનો આબેહૂબ ચિતાર



રજૂ કરતા સૌને દિગ્મૂઢ કરેલ. ત્યારબાદ ભાવનગર સામયિક મંડળના પ્રણેતા ઉત્સાહી નવયુવાન રાજેન્દ્ર શાહે રોચક શૈલીમાં જણાવેલ કે એકી સાથે ૮૦૦-૮૦૦ વિદ્યાર્થીઓની શિસ્તબદ્ધ સમૂહ સામાયિક કરાવી ક્રિયા સમેત તત્ત્વજ્ઞાનના ઘુંટડા પીવા અને પાવામાં અમને જે અંતરંગ ઉલ્લાસ અને ભાવ આવે છે, તેનું કારણ શિબિર છે. શિબિરના જ્ઞાનદાતા તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ છે. અને શિબિરના સફળ સંચાલક શ્રી કુમારપાળભાઈ છે.

ત્યારબાદ વડોદરાના આશાસ્પદ વિદ્યાર્થી શ્રી યોગેશ ઘીયાએ સમૂહગીત ઝીલાવેલ. જૈન સંઘની ભાવી ઈમારતોને મજબૂત બનાવતી શિબિરની પ્રવૃત્તિઓની સમાલોચના કરતા મુંબઈના નવયુવાન પ્રકાશ જૈન ગારિયાધરકરે જણાવેલ કે આજનો યુગ વિજયપ્રેમસૂરીશ્વરજી દાદાનો પૂરો ઋણી રહેશે, જેમણે જૈન શાસનના અજબ પ્રભાવકો અને સમર્થ સંતોનો અદ્‌ભુત વારસો શાસનને સમર્પિત કર્યો છે, અને તેજસ્વી કાલ આપણી સામે પ્રતિવર્ષે આવી રહ્યો છે આ એક મહાન ક્રાંતિ છે. શિબિર એ પ્રયોગ નહીં પણ હકીકત છે. ત્યારબાદ આ શિબિરના સંચાલક શ્રી અને પ્રાણસમા સૂત્રધાર નવયુવાન શ્રી કુમારપાળ વિ. શાહે એમની ઓજસ્વી શૈલીમાં ભવ, ભાવ અને સ્વભાવનું વિશ્લેષણ કરતાં જણાવેલ કે આજે આપણે જન છીએ. સારા ભાવ દ્વારા જૈન થવા પ્રયત્ન કરીએ અને સ્વભાવમાં સ્થિર થઈશું તો જિન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીશું. આ શિબિરના વાચનાદાતા મહાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ જેવા સમર્થ વ્યાખ્યાતા અને તત્ત્વજ્ઞાની આચાર્ય ભગવંતશ્રીએ બેંકિંગની લંડનની પરીક્ષા ઈનામ સાથે પાસ કરેલી અને અત્રેના તેઓ C.A. થયેલા છે. અનેક સાધુઓના જીવનનું અદ્‌ભુત ઘડતર કર્યું છે, અને રોચક શૈલીમાં યુવાનોને તત્ત્વજ્ઞાનનું જે વિસ્તૃત રીતે છણાવટ સાથે પાન કરાવે છે, તે આપ જોશો અનુભવશો. ત્યારબાદ પિંડવાડા સંઘના પ્રમુખ કાર્યકર્તા અને જૈન સંસ્થાઓના કુશળ વહીવટકર્તા શ્રીપાળનગર (મુંબઈ)ના અગ્રેસર શેઠશ્રી લાલચંદજી છગનલાલ એ પોતાની સૌમ્ય ભાષામાં જણાવેલ કે; અમારા આંગણે ઉપધાન તપ, સાત સાત મુમુક્ષુઓની ભવ્ય દીક્ષા અને ત્રણ અઠવાડિયાની શિબિર આ અપૂર્વ અવસર પિંડવાડાને જે પ્રાપ્ત થયો છે, તેમાં અમો અમારું અહોભાગ્ય સમજીએ છીએ. બાહોશ યુવાન કાર્યકર શ્રી પુખરાજજીએ ધાર્મિક શિક્ષણ શિબિરની એકાન્તે કલ્યાણકર પ્રવૃત્તિને ભવ્ય અંજલિ આપી હતી. એ પછી પિંડવાડા સંઘના પ્રેમસૂરીશ્વરજીદાદા

દેવલોકમાંથી અમીવર્ષા વરસાવી રહ્યા છે. આવા ચારિત્ર સંપન્ન વિદ્વાન મહાત્માઓની સતત નિશ્રા-છાયા જે પ્રાપ્ત થાય છે તે જૈન સમાજ માટે ભાવિમાં ઉપકારક બનશે એ નિઃશંક છે. શિબિરમાંથી તૈયાર થયેલા અનેક મુમુક્ષુઓ સર્વવિરતિના માર્ગે પણ વળ્યા છે, આદર્શ શ્રદ્ધાસંપન્ન શ્રાવકો બન્યા છે, કુમારપાળભાઈ જેવા કુશળ આચારસંપન્ન યુવાનોના હાથમાં આવી શિબિરનું સુકાન છે, તેથી અમો નિશ્ચિત છીએ. મારા પ્રતિ મમતા અને લાગણીથી પ્રેરાઈ અને મંગલદીપ પ્રગટાવવાને મને જે તક આપી છે, તેનો હું મારા પરમ સૌભાગ્ય સમજું છું. શિબિરાર્થીઓને કોઈ પણ જાતની અગવડતા નહીં પડે તેવી પ્રતીતિ આપી શ્રી લાલચંદજી શેઠે મંગલદીપ પ્રગટાવી શિબિરનું ઉદ્‌ઘાટન જાહેર કરી સમ્યગ્જ્ઞાનના ગ્રંથ વાચનદાતા પૂ. પાદ આ. ભગવંતશ્રીને ગુરુપૂજન જ્ઞાનપૂજન કરી વહોરાવ્યો હતો. ત્યારબાદ પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે આત્મા કર્મ, જીવ, મોક્ષ અને તેના સ્વરૂપનું હાર્દ સમજાવતું સુંદર છણાવટ સાથે પ્રવચન આપ્યું, અને જિનભક્તિનો મહિમા વધારતું ભક્તિગીત સમૂહમાં ઝીલાવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૨૦-૫-૭૫ સુધી ચાલશે. સકળસંઘમાં ઉલ્લાસ અને ઉત્સાહનું વાતાવરણ ઊભું થયું છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૩,અંક-૩૭,તા.૩૧-૫-૧૯૭૫

## પિંડવાડા જૈન સંઘનો ત્રીજો વિક્રમ
## ધાર્મિક શિક્ષણ શિબિરે અજવાળેલા ૨૦૦ યુવાનોના જીવન

**પિંડવાડામાં ૩ માસમાં ૩ મહાન પ્રસંગ :**

રાજસ્થાનમાં સિરોહીરોડ સ્ટેશન પાસે આવેલું પિંડવાડા નગર એટલે જૈનસંઘના ગગનપટમાં વર્તમાન યુગે ચમકી ગયેલ સીતારા યુગપુરુષ સંયમમૂર્તિ કર્મસાહિત્યસૂત્રધાર સર્વાધિકસંખ્ય શ્રમણસાર્થાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું સાંસારિકપણે મૂળ વતન. વિશાળકાય બાવન જિનાલય જિનમંદિર, ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ, ચમકદાર પ્રેમસૂરીશ્વરજી જ્ઞાનમંદિર, વિરાટકાય પ્રેમસૂરીશ્વરજી પોષધશાળા, વગેરેના પ્રભાવક પ્રસંગો, તથા ઉપધાનતપ આદિ આયોજનોથી ગાજતા રહેલા આ નગરમાં હમણાં છેલ્લા ત્રણ માસમાં ત્રણ મહાન વિક્રમ નોંધાયા, ઉપધાનતપ આયોજન, બહારનાઓની સાત દીક્ષાઓ, અને ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ શિબિર.



પિંડવાડા જૈનસંઘે ઉપધાન તપ આયોજન વખતે જ શિબિર-આયોજનની તૈયારી રાખેલી, અને મુંબઈના જથ્થાબંધ ઘીના વેપારી શ્રી બાબુભાઈની સકુટુંબ દીક્ષા પિંડવાડાના આંગણે ઉજવાય એ માટે ભારે પ્રયત્ન સેવેલા. અંતે સ્વ. પૂ. ગુરુદેવ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની વરસી રહેલી કૃપાથી મુંબઈના કુટુંબની ૬ અને બીજી ૧, એમ ૭ દીક્ષાઓ અત્રે ઊજવવાનું નક્કી થતાં ધા૦ શિ૦ શિબિરનો મહાન લાભ પણ પિંડવાડા સંઘ ખાટી ગયો.

**શિબિર-આયોજન :**

શ્રી સંઘે શિબિરનાં સમર્થસંચાલક શ્રી કુમારપાળ વિ. શાહને આગ્રહભરી વિનંતી કરીને મેસાણા નક્કી થયેલ શિબિરને ફેરવાવીને અત્રે યોજવાનું નક્કી કરાવ્યું; અને એમને નોંતરીને એમના ચિંધ્યા પ્રમાણે અનેકવિધ સગવડો ઊભી કરી દીધી.

પૂ.સ્વ. આચાર્યદેવશ્રીના પટ્ટધર સંયમશૂરા અને સાધ્વાચારપાલનના કડક શિસ્તવાળા વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજના મંગળાચરણથી શરૂ થયેલ આ શિબિરમાં પચાસેક ગામ-નગરથી આવેલ લગભગ ૨૦૦ કૉલેજિયન મેટ્રિક તથા અન્ય વિદ્યાર્થીઓએ આમાં લાભ લીધો. વ્યવસ્થાની મર્યાદિતતાને લીધે અનેકોને આ શિબિરમાં પ્રવેશ અંગે નિરાશ કરવા પડેલા.

**શિબિરના દૈનિક કાર્યક્રમમાં** પ્રભાતે સામાયિક, પ્રાર્થના નવકારજાપ, સૂત્રરટણ, ગુરુવંદન પચ્ચક્ખાણ;... પછી દેવદર્શન, નવકારશી નાસ્તો; બાદ જિનપૂજાનો કાર્યક્રમ રહેતો...ત્યાર પછી મોક્ષમાર્ગ અને જૈન તત્ત્વજ્ઞાન ઉપર પ્રવચનો થતાં... પછી ભોજન-આરામ-છાશપાન બાદ જૈનઆચાર અને સૂત્રરહસ્ય વિષે બે પ્રવચન રહેતા,... સાંજના ભોજન ભ્રમણ બાદ પ્રાર્થના ભક્તિગીત મનોરંજક માર્ગદર્શન... પછી વ્યાખ્યાનની નોટો લખવાનું વગેરે થતું.

**રોજના ૪-૪ પ્રવચનોમાં કંટાળો કેમ નહિ ? :**

બધાં જ પ્રવચનો પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આપતા. રોજના ૪-૪ પ્રવચનો પૈકી દરેક પ્રવચનમાં આજની નવી પ્રજાને રસથી પ્રવેશ થાય એ માટે દરેક પ્રવચનના પ્રારંભે ૧૦-૧૫ મિનિટ પ્રાચીન ભક્તિગીત કે વૈરાગ્યગીતને સંગીતની જુદી જુદી મધુરી તર્જોમાં સમૂહમાં કાર્યક્રમ રહેતો. વિદ્યાર્થીઓ વાજિંત્રપેટી-તબલાના નાદ સાથે ગાતાં ગાતાં છેલ્લે ચલતીમાં ઉપાડી ધૂનમાં તરબોળ થઈ જતા. ગગન ગાજી ઊઠતું. એથી એમનામાં એવી એક તાજગી આવી જતી કે પછી તત્ત્વશ્રવણમાં રસમયતાથી મગ્ન બની જતા. સાથે નોટમાં

નોંધ પણ કર્યે જતા. સાધુ-સાધ્વીજી મહારાજો પણ નોંધ કરતા.

**પ્રવચનોના વિષયોમાં કેવી મજેની વસ્તુઓ !**

**મોક્ષમાર્ગના વિષયમાં શું શું ? :**

મોક્ષ શું ? મોક્ષનો માર્ગ શું ? એ પ્રાપ્ત થવાનો ચરમાવર્તકાળ શું ? એમાં સહજમળ હ્રાસ, એનાં ૩ લક્ષણ,... અપુનર્બન્ધક અવસ્થા, એનાં ૩ લક્ષણ પૈકી પાપમાં મંદતા, ઘોર સંસાર પર બહુમાન નહિ, સંસાર કેટલાં કારણે અસાર ?... ભવ વૈરાગ્ય અર્થે માર્ગાનુસારી ભૂમિકા. એના ૩૫ ગુણોની ૪ વિભાગે સમજ, જેમકે ૧૧ કર્તવ્ય, ૮ દોષત્યાગ, ૮ ગુણગ્રહણ, ૮ સાધના,... સમ્યગ્દર્શનનું સ્વરૂપ, એના ૬૭ વ્યવહારની ૧૨ વિભાગે સમજ, એ માટે દરેક મુખ્ય વિભાગનાં નામ યાદ રાખવા માટે 'સદ્દ શુલિ દુભૂલ, આજભાક્ષા પ્રભાવિ' વાક્યની યોજના, એના અક્ષર એટલે દરેક વિભાગનો આદ્ય અક્ષર, દા.ત. સદ્દ = સદ્દહણા, શુ = શુદ્ધિ, લિ = લિઙ્ગ, એમ દૂષણ-ભૂષણ-લક્ષણ. આગાર-જયણા-ભાવના-ઠાણ, પ્રભાવક, વિ = વિનય; એ દરેકના અવાંતર પ્રકારો સાથે સમજ, સમ્યગ્દર્શનની કરણી...દેશવિરતિ ગૃહસ્થધર્મના ૧૨ વ્રત, દરેકની વિસ્તારથી સમજ, એમાં ભોગોપભોગ-વિરમણમાં ૨૨ અભક્ષ્યત્યાગ ભક્ષ્યમાં અનાજ-શાક-ફળ-મેવા આદિમાં નિયમન. ૧૫ કર્માદાન (મહાપાપના ધંધા)નું સ્વરૂપ...વગેરે વગેરે અનેકાનેક વિષયોની છણાવટ થતી.

**તત્ત્વજ્ઞાનના વિષયમાં,**-'આપણે કોણ ? વિશ્વ શું ? વિશ્વનું સંચાલન શું ?...જીવનું ઉત્થાન કઈ રીતે ? જીવનમાં ધર્મની જરૂર કયા કયા કારણે ?...ધર્મની પરીક્ષા-જૈનધર્મ એ વિશ્વધર્મ કઈ કઈ રીતે ?...પંચાસ્તિકાય-ષડ્દ્રવ્યનો પરિચય એમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય; તે તે દ્રવ્યના ગુણ-પર્યાય;...સરોવરનાં ચિત્રથી નવ તત્ત્વની સમજ, એમાં જીવતત્ત્વમાં...આત્મા એક સ્વતંત્ર દ્રવ્ય હોવાના અનેક પુરાવા;...જીવનાં ખાસ લક્ષણો,-પર્યાપ્તિ પ્રાણ, યોગ, ઉપયોગ, લેશ્યા આદિ;... સંસારી જીવોના પ્રકારોની વિસ્તારથી સમજ;...અજીવતત્ત્વમાં પુદ્ગલની ૮ વર્ગણાઓ, જૈન દૃષ્ટિએ શબ્દ-મન-કર્મ વગેરેનું સ્વરૂપ,...પુણ્ય-પાપની 'કર્મના ૧૨૦ ભેદ દ્વારા સમજ ... આશ્રવમાં મિથ્યાત્વ શું ? અવિરતિની ભયાનકતા, કષાયોના ૨૫ ભેદ, યોગમાં શુભ-અશુભ આશ્રવ; સંવરના મુખ્ય ૬ પ્રકારના અવાંતર ભેદો, ૧૦ યતિધર્મ,...ધર્મ (i) દાનાદિ ૪, (ii) સમ્યગ્દર્શનાદિ ૩, (iii) યોગાત્મક ૫, અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમત્વ-વૃત્તિસંક્ષય, (iv) શ્રુત-ચારિત્ર ધર્મ;...અનિત્યતાદિ ૧૨ ભાવના;...નિર્જરાતત્ત્વમાં બાહ્ય-આભ્યન્તર બાર પ્રકારના તપનો પરિચય...વગેરે પર છણાવટ થઈ.



**જૈન આચારના વિષયમાં** શ્રાવકની દિનચર્યા સવારે જાગતાં જ નયણાં કોઠે નવકાર. એનો ઉપાય કલાકે નવકાર-પ્રથમપદ સ્મરણ;... આત્મચિંતા 'હું કોણ ? મને આ કયો અવસર ? મારે શું ઉચિત ?' ...તીર્થવંદના વિશ્વના તીર્થો, મહાપુરુષો-સતીઓનું સ્મરણ;...પચ્ચક્ખાણ. નવકારશીથી ઉત્તરોત્તર પચ્ચક્ખાણે ૧૦-૧૦ ગુણા લાભ...વિરતિનું મહત્ત્વ કયા કયા કારણે ? રોજના ૧૪ નિયમની સમજ, ૬ વિગઈઓ કાચી-પાકી,...દેવદર્શનાદિમાં મૂર્તિનું મહત્ત્વ; મંદિરના નિસીહિ આદિના ૧૦ ત્રિક, પ્રદક્ષિણાના મહત્ત્વમાં ઈયળ-ભ્રમરી-ન્યાય,... અષ્ટપ્રકારી પૂજાનું વિસ્તારથી સ્વરૂપ, વાળાકૂંચીની આજની પદ્ધતિના ભયંકર નુકસાન...નવાંગી તિલકનાં પ્રયોજન, ૯ અંગ-અગ્ર પૂજા દરેકમાં શું ભાવવાનું ? પુષ્પાદિ પૂજામાં કેમ હિંસા દોષ નહિ એનાં ૨ દૃષ્ટાંત; સ્વરૂપ-હેતુ-અનુબંધ હિંસાનું સ્વરૂપ; પ્રભુની જન્મ આદિ ૫ અવસ્થાનું ચિંતન, મંદિરે પેસતાં ૫ પ્રકારે અભિગમ (વિનય,...શ્રાવકને યોગ્ય ધંધો;... સાયંકાળની વિધિ,...કુટુંબને રાત્રે રાસ આદિ દ્વારા ધર્મબોધ, સૂતાં તીર્થયાત્રા સ્મરણ,...રાતના જાગેલો શ્રાવક કયા ૧૦ મુદ્દા પર વિચારે ? દા.ત. સૂક્ષ્મ પદાર્થ, ભવ-સ્વરૂપ, અધિકરણ-શમન, ક્ષણલાભ દીપના, આયુષ્ય હાનિ,...વગેરે. શ્રાવકનાં પર્વકૃત્ય...પર પ્રકાશ અપાયા.

**સૂત્રરહસ્યના વિષયમાં,** સૂત્રોચ્ચારણ અંગેના નિયમ,...'નમો અરિહંતાણં'માં બહુવચન કેમ ? 'નમો' પહેલું કેમ ? સૂત્રનો અર્થ એટલે ભાષાંતર નહિ પણ પદાર્થ વસ્તુ; તે તે અર્થનાં ચિત્ર, દા.ત. 'અરિહંત' પદે ૮ પ્રાતિહાર્યનું ચિત્ર,...અરિહંતનો પરિચય,...અરિહંત-સિદ્ધનો ભેદ, અરિહંત નમસ્કાર પહેલો કેમ ?...અરિહંતના ૩ ઉપકાર તત્ત્વપ્રકાશ-માર્ગ-આલંબનદાન,... નવકારમાં છેલ્લા શુભાશુભ ભાવના-ભવાંતરે ગુણાકાર પર ચંડકોશિક-શાલિભદ્રનાં દૃષ્ટાંત... **'પંચિંદિય'**માં નિવૃત્તિધર્મ પ્રવૃત્તિધર્મ... 'ઇરિયાવહિય'માં ખૂનીનો ઇકરાર, ૧૦ પ્રકારે વિરાધના,... 'તસ્સ ઉત્તરી'માં ઉત્તરીકરણ એટલે ?...'અન્નત્થ'માં ૧૬ આગાર કાયોત્સર્ગ પૂર્ણ ક્યારે ?...**'લોગસ્સ'**માં ૪ મુખ્ય અતિશય, ૨૪ ભગવાનનાં લીટીવાર ચિત્ર... **'જગચિંતામણિ'**માં ગૌતમસ્તુતિ, ઉત્કૃષ્ટ ૧૭૦ જિન, ૯ ક્રોડ કેવળજ્ઞાની, ૯૦ અબજ મુનિઓનું અઢીદ્વીપમાં ચિત્ર, એમ વર્તમાન ૨૦ જિન આદિનું,...'અવર વિદેહી'માં ત્રિકાળના જિનબિંબ, **'નમુત્થુણં'**માં 'નમો અસ્તુ' એટલે નમસ્કાર હો, સામર્થ્ય-યોગના નમસ્કારની પ્રાર્થના 'નમો અરિ॰' એટલે 'હું નમસ્કાર કરું છું' ઇચ્છાયોગનો નમસ્કાર, 'નમુત્થુણં'માં ૯ સંપદાઓ, એના ૩૩ પદ, અરિહંતનું ચિત્ર, ભગવંતનું ચિત્ર, આદિકરનું ચિત્ર, "પુરિસુત્તમાણ" ચાર પદમાં ભગવાનનું સમગ્ર સંસારે જીવન, "લોગુત્તમાણ" આદિમાં 'લોક'ના ૫ અર્થ,

'અભયદયાણં' આદિમાં ઉત્થાનક્રમ, 'જિણાણં...' આદિમાં ૧૦-૧૨-૧૩-૧૪ મા ગુણસ્થાનકની ઘટના, તથા પ્રભુની ક્રમશઃ ૪ મુદ્રા, 'જે અ અઈયા સિદ્ધા...' ગાથાનું વિરાટ ચિત્ર, **'જયવીયરાય'**માં ૬ લૌકિક સૌંદર્ય ૨ લોકોત્તર સૌંદર્ય, ભવે ભવે ચરણસેવાનું ચિત્ર, 'દુક્ખક્ખઓ...' ગાથામાં ૪ ક્રમિક વસ્તુની માગણી. **'અરિહંત-ચેઈયાણં'**માં ૪ પ્રકારે અર્હદ્ભક્તિ વગેરે પર છણાવટ થઈ.

આનાં પ્રવચનોમાં અવાંતર બીજા કેટલાય પ્રાસંગિક વિષયો આવતા, શંકા થાય કે 'ધર્મના સાવ અબુઝ છોકરાઓ આ બધું સાંભળવામાં સમજે શું ? અને એમને રસ શી રીતે આવે ?' પરંતુ પ્રવચનકાર એવી સરળ માંડણી માંડીને અને તાર્કિક તથા મનોવૈજ્ઞાનિક (Logical and Psychological) પદ્ધતિએ સમજાવતા, તથા એમાં જડબેસલાક લાગુ થાય એવા ભરચક કથા-દૃષ્ટાંતો મહેકાવતા કે અબુઝ સુબુદ્ધ થઈ જાય, અને રસથી પ્રેમપૂર્વક સાંભળે.

**તપસ્યા અને જીવનઘડતરના નિયમો :**

પ્રવચન વખતે કેટલાય વિદ્યાર્થીઓ સામાયિકમાં રહેતા. શિબિર દરમિયાન કેટલાય ઉપવાસ, આયંબિલ એકાસણાં બેસણાં સ્વેચ્છાએ થયા. પ્રવચન વખતે પ્રસંગ આવતાં, માતાપિતાને રોજ પગે લાગવું, એમની સામે ઉદ્ધતાઈથી બોલવું નહિ, રોજ દેવદર્શન-પૂજા સામાયિક, સિનેમા-સંકોચ, અભક્ષ્યત્યાગ, રાત્રિભોજનત્યાગ, ૭ વ્યસન ત્યાગ, ૯ લાખ નવકાર વગેરેના નિયમો લેવાતા.

**પરીક્ષા :**

શિબિર દરમિયાન બે લેખિત પરીક્ષા લેવાઈ, જેની મહેનત માટે વિદ્યાર્થીઓએ ભારે તન્મયતા સાધેલી. એમાં વળી અગાઉ જાહેર થયેલ પરીક્ષા તિથિને ૧-૨ દિવસ લંબાવાનું જાહેર થતાં તો વિદ્યાર્થીઓનાં હૈયાં હર્ષાવેશમાં નાચી ઊઠ્યાં અને બધાને અધ્યયન-પરિશ્રમમાં જોમ ઓર વધી ગયું. કેટલાય વિદ્યાર્થી રોજ બે વાર પ્રતિક્રમણ કરતા. ૫ તિથિ તો સમસ્તનું પ્રતિક્રમણ થતું; એમાં સૂત્રાદિ બોલવાની નવકાર પહેલા પદની નવકારવાળીની બોલીઓ નોંધપાત્ર થતી. અષ્ટમીનાં પ્રતિક્રમણમાં પૂજ્યશ્રીએ **'વીરજી સુણો એક વિનંતી મોરી,'** સ્તવન અને પૃથ્વીચંદ્રની સજ્ઝાય બોલતાં વિદ્યાર્થીઓ ભાવોલ્લાસના સરોવરમાં ઝીલ્યા. એમ ચતુર્દશીના પ્રતિક્રમણમાં અજિતશાંતિ વખતે ઝીલ્યા.

**વિશિષ્ટ કાર્યક્રમો :**

(૧) સિરોહીરોડ સ્ટેશન પરના શ્રી ખુબચંદજી (મનરૂપજી અચલદાસવાળા)ના શિખરબંધી ભવ્ય જિનમંદિરની વૈ.સુ. ૪ સાલગીરીના દિવસે ધ્વજારોપણ



નિમિત્તે વિદ્યાર્થીઓ પહોંચી ગયા. પ્રભુભક્તિ કરી, અને ત્યાં ૐ પુણ્યાહં પુણ્યાહં...ની ધૂન મચાવી મૂકી.

(૨) ત્યારબાદ વૈ.સુ. ૬ પિંડવાડાનગરના બાવન જિનાલયની સાલગીરી આવતાં વિદ્યાર્થીઓ તાનમાં ચડી ગયા અને બાવન શિખરો પર ચડી ધ્વજદંડ-પૂજન કરી નૂતન ધ્વજોનું આરોપણ કર્યું. નીચે બીજા કેટલાક વિદ્યાર્થીઓ ૐ પુણ્યાહં...ની ધૂનમાં લાગ્યા, તો કેટલાક શિખર પર કળશો ધ્વજ આપવા વગેરેમાં લાગી ગયેલા. કૉલેજિયન યુવાનોનો આ ભક્તિરંગ તેમજ પૂર્વે કહેલ તપસ્યા-વ્રત-નિયમના ધાર્મિક આચાર વગેરે જોતાં શિબિર આયોજન ધાર્મીક તાત્ત્વિક-આધ્યાત્મિક શિક્ષણ ઉપરાંત કેવું સુંદર ધર્મસંસ્કરણ આપે છે એનો પ્રત્યક્ષ પરચો મળતો.

(૩) વિદ્યાર્થીઓને એક દિવસ વાહનમાં અજારી-બામણવાડજી-નાંદિયા-લોટાણા-દિયાણાની યાત્રા કરાવવામાં આવી. ત્યાં અનેરા અતિ પ્રાચીન જિનબિંબો જુહારતાં એમનાં જીવન ધન્ય બન્યાં.

(૪) વૈ.સુ. ૮ ના દિવસે બધા વિદ્યાર્થીઓને સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના ૧૨ કલાકના આખા મૌનનો કાર્યક્રમ આપવામાં આવ્યો. રોજનાં સ્વાધ્યાય-આનંદ-ઉલ્લાસના કલ્લોલ કિલકિલાટમય વાતાવરણની સામે આજે યોગીઓનાં આશ્રમ જેવું વાતાવરણ બની ગયેલું. અલબત્ત પ્રવચનો ચાલુ હતા. પરંતુ વિદ્યાર્થીની વાતોચીતો પર સોપો પડી ગયો હતો. શાંત સૌમ્ય મુદ્રામાં મૌનનું માહાત્મ્ય છતું થઈ પૂર્વ અજ્ઞાત શક્તિને સૂચવી રહ્યું હતું.

(૫) વૈશાખ સુદ ૯ ના બપોર પછી સમૂહમાં અરિહંતધૂનનો કાર્યક્રમ રખાયેલ. આ માટે અરિહંત પરમાત્માના મોટા ચિત્ર આગળ દીપમાળા ખડી કરાયેલ, તથા આરાધના હોલના વાતાવરણને ધુપ અને ગુલાબ જળના છંટકાવથી મઘમઘતું સુગંધમય કરવામાં આવેલ. પ્રારંભમાં પૂ.આ. દેવશ્રીએ મંગળાચરણ કરી 'શ્રી અરિહંતપદ ધ્યાઈએ...'ના ગીતગાનમાં વિદ્યાર્થીઓને તરબોળ કરી 'અરિહંત અરિહંત'ની ધૂનમાં ચડાવી દીધા. બાદ મુંબઈથી ખાસ પધારેલ બિકાનેરના નવયુવાન સંગીતકારો શ્રી લખપતરાયજી કોચર તથા શ્રી મગનલાલજી કોચરે પહાડી બુલંદ ભક્તિગીતની ધ્વનિએ વાતાવરણને ડોલાવી દીધું. અરિહંત અરિહંતની ધૂન ચાલુ થઈ. વડોદરાના શ્રી યોગેશ ઘીયા તથા આમોદના શ્રી મહેશ શાહે ધૂનમાં સૂર પરોવી સમૂહ ધૂનને ઉત્તેજિત કરી

એથી અરિહંત અરિહંતના ગગનભેદી નાદથી ધર્મશાળા ધમધમી ઊઠેલી. આવું માંગલ્યકારી પવિત્ર વાતાવરણ ખરેખર આલ્હાદક બની ગયું.

**અંતિમ મેળાવડો :**

આજે રાતના લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓની શિબિરનું સરવૈયું વંચાયું. એમને સન્માનવાનો સમારોહ યોજવામાં આવ્યો. આ માટે આમંત્રણ પત્રિકા પ્રચારવામાં આવેલી તેથી ઉપસ્થિતિ સારી હતી. વિશાળ હોલ ચિકાર ભરાઈ ગયેલો. ભાવનગર સામાયિક મંડળના પ્રાણભૂત યુવાન કાર્યકર શ્રી રાજુભાઈ અને મંડળીએ હોલને રંગબેરંગી તોરણો, તથા વિવિધ પત્ર-પુષ્પ-પતાકાઓથી શણગારી દીધેલ. પ્રમુખ સ્થાને બેડાવાળા રતનચંદજીને સ્થાપિત કરવામાં આવેલ. શિબિરના મહાન લાભ જોઈ એમના તરફથી વિદ્યાર્થીઓ વગેરેને રૂા. ૫૦૦૦ નાં ઈનામ વહેંચવામાં આવેલ. મોક્ષમાર્ગ વગેરે વિષયોની લેખિત અને સૂત્રોની મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉપરાંત ખાસ કરીને આચાર વિચાર અને આરાધનામાં રોજ પ્રતિક્રમણ-સામાયિકો-તપસ્યા-વ્રત-નિયમો-શિસ્ત-વિવેક વગેરેથી પ્રગતિ કરનારને તેમજ આજીવન રાત્રિભોજનત્યાગ-સિનેમાત્યાગ કરનારનું બહુમાન કરવામાં આવ્યું. એમ સેવાભાવી શિબિર-વ્યવસ્થાપકોને પહેરામણી તથા માણસોને ઈનામ અપાયા. શ્રી પિંડવાડા સંઘને એક જ રંચ રહી ગયો કે શ્રી કુમારપાળભાઈએ બહુમાનનું એક તિલક કે એક ફુલહાર પણ લેવાની ઘસીને ના પાડી. એ તો કહે કે ‘આ શિબિર તો મારા આત્માના હિત માટે કરું છું. એમાં બહુમાન શાનું લેવાનું ?’ સભાને બિકાનેરી ભાઈઓના ભક્તિગીતે ડોલાવેલા. શ્રી લાલચંદજી વગેરેએ શિબિરને નવી પ્રજાના ઉત્થાનકારી તરીકે બિરદાવી. શ્રી પ્રકાશ જૈને શિબિર શિક્ષિતોને ભવિષ્યમાં સંઘના વ્યવસ્થિત કાર્યકરો તરીકે બિરદાવ્યા. હિંમતનગરના આશાસ્પદ યુવક શ્રી પ્રફુલ્લ શાહે પોતાના અંગત જીવનમાં શિબિરે કેવો મહાન લાભ કર્યો એ શાયરી લલકારીને વર્ણવ્યું. એકંદરે શિબિર-આયોજનનાં મહાન લાભોની અનુમોદનાનું મોજું સભા પર ફરી વળ્યું.

**વિદાય વખતનું પ્રવચન :**

વૈ.સુ. ૧૦ આજે શિબિર વિસર્જનનો દિવસ હતો. વિદ્યાર્થીઓ અનુકૂળ સમયનાં વાહનથી કોઈ રાણકપુર આદિ યાત્રાએ તો કોઈ સીધા દેશમાં જઈ શકે એ માટે વહેલી સવારે પૂ. આચાર્યદેવશ્રીનું અંતિમ પ્રવચન રખાયેલ. વિદ્યાર્થીઓનાં મુખ પર આજે આવા સુખદ સંયોગનો અંત થવા અંગે વિષાદની છાયા તરવરતી હતી. પૂજ્યશ્રીનાં પ્રવચનના પ્રત્યેક શબ્દને ગમગીન મુખે એકીટશે મુગ્ધ બનીને સાંભળી રહ્યા હતા. પૂ. આચાર્ય ભગવંતશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું કે જેમ



ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીએ ચરમતીર્થપતિ શ્રી મહાવીર ભગવાન પાસે ૩૦ વરસ સાંભળ્યા પછી ભગવાનના વિરહે શ્રવણ બંધ થતાં, એ ત્રીસ વરસ સાંભળતાં સાંભળતાં ઘુંટેલાને એવું વિકસાવ્યું કે વીતરાગ સર્વજ્ઞતાએ પહોંચી ગયા; તેમ હવે તમારે આ અવસર આવે છે કે અહીં તમે ખૂબ સાંભળ્યું છે, ને હવે કદાચ કૉલેજ વગેરેમાં પડશો એટલે આટલું સાંભળવાનો અવસર નહિ આવે, તો અહીં સાંભળેલાને ઘુંટી ઘુંટીને વિકસાવવાનું છે. આયુર્વેદ ઔષધ માટે કહેવાય છે કે ‘ઘર્ષણં ગુણ વર્ધનં’ દા.ત. પીપર ભસ્મો વગેરે જેમ ઘુંટાય તેમ એનો ગુણ વધે છે. અહીં નોટમાં નોંધેલું અને પુસ્તકમાં આવેલું વારંવાર વાંચતાં રહી મનમાં ઘુંટવાનું છે, આત્મામાં પરિણત કરવાનું છે. તત્ત્વજ્ઞાનને પરિણત કરવાનું હોય તો સંસારના તુચ્છ ફજુલ ભાવોથી મનને અલિપ્ત રાખવું જોઈએ. ‘મગ્ગાણુસારિઆ’ એટલે કે તત્ત્વાનુસારિતામાં એ ભણી ગયા છો...

એ પછી પૂજ્યશ્રીએ જીવનમાં ક્ષમાદિ ધર્મોની આવશ્યકતા પર સમજાવતાં કહ્યું કે ક્રોધ-લોભ વગેરેનું તોફાન જીવનમાં બહુ જરૂરિયાતો પર ચાલે છે માટે જરૂરિયાતો ઘટાડો તો આત્મામાં નિખાલસતા-નમ્રતા-લઘુતા-સંતોષ વગેરે ગુણો ખીલશે. જરૂરિયાતો ઓછી કરવામાં આત્માનો સત્ત્વગુણ વિકસે છે; ને સત્ત્વની જરૂર ઠેઠ વીતરાગ બનવા સુધી છે; કેમકે સત્ત્વ હોય તો જ અનાસક્ત દશાએ ચડી શકે. સત્ત્વ એ વીતરાગતાની ચાવી છે. આ ઉત્તમોત્તમ ભવમાં એ ચાવી આપણા હાથવેંતમાં છે. ‘હું જડ ચીજોનો કે ઈન્દ્રિયોનો ગુલામ નથી એવી ખુમારીથી જરૂરિયાતો ઘટાડવાનું સત્ત્વ ખીલે છે. દુન્યવી વિષયોના જેટલા ગુલામ બનીએ એટલું સત્ત્વ હણાય, નમાલા બનાય; એની જરૂરિયાતનો સામનો કરીએ એટલું સત્ત્વ વિકસ્વર થાય.

ત્યારબાદ સંવરમાર્ગની સાધનામાં ૧૨ ભાવનાની સાધના એ અવ્વલ કોટિનો સરળ માર્ગ છે. જગતના અનુકૂળ પ્રતિકૂળ સંયોગો અનિત્ય છે, જીવને મરણ વખતે કોઈ શરણ નથી. સંસાર સ્વાર્થના સંબંધો અને પલટાતા ભાવોથી બેહૂદો છે...વગેરે ભાવનાઓ ભાવતાં ભાવતાં અને આત્માને એનાથી ભાવિત કરતાં દુન્યવી અનુકૂળતાઓમાં ઉન્માદ અને પ્રતિકૂળતાઓમાં શોકની પોક મૂકવાનું અટકી જાય છે. પૂજ્યશ્રીએ બારે ભાવનાને સંક્ષેપમાં સમજાવતાં કહ્યું કે આ ભાવનાઓ દિલની પવિત્રતા-પ્રસન્નતા માટે જબરદસ્ત આલંબન છે; ભાવના ભવનાશિની.

પ્રાંતે પૂ. આચાર્યદેવશ્રીએ વિદ્યાર્થીઓને ફરમાવ્યું કે તમે શિબિર ભરીને ઘરે જાઓ છો એટલે એક મોટી જવાબદારી લઈને જાઓ છો. લોકો તમને હવે ‘આ

શિબિર વિદ્યાર્થી' તરીકે બહુમાનથી જોશે. માટે તમારે જીવન રહેણી કરણી એવી સંયમવાળી બનાવવાની કે શિબિરને તમને કે તમારા ગુરુને કલંક ન લાગે. વળી જે અહીં વ્રતનિયમ ધર્મના આચાર લીધા હોય એમાં મહાન અહોભાગ્ય માનતા રહેવાનું, જેથી એ પાળવામાં જોમ અને ઉલ્લાસ રહે. વંકચૂળે નિયમો પાળવામાં એ કરેલું તેથી બારમાં દેવલોકે જઈ બેઠા છે.

પ્રવચન બાદ વિદ્યાર્થીઓ પ્રભુપૂજા વગેરે પતાવી પૂ. ગુરુદેવનો વાસક્ષેપ લેવા આવતાં કેટલાક તો ધ્રૂસકે રડી પડેલા. એમ કુમારપાળભાઈ પાસેથી છૂટા પડતાં પણ ગદ્‌ગદ થઈ રોઈ પડેલ. શ્રી કુમારપાળ કડક શિસ્ત પળાવનાર છતાં એટલી બધી આત્મીયતા અને સ્નેહભર્યો વર્તાવ રાખતા કે વિદ્યાર્થીઓના દિલમાં જડાઈ ગયેલા.

એક વસ્તુ દીવા જેવી સ્પષ્ટ દેખાતી કે દિવસો સુધી શિબિરમાં રોજ ૪-૪ પ્રવચનો સાંભળતી વખતે વિદ્યાર્થીઓ એટલા બધા ઊછળતા શુભ અધ્યવસાયમાં ઝીલતા અને પછી પણ શુભભાવના-મગ્ન રહેતા કે એમ લાગે કે આની પાછળ હજારો શું લાખો રૂપિયાનો ખર્ચ વસુલ છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૩,અંક-૪૧,તા.૨૮-૬-૧૯૭૫

## પલ્લીવાલ જૈન ક્ષેત્ર શ્રી મહાવીરજી ખાતે જૈન શિક્ષણ શિબિરની પૂર્ણાહુતિ

સવાઈ માધવપુર, ભરતપુર, અલવર અને આગ્રા વગેરે વિભાગમાં હજારો પલ્લીવાલ જૈનોની વસ્તી છે. આ યુવાનોના નૈતિક અને આધ્યાત્મિક નવ જાગરણ માટે ૮ દિવસની જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન શ્રી મહાવીરજી (પટૌદા) તીર્થ કરવામાં આવેલું. ૫ જૂનથી શરૂ થયેલ શિબિરમાં ૪૯ ગામોથી ૧૧૦ કૉલેજીયને ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

શિબિરના ઉદ્‌ઘાટનનો પ્રસંગ મુંબઈ આત્માનંદ સભા દ્વારા જમ્મુ, કાશ્મીર યાત્રા પ્રવાસના ૫૦૦ યાત્રિકો તથા હજારો પલ્લીવાલ જૈનોની ખીચોખીચ હાજરીમાં ઊજવાયો. સંઘપતિ શ્રી ખુમચંદ રતનચંદ અને આત્માનંદ જૈન સભા મુંબઈના મંત્રીશ્રી ઉમેદમલ હજારીમલજીના હસ્તે થયું.

સંઘના સ્વાગત માટે હજારો પલ્લીવાળો આસપાસના ગામોથી હાજર હતાં. જયપુરથી હીરાચંદજી વૈદ. કપીલભાઈ, હીંડૌનના શ્રી કપુરચંદજી જૈન અને મુંબઈના



રમેશ સંઘવીના વક્તવ્યો નોંધપાત્ર હતા.

યુવક કાર્યકર્તા શિબિર આયોજક અને સંચાલક મુંબઈના શ્રી કુમારપાળ વિ. શાહે હજારોની મેદનીને સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજસ્થાન અને ઉત્તરપ્રદેશનું આ ક્ષેત્ર પલ્લીવાલ જૈનો અને જૈન મંદિરોથી સજ્જ છે. પણ આચાર, સંસ્કાર અને તત્ત્વજ્ઞાનથી અજ્ઞાતક્ષેત્રમાં જૈન ધર્મનો પ્રચાર પ્રસાર કરવાની તાતી જરૂર છે. એ માટે અમોએ આ ક્ષેત્રમાં પાઠશાળાઓ, મંદિર જીર્ણોદ્ધાર, ધર્મ પ્રચાર અને યુવક જાગ્રતિ અંગે શિબિરની આયોજન જેવી કેટલીક પ્રવૃત્તિઓ શરૂ કરી છે. ઘણા ગામોમાં પાઠશાળાઓથી સારું પરિણામ દેખાયું છે. હવે યુવકોના ઘડતર માટે આ શિબિરનું આયોજન કર્યું છે. આપ સૌના આર્થિક સહકારથી આ કાર્યને બળ મળશે. અને ૧૦ મિનિટમાં જ ૨૧ હજાર રૂપિયાની દાનની વર્ષા થઈ હતી. ભવિષ્યમાં પણ આ ક્ષેત્રના કાર્યો માટે આર્થિક સહકાર આપવાની કેટલીક નામી અનામી વ્યક્તિઓએ ઇચ્છા વ્યક્ત કરી છે.

જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અનુષ્ઠાન ઉપરના રસપ્રદ પ્રવચનો ૮ દિવસ શિબિરમાં યુવાનોને આપવાનું શ્રી કુમારપાળ વિ. શાહે સફળતાપૂર્વક સંભાળ્યું. એના ફળ સ્વરૂપે તમામ યુવાનોએ નિત્ય દર્શન પૂજા કરવી તથા માંસાહાર અને દારૂને આજીવન તિલાંજલી આપતી દૃઢ પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરી. આ રીતે યુવકોનું વાસ્તવિક નવનિર્માણ કરતું કાર્ય આ ક્ષેત્રમાં થયું. આ વિભાગમાં પ્રથમવાર થયેલ આયોજનનું સર્વત્ર સ્વાગત થયું. પ્રત્યેક યુવાનોને ૧૧-૧૧ રૂા. પ્રભાવના રૂપે અને દર્શનાર્થે પ્રભુ મહાવીર સ્વામીનો ફોટો ભરતપુરના શ્રી ભગવાનદાસજીના હસ્તે અપાયા. પટૌંદામાં પૂ. શ્રી ન્યાયવિજયજી મ.સા. પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૪,અંક-૩૬,તા.૨૨-૫-૧૯૭૬

## માલેગામમાં આધ્યાત્મિક શિક્ષાયતનનો ભવ્ય પ્રારંભ

માલેગામની પુનીત ધરતી પર જેની દિવસોથી રાહ જોવાતી હતી તે આધ્યાત્મિક શિક્ષાયતનની શરૂઆતનો શુભ દિવસ વૈશાખ સુ. ૧૦ આવી પહોંચતા માલેગામનો સમસ્ત સંઘ આનંદવિભોર બની ગયેલ... સુ. ૯ ના સાંજે જ લગભગ ૫૭ ગામોના મેટ્રીક તથા કૉલેજના ૨૦૦-૨૨૫ યુવકો આવી ગયેલા... સુ. ૧૦ સવારે ૬ વાગે નિઃસ્પૃહ-શિરોમણી પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્‌ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના શ્રીમુખે મંગળાચરણ થયું. સવારના ૯ વાગે ચિક્કાર

જનમેદની વચ્ચે ઈન્દ્રચંદજી ધોકાએ મંગળદીપ પ્રગટાવવા દ્વારા શિક્ષાયતનનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યારબાદ અતિથિવિશેષ નાસિકવાળા સુશ્રાવક સુમતિલાલ ચંદુલાલે પૂજ્યશ્રીને જ્ઞાનનાં પુસ્તકો વહોરાવી જ્ઞાનપૂજન-ગુરુપૂજન વગેરે કર્યું. ત્યારબાદ ઈન્દ્રચંદજી ધોકા, સુમતીભાઈ, મોતીલાલ વીરચંદ, વકીલ કાન્તિભાઈ, શિબીર વિદ્યાર્થી રાજુભાઈ, સંચાલક કુમારપાળ ઈત્યાદિના વક્તવ્યો થયા. બાદ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે પ્રવચન કર્યું અને સહુથી છેલ્લે પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનું પ્રવચન થયું. પંજાબના પ્રસિદ્ધ સંગીતકાર સત્યપાલજીએ અદ્‌ભુત ગીતો ગાવા દ્વારા સહુને દિલ જીતી લીધાં. શિબિરમાં સાધર્મિકભક્તિનો લાભ લેવા માટે ભાગ્યશાળીએ શુભ શરૂઆત કરતાં હજારો રૂપિયા તરતમાં નોંધાઈ ગયા.

માલેગામમાં સહુ પ્રથમવાર આ શિક્ષાયતન હોઈ સમસ્ત સંઘ શિક્ષાયતનનાં પ્રત્યેક પ્રવચનને સાંભળવા ઉત્સુક હતો એટલે સુ. ૧૦ બપોરથી જ શરૂ થયેલા જૈન આચાર તથા જૈન ઈતિહાસના વિષયનાં પ્રવચનમાં સમસ્ત સંઘ ઉમટયો. પૂ. મુનિરાજો શ્રી રત્નસુંદરવિજયજી મ. તથા શ્રી જયસુંદર વિ.મ. રોજ ખૂબ જ બોધક રોચક અને પ્રેરક પ્રવચનો આપવા લાગ્યા. વિશાળ વ્યાખ્યાન હોલ ગેલેરી સંપૂર્ણ ભરાઈ જતા. આમ સંઘના અને શિબિરાર્થીઓના અમાપ ઉત્સાહ વચ્ચે ચાલુ થયેલા સિક્ષાયતનના દિવસો ઉલ્લાસભેર પસાર થવા લાગ્યા.

વૈશાખ વદ ૧ના દિવસે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ કે જેઓશ્રી આ શિક્ષાયતનના પ્રેરણાદાતા છે. પ્રાણસમાન છે. તેઓશ્રી યેવલાથી આ બાજુ પધારતા હોવાથી શિક્ષાયતનના સઘળા વિદ્યાર્થીઓ સાથે સમસ્ત સંઘ પ્રભાતફેરી રૂપે પૂજ્યશ્રીને સામે લેવા ગયો. પૂજ્યશ્રીનાં દર્શન થતાં જ શિબિરાર્થીઓ ખૂબ આનંદ-વિભોર થઈ ગયા. નાચવા અને કૂદતા એ વિદ્યાર્થીઓ અમાપ ઉલ્લાસ સહિત નારા લગાવતાં લગાવતાં પૂજ્યશ્રીની સાથે ઉપાશ્રયે આવ્યા. પૂજ્યશ્રીનાં શ્રીમુખે મંગલાચરણ સાંભળી વિદ્યાર્થીઓ છૂટા પડ્યાં.

સવારના સામાયિકમાં પ્રાર્થના, સૂત્રો ગોખવાનું સૂત્રોનાં રહસ્ય પર પ્રવચન ૮॥ થી ૧૦॥ સુધીમાં જૈન તત્ત્વજ્ઞાન તથા મોક્ષમાર્ગ તથા બપોરે ૨॥ થી ૪॥ સુધીમાં જૈન આચાર પર પૂ. પ્રવચનો આચાર્યદેવશ્રી આપે છે. તથા ૪॥થી ૫॥ જૈન ઈતિહાસ પર પ્રવચન પૂ. મુ. શ્રી રત્નસુદરવિજયજી મહારાજ આપે છે. પ્રારંભથી જ સંઘના શિક્ષિતો પણ કહી રહ્યા છે કે આજ સુધીમાં આવું જોયું નથી આવું સાંભળ્યું નથી.





## માલેગામ ધા.શિ. શિબિરની અનેરી સફળતા ભરી પૂર્ણાહુતિ

હજારો નવયુવકોમાં આધ્યાત્મિક ચેતનાને પ્રગટાવનાર ધાર્મિક શિક્ષણ શિબિરનું સત્ર માલેગામમાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક આગળ વધી રહેલ હતું... રાજકોટના મુમુક્ષુ મહેન્દ્રકુમારની વૈ. વ. ૬ દીક્ષા બાદ શિબિર વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા લેવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક પરીક્ષામાં ભાગ લીધો. પરીક્ષાપત્રોએ બતાવી આપ્યું કે થોડા જ દિવસોમાં જ રોજના જૈન તત્વજ્ઞાન જૈન આચાર, મોક્ષમાર્ગ, તથા જૈન ઈતિહાસ આ ચારેય વિષયો પરનાં વ્યાખ્યાનોમાં કેટલું બધું પીરસાયેલું ! પ્રવચનો વિદ્યાર્થીઓને ખૂબ જ ગમી ગયા. તેમાં ય શિબિર-સમાપ્તિના ચારેક દિવસ પૂર્વે મોક્ષમાર્ગના વિષયમાં ૧૨ વ્રતની સમજણ આપવાનું પૂજ્યપાદ આચાર્ય ભગવંતે શરૂ કરતાં વિદ્યાર્થીઓને વ્રત ગ્રહણ કરવાની પ્રબળ ઈચ્છા જાગી, અને પ્રવચન સિવાયના ટાઈમમાં પણ એ વિદ્યાર્થીઓ વ્રતોની સમજણ લેવા આવતાં. પરિણામે શિબિરના છેલ્લે દિવસે વદ ૧૪ શુક્રવારે નાણ સમક્ષ લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ પોતપોતાની શક્તિ અનુસાર બાર અથવા ઓછા વ્રતો ગ્રહણ કર્યા. સંઘના જુદા જુદા ભાઈઓ તરફથી વ્રતધારીઓને પ્રભાવના કરવામાં આવી. આ જ દિવસે સાંજે શિબિરના વિદ્યાર્થીઓનો અંતિમ વિદાય-સમારંભ સંઘની હાજરીમાં યોજાનાર હતો. એટલે બપોરના વિદ્યાર્થીઓને પૂ. આ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે ખૂબ સુંદર હિતશિક્ષા આપી. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીએ કપર્દિ મંત્રીનું દૃષ્ટાંત આપી વિદ્યાર્થીઓમાં જૈનધર્મનું જોમ જગાવ્યું. પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ૨૦ દિવસ સુધી ચાલેલા આ તત્ત્વજ્ઞાનના પ્રવચનોનો ખૂબ જ સુંદર શબ્દોમાં ઉપસંહાર કર્યો. ત્રણે ય ભવોને સુધારવા માટે ધર્મમય જીવન તથા ધર્મના વિચારો શું કામ કરે છે તે વાત અદ્‌ભુત છણાવટ સાથે તેઓશ્રીએ રજૂ કરી. સાંજે પક્ખી પ્રતિક્રમણ બાદ રાતના ૯ વાગે ઈનામી સમારંભ યોજાયો. શિબિર દરમિયાન ઉભયટંક પ્રતિક્રમણ રોજ સામાયિક, આયંબિલ વગેરે તપ, વર્ષીતપ, પૌષધાદિ અનુષ્ઠાનોની આરાધના કરનારનું ખાસ વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું. તે સિવાય મૌખિક પરીક્ષા, વક્તૃત્વ હરિફાઈ, લેખિત પરીક્ષાદિમાં ઉર્ત્તીણ થનાર વિદ્યાર્થીઓને ઈનામો અપાયા.

મહારાષ્ટ્રના મુખ્ય ગામ માલેગામમાં સહુ પ્રથમવાર થયેલ આ આધ્યાત્મિક જ્ઞાનસત્ર અભૂતપૂર્વ સફળતાને પામ્યું. સંઘના ભાઈ-બહેનોએ પણ શિબિરના સઘળા

પ્રવચનોને ખૂબજ ઉલ્લાસપૂર્વક સાંભળ્યા, જેની જીવન પર સુંદર અસર પડી. ડૉક્ટરો પણ દવાખાનાનો ટાઈમ છોડીને સાંભળવા આવતા... ભૌતિકવાદના વિલાસી વાતાવરણની વચ્ચે ઉછરેલા કૉલેજના યુવાનો જૈન તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષયને પણ કેવો મસ્તીથી સાંભળે છે. જૈન આચારને પણ સ્વજીવનમાં ઉતારવા કેટલા ઉત્સાહિત બને છે. મોક્ષમાર્ગની વિશદ છણાવટ સાંભળી કેટલા હરખેલા બની જાય છે, જૈન ઇતિહાસના ગૌરવોને સંભાળી પોતાના પૂર્વજોની કેવી ખુમારી અનુભવે છે તે જોતાં જૈનશાસનના ઉજ્જ્વળ ભાવિ વિષે જરા ય શંકા થતી નથી. નહિતર આ યુવાનો શું આખો દિવસ મૌન રાખે...? શું અરિહંતની ધૂન લગાવતાં પોતાની 'એટીકેટ'ને ભૂલી જાય ? શું એક દિવસે ૫૦૦૦૦ અરિહંત જાપ કરે ? ૫-૭ કલાક સુધી પ્રવચનમાં શું સ્થિરતાથી બેસી શકે ?....હા... આ બધું ય નજરે દેખાયું છે. વિદ્યાર્થીઓએ મૌનની સુંદર આરાધના કરી, ખીરના એકાશનમાં અરિહંતનો ૫૦ હજારનો જાપ કર્યો. પ્રવચનો ખૂબ જ સ્થિરતાથી ઉલ્લાસપૂર્વક સાંભળ્યા... વિશિષ્ટ પ્રકારના જૈનત્વની ખુમારી ધરાવતા નિયમો સામે ચઢીને ગ્રહણ કર્યા... અંતિમ દિવસે રડતી આંખે... વ્યથિત હૈયે... વિદાય થયા... ઘણું ઘણું નવું લઈને ગયા. ઘણું ય જુનું મૂકીને !

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૪,અંક-૪૧,તા.૨૬-૬-૧૯૭૬

## માલેગામમાં યોજાયેલ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં ૨૧૭ યુવાનોનો કાયાકલ્પ

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ માલેગામના સક્રિય સહકારથી વર્ધમાન સેવા કેન્દ્રે માલેગામમાં ૯મી મે ૧૯૭૬ થી ૨૧ દિવસ માટે યોજાયેલ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરે અગાઉના વરસો કરતા આ વર્ષે એકથી વધુ નવા સીમાચિન્હનો અંકિત કર્યા છે.

આ પહેલી જ વાર શિબિરને ત્રણ ત્રણ પૂજ્ય આચાર્ય ભગવંતોનું પ્રેરક અને પવિત્ર સાન્નિધ્ય મળ્યું.

આ પહેલી જ વાર શિબિરમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ઉપરાંત નવયુવાન પૂજ્ય મુનિરાજો શ્રી રત્નસુંદર વિજયજી મહારાજ અને પૂજ્ય શ્રી જયસુંદરવિજયજી મહારાજ સાહેબે પણ તત્ત્વજ્ઞાનના વિવિધ વિષયોની વાંચનાઓ આપી.



આ પહેલી જ વાર શિબિરાર્થીઓ સાથે સ્થાનિક શ્રી સંઘના ભાઈ-બહેનોએ મૌનની સાધના કરી.

આ પહેલી જ વાર જૈન વેપારી ભાઈઓએ પોતાની દુકાનો ને પેઢીઓ, શિબિર પ્રવચન સાંભળવા માટે બપોરના ૧૧ પછી જ ખોલી.

અને આ પહેલી જ વાર શિબિરાર્થીઓની સાથોસાથ શ્રી સંઘના ઉત્કટ ધર્માનુરાગી ભાઈ-બહેનોને શ્રાવકના બાર વ્રતોમાંથી કોઈએ એક, વધુ વ્રતો, કોઈએ બારેબાર વ્રત પૂજ્ય આચાર્ય ભગવંતો પાસે વિધિપૂર્વક અંગીકાર કર્યા.

આ શિબિરમાં જોડાયેલા નવયુવાનોએ જીવનમાં પહેલી જ વાર માલેગામમાં એવા ડૉક્ટરો જોયાં કે જેઓ બીડી કે સીગરેટ ન પીતા હોય અને તેમને એ જાણીને પણ આશ્ચર્ય થયું કે માલેગામના જૈન ડૉક્ટરો જૈન કુટુંબમાં બીમારીના સમાચાર જાણતા સ્વેચ્છાએ જ સંબંધિત દરદીને ત્યાં સારવાર માટે દોડી જતાં.

આમ અનેકવિધ રીતે પ્રથમાંક નોંધાવનાર માલેગામમાં યોજાયેલ આ શિબિરમાં તત્ત્વદૃષ્ટા અને તપોનિધિ સંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબે વધુ ૨૧૭ યુવાનોને જૈન તત્ત્વજ્ઞાન અને સૂત્રોની વાચના આપી.

દર વરસની અગાઉની શિબિરોની જેમ આ વરસની શિબિરમાં પણ કૉલેજિયન યુવાનોને પ્રથમ પસંદગી આપી હતી. કુલ ૨૧૭ શિબિરાર્થીઓમાં ૧૦૦ કૉલેજિયન યુવાનો હતા. ૧૦૫ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ હતા. આમાં ૩૫ યુવાનો ગ્રેજ્યુએટ સ્નાતક હતા. માલેગામના ૧૮ યુવાનો હતા. આ બધા યુવાનો રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળ રાજ્યોમાંથી આવ્યા હતા. શિબિરનો પ્રારંભ ૯મી મે ૧૯૭૬ના રોજ થયો હતો. નાસિકવાળા ધર્માનુરાગી શ્રી સુમતિલાલ ચંદુલાલ શાહના અતિથિવિશેષપદે યોજાયેલ સમારોહમાં શ્રેષ્ઠીવર્ય શ્રી ઈન્દ્રચંદજી ગુલાબચંદજી ધોકાએ (આદૌનીવાળા) જ્ઞાનદીપ પ્રગટાવી શિબિરનું મંગળ ઉદ્ઘાટન કર્યું હતું.

શિબિરાર્થીઓને જૈન સૂત્રો અને જૈન તત્ત્વજ્ઞાનના વિષયોની વાચના પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે આપી હતી. જ્યારે શિબિરનું સંચાલન શ્રી કુમારપાળ વિ. શાહે કર્યું હતું.

ત્રણ સપ્તાહ દરમિયાન શિબિરની રોમહર્ષક નોંધપાત્ર કેટલીક મંગળ ઘટનાઓ આ પ્રમાણે છે.

શિબિરના પ્રારંભથી પૂર્ણાહુતિના ૨૧ દિવસ સુધી શિબિરાર્થીઓ અને શ્રી

સંઘને પરમ પૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ સાહેબ, તત્ત્વદૃષ્ટા અને તપોનિધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેમના શિષ્ય-પ્રશિષ્ય આદિ શ્રવણ ભગવંતોનું પ્રેરક અને પવિત્ર સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું.

પૂજ્ય મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ અને પૂજ્ય મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મહારાજે વિવિધ વિષયો પર તલસ્પર્શી અને પ્રભાવક પ્રવચનો આપી યુવાનોના હૈયાઓને ભક્તિના હિલોળે ચડાવ્યા હતા.

શિબિરના બંને સમયના પ્રવચનો સાંભળવા માટે માલેગામ શ્રી સંઘના ભાઈ બહેનો સમયથી અગાઉ આવીને બેસી જતાં. મોડા પડેલાઓ ઊભા રહીને પ્રવચનો સાંભળતાં. પ્રવચન સમયે ગેલેરી, ઓસરી અને દરવાજા બહાર ભરચક ભીડ રહેતી. છતાં ય અપૂર્વ શાંતિ રહેલી.

સામાન્ય રીતે માલેગામમાં દુકાનો અને પેઢીઓ વહેલી સવારમાં ખૂલી જાય છે, પણ પ્રવચનો સાંભળવા માટે જૈન વેપારીઓએ પોતાની દુકાનો અને પેઢીઓ બપોરના ૧૧ પછી જ ખોલી હતી.

માત્ર પ્રવચનોમાં જ નહિ, પરંતુ સ્નાત્રપૂજા, સામાયિક તેમજ રાતના જિનભક્તિ સંગીત કાર્યક્રમોમાં પણ શ્રીસંઘના ભાઈ-બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ બધા ભક્તિ અને સાધના કાર્યક્રમોની મેદની જોઈ જાણે એમ જ લાગે કે માલેગામનો સમગ્ર સંઘ શિબિરની સમ્યક્ તાલીમ લઈ રહ્યો છે !

૧૪મી મે ના રોજ **'અરિહંત'** પદના જાપના કાર્યક્રમમાં તેમજ ૨૭મી મેના રોજ રખાયેલ **"મૌનની સાધના"**ના કાર્યક્રમમાં અભૂતપૂર્વ દૃશ્ય સર્જાયું હતું.

જાપના કાર્યક્રમમાં સૌ રંગબેરંગી માળા લઈને ખૂબ જ શિસ્તથી બેઠા હતાં. દરેકના હોઠ અને હૈયા પર ત્યારે 'અરિહંત'નો નાદ મનમાં ગુંજતો હતો. આંખો દરેકની નવકારવાળીના મણકા પર હતી. એક એક મણકે ચાર ચાર વખત સૌ 'અરિહંત'નું રટણ કરતા. આમ આખા દિવસમાં ૧૨૫ નવકારવાળી ગણી દરેકે ૫૦,૦૦૦ વખત અરિહંતનું એકધાર્યું રટણ કર્યું.

અને આ જાપથી પવિત્ર બનેલા ભવ્યાત્માઓએ ૨૭મી મેના રોજ સવારના સવા પાંચથી રાતના આઠ સુધી અખંડ મૌનની સાધના કરી. પંદર પંદર કલાક સુધી ન કોઈએ કોઈની સાથે વાત કરી, ન કશો કોઈને ઈશારો કર્યો. બંધ હોઠ, બંધ આંખ, મનમાં ચાલતા વિચારો પર સતત ચોકી, ન કોઈ સંકલ્પ ન કોઈ



વિકલ્પ આમ શિબિરાર્થીઓએ અને શ્રી સંઘના ભાઈ-બહેનોએ વાણીના મૌનની અને વિચારના મૌનની પણ તાલીમ લીધી.

ભક્તિ એ એક પ્રચંડ શક્તિ છે. એનો અનુભવ સંગીતકારો શ્રી સત્યપાલજી જૈન, શ્રી લખપતરાય કોચર, શ્રી તનરાજજી કોચર અને શ્રી બંસીલાલ કાંતિલાલ ખંભાતવાળાએ પોતાના જિનભક્તિ સંગીત કાર્યક્રમોથી કરાવ્યો.

શિબિરમાં યોજાયેલ "જીવનમાં ધર્મનું મહત્ત્વ" વિષય પરની વકતૃત્વ સ્પર્ધામાં ભરૂચવાળા શિબિરાર્થી શ્રી રાજેશકુમાર પ્રથમ નંબરે વિજયી બન્યા હતા. આ સ્પર્ધામાં ૧૮ યુવાનોએ ભાગ લીધો હતો.

"તમારી દૃષ્ટિએ શિબિર સંચાલનની ખામી"એ વિષય પર યોજાયેલ સ્પર્ધા ખૂબ જ સરપ્રદ બની હતી. એક યુવાને ખામીમાં લખ્યું હતું. "કોંગ્રેસનાં રાજ્યમાં રેશનીંગની લાઈન અને કુમારપાળની શિબિરમાં સંડાસની લાઈન."

આ હરીફાઈના કારણે દૂર થઈ શકે તેવી ખામીઓ તરત જ દૂર કરવામાં આવી હતી.

વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને તેમજ સેવા, સદ્વ્યવહાર, સાધના અને આરાધનામાં શ્રેષ્ઠ યુવાનોને શ્રેષ્ઠીવર્ય શ્રી સુખલાલજી ફોજમલજી શાહ (માલેગામ)ની ઉદાર ભાવનાથી એમના સ્વહસ્તે બહુમાનપત્રો તેમજ વિવિધ રોકડ પારિતોષિકો અપાયા હતા. આ સમારંભનું અતિથિવિશેષ પદ સંગમનેરના શ્રી સુમતિલાલ દલિચંદ શાહે શોભાવ્યું હતું.

શિબિર દરમિયાન વર્ધમાન સેવા કેન્દ્રના બે ટ્રસ્ટીઓ શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ શાહ (અમદાવાદ) શ્રી પ્રકાશચંદ્ર વિમલભાઈ શાહ (મુંબઈ), અને જૈન ધાર્મિક શિક્ષણ સંઘના કાર્યાલય મંત્રી શ્રી ચીમનલાલ પાલીતાણાકર, દામજીભાઈ છેડા, કુંજીલાલ જૈન, પ્રતાપરાય દલીચંદ દોશી, પ્રવિણચંદ્ર દલીચંદ દોશી, મનસુખલાલ નાનચંદ દોશી અને અશોકભાઈ મોરખીયાની મુલાકાત યાદગાર બની હતી.

સાડા આઠ હજાર રૂપિયાથી પણ વધારે રોકડ ઈનામો, પ્રભાવનાઓ, સંઘપૂજનો, ઉપકરણો, પુસ્તકો ઈત્યાદિ ઉદારતાપૂર્વક યુવકોને અપાયેલ.

આ ઉપરાંત નાસિક, યેવલા, અહમદનગર, જાલના, પીપળગામ, સંગમનેર, અમલનેર, ચોપડા, પાંચોરા આદિ શ્રી સંઘના આગેવાનોએ પણ શિબિરની મુલાકાત લઈ યુવાનોના ધર્માનુરાગની અનુમોદના કરી હતી.

શિબિરના પૂર્ણાહુતિના દિવસે ૨૮મી મેના રોજ શિબિરાર્થી યુવાનો શ્રી સંઘના ધર્માનુરાગી ભાઈ-બહેનો સહિત ૧૪૦ ભાવિક આત્માએ પૂજ્ય આચાર્ય

ભગવંત પાસે વિધિપૂર્વક શ્રાવકના એકથી વધુ વ્રતો અંગીકાર કર્યા હતા.

પૂજ્ય શ્રમણ ભગવંતોના અંતિમ પ્રેરક પ્રવચનો બાદ સંચાલક શ્રી કુમારપાળ શાહે યુવાનોને કહ્યું હતું કે, ૨૧ દિવસની શિબિર પૂરી થઈ છે પણ સાધના પૂરી નથી થઈ. શિબિરમાં પામેલ તાલીમને હવે જીવનમાં રોજેરોજ ઊતારી આત્મસાધનાને સૌએ સતત ચાલુ રાખવાની છે.

શિબિરાર્થીઓએ માલેગામમાંથી વિદાય લીધી ત્યારે માલેગામના શ્રી સંઘના હૈયે પોતાના સ્વજનો દૂર દેશાવર જતાં હોય તેવી વિરહની વેદના ઘુંટાઈ હતી અને સૌએ આંસુભીની આંખે વિદાય લીધી હતી.


શિબિરનું સંચાલન અને આયોજનનું નિરીક્ષણ કરીને અને મુલાકાતી ભાઈએ શિબિર સંચાલક શ્રી કુમારપાળભાઈને પૂછ્યું,

'આવા વિશાળ આયોજનના સફળ સંચાલન પાછળ કયું બળ કાર્ય કરી રહ્યું છે?'

સંચાલકે વિનમ્રતાથી જવાબ આપ્યો,

"તપોમૂર્તિ આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજીના સાધના, જ્ઞાન, તપ, ત્યાગ અને તમન્ના સફળ સંચાલનનું મહાબળ છે. શિબિરની સફળતામાં હું તો માત્ર એક નાનકડું નિમિત્ત છું."

## પ્રવચનમાં લયલીન યુવાનો



## શિબિરની સફળતાભરી પૂર્ણતા

પૂજ્ય આચાર્ય ભગવંતના આશીર્વાદથી અને શ્રુતજ્ઞાનપ્રેમી શ્રી ઈન્દ્રચન્દ્રજી ધોકા (આદૌનીવાળા) બાપુ શ્રી ભાગચંદ દગડુશા (માલેગામ) શ્રી મોતીલાલ વીરચંદ શાહ (માલેગામ)ના ઉદાર આર્થિક સહયોગથી તેમજ માલેગામના સંઘભૂષણ સેવારત્ન શ્રી કાન્તિલાલ વીરચંદ શાહ અને સર્વશ્રી શરદભાઈ વિ. શાહ, હવસીલાલ



પોપટલાલ શાહ, વિનોદભાઈ ભાગચંદ, સુધીરભાઈ રમણલાલ નાણાવટી, શ્રી ગિરીશભાઈ કાન્તિલાલ શાહ અને ડૉ. રાજેન્દ્રભાઈ રમણલાલ મહેતા, ડૉ. રાજેન્દ્ર રમણલાલ નાણાવટી, ડૉ. પ્રદીપભાઈ કે. શાહ, ડૉ. સતીશભાઈ કાન્તિલાલ ગુજરાતી આદિ નામી-અનામી અનેક શ્રુતજ્ઞાન અને સાધર્મી પ્રેમી ભાઈઓના સક્રિય સતત સાથ અને સહકારથી વર્ધમાન સેવા કેન્દ્ર આયોજિત માલેગામની આ શિબિર યશસ્વી રીતે સફળતાથી પૂરી થઈ છે. કેન્દ્ર આ સૌના માટે કૃતકૃત્યતાની લાગણી અનુભવે છે.

## શિબિર આયોજનની સફળતાના સૂત્રધારો

| | | |
|---|---|---|
| શ્રી મધુકર સૌભાગ્યચંદ શાહ | - | સુરત |
| શ્રી જયેશ ચંપકલાલ ભણશાળી | - | કલકત્તા |
| શ્રી ચીનુભાઈ રતિલાલ દોશી | - | મુંબઈ |
| શ્રી રાજેન્દ્ર પ્રાણલાલ શાહ | - | ગંભીરા |
| શ્રી ઉપેન્દ્ર નાનાલાલ શાહ | - | વડોદરા |
| શ્રી શૈલેશ નંદલાલ શાહ | - | વડોદરા |
| શ્રી ભદ્રેશ પ્રાણલાલ શાહ | - | મુંબઈ |
| શ્રી ચંદ્રેશ મૂળચંદ શાહ | - | મુંબઈ |
| શ્રી પરેશ કેશરીચંદ દલાલ | - | સુરત |
| શ્રી નરેશ મનુભાઈ મારફતીઆ | - | સુરત |
| શ્રી મહેન્દ્ર સ્વરૂપચંદ શાહ | - | રામપુરા |
| શ્રી ભરત ચીમનલાલ શાહ | - | બેચરાજી |
| શ્રી શીરીષ રમણિકલાલ શાહ | - | અમદાવાદ |
| શ્રી રાજેન્દ્ર લહેરચંદ શાહ | - | ભાવનગર |
| શ્રી હરેશ ધીરેન્દ્ર ગોરધનદાસ વોરા | - | ભાવનગર |
| શ્રી વીરેન્દ્ર ગોરધનદાસ વોરા | - | ભાવનગર |
| શ્રી રશ્મિકાંત કાંતીલાલ શાહ | - | ભાવનગર |
| શ્રી દીપક નગીનદાસ શાહ | - | ગોધરા |
| શ્રી હસમુખભાઈ સકરચંદ વોરા | - | મુંબઈ |
| શ્રી પંકજ વાડીલાલ શાહ | - | વડોદરા |

## સાધના શિબિરના સાધકો

| | | | |
|---|---|---|---|
| ૧ | ચેતનકુમાર ચંદુલાલ શાહ | - | વઢવાણ |

| | | | |
|---|---|---|---|
| ૨ | નેમચંદભાઈ પ્રેમચંદભાઈ પેથડ | - | દાદર |
| ૩ | પંકજકુમાર હીરાલાલ | - | દહેગામ |
| ૪ | ભરતકુમાર માણેકચંદ | - | દાદર |
| ૫ | હરીશકુમાર લહેરચંદ શાહ | - | ભાવનગર |
| ૬ | વીરેન્દ્રકુમાર ગોરધનદાસ વોરા | - | ભાવનગર |
| ૭ | વીરેન્દ્રકુમાર વિનોદભાઈ શાહ | - | માલેગામ |
| ૮ | જયેશકુમાર ભણશાળી | - | કલકત્તા |
| ૯ | ચંદ્રકાન્ત કાંતીલાલ | - | દાદર |
| ૧૦ | મહેશકુમાર પદમશી શાહ | - | દાદર |
| ૧૧ | જીતેન્દ્ર સેવંતીલાલ શાહ | - | પીપળગામ |
| ૧૨ | સુરેશકુમાર અમૃતલાલ | - | સંગમનેર |
| ૧૩ | કાંતિલાલ મોતીલાલ | - | દાદર |
| ૧૪ | જીતેન્દ્ર પદમશી શાહ | - | દાદર |
| ૧૫ | ધીરજકુમાર છેડા | - | મુલુંડ |

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૪,અંક-૪૨,તા.૩-૭-૧૯૭૬

## માઉન્ટ આબુ અચલગઢ તીર્થમાં શિબિરનું સફળ આયોજન

તારીખ ૧૩-૫-૭૬ના દિવસે પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પ્રશિષ્ય મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મ. અને પૂ. મુનિરાજ શ્રી ગુણરત્નવિજયજી મ ની શુભ નિશ્રામાં શરૂ થએલ આ શિબિરમાં રાજસ્થાન. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્ર અને મૈસુર પ્રાંતના ૪૬ ગામોના ૭૭ કોલેજીઅન અને ૮૯ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વૈશાખ વદ ૮ના દિવસે મુનિ શ્રી ગુણરત્નવિજયજી મ ની ૪૬મી વર્ધમાન તપની ઓળીના પારણાના દિવસે ૯ અઠ્ઠમ અને ૧૦૬ ઉપવાસ શિબિરાર્થીઓએ કરેલ. કેટલાક વિદ્યાર્થીઓએ સિનેમા ત્યાગ જાવજ્જીવ સુધી કરેલ. વૈશાખ વદ ૧૧ દિવસે પરમ પૂજ્ય સ્વર્ગસ્થ સિદ્ધાન્ત મહોદધિ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબની ૮ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદની સભા થઈ તેમજ કેટલાક વિદ્યાર્થીઓએ પણ ઉપવાસ વગેરે તપ કરેલ.

શિબિર દરમિયાન એજ્યુકેશન કમિશનર શ્રી જગન્નાથ મહેતાએ શિબિરની મુલાકાત લઈને જણાવ્યું હતું કે કૉલેજ અને યુનિવર્સિટીઓમાં જે શિક્ષણની ત્રુટી છે, તેની આ શિબિર પૂર્તિ કરે છે. આત્મા, પરમાત્મા, કર્મવાદ વગેરેનું જ્ઞાન આપવામાં આવે છે, તેની આજે ઘણી જરૂર છે.

શિબિરની પરીક્ષાનું પરિણામ ૮૦ ટકા આવ્યું. યોગ્યતાનુસાર ૫ ગોલ્ડમેડલ, ૩ સિલ્વર મેડલ, ૧૬ પૂજાની આર્ટસિલ્ક જોડ, ૧૫ સામાયિકની જોડ, ૨૫ પૂજાની પેટીઓ, ૫૦ દેરાસરની ડબીઓ, ૫૫ ચરવાલા વગેરે ધાર્મિક ઉપકરણો ઇનામ તરીકે આપવામાં આવ્યા. **શિબિર દરમિયાન ભવ્ય આરાધના :-** અઠ્ઠમ ૧૦, છઠ્ઠ ૨, ઉપવાસ ૧૧૮, આયંબિલ ૨૭, એકાસણા ૫૯, બિયાસણા ૩૨૮ અને સામાયિક ૭૮૫૦ થયા.

## શિબિરમાં જાવજ્જીવ સુધી પોતાની ઇચ્છાથી કરેલ દૃઢ સંકલ્પો

(૧) સિનેમા ત્યાગ, શિબિરાર્થીની સંખ્યા ૧૨, (૨) રાત્રિભોજન ત્યાગ ૧૩, (૩) જિનપૂજા ૧૯, (૪) ધૂમ્રપાન ત્યાગ ૪૭, (૫) સપ્ત વ્યસન ત્યાગ ૫૨, આ સિવાય માબાપને પગે લાગવું, ચા ત્યાગ, વિગઈ ત્યાગ, દ્રવ્યનો નિયમ, હોટલ ત્યાગ, વગેરે ઘણા સંકલ્પો શિબિરાર્થીઓએ કરેલ, જેથી વિદ્યાર્થીઓના જીવનમાં નવી ચેતના પ્રગટ થઈ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૫,અંક-૩૫,તા.૧૪-૬-૧૯૭૭

## નાસિક નગરે ભવ્ય શિબિર પ્રારંભ લગભગ ૬૫ ગામ-નગરોમાંથી ૨૩૦ વિદ્યાર્થીઓનું આગમન.

જેની કેટલાય દિવસોથી આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનો અત્રે ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં પ્રારંભ થઈ ગયો છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજને મુંબઈ-શ્રીપાળનગર સંઘની શિબિર પર પધારવા માટે તથા લાલબાગ સંઘની ચાતુર્માસ માટે ખૂબ જોરદાર વિનંતી હતી. પરંતુ નાસિક શ્રી સંઘને અમલનેર મુકામે થયેલ ૨૬ દીક્ષાઓ પ્રસંગે શિબિર પર પધારવા માટે વચન આપેલું, તેથી મુંબઈથી તેઓશ્રી વૈ.સુ. ૪ ના વિહાર કરી અત્રે મહાવીર સોસાયટીમાં વૈ.વ. ૧ ના રોજ સામૈયા સહ પધારી ગયા. સોનામાં સુગંધ ભળે તેમ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્

વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અત્રે વૈ.વ. ૨ ના મહાવીર સોસાયટીમાં સ્વાગત-સામૈયાં સહ પધાર્યા...

વૈ.વ. ૫ ના સૂર્યોદય પહેલા શિબિરનો પ્રારંભ થવાનો હોઈ ત્રણે ય પૂજ્યપાદ આચાર્ય ભગવંતો આદિ વિશાળ પરિવાર ગામ બહાર 'બિટકો' હાઈસ્કૂલમાં પધાર્યા. અને ત્યાં ૬૫ ગામના લગભગ ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓ આવી જતાં નમસ્કાર મહામંત્રની પ્રાર્થના પૂર્વક શિબિરની શરૂઆત થઈ. ત્યાંથી બરાબર ૮ વાગે ત્રણે ય પૂજ્યોનો ભવ્ય સામૈયા પૂર્વક નગર પ્રવેશ શરૂ થયો. મુખ્ય મુખ્ય રસ્તાઓ પર ફરીને સામૈયું લગભગ ૯ વાગે પ્રેમસૂરીશ્વરજી જૈન પૌષધશાળામાં ઊતર્યું.

શિબિરના ઉદ્ઘાટક શ્રાદ્ધવર્ય શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીયા તથા અતિથિ વિશેષ તરીકે મુંબઈથી આવેલા શ્રી કુંદનભાઈ ઝવેરી અને શ્રીયુત જે.આર. શાહ તથા બહારગામથી પધારેલા અનેક આગેવાનોની હાજરીમાં શિબિરની શુભ શરૂઆત થઈ.

પ્રારંભમાં શ્રી જયેશ ભણશાળીએ મંગળગીત ગાયા બાદ શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીયાએ અજ્ઞાનરૂપી અંધકારને હટાવવા માટે શરૂ થયેલી આ સમ્યક્જ્ઞાનની જ્યોત સહુના દિલમાં પ્રગટે તેના પ્રતીક રૂપે ઉલ્લાસમય વાતાવરણમાં દીપક પ્રગટાવ્યો. અતિથિવિશેષ તરીકે પધારેલા બંને મહાનુભાવોને શિબિરના અભ્યાસક્રમમાં ચાલનારા પુસ્તકો પૂજ્યોને વહોરાવી, જ્ઞાનપૂજન-ગુરુપૂજન કર્યું.

સુમતિલાલ ચંદુલાલે ઉદ્ઘાટક તથા અતિથિવિશેષના પરિચય આપ્યા બાદ કુમારપાળ વિ. શાહ કે જેઓ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં અત્રે શિબિર-સંચાલન માટે આવી ગયેલા. તેમણે આ શિબિરની શરૂઆત કેવી રીતે થઈ ? પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની શુભાશિષથી તથા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના સંયમ-તપ-ત્યાગના બળથી આ શિબિરે લગભગ ૫૦૦૦ જેટલા ગુમરાહ નવયુવકોનું કેવું સુંદર આધ્યાત્મિક ઘડતર કર્યું છે ઇત્યાદિ જણાવ્યું.

અમૃતભાઈએ વર્તમાનકાળમાં આવી શિબિરોની ખૂબ ખૂબ જરૂર છે તેમ જણાવ્યું. જે.આર. શાહે 'આ શિક્ષણ વિના યુનિવર્સિટીઓનાં શિક્ષણ જીવનને કોઈ સાચી દિશા બતાવતાં નથી.' ઇત્યાદિ જણાવી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું. આ સિવાય અન્ય વક્તાઓનાં પણ પ્રસંગ અનુસાર સુંદર વક્તવ્યો થયા.

ત્યારબાદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પ્રવચન આપતાં જણાવ્યું કે 'રાગ અને દ્વેષની ખતરનાક પ્રવૃત્તિનાં કારણે આ જીવ



અનંતકાળથી અવિરતપણે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એ પરિભ્રમણ ખતમ તો જ થાય જો આત્મામાં જ્ઞાનનો પ્રકાશ થાય. તપથી કર્મના કચરાની સાફસૂફી થાય અને સંયમથી નવા આવતાં કર્મોના કચરા અટકી જાય. તે માટે પરમાત્મા અને પરમાત્માની અચિંત્ય તાકાત પર શ્રદ્ધા રાખવી. પ્રાર્થનાથી જ ઇષ્ટસિદ્ધિ ઇત્યાદિની ખૂબ સુંદર છણાવટ કરી. ત્યારબાદ સર્વમંગલ માંગલ્યમૂથી સમારોહ પૂર્ણ થયો. આમ શિબિર ખૂબ ઉલ્લાસભર્યા વાતાવરણમાં શરૂ થઈ છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૩,અંક-૩૮,તા.૭-૬-૧૯૭૫

## શિહોર જૈન તત્ત્વજ્ઞાન-શિબિરની ફલશ્રુતિ

• **શિહોર :** જૈન સંઘના ઉત્સાહી કાર્યકર જયસુખભાઈ જે. એ પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. ના આશીર્વાદ મેળવી પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા મુનિ હેમચંદ્રવિજયજી મ શ્રીની નિશ્રામાં ચૈત્ર વદ ૮થી ૧૭ દિવસની જૈન ધાર્મિક સંસ્કરણની શિબિર યોજી. જેમાં મુંબઈ અમદાવાદ - ભાવનગર - શિહોર - ટાણા - મહુવા - અમરેલી - સુરેન્દ્રનગર - વઢવાણ - વડોદરા - પાટણ - કચ્છના ૧૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. ૮૦ મોટા વર્ગમાં, ૩૦ નાના વર્ગમાં હતા. વડોદરાના સેવાભાવી કાર્યકર શ્રી કીરિટભાઈ ધ્રુવે તથા શાંતસ્વભાવી દીપકભાઈએ સંચાલન સંભાળી લીધું.

પ્રાતઃ ૬ વાગે સમૂહમાં સામાયિક-પ્રાર્થના- સ્તુતિબાદ સૂત્રોના ભાવાર્થ દૃષ્ટાન્ત સાથે મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. સમજાવતા. ત્યારબાદ સમૂહ જિનદર્શન-ચૈત્યવંદન કરી નવકારશી કરતા.... કેટલાક વારાફરતી આયંબિલ, બેસણા તથા એકાસન કરતા, સવાર-સાંજ પ્રતિક્રમણ કરતા, ૫ કલાક વાચનામાં ઘણાઓ સામાયિક કરતા.

૯ વાગે પૂ. મુનિરાજ રાજેન્દ્રવિજયજી મ. ધર્મરત્નની યોગ્યતાના ૨૧ ગુણો અને શ્રાવકના ૩૬ કર્તવ્યો 'મન્નહ-જિણાણં' સજ્ઝાયના આધારે રોચક શૈલીમાં બોધક દૃષ્ટાંત સાથે વર્ણનથી સમજાવતા... પછી મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. તત્ત્વજ્ઞાનના વિષયમાં જીવની ઓળખ-સિદ્ધિ, નવતત્ત્વની સમુજતી-૮ કર્મની સમજુતી-પેટા ભેદો-બંધના કારણો- છુટવાના ઉપાયો... વગેરે સમજાવતા. બપોરના ૩ વાગે પૂ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. મોક્ષમાર્ગના વિષયમાં અનાદિ આત્માની અશુદ્ધ અવસ્થા, પુદ્ગલપરાવર્ત-ચરમાવર્ત અપુનર્બંધક-માર્ગાનુસારી જીવન-સમકિત

પ્રાપ્તિ વગેરે વર્ણન થયું. ૨૨ અભક્ષ્યની માર્મિક સમજુતી કરતા ઘણાઓએ ત્યાગ કર્યો. સાથે ધ્યાનના વિષયમાં આર્ત-રૌદ્રના ૪ ભેદોની સમજમાં મનને દુર્ધ્યાનથી બચાવી લેવા વારંવાર તત્ત્વચિંતન અને મનને વાળી લેવા સમજુતી કરાઈ. ત્યારબાદ પૂ. શ્રી હેમચંદ્રવિજયજી મ. 'જયવંતુ જૈન શાસન' વિષયમાં આપણા ખમીરવંતા પૂર્વજો, રોમરોમમાં શાસનની ધગશ-વફાદારી અને પ્રાણની આહુતિ આપી શાસનની કેવી કેવી રક્ષા પૂર્વ-પુરુષોએ કરી... એ વાત વીરરસથી વર્ણવતાં સૌ મુગ્ધ થતા અને કલ્યાણકારી શાસનનું ગૌરવ સંઘ અને તીર્થની દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની વિશેષતાઓની સમજુતી કરાઈ... સાંજના પ્રાર્થના.... વકતવ્યો-સૂચનાઓ વગેરે કરી સ્વાધ્યાય-નોટ કરી સૌ આરામ લેતા.

જુદા જુદા ભાઈઓ તરફથી સવાર-બપોર-સાંજ સાધર્મિકભક્તિ થતી. સંઘના ભાઈઓ જયસુખભાઈ, જે. ટી. સ્વરૂપભાઈ વિ. દેખરેખ રાખતા.

સપ્તાહ પછી બધા વિષયની લેખિત પરીક્ષા લેવાઈ. ચે. વ. ૧૪-૩૦ના મોક્ષના અંગભૂત તથા ભવસ્થિતિ-પરિપાકના કારણભૂત ચત્તારિશરણ સાથે દુષ્કૃતગર્હા વિસ્તારથી આયંબિલના તપ સાથે થઈ. સંઘના નાના-મોટા ભાઈ-બેનો જોડાતાં ૨૦૦ આયંબિલ થયા. બીજા દિવસે સુકૃત-અનુમોદનનો ભવ્ય કાર્યક્રમ થયો. બીજા સપ્તાહ બાદ પુનઃ લેખિત પરીક્ષા થઈ.

૩૦ નાના બાળકોને ૫ કલાક વાચના પૂ. મુનિરાજશ્રી જયંતિલકવિજય મ શ્રી આપતા. સિનેમા બદી અંગે નિબંધ હરીફાઈ થઈ, જિનભક્તિ-સ્તવન સ્પર્ધા થઈ. વૈ. સુદ ૮ના દિવસે વિહાર કરી પધારેલા પૂ.પં. શ્રી ચિદાનંદ વિજય મ. શ્રીની નિશ્રામાં ઇનામી મેળાવડો યોજાયો. સંચાલક શ્રી કીરિટભાઈએ બે અઠવાડિયાના ટૂંકા ગાળામાં બાળકોએ કેટલો અભ્યાસ કર્યો, કેવા કેવા વ્રત-નિયમો લીધા, ઉપવાસ-આયંબિલ- એકાશન-બેસણા વિ.ની તપશ્ચર્યા કરી સામાયિક-પ્રતિક્રમણ ક્રિયામાં રસ ધરાવ્યો વગેરે કહ્યું. પૂ. પંન્યાસજી મ. શ્રી એ સમ્યક્ જ્ઞાનનો મહિમા કહ્યો. આજે અનર્થકારી તત્ત્વોમાં યુવાવર્ગ સપડાઈ રહ્યો છે, તેમાં ખતરનાક, લાંબાવાળ, સિનેમા, ટી.વી. તથા કનિષ્ઠ વાંચનાદિ છે. તેનાથી દૂર રહેવા ખૂબ જ ભાર આપ્યો... તુરત જ કેટલાકોએ ત્યાં જ જીવનભર સિનેમા ત્યાગની પ્રતિજ્ઞા લીધી. પૂ. મુનિશ્રી રાજેન્દ્રવિજયજીએ તથા મુનિશ્રી હેમચંદ્રવિજયજીએ પ્રેરક-રોચક-શૈલીમાં સુસંસ્કારનું સ્થિરીકરણ-દઢતા માટે પ્રવચન આપ્યું. ભાવનગરથી પધારેલ મહાસુખભાઈએ કહ્યું કે એક મહાત્માએ મને પૂછ્યું કે કેટલા વાગે સૂવો છો ? કેટલા વાગે ઊઠો છો ? શું ખાવ-પીઓ છો ? કેવા કપડા પહેરો છો ? ક્યાં ક્યાં જાવ છો ? શું વાંચો છો ?



કેવું બોલો છો ? આ બધામાં નાસીપાસ થાઉં તેવી પરિસ્થિતિ થઈ ! જ્યાં સુધી માણસ સ્વચ્છંદતાનો ઢાંચો ન બદલે ત્યાં સુધી સુસંસ્કરણ દુર્લભ છે. પાત્રતા લાયકાતનો દિન દિન નાશ થઈ રહ્યો છે.... ત્યારે આ અપૂર્વ તત્ત્વજ્ઞાન સંસ્કરણ બાળજીવોમાં શ્રદ્ધાબળ અને આચાર-શુદ્ધિના બીજ પાડી જરૂર ભાવી સુંદર બનશે એવી આશા રહે છે. સંઘના શ્રેષ્ઠિશ્રી પ્રાગજીભાઈ ઝવેરભાઈ તરફથી રૂા. ૧૫૦૦/-ના ઇનામો તથા બીજા ૩૦૦/નું પ્રોત્સાહન બાળકોને આપ્યું. વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસના સિદ્ધગિરિ સંઘનું નક્કી થયું. મઢડા મુકામે વઢવાણના ચેતનકુમાર તથા ન્યાલચંદભાઈ તરફથી નવકારશી થઈ. બપોરના ઇચ્છુભાઈ તથા અરવિંદભાઈ ભાવનગરવાળા તરફથી ભક્તિ થઈ. પાલીતાણા ઉલ્લાસભર વાજતે ગાજતે પ્રવેશ થયો તથા દાદાની યાત્રા થઈ, સંઘમાં કનકબેને બે દિવસ વિદ્યાર્થીઓની વિવિધ દ્રવ્યોથી ભક્તિ કરી.. સૌ દુઃખાતા હૃદયે છુટા પડ્યા. શ્રી શિહોર સંઘના સહકારથી તથા જયસુખભાઈની દેખરેખ અને ભોગથી શિબિરનું કાર્ય નિર્વિઘ્નપણે અનુમોદનીય બન્યું.

**"દિવ્ય-દર્શન" - "શિબિર"** **વર્ષ-૨૬,અંક-૩૬,તા.૬-૫-૧૯૭૮**

● **ધુળિયા શિબિર** : આ વખતની મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષણ શિબિર ધુળિયા યુવક મંડળની આગ્રહભરી વિનંતીથી ધુળિયા ખાતે તા. ૧૪ મે વૈ. સુ. ૭ રવિવારથી યોજાવાનું નક્કી થયું છે. શિબિર પ્રવેશ માટે શિબિર સંચાલક શ્રી કુમારપાળભાઈ વિ. શાહને (૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪) લખવું. શિબિર બોર્ડિંગમાં યોજાશે, અને એમાં પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. પ્રવચનો આપશે. એમાં વિશ્વદર્શન, આત્માનું સહજ-ઔપાધિક સ્વરૂપ, કર્મથિયરી, જૈન આચાર, મોક્ષમાર્ગ, ધ્યાન, જૈન ઇતિહાસ, વગેરે પર પ્રકાશ અને શ્રદ્ધા-સચ્ચારિત્રની ભવ્ય પ્રેરણા પ્રોત્સાહન આપવામાં આવશે.

❋ **શિબિરમાં ભાગ ન લઈ શકવા માટે અફસોસ ન કરો.**
**તમે પણ તેનો લાભ લઈ શકો છો...**

❋ શિબિર સાધર્મિક યુવાનોનું સહજીવન છે : અધ્યયન તેની આંખ છે. આરાધના તેની પાંખ છે.

રૂા. ૧,૫૦૦ આખા દિવસની સાધર્મિક ભક્તિના
રૂા. ૬૦૦ બપોરની સાધર્મિક ભક્તિના

રૂા.     ૫૦૦  સાંજની સાધર્મિક ભક્તિના

રૂા.     ૭૦૦  સવારની નવકારશી સાધર્મિક ભક્તિના

રૂા.  ૫,૦૦૦  પુરસ્કાર-ઈનામ વિતરણ ઇત્યાદિ.

આપ આપની રકમ 'વર્ધમાન સેવા કેન્દ્ર'ના નામે મોકલી શકશો. સંસ્થા ઈન્કમટેક્ષ માફીપત્ર ધરાવે છે.

આપ જો આ પાવન કાર્યમાં આર્થિક સહકાર નથી આપી શકતા તો તે માટે પ્રેરણા પણ કરી શકો છો. તે પણ શક્ય ન હોય તો -

આપના યુવાન પુત્રને ધુલિયા શિબિરમાં મોકલો તેને જૈન ધર્મ, સંસ્કૃતિ, સદાચાર અને સરકારની સક્રિય સમજ મેળવવા માટે પ્રેરણા કરો.

- **ઉનાળાની રજાઓમાં મહારાષ્ટ્રના ધુલિયા ગામે જૈન ધાર્મિક શિક્ષણ શિબિર માત્ર એસ.એસ.સી. અને કૉલેજના મહારાષ્ટ્રના યુવાનોને જ પ્રવેશ અપાશે.**

પ્રતિ વર્ષ યોજવામાં આવતી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન મે માસમાં વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈના આશ્રયે આ વર્ષે મહારાષ્ટ્રમાં ધુલિયા કરવાનું નક્કી કર્યું છે. ૧૪ મે થી શરૂ થનારી આ શિબિર પંદર દિવસની રહેશે. એસ.એસ.સી. અને કૉલેજના મહારાષ્ટ્રભરના યુવકોને જ માત્ર પ્રવેશ અપાશે. આ સિવાયના કોઈ બીજા પ્રાંતના વિદ્યાર્થીઓએ પ્રવેશ પત્ર મંગાવવા નહિ.

જૈન તત્ત્વજ્ઞાન, સૂત્ર-અર્થ રહસ્ય, જૈન આચાર અને જૈન ઇતિહાસ અને સંસ્કૃતિ વિષેની વાચના આપવા અર્થે શિબિર વાચનાદાતા, ન્યાયવિશારદ પ.પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ સાહેબે પધારવાનું સ્વીકાર્યું છે. શિબિરમાં પ્રવેશ નિઃશુલ્ક રહેશે. પ્રવેશપત્રની તમામ વિગતો સંપૂર્ણ ભરી મોકલવી જરૂર છે. નિવાસ, ભોજન ઇત્યાદિની વ્યવસ્થા સાધર્મિક ભક્તિરૂપે રહેશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા યુવાનોએ કાર્યાલયથી પ્રવેશપત્ર મેળવીને સત્વરે ભરી મોકલવું જરૂરી છે.

**શિબિર સંચાલક, કુમારપાળ વિ. શાહ**

**વર્ધમાન સેવા કેન્દ્ર, ૬૮, ગુલાલવાડી, બીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૪.**

- **આબુ શિબિર :** અત્રે તા. ૨૮ મે થી તા ૧૨ જૂન સુધી ૧૬ દિવસ માટે આધ્યાત્મિક જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં આત્મા, પરમાત્મા ધ્યાન કર્મ, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઇતિહાસ વગેરેનું જ્ઞાન હિન્દી અને અંગ્રેજી માધ્યમથી આપવામાં આવશે. શિબિરમાં ભારતના દરેક પ્રાંતમાંથી મેટ્રિક અને કોલેજીયન વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. રાજસ્થાનના હિન્દી માધ્યમથી ભાગ



લેનાર અને અંગ્રેજી માધ્યમથી ભાગ લેનાર કોઈ પણ પ્રાંતના વિદ્યાર્થીઓને આવવા જવાનું ભાડું પણ સંસ્થા આપશે. રહેવા અને જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક (ફ્રી) રહેશે. શિબિર સમાપ્ત થયે પદક, પ્રમાણપત્ર આદિ પારિતોષિક વિતરણ થશે. પ્રવેશપત્ર નીચેના સરનામેથી મંગાવી ૧-૫-૭૮ સુધી મોકલી આપવું.

**સરનામું : આધ્યાત્મિક જ્ઞાન શિબિર,**

**C/o, કુમાર એજન્સીજ (ઇન્ડિયા) ૪૪, ખાડીલકર રોડ, મુંબઈ-૪૦૦૦૦૪**

**"દિવ્ય-દર્શન" - "શિબિર"**   **વર્ષ-૨૬,અંક-૩૮,તા.૨૦-૫-૧૯૭૮**

## જૈન શિબિરનો ધુલિયામાં પ્રારંભ

"રાગ-દ્વેષથી પર અરિહંત પરમાત્મા અચિંત્ય પ્રભાવી છે. એમની ભક્તિથી ચિંતવેલું તો મળે, ન ચિંતવેલું પણ અખૂટ આવી મળે. આપણી આરાધનાનું કેન્દ્ર અરિહંત ભગવાન છે. એમનું દર્શન, સ્મરણ, વંદન, પૂજન, ભક્તિ આપણને એ પદ આપવા સુધી સમર્થ છે. જરૂર છે સમર્પિત 'નમો'ની નમસ્કારની. પશ્ચિમના લોકો ઈશ્વરતત્ત્વની શ્રદ્ધા, પ્રાર્થના તરફ દોટ મૂકી રહ્યા છે જ્યારે આપણે તો પુણ્ય, પાપ, લોકપરલોકની શ્રદ્ધાવાળા છીએ. આપણી ભક્તિ કેવી હોય ? આપણે અરિહંત પરમાત્માનો પરિચય કરીએ, તો આપણું જીવન બદલાયા વિના રહેશે નહીં. રાગ-દ્વેષના પાપમય જીવનને બદલવા માટે અરિહંત પરમાત્માની ભક્તિ સબળ છે."

ઉપરોક્ત વિચારો ન્યાયવિશારદ પ.પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે તા. ૧૪-૫-૬૮ ના રોજ ધુલિયા નગરમાં આયોજિત જૈનધાર્મિક શિક્ષણ શિબિરના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે વ્યક્ત કર્યા હતા.

ઓસવાલ જૈન બોર્ડિંગ ધુલિયાના હોલમાં મંગલાચરણ કરતાં નિઃસ્પૃહી આચાર્યશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. સાહેબે "જ્ઞાનનું ફળ વિરતિ છે, આ શિબિરથી એ ઉદ્દેશ્ય સાર્થક બને." એવા આશીર્વાદ આપ્યા હતા.

જગદ્ગુરુ જૈન મિત્રમંડળના આશ્રયે યોજાયેલ આ પંદરમી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનો પંદર દિવસ માટેનો મંગળમય પ્રારંભ જ્ઞાનના પ્રતિકરૂપ દીપક પ્રગટાવવાપૂર્વક ધુલિયાના શ્રી રમેશકુમાર જુગરાજજી બડેરે કરેલ. યુવાનોને આશીર્વાદ આપવા પૂર્વક દરેક યુવાનને તિલક કરીને ૧-૧ રૂપિયાથી સંઘપૂજન કરવા સાથે રૂા. ૪૦૦૧ શિબિરફંડમાં ઉદારતાપૂર્વક જાહેર કરેલ.

અમલનેર નિવાસી શ્રેષ્ઠિવર્ય શ્રી ખેતમલજી કોઠારીએ પૂજ્ય આચાર્યશ્રીને પુસ્તકો અર્પણ કરી જ્ઞાનપૂજન કર્યું હતું, અને પૂજ્યશ્રીને વિનંતી કરી હતી કે, સમ્યગ્જ્ઞાનના માધ્યમથી અમારા જીવનને પ્રકાશથી છલકાવી દો. પૂજ્યશ્રીના પરિશ્રમની ગદ્ગદ કંઠે પ્રશંસા કરવાપૂર્વક રૂા. ૨૦૦૧નો સહયોગ જાહેર કરેલ.

શિબિરનું સંચાલન કરી રહેલા શ્રી કુમારપાળ વિ. શાહે જણાવ્યું કે, "અચલગઢ, પાટણ, ખંભાત, પિંડવાડા, અમદાવાદ, મલાડ, પાલનપુર, કપડવંજ, કલકત્તા, પાલીતાણા અને માલેગામ અને નાસિક નગરમાં ગતવર્ષોમાં આવી સફળ શિબિરોના આયોજન શ્રી સંઘના સહકારથી થયા છે. આ શિબિર ધુલિયાના જગદ્ગુરુ જૈન યુવકમંડળના આશાસ્પદ ઉત્સાહી યુવાનોના જબ્બર પુરુષાર્થથી યોજાઈ રહી છે, જે બેમિસાલ છે. ગામેગામથી શિબિરમાં આવેલા યુવાનોનું હૃદયના ભાવપૂર્વક સ્વાગત કરું છું. સમ્યગ્જ્ઞાનના આ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે આર્થિક આત્મભોગ આપનાર ધુલિયાના ભાઈઓનો આભાર માનું છું. યુવાનો શ્રી સંઘના પરિશ્રમ અને પૈસા ને આરાધનાને જીવનમાં ધબકતી કરીને સાર્થક કરશે જ." એવી ખાતરી આપી હતી.

પૂજ્ય આચાર્યશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પ.પૂ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.સા. લિખિત 'પ્રશમરતિ' ગુજરાતી પુસ્તકની સમર્પણવિધિ મુંબઈના શ્રી દામજીભાઈ કુંવરજી છેડાના હસ્તે કરાઈ. પૂ. આચાર્યશ્રીના જૈનધર્મનો પરિચય' પુસ્તકની ચોથી પરિવર્તિત આવૃત્તિની પ્રકાશનવિધિ મહારાષ્ટ્રરત્ન શ્રી મિશ્રીલાલજી કોઠારી હસ્તે કરાઈ.

શ્રી લાલચંદજી રાઠોડે યુવકમંડળવતી નિવેદન કર્યું. શ્રી મોતીલાલજી, શ્રી પ્રેમચંદજી નાહર, અને પ્રકાશ છાજેડે જ્ઞાનભક્તિના મહિમાનું ભાવવાહી ગીત ગાયું.

મુંબઈથી આ પ્રસંગે શ્રી દામજીભાઈ છેડા, શ્રી જયંતિલાલ મયાભાઈ શાહ, શ્રી ભાનુભાઈ સી. શાહ, શ્રી ગિરીશભાઈ ભણસાલી, શ્રી પ્રકાશચંદ્ર વિ. શાહ ઈત્યાદિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત નાસિક, માલેગામ, જલગાંવ, ઈત્યાદિ સંઘોના અગ્રણીઓ પધારેલ. મુંબઈના બાબુ પૂનચંદ તો શિબિરવિદ્યાર્થીની જેમ આરાધનામાં જોડાઈ ગયા છે. પૂ. આચાર્યશ્રીના સતત ચાર પ્રવચનોમાં વૈરાગ્યવાણી વહી રહી છે, જ્યારે પ.પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.સા. ભવ્યતા અને દિવ્યતા ભરેલા આપણા જૈન ઈતિહાસના રસતરબોળ પ્રવચન આપી રહ્યા છે. લગભગ ૧૦૦ જેટલા સાધુ સાધ્વીજી મહારાજો ૧૫૦ શિબિરાર્થી યુવાનો અને



શ્રીસંઘ રત્નત્રયીની આરાધનામાં મગ્ન બની રહ્યા છે. તા. ૨૮-૫-૭૮ ના આ જ્ઞાનમહોત્સવની પૂર્ણાહુતિ થશે. આ આયોજનની સફળતા માટે મુંબઈના શ્રી નલિનભાઈ શાન્તિચંદભાઈ ઝવેરીનો મૌન સહયોગ અનુમોદનીય બની રહેશે. શ્રી જગદ્ગુરુ જૈન યુવક મંડળ ધુલિયાના શ્રી સુરેશકુમાર મુથા, સુરેશકુમાર બડેર, શ્રી સુભાષ મુણોત, શ્રી પ્રેમચન્દ નાહર, શ્રી પ્રકાશ છાજેડ, સુભાષચંદ્ર નાહર, શ્રી વિનુભાઈ શાહ આદિ સતત કાર્યમાં ખડેપગે લાગી ગયા છે. શ્રી મધુકર શાહ સુરત, શ્રી હરનીશ શાહ માંડવી, શ્રી જયેશ ભણસાળી કલકત્તા અને શ્રી રાજુ છેડા મુંબઈ ઈત્યાદિ ભૂતપૂર્વ શિબિરવિદ્યાર્થીઓ સંચાલનમાં સેવા આપી રહ્યા છે.

## "દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૬,અંક-૪૧,તા.૧૦-૬-૧૯૭૮

● **ધુળિયા :** અત્રે ૧૪ મી મે થી શરૂ થયેલી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં પૂરી થઈ. શિબિરની જાહેરાત મોડી થઈ હોવાથી તથા જાહેરાતમાં 'માત્ર મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ જ લેવામાં આવશે' તેવું ભૂલમાં છપાઈ જતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છતાં ય ૧૩૫ જેટલી થઈ. આ શિબિર માત્ર ૧૫ દિવસની જ હોવાથી વ્યાખ્યાનમાં કથાઓ ઓછી અને પદાર્થો વધુ આપવામાં આવ્યા... વિદ્યાર્થીઓ આ દરેક પદાર્થોને ખૂબ સારી રીતે ઝીલતા. વ્યાખ્યાનો પૂરા થયા બાદ હરવા-ફરવાને બદલે એ પદાર્થોની વ્યવસ્થિત નોટ કરી લેતા. ૧૫ દિવસની આ શિબિરમાં બે વખત વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી. વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી જહેમત ઉઠાવીને પરીક્ષા આપી પરિણામ પણ સુંદર આવ્યું. વચ્ચે મુંબઈથી શ્રીયુત સત્યપાલજી જૈન આવેલા. પોતાના જ બનાવેલા પ્રભુભક્તિના ગીતો મધુર અને ભાવવાહી સ્વરે ગાઈને વિદ્યાર્થીઓને ભક્તિરસમાં તરબોળ બનાવી દીધા, સત્યપાલજીએ પણ આધુનિક વિદ્યાર્થીઓને ધર્મશ્રદ્ધાથી ધર્મપ્રવૃત્તિમાં મગ્ન બનતા જોઈ શિબિર આર્થિક સહકારમાં ઉત્સાહથી રૂા. ૧૦૦૦ નો સુકૃતનો લાભ લીધો.

માર્ગાનુસારીના ૩૫ ગુણો, આત્માના ષટ્સ્થાન, જગત્કર્તા ઈશ્વર નહિ, સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર, પરમાત્મ મંદિરમાં સાચવવાની ૧૦ ત્રિક, આત્માના અસ્તિત્વની દલીલો, નવાંગી પૂજા, અષ્ટપ્રકારી પૂજાના રહસ્યો ઈત્યાદિ અનેક પ્રકારના પદાર્થોને આવરી લેતા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના ત્યાગવૈરાગ્ય ભરપૂર પ્રવચનોએ વિદ્યાર્થીઓને

ખૂબ જ પ્રભાવિત કરી દીધા.

૨૯ મી મે ના રોજ સવારના વિદ્યાર્થીઓ 'જૈનં જયતિ શાસનં'ના નારાઓ લગાવતા ગામના જિનમંદિરે દર્શન કરવા ગયા. સવારના ૮ાા વાગે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા, સામાયિક તપશ્ચર્યા ઈત્યાદિ આરાધના કરનારા વિદ્યાર્થીઓનું બહુમાન કરવાનો સમારોહ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઊજવાયો. શિબિરસંચાલક કુમારપાળ વિ. શાહ અન્ય યુવકો વગેરેના પ્રાસંગિક વક્તવ્યો થયા. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે જીવનની પવિત્રતા જાળવવા માટે સિનેમા વગેરેનો ત્યાગ કેટલો આવશ્યક છે, ચિત્તની પ્રસન્નતા ટકાવવા ત્રિભુવનપતિ પરમાત્માની ભક્તિ કેટલી અજોડ તાકાત ધરાવે છે ઈત્યાદિનું ખૂબ હૃદયંગમ વર્ણન કરતાં કેટલાય વિદ્યાર્થીઓએ આજીવન સિનેમાત્યાગ વગેરેના અભિગ્રહ લીધા. અને સર્વ મંગલ માંગલ્યં સાથે શિબિરની સમાપ્તિ થઈ...

આ શિબિરની સફળતામાં જૈન ઓસવાલ બોર્ડિંગની મળેલી વિશાળ જગ્યા અને ધુળિયા જગદ્ગુરુ જૈન યુવક મંડળના યુવકોની તનતોડ મહેનત આ બંનેએ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો...

શિબિરની સમાપ્તિના દિવસે સાંજે જ બંને ય પૂજ્યપાદ આચાર્યભગવંત આદિ વિશાળ મુનિગણે અમલનેર તરફ વિહાર લંબાવ્યો. વૈશાખ વદ ૧૦ ના અમલનેરમાં ઉત્સાહપૂર્વક પ્રવેશ થયો. વ. ૧૧ ના દિવસે સવારના મહારાષ્ટ્ર પર ઉપકારોની હેલી વરસાવનાર પરમતપસ્વી સ્વ. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા ચતુર્વિધ સંઘની હાજરીમાં ખૂબ ઉલ્લાસપૂર્વક થઈ. સવારના ૯ વાગે પૂજ્યોની નિશ્રામાં જિન-શાસનશણગાર સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તેઓશ્રીના ભવ્ય જીવનને અનુલક્ષીને ગુણાનુવાદ થયા. આજે વ્યાખ્યાનમાં છબીલભાઈ ઘોટીવાળા તરફથી સંઘપૂજન થયું...આજે તેમના તરફથી ઉદાર બોલીથી પાદુકાપ્રતિષ્ઠા નવકારશીજમણ તથા ગામમાં થયેલ ૧૦૦ જેટલા આયંબિલવાળાને ૫-૫ રૂપિયાની તથા મીઠાઈની પ્રભાવના થઈ.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અત્રેથી જેઠ સુદ ૩ આસપાસ વિહાર કરીને જેઠ સુદ ૧૦ના રોજ જલગામમાં ચાતુર્માસ નિમિત્તે પ્રવેશ કરવા ધારે છે.

**પત્ર લખવાનું સરનામું : C/o, શિવલાલ ગુલાબચંદ. દાણાપીઠ, જલગામ (મહારાષ્ટ્ર).**





**બોરડીમાં શિબિર :** અત્રે મધુરવક્તા પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં એક સપ્તાહની ધાર્મિક શિક્ષણ શિબિર થઈ. સંઘના ભાઈ-બેનોએ પણ સારો લાભ લીધો. જિનમંદિર વિધિ-૧૦ ત્રિક, ૮ કર્મ, કર્મબંધના કારણો, જીવના ૫૬૩ ભેદ, ૧૪ રાજલોક, અઢી દ્વીપ, ૨૨ અભક્ષ્ય, પ્રભુસ્તુતિ વગેરે પર સુંદર પ્રવચનો અપાયાં. નાના બાળકોમાં નંદ્યાવર્ત સ્વસ્તિકની હરિફાઈ થઈ. વૈ.વ. ૧૦ લેખિતપરીક્ષા થઈ. રૂા. ૩૦૦ ના ઈનામો વહેંચાયા. વૈ.વ. ૧૧ સ્વ. પૂ. પરમગુરુદેવશ્રી આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ પર એઓશ્રીના દીર્ઘ નિર્મળ ચારિત્ર-પંચાચારશુદ્ધિ-ત્યાગ-તપ-દ્રવ્યસંક્ષેપ, ભયંકર વાના દુઃખાવામાં અજબ સહિષ્ણુતા, સમિતિગુપ્તિની સાવધાની, અનેકોના સંસારમાંથી ઉદ્ધાર અને શાસનરત્નોના નિર્માણ... વગેરે પર પૂ. મુનિશ્રીએ ભવ્ય પ્રવચન કર્યું. સાધારણ ખાતાની ટીપ થઈ. સંઘે તથા છાત્રાલય કાર્યકરોએ ગ્રીષ્મમાં મોટા પાયા પર શિબિરની ભાવના વ્યક્ત કરી. સંઘમાં નીવીનો તપ થયો. દરેકને ૪ રૂા.ની પ્રભાવના, રાત્રે યુવાનોએ જ્ઞાનગોષ્ઠીનો સુંદર લાભ લીધો. ત્યાં તથા વૈ.વ. ૧૨ દહાણુરોડમાં ૧૮ અભિષેક થયા. સુંદર ઉછરામણી થઈ. ત્યાંથી પૂજ્યશ્રી વિહાર લંબાવતાં ક્રમશઃ બોરીવલી વેસ્ટ નૂતન ગૃહમંદિર કરેલ સંઘની વિનંતીથી પધારતાં પ્રવચનોનો સંઘે સારો લાભ લીધો. ચોમાસું લાલબાગનું નક્કી થયેલ છે.

## ● પલ્લીવાલક્ષેત્રના મંડાવર ગામે ધાર્મિક શિબિર અને મંદિર પ્રતિષ્ઠાઓ

૩૧ મે ૧૯૭૮ સવાઈમાધવપુરના મંડાવર ગામનો દિવસ યાદગાર બની રહ્યો. જૈન હોવા છતાં યોગ્ય માર્ગદર્શનના અભાવે અને પૂ. સાધુ-સાધ્વી મહારાજોના વિહારોથી વંચિત રહેલો આખો વિભાગ જૈન આચાર અને સંસ્કારથી અનભિજ્ઞ રહી ગયો. છેલ્લા ત્રણ વર્ષથી મુંબઈ વર્ધમાન સેવા કેન્દ્રના કુમારપાળ વિ. શાહ અને નટવરલાલ રતનલાલ શાહના અથાગ પ્રયત્નોથી આરાધના, જિનભક્તિ, તપ, તપશ્ચર્યા, પાઠશાળાઓ અને અનુષ્ઠાનો યોજાતા રહ્યા છે. આખો ય વિભાગ ધર્મભાવનાથી ચેતનવંતો બન્યો છે.

તારીખ ૩૧ મે થી ૧૦ દિવસ માટે આ વિસ્તારના જૈન યુવાનો માટે મંડાવર જૈન સંઘના સહયોગથી જૈન શિક્ષણ શિબિરનું આયોજન થયું. ૪૫ ગામોના ૧૬૦ યુવાનો જોડાયા. શિબિરનું ઉદ્ઘાટન રાજસ્થાન જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી

ટીકારામ પાલીવાલના હસ્તે થયું. પ.પૂ.મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ.સા.ના પ્રવચનોનો લાભ યુવાનોને પ્રથમવાર પ્રાપ્ત થયો. પ.પૂ. સાધ્વી શુભોદયાશ્રીજી મ.સા.ની પુનિત પાવન નિશ્રાનો યોગ મળ્યો.

નવકારમંત્રના અર્થ અને ભાવથી પણ અજાણ યુવકોને પ્રારંભથી જ જૈનધર્મ તત્ત્વજ્ઞાન, આચાર, ઇતિહાસનો ક્રમબદ્ધ પ્રાયોગિક અભ્યાસ શિબિર દરમ્યાન કરાવાયો. લેખિત પરીક્ષાઓમાં ૧૦૦ માંથી ૮૦ જેટલા માર્ક્સ અનેક યુવાનો મેળવી ઉત્તીર્ણ થયા. સખત ગરમીમાં પણ સ્થિરતા અને જિજ્ઞાસા રાખી જે અધ્યયનકાર્ય થયું તેથી ક્ષેત્ર માટે અનેક આશાઓનાં તેજકિરણ ઉઘડ્યાં છે.

શિબિર અધ્યયનકાર્યમાં શ્રી કુમારપાળ વિ. શાહ અને શ્રી શશીકાન્ત જે. શાહનાં વક્તવ્યો અસરકારક રહ્યાં. જિનભક્તિ કાર્યક્રમોમાં શ્રી જયેશ ભણસાલીનું યોગદાન રહ્યું. શ્રી સુરેન્દ્ર પરમાર, શ્રી રાજુ છેડા અને વીરેન્દ્ર શાહ વ્યવસ્થા અર્થે સતત સજાગ રહ્યા. અંતિમ દિવસે મુંબઈથી શ્રી રાયચંદભાઈ દોશી અને શ્રી બંસીભાઈ એ. શાહ પરિવાર સાથે આવેલા. સમસ્ત શિબિરાર્થીઓનું બહુમાન અને ઇનામવિતરણ તેમના હસ્તે થયું. શિબિરથી નવયુવકોનું આચારઘડતર અને જીવન-ઘડતરનું મંગળમય કાર્ય થયું.

આ ક્ષેત્રના અનેક જિનમંદિરોનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. કેટલાક નવાં મંદિરોનું નિર્માણ પણ ચાલુ છે. બીચગાંવા અને ખેડલી મુકામે તૈયાર થઈ ગયેલ જિનમંદિરમાં પ્રતિષ્ઠા પણ થઈ. બીચગોંવા મંદિરમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રી બંસીલાલ એ. શાહ (ખંભાતવાળા) અને ખેડલી મુકામે મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા શ્રી પ્રકાશચંદ્ર વિ. શાહ (વીજાપુરવાળા) મુંબઈના હસ્તે થઈ. નદબઈ ગામે તૈયાર થઈ રહેલ જિનમંદિરમાં પ્રભુ-પ્રવેશ પણ શ્રી રાયચંદભાઈ નાનચંદ દોશીની ઉપસ્થિતિમાં થયો. પ્રતિષ્ઠા પ્રસંગે જિનભક્તિના કાર્યક્રમો થયા. ગામડાઓમાં જૈનો હજારોની સંખ્યામાં જોડાયા હતા.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૭,અંક-૪૧,તા.૨૩-૦૬-૧૯૭૯

## શાંતાક્રુઝ (મુંબઈ)માં જ્વલંત શિબિર

શ્રી શાંતાક્રુઝ જૈન સંઘ તરફથી ઈ.સ. ૧૯૭૯ના મે માસના ગ્રીષ્માવકાશમાં ધાર્મિક શિક્ષણ શિબિર યોજવાનું જાહેર કરવામાં આવેલ, તે અનુસારે લગભગ



સવાબસો મેટ્રિક-કોલેજના વિદ્યાર્થીઓને લેવામાં આવેલ અને શિબિર તા. ૬ મે વૈશાખ સુદ ૧૦ થી શરૂ થયેલ વિદ્યાર્થીઓ લગભગ ૪૦ ગામ-નગરમાંથી આવેલ. એમની ભક્તિ-યુક્ત વ્યવસ્થા પૂરેપૂરી જળવાય એટલા માટે સંઘપ્રમુખ શ્રી લાલચંદભાઈ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હીરાભાઈ તથા ઠાકોરભાઈ વગેરે સારી કાળજી રાખતાં. શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ એમની શ્રી જયેશ ભણશાળી વગેરે મંડળી સાથે સુંદર સંચાલન કરતા. સંઘે પ્રવચન માટે વિશાળ ઉપાશ્રય ઉપરાંત વિદ્યાર્થી નિવાસાર્થે પોદાર હાઈસ્કૂલના વિશાળ હોલની સગવડ કરેલી.

શિબિરમાં શ્રી આવશ્યક સૂત્ર રહસ્ય, જૈન આચાર અને મોક્ષમાર્ગ એ ત્રણ વિષય પર પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, તથા જૈન તત્ત્વજ્ઞાન પર પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્ર વિજયજી મ. તેમજ જૈન ઇતિહાસ પર પૂ. મુનિરાજ શ્રી રત્નસુંદર વિજયજી મહારાજ પ્રવચન આપતા વહેલી સવારે બધા જ વિદ્યાર્થીઓ સામાયિકમાં રહી નવકાર મંત્ર ચતારિ મંગલં, શ્રી અરિહંતોની પ્રાર્થના કરતા. પછી એમને કમળબદ્ધ જાપ, સમવસરણ જાપ, તથા આંતરદર્શન, આંતર શ્રવણથી જાપ કરાવવામાં આવતો, તે પછી શ્રી નવકાર મંત્ર વગેરે સૂત્રનું ઉચ્ચારણ કેમ કરવું એના પદ પદના અર્થ-ભાવાર્થ ને રહસ્ય બતાવવામાં આવતા.

વ્યાખ્યાનોનું અવતરણ કરનાર પ્રો. લાલચંદ તથા શાંતાક્રુઝ સંઘના ભાઈ-બહેનોને લાગતું કે હમારી જિંદગીમાં સૂત્રોના આ વિવેચન પહેલીવાર જ જાણવા સાંભળવા મળે છે, ને આ તો આરાધનામાં પાયામાં જરૂરી છે.

વહેલી સવારના પ્રવચન શ્રવણ પછી વિદ્યાર્થીઓને દેવદર્શન, નવકારશી થતી અને ૮-૩૦ થી ૧૦-૩૦ બે વ્યાખ્યાન મળતા, ત્યારબાદ જિનપૂજા ભક્તિ થતી, પછી ભોજન અને વિશ્રાતિપૂર્વક સૂત્રપાઠ કરાવાતા. બપોરના ૩ થી ૫-૩૦ બે વ્યાખ્યાન થતા. બાદ સાંજનું ભોજન અને પર્યટન થઈ ભક્તિગીત, સંચાલકનું ઉદ્‌બોધત, નોટસલેખન વગેરે થતું.

જૈન તત્ત્વજ્ઞાન મોક્ષમાર્ગ, જૈન આચાર અને જૈન ઇતિહાસ પરના પ્રવચનોમાં વિદ્યાર્થીઓ જ શું. સંઘના ભાઈ-બેનોને પણ જીવનમાં ન જાણેલું ખૂબ જ જાણવા મળતું, અને સંઘમાંના કેટલાક ભાઈ-બેનો તો વ્યાખ્યાન વખતે નોંધ પણ કરતા રહેતા, વિદ્યાર્થીઓને તો જીવનમાં આ પહેલવહેલો જ બોધ-પ્રસંગ હતો. આજનાં સ્કૂલ-કોલેજોમાં આત્મા-કર્મ-ધર્મ-પુણ્ય-પાપ-પરલોક ધાર્મિક આચાર વિચાર વગેરે અંગે એક આંકોડો ય શીખવવામાં આવતો નથી. તેમજ આજના દુન્યવી પ્રવૃત્તિથી

ભરચક ઘરોમાં ય નવી પ્રજાને આ શીખવનાર વડીલો ક્યાં છે ? તેથી આજના કાળે જૈન વિદ્યાર્થીઓમાં આવી શિબિરો શાસનના-તત્ત્વોને સ્થાપિત કરવા દ્વારા શાસન પરંપરાને આગળ વધારવા માટે આશીર્વાદભૂત બની રહી છે.

આજની સંવવત અને ભૌતિક શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને આર્ય સંસ્કારોનું ને વિનયાદિ ગુણોનું શું શિક્ષણ સંસ્કરણ મળે છે. શાંત ઉદાર સહિષ્ણુ સ્વભાવ કેળવવાનું શું ઘડતર મળે છે. પ્રભુભક્તિ અને સત્સંગથી દોખતું સાદું જીવન અને ઉચ્ચતર પવિત્ર ભાવનાઓની શી તાલીમ મળે છે ? ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ-શિબિર આ દિશામાં કામ કરી રહી છે.

પ્રવચન વખતે કેટલાક વિદ્યાર્થીઓ સામાયિકમાં જ રહી શ્રવણ-લેખન કરતાં, અષ્ટમી ચતુર્દશી સમસ્ત વિદ્યાર્થી સાંજનું પ્રતિક્રમણ કરતા વૈ.વ. ૧૧ પરોપકારી સ્વ. ગુરુદેવ શ્રી સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોઈ વિદ્યાર્થીઓએ સવારે સમૂહ સ્નાત્રનો રંગ જમાવેલ, કેટલાય વિદ્યાર્થીઓએ ઉપવાસ યા આયંબિલ-એકાસણા કરેલા. વિદ્યાર્થીઓની લેખિતમાં યમિક પરીક્ષા વૈ.વ. ૩૦ સવાર લેવામાં આવી. અલબત્ત, પરિણામ સંતોષજનક ન આવ્યું. પરંતુ તેથી વિદ્યાર્થીઓને ચાતક લાગવાથી યાવણમાં નવી જાગૃતિ આવી, પ્રવચનો સાંભળતાં નોંધ લેવાની પ્રવૃત્તિ વધી, એનું અને શિબિર પાઠ્ય પુસ્તક 'શ્રી જૈન ધર્મનો સરળ પરિચય'નું પરિશીલન વધ્યું, તે અંતિમ પરીક્ષામાં સુંદર સફળતામાં જણાયું.

શિબિર દરમિયાન વિદ્યાર્થીઓમાં અટ્ઠમ-છટ્ઠ-ઉપવાસ-આયંબિલ વગેરે તપસ્યાઓ પણ થઈ. તા. ૨૭ રવિવારે પૂર્ણાહૂતિ સમારોહમાં શેઠશ્રી પ્રવીણચંદ્રના હસ્તે ઈનામ વિતરણ થયું. ઉપરાંત શાંતાક્રુઝ શ્રી જૈન સંઘ તરફથી દરેક વિદ્યાર્થી સાધર્મિકને રેશમી પૂજાની જોડીની પહેરામણી થઈ.

વિદ્યાર્થીઓએ પ્રવચનો દરમિયાન ઉત્સાહિત થઈ માતા-પિતાને પ્રણામ, રોજ પ્રભુભક્તિનું પોતાનું દ્રવ્ય, સિનેમા ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, દર કલાકમાં એકવાર 'નમો અરિહંતાણં' સ્મરણ, અભક્ષ્ય ત્યાગ, સાત વ્યસન ત્યાગ, દેવદર્શન પૂજા, જીવનભર માટે રોજ અમુક દ્રવ્યથી વધુ ન વાપરવા..વગેરેના નિયમો કરેલ.

• • •

## શાંતાક્રુઝ(મુંબઈ)માં જ્વલંત શિબિર

શ્રી શાંતાક્રુઝ જૈન સંઘ તરફથી ઈ.સ. ૧૯૭૯ના મે માસના ગ્રીષ્માવકાશમાં



ધાર્મિક શિક્ષણ શિબિર યોજવાનું જાહેર કરવામાં આવેલ તે અનુસારે લગભગ સવાબસો મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓને લેવામાં આવેલ અને શિબિર તા. ૬ મે વૈશાખ સુદ ૧૦થી શરૂ થયેલ. વિદ્યાર્થીઓ લગભગ ૪૦ ગામ-નગરમાંથી આવેલ. એમની ભક્તિયુક્ત વ્યવસ્થા પૂરેપૂરી જળવાય એટલા માટે સંઘપ્રમુખ શ્રી લાલચંદભાઈ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હીરાભાઈ તથા ઠાકોરભાઈ વગેરે સારી કાળજી રાખતા. શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ એમની શ્રી જયેશ ભણશાલી વગેરે મંડળી સાથે સુંદર સંચાલન કરતા. સંઘે પ્રવચન માટે વિશાળ ઉપાશ્રય ઉપરાંત વિદ્યાર્થી નિવાસાર્થે પોદાર હાઈસ્કૂલના વિશાળ હોલની સગવડ કરેલી.

શિબિરમાં શ્રી આવશ્યક સૂત્ર રહસ્ય, જૈન આચાર અને મોક્ષમાર્ગ એ ત્રણ વિષય પર પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ; તથા જૈન તત્ત્વજ્ઞાન પર પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી મ. તેમજ જૈન ઇતિહાસ પર પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ પ્રવચન આપતા. વહેલી સવારે બધા જ વિદ્યાર્થીઓ સામાયિકમાં રહી નવકાર મંત્ર, ચત્તારિ મંગલં, શ્રી અરિહંતો...ની પ્રાર્થના કરતા. પછી એમને કમળબદ્ધ જાપ, સમવસરણ જાપ તથા આંતરદર્શન, આંતર શ્રવણથી જાપ કરાવવામાં આવતો, તે પછી શ્રી નવકાર મંત્ર વગેરે સૂત્રનું ઉચ્ચારણ કેમ કરવું એના પદ-પદના અર્થ-ભાવાર્થને રહસ્ય બતાવવામાં આવતા.

વ્યાખ્યાનોનું અવતરણ કરનાર પ્રો. લાલચંદ તથા શાંતાક્રુઝ સંઘના ભાઈ-બેનોને લાગતું કે હમારી જિંદગીમાં સૂત્રોનાં આ વિવચન પહેલીવાર જ જાણવા-સાંભળવા મળે છે, ને આ તો આરાધનામાં પાયામાં જરૂરી છે.

વહેલી સવારના પ્રવચન શ્રવણ પછી વિદ્યાર્થીઓને દેવદર્શન, નવકારશી થતી અને ૮ા થી ૧૦ાા બે વ્યાખ્યાન મળતા; ત્યારબાદ જિનપૂજા ભક્તિ થતી; પછી ભોજન અને વિશ્રાંતિપૂર્વક સૂત્રપાઠ કરાવાતા. બપોરના ૩ થી ૫ાા બે વ્યાખ્યાન થતા. બાદ સાંજનું ભોજન અને પર્યટન થઈ ભક્તિગીત, સંચાલકનું ઉદ્‌બોધન, નોટલેખન વગેરે થતું.

જૈન તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ, જૈન આચાર અને જૈન ઇતિહાસ પરના પ્રવચનોમાં વિદ્યાર્થીઓ જ શું, સંઘના ભાઈ-બેનોને પણ જીવનમાં ન જાણેલું ખૂબ જ જાણવા મળતું અને સંઘમાંના કેટલાક ભાઈ-બેનો તો વ્યાખ્યાન વખતે નોંધ પણ કરતા રહેતા. વિદ્યાર્થીઓને જીવનમાં આ પહેલોવહેલો જ બોધ-પ્રસંગ હતો. આજનાં સ્કૂલ-કૉલેજોમાં આત્મા-કર્મ-ધર્મ-પુણ્ય-પાપ-પરલોક ધાર્મિક આચાર-વિચાર વગેરે અંગે એક આંકડો ય શીખવવામાં આવતો નથી. તેમજ આજના દુન્યવી પ્રવૃત્તિથી

ભરચક ઘરોમાં ય નવી પ્રજાને આ શીખવનાર વડીલો ક્યાં છે ? તેથી આજના કાળે જૈન વિદ્યાર્થીઓમાં આવી શિબિરો શાસનના-તત્ત્વોને સ્થાપિત કરવા દ્વારા શાસન પરંપરાને આગળ વધારવા માટે આશીર્વાદભૂત બની રહી છે.

આજની યંત્રવત્ અને ભૌતિક શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને આર્ય સંસ્કારોનું ને વિનયાદિ ગુણોનું શું શિક્ષણ સંસ્કરણ મળે છે ? શાંત, ઉદાર, સહિષ્ણુ સ્વભાવ કેળવવાનું શું ઘડતર મળે છે ? પ્રભુભક્તિ અને સત્સંગથી શોભતું સાદું જીવન અને ઉચ્ચતર પવિત્ર ભાવનાઓની શી તાલીમ મળે છે ? ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ-શિબિર આ દિશામાં કામ કરી રહી છે.

પ્રવચન વખતે કેટલાક વિદ્યાર્થીઓ સામાયિકમાં જ રહી શ્રવણ-લેખન કરતાં, અષ્ટમી ચતુર્દશી સમસ્ત વિદ્યાર્થી સાંજનું પ્રતિક્રમણ કરતા. વૈ. વ. ૧૧ પરમોપકારી સ્વ. ગુરુદેવ શ્રી સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોઈ વિદ્યાર્થીઓએ સવારે સમૂહ સ્નાત્રનો રંગ જમાવેલ, કેટલાય વિદ્યાર્થીઓએ ઉપવાસ યા આયંબિલ-એકાસણા કરેલા. વિદ્યાર્થીઓની લેખિત માધ્યમિક પરીક્ષા વૈ. વ. ૩૦ સવારે લેવામાં આવી. અલબત્ત, પરિણામ સંતોષજનક ન આવ્યું. પરંતુ તેથી વિદ્યાર્થીઓને ચાનક લાગવાથી શ્રવણમાં નવી જાગૃતિ આવી, પ્રવચનો સાંભળતાં નોંધ લેવાની પ્રવૃત્તિ વધી, એનું અને શિબિર પાઠ્ય પુસ્તક 'શ્રી જૈન ધર્મનો સરળ પરિચય'નું પરિશીલન વધ્યું, તે અંતિમ પરિક્ષામાં સુંદર સફળતામાં જણાયું.

શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓમાં અટ્ઠમ-છટ્ઠ-ઉપવાસ-આયંબિલ વગેરે તપસ્યાઓ પણ થઈ. તા. ૨૭ રવિવારે પૂર્ણાહુતિ સમારોહમાં શેઠશ્રી પ્રવીણચંદ્રના હસ્તે ઇનામ વિતરણ થયું. ઉપરાંત શાંતાક્રુઝ શ્રી જૈન સંઘ તરફથી દરેક વિદ્યાર્થી સાધર્મિકને રેશમી પૂજાની જોડીની પહેરામણી થઈ.

વિદ્યાર્થીઓએ પ્રવચનો દરમિયાન ઉત્સાહિત થઈ 'માતા-પિતાને પ્રણામ, રોજ પ્રભુભક્તિનું પોતાનું દ્રવ્ય, સિનેમા ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, દર કલાકમાં એક વાર "નમો અરિહંતાણ" સ્મરણ, અભક્ષ્ય ત્યાગ, સાત વ્યસન ત્યાગ, દેવદર્શન પૂજા, જીવનભર માટે રોજ અમુક દ્રવ્યથી વધુ ન વાપરવા... વગેરેના નિયમો કરેલ.





## મુંબઈ-શાંતાક્રુઝ વિ.સં.૨૦૩૫ ગ્રીષ્માવકાશમાં ભરાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં લેવાયેલ પ્રથમ પરીક્ષાના પ્રશ્નો ને એના ઉત્તરો

**પ્રશ્ન-૧. નીચેના શબ્દોના ભાવ સમજાવો :-**

અચરમાવર્ત, ભવાભિનંદી, સહજમળ-હ્રાસ, સંક્રમણ, અભિનિવેશ, લજ્જા, અતિથિ, ભવનિર્વેદ, અપુનર્બંધક દશા.

**ઉત્તર- 'અચરમાવર્ત'** એટલે જીવને મોક્ષ પામવા પૂર્વનો સંસારનો જે ચરમ-છેલ્લો પુદ્ગલ પરાવર્તનકાળ એની પહેલાંના સમસ્ત પુદ્ગલ પરાવર્તકાળ.

**'ભવાભિનંદી'** એટલે મોક્ષના રસ વિનાનો સંસાર રસિયો જીવ. જેના ક્ષુદ્રો લાભરતિર્દીનો...વગેરે અવગુણ હોય છે ને જે ધર્મ કરે તોય એના ફળરૂપે જડ સુખો જ ઈચ્છતો હોય છે.

**'સહજમળ-હ્રાસ'** એટલે અનાદિકાળથી જીવ સાથે લાગેલ નિબિડ વિષયરાગ તે સહજમળ, એમાં ચરમાવર્તમાં આવતાં નોંધપાત્ર હ્રાસ-ઘટોડો થાય છે.

**'સંક્રમણ'** એટલે જેવી રીતે આત્મા પર કર્મનો બંધ થાય છે એ બંધનકરણ કહેવાય છે, એવી રીતે એ જ વખતે સંક્રમણ કરણ પણ થાય છે. એમાં બંધાતાં કર્મ(કર્મદલિક)માં સિલિકમાં રહેલ તે જ જાતના પણ વિરુદ્ધ કેટલાંક કર્મદલિક ભેગાં ભળી જઈ તે સ્વરૂપનાં બની જાય છે, દા.ત. અત્યારે શુભ ભાવથી શાતાવેદનીય કર્મ બંધાતું હોય તો એમાં સિલિકમાંથી અશાતા વેદનીય કર્મનાં કેટલાંક દળિયાં ભળી જઈને શાતારૂપે બની જાય છે. આ અશાતાનો શાતામાં સંક્રમ થયો કહેવાય.

**'અતિથિ'** એટલે જેમને ધર્મ કરવા માટે કોઈ અમુક જ તિથિ નથી પરંતુ હમેશા ધર્મ કરે છે તે મુનિ અતિથિ કહેવાય.

**'ભવનિર્વેદ'** એટલે સંસાર પર ગ્લાનિ. સંસાર એટલે સંસરણ, ચારે ગતિમાં ભ્રમણ વારંવાર જન્મ-મરણ. એવા સંસારમાં રહ્યાનું જે દુઃખ લાગે, એના પર જે અભાવ-અરુચિ થાય તે ભવનિર્વેદ, પછી ભલે એમાં કંચન-કામિનીના ગમે તેવા સુખ દેખાતા હોય.

**'અપુનર્બંધક'**-એટલે સમ્યક્ત્વ પામવા પૂર્વના શુભભાવથી આત્માની જે એવી દશા ઊભી થાય કે એમાં હવે પછી ફરીથી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નહિ બાંધે એ અપુનર્બંધક દશા છે. એમાં જીવમાં ત્રણ ગુણ આવે છે,-૧ તીવ્રભાવે પાપ ન

કરવું. ૨. ઘોર સંસાર પણ બહુમાન નહિ, ને ૩. ઉચિત મર્યાદાનું પાલન.

(અભિનિવેશ, લજ્જા સમજાય એવું છે.)

**પ્ર.-૨. નીચેનામાંથી કોઈ પણ વર્ણવી એની વિશિષ્ટતા લખો.** (૧) મમ્મણ શેઠ, (૨) પેથડશાહ, (૩) પ્રસન્નચંદ્ર, (૪) પ્રદેશી રાજા, (૫) સમરાદિત્ય.

**ઉત્તર-(૧) મમ્મણ શેઠે** પૂર્વભવમાં મુનિને ભાવથી ઊંચો લાડુ વહોરાવી પછીથી એની લાલસા જાગી જવાથી એ દાનની ભારે નિંદા-પ્રશ્ચાત્તાપ કર્યો કે 'હાય ! ક્યાં મેં મૂરખે આ લાડુ વહોરાવ્યો !' તેથી પરભવે મહા કૃપણ મમ્મણના ભવમાં ક્રોડોની કિંમતના રત્નના બળદિયાના પરિગ્રહ ઉપર અતિ તીવ્ર આસક્તિ રહી, ને એથી એ સાતમી નરકે ગયો. અહીં આમાં વિશિષ્ટ સમજવાનું આ, કે પૂર્વે સુકૃતાનિંદાથી સુકૃતશક્તિ બાળી નાખી, ને લાડુના તીવ્ર મોહથી પરભવે પરિગ્રહ પર નરકદાયી અતિ તીવ્ર મોહ-મમતા ને કૃપણતા રહી.

(૨) **પેથડશાહને** ત્યાં કામળ ભેટ આવી એમણે પૂછ્યું - 'શાની આ ભેટ ?' લાવનાર માણસ કહે, 'અમારાં શેઠાણીએ ગામેગામના બ્રહ્મચર્યવ્રતવાળાને કામળ ભેટ મોકલી છે ને એક આપ મહાન શાસનપ્રભાવક આપને પણ દેવા મોકલી છે.' પેથડ કહે 'હું એ વ્રતવાળો નથી તેથી ન લેવાય.' પત્ની કહે 'તો પાછી થોડી ઠેલાય ? સાધર્મિકનું અપમાન થાય.' 'પણ વ્રત લીધા વિના ?' 'તો લઈ લો બ્રહ્મચર્યવ્રત.' ત્યાં માળવા દેશના મહામંત્રી આ સમૃદ્ધ પેથડશાહે ૩૨ વર્ષની વયે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા કરી લીધી, ને એ અપાવનાર આ કામળનું સામૈયુ-સ્વાગત વરઘોડો કઢાવ્યો. પેથડશાહની વિશિષ્ટતા આ, કે એક તે મહાસમૃદ્ધિ ને સત્તાના પુણ્યોદય વખતે વિકસતી યૌવનવયે બ્રહ્મચર્ય લીધું ! ને એવા શુદ્ધભાવ તે શીલ મર્યાદાથી વ્રત પાળ્યું કે એમનો પસીનો ઔષધરૂપ બની ગયો. ને એમના પરસેવાવાળી કામળ ઓઢી સૂઈ જતાં રાણીનો ને રાજાનો તાવ ઊતરી ગયો.

(૩) **પ્રસન્નચંદ્ર રાજા**એ બાળ પુત્રને મંત્રીને ભળાવી ભારે વૈરાગ્યથી ચારિત્ર લીધું. પ્રભુ મહાવીર ભગવાન સાથે વિચરતાં રાજગૃહીમાં પધાર્યા. પ્રભુને વંદન કરવા આવતા મગધ સમ્રાટ શ્રેણિકે રસ્તામાં આમને તપથી કૃશ કાયાવાળા અને ગ્રીષ્મના તડકામાં સૂર્ય સામે હાથ ઊંચા કરી આતાપના સહતા જોયા, જઈને પ્રભુને પૂછે છે, 'આ મહાત્મા સો વરસ જીવો, પણ નથી ને હમણાં જ આયુષ્ય પૂરું થાય તો કઈ ગતિમાં જાય ? પ્રભુ કહે 'સાતમી નરકમાં,' ચોકીને વિચાર કરી ફરીથી એ જ પ્રશ્ન પૂછતાં, પ્રભુ કહે છે, 'સર્વાર્થસિદ્ધ વિમાનમાં.' એટલામાં તો રાજર્ષિને કેવળજ્ઞાન થયાની દેવદુંદુભિ વાગી.



આમાં વિશિષ્ટતા રાજાનો મહાવૈરાગ્ય, અને સંયમ લીધું તે લઈ જાણ્યું એવી ઉગ્ર આરાધના પ્રભુએ ખુલાસા રૂપે વર્ણવી તે 'મનની હારે હાર, મનની જીતે જીત.' પરદેશી દૂતના.- 'આ ધુતારાએ પુત્રને છેહ દીધો; કેમકે મંત્રી રાજ્ય બથાવી પડ્યો' એવા બોલ સાંભળી ધ્યાનસ્થ આ મહાત્માએ મનોમન મંત્રી સાથે યુદ્ધ માંડયું ! છેલ્લે અતિ સંક્લિષ્ટ દ્વેષ હિંસાના ચિત્ત-પરિણામમાં સાતમી નરકનાં કર્મ બાંધવા માંડ્યાં; માત્ર મનના પાપે ! ને માથાનો મુગટ મારવા માટે જ્યાં ઊંચા રાખેલા હાથને નીચો કરી માથેથી મુગટ લેવા ગયા, ત્યાં માથું લોચવાળું સાફ દેખી પાપના પશ્ચાત્તાપમાં ચડતાં શ્રેણિકના બીજા પ્રશ્ન વખતે ઠેઠ સર્વાર્થસિદ્ધ વિમાનનાં પુણ્યકર્મ બાંધવા માંડેલા; આ પણ મનના વિશુદ્ધ ભાવે. પરંતુ ભાવ ઊંચા ચડતા હતા તે ક્ષણવારમાં ચાર ઘાતીકર્મ ખપાવી કેવળજ્ઞાન પામ્યા ! મનના શુભ-અશુભ ધ્યાન પર કર્મ બંધાવા છૂટવાનું છેલ્લું જજમેન્ટ કહે છે.

(૪) **પ્રદેશીરાજા** મહાનાસ્તિક હતો. તે લોકોને દાન-વ્રતનિયમ-તપસ્યા વગેરેના કષ્ટમાં સાધુ સંન્યાસીઓ ન ઘસડે એટલા માટે એમને નગરમાં આવવા દેતો નહિ. એમાં આસ્તિક મંત્રીની કુનેહથી કેશી ગણધર મહારાજ પધાર્યા ને મંત્રી એમની સામે વાદ કરવા રાજાને તાણી ગયો. રાજા કહે 'આ શું ધતિંગ માંડ્યું છે ? આત્મા-પરમાત્મા-પરલોક-પુણ્યપાપ વગેરે કશું છે જ નહિ. ને ફોગટ લોકોને એની વાતો કરી દુઃખી કરો છો ?' કેશીગણવરે આત્માની દાખલા-દલીલોથી સચોટ સિદ્ધિ કરી બતાવી, રાજાને શ્રદ્ધાં થઈ, પાપથી હવે ગભરાયો. જૈન ધર્મની શ્રદ્ધા સાથે શ્રાવકનાં વ્રતો લીધા. હવે પટ્ટરાણી સૂર્યકાન્તાએ એને મોહ વિનાનો જોઈ આ મારે હવે કશા કામનો નહિ' એમ માની એને પોષધના પારણે ઝેર દીધું. ધર્માત્મા પ્રદેશીએ એના પર દ્વેષ ન કરતાં મૃત્યુ સમાધિપૂર્વક ભેટ્યું ૧લા સ્વર્ગે સૂર્યાભ વિમાનનો માલિક દેવતા થયો. આમાં વિશિષ્ટતા આ. કે (૧) પ્રદેશી કટ્ટર નાસ્તિક છતાં સરળ એવો કે ગુરુએ આત્માની સમજ આપી તે હૈયે ઉતારી દીધી. (૨) આત્માની સમજ પડ્યા સાથે જ શ્રાવકના વ્રત-આચાર સ્વીકારી લીધાં. તે ગઈકાલનો નાસ્તિક આજે પ્રાણપ્યારી રાણી સાથે નિર્મોહી વર્તાવવાળો બની ગયો; (૩) ઝેર દેનારી પણ રાણી પર લેશમાત્ર દ્વેષ ન કર્યો, ને વહાલા કરેલા દેવગુરુ પર મૃત્યુ વખતે જરાય ન્યૂનતા ન માની ખેદ ન કર્યો.

(૫) **સમરાદિત્ય** રાજકુમારને જનમથી વિરાગી છતાં પિતાના દાક્ષિણ્યવશ બે રાજકન્યાને પરણવું પડે છે. પહેલી મુલાકાતે પત્નીની સખી કુમારને કહે, 'આ પાનનું બીડું મારી સખીઓએ આપની પ્રત્યેના અથાગ પ્રેમથી તૈયાર કર્યું છે તે

આપ સ્વીકારો.' કુમાર કહે છે, 'તમારી સખીઓને પૂછો કે મારા પર એમને ખરેખર પ્રેમ છે ?' સખી કહે : 'કુમારસાહેબ ! પ્રેમનું શું પૂછો ? પ્રત્યક્ષ દર્શન તો હમણાં જ મળ્યું. પરંતુ દૂર દેશમાં જ્યારથી આપના ગુણો સાંભળ્યા ત્યારથી મારી સખીઓનું હૈયું પ્રેમથી તમારી પાછળ ઝૂરી રહ્યું છે. ત્યારે કુમાર પૂછે છે, ''તો હવે તમારી સખીઓને જરાક પૂછી લો કે એ મારી પાસે શું કરાવવા આવી છે ? એવું કરાવવા તો નથી આવી ને કે જેથી મારે પરભવે દુર્ગતિમાં પટકાવું પડે ? ને જો એવા દુર્ગતિમાં પટકનારાં કાર્ય કરાવવા આવી હોય તો એ પ્રેમીનું લક્ષણ કે દુશ્મનનું ?'' સખી આનો શો જવાબ દઈ શકે ? પણ પત્નીઓ તરત સમજી ગઈ, કહે છે : ''અમે તો તમારી પાસે રંગવિલાસ કરાવવા જ આવી હતી ને એ કરતાં તો તમારે દુર્ગતિ ગમન જ થાય, અને એથી અમારો તમારા પર પ્રેમ ન ગણાય. પરંતુ હવે અમારે સાચો પ્રેમ કરવો છે તો રસ્તો બતાવો, અમારે એ માટે શું કરવું ?' કુમાર કહે : ''હમણાં તો તમે બ્રહ્મચર્ય લઈ લો.'' સ્ત્રીઓએ એ તરત જ સ્વીકારી લીધું. આ પ્રસંગમાં વિશિષ્ટતા એ, કે સાચા પ્રેમનો દાવો રાખે એણે પ્રેમી પાસેથી પોતાના કોઈ દુન્યવી સ્વાર્થની અપેક્ષા ન રાખતાં સામાના આત્માનું હિત કેમ થાય એ જોવું જોઈએ.

**પ્રશ્ન ૪. નીચેનામાંથી કોઈ પણ ચારના યોગ્ય જવાબ લખોઃ-**

**(૧) ભવી અને અભવી વચ્ચે તફાવત, પોતે ભવી હોવાની કેમ ખબર પડે ?**

ભવી એટલે કે ભવ્ય આત્મામાં સિદ્ધ થવાની અનદિની યોગ્યતા હોય છે, અભવીમાં તદ્દન અયોગ્યતા છે. કદી એનો મોક્ષ ન થાય. આ ભવી પાછો અનાદિ કાળથી ભવી જ હોય; અર્થાત્ અનાદિ કાળથી જે ભવી તે ભવી ને જે અભવી તે અભવી-અભવી કદાપિ ભવી ન બની શકે. આનો અર્થ એ, કે ભવી જીવને ભવ્યત્વ એટલે કે મોક્ષની ટિકિટ મફતમાં બક્ષિસ મળી છે. પોતે ભવી હોવાની ખબર એ રીતે પડે કે ભવનો એટલે કે જનમ-મરણનો ભય લાગીને શંકા પણ પડે કે 'હેં,' ત્યારે હું ભવી હોઈશ કે નહિ ?' તો એ નક્કી ભવી જીવ છે.

**(૨) ઉચિત વિવાહ અથવા વાસી પુણ્યનું સ્પષ્ટીકરણ.**

માનવભવનું ઊંચું કર્તવ્ય બ્રહ્મચર્ય પાલન છે. પણ તે શક્ય ન હોય ને વિવાહ-લગ્ન કરવું જ પડે એમ હોય તો સમાન કુળ-શીલ અને ભિન્ન ગોત્રવાળા સાથે જ સંબંધ જોડવો. હીન કુળ-હીન આચારવાળા સાથે વિવાહ કરવામાં પ્રેમવશ એની છાયા પોતાના પર પડે. અને સંતાનમાં એનો વારસો ઊતરે. સમાન ગોત્રવાળા સાથે વિવાહમાં પ્રજા વર્ણસંકર પાકે.

વાસી પુણ્ય એટલે ગયા જનમનું પુણ્ય. પુણ્યથી સુખ-સવગડ મળે. માણસ જ્યારે એકલી સુખ સગવડ ભોગવતો હોય પણ ધર્મ-સુકત ન કરતો હોય ત્યારે કહેવાય કે એ વાસી ખાયે જાય છે, તો દુઃખી થશે. કેમકે ધર્મ નથી કરવો ને પાપાચરણ ચાલુ છે. તો નવું તાજું પુણ્ય ઊભું ન થવાથી પરભવે સદ્ગતિ અને સુખના ફાંફાં, ને પાપાચરણથી દુર્ગતિનાં દુઃખ જ આવવાનાં.

**(૩) ''નિંદા મહાદોષ છે'' સમજાવો.**

પહેલું તો નિંદામા ં દિલ ક્ષુદ્ર બને છે, ઉમદા નથી રહેતું; અને ક્ષુદ્રતા એ ભવાભિનંદીનો પહેલો દુર્ગુણ છે. એનો અર્થ એ કે નિંદા કરનારો ભવાભિનંદી સંસાર-રસિક બને છે. મોક્ષ રસ ગુમાવે છે. વળી નિંદા કરતાં કે કર્યા પછી નિંદાનું પાપ ખટકતું નથી, પાપરૂપ લાગતું નથી, ઊલટું કર્તવ્ય લાગે છે, તેથી મિથ્યાત્વ આવે છે, બીજાની નિંદા કરવામાં હલકાઈ ઘસાતું બોલવામાં અભિમાન પોષાય છે, નીચગોત્ર કર્મ બંધાય છે, નિંદામાં અશુભભાવ હોવાથી બીજાં પાપકર્મ બંધાય છે. તેથી હલકા કુળે જનમ અને પાપિષ્ઠ જીવન મળે છે. જેની નિંદા કરાય છે એની પ્રત્યે અભાવ-અરુચિ-દ્વેષ થવાથી એનું બીજું સારું ય ગમતું નથી, ને એ સારા સુકૃત સદ્ગુણ પ્રત્યે પણ અભાવ-દુર્ભાવ થાય છે જે ગુણદ્વેષ-સુકૃતદ્વેષ ભવાંતર માટે ગુણરુચિ અને સુકૃતશક્તિ નષ્ટ કરે છે ને પરિણામે સદ્ગતિની પરંપરા ખત્મ કરે છે. આ બધું બહુ ખતરનાક છે; તેથી નિંદા એ મહાદોષ છે.

**(૪) શરમ અને દાક્ષિણ્ય એટલે શું ? તેના ફાયદા બતાવો.**

શરમ એટલે એવી લજ્જા કે જેનાથી પાપ કરતાં, અપકૃત્ય કરતાં સંકોચ થાય, બચી જવાય. કુળની શરમ, વડીલની શરમ, ગુરુની શરમ, વગેરે શરમથી મનને એમ થાય કે 'અરે ! મારું આવું ખાનદાન કુળ, આવા મારા પ્રતિષ્ઠિત વડીલ, આવા મારા પ્રસિદ્ધ સંયમી ગુરુ, મારાથી આવું હલકું કૃત્ય કેમ થાય ? હલકા બોલ કેમ બોલાય ?' એમ કરી એનાથી દૂર રહેવાય.

**દાક્ષિણ્ય એટલે પણ લજ્જા;** પરંતુ એવી લજ્જા કે બીજાની માગણી-પ્રાર્થના યા મોટાનું વચન ન અવગણાય. દા.ત કોઈએ કાંઈક કામ ભળાવ્યું, તો દાક્ષિણ્યવશ ના નહિ કહેતાં એ કામ કરી અપાય.

**(૫) મોક્ષ તરફ દૃષ્ટિ ક્યારે મળે ?**

જીવ ચરમાવર્ત-ચરમ પુદ્ગલ પરાવર્ત કાળમાં આવે પછી જ મોક્ષ તરફ દૃષ્ટિ થાય. ચરમાવર્તમાં ય કોઈકને પ્રારંભે થાય, કોઈકને તે પછી ય થાય. કોઈકને

મધ્યમાં અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ બાકી રહ્યે થાય. એમાં યે પ્રારંભે, પછી...યાવત્ અંતે પણ થાય. સારાંશ મોક્ષ તરફ દૃષ્ટિ અર્થાત્ મોક્ષની શ્રદ્ધા રુચિ જાગે તો તે અંતિમ પુદ્ગલ પરાવર્ત કાળમાં જ જાગે, જે કાળ પૂરો થયે અવશ્ય મોક્ષ થવાનો. આનું કારણ, મોક્ષદૃષ્ટિ જાગવા માટે સંસાર રસનો રાગ મોળો પડવો જોઈએ, રાગ પાકીને નરમ પડવો જોઈએ, અને તે પાકવાનું મુદતિયા તાવની જેમ અચરમાવર્ત બધા જ કાળની મુદત પસાર થઈ ગયા પછી જ થાય.

**(૬) માતાપિતાની ધર્મવિરુદ્ધ આજ્ઞા કેમ ન માનવી ?**

માતાપિતાની ધર્મવિરુદ્ધ આજ્ઞા માનવા જતાં ધર્મ ગુમાવવો પડે ને પૂર્વ ધર્મ પુરુષાર્થને બીજા નીચા ભવોમાં તો હણ્યો હતો પરતું અહીં અતિ દુર્લભ એવા આ ઊંચા માનવભવમાં ય હણવાનું થાય ! જ્યારે ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કાળ આ જગતમાં અતિ દુર્લભ છે. એ જો અહીં મળી ગયો છે. તો આ જનમનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય ધર્મ-આરાધનાનો કરવાનું છે, પુરુષાર્થ કરીને એના મળેલા દુર્લભ કાળને સફળ કરી લેવાનો છે. માતા-પિતાની આજ્ઞાનું પાલન એ આના કરતાં નીચેનું કર્તવ્ય હોઈ શ્રેષ્ઠ કર્તવ્યના ભોગે નીચેનું કર્તવ્ય ન બજાવાય, કિન્તુ જરૂર પડ્યે નીચેના કર્તવ્યના ભોગે શ્રેષ્ઠ કર્તવ્યને બજાવવું જોઈએ. ધર્મવિરુદ્ધ આજ્ઞા માની ધર્મપુરુષાર્થ ગુમાવવા જતાં, પછીથી કોને ખબર ધર્મપુરુષાર્થની શક્તિવાળો માનવભવ ક્યારે મળે ? ને ક્યારે ધર્મનો પુરુષાર્થ થાય ? ચોર માબાપની આજ્ઞાથી ચોરીઓ કરનાર પુત્ર કોઈ સંતસમાગમે ચોરીની ભયંકરતા સમજાયે હવે થોડો જ એ ચોરીની આજ્ઞા પાળે ?

**(૭) ૧૧ કર્તવ્યનાં નામ આપો.**

ન્યાય સંપન્નતા, આયોચિત વ્યય, ઉચિત વેશ, ઉચિત ઘર, ઉચિત વિવાહ, અજીર્ણે ભોજનત્યાગ, નિયમિત કાળે સાત્મ્યતઃ (પ્રકૃતિને અનુકૂળ) ભોજન, માતાપિતાની પૂજા, પોષ્યપોષણ, અતિથિ-સાધુ-દીનની યોગ્ય સરભરા, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રશીલની સેવા.

**(૮) પંચાચાર એટલે શું ? તેનું સ્વરૂપ શું ? તેના ૮+૮+૮+૧૨+૩૬ ભેદો લખો.**

પંચાચાર એટલે ઉત્તમ માનવજનમને સફળ કરનારા અને આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટ તથા પુષ્ટ કરનારા પવિત્ર પાંચ આચાર; જે સંસારકેદમાંથી છુટકારો કરી આપી મોક્ષ આપનારા પવિત્ર આચાર છે -જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર તપાચાર અને વીર્યાચાર. એનું સ્વરૂપ આ,



જ્ઞાનાચાર એટલે આત્માના સમ્યગ્ જ્ઞાનગુણને પુષ્ટ કરનારા આચાર, દા.ત. વિનયનો આચાર પાળે તો એનાથી જ્ઞાનાવરણ કર્મ છેદાઈને જ્ઞાનગુણ પ્રગટે-વૃદ્ધિ પામે.

દર્શનાચાર એટલે જે જે આચરણ સમ્યગ્દર્શન ગુણને પુષ્ટ કરે તે - દા.ત. જિનવચન પર નિશ્શંકિતપણાનો આચાર પાળતાં જિનવચન પર સર્વેસર્વા દૃઢ વિશ્વાસ હોવાથી **'રુચિર્જિનોક્ત તત્ત્વેષુ સમ્યક્ શ્રદ્ધા ન મુચ્યતે'** તે સ્વરૂપ સમ્યગ્દર્શન પુષ્ટ થાય છે. સાધર્મિક પર વાત્સલ્ય-પ્રેમ-હેતનો દર્શનાચાર પાળવાથી એમાં ગર્ભિત રીતે અહો ! આ મારા અરિહતદેવને ને અરિહંતના ધર્મને માનનારો !' એમ હેત કરી હિતકારી અરિહંત પર અને અરિહંતના જૈન ધર્મ પર હેત ઉભરાવાય છે. એ સમ્યગ્દર્શનની જ પુષ્ટિ છે.

ચારિત્રાચાર એટલે સમ્યક્ચારિત્રને પુષ્ટ કરનાર આચાર, દા.ત. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું પાલન કરતાં આત્માના ચારિત્રગુણ અર્થાત્ સર્વવિરતિ ગુણનું પોષણ થાય છે.

તપાચાર એટલે આત્માના તપગુણને પોષનાર ૬ બાહ્ય ૬ આભ્યન્તર તપના આચાર-દા.ત. અનશન યાને પ્રતિજ્ઞાપૂર્વક ૧ ટંક ૨ ટંક આહારનો ત્યાગ કરવાથી આત્માને તપવાનો એટલે કે જડ સુખની ગોઝારી લંપટતા દબાવવાનો ગુણ પોષાય છે.

વીર્યાચાર એટલે આત્માના સદ્વીર્ય ગુણને પોષનારું જ્ઞાનાચાર આદિ ચારેય પવિત્ર આચારમાં વિકસાવાતું જોમ, ઉત્સાહ, ઉલ્લાસ. દા.ત. ૮ જ્ઞાનાચાર પૈકી સૂત્ર ગોખવાનો આચાર માંદલા કલાસ તરીકે ય પળાય તો રેખા, પરંતુ જો જોમ અને ઉત્સાહથી પળાય તો આત્માનો સદ્ વીર્યગુણ સારો સફળ થાય છે.

**પંચાચારના ભેદોનાં નામ :-**

૮ જ્ઞાનાચાર,-કાળ, વિનય, બહુમાન, ઉપધાન, (ગુર્વાદિનો અ-નિન્હવ) અપલાપ નહિ, વ્યંજન (સૂત્ર), સૂત્રાર્થ અને તદ્ ઉભય.

૮ દર્શનાચાર,- નિશ્શંકિતપણું, નિષ્કાંક્ષાત્વ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના.

૮ ચારિત્રાચાર,- ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ,પારિષ્ઠાપનિકા સમિતિ,આદાનભંડમાત્ર નિક્ષેપ સમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ કાયગુપ્તિ.

૧૨ તપાચાર,-અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ સંલીનતા (આ છ બાહ્ય તપાચાર), પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ (આ છ આભ્યન્તર તપાચાર).

૩૬ વીર્યાચાર,-ઉપરોક્ત ચારે આચારના ૩૬ ભેદોમાં વધારાનું જોમ-ઉત્સાહ ઉલ્લાસ.

**પ્રશ્ન ૪ : 'આચારથી વિચાર ઘડાય' એ સમજાવો.**

દુનિયામાં દેખાય છે કે માણસ જેવા જેવા આચાર-આચરણમાં જોડાય છે તેવી તેવી એની બુદ્ધિ ઘડાય છે. મવાલી મિત્રોના સંસર્ગમાં ફરનારો સારો પણ છોકરો બગડી જાય છે, એની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે, એના વિચારો વિચારસરણી પછી એવી જ ચાલે છે, ત્યારે, રખડેલ પણ માણસ જો ગમે તે રીતે સત્પુરુષના સંપર્કમાં આવ્યો અને એમના કહેલા પ્રમાણે સારા આચરણ અમલમાં મૂકે છે, તો ધીમે ધીમે એની બુદ્ધિ સ્વચ્છ થતી જાય છે. એનામાં સારા વિચારોનું ઘડતર થાય છે. તપનો આચાર પાળતાં પાળતાં અંદરથી તપનો પ્રેમ બંધાય છે, તપની પરિણતિ ઊભી થાય છે. એમ દાનની પ્રવૃત્તિ કરતાં કરતાં ઉદારતાનું ઘડતર થાય છે. બાહ્યથી તપનું આચરણ ન કરે ને રોજ યથેચ્છ ખાનપાન કરતો રહે, તો કદી અંતરમાં ખાવકલાપણું મીટે નહિ ને પરિણતિ ન આવે. અવસરે અવસરે દાનની પ્રવૃત્તિ ન કરે, તો કદીય અંતરમાં કંજુસાઈ મટે નહિ ને ઉદારવૃત્તિ આવે નહિ. આ બધું સૂચવે છે કે આચારથી વિચાર ઘડાય છે.

**પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ ચારના જવાબ લખો.**

(૧) ૧૦ ત્રિકનાં નામ આપો.

નિસીહી પ્રદક્ષિણા, પૂજા, ભાવના (અવસ્થા ચિંતન) દિશા ત્યાગ, પ્રમાર્જના, આલંબન, મુદ્રા અને અને પ્રણિધાન.

(૨) પ્રદક્ષિણાનું રહસ્ય, તથા (અરિહંત ચૈત્યના) સત્કાર અને સન્માન વચ્ચે તફાવત સમજાવો,)

પ્રદક્ષિણા વીતરાગ પ્રભુને દેવાય-એથી સંસારની પ્રદક્ષિણા મટે છે, કેમકે જેમ ભમરી માટીના ઘરમાં ઇયળને પૂરી એની આસપાસ ગુંજારવ કરતી ઘૂમે છે તો એના સંસ્કારથી ઇયળ ભમરી બની જાય છે એવી રીતે વીતરાગની આસપાસ, મનમાં-વાણીમાં વીતરાગના ગુંજારવ સાથે ફરાય એથી આત્મામાં વીતરાગતાના આકર્ષણના સંસ્કાર જમા થતાં જાય છે, જે ભરચક પ્રમાણમાં થઇ જતાં વીતરાગતાના માર્ગે પુરુષાર્થ વિકસાવી જીવને અંતે વીતરાગ-સર્વજ્ઞ-સિદ્ધ બનાવે છે; ને એમ ભગવાનને પ્રદક્ષિણાથી ભાવના ફેરા મીટે છે.

**સત્કાર-સન્માન વચ્ચે તફાવત :-**

અરિહંત ચૈત્ય એટલે કે જિનપ્રતિમાના સત્કારમાં વસ્ત્ર-વરખ-આંગી-અલંકારથી



પૂજા કરવાની હોય છે, ત્યારે એના સન્માનમાં પ્રભુના ગુણગાન-સ્તુતિ-સ્તવન કરવાની હોય છે. સત્કાર એ દ્રવ્યપૂજા-દ્રવ્યથી થતી ભક્તિ છે. ત્યારે સન્માન એ ભાવપૂજા-ભાવથી થતી ભક્તિ છે. ગુણગાન વગેરે કરતાં અંતરમાં ભક્તિના ભાવ ઊછળે છે.

**(૩) અંગપૂજા અને અગ્રપૂજા ક્યાં થાય ? તેમનાં નામ આપો.**

અંગપૂજા પૂજાનું દ્રવ્ય પ્રભુના અંગે અડીને થાય. અગ્ર પૂજા ત્યારે પૂજનદ્રવ્ય પ્રભુની આગળ અર્પવાથી થાય. દા.ત. અંગપૂજામાં પુષ્પપૂજા પ્રભુને અંગે પુષ્પદ્રવ્ય ચડાવવાથી થાય, અગ્રપૂજામાં ધૂપપૂજા ધૂપદ્રવ્યને પ્રભુની આગળ ધૂપ ઉખેવવાથી થાય.

અંગ-અગ્રપૂજાનાં નામ,-જળ, ચંદન, પુષ્પ એ ૩ અંગપૂજા છે, ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ એ ૫ અગ્રપૂજા છે.

**(૪) વ્યાખ્યા આપો,-નિર્માલ્ય, શ્રાવક, સાધુ અશન,**

**નિર્માલ્ય** એટલે પ્રભુના અંગે કે આગળ ચડાવેલું પૂજનદ્રવ્ય જે બીજે દિવસે વાસી થાય તે નિર્માલ્ય થયું ગણાય. દા.ત. અંગ-રચના, ફૂલ, ફળ, નૈવેદ્ય;... એ બીજા દિવસે નિર્માલ્ય ગણાય, ને તે ફરીથી ન ચડાવાય.

**શ્રાવક** એટલે મોક્ષમાર્ગનું શ્રવણ કરે તે; **સાધુ** એટલે મોક્ષમાર્ગને સંપૂર્ણપણે સાધે તે.

**અશન** એટલે જેનાથી પેટ ભરી શકાય, તૃપ્તિ થાય. ભૂખ શમે તેવો આહાર (ફરસાણાદિ ખાદિમ, મુખવાસાદિ સ્વાદિમથી તૃપ્તિ ન થાય, ભૂખ ન શમે)

**(૫) અષ્ટાપદજી તીર્થનું નિર્માણ કોણે કર્યું ? ત્યાં કેટલી ને કેવી મૂર્તિઓ છે ?**

અષ્ટાપદજીતીર્થ ઋષભદેવ ભગવાનના પુત્ર પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાએ બનાવરાવ્યું. ત્યાં આ ભરતક્ષેત્રના વર્તમાન ચોવીસીના ચોવીસે ભગવાનની મૂર્તિઓ છે. એ રત્નનાં બિંબ છે, ને તે તે પ્રભુના વર્ણ પ્રમાણે વર્ણવાળાં રત્નનાં ને પ્રભુની કાયા પ્રમાણે ઊંચાઈવાળાં બિંબ છે.

**(૬) પ્રભાતે ઉઠી શ્રાવકે શું શું કરવું ?**

શ્રાવક પ્રભાતે જાગતાં જ 'નમો અરિહંતાણં' યાદ કરે, પછી પથારીની બહાર નીકળી ૭-૮ નવકાર પાંચ પરમેષ્ઠીને નજર સામે લાવી બોલે અને સાથે સાથે પદવાર ને તે પરમેષ્ઠીને નમસ્કાર કરે. પછી આત્મચિંતા-ધર્મજાગરિકા કરે. એમાં **'કો અહં' 'કો મમ કાલો' 'કિમ્ એસસ્સ ઉચિઅં'** અર્થાત્ 'હું કોણ ?' 'મને આ કયો અવસર મળ્યો છે ?' 'આ અવસરને યોગ્ય મારે શું કર્તવ્ય છે ?' આનો

વિચાર કરે. પછી પ્રતિક્રમણ કરે નહિતર સકલ તીર્થવંદના કરે અને ભરતેશ્વર બાહુબલિ વગેરે મહાપુરુષો તથા ઉપકારીનું સ્મરણ કરી પચ્ચક્ખાણ ધારી લે પછી માતાપિતાને પ્રણામ કરી દેવદર્શન-વાસક્ષેપ-ધૂપ-દીપપૂજા સ્તવન કરે, ગુરુવંદન કરે. પચ્ચક્ખાણ લે.

**પ્રશ્ન ૬. નીચેના કોઈપણ ચારના જવાબ ૨-૩ લીટીમાં લખો.**

(૧) જંબૂકુમાર સાથે કોણે કોણે દીક્ષા લીધી ?

જંબૂકુમાર સાથે એમની તરતમાં પરણેલી દેવાંગના સમી ૮ પત્નીઓ, પોતાના ને એમના ૯ માબાપ, ચોરી કરવા આવેલ પ્રભવ ચોર અને એના ૫૦૦ સાગરીતો સાથે દીક્ષા લીધી.

**(૨) 'આરતી ઉતારી રાજા કુમારપાળે' શા માટે બોલાય છે ?**

એમ બોલવાનું કારણ કુપાળપાળ રાજાએ એકવાર આરતી ઉતારતાં વચમાં થંભી જઈ વિચાર્યું : 'પ્રભુની કૃપાએ મને અઢાર દેશનું સામ્રાજ્ય મળ્યું. ને હું પ્રભુને છ ઋતુનાં ફૂલ ન ચડાવું ?' એમ વિચારી ત્યાં ને ત્યાં જ અભિગ્રહ કર્યો : પ્રભુને છ એ ઋતુનાં ફૂલ ન ચડાવું ત્યાં સુધી આહાર-પાણી ત્યાગ.'

**(૩) 'ઉપબૃંહણા' ના અર્થ સમજાવો.**

ઉપબૃંહણા એટલે સાધર્મિકનાં સુકૃત-સદ્ગુણ-સાધનનું સમર્થન-પ્રશંસા-કદર કરવી. આ અવશ્ય કરવી જોઈએ, તો જ સમ્યગ્દર્શનનો આચાર પાળ્યો ગણાય ને એથી સમ્યગ્દર્શનને પુષ્ટિ મળે. ઉપબૃંહણાને બદલે મૌન રખાય, ઉપેક્ષા કરાય, તો દર્શનાચાર-ભંગ થયો, ને એથી સમ્યગ્દર્શન પર ઘા પડે.

**(૪) સર્વશ્રેષ્ઠ મંગળ કોણ ? શા માટે ?**

સર્વશ્રેષ્ઠ મંગળ નવકાર મહામંત્ર છે, પંચપરમેષ્ઠી નમસ્કાર છે. કેમકે એ સર્વ પાપનો નાશક છે. તેથી સર્વ પાપની અંતર્ગત સમસ્ત અંતરાય પાપકર્મનો પણ નાશ કરનાર છે. ત્યારે મંગળનો અર્થ એ છે કે મંગ-વિઘ્ન, અંતરાય; એનો નાશક, બીજી રીતે જોતાં પરમેષ્ઠી-નમસ્કાર ઠેઠ મોક્ષ સુધીની સદ્ગતિનાં વાંચ્છિત પૂરે છે માટે એ શ્રેષ્ઠ મંગળ છે.

**(૫) આઠ પ્રાતિહાર્યનાં નામ લખો**

૮ પ્રાતિહાર્ય નીચેથી ઊંચે સુધી જોતાં, આ પ્રકારે છે,- ૧. સિંહાસન, ૨. ચામર, ૩. ભામંડલ, ૪. ત્રણ વધતાં છત્ર, ૫. સુરપુષ્પવૃષ્ટિ, ૬. દિવ્યધ્વનિ, ૭. અશોક વૃક્ષ, ૮. દેવદુંદુભિ.



**(૬) અભિષેક અને પ્રક્ષાલ વચ્ચે શો તફાવત ?**

અભિષેક એટલે કોઈને રાજ્યગાદીએ પ્રતિષ્ઠિત કરવા માટે એના મસ્તકે કરાતી કળશમાંથી ન્હવણ ધારા. દા.ત. પ્રભુને આપણા હૃદય સામ્રાજ્ય પર પ્રતિષ્ઠિત કરવાની માગણીથી પ્રભુના મસ્તકે દૂધની અને જળની ન્હવણધાર, 'પ્રક્ષાલ' એટલે આપણો કર્મમેલ સાફ કરવા પ્રભુનું કરાતું સ્નાન.

**પ્રશ્ન-૭. નીચેના કોઈપણ ત્રણના યોગ્ય જવાબ આપો.**

**(૧) નવકારનાં છેલ્લાં ચાર પદનું રહસ્ય સમજાવો.**

નવકારનાં છેલ્લાં ચાર પદમાંના પહેલાં બે પદ પરમેષ્ઠી નમસ્કારનું સામર્થ્ય બતાવે છે, ને પછીનાં બે પદ એનો મહિમા બતાવે છે. સવાલ થાય કે -

**પ્ર.**- આ સામર્થ્ય-મહિમા બતાવનાર પદોને નવકાર મંત્રની અંદર દાખલ ન કર્યા હોત તો પણ પંચ નમસ્કારનું સામર્થ્ય અને મહિમા ઊભા જ હતાં, તો એ પદો શા માટે નવકારનાં પદ તરીકે મૂક્યાં ?

ઉ.- કારણ એ છે કે પરમેષ્ઠી નમસ્કારના પદ બોલ્યા પછી આ પદો બોલતાં એ નમસ્કારનું સામર્થ્ય અને મહિમા નજર સામે આવવાથી એ નમસ્કારની ખૂબ અનુમોદના થાય છે. નમસ્કાર એક સુકૃત છે, ને સુકૃતની અનુમોદનાનો એ લાભ છે કે એક તો 'કરણ કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નિપજાયો' એ હિસાબે કરણ જેવો લાભ મળે છે, ને બીજું એ કે એમાં હૈયે એ નમસ્કારાદિ સુકૃતનાં મહામૂલ્ય સ્ફુરવાથી નમસ્કારાદિ સુકૃત પર ભાવ વધી જાય છે, તેથી એ મહામૂલ્યાંકન સ્ફુર્યા વિનાના ભાવથી કરેલ સુકૃતનાં ફળ કરતાં આ મહામૂલ્યાંકને વધી ગયેલા ભાવથી કરેલ સુકૃતનું ફળ કેઈ ગણું વધી જાય છે. આમ, સુકૃત કર્યું એક વાર, (એટલે પાપક્ષય પુણ્યાદિનો લાભ એકવાર મળી ગયો) પરંતુ પછીથી જેટલીવાર અનુમોદના થાય તેટલી વાર નવનવાં પાપક્ષય-પુણ્યબંધ આદિના લાભ મળે છે, ને તે પણ વધતાં પાપક્ષયાદિ લાભ ! નવકારનાં છેલ્લાં ચાર પદનું આ રહસ્ય છે.

**(૨) અરિહંતના ૧૨ ગુણ અથવા સિદ્ધના ૮ ગુણનાં નામ ગણાવો.**

અરિહંતના ૧૨ ગુણ,-પૂર્વોક્ત ૮ પ્રાતિહાર્ય, અને ૪ મુખ્ય અતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમ અતિશય.

(૩) નિવૃત્તિ ધર્મ અને પ્રવૃત્તિધર્મ વિષે ક્યા સૂત્રમાં સમજાવેલ છે ? તે ધર્મનાં નામ આપો.

**'પંચિંદિય'** સૂત્રમાં ૧૮ નિવૃત્તિધર્મ અને પ્રવૃત્તિધર્મનું પ્રતિપાદન છે, તેનાં નામ ૫ ઇન્દ્રિયસંવર (ઇન્દ્રિયોને એના વિષયમમાં જતી રોકવી, પાછી વાળવી,

નિવૃત્તિ કરવી,) ૯ બ્રહ્મચર્યની વાડ (બ્રહ્મચર્યરક્ષા માટે સ્ત્રી-પશુ-નપુંસકવાળી વસતિનો ત્યાગ. સ્ત્રીકથાનો ત્યાગ... વગેરે નિવૃત્તિ.) ૪. કષાયમુક્તિ (ત્યાગ, નિવૃત્તિ) એમ ૫+૪+૯= ૧૮ નિવૃત્તિધર્મ. હવે ૫ મહાવ્રત (અહિંસા સત્ય આદિમાં પ્રવૃત્તિ), ૫ આચાર (જ્ઞાનાચારાદિ)માં પ્રવૃત્તિ, ૫ સમિતિ (હિંસાદિથી બચવા સાવધાનીની પ્રવૃત્તિ) ૩ ગુપ્તિ (અશુભત્યાગ પૂર્વક શુભવિચાર-વાણી-વર્તાવમાં પ્રવૃત્તિ), એમ ૫+૫+૫+૩= ૧૮ પ્રવૃત્તિધર્મ.

(૪) 'નમો અરિહંતાણં'માં મુખ્ય પદ કર્યું ? શા માટે ? 'નમો' પહેલું કેમ ?

'નમો અરિહંતાણ' માં અરિહંતાણ' પદ મુખ્ય છે, કેમકે (૧) 'નમો' અર્થાત્ નમસ્કારાદિ સર્વ સાધનામાં 'અરિહંત' અસાધારણ કારણ છે. અરિહંતના પ્રભાવે જ શુભ ભાવ આદિ સર્વ સાધના થઈ શકે છે, ને સાધના ઉત્તમ-ઉત્કૃષ્ટ ફળદાયી પણ અરિહંતના પ્રભાવે જ થાય છે. (૨) નમસ્કાર શું કે દાનાદિ સર્વ ધર્મ શું, એના પાયામાં ભવનિર્વેદ-ભવવૈરાગ્ય અતિઆવશ્યક છે. માટે 'જય વીયરાય' સૂત્રમાં પહેલી માગણી ભવનિવ્વેઓ' ભવનિર્વેદ થવાની મૂકી. આ ભવનિર્વેદ-સંસારવૈરાગ્ય-વિષયવિરાગ વીતરાગના આલંબને જ થઈ શકે. જેમણે રાગનો સર્વથા નાશ કર્યો છે. એમને દૃષ્ટિમાં રાખવાથી સહેજે વિષયો પ્રત્યે વૈરાગ્ય ઝળકી ઊઠે. માટે એ વીતરાગ અરિહંતદેવને દર્શાવનાર 'અરિહંતાણં' પદ મુખ્ય છે, છતાં 'અરિહંતાણં નમો' ન કહેતાં 'નમો અરિહંતાણં' એમ કહ્યું એમાં 'નમો' પદ પહેલું કહેવાનું કારણ એ કે ભલે અરિહંત મુખ્ય, પરંતુ એમની પાસે પહોંચવાનું નમસ્કાર દ્વારા જ થઈ શકે. હૈયામાં નમન-નમ્રતાનાં ભાવ વિના અરિહંત ન આવી શકે.'

**પ્રશ્ન-૮. નીચેનામાંથી કોઈપણ પાંચનાં જવાબ ૨-૩ લીટીમાં લખો.**

**(૧) શાલિભદ્રને કેટલી પેટી ક્યાંથી આવતી ?**

શાલિભદ્રને રોજ ૯૯ પેટી દેવ થયેલ એમના પિતા તરફથી આવતી. એમાં ૩૩ પેટી ખાનપાનની, ૩૩ પેટી વસ્ત્રાદિની અને ૩૩ પેટી આભૂષણોની હતી.

**(૨) તીર્થંકર ભગવાનના કુલ અતિશય કેટલા ? તેમાં મૂળ ૪ અતિશય કયા કયા ?**

તીર્થંકર ભગવાનના કુલ અતિશય ૩૪, એમાં ૪ મૂળ અતિશય - અદ્‌ભુતરૂપ, સુગંધિત શ્વાસોચ્છ્‌વાસ, નીરોગી અને પ્રસ્વેદરહિત દેહ, તથા આહાર-નીહાર વિધિ અદૃશ્ય.

**(૩) છ દ્રવ્યોનાં નામ આપો -**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકા અને કાળ.



**(૪) જ્ઞાન ભણવાના પાંચ પ્રકાર -**

વાચના, પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.

**(૫) ખાદિમ અને સ્વાદિમ વચ્ચે તફાવત,-**

ખાદિમ અધિક ખાઈ શકાતું હોય, જેમકે ફળ, ફરસાણ... ત્યારે સ્વાદિમ સ્વાદ પૂરતું અલ્પ ખવાતું હોય તે, દા.ત. મુખવાસ તંબોળ...

**(૬) કઢા વિગઈનો અર્થ,-**

કઢાઈમાંથી તેલમાં તળીને યા પોતું દઈને તૈયાર થાય તે.

**(૭) ત્રિપદી કોણે કોને આપી ?**

ત્રિપદી ભગવાને ગણધર મહારાજને આપી.

**(૮) સુદર્શન શેઠ ક્યા બે વ્રતની પરીક્ષામાં પાર ઊતર્યા ?-**

બ્રહ્મચર્યની અને પછી અહિંસા વ્રતની.

**પ્રશ્ન-૯. જીવસિદ્ધિના ગમે તે ત્રણ હેતુ જણાવો.**

(૧) 'હું આંખેથી જોઉં છું, હું કાનેથી સાંભળવું છું, હું જીભથી ખાટું મીઠું જાણું છું....' આમ પાંચ ઈન્દ્રિયોથી થતાં જ્ઞાન 'હું' ને થાય છે, એ 'હું એ જ આત્મા.'

(૨) 'હું વધારે ખાઉં તો મારું શરીર બગડે' બોલીએ છીએ, પણ 'હું બગડું' એમ નથી બોલતા. એમ શરીર બગડતાં ડોક્ટરને કહેવાય છે કે ડોક્ટર જુઓને, મારું શરીર બગડ્યું છે.' પણ એમ નથી કહેવાતું કે ડોક્ટર જુઓને, આ હું બગડ્યો છું.' એમાં શરીર 'મારું' એટલે કોનું ? કહેવું પડે, 'આત્માનું.'

(૩) પૂર્વ જન્મનું સ્મરણ થાય છે ત્યાં પૂર્વનું શરીર તો બળી ભસ્મ થઈ ગયું, પરંતુ એમાં રહેલ આત્મા અહીં ચાલી આવ્યો. એને પોતાના પૂર્વ જન્મનાં પ્રસંગ યાદ આવે છે. એ આત્માનો પુરાવો છે.

(૪) નરકગતિનું વર્ણન કરો, નરકગતિમાં જવાનાં કારણો જણાવો.

નરકગતિ ૧૪ રાજલોકમાં નીચેના ૭ રાજલોકની સાત પૃથ્વીમાં આવેલી છે. એ અંધકારમય છે. એમાં પરસ્પરકૃત વેદના અને ક્ષેત્રકૃત વેદના હોય છે. પહેલી ૩ નરકમાં એ ઉપરાંત પરમાધામીકૃત પણ વેદના રહે છે. વેદના જાલિમ હોય છે. પહેલું તો નરકજીવન ઉત્પત્તિ સાંકડી કુંભીમાં મોટા શરીરવાળી થાય છે, જેને કુંભી ઉપરની ચંબુ જેવી સાંકડી નળીમાંથી બહાર કાઢવા પરમાધામી તીક્ષ્ણ શસ્ત્ર અંદરમાં ભોંકી ભોંકી નારક ના જીવતા શરીરમાંથી ટુકડા ટુકડા કાપી બહાર કાઢે છે. કેવી ભયંકર પીડા ! બધા ટુકડા બહાર નીકળી ગયા પછી પારાની કણીઓની જેમ એ ભેગા મળીને પાછું અખંડ શરીર બની જાય છે; અને છુટકારોનો દમ

ખેંચવા જાય ત્યાં તો પરમાધામી અથવા બીજા નારક જીવો એના પર ઘણના ઘા ઠોકે છે, ભાલા ભોંકે છે, તલવારથી કાપાકાપી કરે છે, અગ્નિમાં પકાવે છે, પથ્થરોના પ્રહાર કરે છે, યંત્રમાં પીલે છે, કરવતે વ્હેરે છે, સિંહ-વાઘનાં રૂપ કરી જામફળની જેમ બટકે છે, ક્ષેત્રની ગરમી યા ઠંડી ભયંકર અસહ્ય હોય છે, જમીન અસ્ત્ર જેવી એના પર ચાલતાં પગ કપાવા જેવી પીડા થાય છે. એથી બચવા ગુફામાં પેસે તો ઉપરની સીલિંગની મોટી શિલા નીચે ઉતરતી એને કચરવા લાગે છે. એમાથી બહાર દોડે, ત્યાં સિંહ-વાઘ-વરુ એના પર તૂટી પડે છે, ત્યાંથી ભાગતાં ઉપરથી પથ્થરોનો વરસાદ પડે છે, એથી બચવા વૈતરણી નદીમાં જઈ પડે તો ઊકળતા સીસાના જાડા રસ જેવા કાંપમાં બળે છે, શેકાય છે. એમાંથી ઝટપટ નીકળી જવા દોડવાનું કરવા જાય પણ એ અશક્ય બને છે....

આવા અનેકાનેક પ્રકારના ને અસંખ્ય વરસોના ભયંકર દુઃખોવાળી નરકગતિમાં જવાનાં કારણો મહાઆરંભ-મહા પરિગ્રહની બુદ્ધિ, રૌદ્રધ્યાન, કાળી લેશ્યા, માંસાહાર, શિકાર, અતિ ઉગ્ર વિષયાસક્તિ વગેરે છે.

**પ્રશ્ન-૧૦. ૮ પ્રકારની પુદ્‌ગલવર્ગણાનાં નામ આપો અને તેનો ઉપયોગ જણાવો.**

૧. ઔદારિક વર્ગણા-એનાથી મનુષ્ય-તિર્યંચનાં શરીર બને. તિર્યંચમાં પૃથ્વીકાય...વનસ્પતિરાય વગેરે પણ આવે.

૨. વૈક્રિય વર્ગણા-એનાથી દેવ-નારકનાં શરીર બને.

૩. આહારક વર્ગણા,-એનાથી ચૌદપૂર્વી મહર્ષિ શરીર બનાવી એને વિચરતા પ્રભુ કે કેવળજ્ઞાની પાસે મોકલે, અને સંશયનું સમાધાન લઈ આવે.

૪. તેજસ વર્ગણા-એનાથી તેજસ શરીર બને, ને તે જીવની સાથે જ રહી પરલોકમાં પણ સાથે ચાલે. એનાથી શરીરમાં ગરમી રહે, આહારપાચન થાય.

૫. ભાષા વર્ગણા,-જીવ એને ગ્રહણ કરી ભાષા-શબ્દરૂપ બનાવી છોડે એટલે ઉચ્ચારણ થાય.

૬. શ્વાસોશ્વાસ વર્ગણા, -જીવ આ પુદ્‌ગલો લઈ શ્વાસરૂપ બનાવી શ્વાસ-ઉચ્છ્‌વાસની પ્રક્રિયા કરે.

૭. મનોવર્ગણા, -જીવ એને ગ્રહણ કરી એમાંથી મન બનાવી છોડે ત્યાં વિચાર ઊભા થાય.

૮. કાર્મણવર્ગણા, કર્મબંધના હેતુ સેવવાથી જીવ ઉપર આ વર્ગણાના પુદ્‌ગલ કર્મરૂપ બની ચોંટે છે.



**પ્રશ્ન-૧૧. એક કાળચક્રના ૨ વિભાગ કયા કયા ?**

૬-૬ આરાની ઉત્સર્પિણી બને અવસર્પિણી મળી ૧ કાળચક્ર થાય.

**સાગરોપમ** અને **પલ્યોપમનો** અર્થ સમજાવો.

'સાગરોપમ' એટલે સાગરની ઉપમાવાળો કાળ જેમાં ૧૦ કોટી કોટી પલ્યોપમ વર્ષ વીતે. 'પલ્યોપમ' એટલે પલ્યમાલાની ઉપમાવાળો કાળ. જેમાં અવસ્થિત-અનવસ્થિત શલાકા-પ્રતિશલાકા મહાશલાકા એ ચાર પ્યાલાની ગણતરીથી કાળ મપાય છે, ને એમાં અસંખ્ય વર્ષ પસાર થાય છે.

**પ્રશ્ન-૧૨. ઋષભદેવ ભગવાનના માત્ર-જીવન પ્રસંગો ટૂંકમાં આલેખો.**

ઋષભદેવ ભગવાન મરુદેવા માતાના ઉદરમાં આવ્યા ત્યારે સમસ્ત જીવોને આનંદનો અનુભવ થયો, અજવાળાં પથરાયાં, ઇંદ્ર શકસ્તવથી સ્તુતિ કરી. માતાને ૧૪ મહાસ્વપ્ન આવ્યાં. એનો ફળાદેશ એ વખતે જોષીઓ નહિ હોવાથી નાભિરાજાએ પોતે કહ્યો. પ્રભુનો જન્મ થતાં ૫૬ દિક્કુમારી અને ૬૪ ઇંદ્રોએ મહોત્સવ કર્યા.

પ્રભુએ મોટા થયે લોકોને વિદ્યાઓ, શિલ્પો અને ઉચિત વ્યવહાર શીખવ્યો જેથી લોક જંગલી પ્રજા ન બની જાય.

ભગવાનને ઇન્દ્રે રાજ્યાભિષેક કરી હીરામાણેકના દાગીના ને વસ્ત્રોથી શણગારી સિંહાસન પર બેસાડ્યા. એટલામાં રાજ્યાભિષેક કરવા માટે પાણી લેવા ગયેલા યુગલિકો પાણી લઈને આવ્યા, પ્રભુનું શરીર શણગારેલું દેખી, અંગૂઠો ખાલી દેખી એના પર અભિષેક કર્યો. આ એમના વિનયને જોઈ ઇંદ્રના હુકમથી કુબેરે ૧૨ જોજન લાંબી પહોળી વિનીતાનગરી ઊભી કરી દીધી.

ભગવાન સુનંદા-સુમંગલા બે પત્નીને પરણ્યા, ૧૦૦ પુત્રોને રાજ્યના ૧૦૦ દેશ વહેંચી આપી ૧ લાખ પૂર્વનું આયુષ્ય બાકી હતું ત્યારે પ્રભુએ સંસારત્યાગ કરી ચારિત્ર લીધું. ને ૧ વર્ષ ઉપરાંત ભિક્ષા ન મળી; કેમકે લોકો અન્નદાન સમજતા નહોતા. છતાં પ્રભુએ દીક્ષા પહેલા કે પછીય એ સમજાવ્યું નહિ- એટલા બધા પોતાની ભિક્ષા માટે નિઃસ્પૃહ હતા. એ તો શ્રેયાંસને પ્રભુને જોતાં પૂર્વભવનું સ્મરણ થયું ને નિર્દોષ ઇક્ષુરસ પ્રભુને વહોરાવ્યો ત્યારે પ્રભુએ પારણું કર્યું. પ્રભુએ ૧૦૦૦ વર્ષ વિના નિદ્રાએ ખડે પગે લગભગ કાયોત્સર્ગધ્યાનમાં રહી ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામ્યા, તીર્થંકર બન્યા, ધર્મશાસન અને ચતુર્વિધ સંઘ સ્થાપ્યો.

હવે ભગવાન કૃતકૃત્ય થઈ ગયા છે, માત્ર શેષ આયુષ્ય અને બીજા અઘાતીકર્મ ભોગવાઈ જાય એટલે નક્કી મોક્ષ મળવાનો છે છતાં પુત્ર ભરતને ઘેર જઈ ન બેઠા,

વિસામો ન લીધો, પરંતુ એક લાખ પૂર્વવર્ષો સુધી પૃથ્વી તલ પર વિચરતા રહી ઉપદેશના ધોધ વરસાવ્યા, મોક્ષનાં દાન કરતા રહ્યા, અંતે અષ્ટાપદ પર મોક્ષ પામ્યા.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૭,અંક-૪૪,તા.૧૪-૭-૧૯૭૯

## સાંતાક્રુઝ - બીજી પરીક્ષાના પ્રશ્નોને ઉત્તરો

**પ્રશ્ન-૧. બાર વ્રતોનાં નામ લખો, ૨જા ૩જા, ૭મા, ૮મા વ્રતનું વિવેચન લખો.**

**ઉત્તર-૧૨. વ્રતોનાં નામ : પાંચ અણુવ્રત**

૧. સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણવ્રત, ૨. સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત, ૩. સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત, ૪. સ્વદારા સંતોષ પરસ્ત્રી ત્યાગવ્રત, ૫. પરિગ્રહ-પરિમાણવ્રત.

**ત્રણ ગુણવ્રત :-** ૬. દિશા પરિમાણવ્રત, ૭. ભોગોપભોગ પરિમાણવ્રત, ૮. અનર્થદંડ વિરમણવ્રત.

**ચાર શિક્ષાવ્રત :-** ૯. સામાયિકવ્રત, ૧૦ દેશાવકાશિક વ્રત, ૧૧. પોષધવ્રત, ૧૨. અતિથિ સંવિભાગવ્રત.

● બીજું વ્રત 'સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત' એટલે (૧) મનુષ્ય દાસ-દાસી અંગે એને બીજાને ભળાવવામાં કે પુત્ર-પુત્રી અંગે એને વરાવવામાં જૂઠ ન બોલવું. (૨) પશુ અંગે એને વેચવામાં કે ભળાવવામાં જૂઠ ન બોલવું. (૩) જમીન-મકાન માલ વગેરે અંગે એને વેચવામાં જૂઠ ન બોલવું. (૪) કોઈની થાપણ ઓળવવી નહિ. (૫) જૂઠી સાક્ષી ન ભરવી.

● ત્રીજું વ્રત 'સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત' એટલે રાજ્ય દંડે લોક ભાંડે એવી ચોરી ન કરવી. દા.ત. ખીસા કાપવા, કોઈની ગઠડી-માલનું ઉચાપત, ટેક્ષ નૂર વગેરેની ચોરી ન કરવી.

● સાતમું વ્રત 'ભોગોપભોગ પરિમાણવ્રત'માં (૧) ૨૨ અભક્ષ્યનો ત્યાગ કરવો. (૨) જીવનભર માટે ૧૪ નિયમમાં આંકડા નક્કી કરવા, દા.ત. રોજના માટે 'પાંચ સચિત્તથી વધુ નહિ વાપરું' '૩૦ દ્રવ્યથી વધુ નહિ વાપરું.' (૩) ધાન્ય-શાકભાજી-ફળ મેવાનાં નામ લખી રાખી આટલા સિવાયના બીજાં ધાન્યાદિનો યાવજ્જીવ ત્યાગ. (૪) પંદર કર્માદાન કે ઓછાનાં નામ લખી રાખી એટલા ધંધાનો જીવનભર ત્યાગ.



● આઠમું વ્રત 'અનર્થ દંડ વિરમણવ્રત', એમાં (૧) અપધ્યાન અર્થાત્ અશુભ ધ્યાન આર્તધ્યાન-રૌદ્રધ્યાન ન થાય એનો ઉપયોગ રાખવો. તીવ્ર અપધ્યાન થઈ જાય તો બીજે દિવસે આયંબિલ, નીવી, ઘી-ત્યાગ વગેરે દંડ ભરવો. (૨) પાપોપદેશ ન કરવો, અર્થાત્ હિંસાદિ પાપ કરવાની, કલહ-કષાય-મોજશોખ કરવાની સલાહ ન આપવા ખ્યાલ રાખવો. (૩) અધિકરણ પ્રદાન ન કરવું, અર્થાત્ ખાસ દાક્ષિણ્યના કારણ સિવાય બીજાને હિંસા કરનારાં સાધન જેવા કે ઘંટી, ચાકુ, કાતર, સાબુ વગેરે ન આપવાનો ખ્યાલ રાખવો. (૪) પ્રમાદાચરણનો ત્યાગ, દા.ત. ૭ વ્યસનનો ત્યાગ, સરકસ, સિનેમા, નાટક, ખેલ, તમાશા, પશુ-યુદ્ધ, ક્રિકેટ, વગેરે ન જોવાં, પાનાબાજી, પતંગ, હોળી વગેરે રમત ન રમવી; મોજશોખનાં સ્નાન, સવારી, હરવું ફરવું વગેરેનો ત્યાગ, નોવેલ નવલકાદિ રાગદ્વેષવાસનોત્તેજક સાહિત્ય ન વાંચવું, ન લખવું.

**પ્રશ્ન-૨ : સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારનાં નામ લખો.**

**ઉત્તર :-** 'સદ્દશુલિ દૂભૂલ આજ ભાટ્ઠા પ્રભાવિ', આમાં મુખ્ય ૧૨ પ્રકારનાં નામના આધાક્ષર સમાયેલા છે, જેમ કે,-

| | | | |
|---|---|---|---|
| ૪ **સદ્દ**હણા, | ૫ **દૂ**ષણ, | ૬ **આ**ગાર, | ૬ **ઠ્ઠા**ણ |
| ૩ **શુ**દ્ધિ, | ૫ **ભૂ**ષણ, | ૬ **જ**યણા, | ૮ **પ્રભાવ**ક, |
| ૩ **લિં**ગ, | ૫ **લ**ક્ષણ, | ૬ **ભા**વના, | ૧૦ **વિ**નય, |

આ દરેકનાં અવાંતર ભેદોનાં નામ આ પ્રમાણે :-

૪ સદ્દહણા, પરમાર્થ સંસ્તવ (તત્ત્વ પરિચય, તજ્જ્ઞ સેવા, કુદર્શનીનો ત્યાગ, ભ્રષ્ટ દર્શનીનો ત્યાગ.

૩ શુદ્ધિ :- મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ.

૩ લિંગ :- ધર્મશ્રવણનો અથાગ રાગ, ચારિત્ર લેવાની તીવ્ર ભૂખ, દેવગુરુનું વૈયાવચ્ચ.

૫ દૂષણ :- ૧. જિનવચનમાં શંકા ૨. પરમતની કાંક્ષા-આકર્ષણ, ૩ ધર્મના ફળમાં સંદેહ વિચિકિત્સા, ૪. ધર્મહીનની પ્રશંસા અને ૫. કુગુરુ પરિચય-સત્કાર, -આ પાંચ દૂષણનો ત્યાગ.

૫ ભૂષણ :- શાસ્ત્રવેત્તાપણું, તીર્થભક્તિ, સંઘસેવા, જૈનધર્મમાં દઢતા, શાસન પ્રભાવના.

૬ આગાર :- ૧. રાજા-૨. ગણ (સમુદાય)-૩. દુષ્ટ-પુરુષ ૪. દેવના બળાત્કારે અથવા ૫. ગુરુ-વડીલજનના અત્યંત દબાણથી કે ૬. જંગલ જેવામાં

જીવન મરણના પ્રસંગવશ કાંક કુદેવાદિને નમન આદિ કરવું પડે, તેનો સમકિતમાં અપવાદ.

૬ જયણા :- મિથ્યાદૃષ્ટિ ગુરુ કે કુસાધુને વંદન નમસ્કાર (સ્તુતિ) આલાપ-સંલાપ અને સત્કારપૂર્વક દાન-પ્રદાન ન કરવા.

૬ ભાવના :- **'મૂલં-દાર'-પઈટ્ઠાણં,' આહારો-ભાયણં-નિહી'** એ છથી સમ્યગ્દર્શનની ભાવના કરવી. દા.ત. સમ્યકત્વ એ દાનાદિ ધર્મવૃક્ષનું મૂળ છે. વ્રતાદિ ધર્મનગરનો દરવાજો છે, ધર્મ-ઈમારતનો પાયો છે, ધર્મગુણોનો પૃથ્વીની જેમ આધાર છે, પાત્ર છે, નિધિભંડાર છે.

૬ ઠાણ (ષટ્સ્થાન) : આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે, એ નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષના ઉપાય છે.

૮ પ્રભાવક :- **'પ્રાક કવિ નૈવાસિત'** પ્રાવચનિક (બહુશ્રુત), કથક (ઉપદેશક), કવિ, વિદ્યાસિદ્ધ, નૈમિત્તિકવાદી, સિદ્ધ (વચનસિદ્ધિ આદિ ધરનાર) તપસ્વી.

૧૦ વિનય :- ૫ પરમેષ્ઠી, ચૈત્ય, શ્રુત (શાસ્ત્ર), ધર્મ (ક્ષમાદિ) પ્રવચન (સંઘશાસન) દર્શન (સમ્યગ્દર્શન)નો વિનય કરવો.

**પ્રશ્ન-૩ : માર્ગાનુસારી ૩૫ ગુણ લખો.**

| **૧૧ કર્તવ્ય** | **૮ દોષત્યાગ** | **૮ ગુણગ્રહણ** | **૮ સાધના** |
|---|---|---|---|
| ૧ ન્યાય-સંપન્નતા | ૧ નિંદા ત્યાગ | ૧ પાપનો ભય | ૧ કૃતજ્ઞતા |
| ૨ ઉચિત વ્યય | ૨ નિંદ્ય પ્રવૃત્તિ ત્યાગ | ૨ લજ્જા | ૨ પરોપકાર |
| ૩ ઉચિત વેશ | ૩ ઇંદ્રિય-ગુલામી ત્યાગ | ૩ સૌમ્યતા | ૩ દયા |
| ૪ ઉચિત વિવાહ | ૪ આંતરશત્રુ ત્યાગ | ૪ લોકપ્રિયતા | ૪ સત્સંગ |
| ૫ ઉચિત ઘર | ૫ અભિનિવેશ ત્યાગ | ૫ દીર્ઘદૃષ્ટિ | ૫ ધર્મશ્રવણ |
| ૬ અજીર્ણે ભોજનત્યાગ | ૬ ત્રિવર્ગ બાધા ત્યાગ | ૬ બલાબલ-વિચારણા | ૬ બુદ્ધિના ૮ ગુણ |
| ૭ કાળે સાત્મ્યતઃ ભોજન | ૭ ઉપદ્રવાળા સ્થાનનો ત્યાગ | ૭ વિશેષજ્ઞતા | ૭ પ્રસિદ્ધ દેશાચાર પાલન |
| ૮ માતાપિતાની પૂજા | ૮ અદેશ-કાલ ચર્યાનો ત્યાગ | ૮ ગુણ પક્ષપાત | ૮ શિષ્ટાચાર |
| ૯ પોષ્ય-પોષણ | | | |
| ૧૦ અતિથિ-સાધુ--દીનની સરભરા | | | |
| ૧૧ જ્ઞાનવૃદ્ધ કે ચારિત્ર-પાત્રની સેવા | | | |

**પ્રશ્ન-૩ : (૧) માતાપિતાની પૂજા શી રીતે ?**

ઉ૦ માતાપિતાને રોજ ત્રિકાળ પ્રણામ કરવા, ધર્મ વિરુદ્ધ ન હોય એવી



એમની બધી આજ્ઞા માનવી, એમને આપણાથી ઊંચા વસ્ત્ર-આસન-ખાનપાન વગેરેથી ભક્તિ કરવી, એમની હાજરીમાં ઊંચા સાદે ન બોલવું વગેરે એમની મર્યાદા જાળવવી, એમને દાનાદિ ધર્મની સગવડ દેવી, એમને યશ અપાવવો, એમના મૃત્યુ બાદ એમની ચાલુ વપરાતી ચીજો આપણે ન વાપરતાં દાનમાં દઈ દેવી.

**પ્ર૦ માતાપિતાની પૂજા શા માટે ?**

ઉ૦ માતાપિતા પરમ ઉપકારી છે, એમણે જનમ આપ્યો. આપણે એમનો કશો ઉપકાર નહિ કરેલ છતાં આપણી બાળપણાની કટોકટીથી માંડી એમણે સર્વવાતે આપણું સંરક્ષણ-પાલન-વર્ધન કર્યું. આપણને દયા વિનાયાદિના સુસંસ્કાર પાડ્યા, આપણા પર આવો ઉપકાર જગતનાં બીજા કયા માનવીએ કર્યો છે ? એમના ઉપકાર એવા ને એટલા બધા છે કે એનો બદલો આપણે વાળી શકીએ નહિ. માટે એમની પૂજા કરવી.

**પ્ર૦ ઇંદ્રિય-ગુલામીનો ત્યાગ સમજાવો.**

ઉ૦ ઇંદ્રિયો આત્માની ભાવશત્રુ છે. આંતરિક શત્રુ છે. બહારનો શત્રુ બહુ બહુ તો આ એક જનમનો નાશ કરે છે. પરંત ઇંદ્રિયો જીવને વિષયલંપટ બનાવી ભવના ફેરા વધારીને અંતે અનેકવાર દુર્ગતિનાં દુઃખદ જનમ-મરણ કરાવે છે, ઇંદ્રિયો પોતાના વિષયોની આસક્તિમાં અહીં પણ આત્મા, પરમાત્મા, ધર્મ, પરલોકને ભુલાવે છે, ને હિંસા, જૂઠ, અનીતિ વગેરે પાપો કરાવે છે. તેથી ઇંદ્રિયોની એ ગુલામીનો ત્યાગ કરવો જોઈએ, એના મનમાન્યા વિષયોમાં કુલટાની જેમ જતી રોકવી જોઈએ. એ માટે અભક્ષ્ય-ત્યાગ-માલમલીદા ત્યાગ, અયોગ્ય દર્શન ત્યાગ અનુચિત વચનનો ત્યાગ-દુરાચાર-ત્યાગ, બીડી વગેરે વ્યસન-ત્યાગ ઇત્યાદિ રીતે ઇંદ્રિય ગુલામીનો ત્યાગ કરવો.

**પ્ર૦-૩ (૨) : અષ્ટ પ્રકારી પૂજામાં શી શી ભાવના કરવી ?**

ઉ૦ (૧) અભિષેક પૂજામાં,-'પ્રભુ ! મારા હૃદય સિંહાસનેથી મોહને ઉઠાડી તમારો મારા રાજા તરીકે અભિષેક કરું છું. હવેથી મોહની નહિ, પણ તમારી આજ્ઞા મને માન્ય હો.' આ ભાવના કરવી.

(૨) ચંદન પૂજામાં 'પ્રભુ ! આ ચંદનની જેમ મારામાં શીલની સુગંધ અને સૌમ્ય વિચાર-વાણી વર્તાવની શીતલતા આવો' આ ભાવના કરવી.

(૩) પુષ્પ પૂજામાં (i) 'પ્રભુ ! હું તમને સુમનસ (પુષ્પ) અર્પું' છું, તમે પણ મને સુમનસ્ (સારું મન) આપો (ii) પ્રભુ ! પુષ્પની જેમ મારામાં સુકૃતોનું સૌંદર્ય અને સદ્ગુણોની સુવાસ આવો.'

(૪) ધૂપ પૂજામાં : 'પ્રભુ ! આ ધૂપની જેમ મારામાંથી મિથ્યાત્વ-વિષયરાગ વગેરે દુર્ગંધ હરી સમકિત વિરતિની સુવાસ પ્રસરો, ધૂપની જેમ મારી સદા ઊર્ધ્વગતિ રહો.'

(૫) દીપક પૂજામાં : 'પ્રભુ ! આ દીપકના મંગળની જેમ મારા જીવનમાં મંગળ જ મંગળ હો. દીપકની જેમ મારામાં કેવળજ્ઞાન સુધીનો પ્રકાશ પ્રસરો. આ ભાવના.'

(૬) અક્ષતપૂજામાં,- 'પ્રભુ ! અક્ષત વાવેલા ઊગતા નથી, એમ મારે પણ આ સંસારમાં ફરીથી ઊગવા-જનવાનું ન રહો, ને અક્ષત અક્ષય પદવી મોક્ષ મળો' આ ભાવના.

(૭) નૈવેદ્ય પૂજામાં, - 'પ્રભુ ! મારો માલ મેવા પરનો રાગ હરી યાવત્ અનાહારીપણું પ્રગટો,' - આ ભાવના.

(૮) ફળપૂજામાં,- 'પ્રભુ ! ફળ જેમ અંતિમ પક્વ અવસ્થા છે એમ મારી પણ વીતરાગના અને સિદ્ધ મુક્તપણાની અંતિમ પક્વ અવસ્થા બનો' :- આ ભાવના કરવી.

**પ્રશ્ન-૩ (૩) : નવાંગી તિલક વખતે શી શી ભાવના કરવી ?**

ઉ૦ (૧) અંગૂઠે તિલક કરતાં,-'પ્રભુ ! યુગલિયાઓએ અંગૂઠે અભિષેક કરી વિનય દાખવ્યો, એમ મારામાં વિનય આવો. પ્રભુ ! આપના ચરણે સ્પર્શથી મારામાં આપનો નિર્મોહિતાનો વિદ્યુતપ્રવાહ વહો.'

(૨) જાનુ પર તિલક કરતાં,- 'પ્રભુ ! આપે ખડા-ખડા સાધના કરી કેવળજ્ઞાન ઉપાર્જ્યું ! એને મારે કોટિ કોટિ અભિનંદન, મને એવો ધર્મસાધનામાં અપ્રમત્તભાવ મળો' આ ભાવના ભાવવી.

(૩) કાંડા પર તિલક વખતે,-'પ્રભુ ! આપે હાથેથી વરસભર દાન-મહાદાન કર્યે રાખ્યું. એને શતશઃ અભિનંદન મને પણ દાનશક્તિ મળો.'

(૪) સ્કંધ પર તિલક કરતાં ભાવવાનું- 'પ્રભુ ! આપે ખભેથી અભિમાનને રવાના કર્યું એમ આ તિલકની પૂજાથી મારું પણ અભિમાન જાઓ.'

(૫) મસ્તક-શિખા પર તિલક વખતે ભાવતાં,- 'પ્રભુ ! આપે લોકના મસ્તકે સિદ્ધશિલા પર શાશ્વતવાસ કર્યો એમ આપની કાયાના આ સર્વોચ્ચ ભાગના પૂજનથી મને પણ લોકના અંતે વાસ મળો.'

(૬) લલાટે તિલક વખતે ચિંતવવું- 'પ્રભુ ! આપ જગતના તિલક સ્થાને છો, આપને આ તિલક કરીને હું આપને મારા તિલકે ધરી આપનું શરણ સ્વીકારી લઉં છું.'



(૭) કંઠે તિલક વખતે ભાવવું કે, 'પ્રભુ ! આપે આ કંઠમાંથી જગદુદ્ધારક તત્ત્વવાણી પ્રકાશીને અનુપમ કરુણા કરી છે. આ તિલકથી હું એ વાણીની કરુણાને ઝીલનારો બનું.'

(૮) હૃદયે તિલક કરતાં ભાવવું, 'પ્રભુ ! આપે આ હૃદયમાંથી રાગ-દ્વેષ વગેરે દોષોને બાળી મૂકી હૃદયમાં ઉપશમ છલકાવ્યો છે. આ તિલકના કનેકશન દ્વારા એ ઉપશયનો વિદ્યુત્ પ્રવાહ મારામાં વહો.'

(૯) નાભિ પર તિલક કરતાં ચિંતવવું- 'પ્રભુ ! કાયાનો મધ્ય પ્રદેશ જે નાભિ, તેની જેમ આત્માના મધ્યપ્રદેશ આઠ રુચક પ્રદેશ, તે તદ્દન નિર્મલ છે. એની જેમ આપે સમગ્ર આત્મ-પ્રદેશને નિર્મલ કરી એમાં અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કર્યા છે. તેમ પ્રભુ ! આ નાભિએ તિલકના પ્રભાવે મારામાં પણ એ અનંતજ્ઞાનાદિ પ્રગટ કરવાનું સામર્થ્ય આવો.'

**પ્રશ્ન-૪.** અવિરતિ એ ઘોર પાપ કેમ ? વિરતિનું મહત્ત્વ શું ? એ સમજાવો. ૧૪ નિયમ ધારવાથી પાપનો ત્યાગ શી રીતે એ સમજાવો.

ઉ૦- અવિરતિ એ ઘોર પાપ એટલા માટે કે એકેન્દ્રિય જીવોની, અવિરતિના યોગે, કાયસ્થિતિ અસંખ્ય અનંત કોડાકોડી ઉત્સર્પિણી અવસર્પિણીની હોય છે. જેમ **'ભવસ્થિતિ'** એટલે એના એ જ ભવમાં સળંગ રહેવાનો કાળ (અર્થાત્ આયુષ્યકાળ), એમ 'કાયસ્થિતિ' એટલે એવી ને એવી જ કાયમાં દા.ત. પૃથ્વીકાયમાં, વનસ્પતિ કાયમાં, ત્રસકાયમાં, સળંગ રહેવાનો કાળ. તો જીવ પૃથ્વીકાય આદિ સ્થાવર કાયમાં મરી મરીને એ જ કાયમાં જનમ્યાં કરે, એ કેટલા કાળ સુધી ? એવા પ્રશ્નનો ઉત્તર જૈન શાસ્ત્રો આ કહે છે કે- 'એ જીવ વધુમાં વધુ અસંખ્ય યા અનંત ઉત્સર્પિણી કાળ સુધી સ્થાવરકાય અર્થાત્ એકેન્દ્રિયપણામાં સળંગ જન્મી-મરી શકે છે. એ ક્યા કારણે ? કર્મબંધનાં ૪ કારણ છે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

**અલબત્ત,** એકેન્દ્રિયને કર્મબંધના કારણભૂત મિથ્યાત્વાદિ છે, કિન્તુ 'મિથ્યાત્વ' અનાભોગિક હોઈ એવા જોરવાળું નથી. 'કષાયો' દ્રવ્ય-મન નહિ હોવાથી એવા જોસવાળા નથી, 'યોગ'માં વચનયોગ મનોયોગ તો છે જ નહિ, ને કાયયોગ એ સ્થાવર હોઈ ત્રસ જીવો જેવો ધૂમધામ કામ કરતો નથી; તેથી વધી એક **'અવિરતિ.'** એની જ પ્રબળતાના યોગે આવી દીર્ઘાતિદીર્ઘ કાયસ્થિતિ હોવાનું માનવું પડે. તેથી કહેવાય કે અવિરતિ એ ઘોર પાપ છે.

બીજી રીતે જોતાં, અવિરતિમાં હિસાદિ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા નહિ એટલે ક્યારેક પાપ ન આચરવા છતાં પાપ પ્રત્યે સાપેક્ષભાવ યાને પાપની અપેક્ષા

હંમેશની બની રહે છે. વળી અવિરતિમાં હિંસાદિ પાપની છૂટની જેમ ઇંદ્રિયોની વિષયાસક્તિ પણ છે. એ વિષયો ઇંદ્રિયોને બહુ ગમતા હોઈ વિષયાસક્ત જીવન એની આસક્તિ યાને અવિરતિ પ્રાયઃ પાપરૂપ લાગતી નથી. આમ અવિરતિ એ મિથ્યાત્વને પોષનારું હોઈ ઘોર પાપ છે.

**પ્ર.-૪ (૧) :- વિરતિનું મહત્ત્વ શું ?**

વિરતિનું મહત્ત્વ આ છે, કે -

(૧) વિરતિ પળમાં પાપને પેલે પાર ઉતારી દે છે ! ગંગાનદી પગેથી ચાલીને પેલે પાર ન ઊતરાય, પરંતુ નાવડા દ્વારા થોડી વારમાં પેલે પાર ઊતરી જવાય; એમ વિરતિ કરી યાને પાપત્યાગની પ્રતિજ્ઞા કરીને ક્ષણમાં પાપબંધના પેલે પાર પહોંચાય, અર્થાત્ પાપનો બંધ થતો અટકે.

(૨) વિરતિ એટલે કે નિયમ કરવાથી મન અંકુશમાં આવે. પછી તો મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.

(૩) 'જાવ મણે હોઈ નિયમ સંજુત્તો, છિજ્જઈ અસુહં કમ્મં' જ્યાં સુધી (જીવ) મનમાં નિયમયુક્ત હોય, ત્યાં સુધી અશુભ કર્મ છેદાયે જાય છે. ('મનમાં નિયમયુક્ત' એટલે મનમાં નિયમનો ઉપયોગ-ખ્યાલ જોઈએ.)

(૪) વિરતિ ન કરવાથી સત્ત્વ હણાય છે, વિરતિથી સત્ત્વ વિકસે.

**પ્ર.-૪ (૨) :- ૧૪ નિયમ સમજાવી એનું મહત્ત્વ બતાવો.**

૧૪ નિયમ એ વિરતિ છે, રોજિંદા જીવનમાં ખાનપાન-વસ્ત્રાદિ તો અમુક પ્રમાણમાં જ વપરાય છે, ત્યારે દુનિયામાં એ વસ્તુઓ અપરંપાર પડેલી છે. એ કાંઈ બધી જ ઉપયોગમાં આવતી નથી... પરંતુ જો આપણે આજના દિવસ પૂરતો પણ નિયમ નથી કરતા કે 'મારે આ આ વસ્તુ અમુક પ્રમાણથી અધિક નહિ વાપરવી,' તો દુનિયાની એ સમગ્ર વસ્તુઓની અપેક્ષા-આકાંક્ષા યાને વાપરવાની છૂટ ઊભી રહે છે, ને તેથી એ છૂટ-અવિરતિના લીધે અઢળક પાપકર્મ બંધાય છે. માટે આ ભોગ-ઉપભોગની જે આકાશ જેવી અમર્યાદિત આકાંક્ષા-તૃષ્ણા-છૂટ છે, એનાથી બચી જવા દિવસ પૂરતું અને રાત્રિ પૂરતું તે તે વસ્તુનાં પ્રમાણ નક્કી કરાય કે 'આટલાથી વધુ નહિ વાપરું,' એનું નામ નિયમ છે. એવી ૧૪ બાબતો અંગેના નિયમ, એ ૧૪ નિયમ છે. એ સવારે ધારી લેવાના, અને સાંજે કેટલા વાપર્યા ને નિયમમાં કેટલા બચ્યા, એ સંક્ષેપી લેવાનું હોય છે. પછી તરત રાત્રિ માટે ૧૪ નિયમ ધારી લઈ, એને સવારે સંક્ષેપી લેવાના.

**૧૪ નિયમ ધારવા માટે આ એક ગાથા છે,** સચિત્ત-દવ્વ વિગઈ ઉવાણ-



તંબોલ-વત્થ-કુસુમેસુ; વાહણ-સયણ-વિલેવણ બંભ-દિસી-હાણ-ભત્તેસુ.

(૧) સચિત્ત એટલે કે સજીવ વસ્તુ ખાવા પીવામાં આવે તે દા.ત. કાચું પાણી, કાચું મીઠું, કાચી ફટકડી વગેરે, કાચાં શાક-પોંક; ફળ, ફળનો રસ જેને બીજથી અલગ થયે ૪૮ મિનિટ નથી થઇ તે, આજે દા.ત. ૨, ૩, ૪, કે ૫ સચિત્તથી વધુ વાપરવાનો ત્યાગ.

(૨) દ્રવ્ય એટલે કે જુદાં જુદાં નામ કે સ્વાદવાળી વસ્તુ દા.ત. દૂધ, ચાહ, ખાખરો, ઘી, રોટલી વગેરે; એ અમુક સંખ્યામાં જેમકે, પંદરથી વધુ દ્રવ્યનો ત્યાગ.

(૩) વિગઈ કુલ ૬ છે, દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ને કઢા, એ કાચી અને પાકી (નિવિયાતી) એમ બે પ્રકારે ગણતાં ૧૨ થાય. એમાંથી અમુક સંખ્યામાં યા અમુક નામ દઈને વિગઈ ત્યાગ.

(૪) ઉવાણ એટલે ઉપનાહ પગરખાં જોડી. આજે ૧-૨-૩ જોડથી વધુ વાપરવાનો ત્યાગ. બૂટ, સ્લીપર ચંપલ-મોજા આમાં ગણાય.

(૫) તંબોલ, પાનનાં બીડાં અમુક ૧-૨ થી વધુનો તથા મુખવાસ-સોપારી-વરિયાળી વગેરે, ૧૦ ગ્રામથી વધુનો ત્યાગ.

(૬) વસ્ત્ર, દા.ત. ૧૫ થી વધુ વસ્ત્ર ન વાપરવાં, એમાં ટુવાલ, રૂમાલ વગેરે પણ આવે.

(૭) કુસુમ અર્થાત્ સૂંઘવાનું ફૂલ, અત્તર વગેરેનો ત્યાગ, કે અમુક માપ. બાકી ૧૦૦ ગ્રામથી વધુ નહિ સૂંઘવું.

(૮) વાહન ત્રણ પ્રકારે, ૧ તરતાં-પ્લેન, સ્ટીમર, નાવ, ૨. ચરતાં-સ્વારી કરવાના ઘોડો, ઊંટ, હાથી, ૩ ફરતાં-મોટર, રેલવે, સાઈકલ, આ દરેક જુદા જુદા ધરાય, અથવા સામાન્યથી અમુકથી વધુ વાહન ન વાપરવાં.

(૯) શયન-ગાદી-પથારી-પલંગ-કોચ-ખુરશી... અમુક સંખ્યાથી વધુ શયન નહિ વાપરું (બહુ ઠેકાણે જવામાં ખુરશી વગેરેની ગણતરી ન રહેતી હોય, તો એમ ધારવું કે જ્યાં સૂઈ રહું તેને શયન તરીકે ગણવું.)

(૧૦) વિલેપન-સાબુ, ચંદન, તેલ, પોમેડ, વેસેલીન... અમુકથી વધુનો ત્યાગ અથવા ૧૦ ગ્રામથી વધુનો ત્યાગ.

(૧૧) બંભ-બ્રહ્મચર્ય પાળવું.

(૧૨) દિશી-ચારે દિશામાં. દા.ત. ૫ માઈલથી આગળ ન જવું, ને ઉપર-નીચે દા.ત. ૦॥ માઈલથી વધુ જવું નહિ.

(૧૩) ન્હાણ-સ્નાન સર્વાંગસ્નાન અમુકથી વધુ વાર નહિ.

(૧૪) ભત્તેસુ-ભાતપાણી વપરાય તેનું વજન ધારવું.

આની સાથે નીચે લખેલ નિયમ પણ ધારવામાં આવે છે. એ બહારના ઉપયોગમાં પણ લેવાની વસ્તુ અંગે છે.

પૃથ્વીકાય,-કાચી માટી, મીઠું વગેરે...કિલોથી વધુ વાપરવાનો ત્યાગ.

અપ્કાય,-જાતે ધોવા નહાવા વગેરેમાં પાણી અમુક બાલદીથી વધુનો ત્યાગ,

તેજસ્કાય-આજના ચૂલા ૨-૩ થી વધુના આરંભથી બનેલ વસ્તુનો ત્યાગ, અમુક દીવાથી વધુ વાપરવાનો ત્યાગ.

વાયુકાય-અમુકથી વધુ પંખા, હીંચકાનો ત્યાગ.

વનસ્પતિકાય-કિલોથી વધુનો ત્યાગ.

અસિ,-છરી ચાકુ-કાતર-સૂડી-સોય-ટાંકણી વગેરે અમુકથી વધુ વાપરવાનો ત્યાગ.

મષી-અમુકથી વધુ કલમ વાપરવાનો ત્યાગ.

કૃષિ-કોશ, કુહાડા, પાવડા વગેરે અમુકથી વધુનો ત્યાગ.

ત્રસકાય,-હાલના ચાલતા નિરપરાધી જીવને જાણી જોઈને નિરપેક્ષપણે મારું નહિ.

**૧૪ નિયમો ધારવાથી પાપોનો ત્યાગ શી રીતે થાય ?**

૧૪ નિયમો જેના અંગે છે, એ વસ્તુઓ એવી છે કે એનાથી જીવ એક યા બીજા પ્રકારે પાપમાં પડે છે, દા.ત. પહેલો સચિત્તનો નિયમ ન હોય તો મન ફાવે એટલા સચિત્ત-સજીવ વસ્તુનો ઉપભોગ થાય. એમાં હિંસાનો દોષ લાગે; ત્યારે નિયમ કરવાથી પરિમિત હિંસામાં આવી જવાય. એમ દુનિયાભરના સચિત્ત આજે વાપરવામાં આવવાના તો નથી, પરંતુ ત્યાગની પ્રતિજ્ઞા નથી, એટલે એની અવિરતિ અર્થાત્ સર્વ સચિત્તની અપેક્ષાનું મહાપાપ માથે રહેવાથી અઢળક કર્મબંધ થાય છે. ૧૪ નિયમમાં જેવું સચિત્ત અંગે એવું દ્રવ્ય વિગઈ વગેરે અંગે સમજવું. ૧૪ નિયમ ધારવાથી એમ અઢળક પાપોનો ત્યાગ થાય.

**પ્રશ્ન ૫.**

(૧) 'નમુત્થુણં' સૂત્રમાં 'પુરિસુત્તમાણ' આદિ ૪ પદ અને 'જિણાણં જાવયાણં' આદિ ૪ પદ સમજાવો. એમાં મગરમચ્છથી પકડાયેલ માણસનું દૃષ્ટાન્ત સમજાવો.



**'પુરિસુત્તમાણં'** આદિ ૪ પદમાં 'પુરુષ' શબ્દનો અર્થ 'જીવો' લેવાનો છે. ચારેનો ક્રમશઃ ભાવાર્થ,- અરિહંત ભગવાન (૧) ખાણમાં પડેલા જાત્ય રત્નની જેમ જીવોમાં અનાદિકાળથી ઉત્તમ; (૨) ચારિત્ર જીવનમાં આવતા પરીસહ ઉપસર્ગને જીતવા જીવોમાં સિંહ સમાન; (૩) જીવોમાં શ્રેષ્ઠ કમળ જેવા, કેવલ્ય-લક્ષ્મીને રહેવા માટે કમળ, અથવા કમળની જેમ કર્મકીચડમાં ઊગેલા ભોગરૂપી પાણીથી વધેલા છતાં એ બંનેથી ન્યારા. ઉપર રહેનારા; (૪) સવાસો યોજનમાં મારી મરકી વગેરે ઉપદ્રવ રૂપ ક્ષુદ્રહાથીઓને ભગાડી દેવા માટે શ્રેષ્ઠ ગંધહસ્તી જેવા.

આમાં અનાદિ કાળથી ઉત્તમ, અને છેલ્લા ભવમાં ચારિત્ર લઈને સિંહ જેવા કેવળજ્ઞાન પામીને પુંડરીક તથા ગંધહસ્તી જેવા એમ ભગવાનનો સમગ્ર સંસાર કાળ બતાવ્યો.

'જિણાણં જાવયાણં' વગેરે ચાર પદમાં પ્રભુ કેવા પોતે થયા અને બીજાને કરનારા થયા એ બતાવ્યું છે. ક્રમશઃ પોતે 'જિન' = રાગ દ્વેષાદિને જીતનારા ને બીજાને જિતાડનારા. 'તીર્થ' = અજ્ઞાનનો સાગર તરી જનારા ને બીજાને તરાવી દેનારા, 'બુદ્ધ' = કેવળજ્ઞાની બનેલા ને બીજાને બુદ્ધ બનાવનારા, 'મુક્ત' = સર્વ કર્મથી મુક્ત થયેલા, ને બીજાઓને મુક્ત કરનારા. નજર સામે લાવવા એમની મુદ્રા ક્રમશ જિન=ઊભા, તીર્ણ=ધ્યાનમાં ઉભડક પગે, બુદ્ધ=અષ્ટપ્રાતિહાર્યયુક્ત, મુક્ત=સિદ્ધશિલા પર એમ ધારવાનું.

આ એના જેવું છે, કે એક માણસ સમુદ્રમાં પડેલો, ને મગરમચ્છે પોતાના મોંમાં એના પગ પકડ્યા છે. ત્યાં એ વાંકો વળી મગર પર મુક્કા-મુક્કી કરી એને જીતે છે, મગર એને પકડમાંથી છોડી દે છે. પછી એ સમુદ્ર તરી જાય છે, ને કિનારે પોતાના સ્થાનના પ્રકાશમાં પહોંચે છે, ત્યાંથી ચાલીને પોતાના ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે.

(૨) 'જિણાણં જિયભયાણં'થી ચાર પદોમાં ૧૦મા ગુણસ્થાનકથી ૧૪મા ગુણસ્થાનક કેવી રીતે લાગુ પડે તે સમજાવો.

'જિણાણં'માં રાગદ્વેષને જીતવાનું, વીતરાગ જિન બનવાનું, તે ૧૦મા ગુણસ્થાનકના અંતે થાય. પછી 'તિણ્ણ' અજ્ઞાન સાગર તરવાનું ૧૨મા ગુણસ્થાનકના અંતે સર્વ જ્ઞાનાવરણીયાદિ કર્મ-ક્ષય કરવા દ્વારા થાય પછી 'બુદ્ધ' કેવળજ્ઞાન પામવાનું ૧૩મા ગુણસ્થાનકના ૧લા સમયે થાય. પછી 'મુક્ત' બનવાનું ૧૪મા ગુણસ્થાનકના અંતે થાય.

(૩) લોગસસની ૧લી ગાથાનું રહસ્ય સમજાવો, અને એની ૨૪ ભગવાનની

ગાથાઓના હિસાબે ક્રમશઃ મીંડાં મૂકીને દર્શાવો.

● 'લોગસસ' સૂત્રની ૧લી ગાથામાં અરિહંત ભગવાનના ૪ મુખ્ય અતિશય બતાવ્યા છે તે આ રીતે-

'લોગસ્સ ઉજ્જોઅગરે' એટલે કે પંચાસ્તિકાયનો પ્રકાશ કરનારા, જ્ઞાનથી પ્રકાશ થાય, માટે પ્રભુને જ્ઞાનાતિશયવાળા કહ્યા, 'ધમ્મ તિત્થયરે' ધર્મતીર્થને સ્થાપનારા, તે વાણીથી, માટે પ્રભુ વચનાતિશયવાળા. જિણે' જિન અર્થાત્ રાગ-દ્વેષરૂપી અપાયનો અપગમ=નિકાલ કરનારા, એટલે અપાયાપગમ અતિશયવાળા તથા 'અરિહંત' અર્થાત્ અષ્ટ પ્રાતિહાર્યની શોભા-પૂજાને યોગ્ય; એથી પૂજાતિશયવાળા કહ્યા. એવા 'ચઉવીસં પિ' ચોવીસ પણ, આમાં 'પણ' કહ્યાથી સૂચવ્યું કે બીજા અનંત કેવળી જિન તો ખરા જ, ઉપરાંત આ ચોવીસને પણ હું ગાઈશ.

પછીની ૨૪ પ્રભુની ૩ ગાથામાં લીટી વાર પ્રભુનામ આ પ્રમાણે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ○○ | ૧ | ○ | ૩ | ○○○ |
| ૩ | ○○○ | ૩ | ○○○ | ૩ | ○○ |
| ૨ | ○○ | ૨ | ○○ | ૨ | ○ |
| ૧ | ○ | ૨ | ○○ | ૧ | ○○ |

(૩) 'જયવીયરાય' સૂત્રના આધારે આપણે ભગવાન આગળ આશંસા કરીએ છીએ, એ મુદ્દાસર સમજાવો, ને પહેલી બે ગાથામાં લૌકિક અને લોકોત્તર ધર્મ ક્યા? ને લોકોત્તર ક્યારે મળે ?

જયવીયરાય સૂત્રનું આલંબન લઈને આપણે ભગવાન આગળ ભવનિર્વેદ વગેરેની પ્રાર્થના કરીએ છીએ, એવો ભાસ થાય છે. પરંતુ એ વીતરાગ આગળ પ્રાર્થના નથી, કિન્તુ આપણા દિલની આશંસા છે. પ્રાર્થના ન હોવાનું કારણ,- પ્રાર્થનાનો અર્થ એ છે કે સામો આપણી પ્રાર્થનાથી રીઝે અને આપણને પ્રાર્થેલું આપે. આ હિસાબે અહીં પ્રાર્થનામાં વીતરાગ રીઝે ને આપે એવો અર્થ થાય, પરંતુ એમાં વીતરાગ રીઝે એટલે કે રાગવાળા થાય એવો ભગવાન પર આક્ષેપ ચડે, ને આ ખોટું; કેમકે વીતરાગ હવે રાગવાળા બને નહિ.

**પ્ર.- ઉપચારથી કહેવાય ને કે રાગવાળા થાઓ ?**

ઉ.- સૂત્ર રચયિતા મહાવિદ્વાન ગણધર ભગવાન ઔપચારિક ભાષા વાપરે નહિ. એ તો વાસ્તવિક કથન કરનારા હોય.



**પ્ર.- તો પછી જો આ પ્રાર્થના નથી તો શું છે ?**

ઉ.-આમાં તીવ્ર આશંસા છે, માટે જ શાસ્ત્રો આ સૂત્રને 'પ્રણિધાન સૂત્ર' કહે છે. 'પ્રણિધાન' એટલે મનનું પ્રકર્ષેણ નિધાન-સ્થાપન, મનનું સમર્પણ, ભાવ ભરેલી એકાગ્રતા, તીવ્ર આશંસા-અભિલાષા. અહીં આપણી તીવ્ર અભિલાષા વ્યક્ત કરીએ છીએ કે 'હે વીતરાગ જગદગુરુ ! મારે આ ભવનિર્વેદ વગેરે ખાસ જોઈએ છે, ને તે તમારા પ્રભાવથી હો એવી મારી તીવ્ર આકાંક્ષા છે.' જો પ્રાર્થના હોત તો સીધું જ કહેત કે 'મને ભવનિર્વેદ આપો,' 'ભવે ભવે તમારા ચરણની સેવા આપો.' 'તમને પ્રણામ કરવા દ્વારા મને દુઃખ-ક્ષય આપો.' પરંતુ એમ 'આપો' ન કહેતાં, તીવ્ર આશંસા વ્યક્ત કરી છે કે 'તમારા પ્રભાવથી ભવનિર્વેદ હો. તમારા ચરણની સેવા હો, પ્રણામ દ્વારા દુઃખ-ક્ષય હો.'

**“દિવ્ય-દર્શન” - “શિબિર”** **વર્ષ-૨૭,અંક-૪૫,તા.૨૧-૭-૧૯૭૯**

## પ્રશ્ન-ઉત્તર

અરિહંતના અચિંત્ય પ્રભાવથી ભવનિર્વેદ વગેરે સિદ્ધ થાય છે એ હકીકત છે; એટલે આ ઔપચારિક વચન નહિ, પણ વાસ્તવિક વચન છે.

ભવનિર્વેદ વગેરે સિદ્ધ થવામાં અરિહંતનો પ્રભાવ કારણભૂત એ રીતે કે ભવનિર્વેદ વગેરેનો આપણો પ્રયત્ન શું, કે આપણા દેવદર્શન-પૂજન-સ્મરણ-ગુણગાન આદિ શું, એ બધામાં કેન્દ્રમાં અરિહંતને રાખીએ તો જ એ સારા ફળદાયી બને છે, નહિતર નહિ. એ સૂચવે છે કે સુંદર ફળ આપવામાં અસાધારણ કારણ અરિહંત છે.

આ પરથી એ પણ ફલિત થાય છે કે આપણે અરિહંત પર શ્રદ્ધાની જેમ અરિહંતના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા, અરિહંતની અચિંત્ય શક્તિ-સામર્થ્ય ઉપર પણ શ્રદ્ધા અવશ્ય જોઈએ કે એ પ્રભાવ અચૂક કામ કરે છે ને એના વિના ચાલે નહિ.

**પહેલી બે ગાથામાં લૌકિક લોકોત્તર ધર્મ કયા કયા ?**

'જયવીયરાય' સૂત્રની પહેલી બે ગાથામાં ૬ લૌકિક ધર્મની,-ભવનિર્વેદ, માર્ગાનુસારિતા ઈષ્ટફળસિદ્ધિ, લોકવિરુદ્ધ ત્યાગ, ગુરુજનપૂજા અને પરાર્થકરણની, -તથા ૨ લોકોતરધર્મની-શુભ ગુરુયોગ અને તદ્‌વચન સેવનાની માગણી છે, આશંસા છે.

લોકોત્તર ધર્મ ક્યારે મળે ? એનો જવાબ એ છે, કે ૬ લૌકિક ધર્મ આવ્યા પછી જ એ મળે; કેમકે લલિતવિસ્તરા શાસ્ત્રે કહ્યું છે કે લૌકિક ધર્મ પ્રાપ્ત કર્યા હોય એ જ લોકોત્તર ધર્મનો અધિકારી છે, હકદાર છે.

**'દુઃક્ખક્ખઓ' આદિ ચાર ક્રમશઃ કયાં કયાં મળે ?**

(૧) 'દુઃખ ક્ષય' એટલે કે ભાવદુઃખનો ક્ષય, મનની અતૃપ્તિ અધર્મ, હિંસાદિ પાપ, પાપવૃત્તિ, રાગાદિ કષાયો... વગેરેનો ક્ષય એ વર્તમાન સમયે જોઈએ છે. (૨) 'કર્મ ક્ષય' અર્થાત્ નિર્જરા, નિર્જરા તત્ત્વ યાને ૧૨ પ્રકારનાં તપો એ જીવનના અંત સુધી જોઈએ છે. (૩) 'સમાધિ-મરણ' એ જીવનના અંતે જોઈએ છે, અને (૪) 'બોધિલાભ' એ ભંવાતર માટે જોઈએ છે. એટલે એ ચારેય ત્યાં ત્યાં મળે એવી ઇચ્છા છે.

**(૪) સામાયિક એટલે શું ? એનું મહત્ત્વ શું ? એને માટે શું કરવું જોઈએ ?**

**સામાયિક એટલે સમાય** (સમ + આય = સમભાવનો લાભ) સંબંધી ક્રિયા. અર્થાત્ જે ક્રિયાથી જે આરાધનાથી સમતાનો (રાગદ્વેષ-રહિતતાનો) લાભ થાય તેને સામાયિક કહેવાય. એને માટે 'સાવદ્યયોગ' અર્થાત્ હિંસાદિ-પાપવાળી પ્રવૃત્તિ બંધ કરવી જોઈએ, બંધ કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ. અર્થાત્ સાવદ્યયોગનાં પચ્ચક્ખાણ યાને ત્યાગની પ્રતિજ્ઞા કરવી જોઈએ, કેમકે એ સાવદ્ય પ્રવૃત્તિ જ રાગદ્વેષાદિ કરાવે છે. એ પ્રવૃત્તિ બંધ થાય એટલે રાગદ્વેષાદિ બંધ થઈ જઈ સમતા-સમત્વ આવે.

**સામાયિકનું મહત્ત્વ શું ?** એટલે કે સમભાવ લાવનારી સાવદ્ય પ્રવૃત્તિ-ત્યાગની આરાધનાનું મહત્ત્વ શું ? એ મહત્ત્વ આ છે, કે સામાયિકની આરાધનામાં બેઠા કે તરત પહેલું તો પ્રતિજ્ઞાથી સર્વ જીવહિંસાની નિવૃત્તિમાં, વિરતિમાં આવ્યા. અને જગતના જીવોને આપણા તરફથી અભયદાન દીધું. એમ અસત્ય-ચોરી-અબ્રહ્મનાં પાપથી છૂટ્યા. એવી રીતે પરિગ્રહ-વિરતિ કરી, તેથી જગતભરના અપરંપાર પરિગ્રહના ભાર માથેથી નીચે ઉતારી નાખ્યા. માટે તો કહ્યું, **'સામાઈઅંમિ ઉ કએ, સમણો ઈવ...'** સામાયિક કર્યે છતે શ્રાવક સાધુ જેવો થાય છે. આમ પાપ અટકે છે, તેથી અશુભ કર્મ બંધાતાં અટકે, એટલું જ નહિ, કિન્તુ કર્મક્ષય પણ થાય છે. આ રીતે- 'જાવ મણે હોઈ નિયમસંજુત્તો, છિન્નઈ અસુહ' કમ્મં' જ્યાં સુધી જીવ મનમાં (સામાયિકનો) નિયમવાળો છે, ત્યાં સુધી અશુભ કર્મનો ક્ષય થાય છે. સામાયિકનું આ મહત્ત્વ ઓછું નથી, કેમકે એમ કરતાં અંતે કર્મ-અબંધ અને સર્વકર્મ ક્ષય થઈ મોક્ષ થાય છે.



**પ્રશ્ન-૬. ૨૨ અભક્ષ્યનાં નામ આપો, અને ૪ મહાવિગઈ તથા રાત્રિભોજન ત્યાગનું મહત્ત્વ સમજાવો.**

**૨૨ અભક્ષ્ય**

| | | | |
|---|---|---|---|
| માંસ | વડના ઉદુંબર | વેંગણ | વિષ |
| મદિરા | પીપળો ઉદુંબર | બહુબીજ | માટી |
| મધ | પારસપીપળો ઉદુંબર | તુચ્છફળો | સંધાન |
| માખણ | ગલર ઉદુંબર | અજાણ્યા ફળ | વિદળ |
| બરફ કરાં | પ્લક્ષ ઉદુંબર | ૩૨ અનંતકાય | ચલિતરસ |
| - | કાલુંબર | | રાત્રિભોજન |

● **ચલિત રસમાં** વાસી રોટલી-રોટલા-લોચાપૂરી વડાં-માવો વગેરે, બે રાત્રિલંઘેલું દહીં-છાશ, એની વસ્તુ, અપક્વ દહીં, કાળ ઉપરાંતની મીઠાઈ આદિ, ફાગણ ૧૪ પછી ભાજીપાલો, ખજૂર, ખારેક, તલ, આર્દ્રા પછી કેરી, અસાડ ૧૪ પછી મેવો, કાચી ખાંડ, કાચલા વિનાના ટોપરાના ગોળા, કાચલું તોડ્યા પછીનું ટોપરું તે દિવસે ભક્ષ્ય, બીજા દિવસથી અભક્ષ્ય, એ બધું આવે એ અભક્ષ્ય છે.

● **૪ મહાવિગઈ ત્યાગમાં,** (૧) માંસત્યાગથી જીવો પ્રત્યે કોમળ વૃત્તિ રહે છે, શિકારી પશુ જેવી ખૂની પ્રકૃતિ નથી થતી, માંસાહાર જન્ય વિકારથી બચાય છે, માંસમાં થતા તદ્વર્ણા જીવોની પણ દયા પળાય છે. (૨) મદિરા-ત્યાગથી નશો ખુન્નસવૃત્તિ, અજુગતા વર્તાવ વગેરેથી બચાય છે, (૩) મધત્યાગથી મધની ઉત્પત્તિમાં ને મધપૂડામાંથી મધની પ્રાપ્તિમાં થતી જીવોની હિંસા, અને મધમાં થતા જીવોની હિંસાથી બચાય છે. (૪) માખણ છાશથી છૂટું પડતાં જ એમાં અસંખ્ય સૂક્ષ્મ જીવ ઉત્પન્ન થાય છે, તેથી માખણના ત્યાગથી એ હિંસાથી બચાય છે.

● **રાત્રિભોજન ત્યાગનું મહત્ત્વ**

રાત્રિભોજનથી કેવા મહાન દોષો થાય છે ! કે -

(૧) રાત્રિચર જંતુઓ રાત્રે ખાનારના ખોરાક પર બેઠેલા રાત્રે જમતાં ખવાઈ જાય છે.

(૨) રાત્રે જમ્યા પછી થોડા જ વખતમાં સૂવાનું થાય તેથી ઊંઘમાં શરીરની ગરમી ઓછી થઈ જવાથી ખોરાક પાચન બરાબર થાય નહિ.

(૩) રાત્રિભોજન વિકારો ઉત્પન્ન કરે છે; તેથી મનની ને વિચારોની પવિત્રતા જળવાય નહિ.

(૪) જિનાજ્ઞા-પાલન થાય નહિ. જિનાજ્ઞા રાત્રિ ભોજનત્યાગની છે.

(૫) ભવાંતરે બિલાડી-ઘુવડના અવતાર મળે છે.

આ બધા મહાદોષો રાત્રિભોજન-ત્યાગથી ટળે છે, એ એનું મહત્ત્વ છે.

● (પ્રશ્ન-૬/૨)

**નવ તત્ત્વોને ત્રણ વિભાગમાં લખી એની ટૂંકી સમજણ આપો.**

નવતત્ત્વોના ૩ વિભાગ : જ્ઞેય, હેય, ઉપાદેય,

જ્ઞેય તત્ત્વ - જીવ, અજીવ,

હેય તત્ત્વ - પાપ, આશ્રવ, બંધ,

ઉપાદેય તત્ત્વ - પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ.

આશ્રવમાં અશુભ આશ્રવ હેય છે, શુભ આશ્રવ ઉપાદેય છે.

જીવ,-એ ચૈતન્ય લક્ષણવાળો, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય ગુણવાળો છે.

અજીવ-ચૈતન્ય રહિત જડ-દ્રવ્ય છે, એમાં જડ પુદ્ગલદ્રવ્ય રૂપ-રસ-ગંધ-સ્પર્શ ગુણવાળાં છે. બાકી જડ ધર્મ-દ્રવ્ય ગતિસહાયકતા ગુણવાળું, અધર્મ દ્રવ્ય સ્થિતિ સહાયકતા ગુણવાળું, આકાશ દ્રવ્ય અવકાશદાન ગુણવાળું, અને કાળદ્રવ્ય વર્તનાકારી છે.

પુણ્ય - એ શુભકર્મ સ્વરૂપ છે, જેનો ઉદય જીવને ગમતું કરે છે, દા.ત. શાતાવેદનીય કર્મ.

પાપ - એ અશુભ કર્મ સ્વરૂપ છે, ને એનો ઉદય જીવને અણગમતું કરે છે. દા.ત., આશાતાવેદનીય કર્મ.

આશ્રવ- એ કર્મ બંધાવાના હેતુ મિથ્યાત્વ ઇંદ્રિયો આદિ સ્વરૂપ છે, કે જેના દ્વારા આત્મામાં કર્મ શ્રવ-ઝરે-વરસે.

સંવર - એ આશ્રવરૂપી કર્મનીક પર ઢાંકણ સ્વરૂપ છે, કર્મબંધને અટકાવનાર સાધના, સમિતિ-ગુપ્તિ-પરીસહ વગેરે એ સંવર.

નિર્જરા- એ અંશે અંશે કર્મક્ષય કરનારી સાધના (બાહ્ય, આભ્યન્તર તપ).

મોક્ષ - એ સર્વ કર્મનો ક્ષય, સર્વકર્મથી મુક્તિ-સ્વરૂપ છે.

● **(પ્ર.-૬/૩) નિર્જરાતત્ત્વ મુદ્દાસર સમજાવો.**

નિર્જરાતત્ત્વના ૧૨ ભેદ છે. - ૬ બાહ્ય તપ, ૬ આભ્યન્તર-તપ. ૬ બાહ્ય તપ :- (૧) અનશન = આહાર પાણીનો ત્યાગ, (૨) ઊનોદરિકા=ખાતાં ૨-૪ કોળિયા ઓછા ખાવા; (૩) વૃત્તિસંક્ષેપ=ખાવાપીવાના દ્રવ્યોમાં સંકોચ; (૪)



રસત્યાગ=ઘી-તેલ-દૂધ-દહીં વગેરે વિગઈઓમાંથી વિગઈઓનો ત્યાગ. (૫) કાયક્લેશ=ધર્મ નિમિત્તે સહર્ષ ઉપાડાતું કાયકષ્ટ. (૬) સંલીનતા=સંગોપન=કાયા-ઇંદ્રિયો-અંગોપાંગની હિલચાલ અટકાવવી, વાણીમાં મૌન.

૬ આભ્યન્તર તપ :- (૧) પ્રાયશ્ચિત્ત=થયેલ પાપની ગુરુ પાસે શુદ્ધ હૃદયે આલોચના (પ્રકાશન) કરી ગુરુ પાસેથી લેવાતો દંડ; (૨) વિનય=પંચપરમેષ્ઠી; શાસ્ત્ર-તીર્થ-સંઘ વગેરેની આશાતનાનો ત્યાગ, ગુણસ્તુતિ અને વંદનાદિ ઉપચાર; (૩) વૈયાવચ્ચ=આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-ગ્લાન સાધુ વગેરેની સેવા-શુશ્રૂષા; (૪) સ્વાધ્યાય=સૂત્રની વાચના-પ્રચ્છન-પરાવર્તના-અનુપ્રેક્ષા, ને ધર્મ-કથા; (૫) ધ્યાન=આર્ત-રૌદ્રધ્યાન ટાળીને ધર્મધ્યાનનો પ્રયત્ન; (૬) કાયોત્સર્ગ=કાયાની સ્થિરતા વાણીનું મૌન અને મનના અમુક ધ્યાનને નક્કી કરી હાથ લટકતા રાખી સ્થિર ઊભા રહેવું.

આ ૧૨ પ્રકારના તપનું સેવન કરવાથી (૧) પાપ કર્મોનો ક્ષય થતો આવે છે, ને (૨) શુભ સંસ્કાર જમા થતા જાય છે. તથા (૩) પુણ્યવૃદ્ધિ થતી રહે છે.

● તપ નિરાશંસ ભાવે અને માયાશલ્ય રહિત સેવવાનો. એથી (૪) સાનુબંધ પુણ્ય ઊભાં થાય, (૫) આત્મલબ્ધિઓ પ્રગટે.

(૬) તપ કરતા રહેવાથી સત્ત્વ હણાય નહિ પણ વિકસતું રહે. (૭) ઇંદ્રિયો અને મન પર અંકુશ વધતો આવે (૮) આત્મામાં ધર્મતેજ પ્રગટે.

**પ્ર.૭ નાસ્તિકને આત્માની સાબિતીનાં ૧૦ પ્રમાણ આપો.**

(૧) આત્મા 'હું જ્ઞાનવાળો' 'હું સુખી' 'હું દુખી' વગેરે અનુભવથી સ્વાનુભવસિદ્ધ છે; કેમકે આમાં 'હું' તરીકે કોણ ? જડ શરીર નહિ. જડમાં જ્ઞાનાદિ હોય નહિ. નહિતર મડદામાંય એ થવાં જોઈએ.

(૨) શરીર બગડતાં 'હું બગડ્યો' નથી કહેવાતું, મારું શરીર બગડ્યું કહેવાય છે.

(૩) રૂપ રસાદિ બાહ્ય વિષયને પકડવા (જાણવા) ઇંદ્રિયો માત્ર સાધન છે, પકડનાર-જાણનાર આત્મા જુદો છે. માટે તો આંખનું તેજ જતાં કહે છે : 'શું કરું ?' હું જોઈ શકતો નથી, મારી આંખ ગઈ.' જો જોનાર અને પ્રત્યક્ષ જ્ઞાન કરનાર આંખ ગઈ.' જો જોનાર અને પ્રત્યક્ષ જ્ઞાન કરનાર આંખ પોતે જ હોય તો જેમ પહેલાં કહે કે 'હું જોઉં છું' તેમ તેજ ગયા પછી આંખે જ કહેવું જોઈએ 'હું જોતી નથી, જોઈ શકતી નથી.' વળી આંખ જ જોનાર હોય તો આંખ નષ્ટ થયા પછી પૂર્વે જોયેલાનું સ્મરણ ન થાય. નિયમ, **જે જુએ તે જ સ્મરે.**

(૪) શરીર એક ઘર છે, એને બનાવનાર, એમાં વસનાર, એનો સંચાલક,

એને સાફસૂફ, સુઘડ અને પુષ્ટ કરનાર આત્મા છે.

(૫) તરતના જન્મેલ બાળકને સ્તનપાન (સ્તન ચૂસવાનું) કોણ શીખવે છે ? પૂર્વના સંસ્કાર. એ સંસ્કાર-ગુણ આત્માના છે.

(૬) ઇંદ્રિયો વચ્ચે વિવાદ પડે, દા.ત. કેરીને જોઈ આંખ કહે : 'સારી મીઠી લાગે છે,' નાક કહે : 'ના સુવાસ બરાબર મીઠાશતા નથી.' તો એનો નિવેડો લાવનાર કોણ ? આત્મા છે. એ જીભને ચખાડી જોઈ ફેંસલો આપે છે. ઇંદ્રિયોથી થતા જ્ઞાનોનો સમન્વય કરનાર આત્મા છે.

(૭) શરીર, એના અવયવો હાથ પગ વગેરે, ઇંદ્રિયો, વાણી અને મનને પ્રવર્તાવનાર ફેરવનાર અને નિષ્ક્રિય કરનાર 'હું' એ આત્મા છે. એ બધાં પર વર્ચસ્વ ધરાવનાર એક 'હું' છે એ આત્મા જ ઘટે છે.

(૮) ધર્મ-પાપ, ખાદ્ય-અખાદ્ય, પેય-અપેય, જોવા લાયક, નહિ જોવા લાયક... આ વિવેક કરનાર આત્મા છે, ઇંદ્રિયો નહિ.

(૯) શરીર અને આત્માના પર્યાય શબ્દ જુદા જુદા છે. શરીર, દેહ, કાયા, કલેવર એ શરીરના; ને આત્મા, જીવ, ચેતન એ આત્માના.

(૧૦) જાતિ સ્મરણ જ્ઞાન (પૂર્વભવનું જ્ઞાન થાય) છે એ આત્મા જેવી સ્વતંત્ર  વસ્તુ હોય તો જ થઈ શકે.

**પ્ર.-૭/૧ સંસારની અસારતાનાં ૧૦ કારણ સમજાવો.**

(૧) સંસાર એ હિંસાદિ પાપો, રાગદ્વેષ-લોભ-મદ વગેરે કષાયો અને ક્ષુદ્રતા-દીનતા-ઈર્ષ્યા વગેરે દુર્ગુણો સેવરાવે છે. માટે સંસાર સાર વિનાનો-માલ વિનાનો છે, અસાર છે.

(૨) સંસાર જન્મ-મરણ-રોગ-શોક-પરાધીનતા-ત્રાસ-વેદના વગેરે દુઃખોથી ભરેલો છે, ને એની પરંપરા ચલાવનારો છે.

(૩) સંસારમાં સુખ મળે પુણ્ય વટાવીને, પણ સુખ લાવવા-સાચવવા-ભોગવવામાં લખલૂટ પાપ કરવા પડે છે, એટલે પુણ્ય વેચીને પાપની ખરીદી કરાવનાર સંસાર છે.

(૪) સંસારમાં સુખ સૂક્ષ્મ જીવોના કચ્ચરઘાણ ઉપર ખડાં થાય છે, બીજા મનુષ્ય-તિર્યંચોનાં દુઃખ પર ઊભાં થાય છે. માટે સંસાર અસાર. દા.ત. કસાઈની કમાઈ પંચેંદ્રિય જીવોની કત્લ પર ઊભી થાય છે, તો આ કમાણી અસાર છે.

(૫) સંસારમાં સંસારીઓ સ્વાર્થ ભરેલા છે. એમનો સ્વાર્થ ભંગ થતાં એ આપણા પ્રેમને તોડી નાખી વિરોધી બને છે; માટે સંસાર અસાર.



(૬) સંસારી સગાં આપણી પુણ્યની કોઠી ખાલી કરાવી જલસા ઊડાડે છે. પુણ્યહીન બનાવનારો સંસાર અસાર.

(૭) સંસારમાં જીવને રોગ-અકસ્માત્-ઘડપણ અને મૃત્યુ વખતે સંસારીઓ કશું રક્ષણ કે રાહત આપી શકતાં નથી. જીવને અનાથ નિરાધાર જેવો એકલો પીડાતો જુએ છે. માટે સંસાર અસાર.

(૮) સાંસારિક વસ્તુઓ પૈસા-ટકા-માલ-મિલકત વગેરે જીવને અચાનક દગો દે છે. વિશ્વાસે બેઠેલા જીવને તરછોડે છે, માટે સંસાર અસાર.

(૯) સંસાર તારણહાર એવા દેવ-ગુરુ-ધર્મને ભુલાવે છે. કદાચ ધર્મ કરવા દે, તો સંસાર-ઘરવાસમાં સુકૃત આટામાં લૂણ જેટલાં, ને દુષ્કૃત આટા જેટલાં કરાવે છે ! એવો સંસાર અસાર.

(૧૦) સંસારમાં પુણ્ય પાપોદયનાં કઢંગા મિશ્રણ હોય છે. કંકુના તિલક પર કોલસાની ભૂકી ! એવો સંસાર અસાર, નિસ્સાર.

**આવાં આવાં કારણોએ સંસાર અસાર છે; ત્યાજ્ય છે.**

**• (૨) જૈન દૃષ્ટિએ શુભ અને અશુભ ધ્યાન પર સવિસ્તાર વર્ણન કરો.**

કોઈ વાત-વસ્તુ પર મન એકાગ્ર થઈ જાય એ ધ્યાન છે. એ શુભ હોય અથવા અશુભ હોય. અશુભ ધ્યાન રાગ દ્વેષ મૂલક માનસિક પીડાનું અને આગળ વધીને હિંસાદિ ભાવની ઉગ્રતાનું હોય છે. શુભ ધ્યાન એ પીડા-ઉગ્રતા વિનાનું, અને સૌમ્યતા-ઉદાસીનતા-તાત્ત્વિક સમજવાળું હોય છે. એવા શુભાશુભ ધ્યાન પર કર્મબંધનું છેલ્લું જજમેન્ટ પડે છે - કે 'કર્મ શુભ બંધાય ? કે અશુભ ?' માટે શુભ કર્મના અર્થીએ સંસારમાં શું, સર્વત્ર અશુભ ધ્યાન ટાળવાનું ને શુભ ધ્યાન રાખવાનું અત્યંત જરૂરી છે.

• અશુભ ધ્યાન બે પ્રકારે છે. (૧) આર્તધ્યાન અને (૨) રૌદ્રધ્યાન

(૧) આર્તધ્યાન ચાર પ્રકારે છે. (૧) ઇષ્ટ મળો, યા મળેલું જાઓ નહિ, એનું ધ્યાન, ૨. અનિષ્ટ ન આવો, યા આવેલું જાઓ, એનું ધ્યાન ૩. રોગાદિની વેદના અંગે પીડા-વૈદ્ય-દવા-પથ્યાદિનું આર્તધ્યાન, ૪. નિદાન યાને પૌદ્ગલિક તીવ્ર આશંસાથી પૌદ્ગલિક વસ્તુ પર ચોંટ.

(૨) રૌદ્રધ્યાન ૪ પ્રકારે, - હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણ સંબધી અતિસંક્લિષ્ટ ચિત્તથી થતું ધ્યાન.

● શુભધ્યાન બે પ્રકારે - ૧ ધર્મધ્યાન, અને ૨ શુકલધ્યાન.

(૩) ધર્મધ્યાન ૪ પ્રકારે :- આજ્ઞાવિચય-'અહો ! જિનવચન કેવાં ત્રિકાલ સત્ય ! કેવાં મહાર્થ ! કેવાં સર્વ જીવદયા પ્રતિપાદક ! કેવાં સુંદર જીવાજીવાદિ તત્ત્વનાં પ્રકાશક !... ઇત્યાદિ ધ્યાન. ૨ અપાયવિચય,-રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભાદિના કેવાં કેવાં આલોક પરલોકમાં નુકસાન એનું ધ્યાન, ૩. વિપાક વિચય,- સર્વદુઃખ આપત્તિ અપમાનાદિ એ મારાં કર્મનો જ વિપાક છે (બીજા કોઈનો વાંક નથી તેથી બીજા પર દ્વેષ ન કરાય). એમ, સુખ-સગવડ શુભ કર્મના હિસાબે જ મળી છે (જાતવડાઈની હિસાબે નહિ, માટે ગર્વ નકામો). એમ કર્મ વિપાકનું ધ્યાન ૪. સંસ્થાન વિચય. - ૧૪ રાજલોકની સ્થિતિ-આકૃતિ, ત્રણે લોકની વ્યવસ્થા સમુદ્રો ક્ષેત્રો-દ્વીપો-વિમાનો-નરકાવાસો... સંસારસમુદ્ર એમાં કર્મ એ જળ રાગાદિ એ જળજંતુ, વગેરેમાંથી કોઈ પણ પર એકાગ્ર ચિંતન.'

(૪) શુકલધ્યાન તો ધર્મધ્યાનના ખૂબ અભ્યાસથી સ્થિરતા આવ્યે પૂર્વ શાસ્ત્રના જ્ઞાતા કરી શકે. એના પૃથક્ત્વવિતર્ક અવિચાર વગેરે ૪ પ્રકાર છે.

**પ્રશ્ન-૮**

**(૧) ઋષભદેવ પ્રભુએ ૯૮ પુત્રોને આપેલ ઉપદેશ.**

**'હે મહાનુભાવો !** તમે ભરતને દુશ્મન તરીકે દેખો છો, પરંતુ ખરા દુશ્મન તો તમારા અંતરમાં બેઠેલા તૃષ્ણા-અહંત્વ-રાગ-દ્વેષ વગેરે છે. એને કેમ ધ્યાનમાં લેતા નથી ? અનંતા કાળ તમને નરકાદિ સુધીની ભયંકર ગતિઓમાં કોઈએ ભટકાવ્યા હોય અને દુઃખ ત્રાસની ભઠ્ઠીઓમાં શેક્યા હોય તો તે આ આંતર શત્રુઓ જ છે. ભરત નહિ. ત્યારે એ પણ સમજી રાખો કે એ ભયંકર આંતર શત્રુઓ સામે લડી લેવા ને એમને મહાત કરવા માટે માનવભવ જેવો ભવ નથી. તેથી જે મિથ્યાજ્ઞાન અને વિષયરાગરૂપી આંતરશત્રુ તમને ખોટી રીતે ભરતને દુશ્મન તરીકે દેખાડે છે, એ મિથ્યાજ્ઞાન અને વિષયરાગને પડકાર કરો કે 'આવી જાઓ, હવે તમારી સાથે જ સંગ્રામ ખેલી તમને ખત્મ કરવા છે.'

'હે ભાગ્યવાનો ! કદાચ તમને લાગે કે ''પણ અમને પરિવારનો રાગ, સંપત્તિનો રાગ અને અમારું અહંત્વ શે છૂટે ?'' તો સમજી રાખો કે આ બધાય પરિવારાદિ એ રોગ-જરા-મૃત્યુમાં કશું ત્રાણ-શરણ આપી શકતા નથી. તે આપનાર તો એકમાત્ર ધર્મ છે, તો એ પરિવારાદિ પર શા રાગ કરવા ? ને શું એમને વળગી રહેવું ? રાગ કરવો તો ધર્મ પર, વળગવું તો ધર્મને.

'હે પુણ્યવાનો ! એટલું સમજો કે આ તમને તમારા રાજ્ય પર મમતા-



તૃષ્ણા છે એટલે જ એના પર આક્રમણ કરનાર એ દુશ્મન રૂપ દેખાય છે. ને એના પર દ્વેષ ઊભરાય છે, પરંતુ મૂળમાં એ તમારી તૃષ્ણા મમતા જ ખોટી છે, કેમકે મૃત્યુ વખતે તો રાજ્ય અવશ્ય જવાનું ને તૃષ્ણા ઊભી રહી જઈ આગળ નડશે. શું એમ માનો છો કે આટલી તૃષ્ણા કરી લઈએ એટલે જીવને તૃપ્તિ થશે ?

પેલા ઘોર ગ્રીષ્મમાં જંગલમાં કોલસા પાડવા ગયેલા વેપારીને જાણો છો ? એને ત્યાં પાણી ખૂટી ગયું. તરત ભારે, પાણી શોધવા નીકળેલો, પ્રખર ગરમીથી ત્રાસેલો, થાકેલો, ઝાડ નીચે વિસામો કરતાં ઊંઘ આવી ગઇ, સ્વપ્ન આવ્યું, સ્વપ્નમાં ભારે તરસ છિપાવવા દુનિયાના નદી તળાવ સરોવરો પી ગયો ! તરસ મટી નહિ. અંતે એક કાદવિયા ખાબોચિયા પર પછેડી પાથરી એ ભીની થતાં એનો છેડો મૂઠીમાં લઈ મોંમાં એને નિચોવે છે ને પાણીનાં બિંદુ પીએ છે. બોલો વત્સો ! એનાથી હવે એની તરસ મટી જશે ને ? જો કહો કે 'મોટા તળાવ સરોવરોથી ન મટેલી તરસ કાદવિયા પાણીનાં ટીપાથી ન જ મટે, તો પછી અનંત જન્મોમાં અનંતવાર મોટા મોટા સામ્રાજ્ય અને દેવતાઈ વિમાનના રાજ્ય મળ્યા-ભોગવ્યા છતાં ન મટેલી તૃષ્ણા અહીંના એક નાનકડા રાજ્યથી મટી જશે ?' બસ, આ ઉપદેશ પર ૯૮ બુઝી ગયા.

**(૨) તીર્થ-રક્ષા માટે રામલાલનું પરાક્રમ,**

રાજા અજયપાલ કુમારપાળ રાજાનાં મંદિરો તોડતાં તોડતાં તારંગા પરનું મંદિર તોડાવી નાખવા તૈયાર થયો. પાટણના નગરશેઠે રામલાલ બારોટને તારંગા તીર્થ બચાવવા કહ્યું. એ સામાનનું પોટલું માથે લઇ પહોંચ્યો રાજા પાસે. રાજા કહે 'કેમ આમ ?' 'મહારાજા ! રોટલા માટે પરદેશ જવું છે.' 'અરે ! અહીં હું રાજા ને તારે રોટી માટે બહાર જવું પડે ? ભજવ અહીં એવું નાટક કે તારે બાર મહિનાના રોટલા નીકળી જશે.' 'પણ સાહેબ ! એવા નાટકમાં તો ગમે તેવું ભજવવાનું આવે, ને કોઈના મનને કે આપના મનને ખોટું લાગી જાય તો મારા તો બાર જ વાગી જાયને ? એના કરતાં મને પરદેશ જ જવા દો. આપો આશીર્વાદ.' 'અરે રામલાલ ! ગભરા ના, નાટક એટલે નાટક એ તો કૃત્રિમ, એમાં ખોટું શું લગાડવાનું ? જા, લે આ તને અભયદાન પત્ર લખી આપું છું.' એમ કહી પત્ર લખી આપ્યો.

બસ, રસદાર નાટક તૈયાર કરી ભજવ્યું. એમાં છેવટે લઈ આવ્યો કે મરવા પડેલો ડોસો ચાર દીકરાઓને કહે છે 'આ આપણું ઘર-મંદિર બરાબર સાચવજો ને રોજ દેવભક્તિ કરજો. આ મારી છેલ્લી ઇચ્છા છે.' ત્રણ પુત્ર કબૂલ થયા, ચોથો

કહે 'મને એ માન્ય નથી,' ડોસો ગુસ્સે થઈ કહે : 'અલ્યા ! ઘર-ખેતર સાચવવાનું ને પેટપૂજા માન્ય છે, ને આ માન્ય નથી ? પછી મરીને ક્યાં જઈશ ?' છોકરો ઉદ્ધતાઈથી કહે 'બહુ ગરબડ ન કરો. લ્યો આ...' એમ કહી મોટો મોઘર ઠોકી દેવળિયું તોડ્યું ! ડોસો બેઠો થઇ ગયો ને બરાડીને કહે-'હરામી ! આ તેં શું કર્યું ! મારા જીવતાં મારું મંદિર તોડ્યું' ? કઈ નરકમાં જવાનો ? ત્યાં પરમાધામીના ધડાધડ મોઘર શી રીતે સહવાનો ? આ તારા કરતાં તો રાજા અજયપાલ સારો કે કુમારપાળના મંદિર કુમારપાળના જીવતાં નહિ પણ મર્યા પછી તોડે છે.' રાજા અજયપાળ આ સાંભળીને ધૂંઆપૂંઆ થઈ ગયો. પહેલાં તો મનને થયું કે ડોસા રામલાલને તલવારના એક ઝાટકે ખત્મ કરું; પરંતુ પછી અભયદાન દીધાનું યાદ આવ્યું, ગુસ્સો શમ્યો ને સાથે ડોસાના શબ્દોએ એના દિલમાં ચમકારો કર્યો. 'હે ! મંદિર પર મોઘર એટલે મારા પર પરમાધામીના મોઘર ? તરત ઊભો થઇ કહે 'રામલાલ ! રામલાલ ! ધન્યવાદ તને તે. જાનના જોખમે મારી આંખ ખોલી નાખી ! જા આજથી મારે એક પણ મંદિર નહિ તોડવાનો સંકલ્પ છે. એમ કહી એને મોટું ઇનામ આપ્યું. રામલાલના આ પરાક્રમે બાકીનાં મંદિર બચી ગયા.

**(૩) મેઘરથ રાજાની જીવદયા :-**

શ્રી શાન્તિનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવે મેઘરથ રાજા હતા. ઇંદ્રે એમના ધર્મસત્ત્વની પ્રશંસા કરી. મિથ્યાદૃષ્ટિ દેવ પ્રશંસા સહી ન શકવાથી પરીક્ષા કરવા આવ્યો બાજપક્ષી અને પારેવાનું રૂપ કરી. પહેલાં પારેવો રાજાની આગળ આવી બાજપક્ષીથી બચવા રક્ષણ માગતો તરફડે છે. રાજા શરણું આપે છે. પછી બાજપક્ષી આવી રાજાને કહે, 'હું ભૂખ્યો છું - આ મારો ખોરાક છે. એને છોડી દો.' રાજા કહે- 'શરણે આવેલાને ન છોડું. તને બીજું માસ મંગાવી આપું.' આ કહે- 'મારે તો જીવતાનું માંસ જોઈએ.' રાજા કહે 'તો મારા શરીરમાંથી કાપી આપું.' બાજ કહે : 'મારે એના વજન બરાબર જોઈએ.' રાજાએ ત્રાજવાં મંગાવ્યાં.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૭,અંક-૪૬,તા.૨૮-૭-૧૯૭૯

## પ્રશ્ન-ઉત્તર

અહીં રાજાએ પોતાના શરીરમાંથી માંસના ટુકડા કાપવા માંડયાં. કાપતાં એક જ ભાવના રાખે છે કે 'જો નાશવંત અપવિત્ર અને પર એવા દેહથી અવિનાશી પવિત્ર ને સ્વકીય અક્ષય અનંત દયાધર્મ લક્ષ્મી કમાઈ શકાતી હોય તો ભલે દેહ



દયામાં વપરાઓ.' એટલે એક પલ્લામાં પારેવો મૂકી બીજા પલ્લામાં છરીથી પોતાની જાંઘમાંથી માંસ કાપી મૂકે છે. પારેવાનું પલ્લું નીચું ! પરિવાર કલ્પાંત કરે છે. કહે છે 'રહેવા દો, રહેવા દો આવા નાલાયકને પોષવાનું. આપ તો પ્રજાના આધાર છો.' પરંતુ રાજાને શરણાગતને તરછોડવો નથી અને પરિવારની ભારોભાર પોતાનું માંસ આપવાનું વચન બોલેલું ફેરવવું નથી એટલું એમનું દૃઢ સત્ત્વ છે તેથી ત્રીજો ટુકજો, ચોથો ટુકડો કાપીને પલ્લામાં ઉમેરતા જાય છે. અંતે પલ્લામાં પોતે ચડી બેસી કહે છે, 'લે મને ખાઈ જા, પણ આ પારેવાને અભય દે.' દેવતા દૃઢ સત્વ જોઈ રાજાનું શરીર સરખું કરી દઈ પ્રગટ થઈ ક્ષમા માગે છે, ને ઇન્દ્રની પ્રશંસા અને પોતાની અસૂયા વગેરે કહી પુષ્પવૃષ્ટિ કરે છે.

**(૪) પાલકની ઘાણીમાં ૫૦૦ મુનિ :-**

૨૦મા મુનિસુવ્રત ભગવાન પાસે ખંધક (સ્કન્દક) રાજકુમારે ૫૦૦ કુમારો સાથે દીક્ષા લીધેલી; ખૂબ શાસ્ત્રો જાણી ખંધકસૂરિ બનેલ. પ્રભુ સાથે વિચરતાં એકવાર નાસિક પાસેના દંડક દેશમાં આવ્યા, જ્યાં બનેવી રાજા છે. પ્રભુને કહે: 'હું પાસેના બેનના નગરમાં જાઉં, બેન-બનેવીરાજા વગેરે પ્રતિબોધ પામે તો સારું.' પ્રભુ કહે : 'તમે જશો તો વિરાધક થશો.' 'પણ પ્રભુ ! આ ૫૦૦ મુનિઓ ?' પ્રભુ કહે : 'એ આરાધક થશે.' 'તો ભલે મારું ગમે તે થાઓ. ૫૦૦ તો તરી જશે ! હું જાઉં.' પ્રભુ એમની વિરાધનામાં સંમત નહિ તેથી મૌન રહ્યાં. ખંધકસૂરિ ઉપડ્યા, એમની રાજધાનીના ઉદ્યાનમાં રહેલ મકાનમાં ઊતર્યા.

ત્યાં રાજાનો મંત્રી પાલક પૂર્વે સ્કન્દક રાજકુમારના પિતાની રાજસભામાં નાસ્તિકપણું સાબિત કરતો હતો. એને સ્કન્દક આત્મા, પુણ્ય, પાપ, પરલોક વગેરેની સાબિતીની દલીલો આપી ચૂપ કરે છે. તેનું વૈર દિલમાં રાખી પાલક અહીં મંત્રી બનેલો. તેને ખબર પડવાથી વૈર વાળવા માણસો પાસે રાતના ઉદ્યાનની જમીનમાં જુદે જુદે સ્થળે ખોદાવી ખોદાવી શસ્ત્રો છુપાવે છે, ને સવારે રાજાને કહે : 'આપના સાળા સ્કન્દક આવ્યા છે.' રાજા ખુશી બતાવે છે. આ કહે : 'ખુશ શાના થાઓ ? આ તો ૫૦૦ સહસ્ર જોધી સૈનિકો સાથે તમારું રાજ્ય પડાવવા-લડવા આવ્યા છે. સાબિતીમાં તપાસ કરો, શસ્ત્રો છુપાવ્યાં છે.' રાજાએ તપાસ કરાવી, શસ્ત્રો મળ્યાં. પાલક કહે : બોલો હવે શું કરવું છે ?' રાજા કહે-તને ઠીક લાગે તેમ કર.'

એણે બગીચામાં ઘાણી પીલવાનું યંત્ર મુકાવ્યું. ખંધકસૂરિને કહે : 'મહારાજાનો હુકમ છે : ૫૦૦ સહિત તમને આમાં પીલી નાખવાના છે.' ખંધકસૂરિ ૫૦૦

મુનિઓને કહે છે : 'જુઓ આરાધક થવાનો અવસર આવ્યો છે. પાછા પડશો નહિ.' ૫૦૦ મુનિ હરીફાઈથી એકેક માચડા પર ચડી ઘાણીમાં ઝૂકી પડવા તૈયાર થાય છે, ને ત્યાં સૂરિ નિર્યામિણા કરાવે છે.

'જોજો, આ પાલકને દુશ્મન માનતા નહિ, એ તો કર્મના નિકાલ માટે ઉપકારી છે. આપણાં અશુભ કર્મ વિના પીડા આવે નહિ અને પીડા આવ્યા વિના એ કર્મ ખપે નહિ, તેમ કર્મ ગયા વિના મોક્ષ મળે નહિ. ત્યારે, આ પુણ્યશાળી આપણાં કર્મ ખસેડવાનું કામ કરે છે, કર્મ-ગૂમડા પર નસ્તર મૂકવાનું કરી વૈદનું કામ કરે છે, તેથી એ મહા ઉપકારી છે. સગો ભાઈ પણ આવો ઉપકાર ન કરે ! તેથી એના પર ગુસ્સો ન કરતા. એના પર હૈયે હેત ઉભરાવજો. શરીર તો અનંતીવાર મળ્યાં, પણ એને સાચવ્યા કરવામાં સંસાર-ભ્રમણ ચાલ્યું. માટે આ શરીરને હવે સાચવવાને બદલે એને પિલાવા દઈ કર્મને પીલી નાખીને વીતરાગ બની મોક્ષ સાધો. કહી દો શરીરને "પિલા, પિલા શરીર ! પિલા, તું પિલાય એમ મારાં કર્મ પિલાય." જોજો, નરકની અસંખ્ય વારની ઘોર પીડા આગળ આ પીડા કાંઈ વિસાતમાં નથી, માટે પીડાને મનમાં ન લેતાં એક માત્ર વીતરાગને જ હૈયામાં રાખજો. આમ ૫૦૦ને પાવર ચડાવવાથી એકેક હોંશે પિલાય છે, લોહીના ફુવારા ઊંચે ઊડે છે..પરંતુ એ ક્ષપકશ્રેણીમાં ચડી કેવળજ્ઞાન પામી પામી મોક્ષમાં જાય છે. છેલ્લા બાળમુનિ આવતાં ખંધક સૂરિ પાલકને કહે : 'આને છોડી મૂક, યા એની પહેલાં મને પીલી નાખ.' પેલો કહે-'તમને ગમતું તો ન જ કરું. પહેલો બાળને પીલું.' ત્યાં બાળમુનિ પોતે જ ઘાણીમાં કૂદી માંહી પિલાતાં એકમાત્ર ભગવાનને દિલમાં રાખી કર્મ ખપાવીને મોક્ષ પામે છે. ખંધકસૂરિને ગુસ્સો આવ્યો, નિયાણું કરી દેવ થયા, ધૂળથી નગરી ઢાંકી દીધી. એ દંડકવન બન્યું. બેન-બનેવી ચારિત્ર માગતાં એમને ચારિત્ર માર્ગે જવા દીધાં.

### (૫) ઇંદ્રિયો કરોડપતિની કન્યા જેવી કેવી રીતે ?

એક કરોડપતિને એકની એક કન્યા હતી પણ લાડમાં ઊછરેલી, તે ઉદ્ધત હતી. પરણવાની ઉંમર આવી તો કહે 'મારું કહ્યું કરે એને પરણું.' વળી જ્યાં ત્યાં ભટકનારી હતી. કોણ પરણે એને ? બાપે જાહેર કર્યું, 'આને પરણે એને દસ લાખનો દાયજો આપું, ફેક્ટરીમાં ભાગ આપું, બંગલો આપું, પરંતુ એ કહે એમ કરવું પડે.' એક સ્ત્રીલંપટ તૈયાર થયો, પરણ્યો. પેલી કહે : 'મને મારા યારને ત્યાં લઈ ચાલો.' પેલો લઈ જાય છે. પેલી જાર પુરુષ સાથે ખેલ ખેલે છે, આ ધણી ઊભો ઊભો જુએ છે, પેલી પૂછે : 'કેમ તમો ખુશી ?' આ કહે 'તું ખુશી તો હું



ખુશી !' લોક એને હસે છે... અંતે પેલીના કહેવાથી ધણી એને રાજકુમાર પાસે લઈ જાય છે. એમાં રાજાને જાણ થતાં ધણીને મરાવે છે. કરોડપતિ કર્મસત્તાએ આપણને પાંચ ઇંદ્રિયો પરણાવી છે. શરત છે કે 'એ ઇંદ્રિયોને એના મનગમતા વિષયમાં જવા દેવાની.' એટલે આપણે એને એના ઈષ્ટ ગમે તેવા વિષયમાં લઈ જઈએ છીએ. ઇંદ્રિયોની ખુશી પર આપણે ખુશી થઇ એ છીએ. જ્ઞાનીઓ આપણને ગુલામ કહે છે, અને અંતે ઇંદ્રિય વિષય અંગેના રાજીપાના કારણે જ દીર્ઘ ભવભ્રમણ નીપજે છે.

### (૬) મલ્લિનાથ ભગવાનનો પૂર્વ ભવ

મલ્લિનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવે મહાબલ રાજા હતા. એમને પાંચ મિત્ર રાજાઓ હતા કે જે ઉત્સવ-ઉજાણી વગેરેમાં સાથે રહેતા, એમાં મહાબલ રાજા વૈરાગ્ય વધી જવાથી ચારિત્ર લેવા નીકળે છે, તો પાંચે 'અગર અમે ઉજાણી-મોજ-મજાહ-સુખ-ભોગમાં તમારી સાથે રહ્યા તો ત્યાગ-યોગમાં સાથે ન રહીએ ?' એમ કહી સાથે જ ચારિત્ર લેવા નીકળે છે. મુનિ થયા પછી મહાબલ મુનિ કનકાવલિ તપ, રત્નાવલિતપ, બૃહત્ સિંહનિષ્ક્રીડિત તપ, લઘુસિંહ તપ, એમ કેટલીય ભારે તપસ્યાઓ કરે છે. સાથે વીસસ્થાનકની આરાધના પણ જોરદાર કરે છે. તપસ્યા અને આરાધના એવી કે ત્રણ ભવમાં સંસારને મર્યાદિત કરી દે એવી ! ને ત્રીજા ભવે તીર્થંકર બનાવે એવી ! માત્ર સહેજ કસૂર એ થાય છે કે 'હું સંસારના ભોગવિલાસમાં આ પાંચેયના આગેવાન રહ્યો, તો અહીં ત્યાગ-તપમાંય. મારે આગેવાન બનવું જોઈએ.' આ વિચાર કરી પાંચેયને કહ્યા વિના અધિક તપ કરનારા બન્યા. એમાં માયા થઈ તો ત્યાં સ્ત્રીવેદકર્મ બાંધી લીધું, તેથી એમને ત્રીજા ભવે મલ્લિનાથ તીર્થંકર છતાં સ્ત્રી-પણે જનમવું પડ્યું.

## પરીક્ષા-૩ : પ્રશ્નો અને ઉત્તર

### પ્ર.૯ (અ) નીચેનામાંથી કોઈ પણ ચારની વ્યાખ્યા લખો.

**• (૧) કૃતજ્ઞતા અને પરોપકાર**

કૃતજ્ઞતા એટલે આપણા પર કોઈએ કરેલા ઉપકારની કદર કરવી, બદલામાં યોગ્ય પ્રશંસા, સેવા, સરભરા કરવી.

પરોપકાર એટલે સામાએ આપણા પર કશો ઉપકાર ન પણ કર્યો હોય છતાં બદલાની આશા વિના એની સેવા-સરભરા કરવી, એનું ભલું કરવું.

**• (૨) વિવેક અને વિનય**

વિવેક એટલે સાર-અસાર, હેય-ઉપાદેય, ભક્ષ્ય-અભક્ષ્ય, કાર્ય-અકાર્ય, વાચ્ય-

અવાચ્ય... વગેરેની વહેંચણી કરવી.

વિનય એટલે નમ્રતાપૂર્વક પ્રણામ-અભ્યુત્થાન-આસનદાન-પ્રશંસા-યશદાન-ભક્તિ વગેરે.

• (૩) **આરાધના અને વિરાધના**

આરાધના એટલે ઉપાસના, આસેવન, ભક્તિ, ગુણસ્તુતિ.

વિરાધના એટલે આશાતના, અતિચાર, અતિક્રમ, ભંગ.

• (૪) **આલાપ અને સંલાપ**

આલાપ એટલે એકવાર વાત કરવી, એકવાર પ્રશ્ન કે ઉત્તર કરવો.

સંલાપ એટલે વારંવાર વાતચીત, સવાલ-જવાબ કરવા.

• **પ્ર. ૯ (આ) નીચેના નામોનાં અન્ય નામ આપો :**

કરેમિભંતે, અન્નત્થ, લોગસ્સ, ને નમુત્થુણં.

'કરેમિ ભંતે' નું સામાયિક સૂત્ર

'અન્નત્થ' નું આગાર-કાયોત્સર્ગ સૂત્ર.

'લોગસ્સ' નું ચતુર્વિંશતિ-સ્તવ સૂત્ર.

'નમુત્થુણં' નું શક્રસ્તવ સૂત્ર.

**પ્ર. ૧૦ (અ) યોગ્ય શબ્દો વડે પરિપૂર્ણ કરો.**

(૧) પ્રભુની આજ્ઞાનો અમલ કરે તે.... અને પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરે તે...

પ્રભુની આજ્ઞાનો અમલ કરે તે સાધુ-શ્રાવક અને પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરે તે સમાકિતી.

મોક્ષ માર્ગને સાંભળે તે... અને મોક્ષમાર્ગને સાધે તે...

(૨) મોક્ષમાર્ગને સાંભળે તે **શ્રાવક**, અને મોક્ષમાર્ગને સાધે તે **સાધુ.**

(૩) રત્નપાત્ર તે... કંચનપાત્ર તે... રજતપાત્ર તે...

રત્નપાત્ર તે અરિહંત, કંચનપાત્ર તે ગણધર, રજતપાત્ર તે મુનિ.

(૪) જૈમધર્મની કોઈપણ સાધનામાં... પ્રધાન છે.

જૈનધર્મની કોઈપણ સાધનામાં જયણા પ્રધાન છે.

(૫) અવિરતિની બેપરવાઈ કરે તો જીવ સીધો...માં જાય.

અવિરતિની બેપરવાઈ કરે તો જીવ સીધો એકેન્દ્રિયપણામાં જાય.

(૬) પાપ ન કરવા છતાં પાપની...એ પાપ.



પાપ ન કરવા છતાં પાપની અપેક્ષા એ પાપ.

(૭) ભગવાનની આજ્ઞાની આરાધનાથી.... ફળ મળે ને વિરાધનાથી... ફળ મળે.

ભગવાનની આજ્ઞાની આરાધનાથી મોક્ષફળ ફળ મળે ને વિરાધનાથી સંસાર ફળ મળે.

(૮) ક્ષપકશ્રેણી.....ને છે,...ને નહિ.

ક્ષપકશ્રેણી સત્ત્વશાળીને છે, સત્યહીનને નહિ.

**પ્ર. ૧૦ (આ) નીચેનામાંથી કોઈપણ આઠના યોગ્ય જવાબ લખો.**

(૧) ચિલાતીપુત્ર ક્યા શબ્દોથી સંસાર તરી ગયો ?

ઉપશમ વિવેક સંવર

(૨) ભવસ્થિતિ પકવવા કઈ ત્રણ બાબતો જરૂરી છે ?

ચાર શરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના.

(૩) પ્રતિક્રમણ એટલે કયી ત્રણ ચીજો કરવાની ?

પાપસંતાપ, પાપઘૃણા, ને પાપાકરણ નિયમ.

(૪) કાઉસગ્ગ કરતી વખતે કાયાની પ્રવૃત્તિ કયી ત્રણ રીતે ત્યાગવામાં આવે છે.

સ્થાન (સ્થિરતા), મૌન, ધ્યાન,

(૫) ગળફો અને ઓડકાર આવે ત્યારે શું કરીએ તો પચ્ચક્ખાણ ભાંગે ?

ગળફો કે ઓડકાર અન્નપાનના સ્વાદવાળો હોય ને ગળી જાય તો પચ્ચક્ખાણ ભાંગે.

(૬) કાગદોષ એટલે શું ?

કાયોત્સર્ગમાં ડોળો ફેરવ્યા કરે તે કાગદોષ.

(૭) 'આરુગ્ગ બોહિલાભ'ના બે અર્થ ક્યા ?

૧. આરોગ્ય અને બોધિલાભ, ૨. ભાવારોગ્ય-મોક્ષ માટે બોધિલાભ.

(૮) ત્રણ મુદ્રાનાં નામ આપો.

૧. યોગમુદ્રા, ૨. મુક્તાશુક્તિમુદ્રા, ૩. જિનમુદ્રા.

(૯) ચાર નિક્ષેપા ક્યા ? નામ, સ્થાપના દ્રવ્ય, ભાવ,

**પ્રશ્ન. ૧૦ (ઈ)**

(૧) અર્જુન માળી હંમેશ કેટલાની હત્યા કરતો ? ૬ પુરુષ ૧ સ્ત્રીની.

(૨) કર્મ આવવાના રસ્તા કેટલા ?... ૪ થી ૫
(૩) વીતરાગ પરમાત્માની છેલ્લી આજ્ઞા કયી... ?...વીતરાગ બનો.
(૪) ગુરુની શાતાના વિચારમાં કોને કેવળજ્ઞાન થયું ?... મૃગાવતીને.
(૫) પ્રભુદર્શનથી કોણ પામી ગયા ? ....શય્યંભવ.
(૬) દ્રવ્ય ભક્તિ કઈ ભક્તિને પુષ્ટ કરે છે ?....ભાવભક્તિને.
(૭) પ્રત્યાખ્યાનનો અર્થ શો ?....ત્યાગની પ્રતિજ્ઞા.
(૮) ભગવાનના ચાર અતિશય લોગસ્સની કયી ગાથામાં છે ?....૧લો ગાથામાં.
(૯) ''તસ્સ ઉત્તરી'' શાને માટે છે ?
કાયોત્સર્ગના ૪ હેતુસાધન અને ૧ નિમિત્ત યાદ કરી કાયોત્સર્ગની તૈયારી માટે.
(૧૦) નવકાર ગણવાની બે રીત કયી ? આંતરદર્શન, આંતર શ્રવણ.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૭,અંક-૪૬,તા.૨૮-૭-૧૯૭૯

(પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે** સાન્તાક્રુઝ જૈન ધાર્મિક શિબિર સમયે જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા સંચાલિત મુંબઈ નગર-ઉપનગરોની જૈન પાઠશાળાઓના શિક્ષક-શિક્ષિકાઓને દિવાળી બોણી વિતરણ સમારોહ પ્રસંગે આપેલ પ્રેરક પ્રવચન)

## ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ

ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ એ આજે મહત્ત્વનો પ્રશ્ન છે, કેમકે આજે ભૌતિક શિક્ષણ અને સંસ્કરણ અને તેના પ્રદાનના જંગી પ્રયોગો થાય છે. જીવને અનાદિ કાળથી પુદ્ગલનો રસ છે, એના પર તેનું શિક્ષણ અને સંસ્કરણ મળે, એ વાંદરાને દારૂ પિવડાવવા જેવી વાત છે.

આ ધાર્મિક શિક્ષણ ખોળિયે માનવ પણ હૈયે જનાવર જેવાને હૈયાથી માત્ર માનવ નહિ, પણ મહામાનવ બનાવે છે; માત્ર મહામાનવ નહિ, દેવાધિદેવ બનવાની ભૂમિકા ઊભી કરી આપે છે.

ધાર્મિક શિક્ષણ ને સંસ્કરણના પાયામાં જીવને ધર્મની અગત્ય સમજાય છે. તે સમજતાં આત્માનાં ચક્ષુ ખૂલે છે કે 'હું કોણ છું ? આ સંસાર શું છે ? મારો ને સંસારનો સંબંધ કેવા પ્રકારનો છે ? - આવા પ્રશ્નો ઉઠે છે, ત્યારે જીવને થાય છે કે અંદર જે સુષુપ્ત આત્મા છે, તે જાગ્રત થાય ક્યારે ? તેને વિશિષ્ટ કોટિનાં તત્ત્વો મળે, તેથી પ્રેરણા મળે અને જે ૨૦ સ્થાનકથી તીર્થંકરપણાનું પુણ્ય બંધાય તે એક યા બીજાં સ્થાનકોનો અભ્યાસ તેને દેવાધિદેવ બનવાની ભૂમિકા બનાવી આપે છે. આવી ભૂમિકા તૈયાર કરવાનો મહા લાભ ધાર્મિક શિક્ષક અને શિક્ષિકાને મળી શકે એમ છે.

પણ જો ધાર્મિક શિક્ષક-શિક્ષિકા શિક્ષણ વ્યવસાયને એ રીતે અપનાવે તો ફળશ્રુતિ આવે. આમ તો વ્યવસાય એટલે વેપાર; પણ અહીં વ્યવસાય એટલે વેપાર નહિ, પણ વ્યવસાય એટલે **ભેખ,** શિક્ષણ સંસ્કરણનો ભેખ લેવાય, જેમ દેશસેવકોએ દેશસેવાનો ભેખ લીધો છે.

ભેખ સ્વેચ્છાથી, ધગશથી લેવાય છે, તો પછી પ્રશ્ન રહે કે રોટલા-પાણીનું શું ? પણ સેવાની અવાંતરમાં સહજ રીતે તે પ્રશ્નો ઉકેલ આવી જાય છે- એટલે એની ચિંતા રહેતી નથી. પગાર શિક્ષણનો નથી એટલે પગાર સામે કામ મપાતું નથી કે થોડા પગારમાં વધુ કામ શી રીતે થાય ?

દેશસેવકો કદાપિ કહેતા નથી કે આટલો જ પગાર ? ને આટલું બધું કામ ? તેઓ દેશની સેવા કરવા ભેખ લે છે, ત્યારે દેશના મહાન સર્જનનું કાર્ય કરી શકે છે, તો આ ધાર્મિક શિક્ષક-શિક્ષિકા ધર્મસેવક છે, તેઓ એ ધર્મશિક્ષણ અર્થે ભેખ લીધેલ મહાન આત્માઓ છે.

સંઘ તેમનું માન-સન્માન-બહુમાન એવું કરે કે તેમને થાય કે 'અહો ! અમારું અહોભાગ્ય ! અમોને આવો શ્રેયસાધક ગૌરવવંતો વ્યવસાય મળ્યો !'

'શિક્ષક-શિક્ષિકા એટલે પંતુજી માસ્તર, પગારદાર, માસ્તર'... આ દૃષ્ટિ જ્યાં સુધી ન સુધરે ત્યાં સુધી તેમના દ્વારા જે અપાવું જોઈએ તે નહિ આપી શકાય.

અમે જે પાટ પર બેસી જે આપીએ છીએ અને શિક્ષક તે આપે છે, તેમાં ફરક શો પડે છે ? પહેલાં શિક્ષક ને અમારામાં ફરક છે.

કોણ આપે છે ? - તે લેનારા સમજે છે કે આ ગુરુ પગારદાર નથી, તેથી જે દૃષ્ટિ સાધુ-ગુરુ પ્રત્યે ઊભી થાય તે શિક્ષકો માટે ઊભી થતી નથી, પણ આ દૃષ્ટિ જો સંઘ તરફથી શિક્ષકોનું ગૌરવ કરી ઊભી કરાય તો ભારે ચમત્કારી કાર્ય થાય.

સંઘ જો તેમને પંતુજી નહિ પણ સંઘના વિદ્વાન નેતા સમજે, સંઘની સેવા

માટે ભેખ લેનારા માને, તો વિદ્યાર્થીઓ તેમ સમજશે.

નેતા એટલે શું ? નેતા એટલે સ્થિતિથી પૈસાદાર, મોટરમાં આવે, આમ તેમ જુએ ને ચાલ્યા જાય તે ?

આ આજની low class mentality છે, હલકી મનોવૃત્તિ-તુચ્છ માનસ છે. સંઘમાં તેમાં સુધારો કરવાની જરૂર છે. આ ધાર્મિક શિક્ષકો સંઘના નેતા છે. ભોગ આપનાર અગ્રણીઓ છે. તેવો ભાવ સંઘના ટ્રસ્ટીઓમાં-સંચાલકોમાં હોવો જોઈએ. તેવાઓએ અવારનવાર ૦। કલાક પણ ધાર્મિક શિક્ષક પાસે જવું જોઈએ, બહુમાન જાળવવાપૂર્વક શિક્ષક પાસે બેસવું-ધાર્મિક શિક્ષણ અંગે વિચારણા કરવી અને થોડું ધાર્મિક અધ્યયન કરવું.

ભગવાનને પહેલો માર્ગ જ્ઞાનનો આપ્યો, પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. શિક્ષકો તે જ્ઞાન આપનારા આપણા નેતા છે, તેથી શિક્ષક પાસે ૦। કલાક બેસતા હોય, બે લીટીની ગોથા લેતા હોય તો વિદ્યાર્થીઓ પર કેવી સુંદર છાપ શિક્ષકો અંગે પડે ? 'આ મારા બાપુજી આ પંડિતજી સાહેબની પાસે ગાથા લે છે !'

પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.

**पुरुष गौरवे पुरुष गौरवम्**

પુરુષનું ગૌરવ જેટલું થાય, તેટલું તેમના વચનનું ગૌરવ થાય. સંઘના આગેવાનો શિક્ષકનું બહુમાન કરશે, તો તેમનાં બાળકો તેવું કરશે.

ધાર્મિક શિક્ષક-શિક્ષિકાનું આ ગૌરવ કરવા માટે તમારા જેવાએ સમય કાઢવો જોઈએ અને જ્ઞાનની ભૂખ ઊભી કરવી જોઈએ.

જ્ઞાન એ સાચું ધન છે, પૈસા નહીં,

જ્ઞાનની ભૂખ ઊભી થાય તેવી રીતે શિક્ષણ આપવું, જ્ઞાનનું મહત્ત્વ બતાવવા પ્રયત્ન કરો. મુંબઈ માધવબાગમાં એક વાર એક સંન્યાસીએ ભાષણમાં કહ્યું : **"ધનદાન કરતા જ્ઞાનદાન મહત્ત્વનું છે,** કેમકે પૈસાનું દાન કરશો તો બદલો તો મળશે, દા.ત. મોટર, બંગલાનું દાન કર્યું તો બદલામાં કૂતરા થઈને પણ મોટર, બંગલો ભોગવવા મળે, પણ માનવ થવાનું નક્કી નહીં.

જ્ઞાનનું દાન કરશો તો કર્મને મનુષ્ય દેહ આપવો જ રહ્યો, કેમકે માનવ દેહે જ જ્ઞાન મળે.

કૂતરાના અવતારે જ્ઞાનમ ન મળે."

જ્ઞાનના સંસ્કાર મનુષ્યભવ અપાવે છે, આગળ પ્રકૃતિ માર્ગ કરી આપે છે.

શી રીતે ભણાય ?



ગાથા ગોખવી - તે એક પ્રકાર છે.

ગાથા ચઢતી નથી, તેમાં શક્તિનો અભાવ નથી, પણ ગાથા શીખવાની રીત (method) બરાબર નથી. ગાથાને તૈયાર કરવા માટે DIVIDE AND RULE નો નિયમ લાગુ પડશે. 'ભૂવણ પઈવ' વીરં'.......' ગાથા ગોખવી છે, તો એકેક શબ્દ લઈ ગોખો.

**દા.ત.** ભુવણ, ભુવણ, ભુવણ એમ પુસ્તકમાંથી જોઈ ૩-૪ વાર ને પછી મન પરોવી જોયા વિના એકાગ્રતાથી ૮-૧૦ વાર બોલો, પછી પઈર્વ, પઈવં-એમ બોલો, પણ જ્યાં બીજો શબ્દ યાદ રહે, ત્યાં પહેલો શબ્દ સાથે જોઈન્ટ કરીને 'ભુવણ પઈવં' ભુવણ પઈવં' એમ ૩-૪ વાર રટો.

આમ એકેક શબ્દ સ્થિર મને ૧૦-૧૫-૨૦ વાર રટી પછી બીજો શબ્દ લેવો ને પહેલો ને બીજો સાથે બોલવા... પછી ત્રીજો ને બીજો શબ્દ, તેમ પહેલો, બીજો ને ત્રીજો શબ્દ સાથે બોલવા.

સ્ટેશન પર એન્જિન એક ડબ્બાને લઈ બીજા ડબ્બા લાવે, તે બે ડબ્બાને લઈ ત્રીજાને લેવા જાય એમ શંટિંગ કરી આખી ગાડી-ભારખાનું તૈયાર થઈ જાય. એ રીતે ગોખો.

કોઈ કહે : પાકે ઘડે કાંઠા ચડે ?

જરૂર ચઢે, છતાં એકલી ગાથા ગોખી નાખવી તેટલું જ ભણવાનું નથી, ગાથાના પદાર્થ તૈયાર કરવા, રોજ તે પર થોડી નોટ (નોંધ) તૈયાર કરવી-ઉપસ્થિત કરવી, આમ પણ ભણવાનું થઈ શકે.

એક પાઠશાળામાં યુવાન માસ્તર હતા. તેમને કહ્યું : 'તમારા પર ખોટી રીતે આક્ષેપ ન આવે, તે માટે બે-ચાર ડોસીઓને ભણવા બોલાવો.'

આ પાઠશાળામાં છોકરાં-છોકરીઓ ભણતા હતા. 'બેનોમાંથી બે-ચાર ડોસીઓને ત્યાં આવવા કહ્યું, એક તો સમય પહેલાં વહેલા આવી જાય અને સમય કરતાં મોડા જાય.'

તેમને પેલા માસ્તર કહે : કે જુઓ માજી, અહીં તમારે અમથા બેસી રહેવું ન પડે માટે થોડું સમજાવું, જીવના બે પ્રકાર : એક સંસારી જીવ અને બીજો મુક્ત જીવ.

બોલો, આ તો આવડશે ને ?

માજી તે બોલી ગયાં.

બીજે દિવસે સંસારી જીવના વિભાગ બતાવ્યા.

આમ ધીમે ધીમે કરતાં એક માસમાં માજીએ જીવવિચારનું ઘણું જ્ઞાન મેળવી લીધું. ટીપે ટીપે સરોવર ભરાય.

પદાર્થ તૈયાર કરી, તે વાંચી જાય, ગોખો નહીં, બીજો પ્રકાર ભણવાનો છે : સંસ્કૃત ભાષાના નિયમો, સમીકરણ (Equation) પદ્ધતિથી પણ શીખી શકાય.

સાંગલી ચોમાસુ હતા ત્યારે એક ગદગના વેપારી ભાઈ ચોમાસું રહેલ. સંસ્કૃત ભણેલા હતા. આગળ ભણવાની ઈચ્છા હતી. ચાવી પદ્ધતિથી પંદર દિવસમાં એમને પ્રાકૃત ભાષા કરાવી. સમરાદિત્ય કથા વંચાવવા માંડેલ. તે પ્રાકૃત ભાષામાં છે. ધીરે ધીરે તે વંચાવ્યા પછી એ સ્વયં વાંચતા જાય, સમજતા જાય. ૭૨ વર્ષના બુઢ્ઢા સાધુ પણ ભણી શકે એવો વિષય ત્રેસઠ શલાકા પુરુષ ચરિત્ર છે. એ તૈયાર કરવા માટે પાંચ નોટો સામે રાખવાની. હવે જ્યારે પુસ્તક વાંચો, ત્યારે એમાં **કથાભાગ** આવે, તે કથાની નોટમાં લખી લેવું. **ઉપદેશ** જેવું આવે તે ઉપદેશની નોટમાં લખવું, **ભાવના** આવે તો તેની નોટમાં લખવું, **કવોટેશન** વાક્યો, અલંકાર, તત્ત્વજ્ઞાન વગેરે જે જે આવે તે તે તેના વિભાગમાં અલગવ નોંધ કરવી. સાંજે તે બધી નોંધ વાંચી જવી.

પહેલાં વાંચવાનું, પછી તારવવવાનું અને નોટ્સ્ વાંચી પુનરાવર્તન કરવું.

આ તો તમારા માટે વાત થઈ કે શિક્ષક-શિક્ષિકાને બહુમાનથી નવાજવા,

**હવે શિક્ષક-શિક્ષિકાએ શું કરવું ?**

શિક્ષક-શિક્ષિકાએ પોતાનું સ્થાન શોભાવવા માટે પ્રયત્ન કરવો. કોલેજમાં પ્રોફેસર બે કલાકનો પિરિયડ લે અને શાળામાં શિક્ષક છ કલાક ભણાવે-પરંતુ શિક્ષક કરતાં પ્રોફેસરના પગાર વધારે.... કારણ ? પ્રોફેસર ઘરેથી વાંચીને, નોટ્સ્ વગેરે તૈયાર કરીને આવે અને બે કલાકમાં ઘણું બધું આપી દે. પછી લાઈબ્રેરીમાં જઈને વિદ્યાર્થીઓએ તે તે વિષયના પુસ્તકો વાંચવાના ને પ્રોફેસરની નોટ્સ્ પ્રમાણે વિષય તૈયાર કરવાના.

તો ધાર્મિક શિક્ષકે પૂરતી તૈયારી કરવી, ડોક્ટર છેલ્લા નવા સાહિત્યને વાંચે છે-વકીલ છેલ્લામાં છેલ્લા ધારાના ગ્રંથો વાંચે છે. બધા વાંચે છે, તો ધાર્મિક શિક્ષકે નવા સાહિત્યને વાંચવું, એક વખત મહેસાણામાંથી પરીક્ષા આપી, પાસ થઈ બહાર આવ્યા, તેથી સંતોષ માનવાનો નથી, શ્રાવક યોગ્ય ધર્મપ્રકરણ, શ્રાદ્ધવિધિ વાંચવાથી શીખવવાની વિવિધ વસ્તુ સમજાય છે.

આમ શિક્ષકે પૂર્વ તૈયારી કરવી, નવું નવું જ્ઞાન વધારવું અને વિદ્યાર્થીને આપતાં કહેવું.



સંઘે શિક્ષકનું ગૌરવ સાચવવું, શિક્ષક પાસે વિદ્યાર્થી બની અધ્યયન કરવું, તો વિદ્યાર્થી પર અસર પડે.

ધાર્મિક શિક્ષણ પ્રદાન કરવું તે વેપાર નથી, ભેખ છે, ભેખ ધારણ કરનારની સર્વ ચિંતા સંઘ જરૂર ઉપાડી લે.

શિક્ષકોએ જ્ઞાનનું દાન આપી જીવને દેવાધિદેવ બનાવવાનો છે તે ખ્યાલમાં રહે તો ભણાવનારની અને ભણનારની વૃત્તિ બદલાઈ જશે.

**- સંચય કરનાર : લાલચંદ ખેતશીભાઈ શાહ**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૮,અંક-૩૫,તા.૧૭-૦૫-૧૯૮૦

## મુલુંડમાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનો થયેલો પ્રારંભ.

મુંબઈના ઉપનગર મુલુંડના આંગણે ભારતભરના સાઈઠ જેટલા ગામોમાંથી લગભગ ૨૦૦ જેટલા યુવાનોની શ્રી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનો પ્રારંભ તપોનિધિ આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના મંગલાચરણથી થયો હતો.

શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે સૌને આવકારપૂર્વક શિબિરનું નિવેદન કર્યા બાદ શિબિર ઉદ્દ્ઘાટક ધર્મસ્નેહી શ્રી પ્રતાપરાય દલીચંદ શાહે સમ્યક્જ્ઞાનના પ્રતિક રૂપ મંગલદીપ પ્રગટાવ્યો હતો. જ્યારે અતિથિ વિશેષ તરીકે પધારેલ ચોપાટી શ્રી જૈન સંઘના અગ્રણી શ્રી સુધાકરભાઈ દલાલે તથા શ્રી મનસુખભાઈ વોરાએ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને શિબિરના વિષયોનાં પાઠય પુસ્તકો અર્પણ કર્યા હતા અને જ્ઞાનપૂજન કર્યું હતું.

મુલુંડ શ્રી સંઘના ટ્રસ્ટી શ્રી વાઘજીભાઈએ પધારેલા સૌનું સ્વાગત કરી પોતાના સંઘના આંગણે ભારતભરના ૬૦ ગામોના નવયુવાનોનો ૨૧ દિવસનો જ્ઞાનયજ્ઞ શરૂ કરવા બદલ ખૂબ અનુમોદના કરી હતી.

આ પ્રસંગે ધાર્મિક શિક્ષણ ક્ષેત્રના અગ્રણી શ્રી કેશવલાલ મોહનલાલ શાહ તથા ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થી શ્રી જયપ્રકાશ શાંતિલાલ વોરા, શ્રી જયેશ ભણશાળી, શ્રી હસમુખ શાહ વડોદરા, એ શિબિરના અનુભવો જણાવ્યા હતા.

પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. સા., પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મ. સા. તેમજ પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબ સમ્યક્જ્ઞાનની આજની યુવાન પેઢીમાં થઈ રહેલી ઉણપ પ્રત્યે શ્રી સંઘના આગેવાનોને અંગુલીનિર્દેશ કરી

આ બાબત પોતાના પ્રવચનોમાં પ્રેરણા કરી હતી.

પૂ. આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે આત્મઘર રૂપી ઘરમાં અજ્ઞાનનું અંધારું જે છવાઈ ગયું, તેના માટે જ્ઞાનરૂપી દીપક પ્રગટાવવા પરમાત્મા ભક્તિ જ્ઞાન દર્શન અને ચારિત્ર્યમય જીવન બનાવવા માટે વૈરાગ્ય સભર પ્રવચન કરવા દ્વારા માનવજીવન સફળ બનાવવા જણાવ્યું હતું. શ્રી કુમારપાળભાઈએ શિબિરના દરરોજનાં પ્રવચનોના વિષયો તથા શિબિરના ૨૧ દિવસના કાર્યક્રમોનો ખ્યાલ આપી સંઘના ભાઈ-બહેનોએ લાભ લેવા વિનંતી કરી હતી.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૮,અંક-૩૭/૩૮,તા.૦૭-૦૬-૧૯૮૦

## મુલુંડ (મુંબઈ) નગરે શ્રી સંઘ શિબિરમાં રેલાયલે ધર્મ સરિતા

મુલુંડ શ્રી સંઘના સાથ-સહકારથી મુલુંડ ધાર્મિક શિક્ષણ સમિતિએ તા. ૪-૫-'૮૦થી ૩ સપ્તાહ માટે શિબિરનું આયોજન કર્યું. આયોજન કાર્યવાહી શ્રી કુમારપાળ વિ. શાહને સોંપી. પ્રવચનો માટે પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજને આ દિને સપરિવાર પધારવા વિનંતી કરવાથી લગભગ ૭૦ મુનિવરોના પરિવાર સાથે પૂજ્યશ્રી પધારેલ.

મુલુંડ જૈન સંઘનો ઉત્સાહ અને ઉમંગ અનેરો હતો. કયારે આચાર્ય ભગવંત પધારે ! કયારે શિબિર શરૂ થાય ! કયારે શિબિરના રોજના અનેક પ્રવચનો સાંભળીએ.

જોતજોતામાં શિબિરનો પ્રારંભ દિવસ તા. ૪-૫-૧૯૮૦ના રવિવારનો આવી ગયો. ભારતભરના ૫૦ થી ૬૦ નગરો ઉપનગરોના ૨૧૦ યુવાનો ધર્મ જિજ્ઞાસાથી થનગનતાં મુલુંડ ઉપનગરમાં આવી પહોંચ્યાં. તેઓએ ભાવભર્યા અંતઃકરણે. મુલુન્ડ મંડન શ્રી વાસુપૂજ્ય ભગવંતની પૂજા કરી સવારે ૯.૦૦ વાગ્યે વ્યાખ્યાન હોલમાં આવી પહોંચ્યાં. પૂજ્યપાદ આચાર્ય ભગવંત પોતાના વિશાલ પરિવાર સાથે પાટ ઉપર બિરાજમાન થતાં, જય નાદો, મંગલ ધ્વનિ તથા અનુપમ નારાઓથી વ્યાખ્યાન હોલ શબ્દમય બની ગયો. પૂજ્યપાદશ્રીએ મધુર અને હૃદયંગમ સ્વરે મંગલાચરણ કર્યું. ત્યારબાદ શ્રી હેમેન્દ્ર શાહનું મંગલગીત, કુમારપાળ વિ. શાહનું પરિચય દર્શાવતું ઉદ્બોધન થયું. પ્રતાપભાઈ દલીચંદ દેપલાવાળાએ જ્ઞાનદીપક પ્રગટાવી, શિબિરનો શુભારંભ કર્યો.

ચોપાટી જૈન શ્વે. મૂર્તિ. તપગચ્છ સંઘના અગ્રણી કાર્યકર શ્રી સુધાકરભાઈ દલાલ તથા ચોપાટી સંઘના અધ્યક્ષશ્રીએ પ્રેરક વકતવ્ય કરી પૂજ્યપાદશ્રીને શિબિરમાં



અપાતી વાચનાઓના ગ્રંથો ગુરુપુજન વગેરે કરી વહોરાવ્યાં અને પૂજ્યપાદશ્રીને વાંચનાનું અમીપાન કરાવવા વિનંતિ કરી.

બહારગામથી ૨૧ દિવસ માટે ધર્મ પ્રાપ્તિ કરવાની ઝંખનાવાળા ૨૧૦ વિદ્યાર્થીઓમાં ધર્મનું માહાત્મ્ય, ધર્મની આવશ્યકતા, ધર્મનો પ્રભાવ અને એ ધર્મશ્રવણ કરવા માટે કેવા પ્રકારનું અંતકરણ જોઈએ વગેરે દર્શાવતા મુલન્ડના અગ્રણીઓના તથા અન્ય આગેવાનોના અનેક પ્રવચનો થયા. ત્યારબાદ પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજય મ., મુનિરાજ શ્રી હેમચંદ્ર વિ. મ. તથા મુનિરાજ શ્રી રત્નસુંદર વિજય મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય ભગવંતના સંવેગ વૈરાગ્ય નીતરતા અને ચિત્ત આકર્ષક પ્રવચનો સાંભળી નૂતન વિદ્યાર્થીઓ આનંદવિભોર અને મુગ્ધ બની ગયા. તેઓના આત્મામાં અપૂર્વ શ્રદ્ધા અને વિશ્વાસ પેદા થયો કે ૨૧, ૨૧ દિવસોના પ્રવચનોમાં મનોવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા દૃષ્ટાંતો અને દલીલો દ્વારા તર્ક અને યુક્તિઓ દ્વારા ધર્મ જાણવાનો અનેરો લહાવો પ્રાપ્ત થશે અને જીવનમાં સદાચાર અને શ્રદ્ધાના સુચારુ રીતે બીજારોપણ થશે. આ શ્રદ્ધા અને વિશ્વાસના કારણે શિબિર વિદ્યાર્થીઓએ શિસ્તનું ખૂબ જ ચુસ્ત રીતે પાલન કરવા દ્વારા અને નિત નવી જિજ્ઞાસાઓના ભેટણાપૂર્વક રોજના છ છ પ્રવચનોનું અમીપાન ઉલ્લાસ અને ઉમંગપૂર્વક કરવા માંડ્યું. વહેલી પ્રભાતે સવારના રોજ ૬ થી ૭ આવશ્યક સૂત્રના રહસ્યની વાંચના, મંગલપ્રાર્થના અને શ્રી અરિહંતના જાપ અને ધ્યાન કર્યા બાદ થતી આ વાંચનાના દાતા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વર મહારાજ સાહેબ આ વાંચનામાં નવકારથી માંડી ચૈત્યવંદન સૂત્રો સુધીના તથા સકલતીર્થના રહસ્યો સમજાવવામાં આવ્યા હતાં. આ વિષયમાં વિદ્યાર્થીઓએ કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું ? તેનો સામાન્ય ખ્યાલ પરીક્ષાના પ્રશ્નપત્રો જોવાથી આવી જાય. ખરેખર, એ પ્રશ્નપત્ર જોવાથી એમ જ થશે કે અમે તો ઘણાં પ્રવચનો સાંભળ્યા, છતાં હજુ અમને આ જ્ઞાન પ્રાપ્ત થયું નથી !

બીજા બે પ્રશ્નપત્રો મોક્ષમાર્ગ અને વિશ્વદર્શન તથા ભાવ શ્રાવકના ૬ લક્ષણ વિષયના પૂજ્યપાદ આચાર્ય ભગવંત જ બહુ જ રોચક શૈલી આપતા. તત્ત્વજ્ઞાનના પ્રવચન પ. પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજય મ. આપણા પૂર્વજોનો ઈતિહાસ'ના પ્રવચન પ. પૂ. મુનિરાજ શ્રી રત્નસુંદરવિજય મ. સા. તથા 'જૈનાચાર' પર પ્રવચનો પ. પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજય મ. આપ્યા હતા.

આમ રોજ છ છ પ્રવચનોમાં વિદ્યાર્થીઓએ બહુ જ સુંદર અને સંવેગ વૈરાગ્યવર્ધક વિષયો સાંભળી, વિવિધ પ્રકારના નિયમો, અભિગ્રહો પણ લીધા હતા.

આ શિબિર દરમ્યાન પ. પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિત વિ. મ. સા.ને

વર્ધમાનતપની ૭૯મી ઓળીનું તથા પ. પૂ. મુનિરાજશ્રી જયસોમ વિ. મ. ને ૮૯મી ઓળીનું પ્રથમ જેઠ સુ. ૧ના પારણું આવતું હોવાથી વિદ્યાર્થીઓએ વિવિધ આરાધનાની ઉછામણીઓ જેમ કે, વર્ષ દરમ્યાન એકાસણા, આયંબિલ, બેસણા, સ્વાધ્યાય, ગાથા, દ્રવ્યોના ત્યાગ વગેરે બોલી બોલી શિબિરના રસાડે વહોરાવાનો લાભ લીધો હતો.

શિબિરનું આયોજન કેમ સફળ થાય એ માટે મુલુંડ જૈન સંઘના અગ્રણીઓ સતત જહેમત ઉઠાવતા રહ્યા. મુલુંડના જૈન સંઘે શિબિર સમિતિની રચના કરી. એ સમિતિએ શિબિરની આર્થિક જવાબદારી, ભોજન અંગેનો પ્રબંધ વગેરે બધો ભાર પોતાના માથે લઈ લીધો.

શ્રી કુમારપાળ વિ. શાહ તથા વડોદરા નિવાસી શ્રી હસમુખભાઈ વગેરે ૨૦ કાર્યકરોએ વિદ્યાર્થીઓની સાર સંભાળ તથા ભોજન વખતે પીરસવા વગેરે અંગેની તથા પરીક્ષાઓ વગેરે અંગેની અનેક જવાબદારીઓ ઉઠાવી લીધી.

શ્રી કુમારપાળ વિ. શાહની પ્રજ્ઞાકુશળતા, અદમ્યહેત, અનેરો ઉત્સાહ, વિદ્યાર્થીઓ પ્રત્યે અનુપમ વાત્સલ્ય વગેરેના કારણે વિદ્યાર્થીઓ સહજ રીતે અદબ અને શિસ્તપૂર્વક રહેતા હતાં.

જોત જોતામાં ૧૮ દિવસ પૂર્ણ થયા. ૧૯માં દિવસે લેખિત બે પરીક્ષાઓ લેવાઈ. પહેલી પરીક્ષાના માર્ક ૨૦૦ હતા તેમાં ત્રણ વિષયો (૧) મોક્ષમાર્ગ, (૨) જૈન તત્ત્વજ્ઞાન, (૩) જૈન આચાર. બપોરની બીજી પરીક્ષા ૨૦૦ માર્કની હતી. તેના વિષયો (૧) આવશ્યક સૂત્રના રહસ્યો, (૨) વિશ્વદર્શન વગેરેની. બાકીના બે દિવસોમાં મૌખીક પરીક્ષા જેમાં ચૈત્યવંદન સુધીના સૂત્રો, ૨ સ્તવનો, ૨ સજ્ઝાયો, ૨ થોયો, ૨ ચૈત્યવંદનો, સ્તુતિઓ, પ્રાર્થના વગેરેની હતી. ત્યારબાદ વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શબ્દ સ્મૃતિ સ્પર્ધા વગેરે થઈ હતી.

શિબિર દરમીયાન વિદ્યાર્થીઓમાંથી ૩ વિદ્યાર્થીઓએ વર્ધમાન તપનો પાયો તેમજ અનેક વિદ્યાર્થીઓએ રોજના બેસણા સામાયિકો તથા બે વિદ્યાર્થીઓએ ૧૪ ઉપરાંત પૌષધ વગેરે અનેક આરાધનાઓ થઈ હતી.

શિબિર સમાપન સમારોહ પ્ર. જેઠ સુદ ૧૧ તારીખ ૨૫-૫-૮૦ના રવિવારના રોજ હતો. એમાં વિદ્યાર્થીઓને બહુમાન પત્ર, ઈનામ વિતરણ શેઠશ્રી જેઠાભાઈ ખીમશીઆ (જામનગર-ચેલાવાળા)ના શુભ હસ્તે થયું. મુલુંડના સંઘે દરેક વિદ્યાર્થીને પ્રભાવના રૂ. ૬૫ કરવા દ્વારા બહુમાન કર્યું હતું. લેખીત પરીક્ષામાં પ્રથમ આવનાર મુંબઈના વિદ્યાર્થી શ્રી રાકેશકુમાર પ્રવીણચંદ્ર શાહ (પાટણવાળા)ને



શ્રી મહાકોશલ મૂ. જૈન સંઘ તરફથી તેના અગ્રણી કાલુરામ બાફનાએ ચાંદીનો બોક્ષ આપ્યો હતો.

વિદાયની વસમી વેળાના હૃદયદ્રાવક પ્રવચનોથી અને ભાવગીતોથી બધાના હૃદય અને ચક્ષુ અશ્રુભીના થયા હતા. પૂજ્યપાદ આચાર્ય ભગવંતનું અંતીમ પ્રવચન વિદ્યાર્થીઓને ઉદ્દેશીને હતું. એમાં અંતીમ સંદેશનો મુખ્ય ધ્વનિ એ જ હતો કે તમારા માટે શ્રી સંઘે તન-મન અને ધનનો ભોગ આપ્યો અને મહાત્માઓએ પોતાનો કિંમતી સમય તમને પ્રવચનો આપવા દ્વારા કર્યો. તેમાં ઋણમાંથી યત્કિંચિત પણ મુક્ત થવા માટે તમારું જીવન સમ્યગ્જ્ઞાનથી પવિત્ર અને સદાચારોથી સુવાસિત બને, જયાં જયાં જાઓ ત્યાં તમારા જ્ઞાનનો પ્રકાશ ફેલાય અને ચારે બાજુ સદાચારોની સુગંધ ફેલાય. જે જે ભણાવવામાં આવ્યું તેનું ઓછામાં ઓછું મહિનામાં એકવાર પુનરાવર્તન થઈ જાય એ માટે કટિબદ્ધ બનવું. ઘણા વિદ્યાર્થીઓએ પુનરાવર્તન કરવાના નિયમો લીધા.

બસ આ રીતે શિબિરનો પ્રારંભ થયો અને પરિસમાપ્તિ પણ થઈ ગઈ છતાં સુવાસ એની ચારે તરફ ફેલાઈ રહી.

''દિવ્ય-દર્શન'' - **''શિબિર''** **વર્ષ-૨૮,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૦**

● રાજસ્થાન હદની પાસે(બેડા) **દાદા પાર્શ્વનાથ તીર્થમાં** પ. પૂ. નવયુવક પ્રતિબોધક આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞાથી તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં રાજસ્થાન ગુજરાત, મધ્યપ્રદેશ, આંધપ્રદેશ વગેરે પ્રાંતોના ૬૧ ગામના સ્કૂલ તથા બી.ઈ., બી.કોમ., બી.એસસી., એમ.એસસી. સુધીના કોલેજીયન ૨૯૮ વિદ્યાર્થીઓ હતા. ૨૧ દિવસના શિબિરમાં જૈન કર્મવાદ, તત્ત્વજ્ઞાન, જૈનાચાર પ્રતિક્રમણ સૂત્રના અર્થ, માર્ગાનુસારી જીવન અને જૈન ઇતિહાસ ઉપર મુનિશ્રીના પ્રવચનો થયા હતા. વિદ્યાર્થીઓએ મુનિશ્રી ગુણરત્નવિજયજી મ.ની ૫૮મી વર્ધમાન તપની ઓળીના પારણા પર જીવનભર માટે ૧૧ જણ સિનેમા ત્યાગ, ૬૧ કંદમૂળ ત્યાગ, ૫૧ સાતવ્યસન ત્યાગ, ૪૧ રાત્રિભોજન ત્યાગ, રોજ જિનપૂજા, રવિવારે સામાયિક, ૫ વર્ષમાં ૯૦૦૦ બેસણા, નવ લાખ નવકાર, માતા-પિતાદિ વાલિને રોજ પ્રણામ વગેરે અભિગ્રહો સ્વેચ્છાથી કર્યા હતા. શિબિરમાં ઉપવાસ ૧૩૧, અઠ્ઠમ ૧, આયંબિલ ૭૧, સામાયિક

૨૪૫૦૧, બેસણા ૬૭૧, એકાસણા ૨૭૧ થયેલ.

રોજ ભાવનામાં રોહિડામંડલ સિરોહીમંડલ, બિકાનેર મંડલ વગેરેના વિવિધ ભક્તિના પ્રોગ્રામો થતાં.

પ્રાંતે પરીક્ષામાં પ્રથમ આવનાર, તપમાં પ્રથમ આવનાર તથા સામાયિકમાં પ્રથમ આવનારને પૂજાની જોડ અને સોનાનો મેડલ વગેરે પારિતોષિક તથા અન્ય વિદ્યાર્થીઓને યોગ્યતાનુસાર ઇનામ અને પ્રમાણપત્ર આપવામાં આવેલ. શિબિરમાં ભોજન આદિની વ્યવસ્થા બેડા સંઘ તરફથી કરવામાં આવી હતી.

શાહ હિંમતલમલજી રૂઘનાથજી પોતાની રોજ ૭-૭ કલાક આરાધના કરીને પણ શિબિર વ્યવસ્થા સંભાળતા. શિબિરથી બેડા સંઘમાં ભારે આનંદ થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૮,અંક-૪૫,તા.૨૬-૭-૧૯૮૦

## ચોમાસાના ચાર માસ... માત્ર સોળ રવિવાર...

## આવો... યુવાનો... રવિવારીય જૈન શિક્ષણ શિબિર દ્વારા આપણે આપણું ભવિષ્ય ઘડીએ.

## માત્ર પંદરથી પીસ્તાલીસ વર્ષના જૈન યુવાનો માટે આયોજિત આગવું જ નહિ અનોખું પણ શ્રવણ અને સત્સંગનું આયોજન

- ધર્મ શ્રવણનો અનુપમ અવસર
- ધર્મ સાધનાની અણમોલ તક
- શિબિર સમય ૧૦ થી ૧
- જાહેર પ્રવચન ૨॥ થી ૪
- શિબિરનો પ્રારંભ સવારે ૧૦ વાગે.

શિબિરનો પ્રારંભ : રવિવાર તા. ૨૦-૭-૮૦, સમય : સવારે ૧૦-૦૦

શિબિર સ્થળ : ભેરૂમલ કનૈયાલાલ કોઠારી, જૈન ઉપાશ્રય, ચંદનબાળા એપાર્ટમેન્ટ, વાલકેશ્વર, મુંબઈ-૬

યુવાન મિત્રો ! આપણે ભવિષ્ય ઘડવું છે કે ભૂતકાળ ?

યાદ રાખો આ માટે આપણી પાસે માત્ર આજ છે.

વર્તમાનની વહી જતી પળ છે. આ આજ, આ પળ

આપણું ભવિષ્ય પણ ઘડી શકે છે અને ભૂતકાળ પણ.

આવો, આજથી જીવનને ધર્મ મહોત્સવ બનાવીએ. જન્મને જીવનથી કેમ



અને કેવી રીતે ઘડી શકાય ? આરાધનાને જીવંત શી રીતે કરી શકાય ? ચમકદાર પાસાથી આત્મામાં ઓજ અને તેજ શી રીતે પ્રગટાવી શકાય ? તેના મનોવૈજ્ઞાનિક અને શાસ્ત્રીય સમાધાન પ્રાપ્ત થાય એ માટે આપને આ આયોજનમાં જોડાવા અમારું આગ્રહભર્યું નિમંત્રણ છે.

ન્યાય વિશારદ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય મુનિવર્ય શ્રી **રત્નસુંદર વિજયજી મહારાજ સાહેબ** આત્માની ઉત્ક્રાન્તિ, જિનભક્તિના રહસ્યો-સમ્યક્દર્શનની, ભવ્યતા તથા જૈન મહાપુરુષો અને સતીઓના રોચક જીવન પ્રસંગો... ઇત્યાદિ વિષયોની તાર્કિક અને તાત્ત્વિક વાચનાઓ આપશે.

પ્રત્યેક રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી શિબિર, ત્યારબાદ અલ્પાહાર, બપોરના ૨॥ થી ૪ જાહેર વ્યાખ્યાન આ રીતે યોજવામાં આવેલ આ શિબિરનો પ્રારંભ તા. ૨૦-૭-૮૦ ને રવિવારે સવારના ૧૦-૦૦ વાગે થઈ ગયો છે. જે લગભગ સોળ રવિવાર સુધી ચાલશે. તબક્કાવાર અપાનારી આ ધર્મવાચનાઓની પૂર્ણાહુતિ પછી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનારા સ્વાધ્યાય પ્રેમીઓને પ્રભાવના-પુરસ્કાર અર્પણ સન્માનસહ કરાશે.

સંપર્ક સ્થાનો :-

યોગેશ મ. શાહ

વર્ધમાન સંસ્કૃતિધામ, પ્રભાવતીબેન છગનભાઈ સરકાર, સંસ્કૃતિ ભવન, ૬, ધનમેન્શન, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪.

કુમારપાળ વિ. શાહ

૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૪, ટે.નં. ૩૮૮૫૨૩

નિમંત્રક :-

રવિવારીય જૈન શિક્ષણ શિબિર સમિતિ

ભેરૂમલ કનૈયાલાલ કોઠારી જૈન ઉપાશ્રય,

ચંદનબાળા એપાર્ટમેન્ટ, રીઝ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

## સાતસો યુવાનોનો સામૂહિક આધ્યાત્મિક કાયાકલ્પ. જીવનભર માટે પારાવાર પાપોને યુવાનોની છેલ્લી સલામ. મુંબઈ-ચંદનબાળા ઉપાશ્રયે યોજાયેલ રવિવારીય શિબિરોનું અનોખું અભૂતપૂર્વ સફળ આયોજન.

"શિબિર પહેલાં અને પછી અમારા જીવનમાં day and night જેટલો તફાવત જણાય છે. શિબિરે આત્માને પાપ કર્મોથી શી રીતે Light (હળવો) કરી શકાય તેની ગુરુ ચાવીઓ મળી ગઈ."

"વાનર જેવા જીવનમાંથી નર અને હવે નારાયણ બની જવાની આ શિબિરે માસ્ટર કી આપી છે."

"માનવજન્મ વારંવાર મળતો નથી એ મળે છે અનંતકાળે કોઈકવાર. પૈસાથી ખરીદી શકાતો નથી, ઈચ્છાથી ફરી પ્રાપ્ત થવો મુશ્કેલ છે. અખૂટ અને અઠંગ સાધનાઓથી તે કોઈકવાર મળી જાય છે. આવા મોંઘા મૂલ્યવાન જીવનનો પરિચય અમને શિબિરથી થયો."

"પૂજ્યશ્રીઓએ શાસ્ત્રોનાં શટર ખોલીને, ગટરના જીવનમાં આળોટતા અમને અદ્ભુત અધ્યાત્મના બટર પીવડાવ્યા છે."

"શિબિર દ્વારા જીવનને મહોત્સવ બનાવવાની ગુરુ ચાવીઓ હાથમાં આવી ગઈ."

"શિબિર દ્વારા એક ઉજળા ભવિષ્યનું નિર્માણ થયું."

"શિબિરે અમને ભાગવાનું નહિ, જાગવાનું શીખવ્યું."

"ચોમાસાના ચાર માસમાં ૧૬ રવિવારે યોજાતી આ જ્ઞાન શિબિર પૂરી થઈ, હવે આજથી જ અમારી જીવન શિબિરનો પ્રારંભ થાય છે."

ઉપરોક્ત ઉદ્ગારો હતા, મુંબઈ ચંદનબાળા ઉપાશ્રયે યોજાઈ ગયેલ રવિવારીય જૈન શિબિરમાં ભાગ લેનાર યુવાનોના.

શ્રી ચંદનબાળા સંઘે પોતાના આંગણે શ્રી ભેરુલાલજી કનૈયાલાલજી કોઠારી રીલીજીયસ ટ્રસ્ટના ઉપક્રમે ચોમાસાના ચાર માસ દરમ્યાન પ્રત્યેક રવિવારે રવિવારીય જૈન ધાર્મિક શિબિર યોજીને એક નોખું જ નહિ પણ અનોખું પાનું ઈતિહાસમાં ઉમેર્યું. જૈન સંઘના ઈતિહાસમાં એક વધુ ઉજ્જવળ યશસ્વી પ્રકરણ આલેખ્યું. તથા



આ શિબિરે રવિવારની રજાનો નીચોવીને ઉપયોગ કરવાનો કળા મંત્ર જૈન યુવાનોને ભેટ ધરી દીધો.

ટ્રસ્ટ અને ચંદનબાળા તથા સુલસા સોસાયટીના ધર્મપ્રેમી પરિવારોની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી પૂજ્યપાદ પંન્યાસ શ્રી જયઘોષવિજયજી મહારાજ તથા પૂજ્યપાદ મુનિવર્ય શ્રી રત્નસુંદરવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ પધાર્યા ત્યારથી જ એક અનેરા ઉત્સાહના ઉભરા ઉછળવા શરૂ થયા. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પણ પોતાના વિશાળ શિષ્ય પરિવાર સહિત સમીપમાં જ શ્રીપાલનગર ઉપાશ્રયે ચાતુર્માસ કરવા પધાર્યા હતા. પૂજ્યપાદ આચાર્યશ્રીએ દેશ અને સમાજ સંઘના યુવાનો ઝડપથી ધર્મવિમુખ બનતા જાય છે તેવી તીખી ફરિયાદને ધ્યાનમાં રાખી રવિવારીય શિબિરમાં વાચના આપવાનું નિમંત્રણ સહર્ષ સ્વીકાર્યું.

વર્ધમાન સંસ્કૃતિ ધામ મુંબઈના સર્વશ્રી યોગેશભાઈ શાહ અને વર્ધમાન સેવા કેન્દ્રના શ્રી કુમારપાળ વિ. શાહે રવિવારીય શિબિરનું પ્રચાર અને આયોજન કાર્ય આરંભી દીધું. જાહેરાત થતાં જ ૮૦૦ થી પણ વધારે ૧૫ થી ૪૫ વર્ષની ઉંમરના સત્સંગ અને શ્રવણની જિજ્ઞાસા અને ઝંખનાવાળા યુવાનોના પ્રવેશપત્રો પ્રાપ્ત થઈ ગયા. પ્રખર પ્રવચનકાર વિદ્વદ્વર્ય મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબે આ પૂર્વેના બે ચાતુર્માસ સમયે ચંદનબાળા અને ભાયખલા ખાતે યુવાનોના માનસનો આધ્યાત્મિક કાયાકલ્પ કરવાનો સાહસિક અને સફળ શિબિરોનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. એ પ્રયાસ દ્વારા પ્રાપ્ત થયેલા પરિણામોને વધુ ગતિશીલ બનાવવા અને એ આયોજનમાં લાભ ન લઈ શકનારા નવા યુવાનોને જોડવાના એક શુભ સંકલ્પ પૂર્વક રવિવારીય જૈન શિબિરનો શુભારંભ કરાયો. અષાઢ સુદ આઠમને રવિવારે સવારે ૧૦ કલાકે પ્રારંભ થયેલ. કાર્યક્રમમાં સતત નિર્વિઘ્ને કારતક વદ ૧ ના દિવસે પૂર્ણ થયો. જે ૮૦૦ યુવાનોના હૃદયપટલ પર અમીટ બનીને અંકિત થઈ ગયો.

પૂજ્ય આચાર્યશ્રીનું મંગલાચરણ, સામૂહિક ગુરુવંદન, શ્રી દક્ષેશ કેસરીભાઈ ચોકસીના મધુર કંઠે મંગલપાઠ, પૂજ્ય આચાર્યશ્રીની 'પરમાત્મ ભક્તિના રહસ્યો' એ વિષયના આધારે એક કલાકની વાચના. (આ વાચનાઓનું સંકલન દિવ્યદર્શનમાં અગ્રલેખ રૂપે છપાતું રહ્યું છે) આ વાચનાને અંતે પરમાત્મ ભક્તિમાં રસતરબોળ કરી દેતું ભાવગીત. ફરી પાછી પૂજ્ય આચાર્યશ્રીની 'સમ્યગ્ દર્શનની ભવ્યતા' એ વિષયના આધારે એક કલાક વાચના. ત્યારબાદ ફરી પાછી પ્રભુ ભક્તિનું ભાવપ્રેરક

ભક્તિગીત અને એ પછી પ્રારંભ થતું વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની 'આત્માની ઉત્ક્રાંતિ' એ વિષયના આધારે શ્રાવકના બાર વ્રતોની વાચના. એક કલાકની આ વાચનાને અંતે સતત ત્રણ કલાકનો ધર્મશ્રવણનો આગવો જ નહિ, અનોખો આ કાર્યક્રમ શાસનગીત પછી બપોરે ૧ કલાકે પૂર્ણ થતો. ત્યારબાદ ભોજન. બરાબર ૨-૩૦ કલાકે શિબિર યુવાનો સહિત સકળ સંઘની ઉપસ્થિતિમાં ૧ાા કલાકનું વિવિધ વૈરાગ્યપ્રેરક જાહેર પ્રવચન. પૂજ્યપાદ વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદર વિજયજી મહારાજનું થતું. આ હતો સોળ રવિવારનો યુવાનોને ધર્મસાધનામાં હોંશ અને જોશ જોમ ભરનાર દૈનિક શિબિર કાર્યક્રમ.

પૂજ્યપાદ આચાર્યશ્રીએ સતત બે કલાકની યુવાનો સમક્ષ વાચનાઓ આપી યુવાનોને મંત્રમુગ્ધ કરી દીધા. શુષ્ક એવા બંને વિષયોની આચાર્યશ્રીએ આપેલી વાચનાઓને પૂજ્યશ્રીએ મનોવૈજ્ઞાનિક શૈલીથી સરળ અને સમજવામાં સરસ બનાવીને પ્રસંગે પ્રસંગે અવિરતિમાં મદોમસ્ત બની ગટર જેવા જીવનમાં આળોટતા યુવાનોને વિરતિ ધર્મમાં સ્થિર કરી દીધા. શાસન સેવાની અનેકવિધ જવાબદારીઓ, ઉંમર, શારીરિક પ્રતિકૂળતાઓ છતાં પૂજ્યશ્રીનો સતત કલાકોનો શ્રમ યુવાનોએ પોતાના જીવન પરિવર્તન દ્વારા એળે જવા નથી દીધો. કરુણાદૃષ્ટિથી અનારાધાર જિનવાણીનું અમીપાન કરાવતા પૂજ્યપાદશ્રીની આંખોમાં યુવાન પેઢીમાં ઉજ્જવળ અને ઉમદા શ્રી સંઘનું સ્પષ્ટ પણ સુરેખ દર્શન દૃષ્ટિગત થતું હતું. ધન્ય-વાચના-દાતા, ધન્ય શ્રોતાના મૌન પ્રતિઘોષ સાંભળનારને કાન વિના પણ સંભળાતા રહ્યા.

પૂજ્યપાદ વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના રવિવારીય શિબિર વાચના અને જાહેર પ્રવચનો પ્રેરક, બોધક અને રોચક બની રહ્યાં.

પૂજ્ય મુનિશ્રી આત્માની ઉત્ક્રાંતિ વિષયની વાચના બાર વ્રતોને કેન્દ્રમાં રાખી ઉકરડા જેવા જીવનને ઉદ્યાન કેમ બનાવી દેવું. કાદવમાં આળોટતા જીવને કમળનાં ફૂલ કેમ ખીલવી દેવાં, માનવજીવનને મહાનજીવન શી રીતે બનાવી દેવું, તેની સતત પ્રેરક પ્રેરણા કરતા. પૂજ્યશ્રીની વાચના બેમીસાલ માર્મિક છતાં મનનીય રહી. આધુનિક શૈલી છતાં શાસ્ત્ર સંમત આચાર અભિમુખ દૃષ્ટિવાળી યુવાનોના માત્ર Head જીતવા નહિ પણ Heart સુધી ધર્મશ્રદ્ધાની પ્રતિષ્ઠા કરનાર બની ગઈ. રસપદ તાત્ત્વિક છણાવટ, પ્રાસમય શૈલીયુક્ત પ્રવચનો નીરસ ન થવા દેતાં સરસ સુબોધ બનાવાયાં.

પૂજ્ય આચાર્યશ્રીની વાચનાઓ અને પૂજ્ય મુનિશ્રીના પ્રવચનોનું આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારું પરિણામ કારતક વદ એકમના દિવસે રવિવારે



પરમાત્માની પ્રતિમા સન્મુખ પૂજ્યશ્રીના સ્વમુખે ક્રમસર યુવાનોએ એક એક વ્રતની પ્રતિજ્ઞાઓ લીધી ત્યારે સામે આવ્યું.

સડી ગયેલા અને સરી જતા જીવનને ધર્મ-સાધનાથી અને શ્રાવક જીવનના વ્રત સ્વીકારથી કેમ સાર્થક કરવું એ યુવાનોએ સામૂહિક રીતે પારાવાર પાપોને છેલ્લી સલામ ભરીને નવજીવનનો શુભારંભ કર્યો. આ દૃશ્યો હૂબહૂ નિહાળતા રહેલા જૈનરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફે યુવાનોને ઊભા થઈ રોમ હર્ષ હૈયે કહ્યું કે "ભગવાનના વખતમાં એક સાથે હજારો આત્માઓ ચારિત્ર લેતા તેવું સાંભળેલું પણ આજે પૂજ્યશ્રીની નિશ્રામાં સાતસો યુવાનો ૧૨ વ્રતો લઈ રહ્યા છે તે આપણે જોઈ રહ્યા છીએ. આપણે કેટલા નસીબવંતા." આ ઉપરાંત યુવાનો વાચનાઓથી પ્રેરિત થતા રહીને પાપમય જીવન, દુઃખમય સંસાર, અનાદિ કાળનું ભવભ્રમણ અને આત્મા પર ખડકાયેલા કર્મોના કાતીલ ગંજોને કેવી રીતે કાપી શકાય તે સમજીને ઉકાળેલું પાણી પીવું, સ્નાન સમયે સાબુનો ઉપયોગ કરવો નહિ, સ્નાન સમયે એકથી વધારે બાલ્ટી પાણીનો ઉપયોગ કરવો નહિ, મહિનામાં ચોક્કસ સમય સુધી સ્વાધ્યાય અને વાંચન કરવું ઇત્યાદિ અનેક અભિગ્રહો ગ્રહણ કરતા રહ્યા.

વિજયાદશમીના દિવસે વર્ધમાન સંસ્કૃતિ ધામ મુંબઈનો પ્રથમ વાર્ષિક સ્થાપના દિન હોવાથી એક વિશિષ્ટ આયોજન આખા દિવસનું કરાયું હતું. વહેલી સવારે લાલબાગથી ચૈત્યપરીપાટીનું આયોજન થયું. પૂજ્યશ્રી સહિત એક હજારથી પણ વધારે યુવાનો જોડાયા. સંસ્કૃતિધામ ખાતે ગુરુપૂજન, સંઘપૂજન, માંગલિક બાદ ચૈત્યપરિપાટી ચંદનબાળા વાલકેશ્વર ખાતે પહોંચી. રાજમાર્ગો પર શ્વેત વસ્ત્રોમાં સજ્જ સેંકડો યુવાનોએ મુંબઈવાસીઓને યુવાનોમાં થયેલી આધ્યાત્મિક શ્વેતક્રાંતિની ઝાંખી કરાવી હતી. જયનાદો અને ભાવગીતોથી રાજમાર્ગોના નિવાસીઓ ઉપર આર્યસંસ્કૃતિના પ્રખર પહરી યુવાનોએ સંસ્કૃતિ રક્ષાનો એક નાદ ગુંજતો કર્યો. ભવ્ય સ્નાત્ર મહોત્સવ, જાહેર પ્રવચન, યુવાનો માટેનું વિશેષ પ્રવચન, યુવાનોનું મિલન, સાધર્મિક ભક્તિ તથા રાત્રે પરમાત્મભક્તિ અર્થે ભાવનાનો કાર્યક્રમ થયેલ. ધર્મપ્રેમી શ્રી લલિતભાઈ ધામી આ કાર્યક્રમ પ્રસંગે ખાસ હાજર રહ્યા.

શ્રવણની યુવાનોને સુલભ સરળતા રહી. દિવ્યદર્શન ટ્રસ્ટ તરફથી પૂજ્ય આચાર્યશ્રીની શિબિર વાચનાઓને છપાવીને નિયમિત અપાતી રહી. જેથી ઘેર ગયા પછી પણ શ્રવણ કરેલ તાત્ત્વિક પદાર્થોનું વાંચન મનન કરવાની તથા પ્રાપ્ત તત્ત્વોને પરિવાર અને મિત્રો સુધી પહોંચાડવાની પ્રક્રિયા ચાલતી જ રહી.

સંતતિને જો સમ્યગ્ જ્ઞાન નથી અપાતું તો સંપત્તિ અને સંતતિ બંનેનો વિનાશ થાય છે. બાળકો અને યુવાનોમાં કરાતું સંસ્કરણ અને એ પાછળ થતો વ્યય બેંકમાં જમા થાય છે અને એ ભવિષ્યમાં ચક્રવૃદ્ધિ વ્યાજરૂપ સંસ્કારો સહિત સંપ્રાપ્ત થાય છે. શ્રી ચંદનબાળા સંઘે કરેલો સંપત્તિ વ્યય અને શ્રમ વ્યર્થ ન જતાં યુવાનોએ પોતાના બરબાદ થતા જીવનને ધર્મથી આબાદ થતી દિશા તરફ દોટ મૂકી સફળ જ નહિ સાર્થક કરેલ છે. ધન્ય ! વંદન પૂજ્ય ગુરુદેવોને, વંદન અનુમોદન નવયુવક શ્વેતક્રાંતિના મશાલચી શિબિરાર્થીઓને ! અભિનંદન શ્રી સંઘને !

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૨૯,અંક-૪૫,તા.૧-૮-૧૯૮૧

## સુરતના આંગણે અદ્ભુત રવિવારીય શિબિર

● **સુરત :** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં અત્રે આરાધનાઓના પૂર ઊમટ્યા છે. પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્ય ભરપૂર પ્રવચનોએ અનેરા કામણ કર્યા છે. રોજના પ્રવચનોમાં વિશાળ માનવમેદની ઊમટે છે. 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં વર્ણવેલા ગુણોને પૂજ્યશ્રી પોતાની આગવી શૈલીથી શ્રોતાઓ સમક્ષ જ્યારે મૂકે છે ત્યારે શ્રોતાઓ ગદ્ગદ થઈ જાય છે. પછી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સમરાદિત્ય ચરિત્ર પર અદ્ભુત પ્રવચનો આપે છે.

તેમાં ય આ કાળનો એક ચમત્કાર કહી શકાય તેવો પ્રસંગ અત્રે ઉપસ્થિત થયો. પૂજ્યશ્રીની પુનિત નિશ્રામાં અષાઢ વદ ૨ થી દર રવિવારે ૧૫ થી ૪૫ વર્ષના યુવકો માટેની શિબિર યોજવાનું નક્કી થતાં વ્યાખ્યાનમાં તેની જાહેરાત કરવામાં આવી. આરાધક જૈન સંઘ સુરતના આમંત્રણથી અ.ભા.સં. રક્ષક વીર સૈનિક દળે આ શિબિરના સંપૂર્ણ આયોજનની જવાબદારી ઉપાડી લીધી. યુવકોની સંખ્યા ૫૦૦/૭૦૦ કદાચ થશે તેવી ગણતરી હતી પરંતુ પ્રથમ રવિવારે જ ૧૨૦૦ યુવકોની વિરાટ સંખ્યા થઈ ગઈ. જૈન સંઘના અગ્રણી કાર્યકર શ્રીયુત જે.આર. શાહના હસ્તે મંગળદીપ પ્રગટાવવા દ્વારા ઉદ્ઘાટન થયું. ત્યારબાદ પૂજ્યશ્રીએ "વિશ્વદર્શન-આત્મદર્શન-પરમાત્મદર્શન અને અરિહંત પરમાત્માનો આપણા પર અવર્ણનીય ઉપકાર" એ વિષય પર રોચક શૈલીમાં અનેકવિધ દૃષ્ટાંતોથી યુક્ત એવું



પ્રવચન આપ્યું. પછી 'માર્ગાનુસારી ગુણો' તથા 'આત્માની ઉત્ક્રાંતિ' એ બે વિષય પર પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મ.ના પ્રવચનો થયા. ઉપસ્થિત તમામ શિબિરાર્થીઓની તથા બહારગામથી પધારેલા મહેમાનોની સાધર્મિક ભક્તિ કરવામાં આવી. બપોરના જાહેર પ્રવચનમાં એક કલાક પહેલાથી જ વિશાળ વ્યાખ્યાન મંડપ સંપૂર્ણ ભરાઈ ગયો. લગભગ ૧૦૦૦/૧૨૦૦ માણસ જગ્યાના અભાવે પાછું ગયું. શિબિરમાં બહારગામોથી પણ ૧૦૦/૧૫૦ વિદ્યાર્થી આવ્યા હશે.

આ શિબિરના સમાચાર ચારે ય બાજુ ફેલાતાં વિદ્યાર્થીઓનો શિબિરમાં જોડાવા માટે ધસારો વધી ગયો. બીજા ૩૦૦ વિદ્યાર્થીઓને પાસ આપવામાં આવ્યા. ૧૫૦૦ની વિશાળ સંખ્યા સાથે બીજા રવિવારના પ્રવચનોનો પ્રારંભ થયો. **'પાપ અને પ્રાયશ્ચિત્તનો આ કેવો અજબ ચકરાવો'** એ ભાવવાહી ગીત સાથે શરૂ થયેલ. આ શિબિર પ્રવચનોમાં શ્વેત વસ્ત્રમાં સજ્જ થઈને બેઠેલા. ભારે એકાગ્રતાથી પ્રવચન શ્રવણ કરતા ૧૫૦૦ વિદ્યાર્થીઓને જોવા એ પણ એક લહાવો હતો. બપોરના 'જૈન મહાભારત' એ વિષય પર પૂ.મુ. શ્રી રત્નસુંદર વિ.મ.નું વિશાળ મેદની સમક્ષ જાહેર પ્રવચન થયું.

ગયા રવિવારે સંઘને ઉત્કૃષ્ટા ૧૭૦ ભગવાનની આરાધના કરાવવામાં આવી હતી. પછીના રવિવારે ૨૪ ભગવાનના ૧૨૦ કલ્યાણકોની આરાધના કરાવવામાં આવેલી. આરાધકોને દરેકને ૧૨૫ માળા ગણવાની હતી. એમની મીઠાઈના બોક્સથી ભક્તિ કરવામાં આવેલી.

રોજ બપોરના ૩ થી ૪ વાગ્યે પૂ. આચાર્યદેવશ્રી 'ગુરુગુણ છત્રીસ છત્રીશી' શાસ્ત્ર પર વ્યાખ્યાન આપે છે એમાં પણ શ્રોતાઓથી મંડપ લગભગ ભરાઈ જાય છે.

આ પૂર્વે પૂ.પં. શ્રી જયઘોષવિજયજી મહારાજ સાધુ-સાધ્વીને આચાર પર વાચના આપે છે.

એકંદરે શીતલવાડી જૈન ઉપાશ્રય અને લીલાવતી નગરમંડપમાં રોજ પજુસણ જેવુંજ વાતાવરણ રહે છે.

## સુરમ્ય કાવીતીર્થના સાગરતટે સંયોજિત ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થીઓના અભૂતપૂર્વ સંમેલનની રસપ્રદ કહાણી.

આલેખક : કુમારપાળ વિ. શાહ

**પોષ સુદ પુનમે સવારે દશ કલાકે યુવાન હૈયામાં થયેલો સૂર્યોદય.**
**કાવીના સાગરતટે સંમેલનમાં ભાવોલ્લાસના ઉછળેલા મોજાં.**
**પ્રત્યેક ધર્મક્રિયા ગદ્‌ગદ હૈયે કરવાની પાવક પ્રેરણા.**
**સ્વાધ્યાય અને સર્વ કલ્યાણકર સંઘહિતની શુભપ્રવૃત્તિઓનો પ્રચંડ સામૂહિક સંકલ્પ.**
**ઉત્તરાયણ પૂર્વે આત્મઆરો ને આચાર ઘડતરનો અર્ધ કુંભમેળો.**
**ન ભુંસી શકાય, ન ભુલી શકાય એવું સદ્‌ભાવપૂર્ણ વાતાવરણ.**
**૨ હજાર યુવાનોની ભીની આંખ અને ભીંજાયેલાં હૈયાં.**

દિવંગત સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શુભ આશીર્વાદ અને માર્ગદર્શનથી ૧૯૬૩ના ગ્રીષ્માવકાશના સમયે આબુના ઉત્તુંગ શિખરે આગમ ગંગા ઉતરી. ઢંકાઈ જતા સદાચારો અને ઢકેલાઈ ગયેલા જૈન યુવાનોના જીવનના આચારોથી નવી પેઢીને દિશાબોધ આપવાનું કાર્ય આરંભી દેવાયું. તેમના જ વિનયી શિષ્યરત્ન ન્યાય વિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનો શંખનાદ ફૂંક્યો અને આ શ્વેત ક્રાંતિનો ૧૯૬૩થી શુભારંભ થયો. ૧-૧ માસ સુધી ૨૦૦ ઉપરાંત વિદ્યાલય અને મહાવિદ્યાલયના યુવાનોના જીર્ણ મનના જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાયું અને છેક આજ સુધી પ્રતિવર્ષ નિયમિત અવિરત ચાલતું રહ્યું.

આબુ, અચલગઢ, પાટણ, ખંભાત, અમદાવાદ, મલાડ, પિંડવાડા, પાલિતાણા, કપડવંજ, કલકત્તા, માલેગામ, નાશિક, ધુલિયા, શાન્તાક્રુઝ અને મુલુંડ ખાતે શિબિરોનાં આયોજન થયાં. નવી પેઢીના નવયુવાન હૈયામાં શ્રદ્ધાનું બીજારોપણ થયું. જૈન આચારનું ઘડતર કરાયું. ધર્મ અને તત્ત્વોની માર્મિક સમજણ અપાઈ. આ લાભ ભારતભરના ૫ હજારથી પણ વધારે યુવાન હૈયાએ માણ્યો. આ પ્રવૃત્તિ, પદ્ધતિ, પ્રયોજન અને એના નીપજેલા પરિણામો શ્રી સંઘ સમક્ષ સ્પષ્ટ છે, એટલે એનો વિસ્તાર અસ્થાને છે.



યુવાનો શિબિરોમાં આવ્યા. વિચાર જાણ્યા. આચાર ઝીલ્યા. સારા થવાનો અને સારું કરવાનો સંકલ્પ કરી સૌ વિખરાતા રહ્યા. ગયા પછી શું કરે છે ? કેમ જીવે છે ? એ જાણવાની તાલાવેલી થાય તે સ્વાભાવિક છે. નવી પ્રેરણા, નવી હોંશ, નવું જોમ જરૂરી હોય તે લાવો પૂરી લેવાનું ગોઠવીએ અને ત્રણ દિવસનું સંમેલન કરવાનો સંકલ્પ સાકાર બન્યો.

જાન્યુઆરી માસની ૯, ૧૦ અને ૧૧ તારીખે ત્રણ દિવસનું એક વિરાટ સંમેલન વર્ધમાન સેવા કેન્દ્ર (મુંબઈ)ના માધ્યમથી યોજવાનો નિર્ધાર થયો. વર્ધમાન સેવા કેન્દ્રના મારા મુરબ્બી ટ્રસ્ટીઓ શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ શાહે અને શ્રી પ્રકાશચંદ્ર વિ. શાહે તેને સહર્ષ વધાવી લીધો, શુભ પ્રેરણા અને આશીર્વાદ આપ્યા. એમાંય વળી મારા મોટાભાઈ શ્રી પ્રકાશચંદ્ર વિ. શાહે અને પરિવારે મૌન આત્મભોગ આપવાની સહર્ષ ઈચ્છા વ્યક્ત કરીને આખાય આયોજન માટે અમને નચિંત બનાવી દીધા. એમની ઉદારતા, સૌજન્યતા અને સૌમ્યતાભરી શુભભાવનાએ અમારા ઉત્સાહમાં અમાપ ઉભરો આણ્યો.

સંમેલન માટે સ્થળની પસંદગી પણ પાવન પવિત્ર તીર્થસ્થાન કાવીની થઈ. વાતાવરણની પવિત્રતા, સાગરતટ, યુવાનોને ચુંબકીય અસર થાય તેવું કસર વિનાનું તીર્થસ્થાન. હીરબાઈ સાસુએ બંધાવેલ સર્વજિત પ્રાસાદના મૂળનાયક શ્રી આદીશ્વર દાદા અને વહુ વીરાંબાઈએ બંધાવેલ રત્નતિલક પ્રાસાદના મૂળનાયક શ્રી ધર્મનાથ દાદાની મોક્ષ પ્રદાયક મંગળછાયા, પ્રાચીન અને ઐતિહાસિક તીર્થ, સ્વચ્છતા, સુંદરતા અને સુઘડતાથી પૂર્ણ કાવી આત્મદીપ ઝળહળતા કરવા માટે સક્ષમ છે. ટ્રસ્ટીઓએ આમંત્રણ આપ્યું અને સંમેલનનો વિધિવત્ સ્વીકાર કર્યો.

સંમેલનમાં પધારી નિશ્રા પ્રદાન અર્થે શિબિર વાચનાદાતા હજારો યુવાન હૈયાના શિલ્પી પૂજ્યપાદ આચાર્ય ભગવંતને વિનંતી કરાઈ. સાથે અમદાવાદ ખાતે બિરાજમાન પૂજ્યપાદશ્રીના જ શિષ્યરત્નો પરમપૂજ્ય મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજી મહારાજ સાહેબ અને વિદ્વદ્વર્ય મુનિશ્રી જિનચંદ્રવિજયજી મહારાજ સાહેબને સંમેલનમાં પધારવા આગ્રહભરી વિનંતી કરતાં સ્વીકાર કર્યો. મને જણાવતાં રોમહર્ષ આનંદ થાય છે કે પૂજ્યપાદશ્રી તથા પૂજ્ય પંન્યાસ શ્રી જયઘોષવિજયજી ગણિ સહિત વિશાળ પરિવાર સહ સંમેલન પૂર્વે ગુરુદેવોનો કાવીમાં પ્રવેશ થયો.

સમાચારપત્રો, માસિકો, પાક્ષિકો, સાપ્તાહિકોમાં સમાચારોનું પ્રસરણ કરાયું. ૫ હજાર યુવાનોને નિમંત્રણપત્રો મોકલાયા. હિંદી, ગુજરાતી પોસ્ટરો દ્વારા જેમ

જેમ જાણ થતી ગઈ તેમ તેમ સર્વત્ર એક નાદ જાગી ઊઠ્યો. 'ચલો કાવી.' 'આપણું સંમેલન, સૌનું સંમેલન.' બસ, મુંબઈના અમારા કાર્યાલય પર ધુંસ વધતી ગઈ. દરેક આયોજનની સમય, સ્થળ, સાધન અને શક્તિની મર્યાદા હોય છે. તેથી અમે એકહજાર સાતસો યુવકોને જ સંમેલનનો લાભ આપી શક્યા. જેથી સેંકડો યુવાનોને નારાજ અને નિરાશ કરવામાં અમો પ્રત્યક્ષ નિમિત્ત બન્યા છીએ. એ બદલ અમો સખેદ યુવાન મિત્રો પાસે ક્ષમા યાચીએ છીએ.

જાન્યુઆરીની આઠમીની વહેલી સવારથી ભરૂચ સ્ટેશને ગાડીઓ થોભતી ગઈ. યુવાનો ઉતરતા ગયા. રેલવેસ્ટેશનના પ્લેટફોર્મ ઉપર ધ્વનિવર્ધક યંત્રમાં સરકારી કર્મચારી દ્વારા સૂચના અપાતી રહી કે **''कावी संमेलन के लिए पधारे जैन नवयुवकोका हार्दिक स्वागत है । आपके कावी पहुंचने हेतु बाहर स्पे. बस की सुविधा उपलब्ध है.''** વાહનવ્યવહાર અને પ્રવાસતંત્રની સંપૂર્ણ વ્યવસ્થાનું વ્યવસ્થિત સેવાતંત્ર શ્રી પ્રકાશ ચંદુલાલ હેકડ અને અન્ય ભૂતપૂર્વ શિબિરાર્થી યુવાનોએ સજ્જ રાખેલું. બસો ઊભરાતી ગઈ, યુવાનો કાવીમાં ઠલવાતા ગયા. ક્યાંય હાડમારી નહિ, હેરાનગતિ નહિ. ચોતરફથી કાવી પહોંચનારી બસો દ્વારા આખી રાત અને ૯ મી ની સવાર સુધીમાં તો કાવી ઊભરાઈ ગયું. શ્વેતસ્ત્રધારી યુવાનોથી ઊભરાયેલું કાવીતીર્થ અર્ધ કુંભમેળા જેવું ભાસવા લાગ્યું. જ્ઞાનગંગામાં સ્નાન કરવાનો અદમ્ય ઉત્સાહ, અનોખી તમન્ના અને અનુપમ તરવરાટનું તેજ સૌના મૂખ ઉપર ઊછળતું દેખાયું.

સત્તરસો યુવાનો, સંઘના આગેવાનો, ધાર્મિક શિક્ષણક્ષેત્રના અગ્રણીઓ મળી બે હજારની વિશાળ ઉપસ્થિતિ જેવો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યાથી અમારો ઉત્સાહ અને ઉલ્લાસ અમાપ બન્યો. કેમકે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમબંગાળ અને છેક દક્ષિણ ભારતના ગામ-નગરોથી યુવાનો દોડી આવ્યા હતા. આ ભૂતપૂર્વ શિબિરાર્થીઓમાં ડૉક્ટરો, એન્જીનીયરો, ચાર્ટડ એકાઉન્ટરો, એડવોકેટો, વકીલો જેવા ઉચ્ચ વ્યવહારિક શિક્ષણ પ્રાપ્ત યુવકો ઘણી મોટી સંખ્યામાં હતા. ત્રણે દિવસ યુવાનો આપસમાં અરસપરસ ભ્રાતૃભાવપૂર્વક ભૂતકાળની ગૌરવગાથા વાગોળવામાં પરોવાયેલા જણાતા હતા.

જાન્યુઆરી ૯ મી સવારે ૧૦ કલાકે કાવીતીર્થમાં યુવાન હૈયામાં નવો સૂર્યોદય થયો. નિર્ધારિત ત્રણે દિવસની દિનચર્યા આ મુજબ વણથંભી સમયસર ચાલતી રહી. સવારે ૬-૩૦ થી ૭ મંગલપાઠ. ૭ થી ૧૦ સ્નાન, સ્નાત્રપૂજા, પૂજા અને નવકારશી જમણ. ૧૦ થી ૧ પ્રવચનો અને પ્રશ્નોત્તરી. ૧ થી ૨ અલ્પાહાર. ૨ થી ૪ પ્રવચન ૪ થી ૬ ભોજન. ૬ થી ૭ આરતી અને વિરામ અને રાત્રે ૭ થી રાત્રિકાલિન



ભક્તિ અને વિવિધ વક્તાઓના પ્રાસંગિક વક્તવ્યોના કાર્યક્રમ અવિરત ચાલ્યા.

પૂજ્ય ગુરુદેવોએ સતત પાંચ પાંચ કલાકથી પણ વધારે સમય સુધી બે હજાર યુવાનોને એક જ આસને શ્રવણમગ્ન રાખવાનો વિક્રમ સર્જ્યો. પ્રવચનના બોજથી યુવાનો ક્યારેય કચડાયા નથી પણ રસપાનમાં સ્વયં જકડાયેલા રહ્યા. એ સમરસ અને સરસ પ્રવચનોને ગદ્ગદ હૈયે ઝીલતા રહ્યા. કેમકે બોધમાં આધુનિક પણ શાસ્ત્રોક્ત સંદર્ભ, આત્મોલ્લાસ પ્રભુભક્તિ, સાહિત્યનો સ્પર્શ ભરેલી વાણી લાગણીના પ્રવાહમાં છેક ઊંડે સુધી રસતરબોળ કરતી રહી.

પરમ પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રવચનો આગમ ગંગા આચમન કરાવી ગયાં. ૭૧ વર્ષની મોટી ઉંમરના પૂજ્યશ્રીનો પ્રચંડ દિવ્યઘોષ શિબિરોના સરવૈયામાં પ્રત્યેક ધર્મક્રિયા ગદ્ગદ હૈયે કરવાની પુનરોક્તિ કરતો રહ્યો. એમની રસપ્રદ શૈલી, દેશ વિદેશના પ્રસંગો, રેફરન્સો, શાસ્ત્રોના સચોટ ટાંચણો અને તપભીની વૈરાગ્યવાણી યુવાનોના હૈયાને ભીંજાવી ગઈ. સૌને ઢંઢોળ્યા પણ ખરા. પ્રભુશાસનનું મૂલ્ય અને મૂલ્યાંકન કરવાનું શીખવ્યું. બદતર જીવન મૂકી બહેતર જીવન જીવવાની પ્રેરણા કરી. શિબિરો પછી જીવાયેલ જીવનનું સરવૈયું તારવવાની માર્મિક અપીલ કરી. સરવૈયું શી રીતે તારવવું એ પણ આ જીવન કળાના કસબીએ બતાવ્યું.

ફરી ફરીને પાછી બધી ધર્મક્રિયા ગદ્ગદ હૈયે કરતા જાઓ, કરતા રહોની એક જ સોનેરી શીખ, કે એક નવકાર ગણો તો ગદ્ગદ હૈયે, એક કાઉસ્સગ્ગ પણ. પારતાં 'નમો અરિહંતાણં' બોલાય તે પણ ગદ્ગદ બનીને. બીજાઓ કાઉસ્સગ્ગ પારતા જાય છે. આપણે બેઠા બેઠા ડાફોળિયા મારતા રહીએ એમ નહિ. બીજાના 'નમો અરિહંતાણં' સંભળાતા જાય, એ સાંભળતાં સાંભળતાં આપણે ગદ્ગદ થતા જઈએ, પીગળતા રહીએ. વગર બોલે કેટલો મહાન લાભ ! કેટલી મોટી મૂડી બેંકમાં સહજ જમા થતી જાય ! પ્રભુભક્તિ, આચાર અને પ્રત્યેક ક્રિયા ગદ્ગદ હૈયે કરવાની પાવક પ્રેરણા કરવા પૂર્વક સંઘહિતને હૃદયસ્થ કરાયું. આધ્યાત્મિક અને આત્મિક મૂલ્યોને ધાર આપવામાં આવી. યુવાનોના હૈયેથી પરેશાની અને પળોજણની જામેલી રાખ ખંખેરી નાખવામાં પૂજ્યશ્રીનું અભિનવ યોગદાન રહ્યું.

પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિવર્ય શ્રી જિનચંદ્ર વિજયજી મહારાજે જિનશાસનના મર્મને વર્તમાન જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પ્રયોજીને પ્રાચીન સાંસ્કૃતિક આધ્યાત્મિક વારસા તરફ અભિમુખ કરાવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો. ત્રણે દિવસ સવારે અને બપોરે ૬ પ્રવચનોના માધ્યમથી યુવકો પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો.

યુવાનપેઢી સાવ નિર્બળ અને નિરાશ નથી બની. જરૂર છે શક્તિઓને યોગ્ય દિશામાં વાળવાની. એમણે શાંત, સરસ અને સમરસ અભિગમથી દિશાબોધ કરાવ્યો. મૈત્રી આદિ ભાવનાઓનો વિકાસ અને વિસ્તાર કરવાનો, જીવનના તમામ ક્ષેત્રે નૈતિક બનવાનો, વ્યવહાર અને વર્તનમાં સહિષ્ણુ બનવાનો, અસહિષ્ણુ બની ક્યાંય, ક્યારેય ઝંઝટ અને ઝઘડામાં ન પડવાનો અને નવા ઝઘડા ઊભા કરવામાં નિમિત્ત નહિ બનવાનો હૃદયગમ્ય ધોધ વહાવ્યો. સ્વ અને સંઘના કલ્યાણ અને ઉત્કર્ષ કાજે રોજનો એક કલાક, સપ્તાહે સામૂહિક એક કલાક, મહિને એક દિવસ, તો વર્ષમાં એક સપ્તાહ ફાળવવાની આહલેક જગાવી અને યુવાનોને સંસ્કૃતિના પ્રહરી તરીકે આગળ આવવાનો નાદ કર્યો. સંસ્કૃતિ પરના વાવાઝોડા, આચારની શિથિલતા, મૂલ્યોની ગીરાવટ, અસહિષ્ણુતાભર્યો વ્યવહાર તમામ પરિસ્થિતિનું હૂબહૂ ચિત્ર ખડું કરી દીધું. ગંગા જેમ બંને કાંઠે સમરસ વહે તેમ વહેતા ગયા. સ્થિર અને સમતોલ શૈલી પણ સાહિત્યિક સંગથી રસપ્રદ બનેલા પ્રવચનોમાં વેધક, વ્યંગાત્મક વાતોમાં ક્યારેક પેટ પકડીને હસાવી દીધાં. તો ક્યારેક વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનની દંભી દુર્દશાનું ચિત્ર રજૂ કરી ભીની આંખ અને ભીનાં હૈયાં કરી નાખ્યાં. એમણે રૂઢિગત બાંગ નથી પૂકારી. 'જાગતા રહેજો. જાગરણ જ આરોહણ છે,' સિદ્ધ કર્યું. યુવાનોનાં ચહેરા ઉપર સંસ્કૃતિની સુરખી છાંટી આપી. તેથી શ્રોતા યુવાનોને કંઈ નવું પામ્યાની પ્રસન્નતા દેખાઈ. યુવાનોમાં ઈર્ષા, દ્વેષ નિંદા અને અસહિષ્ણુતાભર્યા કાળા જીવનમાંથી બહાર નીકળવાનો સંકલ્પ દેખાયો હતો.

પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબે પણ ત્રણે દિવસ બંને સમય માટે યુવાનોને રોચક અને રોમાંચક ધોધ વહાવ્યો હતો. કાવીતીર્થના સાગરતટે થયેલાં એમનાં પ્રવચન જાણે સાગર એમની વાણીરૂપી મોજાઓમાં ઉછાળા મારી રહ્યો હતો. 'સંત હૃદય નવનીત સમાના...' એમના હૃદયમાંથી નવનીત છલક્યું. આ અલમસ્ત મૌલા મુનિ સ્વભાવથી ફક્કડ, દેખાવમાં અક્કડ પણ દિલથી દરિયા જેવા. દિમાગથી દૂરંદેશી છે. હૃદયથી કોમળ હૈયાના, બહારથી બદામના કોચલા જેવા કઠોર લાગે પણ પ્રવચનનો આસ્વાદ માણતાં કરુણામૂર્તિ લાગ્યા. ધારદાર બોધ છતાં પ્રહાર વિનાની ભાષા. પોતાનું મન પેરેશુટ જેવું ખુલ્લું. સંવેદનશીલ અને વેદનાસભર હૈયે યુવાનોને હઠાગ્રહ, પૂર્વગ્રહ અને કદાગ્રહથી દૂર રહેવાની સોનેરી શીખ આપી.

એમના પ્રવચનોમાં સ્મરણશક્તિનો પ્રભાવ અને ચિંતનશક્તિનો અજબ પરિચય થયો. પ્રવચનોની ટચૂકડી બોધપ્રદ કથાઓ મનહર અને મનભર હતી.



વાણીમાં પ્રભુભક્તિ છલકાતી, ગુરુકૃપાનું બળ ડોકાતું અને યુવાનોની સ્થિતિ પ્રત્યે દર્દ દેખાયું. એમણે યુવાનોને રાગ-દ્વેષની પરિણતિ તોડવા એક વાત કંઠસ્થ અને હૃદયસ્થ કરાવી.

(૧) તમામ ઠેકાણે ગમે. (૨) તમામ સાથે બને.
(૩) તમામ વસ્તુ ભાવે. (૪) તમામ વિના ચાલે.

એમના આવા તો અનેક અમૃતબિંદુઓએ યુવાનોને સ્વચ્છ, સ્વસ્થ અને સચેત કર્યા. વિચાર-બીજોએ પારસમણિનું કાર્ય કર્યું. આ પારદર્શક પ્રતિબોધ, પાણીદાર મોતી જેવાં વચનો અને હૃદયસ્થ થઈ જાય તેવાં પ્રવચનોની મજા જેમણે આ સંમેલનમાં માણી એ યુવાનો જ એનું મૂલ્યાંકન કરી શકે.

એમણે સતત યુવાનો, સમાજ અને રાષ્ટ્રને લાલબત્તી ધરવામાં ફાનસની વાટ વધારે ઊંચી કરી દીધી હશે પણ મધુરતા અને મીઠાશપૂર્વક એમણે ભડકો ક્યારેય થવા દીધો નથી. તેથી જ તો તેમના ધારદાર પ્રવચનો યુવાનોને રસતરબોળ કરી સમયે સમયે આંખમાં આંસુઓના આસોપાલવ બંધાવી ગયાં. પ્રેરક ઈતિહાસથી પ્રમોદ જગાવી ગયાં, મુંઝાયેલા અને મુરઝાયેલા ચહેરાઓને આત્મતેજનાં નવાં સિંચન કરી રહ્યાં.

**સાધર્મિક ભક્તિ ભોજનની અનોખી વ્યવસ્થાના સૂત્રધારો**

| | |
|---|---|
| શ્રી સેવંતીભાઈ લહેરચંદભાઈ શાહ | સુરત. |
| શ્રી કાન્તીભાઈ વીરચંદભાઈ શાહ | સુરત. |
| શ્રી કનુભાઈ અને શ્રી મફતભાઈ | સુરત. |

બે હજાર યુવાનોની સમયસર, સન્માનસહ, સુવ્યવસ્થિત ભોજનભક્તિ કરાવવાનું સમગ્રતંત્ર અનોખી રીતે સંભાળી લઈને અજબ વ્યવસ્થાશક્તિનું દર્શન કરાવ્યું. એમની અથાગ જહેમત, અપૂર્વ ધગશ અને ધીંગી સેવાભાવનાની સૌ યુવાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી. એમનું

વિનયભર્યું સંચાલન, વિનમ્રતાભરી વાણી, વિવેકપૂર્ણ વ્યવહાર
**ભોજન સાથે હૃદયમાં ગુણસુવાસનું ભાથું ભરી ગઈ**

**આત્મોલ્લાસી ભક્તિભીના અભિનવ યુવકો**

| | |
|---|---|
| શ્રી નીકેશભાઈ જયંતીલાલ સંઘવી | સુરત |
| શ્રી દક્ષેશભાઈ કેસરીભાઈ ચોકસી | મુંબઈ |
| શ્રી હિમાંશુભાઈ ઝવેરી | વલસાડ |

| | |
|---|---|
| શ્રી સત્યપાલજી જૈન | મુંબઈ |
| શ્રી હેમેન્દ્રભાઈ શાહ | મુંબઈ |
| શ્રી કમલકુમાર બેગાની | રાયપુર |
| શ્રી ચંદ્રકુમાર જૈન | ડોંગરગાંવ |
| શ્રી નિર્મલકુમાર બરડીયા | રાજનાંદગાંવ |
| શ્રી ધનરાજજી ચોપડા | ગોંદિયા |
| શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ | દુબઈ (અરબસ્તાન) |
| શ્રી જયેશભાઈ ભણસાલી | અમદાવાદ |
| શ્રી દીપકભાઈ ગાલા | મુંબઈ |

કાવી સંમેલનમાં શિબિર પરિવારના આ ભૂતપૂર્વ યુવકોએ અભૂતપૂર્વ પરમાત્મ ભક્તિનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. પ્રવચનોના પ્રારંભે અને રાત્રિકાલીન કાર્યક્રમમાં રજૂ કરેલા ગીતોના સ્વર અને શબ્દો અને ભાવો યાદગાર બની રહ્યા.

સવિશેષ શ્રી નીકેશભાઈ, શ્રી હિમાંશુ, શ્રી દક્ષેશભાઈ અને શ્રી સત્યપાલજી જૈને તો યુવાનોને ભક્તિમાં ભીંજાવી દીધા. એમના ભાવગીતોની ભાષા, દિલનું દર્દ સૌને ડોલાવી ગયું. ભક્તિમાં મસ્ત બનેલા યુવાનોને જોતાં થાય કે યુવાપેઢી કોઈવાર આડે રવાડે ચડી જતી હશે ખરી ! પણ આ યુવાનોનું ચિત્ર સાવ નિરાશા ઉપજાવે તેટલું બગડી તો નથી જ ગયું.

આ ચાર સંગીતકારના ભક્તિગીતોમાં ભક્તિભીના યુવાનોના રોમરોમ અનુપમ દિવ્યાનંદની અનુભૂતિથી વાતાવરણ ઝણઝણી અને ઝમઝમી રહ્યું હતું. શબ્દે શબ્દે યુવાનો મીણની જેમ પીંગળતા ગયા.

**વંદન એમના ભક્તિભીનાં હૈયાંને**

આમ બોતેર કલાકનું આ સંમેલન જિનવાણીના અનુપમ શ્રવણથી અને પરમાત્મ ભક્તિનાં અનોખા વાતાવરણથી ભર્યુંભર્યું બની રહ્યું. સેંકડો યુવાનો નિયમિત વહેલી સવારે જ્યારે બંને જિન પ્રાસાદોમાં પરમાત્માની પૂજા માટે તલસાટ સાથે પંક્તિબદ્ધ ઊભા રહેતા ત્યારે એ દશ્ય આહ્લાદક બની રહેતું. બસ્સો ઉપરાંત યુવાનો ઉભય સમયનું ભાવપૂર્વક ગુરુભગવંતોની નિશ્રામાં પ્રતિક્રમણ કરતા. અનેક યુવાનો નવા નવા સંકલ્પો સાથે વિરતિજીવનમાં પ્રવેશ માટે પૂજયોની પાસે દોડી જતાં. કોઈ જાપમાં કે ધ્યાનમાં મગ્ન બની જતા. તો કોઈ ગુરુભગવંતોની વૈયાવચ્ચ માટે લાગી જતા. ક્યાંય ક્યાંય આખા સંમેલનના મિનીનગરમાં નિસ્તેજ ચહેરો જોવા મળ્યો નથી.



જીવનમાં ક્યારેય ન ભૂલી શકાય અને ન ભૂંસી શકાય એવું આ સંમેલનનું જાન્યુઆરીની સમી સાંજે સમાપન થયું. સંમેલનથી યુવકો પ્રત્યેની દષ્ટિ સાફ બની તે નિ:શંક છે. તેમના માટે દઢ વિશ્વાસ બેવડાયો.

**● સંમેલનનું ગૌરવ વધ્યું.**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાતના મહામંત્રી શ્રી પ્રવીણભાઈ મણીયાર અને રાજકોટ નાગરિક બેંકના મેનેજિંગ ડીરેક્ટર શ્રી વસંતભાઈ ખોખાણીનું ત્રણે દિવસ સુધી યુવાનો જેટલી જ શિસ્ત જાળવવા પૂર્વક સક્રિય રહેવું. સંમેલનને ગૌરવ બક્ષી ગયું. શ્રી વસંતભાઈ ખોખાણીનું વિદ્વત્તાપૂર્ણ વક્તવ્ય પ્રેરક અને પ્રભાવક હતું. એમણે રજૂ કરેલા મધુર ગીતમાં દર્દ તો હતું જ સાથે યુવાશક્તિને દિશાનો બોધ પણ હતો.

શ્રી પ્રવીણભાઈ મણીયારની રાત્રિના ભક્તિ કાર્યક્રમમાં સમય અને સ્થળથી ઉપર ઉઠીને ભાવવિભોર બની જાગી ઉઠેલી મસ્તીથી સુસ્ત યુવાનો પણ ઝણઝણી અને ઝુમી ઉઠેલા.

**ભક્તિ ભાવભીનાં હૈયાં મીણની જેમ પીંગળી ગયાં.**

**સંમેલનને રત્નકંડારિત યશકલગી ચડાવનાર**

**સફળતાના સૂત્રધાર યુવાન કાર્યકરો.**

કાવીનું ત્રિદિવસનીય **સંમેલન** ગણતરીના ચાર જ અક્ષરનો શબ્દ છે. પરંતુ આ શબ્દ સાંભળતાં, વાંચતાં નજર સમક્ષ એક વિરાટ આયોજનનું ચિત્ર આંખ અંતર સમક્ષ તરવરી રહે છે. સંમેલન ગણતરીના બોત્તેર કલાક માટે હતું. યુવાનો, અગ્રણીઓ, મહેમાનો આવ્યા. આ બે હજારની સંખ્યાને સૌના તન, મન અને આત્માના આરોગ્યની સુરક્ષા માટે અનેકવિધ સુવ્યવસ્થિત સરસ વ્યવસ્થાનું સંચાલન થયું.

સંમેલનનું સંચાલન કરવાનું સદ્ભાગ્ય અને સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. આટલું વિશાળ અને વિરાટ આયોજનનું સંચાલન મારે મન પ્રતિષ્ઠા નહિ, પરીક્ષાનો ચાન્સ નહિ, ચુનૌતી પ્રસંગ હતો. પણ મને નચિંતતા મારા યુવાન ભૂતપૂર્વ શિબિરાર્થી કાર્યકરો ઉપરના જ ભરોસે હતી. મારે બે હાથ નહોતા પણ ૫૦ યુવાનોના ૧૦૦ હાથોની પ્રબળ શક્તિ હતી. સાથે પરમાત્મા અને પૂજ્ય ગુરુદેવોની પરમૃકપાનું તારક બળ અમારી શક્તિ હતી. હૈયે એમના પ્રત્યે અપૂર્વ ભક્તિ હતી. એમાં હું તો માત્ર ગણતરીનો પ્રેક્ષક બની રહ્યો. આ પચાસ યુવાનોએ આખાય વિરાટ આયોજનને નવ વિભાગોમાં વિકેન્દ્રીકરણ કરીને વ્યવસ્થાતંત્ર ધબકતું કરેલું.

ક્યાંય કાર્યક્રમ ખોટવાય નહિ, તંત્ર ખોરંભે પડે નહિ. સમયસર, શિસ્તબદ્ધ, સૌમ્યતાપૂર્વક સૌ યુવાનોની સાધર્મિકભક્તિ થાય તે માટે રાત-દિવસ અવિરત વિરામ અને વિશ્રામ વિના બધા જ વિભાગોમાં સતત સેવારત રહ્યા.

વિશાળ છાવણી જેવાં નિવાસસ્થાનની વિભાગીય વ્યવસ્થા, પ્રવચન મંડપનું સુશોભન, સફાઈ, ગોઠવણ, ભોજન ભક્તિની જડબેસલાક સમયનો બગાડ ન થાય તેવી અપૂર્વ જંગી વ્યવસ્થા, ભક્તિ ગીતોનું તંત્ર, પ્રવાસ અંગે સુવિધાજનક બસનું સુંદર તંત્ર, રોકડ રકમ અને કિંમતી જોખમ સુરક્ષિત રાખતું બેંક તંત્ર, સારવાર અને આરોગ્ય જાળવતું દાક્તરી સેવાનું તંત્ર, માહિતી કેન્દ્ર ઇત્યાદિ તંત્રોથી ધબકતું. કાવીતીર્થનું સમગ્ર વાતાવરણ અર્ધ કુંભમેળા જેવું બની ગયું. જેથી સેંકડો યુવાનોમાં આચાર અને આત્મહિતની કાવી સાગરતટે ભારે ભરતીના ઉછાળા ઉછળ્યા. આ સમગ્ર સફળતાપૂર્વક સંપન્ન કરવાનો સંપૂર્ણ યશ આ યુવાનોને છે. આ રહ્યા તેમનાં શુભ નામ,-

| | |
|---|---|
| શ્રી નરેન્દ્ર ચંદુલાલ હેકડ | સુરત |
| શ્રી પ્રકાશ ચંદુલાલ હેકડ | સુરત |
| શ્રી નટવરલાલ રતનલાલ શાહ | મુંબઈ |
| શ્રી સુશીલ શાહ | મુંબઈ |
| શ્રી મયંકભાઈ | મુંબઈ |
| શ્રી હસમુખ હીરાલાલ શાહ | વડોદરા |
| શ્રી યોગેશ હીરાલાલ ઘીયા | વડોદરા |
| શ્રી કિરીટભાઈ જે. ધ્રુવ | વડોદરા |
| શ્રી અનીલ હીરાલાલ શાહ | વડોદરા |
| શ્રી મહેશ નંદલાલ | વડોદરા |
| શ્રી મયંકભાઈ એસ. શાહ | વડોદરા |
| શ્રી જૈમીનભાઈ ચતુરભાઈ શાહ | અમદાવાદ |
| શ્રી બકુલેશ રસીકલાલ કુવાડીયા | કલકત્તા |
| શ્રી પંકજ વાડીલાલ શાહ | નર્મદાનગર |
| શ્રી દીપકભાઈ કે. શાહ (એડવોકેટ) | ગોધરા |
| શ્રી હરેશ શશીકાન્તભાઈ શાહ | શિહોર |
| શ્રી પંકજ શશીકાન્તભાઈ શાહ | શિહોર |
| શ્રી મહેશ શાહ | મુંબઈ |



| | |
|---|---|
| શ્રી નીલેશભાઈ ઝવેરી | મુંબઈ |
| શ્રી દિલિપભાઈ જયંતીલાલ શાહ | મુંબઈ |
| શ્રી વિપુલ સુખલાલભાઈ દેસાઈ | મુંબઈ |
| શ્રી કૈવન્ન હેમેન્દ્રભાઈ શાહ | મુંબઈ |
| શ્રી જયેશ હસમુખભાઈ શાહ | મુંબઈ |
| શ્રી મધુકર સોભાગચંદ શાહ | સુરત |
| શ્રી જયેશ ચંપકલાલ ભણસાલી | અમદાવાદ |
| શ્રી બાબુલાલ એલ. મહેતા | નવસારી |
| શ્રી પંકજ શાહ | મુંબઈ |
| શ્રી શશીકાન્ત જે. શાહ | મુંબઈ |
| શ્રી બકુલભાઈ સુખલાલ દેસાઈ | મુંબઈ |
| શ્રી શીરીષ રમણીકલાલ શેઠ | અમદાવાદ |
| શ્રી અતુલ બાબુલાલ શાહ | મુંબઈ |
| શ્રી હેમંત ભદ્રીકલાલ શાહ | મુંબઈ |
| શ્રી હિતેશ વિનોદભાઈ ગોસાલીયા | મુંબઈ |
| શ્રી ચીનુભાઈ રતિલાલ દોસી | મુંબઈ |
| શ્રી વિરેન્દ્ર ગોરધનદાસ વોરા | ભાવનગર |
| શ્રી હરેશ લહેરચંદ શાહ | ભાવનગર |
| શ્રી જયેશભાઈ | ભાવનગર |
| શ્રી ગૌતમભાઈ એમ. ઘડીયાળી | મુંબઈ |
| શ્રી જયંતીભાઈ કે. મહેતા | મુંબઈ |
| શ્રી શરદ ચકુભાઈ | મુંબઈ |
| શ્રી પ્રદીપભાઈ નટવરલાલ શાહ | મુંબઈ |
| શ્રી દિલીપ રસીકલાલ શાહ | ભરૂચ |
| શ્રી પ્રફુલ્લ જયંતીલાલ શાહ | હિંમતનગર |
| શ્રી દીપક રાયચંદભાઈ દોસી | મુંબઈ |
| શ્રી હિતેશ લલિતકુમાર | મુંબઈ |

**વંદન સેવાભાવને, અનુમોદના અનુપમ ભક્તિની**

**• સંમેલનનું ગૌરવ :**

ભૂતપૂર્વ શિબિરાર્થી અને શિબિર સંચાલક શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ M.S. [U.S.A.] જેમનો ધાર્મિક અભ્યાસ છેક કમ્મપયડી સુધીનો છે. જેઓ વિદેશથી ખાસ

સંમેલનમાં ભાગ લેવા કાવી દોડી આવ્યા. સંમેલન માટે માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો. સંમેલન પહેલાં દુબઈથી એમનો પ્રેરકપત્ર પ્રાપ્ત થયો તે આ સાથે રજૂ કરતાં આનંદ અનુભવું છું.

દુબઈ

તા. ૧૨-૧૨-૮૧

પરમ ઉપકારી વિદ્વદ્વર્ય, શાસ્ત્રવિશારદ આત્મીય ગુરુદેવ, પૂજ્ય આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા અન્ય તારક શ્રમણ ભગવંતોના ચરણકમળમાં વિનીત પ્રવીણની નમ્ર વંદના સ્વીકારજો.

ભૂતપૂર્વ શિબિરાર્થીઓનું ત્રિદિવસીય સંમેલન કાવીતીર્થે યોજાઈ રહ્યું છે તે સમાચાર શ્રી કુમારપાળના પત્ર અને આમંત્રણ પત્રિકાથી જાણી ઘણા વર્ષોનું એક સ્વપ્ન સાકાર બન્યું છે. તે જાણી ખૂબ જ આનંદ અનુભવું છું.

આધ્યાત્મિક શિક્ષાયતનના મહાન ઉપકારો વર્ણવતાં આજે મન ૧૯ વર્ષના ભૂતકાળમાં પહોંચી જાય છે. જ્યારે ૧૯૬૨માં આબુ દેલવાડાતીર્થે સૌથી પ્રથમ શિબિર યોજાઈ.

સમસ્ત સંસારમાં જીવોનું જીવન તો વહી જાય છે. ઈચ્છાએ કે અનિચ્છાએ, જાણતાં કે અજાણતાં, પ્રમાદમાં કે સભાનતામાં પણ આ જીવનને સાર્થક બનાવવામાં, જીવનનો પણ આનંદ લેવામાં આધ્યાત્મિક શિક્ષણ પરમ સંચાલક બળ છે. જીવનનું વાહન આધ્યાત્મિક શિક્ષણ છે. વાહન જેટલું શ્રેષ્ઠ તેટલી મુસાફરી સગવડવાળી, ધારેલા સ્થાને પહોંચાડનારી. વાહનમાં તકલીફો હોય તો મુસાફરી અગવડોથી-હાડમારીઓથી ભરેલી, કંટાળાજનક, ત્રાસજનક બને છે.

સમસ્ત સૃષ્ટિમાં, સર્વ ધર્મોમાં, સર્વ શાસ્ત્રોમાં, સર્વ વ્યવહારમાં સુખી જીવનનું શ્રેષ્ઠ સાધન આધ્યાત્મિક શિક્ષણ માનવામાં આવે છે.

દુનિયાના કોઈપણ જીવનું જીવન સમસ્યાઓ વિનાનું નથી. તરત જન્મેલા બાળકથી માંડીને છેલ્લો શ્વાસ લેતા જીવનના આરે આવેલાને અનેક સમસ્યાઓ હલ કરવી પડે છે.

જીવનમાં આવતી અને આવનારી સમસ્યાઓ કાં તો જાતે ઉકેલવી પડે છે, કાં તો બીજાની મદદથી હલ કરવી પડે છે. પણ સમસ્યાઓ વિનાનું જીવન સંસારની મુક્તિ પછી જ શક્ય છે.

જેને જેને પોતાના જીવનમાં આવતી સમસ્યાઓ સારી રીતે ઉકેલતા આવડે, સમસ્યાઓ વચ્ચે કેમ આનંદ અને શાંતિમય જીવન જીવવું તે આવડે, તે જીવન



સમસ્તનો છેલ્લા શ્વાસ સુધી આનંદ અનુભવે છે અને જીવન સાર્થક કરી જાય છે. આ આવડત આધ્યાત્મિક શિક્ષણમાંથી અચૂક મળે છે.

તરત જન્મેલા બાળકને શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું, શરીરનો વિકાસ કેમ કરવો, શારીરિક તકલીફમાંથી કેમ સલામત રહેવું, કેટલી ઊંઘ મેળવવી, રુદનમાંથી-કકળાટમાંથી કેમ અટકવું, તંદુરસ્તી કેમ સાચવવી વગેરે અનેક સમસ્યાઓ મા-બાપની મદદથી હલ કરવાની હોય છે.

વિદ્યાર્થી અવસ્થામાં શું ભણવું, ક્યાં ભણવું, કેમ યાદ રાખવું, કેટલું સમજવું, કેમ પાસ થવું, વર્ગમાં કેમ વર્તવું, શિક્ષક સાથે કેમ રહેવું, ભણીને તૈયાર થઈ કેમ જીવન-ઘડતર કરવું, રખડપટ્ટી કે કુસંગતથી કેમ બચવું, કુટેવો અને કુસંસ્કારોથી કેમ છૂટવું, શારીરિક તંદુરસ્તી કેમ સાચવવી વગેરે અનેક સમસ્યાઓ હલ કરવાની હોય છે.

ધંધા-રોજગારમાં, નોકરીયાત જીવનમાં યુવાનવયે આર્થિક સમસ્યાઓને પહોંચી વળવું, કુટુંબની જવાબદારીઓ બજાવવી, સમાજ વચ્ચે પ્રતિષ્ઠાવાળું જીવન જીવવું, બધા વ્યવહારો સાચવવા વગેરે સમસ્યાઓનો તોટો નથી. વૃદ્ધાવસ્થામાં પણ જીવનની બાકી રહી ગયેલી ઈચ્છાઓ પૂરી પાડવાની, તંદુરસ્તી સાચવવાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

સવાલ એ છે કે આધ્યાત્મિક શિક્ષણ આવી બધી સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકે ? અને એમાંથી જીવનનો આનંદ કેવી રીતે અપાવી શકે ?

ધર્મ અને કર્મમાં શ્રદ્ધાળુ જીવોને આધ્યાત્મિક શિક્ષણ જીવનની અનેક સમસ્યાઓને મુસીબતોમાં શાંત ચિત્તે વિચારવાનું, સહન કરવાનું, ઉકળાટમાંથી બચવાનું માર્ગદર્શન અને બળ આપે છે. મનની સ્થિરતા, ગભરાટમાંથી મુક્તિ, નડતા અંતરાયોની સમજ, વિચારોનું ઘડતર અને કષાયો અને નોકષાયોમાં ફસાયા વિનાનું વર્તન એના જીવને પણ શાંતિ આપે છે.

ધર્મ-કર્મની શ્રદ્ધા વિનાના વૈજ્ઞાનિક યુગમાં જીવન જીવનારને પરિસ્થિતિનો કયાસ કાઢી આપે, તેનો સામનો કરવાની વિચારશક્તિ પૂરી પાડી આપે, ભવિષ્યમાં એવી આફતો આવે તે પહેલાં જીવન-ઘડતરની તાલીમ આપી શકે, એવું મનને ઘડનારું આધ્યાત્મિક શિક્ષણ, જીવનમાં શાંતિનો અનુભવ કરાવે છે અને તેથી આધ્યાત્મિક શિક્ષણ આવકારવા દાયક છે.

૧૯ વર્ષ પહેલાં શિબિરમાં અભ્યાસ કરતાં કરતાં કદી સ્વપ્ને પણ સમજી શકાય નહિ એવું જીવન મારે પરદેશમાં પસાર કરવું પડ્યું છે. શ્રમણોપાસકના

પાયાના નિયમોનું પાલન, ઘર દેરાસરમાં રોજ પૂજાભક્તિ, અભક્ષ્યોના ત્યાગ અને જીવનની અનેક સમસ્યાઓમાં શાંત ચિત્તે વિચારીને આધ્યાત્મિક જીવન અને આજની બદીઓથી ખરડાયા વિનાનું વલણ, આ તાલિમ આપ ગુરુદેવોના આશીર્વાદથી શિબિરમાં મળેલા અભ્યાસમાંથી મને મળી છે. પરિણામે આજે જીવનમાં કોઈ તકલીફ જેવું મને લાગતું નથી. પરમ સંતોષવાળું જીવન વહ્યું જાય છે.

ધર્મ પસાયે ગુરુદેવોના આશીર્વાદથી જ્યાં જ્યાં રહેવાનું બન્યું છે, અમેરિકા કે દુબઈ ત્યાં ત્યાં સાધર્મિક બંધુઓનું ગ્રુપ મળ્યા કરે છે અને સામૂહિક ધર્મ-આરાધનાના પ્રસંગો મળ્યા કરે છે.

આજે દુબઈમાં છેલ્લા બે વર્ષથી કર્મશાસ્ત્રનો અભ્યાસ શિબિરની પદ્ધતિથી અહીંના જૈન સંઘના સભ્યો વચ્ચે થાય છે અને ૧૫૮ પ્રકૃતિઓનો અભ્યાસ પૂર્ણ થયા પછી હવે માર્ગાનુસારીના ૩૫ ગુણનું વિવેચન ચાલે છે. ભાઈ-બેનોને એટલો ઊંડો રસ છે કે સ્વાધ્યાયની કેસેટ તૈયાર થાય છે અને પછી વારેવારે ઘરે લઈ જઈને સાંભળે છે. કર્મશાસ્ત્રની ૭૦ અને માર્ગાનુસારીની બીજી ૨૦ અને હજુ બીજી ૨૦ કદાચ ટેપ થશે.

આમ શિબિરના શિક્ષણથી જૈનત્વના સંસ્કારોવાળું વાતાવરણ સર્જાય છે અને સ્વ-પર હિતની પ્રવૃત્તિઓ છેલ્લા ૧૨ વર્ષથી પરદેશમાં ચાલુ રહી છે.

આધ્યાત્મિક શિક્ષણથી જીવનમાં ઘણી બાબતોમાં ગંભીરતા, સહિષ્ણુતા, વાત્સલ્ય અને પરોપકારભાવ, નિર્મળતા અને સરળતા, પ્રભુભક્તિ અને આવશ્યક ક્રિયાઓનું પાલન, અભક્ષ્ય ત્યાગ અને પર્વોની આરાધના...વગેરે એવા જડબેસલાક વણાઈ ગયા છે કે પરદેશમાં જૈનત્વ ટકી રહ્યું છે અથવા વિશેષ ઊજળું બની રહ્યું છે.

આ પરિણામ જૈન શિબિરોમાં મળેલી તાલિમને લીધે અને પરમ ઉપકારી વાત્સલ્યનિધિ, આત્મોદ્ધારક પરમ પૂજ્ય ગુરુદેવોની કૃપાને લીધે છે. આપશ્રીની અમારા માટેની મૂક ચિંતા, અમારી કાળજી, અદૃશ્ય આશીર્વાદ આજે અમારા જીવનને ધન્ય ધન્ય બનાવે છે.

આ સંમેલનમાં વાર્તાલાપ સિવાય ઘણું બધું થાય એવી યોજનાઓ સ્ફૂરે છે.

**સંમેલનને નજરે નીહાળવા અને યુવાશક્તિને આશીર્વાદ આપવા ધાર્મિક શિક્ષણક્ષેત્રના અગ્રણીઓ અને સમાજના આગેવાનો પણ દોડી આવ્યા હતા.**

| | |
|---|---|
| શ્રી ઇંદુભાઈ ગો. શાહ | બોરડી |
| શ્રી ચીમનલાલ પાલીતાણાકર | મુંબઈ |
| શ્રી પુનમચંદભાઈ પંડિત | મુંબઈ |



| | |
|---|---|
| શ્રી વસંતભાઈ પંડિત | મુંબઈ |
| શ્રી કાન્તીલાલ ઉજમલાલ શાહ | મુંબઈ |
| શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ |
| શ્રી કુમારભાઈ ચુનીલાલ શાહ | વડોદરા |
| શ્રી સૂર્યકાન્તભાઈ ચુનીલાલ શાહ | વડોદરા |
| શ્રી કેશવલાલ ભગવાનદાસ શાહ | કરાડ |
| શ્રી જયંતીલાલ મણીલાલ ઘડીયાળી | મુંબઈ |
| શ્રી રાયચંદભાઈ નાનચંદ દોસી | મુંબઈ |
| શ્રી પ્રતાપરાય દલીચંદ દોસી | મુંબઈ |
| શ્રી બાબુલાલ જેસીંગલાલ દોસી | કપડવંજ |
| શ્રી સુધાકરભાઈ મણીલાલ દલાલ | મુંબઈ |
| શ્રી રમણલાલ વજેચંદ | અમદાવાદ |
| શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા | મુંબઈ |
| શ્રી મિશ્રીલાલજી કોઠારી | અમલનેર |
| શ્રી દામજીભાઈ છેડા | મુંબઈ |
| શ્રી દિનેશભાઈ કોઠારી | મુંબઈ |
| શ્રી કેશવલાલ મોતીલાલ શાહ | મુંબઈ |
| શ્રી શીવલાલભાઈ ગુલાબચંદ | જલગાંવ |
| શ્રી શેષમલજી પંડ્યા | મદ્રાસ |
| શ્રી મહાસુખભાઈ હીરાચંદ | ભાવનગર |
| શ્રી રસીકલાલ કોરા | મુંબઈ |
| શ્રી જયંતીલાલ મયાભાઈ | મુંબઈ |
| શ્રી નટવરલાલ એસ. શાહ | મુંબઈ |
| શ્રી કનૈયાલાલ માણેકલાલ | કલકત્તા |
| શ્રી મનુભાઈ ત્રિકમલાલ | નવસારી |
| શ્રી ગીરીશભાઈ પેથાણી | સુરત |
| શ્રી ભુપેન્દ્રભાઈ ઉમેદલાલ | તનમન ટોપીવાળા |
| શ્રી એવંતીભાઈ ચીમનલાલ | મુંબઈ |
| શ્રી લાલચંદભાઈ કે. શાહ | અમદાવાદ. |

• યુવાન વક્તાઓ સહિત અન્યનાં વિવિધ વક્તવ્યો

| | |
|---|---|
| ભૂતપૂર્વ શિબિર સંચાલક | |
| શ્રી કેશવલાલ મોહનલાલ શાહ | મુંબઈ |
| સંઘ અગ્રણી શ્રી સુધાકરભાઈ મણીલાલ દલાલ | ચોપાટી, મુંબઈ. |
| પ્રો. કે.ડી. પરમાર | જંબુસર |
| શ્રી જયપ્રકાશ એસ. વોરા | મુંબઈ |
| શ્રી મનોજ કેશવલાલ શાહ | ઘાટકોપર |
| શ્રી દિનેશચંદ્ર જૈન [C.A.] | સવાઈ માધવપુર |
| શ્રી કિશનચંદ કોટડીયા એડવોકેટ | રાજનાંદગાંવ |
| શ્રી જયેન્દ્રભાઈ રમણલાલ શાહ | અમદાવાદ |
| શ્રી ચીમનલાલ પાલિતાણાકર | મુંબઈ |

• કાવીતીર્થના ટ્રસ્ટી અને કમિટીના માનદ્ અગ્રણીઓને પ્રણામ

સંમેલનને સહર્ષ નિમંત્રણ આપ્યું. અથાગ, અમાપ ઉત્સાહથી સફળ બનાવવા સાથ અને સહયોગ આપ્યો. તે ટ્રસ્ટીઓ સર્વ શ્રી જયંતીલાલ અમીલાલ શાહ (ચોગઠવાળા) મુંબઈ

શ્રી કાન્તીભાઈ શમનીવાળા, શ્રી પોપટભાઈ જંબુસરવાળા

સતત ખડેપગે ઊભા રહી હામ અને હિંમત આપી. માગ્યા પહેલાં સાધન અને સામગ્રી ધરી દીધી. મેનેજર શ્રી દેવેન્દ્રભાઈ અને મુરબ્બી શ્રી ભોગીભાઈ તો સંમેલનમય બની ભક્તિભીના હૈયે સમર્પિત રહ્યા. સ્ટાફના સૌ કોઈએ આવકાર અને આદર આપ્યો આ બધાનો

સ+ર+વા+ળો = સંમેલન.

**• સ્વાસ્થ્યલાભ માટે સતત સેવારત ડૉ. જીતુભાઈ શાહ [M.B.B.S.] સુરત.**

ભૂતપૂર્વ શિબિર યુવક છે. સેવા કરવા સતત સક્રિય છે.

શાસન, સંસ્કૃતિ પ્રત્યે હૈયે ઊંડી દાઝ છે.

સંપૂર્ણ સમય ધર્મસેવા કાજે ન્યોચ્છાવર થવાની તમન્ના અને તરવાટ છે એવા ડૉક્ટરશ્રી બધા જ કાર્યક્રમમાં ઊલટભેર જોડાતા રહીને સંમેલનના સૌ કોઈના સ્વાસ્થ્યલાભ માટે દાક્તરી સેવા કેન્દ્ર સંભાળતા રહ્યા.



• એમને સલામ કરવાનું શી રીતે ચૂકાય ?

**પ્રભાવના અને સંઘપૂજનનો લાભ લેનાર પુણ્યાત્મા**

| | |
|---|---|
| શ્રી પ્રકાશચંદ્ર વિ. શાહ | મુંબઈ |
| શ્રી દિનેશભાઈ કોઠારી | મુંબઈ |
| શ્રી કયવન્ન હેમેન્દ્રભાઈ ઝવેરી | મુંબઈ |
| શ્રી બાબુલાલ મંગળજી શાહ | ઉમરી. |
| હ. પ્રકાશભાઈ | (ડીસાવાળા) |

શ્રી જયેશ ચંપકલાલ ભણસાલી આ ભાઈઓ તરફથી સંમેલનમાં આવનારને એક પ્રેરક પુસ્તકની ભેટ અપાયેલ તથા અખીલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળના યુવાનો દ્વારા સાધર્મિક ભક્તિ સમયે પગ ધોઈને સાધર્મિક સંઘપૂજન થયું. ત્યારે ભાવભીનાં દૃશ્યોનાં દર્શન થયેલાં.

**છેલ્લા ૧૨ વર્ષથી જે ક્ષેત્રમાં**

પૂજ્યશ્રીના આશીર્વાદથી શિબિરો ચાલી રહી છે તે મધ્યપ્રદેશના શ્રી મહાકૌશલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અગ્રણીઓ અને યુવાન શિબિરાર્થીઓ પ્રથમવાર દર્શનશ્રવણ માટે દોડી આવ્યા.

શ્રી કાલુરામજી બાફના બાલાઘાટ.

શ્રી મિશ્રીલાલજી લોઢા દૂર્ગ. અધ્યક્ષ

શ્રી રાજેન્દ્રકુમાર મરોઠી [M.COM.] દૂર્ગ. મહામંત્રી

શ્રી રામલાલજી ઝાબક રાયપુર, કોષાધ્યક્ષ

શ્રી મોતીલાલજી છલ્લાણી નવાપારા

શ્રી ધનરાજજી ચોપડા ગોંદિયા

શ્રી કમલકુમાર બેંગાની રાયપુર. [M.COM., M.A.]

શ્રી નિર્મલકુમાર બરડીયા રાજનાંદગાંવ [M.COM., M.A.]

શ્રી કીશનચંદજી કોટડીયા રાજનાંદગાંવ. (એવોકેટ)

શ્રી ચંદ્રકુમાર જૈન ડાંગરગાંવ. [B.COM.]

ભરતપુર ક્ષેત્રના પલ્લીવાલ જૈન સમાજના ઉત્કર્ષનું છેલ્લા કેટલાક વર્ષોથી વર્ધમાન સેવા કેન્દ્ર દ્વારા સમ્યગ્ કાર્ય ચાલી રહ્યું છે. ત્યાં કેન્દ્ર દ્વારા ત્રણ શિબિરોનું સ્વતંત્ર આયોજન પણ થયાં. ત્યાંના અગ્રણી અને યુવાનોએ પ્રથમવાર સત્સંગનો લાભ લીધો.

શ્રી કપુરચંદજી જૈન હિંડૌનસીટી

| | |
|---|---|
| શ્રી ધનાલાલજી જૈન | પટૌંદા |
| શ્રી રોશનલાલજી જૈન | વૈર |
| શ્રી રમેશચંદજી જૈન | ગંગાપુરસીટી |
| શ્રી રીદ્ધીચંદજી જૈન | ગંગાપુર |

આદિ સહિત ૨૫ ઉપરાંત યુવાનો સંમેલનમાં જોડાયા.

• • •

## સંઘ અગ્રણી શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈનો સંમેલન પ્રસંગે પ્રાપ્ત થયેલ સંદેશો

**ભાઈ શ્રી કુમારપાળભાઈ,**

તમારો તા.૧-૧-૮૨નો પત્ર મળ્યો. આચાર્ય ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજસાહેબની પુનિત નિશ્રામાં જાન્યુઆરી ૧૯૮૨ની તા.૯,૧૦,૧૧ના દિવસોએ તમે સંમેલન યોજ્યું છે તે જાણી આનંદ થયો. તેમાં મને હાજર રહેવાનું આમંત્રણ આપ્યું તે બદલ તમારો આભાર માનું છું. પણ તે દિવસોએ હું રાણકપુર અને ઓસીયાની જાત્રાએ જવાનું પહેલેથી નક્કી કરી ચુકેલ હોવાને લીધે ત્યાં આવવું મુશ્કેલ છે તે બદલ દીલગીર છું. તમારું સંમેલન બહુજ સરસ રીતે યોજાય અને તેમાંથી યુવાજાગૃતિ આવે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

લી.

**શ્રેણિક કસ્તુરભાઈના વંદન**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૦,અંક-૨૩/૨૪,તા.૦૬-૦૩-૧૯૮૨

## (કાવી) સંમેલન પછી પત્રવર્ષામાંથી કેટલાક પત્રોની પ્રેમળ છાંટ

અવર્ણનીય આત્માનંદ

...મેં ત્રિદિવસીય સંમેલનમાં જે આત્માનંદ અનુભવ્યો છે તે સાચે જ અવર્ણનીય અને અદ્વિતીય હતો. જનમાંથી જૈન બની, જૈનમાંથી જિન બની, જિનમાંથી જિનેશ્વર બનવાના આવા માંગલિક અને શુભ શિબિરો અને સંમેલનના આયોજનો અતિ આવશ્યક અને અનિવાર્ય છે અને આ શુભકાર્ય આપશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને પથદર્શનથી પ્રાણવાન કર્યું છે. એ ખરેખર આપ જેવા પુણ્યાત્માનો પ્રબળ પુણ્યોદય છે...

**- સેવંતીલાલ પોપટલાલ શાહ (સુરત) બી.એ. ઓનર્સ, બી.એડ.**



### ધન્ય બન્યું જીવન

...સંમેલનમાં સામેલ થઈને અમારા જીવનને અમે ધન્ય બનાવ્યું. જો કે અમે એમાં કશું જ કામ આપ્યું નથી. તમારી કોઈ પણ જાતની રોકટોક વગર જે વિદ્યાર્થીઓ કામ કર્યે જતા હતા તે જોઈને ખરેખર આનંદ થતો હતો.

**- નંદીવર્ધન (વેજલપુર)**

### અઋણ નહિ હો સકેંગે

...અભૂતપૂર્વ સંમેલન કે આયોજન હેતુ આપ કોટિશઃ સાધુવાદ કે પાત્ર હૈ. હમેં ભી ઈસ વિશાલ સંમેલનમેં શામિલ હોને કા અવસર દેકર આપને કૃપા કી હૈ. હમ આપકે ઋણસે અઋણ નહિ હો સકેંગે...

**- કમલકુમાર બેગાની, એમ.કોમ., એમ.એ.**

### બહુત કુછ દેખા, જાના

...કાવી આનેસે મહત્ત્વપૂર્ણ સમજ તથા બહુત કુછ દેખને તથા જાનને કો મિલા હૈ. યહ શ્રેય આપકા હૈ. બહુ ધાર્મિક જગહ કે કાવીકી શિબિર કો દેખકર હમ બહુત હર્ષ હુએ.

**- રમેશચંદ્રજી**

### ગુરુકૃપાનું અમૃત

...આભાર તો અમારે તમારો માનવાનો છે કે જે સુંદર તક તમોએ અમોને આપી સાધર્મિક ભક્તી કરવાનો ઉમદો લહાવો લેવાનો ચાન્સ આપ્યો. તે રીતે પણ કંઈક નાનકડું કાર્ય કરીને શાસનનું ઋણ થોડું ગણું તો અદા કર્યાનો સંતોષ લઈ શકીએ છીએ. જો કે શાસનનું ઋણ આપણા માથે ઘણું છે પરંતુ ફુલ નહિ ને ફુલની પાંખડી. બાકી આ બધું જ દેવ અને ગુરુકૃપાનું ફળ છે. આપણે કશું જ કરી શકતા નથી. જો તેમની કૃપા ન હોય તો, તેમની કૃપાનું જ આ અમૃત છે.

**- સેવંતીલાલ એલ. શાહ (સુરત)**

### સતત યાદ

...કાવી સંમેલનની એક એક પળ આજ પણ નજરથી દૂર થતી નથી. વ્યાખ્યાનો, ગીતો બધું જ સતત યાદ આવે છે.

**-ત્રિલોક સી. શાહ (મોરબી)**

## ભવ્યાત્માઓ ધર્મ સન્મુખ બન્યાં

...સંમેલનની સુવાસ રહી ગઈ છે. તમારી પ્રેરણા અને નિમંત્રણ ન મળ્યું હોત તો દિલમાં ભારે અફસોસ રહી જાત અને પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય મુનિ ભગવંતો પાસેથી જાણવાનું હતું તેનાથી વંચિત રહી જાત. પ્રવચનોની લીધેલી નોંધ વાંચું છું ત્યારે સંમેલનનું દૃશ્ય ખડું થાય છે...

...સંમેલનના સૂત્રધાર અને સહાયક આ આયોજન કરીને અઢળક પુણ્ય કમાયા છે. કારણ કે કેટલાય ભવ્યાત્માઓને ધર્મ સન્મુખ થવાનું ઉચ્ચ માર્ગદર્શન તેમાંથી મળ્યું છે. આયોજકોની ભૂરી ભૂરી અનુમોદના કરું છું...

**- કનૈયાલાલ માણેકચંદ શાહ (મુંબઈ-૩૬)**

## આભાર અને ક્ષમા

...શિબિરમાં પ્રવેશ ન મળવાથી ઘણાં યુવાનોને નિરાશ થવું પડ્યું હશે પરંતુ અમારા પાદરા જેવા ગામના તમામ ૨૬ યુવાનોને પ્રવેશ આપી, અમારી જે સુંદર અને ઉત્તમ વ્યવસ્થા અમારા માટે કરી તે માટે અમે સૌ આપના ઘણાં જ આભારી છીએ. શિબિરમાં અમારા કોઈપણ યુવાન ભાઈ તરફથી જાણતાં કે અજાણતાં ભૂલચૂક થઈ હોય તો તે માટે અમને ક્ષમા કરશો...

**- અતુલ સી. શાહ (પાદરા)**

## અણમોલ તક ગુમાવી

...સંમેલનમાં ન આવી શકવા બદલ દુઃખ રહી ગયું. ખાસ કરીને શ્રી પ્રવિણભાઈ મણીયાર તથા શ્રી વસંતભાઈ ખોખાણી દ્વારા રીપોર્ટીંગ સાંભળ્યું ત્યારે તો ખૂબ જ રંજ રહી ગયો. એક અણમોલ તક ગુમાવી...

**- ડૉ. પી.વી. દોશી (રાજકોટ)**

## માવજતભરી નેહ અને નિગાહ

...આવું સુંદર અને વિશાળ આયોજન તથા સંચાલન જોયા પછી એની અનુમોદના વારંવાર કરવાનું મન થાય છે. આપની માવજતભરી નેહ અને નિગાહ નીચે પસાર થયેલું આ સંમેલન હૃદયમાં ચિરસ્મરણીય બની રહેશે. સંમેલનના સૂત્રધાર એવા આપના ગુણોની પણ અનુમોદના કર્યા વિના રહેવાતું નથી. આ પત્ર લખવા પાછળ પરમોપકારી પૂજ્ય ગુરુમહારાજની પ્રેરણા છે, તેથી લખીને મનની મોકળાશ અનુભવું છું...

**- પ્રો. કે. ડી. પરમાર. (એમ.એ.) (જંબુસર)**



## પ્રેરક બન્યું

"કાવી સંમેલનનો પ્રસંગ જીવનનું એક સંભારણું બની ગયું. તમોએ એક ઐતિહાસિક ત્વારીખ રચી નાખી. સારોય પ્રસંગ કર્મ નિર્જરા કરનારો જ બની ગયો. કાવીનું આ સંમેલન શાસનના કાર્યો કરવા અમોને ઘણું જ પ્રેરક બની રહ્યું."

**- હસમુખ હીરાલાલ શાહ (બી.કોમ.) (વડોદરા)**

## બેટરી ચાર્જ થઈ

"કાવીમાં અનુભવેલ આનંદ આજ દિવસ સુધી ભૂલાયો નથી. ત્યાં કરેલી બેટરી-ચાર્જ આજ દિવસ સુધી ચાલે છે."

**- મહેન્દ્રભાઈ શાહ વિર્લેપાર્લા, મુંબઈ**

## કલ્પનાઓ ક્લીન બોલ્ડ

"મને કોઈ પૂછે કે તારા જીવનનો યાદગાર પ્રસંગ કયો ?" તો હું તેને ગર્વ સાથે કહું કે ૯,૧૦,૧૧ જાન્યુ. ૧૯૮૨ના રોજ આચાર્યશ્રીની નિશ્રામાં કાવીતીર્થ ખાતે યોજાયેલ ભૂતપૂર્વ શિબિર યુવાનોનું અભૂતપૂર્વ સંમેલન. પૂજ્યશ્રીના પ્રવચનો સાંભળ્યા બાદ અમારી કલ્પનાઓ 'ક્લીન બોલ્ડ' થઈ ગઈ.

**- હસમુખ સી. શાહ (મુંબઈ)**

**"દિવ્ય-દર્શન" - "શિબિર"** **વર્ષ-૩૦,અંક-૪૪,તા.૩૧-૭-૧૯૮૨**

યુવદર્શન ગુજરાતી સાપ્તાહિક ૩૦ જાન્યુઆરી ૧૯૮૨ 'કાવીમાં જૈન યુવાનોનું અભુતપૂર્વ સંમેલન' લેખ પાન નંબર ૩૫ થી ૪૩ ના અંર્તગત પાન નં. ૪૧ માં અરુણભટ્ટ આલેખિત શ્રી કુમારપાળની મુલાકાતની વિગતોમાં પ્રશ્નો અને પ્રત્યુત્તરો મુકાયા છે. એમાં એક પ્રશ્ન અને એક પ્રત્યુત્તર આ મુજબ છે.

**પ્રશ્ન :** જૈન દર્શનની યથાર્થતા અને સચોટતા વિષે બે મત હોઈ ન શકે પણ તમને નથી લાગતું કે આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં જૈન આચાર-વિચારને વધુ વાસ્તવિક બનાવવાની જરૂર છે ?

**જવાબ :** ''...પણ તે એક સાથે ન બને. રૂઢિઓને તોડનારાઓ ઘણીવાર પોતે જ તે સમાજથી ફેંકાઈ જતાં તેમનો પોતાનો હેતુ માર્યો જાય છે. હું Revolutionમાં Rvolution માં માનું છું. દાખલા તરીકે તમે આજે કોઈપણ જાતની રોકટોક વિના અનેક ફાંટાઓ પાડ્યા. બે

વર્ષ પહેલાં તે શક્ય ન હતું. બીજા બે વર્ષ પછી વધુ પરિવર્તન તમે જોઈ શકશો. કાળની અસર થાય જ.

**- : સ્પષ્ટતા :-**

મારા નામે ચડાવી દેવાયેલ ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં જણાવવાનું કે આ કે આવા કોઈ વિચાર વ્યક્ત કર્યાનું મારા ધ્યાનમાં નથી., મારા નામે વ્યક્ત થયેલ આ વિચાર સાથે હું સહમત નથી જ માટે જ સ્પષ્ટ અસંમતીનો અભિગમ વ્યક્ત કરું છું.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૧,અંક-૩૩,તા.૧૪-૦૫-૧૯૮૩

## કલિકુંડતીર્થ ખાતે ધા.શિ.શિક્ષાયતનનો ભવ્ય પ્રારંભ

"વિચાર શુદ્ધિથી આચાર શુદ્ધિ નહિ, આચાર શુદ્ધિથી વિચાર શુદ્ધિ અને મન શુદ્ધિ થાય. આચાર વિનાનો વિચાર પાંગળો છે. જેમ જેમ જીવનમાં જૈનાચારોનું પાલન વધતું અને વિકસતુ જાય તેમ તેમ મન અને વિચારો શુદ્ધ, સુંદર અને સરસ થતાં જાય. અનેકવિધ આચારોમાં પ્રથમ અને પ્રમુખ આચાર છે. પરમાત્મ ભક્તિ, એ પ્રતિદિન સેવવા યોગ્ય આચાર છે."

ઉપરોક્ત પ્રેરક ઉદ્‌ગારો ન્યાય વિશારદ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે કલિકુંડતીર્થ ખાતે જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનાં ઉદ્‌ઘાટન સમયે પ્રવચન દરમ્યાન વ્યક્ત કર્યા હતા. પૂજ્યપાદશ્રીની તપભીની અધ્યાત્મવાણી સાંભળવા અને સમજવા માટે ભારતભરનાં મેટ્રીક કોલેજનાં ૩૦૦ ઉપરાંત યુવાનો દોડી આવ્યા છે.

૬૦ ઉપરાંત મુનિ ભગવંતો, ૮૦ ઉપરાંત સાધ્વીજી મહારાજો અને સંઘ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૧૭ દિવસીય શિબિરનો પ્રારંભ તા. ૫મી મેના રોજ સવારે ૯ કલાકે શ્રી રજનીકાન્ત કેશવલાલ દેવચંદભાઈ શાહનાં વરદ હસ્તે દિપક પ્રગટાવવા પૂર્વક અને જ્ઞાનપૂજનનાં વિધિ સહિત થયો હતો. શ્રી રજનીકાન્તભાઈએ યુવાનોનાં સમ્યગ્ જીવન ઘડતરનાં અનુપમ કાર્યનો સમગ્ર ખર્ચ ઉદારતાપૂર્વક ઉપાડી લઈને આયોજકોને આર્થિક બાબતોમાં નચિંત બનાવી દીધા છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને છેક બેંગ્લોર અને બાડમેર સુધીનાં ૩૦૦ ઉપરાંત યુવાનો જૈનધર્મનાં અણમોલ તત્ત્વજ્ઞાનને સમજવા અને જીવનને સદાચાર અને સંસ્કૃતિથી સજ્જ કરવા થનગની રહ્યા છે. યુવાનો ઉદ્‌ઘાટન દિવસથી જ



પૂજ્ય આચાર્યદેવ અને વિદ્વદ્વર્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબની દિવસ દરમ્યાનની સતત પાંચ પાંચ વાચનાઓ ઝીલી રહ્યા છે.

શિબિરનું સમગ્ર સંચાલન ભૂતપૂર્વ શિબિરોનાં યુવાનો સતત જહેમતપૂર્વક કરી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૧,અંક-૩૮,તા.૨૫-૬-૧૯૮૩

## પૃથ્વી સ્થિર છે : સૂર્ય-તારા ફરે છે : પાક. વિજ્ઞાનીનો દાવો

● ઈસ્લામાબાદ તા. ૨૩ 'પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એવો આધુનિક સિદ્ધાંત ખોટો છે અને કુરાનના ઉપદેશ વિરુદ્ધનો છે.' આ અભિપ્રાય પાકિસ્તાનના એક ખગોળશાસ્ત્રી અલી અશગરખાનનો છે.

તેમણે કહ્યું, પૃથ્વી વિશ્વના કેન્દ્રમાં સ્થિર છે એવું ગ્રીક ફિલસુફ એરિસ્ટોટલનું મંતવ્ય 'વાસ્તવિકતાની નજીક' છે. પશ્ચિમી નવજાગૃતિ ચિંતકોએ આ સિદ્ધાંત સ્વીકાર્યો નહીં તેની પાછળ નવો અભ્યાસક્રમ નહીં પણ ધર્મને હલકો પાડવાની વૃત્તિ જવાબદાર છે. શ્રી ખાને કહ્યું, પશ્ચિમી વિજ્ઞાનીઓએ હુકરાવેલા તમામ સિદ્ધાંતોના અભ્યાસ માટે તમામ ઈસ્લામી દેશોએ ચિંતકો અને અભ્યાસુઓની એક ટુકડી રચવી જોઈએ. ધર્મ પ્રત્યેના પોતાના અણગમાને કારણે, માનવજાતને ગેરરસ્તે દોરવામાં પશ્ચિમી વિજ્ઞાનીઓએ જરા કચાશ રાખી નથી.

● **સાંગલીમાં જૈન ધા. શિક્ષિણ શિબિર**

પૂ.આ. વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્વે.મૂ.જૈન સંઘ સાંગલીના ઉપક્રમે તા. ૨૬ મે થી ૧૨ દિવસની જૈ. ધા. શિ. શિબિરનું આયોજન થયું. ૨૩ ગામોના લગભગ ૧૦૦ યુવાનોએ સુંદર લાભ લીધો. રોજના પાંચ વિષયના પાંચ પ્રવચનો, રાત્રે ભાવના, તત્ત્વચર્ચા, કથાવાર્તા વગેરેના કાર્યક્રમ રહેતો. વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાના લગભગ અજાણ હોવાથી પૂ.આ.ભ.ના પૂ.મુ. ભવ્યદર્શન વિજય મ.ના તથા પૂ. ભુવનરત્ન વિ.મ.ના મરાઠીમાં પ્રવચનો થતા. પૂ. રાજરત્ન વિ.મ. નોટસ કરાવતા. યુવાનોએ ઘણું ઘણું જ્ઞાન ઝીલ્યું. આચારમાર્ગ પર અહોભાવ થયો. વિવિધ નિયમો લીધા.

રતનશીભાઈ દિવસમાં અનેકવાર આવી પ્રત્યેક કાર્યમાં પૂરક બન્યા. બુઝર્ગો બોલતા કે આવી શિબિરો મહારાષ્ટ્રમાં ૪-૫ થાય તો મહારાષ્ટ્રમાં જૈન શાસનનો ડંકો વાગી જાય. સુધારક વિચારો પ્રવેશી શકે નહિ.

એક વર્ષ પર્યન્ત રાત્રિ ભોજનનો ત્યાગ કરનાર ૪૦ જણને રૂા. ૧૧-૧૧નો

ચાલ્લો થયો તથા ઉપવાસાદિ તપ તથા પૌષધ કરનારા તથા વિશિષ્ટ સદ્વર્તનવાળાને વિશિષ્ટ ઈનામો અપાયા...

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૧,અંક-૪૧/૪૨,તા.૧૬-૭-૧૯૮૩

● **ખેતીયા** (મધ્યપ્રદેશ) : ખાનદેશ તત્ત્વજ્ઞાન પ્રચાર સમિતિના ઉપક્રમે ગત વર્ષે ખાપર ખાતે ઉનાળાની રજાઓમાં શિક્ષણ શિબિરનું આયોજન કરાયું હતું. તે રીતે આ વર્ષે મધ્યપ્રદેશના ખેતીયા ગામે ૨૪ મે થી ૭ જુન સુધી ૧૫ દિવસની શિબિરનું આયોજન કરાયું થયું. ૧૭ દિવસીય જૈન શિબિરનું ધોળકા શિબિરનું સંચાલન પૂરું કરીને ૨૨મી જુને શ્રી કુમારપાળ વિ. શાહ ખેતીયા પહોંચી ગયા હતા. ખાસ પસંદ કરાયેલ કૉલેજના નવા જ યુવાનોને તથા શ્રી સંઘ સમક્ષ જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન ઇતિહાસ, સૂત્રાર્થ અને માર્ગાનુસારીના વિષયો ઉપર અસરકારક રીતે હિંદી ભાષામાં જ અધ્યયન કરાવ્યું હતું. સહાયક તરીકે હિંદી ભાષા ક્ષેત્રની શિબિરોમાં તૈયાર થયેલ શ્રી ચંદ્રકુમાર જૈન (રાજનાંદગાંવ) શ્રી નિધિશ વૈદમુથા (બાલાઘાટ) અને શ્રી નરેન્દ્ર બાફના (કોલ્હાપુર) યુવાનોએ સહકાર આપેલ. પ્રભુભક્તિ પ્રત્યેનો ભાવ, જૈન આચારો પ્રત્યનો અહોભાવ અને જૈન દર્શનની બહુમૂલ્યતાનો પરિચય પામી યુવાનોએ અનોખી તાજગી અનુભવી હતી.

● **કટંગી** (બાલાઘાટ) : ૯ જુન ૧૯૮૩ થી ૨૩ જુન સુધી ૧૫ દિવસની જૈન શિક્ષણ શિબિરનું આયોજન મધ્યપ્રદેશના કટંગી ગામે થયું હતું. છેલ્લા પંદર વર્ષથી પ્રતિવર્ષ છત્તીસગઢ ક્ષેત્રમાં શ્રી મહાકૌશલ શ્વેતા. મૂ. સંઘ શ્રી કુમારપાળ વિ. શાહ સંચાલન હેઠળ શિબિરનું નિયમિત આયોજન કરે છે. ૧૩૦ યુવાનોની શિબિરનું આયોજન થયું હતું.

શિબિર સમગ્ર સંઘમાં તથા આસપાસના સંઘોમાં એક અનેરું આકર્ષણ હતું. શિબિરોના અધ્યયન વક્તવ્યોનું શ્રવણ, હિંદીભાષી આ ક્ષેત્રમાં થતા આ કાર્યક્રમોથી જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિનો પરિચય આજની નવી પેઢીના યુવાનોના માનસમાં સરસ સફળ રીતે કરાતો રહ્યો છે.

સાત વ્યસનોનો ત્યાગ, પ્રભુદર્શન-પૂજા, અભક્ષ્ય ત્યાગ, રાત્રીભોજન ત્યાગ ઈત્યાદિ નિયમો દ્વારા યુવાનોએ જીવનને નવી દિશા તરફ વાળવાનો સંકલ્પ કર્યો હતો.



**● વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈનું સૌરાષ્ટ્ર વિસ્તારમાં**
**જીવદયા અને માનવતાનું શરૂ થઈ ગયેલું કાર્ય**

સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં પૂરથી પાયમાલ થયેલ લોકોની સહાયતા અર્થે ૨૮મી જુનથી જ વર્ધમાન સેવા કેન્દ્ર અને ગોડીજી જૈન મંદિર મુંબઈના અગ્રણીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં જાતે જ પહોંચી ગયા છે અને રાહત કામગીરી શરૂ કરી દીધી છે.

અસરગ્રસ્ત વંથલી, ધોરાજી, ઉપલેટા, કુતીયાણા અને પોરબંદર વિસ્તારનો પ્રવાસ કરીને આ વિસ્તારના ઘેડ વિભાગમાં રાહત કાર્ય શરૂ કરી દીધું છે. ખેતરો અને જમીનો ઉપર કાદવના થર જામી જતાં બચી જવા પામેલાં પશુઓ માટે ઘાસનું તણખલુંય બચ્યું નથી. આ પશુઓ માટે લીલા અને સૂકા ઘાસની ટ્રકો ભરીને ઘાસ નાંખવાની સુંદર કામગીરી શરૂ કરી દેવાઈ છે.

જેમના મકાનોમાંથી ઘરવખરી તણાઈ ગઈ છે, મકાનો નાશ પામ્યા તે તે કુટુંબોને ઘરવખરીના સેટ આપવાનું તથા જે કુટુંબો પાસે ખાદ્ય સામગ્રી રહી નથી તેમને ભોજન સામગ્રીના થેલાઓ ઘેર ઘેર પહોંચતા કરવાની કામગીરી શરૂ કરાઈ છે. આર.એસ.ના સ્વયંસેવકો આ કાર્યમાં કેન્દ્રને સારા સહયોગી બની રહ્યા છે. હાલમાં પોરબંદર ખાતે જ શ્રી કુમારપાળ વિ. શાહ, શ્રી મધુકર શાહ, શ્રી પ્રકાશ હેકડ, શ્રી પારસ શાહ, જયેશ ભણસાલી, જૈમીન ચતુરભાઈ ઈત્યાદિ યુવાનો સતત છેક દૂર દૂર ઊંડે ગામડાઓમાં જઈને રાહત કાર્ય ચલાવી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૨,અંક-૩૯,તા.૯-૬-૧૯૮૪

## હિંમતનગરમાં યોજાઈ ગયેલ જૈન ધાર્મિક શિક્ષણ સંસ્કરણ શિબિર

અત્રે શ્રી કેશવલાલ દીપચંદ ગાંધી પરિવાર તરફથી મૂક-બધિર વિદ્યાલય, દેવચંદનગર ખાતે તા. ૧૦-૫-૮૪ થી ૨૫-૫-૮૪ના ૧૫ દિવસીય ધાર્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઈ, સુરત-વડોદરા, ભૂજ-નખત્રાણા, રાજકોટ, અમદાવાદ, તેમજ સાબરકાંઠા જિલ્લાના ૧૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરાર્થીઓને પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર અને પ.પૂ. મુનિશ્રી ભદ્રયશવિજયજી મહારાજે જૈન ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, જૈનવિધિ-વિધાન, ભક્ષ્યાભક્ષ્ય વિચાર આદિ ૫૨ પ્રવચનો આપ્યા હતા. શિબિરાર્થીઓએ ૧૭ ઉપવાસ ૨૫ આયંબિલ, ૪૧ એકાસણા, ૨૩૨ બેસણાં અને ૪૮૭૩ સામાયિકની આરાધના કરી

હતી. વિદ્યાર્થીઓએ સાત વ્યસન ત્યાગ તથા ફટાકડા નહીં ફોડવાની આદિ પ્રતિજ્ઞાઓ લીધી હતી.

પરીક્ષાઓમાં મોટા વિદ્યાર્થીઓએ કનુભાઈ શાહ (હિંમતનગર), મનોજ છેડા (મુંબઈ), ભરત શાહ (વિરમગામ) તથા નાના વિદ્યાર્થીઓમાં મોહિત શાહ, દીપેશ શાહ (વડોદરા) અગ્રતા પર રહ્યા હતા.

દરરોજ રાત્રે ભાવના બેસતી હતી. વક્તૃત્વ સ્પર્ધા, નિબંધસ્પર્ધા આદિનું આયોજન થયું હતું. શિબિરનું સફળતાપૂર્ણ સંચાલન વડોદરાના શ્રી કિરીટભાઈ ધ્રુવે કર્યું હતું. પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી અત્રેથી અમદાવાદ-ગીરધરનગર ચાતુર્માસ માટે પધારશે.

**"દિવ્ય-દર્શન" - "શિબિર"** **વર્ષ-૩૪,અંક-૯,તા.૨-૧૧-૧૯૮૫**

## ત્રણ બળનો વિચાર મનને મસ્ત રાખે

(લેખાંક-૨)

ગમે તેવા કષ્ટ આપત્તિ પ્રતિકૂળતા વગેરેમાં મનને મસ્ત રાખવા કાળબળ અને કર્મબળનો વિચાર ગયા લેખાંકમાં કર્યો. હવે ત્રીજા ભવિતવ્યતાના બળનો વિચાર કરીએ. ભવિતવ્યતાનું બળ પણ જબરદસ્ત છે; કૃષ્ણજીને રાજ્યખોઈ જંગલમાં મૂકાયા એટલેથી ક્યાં પત્યુ છે ? નેમનાથ ભગવાને એમને બાર વરસ પૂર્વે ભાખેલું હતું કે 'જરાકુમારથી તારું મૃત્યુ છે;' તે સાંભળી જરાકુમાર જે કૃષ્ણજીનો ભાઈ છે, એ તો હેબતાઈ જ ગયો; 'અરે ! મારા હાથે ભાઈનું મૃત્યુ ? પાસે રહું તો એમ બને ને ? જાઉં દૂર જંગલમાં.' તે નિર્જન વનમાં જ ભાગી ગયો ! જેથી એ પાપ ન થાય. પરંતુ ભવિતવ્યતા બળવાન છે તે હવે બરાબર બાર વરસ પછી કૃષ્ણ-બળરામને રખડતાં રખડતાં એ જ વનમાં લઈ આવે છે !

ત્યાં કૃષ્ણને ભારે તરસ લાગી છે; ને બળદેવજી પાણી શોધવા ગયા; અહીં કૃષ્ણજી પગ પર પગ ચડાવી સૂતા છે. ત્યાં જરાકુમાર દૂરથી જુએ છે, તો પગનાં તળિયાની રેખા હરણ જેવી દેખાય છે. તેથી એણે હરણ સમજી શિકાર કરવા બાણ છોડ્યું ? એ બાણ ઊંચા પગના તળિયાને વીંધી સીધું કપાળમાં પેઠું. શ્રી કૃષ્ણે ચીસ પાડી કોણ છે આ મારી હદમાં ? તે મને બાણ મારી શકે છે ?'

ત્યાં જરાકુમાર ભાઈનો અવાજ પરખી દોડતો આવ્યો. ભાઈને હણાયો જોઈ માથું કુટતો ધ્રુસકે ધ્રુસકે રુએ છે,- 'હાય હાય ! મેં ભાઈને માર્યો ? 'અરે ભાઈ ! તું અહીં ? અને આ સ્થિતિમાં ? મારો ભાઈ ત્રણ ખંડોનો સમ્રાટ વાસુદેવ, હજારો રાજવી સેવકોથી પરિવરેલો રહેનારો, આમ એકલો અટુલો ? અને તેય ચિથરેહાલ દશામાં ? કલ્પનામાં ન બેસે એવું આ કેમ બન્યું ? ભાઈની હત્યા જે મારે હાથે ન થાય એ માટે તો હું નિર્જન વનમાં રહ્યો, બાર બાર વરસ જંગલમાં કાઢ્યા, તો ય એ ભાઈને હણવાનું અરરર ! આ ઘોર પાપ મારા લમણે લખાયું ? ઓ ભાઈ ! ભાઈ !'... જરાકુમાર આક્રંદ કરે છે.

**કર્મનું કામ કેટલું ! અમુક જ; બાકી ભવિતવ્યતાનું કામ :-**

અહીં ખૂબી જોવાની છે;- કૃષ્ણજીને આવી પીડા આવી તે તો પોતાના અશુભ કર્મના ઉદયે આવી. અશાતાકર્મનું કામ આટલું જ કે પીડા આપવી. પરંતુ એમાં એ લખેલું ન હોય કે અમુક જીવથી જ કે જડથી જ એ પીડા આવે. તેમ એવું પણ ન લખાયું હોય કે 'સામો જાણીને જ મારવા આવશે યા અજાણે મારી બેસશે.' તો પછી સવાલ થાય કે -

**પ્રશ્ન-** અહીં કૃષ્ણજી પર ભાઈ જરાકુમારનો જ હલ્લો કેમ આવ્યો ? અને તે પણ ભ્રમણા થવાથી જ હલ્લો કેમ આવ્યો ? અશાતા વેદનીય કર્મની પ્રકૃતિના સ્વભાવમાં તો શારીરિક પીડા જ આપવાનું હોય, પણ અમુક માણસથી જ અને ભ્રમણાથી જ એ પીડા આવી એવું કાંઈ કર્મના સ્વભાવમાં ન હોય. તો શાથી આમ બન્યું ?

**ઉત્તર-** આનું સમાધાન 'ભવિતવ્યતા' એટલે ચોક્કસ પ્રકારના બનાવને સરજનાર એક કારણ લગાવવાથી મળે. આ કારણ કર્મ, સ્વભાવ, પુરુષાર્થ તથા કાળથી વિલક્ષણ છે, જુદું છે. કર્મ સ્વભાવ આદિ ચાર કારણો જે ચોક્કસ પ્રકારના સંયોગ-બનાવનું સમાધાન ન આપી શકે, તેનું સમાધાન 'ભવિતવ્યતા' નામના કારણથી થાય.

કૃષ્ણજીની હત્યા જરાકુમારના જ હાથે થઈ અને રાજ્યહાનિ દ્વારિકાદાહ. કૃષ્ણજીનું વનમાં સૂવું, જરાકુમારનો શિકાર-પ્રયત્ન વગેરે ચોક્કસ પ્રકારના સંયોગમાં થયું, એ તેવી ભવિતવ્યતાના કારણે.

સમરાદિત્યનો જીવ ભવે ભવે જ્યાં જન્મે છે ત્યાં ત્યાં અગ્નિશર્માનો જીવ જન્મીને એમની જ સાથેના સંબંધમાં આવે છે, આ ઘટના કોણ ઘડે છે ? કહો, તેવી ભવિતવ્યતા ઘડે છે. ત્યાં સમરાદિત્યના જીવનાં કર્મ કારણ ન કહેવાય; કેમકે કર્મ ઉપર આ ચોક્કસ પ્રકારના સંયોગ લખાયેલા નથી હોતા.

**પ્રશ્ન- શું એમના અશાતા-વેદનીયકર્મ કારણ ન કહેવાય ?**

**ઉત્તર-** અશાતા વેદનીયનું કામ માત્ર અશાતા આપવાનું; કિંતુ તે અશાતા તો બીજાથી પણ આવી શકે છે. તો બીજા કોઈથી નહિ, ને દુશ્મન અગ્નિશર્માના જીવથી જ કેમ અશાતા ? એવો ચોક્કસ સંયોગ બનાવનાર તરીકે ભવિતવ્યતા જ કારણભૂત કહેવી પડે.

દ્વારિકાનો દાહ થયો ને લોકો બળી મર્યા, એમાં લોકોનાં તેવા અશાતા વેદનીય કર્મે કામ કર્યું. પરંતુ આ દાહ થવામાં દ્વૈપાયન ઋષિની શાંબ પાલક વગેરેએ કરેલી મશ્કરી, તથા દ્વૈપાયને આપેલો શ્રાપ, વગેરે ચોક્કસ પ્રકારનાં નિમિત્તો જ કામ કરી ગયા, એ તેવા પ્રકારની ભવિતવ્યતાને આભારી છે.

હવે આપણે કોઈ આપદા આવી, કષ્ટ આવ્યું, કોઈ પ્રતિકૂળતા આવી, ત્યાં એનાં કારણ તરીકે આ કાળ, કર્મ, ને ભવિતવ્યતાના આધારે વિચાર કરીએ તો મનને વ્યાકુળતા કરવાનું કે રોદણું રોવાનું ન રહે દા.ત. આજે મોંઘવારી જાલિમ થઈ ગઈ, ત્યાં કાળને ભળાવીએ કે આજનો કાળ જ એવો વિષમ છે કે આખી દુનિયાભરમાં મોંઘવારી ફેલાઈ ગઈ છે, એ કાંઈ મારી વ્યાકુળતા કે મારા રોદણાંથી મિટવાની નથી, એ ભવિતવ્યતા તો એના જ રાહે ચાલવાની છે. તો મારે મનથી દૂબળા પડવાની જરૂર નથી. વળી કાંઈ નહિ ને ફોગટ લોહી શું કામ બળું ?'

અશુભ કર્મના ઉદયે મોંઘવારી છે, પરંતુ આજના અહીંના જગતના ભેગો ભળવાનું મારે થયું એ તેવી ભવિતવ્યતા.

ભવિતવ્યતા અકાટ્ય છે. ભવિતવ્યતાના ભાવની આડે તીર્થંકર ભગવાન આવી શકતા નથી. મહાવીર ભગવાન સાધક અવસ્થામાં જ્ઞાની હતા, 'નાલાયક ગોશાળાને તેજોલેશ્યાની વિદ્યા ન અપાય' એવું સમજનારા હતા, છતાં ભવિતવ્યતા બળવાન, ને ભગવાને એને તેજોલેશ્યાની વિદ્યા શિખવાડી. ત્યાં 'ભગવાન ભૂલ્યા' એમ ન કહેવાય કેમકે ભગવાન તો સદા એવા જાગ્રત્ છે કે એમના જીવનમાં એક પણ અનુચિત કાર્ય થાય નહિ. તેરાપંથીઓ 'અહીં ભગવાન ભૂલ્યા' એમ કહી ભગવાનની ઘોર આશાતના કરે છે, પણ આમ કહેનારા તીર્થંકર ભગવાનનું તીર્થંકરપણું શું એ બિચારા સમજ્યા જ નથી લાગતા, કારણ ભગવાન ઠેઠ ગર્ભથી માંડી નિર્મળ અવધિજ્ઞાનવાળા હોય છે ! અને દીક્ષા લેતાં અવશ્ય મનઃપર્યાયજ્ઞાનવાળા બને છે ! એ સૂચવે છે કે ભગવાન સદા અને સતત ખૂબ જ ઉપયોગવાળા સાવધાનીવાળા જાગૃતિવાળા હોય છે એટલે એમના જીવનમાં એક નાનું પણ અનુચિત કાર્ય હોય જ નહિ, માટે ભગવાન ભૂલ્યા બોલાય જ નહિ



બોલીએ તો આપણને ભવાંતરે બોલવાની જીભ ન મળે. તો પછી નાલાયક ગોશાળાને તેજોલેશ્યા આપવાનું ભગવાને કેમ કર્યું ? કહો, સર્વત્ર ભવિતવ્યતા બળવાન છે.

ભવિતવ્યતાના ભાવ તીર્થંકર ભગવાન જેવાથી પણ મિથ્યા થઈ શકતા નથી ! માટે મહાવીર ભગવાનને અંત સમયે અંતર્મુહૂર્ત આયુષ્ય વધારવાની ઇંદ્રે વિનંતિ કરી, જેથી ભગવાનની હાજરી-હયાતીમાં (નજરમાં) જ ભસ્મગ્રહનું સંક્રમણ થઈ જાય તો એ પછીથી ભગવાનના શાસનને નડે નહિ.

પરંતુ ભગવાને આયુષ્ય વધારવાનું બને નહિ એમ કહ્યું, ત્યારે ઇંદ્ર કહે 'તો પછી પ્રભુ એ ભસ્મગ્રહ આપના શાસનને પીડશે એનું શું ?' ત્યારે પ્રભુએ કહ્યું 'એ તો જેવી ભવિતવ્યતા તેવું બનવાનું.' આમ ભવિતવ્યતા બહુ બળવાન છે એ આપણે લક્ષ પર રાખીએ તો આપત્તિ વગેરેમાં આપણે મન બગાડીએ નહિ, મનથી દૂબળા પડીએ નહિ, પરંતુ તત્ત્વ વિચારણાથી મનને મસ્ત રાખીએ.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૫,અંક-૫,તા.૪-૧૦-૧૯૮૬

(મુંબઈ સમાચાર ૩૦-૯-૮૬ માંથી ઉદ્ધૃત)

## મલાડ ઈસ્ટ રત્નપુરીના આંગણે યોજાયેલી જૈન યુવા શિબિર

**(અમારા પ્રતિનિધિ તરફથી) મુંબઈ, તા. ૨૯મી સપ્ટેમ્બર.**

મલાડ ઈસ્ટ રત્નપુરીના આંગણે જૈન યુવા શિબિરના પાવન પ્રસંગે પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે મંગળ પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે યુવાન પેઢીમાં ધર્મ, સંસ્કાર, વિનય-વિવેક અને ચારિત્રના ગુણો પ્રગટે તેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજે 'મહાભારત' પર પ્રવચન આપ્યું હતું. અને વ્યવહારમાં ધર્મના સિદ્ધાંતો સમજાવ્યા હતા.

આ કાર્યક્રમમાં હાઈકોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ શ્રી એ.ડી. તાતડે, વિધાનસભ્ય શ્રી ચંદ્રકાન્ત ગોસલીયા, શ્રી અમૃતલાલ મોહનલાલ ગોળાવાળા, શ્રી કુમારપાળ વિ. શાહ અને શ્રી મહેન્દ્રભાઈ પુનાતરે હાજરી આપી હતી અને અત્યારના સમયમાં જૈન ધર્મનું મહત્ત્વ અને આચારસંહિતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે વિશાળ મેદનીને સંબોધતા જણાવ્યું હતું કે જૈન ધર્મમાં અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ છે. આત્માનું સન્માન બીજાના દિલને ઠેસ ન લાગે, બીજાને દુઃખ ન થાય તેનો પણ વિચાર

કરવાનો છે. સર્વ પ્રત્યે પ્રેમ અને કરુણાની ભાવના વહાવવાનું ધર્મ શીખવે છે. બીજાને ઉપયોગી થવું, બીજાના દુઃખમાં ભાગ લેવો, બીજાના માટે કાંઈક કરી છૂટવાની ભાવના વ્યક્ત કરવી અને સર્વ પ્રત્યે વિનય, વિવેક અને સન્માનની ભાવના પ્રગટ કરવી એ સાચો ધર્મ છે.

આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે ધર્મમાં વિવાદ અને ઝઘડા હોઈ શકે નહિ. અશાંતિ ઊભી કરે એ બની શકે નહિ. સમાધાનમાં આત્મસંતોષ અને બીજાના દૃષ્ટિબિંદુથી વિચારવાની સમજ કેળવવી જોઈએ. જીવન વહેવારમાં બધી અશાંતિ અને દુઃખો દૂર કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. સ્વાર્થની ભાવના, મારાપણાની ભાવના અને પૂર્વગ્રહોએ જ દુઃખના જાળાઓ ઊભા કર્યા છે. જે લોકો આ બધાથી મુક્ત બને છે તે સાચી શાંતિ અને આત્મસુખ પ્રાપ્ત કરી શકે છે આવા માણસને મૃત્યુનો ડર સતાવતો નથી. ધર્મમાં જીવન જીવવાના ઉદાત્ત સિદ્ધાંતો છે. પરંતુ આ સિદ્ધાંતોને આચરણમાં મૂકવાની જરૂર છે.

આ યુવા શિબિરમાં ૧૫૦૦ યુવાઓ અને શિશુ સામાયિક શિબિરમાં ૧૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૫,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૭

## 'જૈન ધાર્મિક શિક્ષણ શિબિર'

● પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવનકારી નિશ્રામાં સાંગલી નગરમાં તા. ૧૭-૫-૮૭ થી તા. ૩૧-૫-૮૭ સુધી ૧૫ દિવસની ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન નક્કી થયું છે... દશમા ધોરણ તથા કૉલેજમાં અભ્યાસ કરતા અને અભ્યાસ કરી ગયેલા કોઈ પણ યુવાનો આમાં લાભ લઈ શકે છે. પ્રવેશપત્ર તરત જ મંગાવી લેવા નમ્ર વિનંતી...

સ્થળ : **પાર્શ્વનાથ જૈન શ્વે. મૂર્તિ. દેરાસર ટ્રસ્ટ**

મહાવીરનગર, **સાંગલી.** (જી. સાતારા) પીન : ૪૧૬૪૧૬ M.S.

આજના ભૌતિક-નાસ્તિક અને વિલાસમય કાળની અંદર ફસાઈ ગયેલા ભાવિકોને એમાંથી મુક્તિ મેળવી-જીવનની શાંતિ મેળવવા - જીવનને ધર્મી બનાવવા - આસ્તિક થવા માટે જૈન ધર્મ શું ? એના આચાર કયા ? એનો ઇતિહાસ ?

જૈન ધર્મના તત્ત્વો કયા ? એનું ફળ શું ? વગેરે પ્રાથમિક કક્ષાનું જ્ઞાન



તાર્કિક રીતે - જ્ઞાન અને ગમ્મત સાથે સરળતાથી લેવું... એટલે 'જૈન ધાર્મિક શિક્ષણ શિબિર'

**આપ આપનું નામ તરત જ નોંધાવી દેશો.**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૫,અંક-૩૯,તા.૧૩-૬-૧૯૮૭

## સાંગલી નગરે આયોજિત થયેલ ધાર્મિક શિક્ષણ શિબિર

કોલ્હાપુરમાં ઊજવાયેલ અવિસ્મરણીય શ્રી આચાર્યપદ પ્રદાન મહોત્સવની પૂર્ણાહુતિ બાદ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા વડગામ પધાર્યા. ઇસ્લામપુર નિવાસી શેઠશ્રી નેમચંદ લાલચંદ શાહ આયોજિત ઇસ્લામપુરથી શ્રી કુંભોજગિરિ તીર્થનાં સંઘમાં પૂજ્યપાદશ્રી વડગામથી જોડાયા. કુંભોજ યાત્રા સંઘનાં દબદબાભર્યા માળારોપણ-સમારોહ બાદ કુંભોજગિરિથી વિહાર કરીને પૂજ્યપાદશ્રી વૈશાખ વદ-૨ નાં દિને સાંગલી નગરે પધાર્યા. કેટલાય દિવસોથી ચાતકની જેમ ઝંખી રહેલા સાંગલીનાં સંઘે હાથી, ઘોડા, વિવિધ બેન્ડો, સાફો પહેરેલા સ્કૂટર સવારો અને વિશાળ મેદનીથી ભવ્યાતિભવ્ય બનેલા સામૈયાપૂર્વક પૂજ્યપાદશ્રીનું ઉમળકાભેર સ્વાગત સાંગલી શહેરના નગરાધ્યક્ષે કર્યું. પૂજ્યપાદશ્રીની સાથે નૂતન આચાર્યદેવો પૂ. શ્રીમદ્વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. શ્રીમદ્વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી જયશેખર વિજયજી ગણિવર, પૂજ્ય ગણિવર્ય શ્રી વિમલસેન વિજય મ.સા. આદિ ૪૦ થી વધુ પૂજ્ય મુનિ ભગવંતોનાં પદાર્પણથી સમગ્ર સાંગલીમાં આનંદના પુર ઊમટ્યા.

પતનના પંથે દોડી જતા યુવાનોનું આમૂલ પરિવર્તન કરીને જીવનની સુધારણા કરતી ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન આ વર્ષે સાંગલી નગરે કરીને યુવાનોનાં જીવનના જીર્ણોદ્ધારનો મહામૂલો લાભ પોતાને આપવા શ્રી સાંગલી જૈન સંઘે યુવા પ્રતિબોધક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને આગ્રહપૂર્ણ વિનંતી કરી હતી અને પૂજ્યપાદશ્રીએ તેનો સ્વીકાર કરતાં, સંઘમાં ખૂબ આનંદ વ્યાપ્યો હતો. ઘણાં દિવસોથી શિબિરની જોરદાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ હતી. ગામે ગામ પત્રિકાઓ પાઠવીને યુવાનોને સંસ્કરણ અર્થે શિબિરમાં પધારવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. અત્રેની ગુજરાતી શાળાના વિશાળ મકાનમાં ટ્રસ્ટીઓની ઉદારતાથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

વૈશાખ વદ ૫ તા. ૧૭ મે, રવિવારના સવારે ૮/૩૦ કલાકે પૂજ્યપાદશ્રીનાં

મંગલાચરણથી પ્રારંભ પામેલા શિબિર ઉદ્‌ઘાટન સમારોહમાં પૂના ગોડીજી જૈન સંઘના સેક્રેટરી શેઠશ્રી ચંદુલાલ સ્વરૂપચંદે દીપક પ્રગટાવીને ૧૫ દિવસની આ શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પૂના નિવાસી ઉદારચરિત શેઠશ્રી રામલાલજી વીરચંદજી સંઘવી આ સમારોહના અતિથિવિશેષ હતા.

સાંગલી, કોલ્હાપુર, વડગામ, બીજાપુર, મુંબઈ, નીપાણી, બેલગામ, ઈચલકરંજી, જમખંડી, સોલાપુર, કરાડ, ઈસ્લામપુર, પૂના, ખડકી, અમદાવાદ, આરગ, કાગલ, માલેગામ, યેવલા, અમલનેર, મુરગુડ, અથણી, દહાણુરોડ-અમદાવાદ આદિ મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતના અનેક ગામોમાંથી આવેલા ૧૪૦થી પણ વધુ સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ આ જ્ઞાનસત્રમાં જોડાયા હતા. ૧૫ વર્ષથી નીચેના તથા ૧૫ વર્ષ ઉપરના વિદ્યાર્થીઓના અલગ વાચનાવર્ગો બેસતા હતા. મોટા વિદ્યાર્થીઓને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા જૈન તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ તથા સૂત્રરહસ્યના વિષયો પર વાચના આપતા હતા અને પૂજ્ય આચાર્યદેવશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજા જૈન આચાર અને જૈન ઇતિહાસના વિષયો પર વાચના આપતા હતા. એઓશ્રી તરફથી બપોરે રોજ સમૂહ સામાયિકમાં વિદ્યાર્થીઓને પદ્માસનમાં બેસાડી એકાગ્રતાપૂર્વક જાપ કરવાની વિશિષ્ટ તાલિમ આપવામાં આવતી. રોજ રાત્રે ૮-૩૦ કલાકે પૂર્ણ થતા ભાવના બાદ પુનરાવર્તન અથવા કથાવાર્તાનો કાર્યક્રમ રહેતો હતો. રોજ બપોરે ૧૧ વાગે સ્નાત્ર મહોત્સવમાં બાળકો ભાવવિભોર બનીને જોડાતા. બાલવર્ગમાં પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી જયશેખર વિજયજી ગણિવર તથા પૂ.મુનિરાજશ્રી રાજરત્નવિજય મ.સા. વાચના આપતા હતા. સવારના પાંચ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી જ્ઞાનધ્યાનમાં સતત પ્રવૃત્ત રહેવા સાથે જીવનને અધ્યાત્માભિમુખ બનાવવાનો એક નવતર અનુભવ ૧૪૦ યુવાનોએ જીવનમાં પ્રથમવાર માણ્યો.

**વિદ્યાર્થીઓએ કરેલ નિયમો :** અનેક યુવાનોએ આ શિબિર દરમ્યાન ઉકાળેલું પાણી જ વાપર્યું હતું તેમજ એકાસણા-બેસણા-આયંબિલ-ઉપવાસની તપસ્યા કરી અને અનેક યુવાનોએ ઘેર ગયા બાદ પણ તે જ ચાલુ રાખવાનો અભિગ્રહ કર્યો હતો બાકી જીવનભર કે ૧ વર્ષ આદિ માટે રોજ માતાપિતાને સવારે ઊઠીને પ્રણામ, કંદમૂળ ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, સિનેમા-ટી.વી. ત્યાગ, સાતવ્યસન ત્યાગ, નવકારમંત્રની ૧ માળાનો નિત્ય જાપ, નિત્ય સામાયિક, નિત્ય જિનપૂજા, ૧૪ નિયમની ધારણા, મુઠસી પચ્ચક્ખાણ, થાળી ધોઈને પીવી, ઉકાળેલું પાણી, વિશિષ્ટ તપ-ત્યાગ આદિ અનેક નાના-મોટા અભિગ્રહોને ધારણ કરીને જીવનનાં આંગણાંને વ્રત-નિયમોના મનોહર સ્વસ્તિકોથી શોભાવ્યું હતું.



શ્રી સાંગલી જૈન સંઘે ઉદારતાપૂર્ણ સુંદર ભક્તિ કરી હતી. લગભગ રોજ કેરીથી પણ ભક્તિ થતી. અને રાતદિવસ ખડે પગે ઊભા રહીને સાંગલીનાં યુવાનોએ સુંદર વ્યવસ્થા સાચવી હતી.

કુશળ શિબિર સંચાલક શ્રીયુત્ કુમારપાળ વિ. શાહ દુષ્કાળ રાહત કાર્યમાં રોકાયેલા હોવાથી આ શિબિરમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. પણ, તેમના માર્ગદર્શન અનુસાર દીર્ઘ અનુભવી શ્રીયુત્ દલપતભાઈ સી. શાહ, શ્રીયુત્ મનહરભાઈ વખારીયા (હિંમતનગર), શ્રીયુત્ જ્યોતિભાઈ કોઠારી કલકત્તાવાળા અને મુંબઈ નિવાસી શ્રીયુત્ હેમંતકુમાર ખંભાતીએ આ જ્ઞાનસત્રનું સુંદર સંચાલન કર્યું હતું.

વૈશાખ વદ ૧૧નાં દિને સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ચૈત્યપરિપાટી અને ગુણાનુવાદ સભાનું આયોજન થયું હતું. શિબિરાર્થીઓએ સેંકડોની સંખ્યામાં સામાયિકની બોલીથી સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીનાં ફોટાની વાસક્ષેપ પૂજા આદિનાં ચડાવા લીધા હતા.

શિબિરને અંતે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી, તદુપરાંત એક ગીત સ્પર્ધા તથા એક વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન થયું. પરીક્ષા તથા સ્પર્ધાઓમાં પ્રથમ પાંચ આવનારને વિશિષ્ટ પારિતોષિકો આપવામાં આવ્યા. તથા, શેષ સર્વ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક પુરસ્કારો અને પ્રભાવનાઓ આપવામાં આવી.

૧૫ દિવસનાં આ ભવ્ય જ્ઞાનસત્રનું જેઠ સુદ પ્રથમ ચોથ, તા. ૩૧ મે ને રવિવારના રોજ સમાપન થયું. તે દિવસે યોજાયેલા સમાપન સમારોહ અને પારિતોષિક વિતરણ સમારોહમાં કોલ્હાપુર નિવાસી શેઠશ્રી બાબુલાલ વનાજી સંઘવી તથા શેઠશ્રી પ્રાણલાલ નાનચંદ દલાલ અતિથિવિશેષ હતા. જીવનમાં એક નવો પ્રકાશ પ્રાપ્ત કર્યાનો પરમ સંતોષ તથા શિબિરમાંથી છૂટા પડવાની કાંઈક વ્યથા વિદ્યાર્થીઓ વિદાયની પળોમાં અનુભવી રહ્યા.

વિદાય લેતા પહેલા શ્રી સાંગલી જૈન સંઘના એક ભાગ્યશાળી ભાઈએ શિબિરના વિદ્યાર્થીઓને બસ દ્વારા મહારાષ્ટ્રના શત્રુંજયસમા શ્રી કુંભોજગિરિ તીર્થની યાત્રા કરાવી.

આ શિબિર સાંગલીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ ગઈ અને શિબિરાર્થીઓના જીવનમાં દિવાદાંડી સમી બની રહી.

હવે પૂજ્યપાદશ્રી ઇચલકરંજી, નિપાણી થઈને કોલ્હાપુર ચાતુર્માસ અર્થે

પધારશે. પૂજ્યશ્રીનો સંપર્ક સાધવા માટે.

**C/o. હીરાભુવન જૈન ઉપાશ્રય, શાહુપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧.**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૫,અંક-૪૦/૪૧,તા.૨૭-૦૬-૧૯૮૬

## રાનીમાં આધ્યાત્મિક જ્ઞાન શિબિર

વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના** પ્રશિષ્યરત્ન પ.પૂ. **યુવક જાગૃતિ પ્રેરક** ગણિવર્ય **શ્રી ગુણરત્ન વિજયજી મ.સા.ની શુભનિશ્રામાં આધ્યાત્મિક જ્ઞાન શિબિરનું આયોજન** રાની ગાંવ (રાજ.)માં **કરવામાં આવ્યું** હતું. તેમાં ભારતનાં જુદા જુદા **૪૫ નગરના ૧૭૫ શિબિરાર્થીઓએ લાભ લીધો** હતો. શિબિરમાં **કર્મવાદ, નૈતિકતા** અને **આધ્યાત્મિકતાનું શિક્ષણ-**પ્રશિક્ષણ **આપવામાં આવ્યું** હતું.

**સમાપ્તિ સમારોહમાં** અતિથિવિશેષ તરીકે **ભૂતપૂર્વ વિધાયક મોહનલાલ જૈન,** ભૂતપૂર્વ **કૉલેજ વાઈસ પ્રિન્સિપાલ જવાહરચંદજી પટની,** આધ્યાત્મિક જ્ઞાન કેન્દ્ર ટ્રસ્ટી ચૌથમલજી **વગેરે પધાર્યા હતા. પરીક્ષામાં પ્રથમ વિદ્યાર્થીને** અનિલકુમાર છોટી-સાદડી (રાજ.)ને એક **શિલ્ડ અર્પણ કરાયેલું. ગુજરાત રાજ્યના ત્રણ શિબિરાર્થીઓ શિલ્ડ વિજેતા બન્યા** છે. ૧. કિશોરકુમાર એમ. જૈન, અમદાવાદ (૨) સંજયકુમાર ભાવનગર અને વિજયકુમાર અમદાવાદ ગજરાજજી, મોહનલાલજી, સુકનરાજજી, ચંપાલાલજી, પ્રતાપજી, લાલજી વગેરે મહાનુભાવોએ શિબિરને સફળ બનાવી રાની ગાંવની કીર્તિમાં ચાર ચાંદ લગાડ્યા છે. **ગણિવર્યશ્રીનું ચાતુર્માસ બિકાનેર** હોવાથી તે તરફ વિહાર કર્યો છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૧૭/૧૮,તા.૯-૧-૧૯૮૮

## શિબિરાર્થીઓને શિબિરમાં થયેલા લાભો

પુના ગુરુવારપેઠ, સંઘ મંદિરમાં બિરાજમાન પ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિવર મ. સાહેબ મુનિ ભદ્રયશવિજયજી આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન સંઘમાં અનેકવિધ સુંદર આરાધનાઓ થઈ. દિવાળીના ત્રણ દિવસોમાં સેંકડો બાલક-બાલિકાઓએ ફટાકડાના બહિષ્કાર માટે પ્રભાતફેરી કાઢી ચાર-પાંચ કિ.મી. સુધી મુખ્ય મુખ્ય માર્ગો પર સૂત્રોચ્ચારનું ગુંજન કર્યું હતું. ફટાકડાના નિષેધ માટે અને



દુષ્કાળરાહત માટે નારા ગજવી..... સારો ફાળો એકત્ર કરી દુષ્કાળગ્રસ્ત ગામોમાં મોકલી અપાયો. ૫૨૫ જેટલા બાળકોએ ફટાકડા નહિ ફોડવાની પ્રતિજ્ઞા કરી. દિવાળીની રજા દરમ્યાન સ્કૂલ અને કૉલેજના બાળકો માટે બપોરના ત્રણ કલાક જ્ઞાન વાચના રખાયેલ. શ્રીમતી કમલાબેન દાનમલ અને ફુલચંદ સંઘવી પરિવાર તરફથી ૨૫૦ જેટલા બાળકોને રોજ એક મિષ્ટાન અને ફરસાણનું પેકેટ તથા રોકડ રૂ.ની પ્રભાવના થઈ. પરીક્ષા બાદ આરાધના વગેરેના સુંદર ઇનામો અપાયા. આહારશુદ્ધિ પ્રકાશ પુસ્તકના આધારે ભક્ષ્યાભક્ષ્યની પરીક્ષા લેવાઈ તેમજ રત્નાકર પચ્ચીશીની પરીક્ષા લેવાઈ અને ઇનામો અપાયા.

(૧) કે. ટી. જૈન (ઉંમર ૧૨ વર્ષ) : શિબિરમાં આવવાથી અમને સાચું જ્ઞાન મળ્યું. જીવ-અજીવનું સાચું સ્વરૂપ સમજાયું. ધર્મનો સાચો માર્ગ સમજાયો, શિબિરમાં આવવાથી અમને ખબર પડી કે અમે સાચે જ બહુ ભાગ્યશાળી છીએ કે અમને જૈન ધર્મ જેવો સાચો ધર્મ મળ્યો. (૨) કે. કે. મહેતા (કૉલેજ) : જ્ઞાન દ્વારા સાચા ખોટાનો વિવેક આવ્યો. ધર્મ કરવાથી અનંત સુખ પ્રાપ્ત થાય તે સમજ્યા. વિવેકથી કેવી રીતે ઉઠવું, બેસવું, ગુરુજન વડીલોનું બહુમાન, આદર કરવો તે સમજાયું. સંસાર દુઃખથી ભરેલો છે. સંસારના સુખો જીવોની હિંસાદિ પાપોથી મળે છે. હિંસા વગર સંસારનું સુખ મળે નહિ. મિથ્યા દેવ-દેવીઓને માનવા નહિ. સુદેવ, સુગુરુ અને સુધર્મ ઉપર જ સાચી શ્રદ્ધા રાખવી. મોક્ષ એ જ સારભૂત છે. અરિહંત એ જ આપણા મા, બાપ, ભાઈ, બહેન, મિત્ર વગેરે સાચા સગા છે. દુઃખ આપે એના ઉપર દ્વેષ ચિંતવવો નહિ. ચારિત્ર લઈને મોક્ષની આરાધના કરવી જોઈએ. એ જ સાચો ધર્મ છે, મનુષ્ય ભવની સફળતા છે. અરિહંતે બતાવેલ માર્ગ પર ચાલવાનું અને એમની પૂજા-સ્તુતિ-ચૈત્યવંદન-સ્મરણ-ગુણગાન કરવાથી મહાન લાભ થાય છે. (૩) કે. જે. લલવાણી (કૉલેજ) : અમારું અજ્ઞાન દૂર થયું છે, અમારા ગુરુમહારાજે અમને સુંદર ઉપદેશ આપી નવો જ્ઞાનનો પ્રકાશ દેખાડી અને આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાવી અમને ધન્ય બનાવી દીધા છે. હવે તો સંસારમાં અમે જે કરીએ છીએ એમાં એક એક વસ્તુમાં પાપ અને પાપ જ દેખાય છે. ઓછામાં ઓછી હિંસા કેમ થાય એવો હું પ્રયત્ન કરીશ. મારા જેવા અજ્ઞાનીને તો એ શિબિરના ૧૫ દિવસો પર્વ જેવા બની ગયા. મને ખૂબ જ શાંતિ મળી. મનના કેટલાય સંશય અને શંકા દૂર થયા. મારું મન બસ જિનભક્તિમાં જ ખેંચાવા લાગ્યું છે. (૪) જે. વી. વિક્રમ (ઉંમર ૧૫ વર્ષ) : સંસારનું સુખ ખરી રીતે તો દુઃખના પ્રતિકારરૂપ છે. ખાતી વખતે આપણે કહીએ છીએ કે ખાવામાં આજે મને મજા આવી તો આપણને પાપ લાગે. કારણ કે આપણે ખાઈએ છીએ

તેમાં આરંભ થાય છે. જે ખાઈએ છીએ તે એકેન્દ્રિયના મૃતદેહ છે, ને એમાં આપણને મજા આવે છે. તેની અનુમોદનાથી વિશેષ પાપ બંધાય છે. માટે આરંભની અનુમોદના કરવા જેવી નથી. (૫) એસ. આર. જૈન (ઉંમર ૧૩ વર્ષ) : સુખમાં લીન ન બનવું જોઈએ અને દુઃખમાં દીન ન બનવું જોઈએ. સોના-ચાંદી, હીરા-માણેક વગેરે પૃથ્વીના કલેવર ઉપર રાગ રાખવો નહિ અને આત્માના સાચા રત્નો તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. તેના ઉપર રાગ રાખવો ગુણકારી છે. (૬) પી. પી. દોશી (ઉંમર ૧૨ વર્ષ) : સંસાર શું છે ? અને ધર્મ શું છે ? તેની સમજણ પડી. હવે તો એમ થાય છે કે સંસારમાં રહેવું એ નકામું છે. આપણને મહાન ઊંચો ધર્મ મળ્યો છે. અહીં ધર્મ નહિ કરીએ તો આવો ધર્મ હવે કયા ભવમાં મળશે ? આવું થઈ ગયું છે. બધાને કહીશું કે જૈન ધર્મ એ મહાન અજોડ ધર્મ છે. આપણા વીતરાગ ભગવાન જેવા અન્ય કોઈ ભગવાન નથી. (૭) એમ. વી. જૈન (ઉંમર ૧૫ વર્ષ) : હમકો શિબિર સે બહુત લાભ હુઆ. ધર્મ ક્યા વસ્તુ હૈ, ધર્મ કરને સે ક્યા લાભ હોતા હૈ ? હમારે મેં વિવેક આયા કિ માતા-પિતા, ગુરુ વ બડોં કે સામને કૈસા વ્યવહાર કરના ચાહિયે ? વ કૈસે વિનય સે રહના ચાહિયે ? પાપ કરને સે દુર્ગતિ મેં જાતે હૈ ઔર પુણ્ય કરને સે સુગતિ પ્રાપ્ત હોતી હૈ. ધર્મ કિસ તરહ વિધિ બહુમાન સે કરના ચાહિયે ? જ્ઞાન કયા હૈ ? વ સચ્ચા જ્ઞાન કયા હૈ ? વગૈરહ અનેક બાતેં જાનને કો મિલી. હે ગુરુદેવ ! હમારા અહોભાગ્ય હુઆ કિ હમેં શિબિરમેં આને કો મિલા વ મીઠી ગુરુવાણી સુનને મિલી. આપકા યહ ઉપકાર કભી નહી ભૂલ સકતે. આપ હમારે પરમ ઉપકારી હૈ આપને હમકો સમજા દિયા કિ યહ સંસાર અસાર હૈ. ઈસકા મતલબ યે સભી સંસાર કે સુખ અસાર હૈ. ઈસ સંસાર મેં રહને કા કોઈ સાર નહિ હૈ. હમ આપકા ઉપકાર જીવનભર યાદ રખેંગે. (૮) આર. બી. સોલંકી (ઉંમર ૧૫ વર્ષ) અમારામાં વિવેક આવ્યો. ધર્મની સાચી આરાધનાનો માર્ગ મળ્યો. સંસારની અસારતાનો બોધ થયો. જીવદયા અને અહિંસા ઉપર શ્રદ્ધા થઈ. અમારા મનમાં પંચપરમેષ્ઠિ અને માતાપિતા ઉપરનું બહુમાન વધ્યું છે. અમારી રજાઓ ધર્મની જાણકારીથી શાંતિ અને સુખથી પસાર થઈ છે. (૯) એસ. બી. સોલંકી (ઉંમર ૧૨ વર્ષ) અમે સમજ્યા કે સંસાર અસાર છે. સંસાર પાપથી ભરેલો છે અને જ્યાં સુધી સંસારમાં રહીએ ત્યાં સુધી



આરંભ સમારંભાદિ પાપો થાય છે. સંસારના સુખો સુખાભાસ છે. સુખોનો રાગ, દુઃખનો દ્વેષ અને મોહ સઘળા દુઃખનું મૂળ છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૨૯,તા.૧૬-૪-૧૯૮૮

## પારોલા (જલગામ) મહારાષ્ટ્રમાં જૈન ધાર્મિક શિક્ષણ-શિબિર

શ્રી મહારાષ્ટ્ર જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી જણાવવાનું કે ધૂલિયા-જલગાંવના હાઈવે ઉપર આવેલા પારોલા તીર્થે કચ્છી દશા ઓસવાલ સંઘના સહકારથી વર્ધમાન તપોનિધિ પ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પરમકૃપાથી પ.પૂ.આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ. આદિની નિશ્રામાં ૮ મે વૈશાખ વદ-૭ રવિવારથી પંદર દિવસની જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૭ થી કૉલેજ સુધીના વિદ્યાર્થીઓ જોડાઈ શકશે. જિજ્ઞાસુઓએ પોતાનું પૂરું નામ... સરનામું... વય... અભ્યાસ... સાથે નીચેના સરનામાએ અરજી કરવી. જેમની અરજી પાસ થશે તેમને પોસ્ટથી જાણ કરવામાં આવશે. આ માટે લખો :

**શ્રી મહારાષ્ટ્ર જૈન સંઘ C/o, નેમીચંદ મિશ્રીલાલ કોઠારી**
**પો.બો. ૪૫, અમલનેર પીન-૪૨૫૪૦૧**

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૩૬,તા.૪-૬-૧૯૮૮

## પારોલા - જૈન ધાર્મિક શિબિર-સુવાસ

● **પારોલા (જલગામ)** : શ્રી મહારાષ્ટ્ર શ્વે. મૂ. જૈન સંઘ આયોજિત ધાર્મિક શિક્ષણ શિબિર પારોલા તીર્થે ૧૫ દિવસની યોજાઈ. એમાં જુદા જુદા ગામોના ૮૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિર દરમિયાન પ.પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ.સા. તથા મુનિશ્રી ભદ્રયશ વિ.મ. શ્રીએ તત્ત્વજ્ઞાન આચાર-ધર્માદિ વિષયો પર વાચનાઓ આપી હતી. બાળકો રોજ હોંશે હોંશે ૧૦ થી ૧૪ સામાયિક કરતાં થઈ ગયા હતા. જ્ઞાનાભ્યાસ સાથે કુલ ૫૫૦૦ સામાયિક, ૧૨૦૦ પ્રતિક્રમણ, ૫ ઉપવાસ, ૪૧ આયંબિલ, ૨૦ એકાસણા, ૧૨૫ બિયાસણા વગેરે આરાધના કરી. જેની પરીક્ષા લેવાઈ, સારા ઈનામો અપાયા. સમારંભના છેલ્લા દિવસે વિશાળ મેદની વચ્ચે માલેગાંવના "શિબિરરત્ન" અમોલે (ઉં.વ.૯) ૧૪ રાજલોકની આકૃતિ દોરી સમજાવ્યો, પાંચોરાના (૧) "શિબિર

શ્રેષ્ઠ" આકાશે (ઉં.વ. ૧૨) નવતત્ત્વની સરોવર દોરી સમજણ આપી. (૨) "શિબિર દીપક" નિર્મલે (ઉં.વ. ૧૪) આઠ કર્મ આકૃતિ દ્વારા સમજાવ્યા. તથા પરીક્ષાના "પ્રથમ નંબરે" દીપક ફડીયા (ઉં.વ. ૧૯) ડભોઈવાળાએ "જીવન સફળ કેવી રીતે કરવું ?" તે સમજાવ્યું. અને ધુલીયાના ૮ વર્ષના અનિષે જીવના ૫૬૩ ભેદ સમજાવ્યા. ૧૪ દિવસના ટૂંકા સમયના અભ્યાસના મંતવ્યો જાણી આખી સભા છક થઈ ગઈ હતી. જલગાંવના આગેવાન શ્રી સુગનચંદજી રાંકાએ કહ્યું - અમારી જિંદગીમાં જે નથી શીખ્યા તે થોડા જ સમયમાં આ બાળકો શીખી ગયા જોઈને આશ્ચર્ય થાય છે. અમારી આંખોના પડદા ખુલી ગયા. આવી ધર્મ સંસ્કારમય શિબિર દર વર્ષે થવી જોઈએ. એ માટે હું મારા તરફથી ૨૧ હજારની રકમ જાહેર કરું છું. બીજા પાંચ-પાંચ હજારના ૬ પુણ્યશાળીઓએ સહકાર આપ્યો.

આગ ઝરતી ૪૭ ડિગ્રી સખત ગરમીના પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે બાળકો અને યુવાનોનો જ્ઞાનાભ્યાસ, પ્રભુભક્તિ, સામાયિક-સ્વાધ્યાય-વ્રત-નિયમ-પ્રગતિ જોઈ આખી સભાને આનંદ થયો હતો. સૌના મોઢે એક જ વાત હતી, બાળકો પામી ગયા અને અમે રહી ગયા. આવી શિબિર દર વરસે થવી જોઈએ. આ કાળમાં ખૂબ-ખૂબ જરૂરી છે. આથી બાળકોને સંસ્કાર સિંચન થાય અને આ જ બાળકો શાસનના રત્નો બને. બાળકોએ અભક્ષ્ય ત્યાગ-માતાપિતાને પ્રણામ-જિનપૂજાદિના સુંદર નિયમો લીધા.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૩૭,તા.૧૧-૬-૧૯૮૮

## બેંગ્લોરમાં આધ્યાત્મિક જ્ઞાન શિબિર

વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં બેંગ્લોરના ઉપનગર 'જયનગર'માં ૨૦ મી મેથી ગ્રીષ્મકાલીન આધ્યાત્મિક શિક્ષણ શિબિર શરૂ થયેલી છે. શ્રી આદિનાથ જૈન શ્વે. મૂર્તિ. સંઘની આર્થિક સહાયતાથી શરૂ થયેલી આ આધ્યાત્મિક શિક્ષણ શિબિરમાં મદ્રાસ-ચિત્રદુર્ગ-બેલ્લારી મુંબઈ-સુરત-અમદાવાદ-કોલ્હાપુર-માલેગામ-યેવલા વગેરે જુદા જુદા શહેરો તથા બેંગ્લોરના આશરે ૧૨૫ જેટલા નવયુવકો રોજના ૬II થી ૭ કલાક ધાર્મિક જ્ઞાનાભ્યાસ કરી રહ્યા છે...

૨૦ મી મે ના શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ખાસ આમંત્રિત કરાયેલા કર્ણાટક સ્ટેટના હાઈકોર્ટ ચીફ જસ્ટીસ શ્રી પી.સી. જૈને દીપક પ્રગટાવી, શિબિરના



જ્ઞાનાભ્યાસના ટેક્સબુક્સમાં 'જૈન ધર્મનો પરિચય' પુસ્તક પૂજ્યશ્રીને અર્પણ કરી. પોતાની કિંમતી શિખામણ જૈન સમાજને વ્યક્ત કરેલી કે "આજના કાળમાં સૌથી વધુ જરૂર છે યુવાનોને ધર્મના રસ્તે ચઢાવવાની... અને તેના માટે આરંભેલા આવા જ્ઞાનયજ્ઞો ખૂબ જ આયોજાય..."

શિબિરના નિત્યક્રમમાં યુવાનોને જિનભક્તિના રસની વૃદ્ધિ થાય એ કારણે 'શ્રી અષ્ટાપદજી મહાપૂજા'નું આયોજન બેંગ્લોર સંઘના આરાધક હસ્તી બિલ્ડર્સવાળા શ્રી હસ્તીમલજી દ્વારા કરવામાં આવ્યું હતું... પૈસાની પાછળ જોયા વિના એક મહાપૂજાની જેમ મોટા પાયા પર આયોજાયેલ આ પૂજામાં શ્રી લબ્ધિસૂરિ સંગીત મંડળના યુવકો દ્વારા અષ્ટાપદજી તીર્થની કરાવાયેલ રચના; કોચીનવાલા પ્રફુલ્લભાઈ અને બેંગ્લોરવાળા શ્રી પ્રતાપભાઈ ટોલિયા મંડળીની પ્રભુભક્તિ તથા પૂજ્યશ્રીની વિવિધ રાગો અને આખ્યાન દ્વારા પૂજાના ભાવોને સમજાવવાની કળા જોવા લોકોએ ખૂબ સારા પ્રમાણમાં લાભ લીધો હતો... હસ્તી બિલ્ડર્સવાળા હસ્તીમલજીએ સાધર્મિક ભક્તિ દ્વારા સાધર્મિકોનો ખૂબ સારો લાભ લીધો હતો...

જેઠ સુદ-૧૦ ના ૨૫ મી જૂનના દિવસે પૂ.પં. શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણી મહારાજની આચાર્ય પદવીના પ્રસંગને સુંદર રીતે ઉજવવા સંઘના ભાઈઓ જુદા જુદા આયોજનોમાં જોડાઈ ગયા છે...

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૩૮/૩૯,તા.૨૫-૬-૧૯૮૮

## આધ્યાત્મિક શિબિર પૂર્ણાહુતિ

● **બેંગ્લોર :** અત્રેના જયનગરના ઉન્નત શ્રી જિનમંદિરમાં બિરાજિત સુવ્રતાનંદન શ્રી ધર્મનાથ ભગવાનની શીતળ છાયામાં અને વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવનકારી નિશ્રામાં કૉલેજિયન વગેરે વિદ્યાર્થીઓની ૨૦ દિવસીય ધાર્મિક શિબિરોનો અભ્યાસક્રમ પૂર્ણ થયો. દરરોજ પૂ. પાદશ્રીના ત્રણ પ્રવચનો, બીજા ત્રણ મુનિભગવંતોના ત્રણ પ્રવચનો અને રાત્રિમાં પુનરાવર્તન કરાવતા મુનિરાજનો કલાસ એમ લગભગ ૭ કલાક ગ્રહણશિક્ષા ઉપરાંત દૈનિક સ્નાત્ર મહોત્સવ, સામાયિક, રાત્રિના ભાવના, પાંચ તિથિ પ્રતિક્રમણ આદિ આસેવન શિક્ષા પામતા વિદ્યાર્થીનો વખત ક્યાં પસાર થતો એની એમને જાણે ખબર જ નહોતી પડતી...

અત્રે મહેસાણા પાઠશાળા જેવી ધાર્મિક શિક્ષકો તૈયાર કરતી સંસ્થા ચાલે છે

એના વિદ્યાર્થીઓએ પણ શિબિરમાં જોડાઈ પોતાની જાતને ધન્ય બનાવી.

પૂર્ણાહુતિ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે પધારવાનું કર્ણાટકના શિક્ષણમંત્રી શ્રી સોમશેખરજીને આમંત્રિત કરાયેલા. વિદ્યાર્થીઓની બે વખત લેખિત પરીક્ષા, મૌખિક પરીક્ષા ઉપરાંત લેખિત નિબંધ સ્પર્ધા થઈ. "શિબિરમાં આવવા પૂર્વે અમો કેવા તોફાની, ઉચ્છ્રંખલ હતા અને અહીં તાલીમ લીધા બાદ અમો કેવા સંસ્કારી બન્યા છીએ વગેરે" વાતો વિદ્યાર્થીઓએ લેખિત જણાવી ત્યારે ખ્યાલ આવ્યો કે ટેલિવિઝન, ટેપ સિનેમા, સહશિક્ષણ, ઈંડા-માંસ ભક્ષણ આદિનો સરકારી પ્રચાર, શાળા કૉલેજમાં નીતિમત્તાના શિક્ષણની અલ્પતા વગેરેના આ કાળમાં ગુમરાહ બનેલા જૈન યુવાનો-બાળકોને આધ્યાત્મિક ધાર્મિક નૈતિક શિક્ષણની કેટલી ગજબની જરૂર છે.

૨૦ દિવસમાં લેખિત પરીક્ષા, નિબંધ સ્પર્ધા, મૌખિક પરીક્ષા આદિ જે લેવાઈ... વિદ્યાર્થીઓને લગભગ ૧૪ હજાર રૂા.ના ઈનામ અપાયા હતા. વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષામાં અઘરા પણ પેપરોનાં સુંદર ઉત્તરો આપી બેંગ્લોર શ્રી સંઘના શ્રાવકોને આનંદિત કર્યા હતા...

આવા આયોજન દ્વારા ભાવિ શ્રાવક સંઘના મહાન ઘડતરમાં લાભ લેનાર શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ બેંગ્લોર તથા આ પવિત્ર કાર્યમાં પ્રત્યક્ષ કાર્યમાં પ્રત્યક્ષ પરોક્ષ સહકારી બનનાર બધા જ ખૂબ ધન્યવાદને પાત્ર બન્યા છે.

પૂ. પંન્યાસશ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવર મ.ની આચાર્ય પદવી તા. ૨૫-૬-૮૮ ની નક્કી થતાં શ્રી સંઘ ખૂબ સુંદર તૈયારીઓમાં લાગી ગયો છે.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૬,અંક-૪૦,તા.૨-૭-૧૯૮૮

## શિબિરથી થયેલા લાભ

(સુવ્રતાનંદન શ્રી ધર્મનાથ ભગવાનની શીતળ છાયામાં અને વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં જયનગર-બેંગલોરના આંગણે ૨૦ દિવસના શિબિરના અંતિમ દિવસોમાં વિદ્યાર્થીઓને "શિબિરથી થયેલા લાભ" એ વિષય પર મુક્તમને લખી લાવવા જણાવાયેલું. વિદ્યાર્થીઓના આવેલા એકરારોમાં થોડું તારણ અત્રે વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતાર્થે પ્રગટ કરીએ છીએ- સંપાદક)



- જૈનશાસન કેટલું મહાન છે ! અહીં અમને ભણવા બોલાવ્યા, બધી જ સગવડતા આપે છે. સારું ભોજન પ્રેમથી જમાડે છે. નોટબુકો પણ ફ્રી આપી અને પૂ. ગુરુદેવની અમને જ્ઞાન આપવાની ધગશ પણ કેટલી બધી છે !
- પ્રવેશની સાથે જ અમને પાંચ નોટબુક મળી પણ સાથે સાથે થાળી ધોઈને લૂછવા માટે સુંદર નેપકીન પણ અપાયો. હવે થાળી ધોઈ પીવાનાં મારા ૨૦ દિવસના સંસ્કાર કાયમ ટકશે.
- શિબિરના ૨૦ દિવસના વર્ણન કયા વાકયમાં કરું ? મને ખૂબ જ જાણવા મળ્યું. લાગે છે કે શિબિરને પાંચ દિવસ વધારી દેવી જોઈએ.
- શિબિરે મને ઉન્માર્ગગમનથી બચાવી લીધો હવે મારું નવું જીવન જોઈને પપ્પા-મમ્મી આદિ બધા ખૂબજ આશ્ચર્ય પામશે અને આનંદ અનુભવશે.
- શિબિર જેમ યુવાનો માટે ઉપયોગી છે... તેમ બધા માટે ઉપયોગી છે. મારી પૂ. ગુરુદેવશ્રીને વિનંતી છે કે, આવું જ્ઞાન અમારા પપ્પા-મમ્મીને પણ આપે.
- શિબિરના ૨૦ દિવસમાં અમે ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું... ઘણું... ભણ્યા... સ્કૂલ કે કોલેજમાં પણ આટલું જ્ઞાન ૧ વર્ષમાં અમે નથી ભણતાં.
- આશ્ચર્ય જુઓ ! કોલેજમાં માંડ ૧ યા ૨ કલાક ભણનારો હું અહીં ૭ થી ૮ કલાક ભણતો હતો જરાય કંટાળો નહીં આવ્યો..... નવું નવું ભણવાનો-જાણવાનો ઈન્ટરેસ્ટ બન્યો રહ્યો.
- શિબિરમાં મને એવું જ્ઞાન મળ્યું... જે હવે મારી આખી જિંદગી મને કામમાં આવશે.
- મારા ગામમાં જઈ મારા ધાર્મિક ટીચરને શિબિરની વિગત હું આપીશ જેથી તેઓ પણ બીજા વિદ્યાર્થીઓને આ રીતે ભણાવી શકે.
- જો હું શિબિરમાં ન આવ્યો હોત તો મને મોક્ષ અને મોક્ષમાર્ગ શું ? જૈન ઈતિહાસ શું ? જૈન આચાર શું ? જૈન તત્ત્વજ્ઞાન શું ? આ બધાની સહેજ પણ ખબર ન પડત અને જાણત નહીં તો મારા જીવનમાં - આજે મોટો ફેરફાર થયો છે તે થાત પણ નહીં.
- મારા પૂર્વના દુરાચારી જીવનથી તો હવે મને ખૂબ જ પસ્તાવો થાય છે. ખરેખર જો શિબિરમાં ન આવ્યો હોત તો મને કાયમનો પસ્તાવો રહી જાત મારો આત્મા પવિત્ર અને ધન્ય બન્યો.
- સૂત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કેવી રીતે થાય છે ? એ હવે હું બરાબર શીખી ગયો

છું.... અહીં આવીને મેં જુદી જુદી ૧૫ પ્રતિજ્ઞાઓ લીધી છે.

- હવે બધા મને કહેશે- ''શિબિરમાં જઈને તું તો સાવ બદલાઈ જ ગયો'' મને ધર્મના સુંદર સંસ્કારોથી વાસિત જોઈને મારા પાડોશીઓ તેઓના પુત્રને જરૂરથી શિબિરમાં મોકલશે.
- સ્કૂલ ને કોલેજ તો શું ? કોઈપણ પાઠશાળામાં પણ આ રીતે ૨૦ દિવસમાં આટલું બધું ભણાવવામાં નહીં આવતું હોય, ટુંકા સમયમાં ઘણું જ્ઞાન પામીને મેં ધન્યતા અનુભવી.
- હવે હું રોજ જિનપૂજા કરીશ... અને ઘેરથી ધૂપ લઈને જઈશ.
- હું શિબિરમાં પાંચ દિવસ મોડો આવ્યો તેનું મને દુઃખ થાય છે. કારણ કે શિબિરની એક મિનિટ અણમોલ હતી.
- શિબિરમાં આવવાથી હવે મને લાગે છે કે- ''મારી જિંદગીનો એક ખરાબ ઇતિહાસ (ચેપ્ટર) સમાપ્ત થઈ ગયું અને એક નવો જ ઇતિહાસ (જીવન-ચેપ્ટર) શરૂ થયું છે.''
- શિબિર પહેલાં કાંદા-બટાટા અને અભક્ષ્ય તેમજ રાત્રે ખાનાર હું, હવે આ બધાના ત્યાગની પ્રતિજ્ઞાપૂર્વક ઘેર જાઉં છું.
- વરસના ૧૦૦ સિનેમા જોનારો હું - આજે ફિલ્મી દુનિયાને ભૂલીને ધર્મી દુનિયાને મારી સાથે લઇને જઇ રહ્યો છું.
- પહેલા હું સ્કૂલમાં છોકરીઓને ચિડવતો, મશ્કરી કરતો તેની સામે ગંદા શબ્દો બોલતો, કાગળના એરો બનાવી મારતો, હવે ગુરુદેવના વ્યાખ્યાનો સાંભળી - આ બધું તો નહીં પણ છોકરીઓની સામે પણ નહીં જોવાની મે પ્રતિજ્ઞા કરી છે.
- આ શિબિરમાં મેં આત્મજ્ઞાન મેળવ્યું છે. આ મનુષ્યજીવન શા માટે છે ? એ મને સમજાયું છે.
- શિબિર પહેલા મારામાં સુસંસ્કારો ન હતા. હવે મારા જીવનમાં ઘણો ફરક પડી ગયો છે.
- મને તો એ વિચાર આવે છે કે - આટલી મોટી ૭૮ વર્ષની ઉંમરમાં પણ આચાર્ય પૂ. ગુરુદેવશ્રી કેવું સુંદર વ્યાખ્યાન કરે છે ? વ્યાખ્યાનની-સમજાવવાની શૈલી પણ કેટલી સુંદર ! હું આ શિબિરમાં ન આવ્યો હોત તો મારામાં વૈરાગ્યભાવના ન થાત.
- આગળ જ્યાં પણ શિબિર થશે ત્યાં આવવા હું પુરો પ્રયત્ન કરીશ.



- મને મારા માતા-પિતાએ આગ્રહ કરીને મોકલ્યો. પણ અહીં જે તત્ત્વજ્ઞાન અને આચારાદિ ભણાવ્યાં તેથી ખરેખર મને ખૂબ જ જ્ઞાન મળ્યું છે. આવું પ્રગટ દીવા જેવું જ્ઞાન મને આજ સુધીમાં બીજે ક્યાંય મળ્યું ન હતું...
- અરે ! ૨૦ દિવસમાં અમે કેટલું કેટલું ભણ્યા. ત્રણ પેપર દ્વારા ત્રણ લેખિત પરીક્ષા, એક નિબંધસ્પર્ધા, અને મૌખિક પરીક્ષા, પાંચ વિષયની પાંચ નોટબુક તૈયાર કરી. આ પહેલાં આટલા દિવસમાં આટલું બધું ક્યારે ય ભણ્યા નથી.
- ત્રણ પરીક્ષાના ત્રણ પેપરો જોઈને-વાંચીને-લખીને મને એમ થાય છે કે... આ પેપરો વાંચીને પપ્પા-મમ્મી કેટલા આનંદ પામશે ?
- જૈનધર્મના નિગોદ, સહજમલ, પુદ્ગલાવર્ત, ચરમાવર્ત, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, ચલિતરસ, અર્ધાવનતમુદ્રા આદિ અનેક શબ્દો મેં પહેલી વાર જ સાંભળ્યા... અને જૈનધર્મ કેટલો વિશાળ છે તે જાણ્યું.
- શિબિરમાં તો અમે ૧૨૦ વિદ્યાર્થીઓ જ હતા.... તેથી ૧૨૦ ને જ જ્ઞાન મળ્યું.... ભારતભરમાં આવી શિબિર યોજાય તેમ હું ઇચ્છું.... તેથી રાહ ચુકેલા-ભટકી ગયેલા યુવાનોનાં જીવનમાં ટર્ન આવે.
- ચીકન ખાવાવાળા દોસ્તારોની સાથે હું કેન્ટીનમાં બેસતો.... હું ખાતો ન હતો... પણ પાપ પણ નહોતો માનતો. હવે આ ભયંકર પાપ છે તે મને સમજાયું છે.
- ન જોવાય તેવી ગંદી સિનેમા મેં જોઈ છે.... પણ આજથી હું તેનો સર્વથા ત્યાગ કરું છું.
- સિનેમા અનર્થદંડ નામનું ભયંકર પાપ છે તે જાણીને ૨ વર્ષ માટે મેં તેનો સર્વથા ત્યાગ કર્યો છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી હું એક વરસે ૧૦૦ જેટલી સિનેમા જોતો હતો.
- હું પૂજા શા માટે કરવી તે જાણતો હતો નહીં. એટલે માતા-પિતા કેટલો પણ ફોર્સ કરે તો પણ હું પૂજા કરવા ન'તો જતો. હવે મૂર્તિપૂજાના રહસ્યોને જાણીને પૂજા કરવાનો ખૂબ જ મૂડ આવે છે.
- શિબિરમાં સંગીત સાથે સ્નાત્રપૂજા થતી હતી. તેથી મારું મન ખૂબ જ ભક્તિમય બની ગયું છે.
- ૨૦ દિવસની શિબિરમાં એટલું બધું ભણવાનું હતું કે રસગુલ્લા કે જલેબી આજે ખાધી છે.... તેવું પણ ભૂલાઈ ગયેલું.

* પહેલા મને 'પ્રતિજ્ઞા' પર વિશ્વાસ ન હતો. આજે પ્રતિજ્ઞાથી જ દરેક પાપ ત્યાગ કરી શકાય છે.... તેવી દૃઢ માન્યતાવાળો હું બની ગયો છું.
* સિગારેટ- 'ચેઈન સ્મોકર'ની જેમ પીનારો હું.... હવે સિગારેટનો ત્યાગી બન્યો છું. તે પ્રભાવ શિબિરના સુસંસ્કારનો છે.
* સિનેમાના ગીતોને જ ગાનારા મેં - શિબિરમાં પાંચ સ્તવન, ૨ સજ્ઝાય, ૫ સ્તુતિ પાકા કર્યા છે. હવે રોજ મંદિરમાં ગાઈશ.
* શિબિરથી મને જીવન જીવવાનો રસ્તો મળ્યો...
* Before shibir I took hot smoke. I was Smokig. now I left it. if I would have not come in shibir I would have seen 10 movies in 20 days. My movie seeing habit is also gone I knew here five stuties, five stavans, twn sajzays, I (being sthanak wasi) did not do pooja before. I will do it now.

After coming bere I got knowledgc of many, which I had never heard or seen in my life. I took many vows here.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૭,અંક-૩૪,તા.૧૦-૫-૧૯૮૬

## (રાજકોટ) જૈન યુવાગ્રુપ દ્વારા આધાત્મિક શિબિરમાં પૂ. રત્નસુંદરવિજયજીની પ્રેરકવાણી સ્ત્રીઓના અપહરણ થાય છે તે આજની કરુણતા નથી પણ આજે કોઈ 'જટાયુ' નથી તે મોટી કરુણતા છે

* પ્રેમ કરવાની શરૂઆત માતાપિતાથી કરજો.
* મહેમાન બનીને જાઓ તો ઓછામાં ઓછાથી ચલાવી લેજો.
* તેજસ્વી માણસ અન્યાય કરે નહિ, અન્યાય સહે નહિ.
* પૈસો ત્રણ વસ્તુ નથી આપતો સાચી ઊંઘ, ભૂખ અને શાંતિ.

શ્વેત વસ્ત્રો પરિધાન કરેલા અગિયારસો યુવાનો તલ્લીન બનીને એ મહર્ષિની પ્રેરક વાણી શ્રવણ કરી રહ્યા હતા... જેમની વાણીમાં એક એવું ચુંબકીય તત્ત્વ છે. એક એવું આકર્ષણ છે જે આ યુવાનોને કાલાવાડ રોડ પર આવેલ સવાણી હોલ પ્રત્યે એક જૈનસંતની પાવન નિશ્રામાં ખેંચી લાવ્યું હતું... સાધન સંપન્ન આ યુવાનોને જૈન યુવા ગ્રુપ દ્વારા યોજાયેલી આ આધ્યાત્મિક શિબિરમાં જતા રોકી



રાખવા માટે 'મહાભારત' સહિતના ટી.વી. કાર્યક્રમો સહિત ભોગવિલાસના સાધનો પાંગળા પૂરવાર થયા હતા... કારણ કે એ યુવાનોનો પુણ્યશાળી આત્મા એ સમજતો હતો કે જગતમાં સાચુ સુખ અને શાંતિ સંતોના સાનિધ્ય સિવાય ક્યાંય નથી...

યુવાનોને સાચુ જીવન સાફલ્ય શેમાં છે એ સમજાવી રહ્યા હતા. વિદ્વાન મહાત્મા શ્રી રત્નસુંદર વિજયજી મહારાજ... પ્રેમની અધકચરી ભાષા જાણતા આ યુવાનોને મુનિશ્રીએ કહ્યું... "પ્રેમ કરવાની શરૂઆત તમારા માતા-પિતાથી કરજો... પત્ની ઉપરનો પ્રેમ માતાના પ્રેમ કરતા ચઢી જાય ત્યારે હે યુવાનો ચોક્કસ જાણજો કે આપત્તિ કાળ આવ્યો છે... દુનિયામાં એક માની જ પસંદગી થતી નથી..." દીપજ્યોતિ સમી આ પાવકવાણી યુવાનોના હૃદયમાંથી અંધકારને હટાવી રહી હતી... યુવાનો ખુદ નિહાળતા હતા પોતાના આત્માની એ ભવ્યતા... જેમની સર્વે અને જેમની વાણીનું આચરણ જન્મોજન્મ સુધી સુખશાંતિ બક્ષે એવા મુનિશ્રી રત્નસુંદર વિજયજીએ રાજકોટના યુવાનોમાં એક જબ્બર ક્રાંતિ કરી છે...

રાજકોટ જૈન યુવા ગ્રુપ દ્વારા યોજાયેલ જૈન આધ્યાત્મિક શિક્ષણ શિબિરમાં ચિક્કાર યુવા સમુદાયને સંબોધતા કહ્યું જીવનને જો દિવ્ય બનાવવું હોય તો ત્રણ એલ ને જીવનમાં અપનાવજો પહેલુ છે **લર્ન**-શીખવાની વૃત્તિ રાખજો. હાથ પગ ચલાવે તે કામદાર, હાથ પગ અને બુદ્ધિ ચલાવે તે કારીગર, પણ જે હાથ પગ બુદ્ધિ અને સાથે હૃદય પણ ચલાવે તે છે કલાકાર. તમે કલાકાર બનજો. માતા પિતાની મહત્તા સમજાવતા મુનિશ્રીએ બીજી બાબત છે **લવ** પ્રેમની શરૂઆત માતા પિતાથી કરવી જોઈએ. માતા પિતાને રોજ પ્રણામ કરજો. પરણ્યા પછી માતાને સુધરી જવાનું કહેતા આજના યુવાનને પોકારી પોકારીને મુનિશ્રીએ કહ્યું માને નહિ પણ પત્નીને કહેજો કે તે માને અનુકૂળ થાય. યાદ રાખજો કે માતા-પિતા, ગુરુ અને ભગવાનનો બદલો કદી વાળી શકતો નથી. જીવનને સુખી કરવાની ત્રીજી શરત છે **લીવ** યાને કે જીવવું, જીવવું એટલે ખુમારીથી જીવવું ગમે તેવા પદાર્થો વિના ચાલશે કોઈ પદાર્થની ગુલામી નથી આનું નામ ખુમારી. અમુક નાસ્તા વગર નહિ ચલાવનાર કે ઈન્સા નીકળી જાય તે બીકે સાધુ સંતો કે ભગવાનને નહિ માનનારા બુટની દોરી સરખી ન બંધાય કે વ્યગ્ર બની જનાર આવા એમાં ખુમારી નથી. પ્રતિકૂળ પરિસ્થિતિનો પ્રતિકાર ન કરતા સ્વીકાર કરવો એનું નામ ખુમારી. આને કારણે જ સંતો ગમે ત્યાં જાય પણ લોકપ્રિય થાય છે અને આજનો યુવાન ગમે ત્યાં જાય છે તો અપ્રિય થાય છે તેનું કારણ આ છે. યાદ રાખજો તમે જ્યાં પણ જાઓ ત્યાં જેટલું હોય તેના કરતા ઓછાથી ચલાવી લેતા શીખજો. લોકપ્રિય થવાની કળા મહારાજશ્રીએ સરળ ભાષામાં આ રીતે કહી દીધી...!

ત્યારબાદ બીજું પ્રવચન વન કરતા યૌવન ભયંકર એ વિષય પર આપતા કહ્યું કે જો યૌવન જોખમમાં ન મૂકવું હોય તો ત્રણ બાબત ખાસ આચરણમાં મૂકજો (૧) તેજસ્વીતા (૨) તપ અને (૩) તત્પરતા. તેજસ્વી માણસ એ કે જે અન્યાય કરે નહિ કે અન્યાય સહન કરે નહિ. એક ઉદાહરણ આપતા મહારાજશ્રીએ કહ્યું મુંબઈમાં એક વાર એક ચાલીમાં બે છોકરીઓનું અપહરણ થયું. એક વૃદ્ધ માણસે આ અંગે વેદના ઠાલવી તો કેટલાક મોર્ડન યુવાનોએ દલીલ કરી આવું તો અહીં વારંવાર બને છે. અરે રામના વખતમાં પણ સીતાજીનું અપહરણ નહોતું થયું. પેલા વૃદ્ધે કહ્યું સાચી વાત છે રામના સમયમાં પણ સીતાનું અપહરણ થયું હતું પણ ત્યારે જટાયુ પોતાની અશક્તિ જાણતો હોવા છતાં રાવણની સામે થયો હતો... અપહરણ થાય છે તે આજની કરુણતા નથી પણ આ ચાલીમાંથી જટાયુ જેવો કોઈ પાક્યો નથી એ આજની કરુણતા છે... યુવાનો તેજસ્વી બનજો અન્યાયનો સામનો કરજો દવા અને પૌષ્ટિક ખોરાકથી તેજ નથી મળતું. જ્યારે કોઈ પાપને પડકારતું નથી ત્યારે પાપાચાર વધતો જાય છે.

બીજો નિયમ છે તપસ્વી બનો. ઈન્દ્રિયો પર સંયમ રાખજો અરે... માત્ર એક દિવસનો પ્રયાસ કરજો કે ઘરેથી ઓફીસે જાઓ તો રસ્તામાં જાણી બુઝીને કોઈ પરસ્ત્રી સામું ન જોશો. સો ધર્મ કર્મ કરવા સહેલાઈ પણ આ પાપકર્મમાંથી બચવું કેવું મુશ્કેલ છે...! લગ્ન કર્યા પછી તે જ દિવસથી પિતાજીને ખાતર ૧૧ વર્ષ બ્રહ્મચર્ય પાળનાર એક યુવાનનો દાખલો આપી મહારાજશ્રીએ કહ્યું કે જ્યારે મેં એ યુવાનને પૂછ્યું કે આ તો તારા પક્ષની વાત થઈ તારી પત્નીનું શું ? ત્યારે એ યુવાને કહ્યું મહારાજ સાહેબ... મારી પત્નીએ મને એમ કહ્યું કે જે પુરુષ સોહાગરાતના દિવસે જ બ્રહ્મચર્યની ભેટ આપતો હોય એવો પુરુષ તો લાખો જન્મોની સાધના પછી જ મળે... આવા માણસો પર ટકી રહ્યો છે આ હિન્દુસ્તાન. આવી ખુમારી છે આ દેશમાં આનું નામ જ તપસ્યા.

"ત્રીજી વાત છે તત્પરતા. સતકર્મનો પ્રારંભ કર્યા પછી વિઘ્નની બીકે તેને છોડી દેવું ન જોઈએ. વળગી રહી યાદ રાખજો એકસો જગ્યાએ એક એક ફૂટનો ખોડો ખોદશો તો ક્યાંય પાણી નહિ નીકળે પણ એક જગ્યાએ સો ફૂટનો ખાડો ખોદશો તો પાણી જરૂર નીકળશે. શિબિરમાં તમે નિયમો તો લીધા ઉત્સાહ દાખવે છે...! પણ જો તત્પરતા નહિ હોય તો તે ટકશે નહિ. પૈસાથી માણસને કદી સુખ મળતું નથી એ વાતને સ્પષ્ટ કરતા મહારાજશ્રીએ કહ્યું પૈસાદારને સાચી ભૂખ, ઊંઘ કે શાંતિ મળતા નથી. આ ત્રણ માટે તેને ઘણી બધી ચીજોનો આશ્રય લેવો પડે



છે જ્યારે ગરીબોને આ ત્રણ વસ્તુ અનાયાસે મળી જાય છે."

અંતમાં મહારાજશ્રીએ બે પ્રતિજ્ઞાઓ ઉપસ્થિત યુવાનોને ઈશ્વર સાક્ષીએ લેવડાવી હતી તેના એક જીવનમાં કદી ઈંડા વગેરે અભક્ષ્ય પદાર્થો નહિ ખાઈએ અને બીજું રોજ સવારે માતા-પિતાને વંદન કરશું. આ શિબિરનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય વજુભાઈ વાળાએ કર્યું હતું. જ્યારે સમગ્ર શિબિર વ્યવસ્થા જૈન યુવા ગ્રુપના ભાઈઓએ કરી હતી. પ્રારંભ પહેલા સ્ત્રી વિકાસ ગૃહની બહેનોએ સ્તવન ગાન ગાયું હતું દરમિયાન મહારાજશ્રીએ બે જ્ઞાનપ્રદ પ્રેરક પુસ્તકોનું આ પ્રસંગે શ્રી શશીકાંતભાઈ મહેતાએ તથા બીજા પુસ્તકનું નિશુભાઈ શાહના હસ્તે વિમોચન કરવામાં આવેલ. શિબિરમાં **'જયહિન્દ'** સાંજ સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી પ્રદીપભાઈ શાહ તથા અમાકાકા તથા ભરતભાઈ શાહ, વસંતભાઈ માલવીયા, પ્રવિણભાઈ મણીયાર, હરસુખભાઈ તંબોલી, જયંતીભાઈ શાહ તથા અનેક આગેવાનો ઉપસ્થિત હતા. શિબિર બાદ સાધર્મિક ભક્તિનો કાર્યક્રમ હતો.

## પૂ. રત્નસુંદરવિજયજીના જ્ઞાનપ્રદ પ્રેરણા પુષ્પો...

- લગ્ન ઈચ્છુક યુવાન પહેલા પત્નીની વ્હાઈટનેસ (સુંદરતા) જુએ પછી હાઈટ (ઊંચાઈ) જુએ પછી રાઈટ (લગ્ન માટે તૈયાર) થાય અને પછી જીવન ફાઈટ (ઝઘડા) કરે...!
- પૈસાદારને આ ત્રણ વસ્તુ મેળવવામાં મુશ્કેલી પડે છે : 'ભુખ, ઊંઘ અને શાંતિ'.
- આજે યુવાનોમાં શક્તિ છે ઉત્સાહ છે પણ વિવેક નથી.
- પાપથી છુટવું સહેલું છે પણ કર્તવ્યનો જેના પર સિક્કો લાગી જાય એવા પાપથી ફરવું ભારે મુશ્કેલ.
- ભગવાન સામે એક ડગલું ચાલો તો ભગવાન તમારી સામે ૯૯ ડગલા ચાલશે.
- ભયથી કામ ચલાઉ પરિવર્તન આવે પણ પ્રેમ કાયમી પરિવર્તન લાવે. પ્રેમની ગેરહાજરીમાં પણ માણસ વશમાં છે.
- ગામની રોજ નવી નવી યુવતી સાથે વ્યભિચાર કરનાર વડોદરાના રાજા મલ્લાહરાવને એક યુવાને નાટક ભજવીને કહ્યું હવે નવી યુવતી તરીકે એક તમારી મા બાકી છે...! અને રાજાનું હૃદય પરિવર્તન થઈ ગયું...!
- જેનામાં છોડવાની ખુમારી તે કાયમ માટે સુખી, પણ જેનામાં લેવાની લાચારી તે કાયમ માટે દુ:ખી.

- તમારા ઘરે આવતો તાર શીખવે છે ઓછા શબ્દોની વધારે કિંમત છે.
- એકવાર બે મોટરગાડી ભટકાઈ પણ હંકારનારાને ઈજા ન થઈ, ગાડીને મોટું નુકસાન. બંને જણા છતાં હસે કોઈએ પૂછ્યું હસો કાં...? તો જવાબ દીધો ગાડીનો વિમો ઉતરાવ્યો છે તમારી જિંદગીનો વિમો ભગવાન પાસે ઉતરાવી લો પછી નિશ્ચિત થઈને ફરો...!
- શરીર સ્વસ્થ છે ત્યાં સુધીમાં ભક્તિ કરી લો.
- સરસ્વતી વિના ચાલે લક્ષ્મી વિના ચાલે પણ સત્ત્વ વિના ન ચાલે.
- પ્રેમ કરવાની શરૂઆત માતા-પિતાથી કરો.

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૮,અંક-૯,તા.૧૧-૧૧-૧૯૮૯

## રાજસ્થાન-ખુડાલામાં યુવાનીનો કાયાકલ્પ

**(તં વિક્રમં ગુરુવરં વરદં નમામિ.)**

કોઈ જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરવા સોમપૂરા વર્ષો લઈ લે, કોઈ વ્યક્તિના કાયાકલ્પ કાજે વૈદ મહિનાઓ માંગી લે છે. પણ... માત્ર ૭૨ કલાકમાં ૩૭૫થી વધુ જીવનનો જીર્ણોદ્ધાર થઈ ગયો...! ફક્ત ત્રણ જ દિવસમાં... પોણા ચારસો યુવાનોનો કાયાકલ્પ થઈ ગયો...!

ખુડાલા નગરમાં પૂ.આ.ભ. નવિનસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. જિનભદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.ભ. હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ.સા.ના સાનિધ્યમાં એ જીર્ણોદ્ધાર કરનાર સોમપુરા છે, એ કાયાકલ્પ કરનાર વૈદ છે...

પૂ. શાસનપ્રભાવક સંઘમૈત્રીના ઉત્કૃષ્ટ ચાહક પૂ.આ.ભ. વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના સાનિધ્યમાં જીવનભર સમર્પિત થઈ સમાઈ જનારા શિષ્ય પૂ.પં.પ્રવર યશોવર્મવિજયજી મ.સા...!

યુવાનોના મુખેથી ત્રણ દિવસની અલૌકિક શિબિરથી થયેલા લાભની... બદલાયેલા જીવનની... પલટાયેલા વિચારોની... રોમાંચક ને રોમહર્ષક જે હૃદયસ્પર્શી વાતો સાંભળી... તે સાંભળી અમને થયું...

શ્રી સંઘને પણ આપણે શિબિરથી થતા ને થયેલા લાભથી અવગત કરીએ, અને ખાસ **દિવ્યદર્શન**ના વાંચકો માટે રીપોર્ટ મંગાવ્યો...

વાંચો... ત્રણ દિવસની એ ઉજ્જવળ પળોને... અક્ષરોના માધ્યમે...!



**પ્રથમ દિવસ...** ઉગતા સૂરજની સાખે જ્યારે ખુડાલાવાસીઓએ આંખ ખોલી ત્યારે એમને બધી જ વાસોમાં... ગલીઓમાં... ને રોડ પર White & White માં ફરતી યુવાની દેખાઈ.

ને એ યુવાનીની દોટ હતી દાદા ધર્મનાથના જિનાલય તરફ... પ્રાતઃ ચૈત્યવંદન અને ભક્તામરના ભક્તિપાઠ બાદ ગુરુવંદન, નવકારશી ને... તરત પ્રવચન... પ્રવચન બાદ બપોરનું ભોજન... ને... બરાબર એક વાગે શિબિરનો પ્રારંભ થયો.

રેગિસ્તાનસા રાજસ્થાનની બેસીતમ ગરમી... ને... ફેન વગર કે એરકંડીશનર વગર જેવી ઘડીઓ નો'તી જતી એવા છેલછબીલા યુવાનો માત્ર જાજમ પર યુવાનો માત્ર જાજમ પર કતારબદ્ધ બેઠેલા... ને... તેય Pin drop Silence સાથે...! પૂ.આ.ભ. શ્રી ના મંગલાચરણ બાદ વાંચનાનો પ્રારંભ થયો.. વિષય હતો.

**જન્મ,... જિનશાસન... જિનતત્ત્વો...**

પૂજ્યશ્રીની અસ્ખલિત પ્રવચનધારામાં યુવાનો પૂર્ણ ડૂબી ગયા...! જન્મની દુર્લભતા જિનશાસનની મહત્તા ને, જિનતત્ત્વોની અલૌકિકતા પર ઓવારી ગયા...!

**જિંદગીમાં આ પ્રથમ કલાક હતો,** જ્યારે ગુમાવેલી પળો માટે અફસોસ થયો, મળેલા શાસન માટે ગર્વ થયો, ને જિનતત્ત્વો પર મસ્તક ઝુકી ગયું...! ને... ખાસ તો જૈન મુનિ પૂ.પં. યશોવર્મ વિ.મ.સા. ના "SCIENCE" ના અપૂર્વ નોલેજ... ને... ભાષાપરનું પ્રભુત્વને જોઈ...

પહેલે જ કલાકે યુવાનો ભાવિત ને પ્રભાવિત થઈ ગયા...!

**બીજી વાંચના હતી...**

## ધર્મીનું રૂપ અને સ્વરૂપ...

સતત કલાક સુધી ચાલેલી આ બીજી વાંચનાએ યુવાનોની અંતર અને આંખોને વરસાવી દીધી... પોતાના ગઈકાલના જીવન પર માતાપિતા સાથેના વર્તાવ પર... અને કરી દીધેલા અપરાધો પર...!!

**ત્રીજી વાંચના હતી... આપણો ભાતીગળ ઈતિહાસ ને... ગૌરવભર્યો ભૂતકાળ...**

ત્રીજા કલાકની આ વાંચનાએ તો કમાલ કરી, તમામ યુવાનો Alert થઈ ગયા...

પોતાના એ પ્રતાપી પૂર્વજોના ઓજસ્વી જીવનને સાંભળતા એ ખીલી ગયા. અને... છેલ્લે શાસનગીત... "જૈનં જયતિ શાસનમ્" નું ગીત ગાતા તો તમામ

યુવાનોના રૂંવાટા ખડા થઈ ગયા.

ને... જિનશાસન માટે કંઈ કરી છુટવાની તમન્ના અને તરવરાટ ધરી બેઠા...

સાંજે... ભક્તિસંધ્યામાં રડતા યુવાનો... ને આરતિમાં ઝુમતા યુવાનો કમાલ હતા, અને રાતની ભાવનામાં જામેલી રંગત યાદગાર હતી.

**બીજે દિવસે...** જિનાલયમાં જગ્યા નહીં, પૂજાની ક્યુ...

હા... આમાં કેટલાય યુવાનો હતા, જે ત્રીસ વર્ષ સુધી દેરાસર નથી ગયા, જેમણે, ક્યારેય પ્રતિક્રમણ સરખું કર્યું નથી, જેમની એક સંવત્સરી રાત્રિભોજન વગર નથી વીતી...

અને... **બર્નાડશોની ભાષામાં... "જેમના પેટ કબ્રસ્તાન હતા"...**

એવા યુવાનોએ આજે પૂજા કરી.

અને... ઘરે આવી માતપિતાને પગે લાગ્યા ત્યારે... એ માતપિતાના આંસુઓના બંધ છૂટી ગયા.

૨૫ વર્ષ, ૩૦ વર્ષ અને ૪૫ વર્ષનો પુત્ર જ્યારે પિતાને પગે લાગ્યો ત્યારે...! વહુએ સાસુના ચરણ સ્પર્શ કરી આંસુ વહાવ્યા...!

માત્ર... પ્રથમ દિવસની શિબિરે જે પરિણામ આપ્યું તે અકલ્પ્ય હતું. આજે તો દરેક કાર્યક્રમમાં યુવાનો Beforetime હતા.

આજની સતત ત્રણ કલાક વરસેલી પૂજ્યશ્રીજીની વાંચનાએ યુવાનોને ખૂબ રડાવ્યા.

અને... કુમારપાળના ઇતિહાસને સાંભળતા તો એક ખુમારીનું મોજું ફરી વળ્યું. જિંદગીમાં થયેલા પાપો માટે, અત્યાર સુધી ન કરેલા ધર્મ માટે યુવાનો આજે ખૂબ પસ્તાયા, ને...! ખૂબ પામ્યા !!!

**ત્રીજો દિવસ...** હજુ સૂરજ ઊગે ન ઊગે ત્યાં તો આખું ય ખુડાલા બેન્ડના અને જયનાદના પ્રચંડ ઘોષથી ગાજી ઉઠ્યું.

યુવાનોની આજે ભવ્ય ચૈત્યપરિપાટી હતી... સવારે દસ વાગે જેમનો સૂર્યોદય થતો હતો તેવા યુવાનો આજે ખુડાલાની પ્રત્યેક વાસમાં-ગલીમાં બેન્ડ લઈને ફરી વળ્યા. ને... ખુડાલાના નરનારીઓની સાથે ભવ્ય-ચૈત્યપરિપાટી પ્રારંભાયી. યુવાનોએ સ્વયં... બૂટ-ચંપલ કાઢી નાંખ્યા, અને જિંદગીમાં પ્રથમવાર ખુલ્લા પગે ચાલ્યા.



ચાલ્યા જ નહીં... આખાય રસ્તે નાચ્યા...

એમાં એવાય યુવાનો હતા, જેમણે સાધુને હાથ જોડતા ય શરમ આવતી હતી, દેરાસરમાં જવાનીય ઇચ્છા થતી નો'તી, તે તમામ પ્રાયઃ આજે ભક્તિઘેલા બનીને નાચ્યા હતા ચૈત્યપરિપાટી પૂર્ણ થઈ, નવકારશીબાદ તરત પ્રવચન, ભોજન ને યુવાનો તરત શિબિર હોલમાં પ્રવેશી ગયા.

આજના છેલ્લા પ્રવચનો હતા, આજે શરૂઆતથી જ પૂજ્યશ્રી... જોશમાં હતા.

સતત અઢી કલાક ધારાબદ્ધ... અસ્ખલિત વરસેલી... તેજાબી... અને દર્દીલી કરુણાભીની પ્રવચનધારા યુવાનો માટે અસહ્ય બની ગઈ.

**ને... તમામ ઊભા થઈ ગયા... ને એક સાથે...**

**દારૂ, ઈંડા, માંસ, પાનપરાગ અને ૧૨૦/૧૩૦ના મસાલા આદિના જીવનભર ત્યાગના નિયમ લઈ લીધા...** આ કલ્પ્ય ઘડી હતી.

યુવાનો અને મુનિઓની આંખો પણ અશ્રુભીની બની ગઈ. કેટલીક ક્ષણો માત્ર ખામોશીમાં જ વીતી. ત્યાર પછી પૂજ્યશ્રીનું અંતિમ પ્રવચન થયું...

જે પ્રવચનને સાંભળતા સાંસ્કૃતિક મિનિસ્ટર "બીના કોક" વારંવાર રડતા રહ્યા, યુવાનોનો આ જોશ, એમનો હોશ અને એમના દૃઢ નિશ્ચયથી ઓપતા ચહેરા જોઈ...! એમણે શરૂ અર્ચન કર્યું. અને...

આંખ ભરી, અંતર ભરી અતિ ટૂંકા શબ્દોમાં કહ્યું.

**"મેરે જીવન કી યહ ધન્ય ઘડી હૈ... ઐસા મુઝે દેખને મિલા... ઔર... મનકો બદલ દે ઐસા પ્રવચન સુનને મિલા"** યહ પ્રવચનકી કીતનીહી બાતે મેં જહાં જાઉંગી વહાં કહને કામ લગેગી.

આજનું છેલ્લું પ્રવચન સમય, મર્યાદાને ઓળંગી આગળ વધી ગયું હતું.

પણ... યુવાનો ઉઠતા જ નો'તા.

પણ... સતત ત્રણ-ત્રણ દિવસથી સવારથી લગાવી રાતના સાડા અગ્યાર સુધી વ્યક્તિગત... પ્રાયશ્ચિત્ત... કબૂલાત... અને અપરાધોની માફી માગવા, તથા માર્ગદર્શન અને જીવનના પ્રારંભના આશિષ લેવા આવતા યુવાનો...

અને... એકધારા આપેલા પ્રવચનોથી શ્રમિત ને પરિશ્રમિત થઈ ગયેલા, પૂજ્યશ્રીજીએ યુવાનોને આગ્રહ ન કરવા સમજાવ્યા... પણ સભામાંથી સંભળાતું'તું. "સાહેબજી...! માત્ર અડધો કલાકની કૃપા કરો."

પણ... પૂજ્યશ્રીએ શાસનગીતનો સંકેત આપ્યો ને વાતાવરણ શૌર્ય સભર બની ગયું.

**આજે, યુવાનો બહાર નીકળ્યા ત્યારે આંખમાં આંસુ હતા, દિલમાં ખુમારી હતી, કદમોમાં જોશ હતું, ને... નવજીવનના પ્રારંભનો અપૂર્વ આનંદ હતો.**

અને બહાર આવતા વિરલ દૃશ્ય સર્જાયું હતું...

શિબિરહોલમાંથી બહાર આવતાં જ યુવાનો ધડાધડ સીગારેટના પેકેટો ગજવામાંથી કાઢી ફેંકવા માંડ્યા, પાન-પરાગ ને રજનીગંધાના પડીકાઓ ફેંક્યા, ને ચૂરી નાંખ્યા ધૂળ સાથે ૧૨૦/૧૩૦ના મસાલાઓ...!

ને... યુવાનોએ મનમાં વિચાર્યું...

બોટલની સ્મશાનયાત્રા કાઢવાનું, બોટલને સમૂહમાં વિસર્જન કરવાનું...!

આજે યુવાનો પૂરું જમ્યા પણ નહીં, આનંદના અતિરેકમાં... સાંજે સમૂહ આરતિનો ભવ્ય પ્રોગામ હતો, યુવાનો અવનવા રંગીન વસ્ત્રોમાં અસલી રાજસ્થાની સાફામાં, ને... રંગમાં આવી ગયા હતા.

સાંજે... સમૂહમાં આરતિયાત્રા પ્રારંભાયી...

યુવાનો જ બેન્ડવાલા હતા, યુવાનો જ ઢોલવાલા હતા,

ને... યુવાનો જ નૃત્યકાર હતા, કોઈ અપૂર્વ દબદબા સાથે આરતિયાત્રા ૮૦૦ વર્ષ જૂના ધર્મનાથ દાદાના વિશાલ જિનાલયમાં પ્રવેશી.

થનગનતા યુવાનો, ગીતગાતા બહેનોએ માત્ર એક જ મિનિટમાં દાદાના જિનાલયને ભરી દીધું. પણ મહાસાગરની જેમ ધસતો બેકાબૂ જનસમુદાય ચાલુ જ રહ્યો.

પુજ્ય મુનિ ભગવંત વિદ્વદ્વર્ય શ્રી પૂ. વીરયશ વિ.મ.સા. ને વિદ્વદ્વર્ય પૂ. અજિતયશ વિ.મ.સા.ના રેશમી ગળામાંથી સરતી દર્દભીની પ્રભુ સ્તુતિ-સ્તવનોએ સૌની આંખોને, સૌના અંતરને રડાવી દીધા. પ્રભુની અપાર કરુણા... અને આપણી અધમતાના સંસ્મરણોએ સૌ ગદ્‌ગદ બની ગયા... ને... ન જાણે કેટલાય જનમના પાપો ખપાવી દીધા...!

ભક્તિમાં મસ્ત બનેલા અને ઝુમતા નવયુવાનોને જોવા એય લહાવો હતો. આરતિ અને મંગલદીવાનો ચઢાવો... ૨૨ હજારનો આંક વટાવી ગયો. ને... સમય મર્યાદાને લઈ આદેશ આપી દેવો પડ્યો, પૂજ્યશ્રી ઉપાશ્રયમાં ગયા.

આ બાજુ આરતિ થઈ અને બીજી બાજુ આકાશમાંથી મેહુલો મન મૂકીને વરસતો રહ્યો. ને, અનરાધાર વરસેલા મેહુલાએ ખુડાલાની ધરતીને બે કાંઠે કરી



દીધી. ખુડાલાની ધરતી, વર્ષો પછી આવી વર્ષાને પામી તૃપ્ત બની.

આખાં ય ગામમાં જિનશાસનનો જયજયનાદ ગૂંજ્યો

**વિદાય...** યુવાનો જઈ રહ્યા હતા... સૌની આંખોમાં આંસુ હતા. પૂજ્યશ્રીએ વિદાયનું પ્રવચન આપ્યું...

યુવાનો માટે એ ભાથું બની ગયું. અને... આનંદ તો એ વાતનો છે કે...

મુંબઈ-દિલ્હી ને... અનેક પ્રાંતોમાંથી આવેલા, માત્ર ખુડાલાના જ યુવાનો પાછા ગયા, ત્યારે... ફાલના સ્ટેશનના, લારી... ગલ્લાવાળાઓ, અને... ટ્રેનમાં આવતા સૌ ફેરિયાઓ... આટલા બધા યુવાનોમાંથી... એકેય, જ્યારે...

**સિગારેટ તો શું... પાન-પરાગ કે મસાલા ન લીધા,** ત્યારે કહેવા લાગ્યા... 'અરે...! કમાલ...!! ઈધર કે લડકે હો, કોઈ ક્યોં નહિ લેતા ? ત્યારે... એ યુવાનોએ કહ્યું... **"હમ જૈન હૈ..."** ને, શિબીરની વાત કરી.

આજે તો ફાલના અને ખુડાલાના તમામ લારી... ગલ્લાવાળાના ધંધા લગભગ બંધ કે મંદ થઈ ગયા જે યુવાનોનો માત્ર રોજનો ૧૦૦ રૂા.નો ખર્ચો હતો, તેવા યુવાનો જ્યારે ત્યાગ તરફ પગરણ માંડે... ત્યારે કહેવું જ પડશે.

**શિબિર... એ કાયા-કલ્પનો પર્યાય છે !**

અને... આનું શ્રેય હોય તો... શિબિરના આદ્યપ્રણેતા...

**કર્મશાસ્ત્ર નિપુણ... પૂ.આ.ભ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને !**

આ શિબિરની પૂર્ણાહુતિ બાદ, ભારતના જુદા જુદા પ્રાંતોમાં વસેલા ખુડાલાના યુવાનો... પોતાના સાથીઓના બદલાયેલા વિચારો... આચારો ને... વ્યવહારો જોઈ... ચમકી ગયા.

અને... હોટલ ને બોટલમાં જિંદગીનું ટોટલ પૂરું કરતા... એ સૌ પર્વ પર્યુષણમાં ખુડાલા દોડી આવ્યા.

**અને... આશ્ચર્ય તો એ હતું, કે અઠ્ઠાઈનો આંકડો ૬૬૮ સુધી યુવાનોએ પહોંચાડી દીધો...** અઠ્ઠાઈમાં લગભગ "YOUNG BLUD" જ હતું.

સંવત્સરી પ્રતિક્રમણ અઠ્ઠાઈના તપસ્વીઓએ ખૂબ જ શાંતિપૂર્વક કર્યું.

અને... પાંચમના દિવસે, માત્ર એક દિવસની શિબિર અતિ આગ્રહ કરીને રખાવી, ને... બાકી રહી ગયેલા યુવાનોએ એ દિવસે પૂજ્યશ્રીને એકધારા ૯૦ મિનિટ પ્રાયઃ સાંભળ્યા.

આઠ દિવસનો અત્યાધિક શ્રમ, કલ્પસૂત્રનું ધારાબદ્ધ વાંચન... અને ઉપવાસનું પારણું, તે છતાં ય... આજે જે જોશ હતું, આજે જે ધારા હતી તે નાયગરાના ધડધડ વહેતા ધોધને યાદ કરાવી દેતી હતી.

પૂજ્યશ્રીએ ૯૦ મિનિટમાં યુવાનોને બ્રેઈન વોશ કરી દીધું અને કતારબદ્ધ, શિસ્તબદ્ધ બેઠેલા તમામ યુવાનોએ... ઊભા થઈને કહ્યું... આપી દો... સપ્ત વ્યસનના ત્યાગનો નિયમ...!

કેટલાય, કંદમૂળનો ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, અને પૂજાના સંકલ્પ કર્યા.

એક દિવસમાં રે ! ૯૦ મિનિટમાં શું થઈ શકે છે... તે નજરે નિહાળવા જેવું હતું...

બીજે દિવસે તો રથયાત્રાનો વરઘોડો. એમાં યુવાનોનો ઉત્સાહ ગજબ હતો.

**ભાદરવા સુદ-સાતમને દિન... તમામ ગોડવાડના અઠ્ઠાઈ અને તેથી અધિક તપસ્યા... કરનાર તપસ્વીઓનું સન્માન હતું.**

ચારેક હજારની જનમેદની વચ્ચે લાલ સાફામાં શોભતા અઠ્ઠાઈના યુવાનોને જોઈ ગોડવાડના આગેવાનોની આંખોમાં હર્ષાશ્રુ ઊઠી ગયા.

હાં... તમામ આયોજનની અતિશાનદાર વ્યવસ્થા... પણ... આ ફેટાધારીને... અઠ્ઠાઈના તપસ્વી યુવાનોએ સાંભળી...

ખરેખર... યુવાશક્તિ જ્યારે જોડાય છે ત્યારે કેવું કાર્ય થઈ શકે, તેનો નમૂનો ગોડવાડે પ્રથમવાર જોયો.

અને... આ બધુ તો શબ્દોની સેના છે...

જોવું હોય તો ખુડાલા જજો... ક્યાંય કોઈ ખુડાલાનો યુવાન ભેટી જાય તો પૂછજો... ક્યાંક ફાલના સ્ટેશનના લારીવાળા... કે હોટલવાળાને પૂછજો... કે કોઈ અજૈનોને પૂછજો... તમને સાચો ખ્યાલ આવશે... ફરીથી પ્રત્યેક સંઘો... **આવી શિબિર પ્રયોજે, અને... ભાવિ વારસદારોને સંસ્કારી બનાવે...!**

**"દિવ્ય-દર્શન" - "શિબિર"** **વર્ષ-૩૮,અંક-૨૦,તા.૧૦-૨-૧૯૯૦**

● **રાજમહેન્દ્રી (એ.પી.) :** પૂ. પાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી વિજયવાડામાં શાનદાર ચોમાસું પૂર્ણ થયે પૂ. મુનિવરો શ્રી દિવ્યરત્ન વિજય મ., પૂ. અજિતશેખર વિજય મ., પૂ.



વિમળબોધિ વિજય મ. અત્રે પધાર્યા. પૂ. દિવ્યરત્ન વિ.મ.ને ૮૨મી ઓળીના પારણા નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. બે વર્ષમાં ૯૫૧ આંબેલ સહકુટુંબ કરવાના, તથા ૨૦૦૦/- રૂા. નો ચડાવો થયો. વિજયવાડા સંઘના ભાઈઓ બસ લઈને આવેલા.

ત્રણ દિવસીય રજામાં શિબિરની વાત થઈ. કમીટી નિર્માણ થઈ. દસ યુવાનોએ ખર્ચની તૈયારી બતાવી. ૪૦ નામ આવ્યા. પેમ્ફલેટ દ્વારા આગેવાનો આજુબાજુના ગામોમાં આમંત્રણ આપી આવ્યા. ૩ કિ.મી. દૂર રેલ્વેના કલ્યાણ મંડપમાં શિબિર થઈ. રેલ્વેવાળા લગ્ન સિવાય હોલ આપતા નથી પણ યુવાનોની વાત સાંભળી હોલ આપી દીધો. ભગવાન પણ ત્યાં જ પધરાવાયા લોકોને શિબિર એટલે શું ? તેનો ખ્યાલ ન હોવા છતાં નામ લખાવતા ગયા, કાકીનાડા, રામચંદ્રપુરમ્, ટુઆરમ્, કોવુર, પેથાપુરમ્, અમલાપુરમ્, વિજયવાડા તન્કુ આદિ અનેક ગામોમાંથી યુવાનો આવતા ૧૫૦ યુવાનોના નામ આવી ગયા. યુવાનોની ચાલચલગત જોઈ સફળતા અંગે આંશકા હતી. પણ સવારે પ્રાર્થનામાં નવકાર શ્રી અરિહંતો, દયાસિન્ધુ, ચત્તારી મંગલંમ્ અને અરિહંતની ધૂન શિબિરાર્થીઓને ખૂબ જ પસંદ આવી. પૂ. મુનિવર શ્રી અજિતશેખર મહારાજે નવકાર મહામંત્ર પર પહેલે દિવસે અર્થ જ્ઞાન આપ્યું. બીજે દિવસે પ્રભાવ બતાવ્યો. ત્રીજે દિવસે સમવસરણ, કમળ વગેરે કલ્પનાથી નવકાર ગણવાની પદ્ધતિ બતાવી. Psychology માં છ લેશ્યાનું સ્વરૂપ. માનવમનની નબળી કડીઓ, મનને પવિત્ર બનાવવાની તરકીબો ચાર ધ્યાનનું સાયન્ટીફીક વિશ્લેષણ કરી ધ્યાનની પદ્ધતિ બતાવી. 'વિજ્ઞાન પર ધર્મની અસર' વિષયમાં ત્રણ દિવસ વિજ્ઞાને ક્યાં ક્યાં જૈન સિદ્ધાતનો આશરો લીધો છે તેનું માર્ગદર્શન કરાવ્યું. કોલેજીયનો ખૂબ જ પ્રભાવિત થયા.

સ્ટાન્ડર્ડ ઑફ લીવીંગમાં નૈતિક જીવન ધોરણ ઊંચે લાવવા સાત વ્યસન ત્યાગ, ટી.વી. ત્યાગ, વિનય માદિની વાતો કરી... 'સ્પીરીશ્યુઅલ સેન્ટર' માં દેરાસર શા માટે જવાનું ? વિધિ શું ? લાભ શો ? તાર્કિકરૂપે અને વિજ્ઞાન માધ્યમથી સમજાવ્યા... જીવન ચરિત્ર બતાવ્યા... સાંજે પૂર્વવત્ પ્રાર્થના... રાત્રે છોકરાઓ ધાર્મિક ચર્ચા કરે...

ત્રીજે દિવસે ૨૦ મિનિટ પેપર લખવાનું ઓબ્જેક્ટીવ ટાઈપ પેપર કઢાયું સાંજે છોકરાઓ પાસે ગુરુદક્ષિણા માંગી. રોજના ૩૦-૪૦ સિગરેટ પીનારા યુવાનોએ એનો જીવનભર ત્યાગ કર્યો જીવનભર ચા ત્યાગ, નિયમીત પૂજા, ધાર્મિક પઠન, ટી.વી.-સીનેમા ત્યાગ, પાન-પરાગ-સોપારી-તંબાકુ ત્યાગ, થાળી ધોઈ પીવી, મા-બાપને પગે લાગવું, સમવસરણ કલ્પનાથી નવકાર ગણવા, વગેરે ઢગલાબંધ નિયમો

લીધા. છોકરાઓએ પોતાના વક્તવ્યમાં પોતાના જીવનમાં-જ્ઞાનમાં શ્રદ્ધામાં કેટલું પરિવર્તન આવ્યું તે ગદ્ગદ કંઠે જ્યારે વર્ણવ્યું ત્યારે બધાની આંખ ભીની થઈ ગઈ. પૂ. પાદ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ પ્રથમ શિબિર આયોજન કરી હજારો ગુમરાહ યુવાનોને શી રીતે માર્ગમાં લાવ્યા તે બતાવાયું.

પન્નાલાલ નામના છોકરાએ English માં આપેલું વક્તવ્ય ખૂબ જ આકર્ષક હતું. બીજે દીવસે ઈનામો દેવાયા પ્રસંગ ભવ્ય હતો એક જ અવાજ **'આવી શિબિર વારંવાર થવી જોઈએ.'**

**"દિવ્ય-દર્શન" - "શિબિર"** **વર્ષ-૩૯,અંક-૫,તા.૨૯-૯-૧૯૯૦**

● **ભાવનગર :** વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્ય પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મ. શ્રી આદિ ઠા. ૭ અત્રે દાદા સાહેબમાં ચોમાસું બિરાજમાન છે. પાંચ રવિવારીય શિબિરનો અત્રે ઉલ્લાસભેર પ્રારંભ થયો છે. ૯ાા વાગ્યાથી શિબિર વ્યાખ્યાન શરૂઆત હતી પણ સવારના ૮ાા વાગે આખો હોલ ચિક્કાર થઈ ગયો... હોલની બહારની બાજુમાં લગભગ ૨૫૦ છોકરાઓને બેસાડવા પડ્યા... ચૈત્યપરિપાટીમાં પધારેલા પૂ.આ.ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે મંગળાચરણ કર્યું તથા પૂ.પં. શ્રી પ્રદ્યુમ્ન વિ. ગણિવર મહારાજે ટૂંકુ પણ માર્મિક ઉદ્બોધન કર્યું... પછી બંને પૂજ્યો ચૈત્યપરીપાટી માટે પધારી ગયા... આમ તો ટાઈમ ૯ાા નો હતો પણ મામલો કાબૂ બહાર જતો અટકાવવા ૯ા વાગે જ શિબિરની શરૂઆત કરવી પડી. મંગળાચરણ કરીને તુરત જ 'આમંત્રિત વડીલો જો બહાર જાય તો બહાર રહેલા યુવાનોને અંદર પ્રવેશ મળી શકે' એવી સૂચના પૂ. વ્યાખ્યાતા મુનિવર્યે કરતા અત્રેના સંઘના પ્રમુખ-મંત્રીઓ-સેક્રેટરી વગેરે સહુ તરત જ સ્વૈચ્છિક બહાર નીકળી ગયા. બહારના યુવાનોને અંદર બોલાવ્યા તો ય લગભગ ૧૫૦ યુવાનોને તો બહાર જ બેસવું પડ્યું... જેઓએ ૩ કલાક તડકામાં બેસીને પણ પ્રવચનો સાંભળ્યા. હોલમાં રહેલા યુવાનોને ય ડાબો પગ ઊંચો રાખીને બેસવાની સૂચના કરી ત્યારે માંડ માંડ બધા બેસી શક્યા... દાદરો-લોબી-નાનકડી રૂમ બધું ય Full... સ્થાપનાચાર્યજી ય પાટ પર પધરાવવા પડ્યા. બહાર બેઠેલા યુવાનોને સમજાવવા પૂ. વ્યાખ્યાતા મુનિપ્રવરે ખુદે નીચે ઉતરવું પડ્યું... સંગીતકાર હિમાંશુના સંગીત પછી પ્રવચન ચાલુ થયું. શિબિરમાં



જૈનો ઉપરાંત મુસ્લિમ-વોરા-સિંધી-દરબાર-પટેલ-કોળી-ગરાસીયા-દરજી-સોની-મોચી વગેરે યુવાનોની સંખ્યા પણ સારા પ્રમાણમાં છે. શિબિરની આ જાજરમાન ઈમારતના પાયામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. છે એની વાત કરતાં વ્યાખ્યાતા મુનિવર્યશ્રી સહિત સહુ શિબિરાર્થીઓ ગદ્ગદ થઈ ગયા. બે પ્રવચનો ખૂબ જોરદાર થયા. તાળીઓના ગડગડાટ પણ થયા, તો કરુણ પ્રસંગોના વક્તવ્યે સહુની આંખોમાંથી આંસુ પણ ચાલ્યા... શિબિર લગભગ ૧૮૦૦ ની સંખ્યાવાળી ! બરાબર ૧ વાગે આ શિબિર પૂરી થઈ... આ શિબિરમાં આવતા કેટલાક યુવાનો અહીંનાં શેરબજારમાં કામ કરે છે... રવિવારે ય શેરબજાર ચાલુ રહે છે... આ યુવાનોએ શેરબજાર રવિવાર ને બદલે શનિવારે ચાલુ રહે તેવી ઝૂંબેશ ઉઠાવી. વોટિંગ થયું... યુવાનોની બહુમતી થવાથી તેઓ જીતી ગયા... જેટલા રવિવાર શિબિરો ચાલે એટલા રવિવારે શેરબજાર રવિવારના બદલે શનિવારે ચલાવવાનું નક્કી થયું. સમસ્ત ભાવનગરમાં આ પ્રસંગની ભારે જોરદાર અસર ઊભી થઈ ગઈ છે... અહીંના કાર્યકરોની શિબિર પાછળની અથાગ મહેનત અને ઉદારતાએ પણ રંગ રાખ્યો છે... પ્રત્યેક યુવાનને શિબિરના પ્રવચનો લખવા ફાઈલ+૨૫ કાગળ+બોલપેન અપાયા છે... એની કિંમત રૂા. ૧૨ જેટલી થઈ છે... હવે પછીના રવિવારની શિબિરમાં દાખલ થવા અત્યારથી જ ગજબનાક ધસારો છે... એક યુવક તો એવું કહેનારો મળ્યો, 'શિબિર ખાતે રૂા. ૫૦૦૦ નું ડોનેશન આપી દઉં પણ મને એક પાસ આપો...' એક પણ યુવાનને તડકામાં બેસીને પ્રવચનો સાંભળવા ન પડે એ માટે હોલની બહારની બાજુમાં સ્ટેજ અને મંડપ હવે પછીના રવિવારથી ગોઠવાઈ જશે. સાવરકુંડલાથી પણ હવે પછીના રવિવારે યુવાનો કદાચ બસ લઈને આવશે. હોલમાં તો સમાવેશ શક્ય જ નથી પણ બહાર મંડપમાં બધાયને બેસાડી શકાશે... પ્રવક્તા મુનિવરનું ગળું પણ સારું કામ આપે છે... અન્ય સ્થળોએ ચાતુર્માસ બિરાજમાન પૂ.પં. પુંડરીક વિ. ગણિવર મ. પૂ.પં. ચન્દ્રકીર્તિ વિ.મ. તથા અન્ય મુનિ ભગવંતો પણ શિબિરમાં પધાર્યા હતા... શિબિર બાદ સહુની સાધર્મિકભક્તિ ખૂબ ઉલ્લાસથી અને ઉદારતાથી થઈ... આ શિબિરમાં ભુજ-રાજકોટ-મુંબઈ-દાઠા-તળાજા-મહુવા-પાલીતાણા-સોનગઢ-શિહોર વગેરે સ્થળેથી ય યુવકો આવ્યા હતા. મુંબઈના એક ભાઈએ તો પાંચે ય શિબિરમાં આવવા માટે પ્લેનની ટિકિટ બુક કરાવી લીધી છે, જેમ જેમ શિબિર આગળ ચાલશે તેમ તેમ નક્કર પરિણામ આવશે એમ ચોક્કસ લાગે છે.

દાદાસાહેબમાં ચોમાસું ભવ્ય રીતે પસાર થઈ રહ્યું છે. થીએટરમાં જેમ ટિકિટની લાઈન લાગે તેમ અત્રે શિબિરમાં દાખલ થવા માટે લાઈન લાગી હતી.

સવારથી જ જાણે 'શિબિર' 'શિબિર'ના ભણકારા તથા દિવ્ય સંગીત શરૂ થઈ ગયા હતા. બધા વિદ્યાર્થીઓ શ્વેત વસ્ત્રમાં આરાધના હોલમાં ગોઠવાઈ ગયા હતા. ભાવનગરના આંગણે આ રીતે સૌ પ્રથમવાર પ્રયાસ અને દૃશ્ય હતું.

શિબિરના આગળના દિવસે બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. દાદાસાહેબનું મેદાન પાણી પાણી થઈ ગયું હતું. કાર્યકરો ગભરાયેલા હતા કે આવતી કાલે શું થશે પણ રવિવારે પ્રભાતે સૂર્યદેવતા પ્રગટ્યા. આખા ય દાદાસાહેબ કમ્પાઉન્ડ અને આરાધના હોલમાં કિરણો ફેલાવી દીધા.

પંન્યાસપ્રવર શ્રી પ્રદ્યુમ્નવિજય ગણિવર મહારાજે આશિષ વચનોમાં કહ્યું, 'સંવત્સરી પ્રતિક્રમણ કરવા પણ જે ભાગ્યશાળી આવ્યા નહીં હોય તે આજે આ શિબિરમાં ઉમળકાભેર દાખલ થયા છે. જે ઉત્સાહથી તમો આવ્યા છો એ જ ઉત્સાહથી સાંભળજો અને જીવન પરિવર્તન કરજો.' પૂ. રત્નસુંદર વિ. મહારાજે વ્યાખ્યાન કરતાં પહેલાં પ.પૂ.આ.શ્રી વિજય હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ના ચરણોમાં માથું નમાવી વાસક્ષેપ નંખાવી શુભ આશિષ લીધા હતા એ દૃશ્ય પણ જોવા જેવું હતું.

## ભાવનગરમાં શિબિરથી ઘેર ઘેર માતપિતાના સન્માન : નોરતામાં ઉદ્‌ભટ નૃત્ય-રાસ બંધ

● **ભાવનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મ. દ્વારા રવિવારીય શિબિરમાં શિબિરનો સમય ૯-૩૦ નો હોવા છતાં અને ૮ વાગ્યા પહેલા કોઈએ ન આવવું એવી સ્પષ્ટ સૂચના છતાં ૭-૩૦ વાગ્યાથી યુવાનોની લાઈન લાગવા માંડી હતી... ૭-૪૫ વાગે હોલ ખોલી નાખવો પડ્યો અને ૮-૪૫ સુધીમાં તો હોલ-રૂમ-દાદરો-હોલની નાનકડી બારીઓ અને હોલની બહાર લગભગ ૩૦૦ યુવકો બેસી શકે એવો મંડપ, બધું ય FULL થઈ ગયું...

આયોજકો કહેવા આવ્યા કે 'સાહેબ ! શિબિર અડધી કલાક વહેલી ચાલુ કરી દો કારણ કે એક પણ યુવકને બેસવાની હવે જગ્યા નથી અને હજી પોણો કલાક એમ ને એમ યુવકોને બેસાડી રાખવાનો કોઈ અર્થ નથી.'

એટલે ૯-૩૦ ને બદલે ૯ વાગે શિબિરની શરૂઆત કરવી પડી. ઉપકારી પ્રત્યેની કૃતજ્ઞતાના વર્ણનમાં માતા-પિતાના ઉપકારોની વાતોમાં લગભગ સહુ રડ્યા... રોજ સવારના એમને પગે લાગવાના નિયમમાં કોઈ બાકાત ન રહ્યું.

મુંબઈ અમદાવાદ કરતાં ય અત્રે નવરાત્રીના દાંડીયાનું જોર ભારે છે... એક



એક શ્રીમંત યુવક નવ દિવસમાં લગભગ ૨૫૦૦/૩૦૦૦ નો ખર્ચ કરે... બીજા પ્રવચનમાં એ અંગેની રજૂઆત ભારે કડક શબ્દોમાં કરી... માત્ર આ વરસ પૂરતા જ નહીં, જિંદગીભર માટે આ ક્ષેત્રમાં જવાનું બંધ કરો... અને એની ધારી અસર થઈ... સહુ યુવકોએ હાથ ઊંચા કર્યા અને નિયમ લીધો.

એમાં સૌથી મોટું આશ્ચર્ય એ સર્જાયું કે એક જૈનેતર યુવક કે જે એક થિયેટરનો માલિક હતો અને અત્યારે નવરાત્રીના ગરબાનો મુખ્ય આયોજક છે... આ ગરબાના દિવસોમાં આયોજન દ્વારા જે લગભગ ૧ લાખ રૂા. કમાય છે એ પોતે ભરસભામાં નિયમ લેવા ઊભો થઈ ગયો... એને જ્યારે નિયમ આપ્યો ત્યારે ઉપસ્થિત સહુ યુવકોએ તાળીઓના ગડગડાટથી આખો હોલ ગજવી દીધો.

આ નિયમે ગરબાની ટિકિટોના ભાવો ગગડાવી નાખ્યા છે... ૪૦૦ ની ટિકિટ કોઈ ૧૦૦ માંય લેવા તૈયાર નથી... યુવાનોએ જ ન જવાનું નક્કી કરતાં આખા ને આખા એપાર્ટમેન્ટોએ ન જવાનું નક્કી કરી દીધું છે...

પૂ. આચાર્ય વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.ને આ સમાચાર મળતાં તેઓશ્રીએ બીજે જ દિવસે ભારોભાર ઉપબૃંહણા કરતો અને ધન્યવાદ આપતો પત્ર લખી મોકલાવ્યો...

દર વરસે અત્રેનું જૈન સોશ્યલ ગ્રુપ પણ એક દિવસ માટે આ ગરબાનું આયોજન કરે છે... પણ યુવાનોના આ પરાક્રમ આગળ એમણે ય નમતું જોખ્યું છે અને અત્યારે મળેલા સમાચાર મુજબ લગભગ એ લોકો આ પ્રોગ્રામ કેન્સલ કરે છે...

મા-બાપને પગે લાગવાના નિયમે ન ધારેલો ચમત્કાર સર્જ્યો છે... બાપ અને દીકરો બંને ભેટીને પોણો પોણો કલાક સુધી રડ્યા છે... ઘરઘરમાં સંપનું વાતાવરણ ઊભું થવા લાગ્યું છે...

લગભગ ૩ાા કલાક ચાલેલી શિબિર પછી કેટલાય યુવકો રૂબરૂ કહી ગયા કે નવરાત્રીના ગરબાની બચેલી ૨/૩ હજારની રકમ અમે ધર્માદામાં ખર્ચી નાખશું.

યુવાનોના આ ધસારાને જોઈને હવે પછીની શિબિરનો સમય ૯ વાગ્યાનો જ જાહેર કરી દીધો છે... પણ શિબિર પત્યા પછી બહાર નીકળેલા છોકરાઓ કહેતા હતા કે આવતા રવિવારે આપણે સાત વાગે આવી જશું.

ચાર કલાક શિબિરના અને એક કલાક વહેલા આવી જવામાં આમ પાંચ કલાક સુધી યુવાનો હોલમાં જ બેસી રહે છે પાણી પીવા ય લગભગ કોઈ ઊભું થતું નથી...

પૂ.પં. પુંડરિક વિ.મ., પૂ.પં. ચન્દ્રકીર્તિ વિ. મ. વગેરે મુનિ ભગવંતો પણ

આખી શિબિર સુધી બેસે છે... વડીલના સ્થાને તેઓ જ બેસે છે...

આવતા રવિવારે સાવરકુંડલાના ૬૦ યુવકો આવી રહ્યા છે... અત્રેના યુવકોએ ઉદારતા સાથે કહી દીધું છે કે બહારગામથી આવતા યુવકોને જગ્યા કરી આપવા અમે હોલની બહાર બેસવા તૈયાર જ છીએ...

પછીના રવિવારે ભુજના યુવકોની બસ આવવાની વાત છે... ગત રવિવારની શિબિર પછી લગભગ ૨૦૦ ઉપરાંત યુવકો શિબિરમાં દાખલ થવા કાકલૂદી કરી ગયા છે પણ જગ્યાના અભાવે ના પાડવી પડી છે... અહીંના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ શિબિરાર્થી તરીકે જોડાયા છે... ગઈ શિબિરમાં ૧૦ મિનિટ મોડા પડ્યા તો આગેવાનોએ ઘણી વિનંતી કરી પણ હોલની બહાર બાંધેલા મંડપમાં જ બેસી રહ્યા... બીજા પ્રવચન વખતે એમને અંદર લઈ લીધા... નવરાત્રીના નિયમમાં હિન્દુ-મુસ્લિમ-સિંધી-દરબાર વગેરે દરેકે દરેક યુવાન જોડાયા છે... એની ઘેરી અસર તો એ પડી છે કે ભાવનગરના ઘોઘા દરવાજે હિંદુ સંગઠનોએ બોર્ડ મૂકી દીધા છે કે ડિસ્કો ડાંડીયાવાળા આ ગરબારાસનો બહિષ્કાર કરો !

"દિવ્ય-દર્શન" - **"શિબિર"** વર્ષ-૩૯,અંક-૩૧,તા.૦૪-૦૫-૧૯૯૧

## શ્રી ભોંયણીજી તીર્થમાં યુવા ઉત્કર્ષ શિબિર

**સમય : ૧૦-૧૧-૧૨ મે ૧૯૯૧ શુક્ર શનિ રવિ**

**નિશ્રા : પૂ. ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ. ગણિવર્યશ્રી હેમરત્નવિજયજી મ.**

### આત્મીય શિબિરાર્થી !

પ્રણામ સહ વિદિત કરવાનું કે ગત વર્ષે તારંગા તીર્થની પુણ્યભૂમિ પર આપણે સહુ ભગવાન શ્રી અજિતનાથના ચરણકમળમાં ભેગા થયા હતા.

આ વર્ષે પણ શિબિરનું આયોજન ભોંયણીજી તીર્થમાં કરેલ છે. આ શિબિરમાં આપ તો અવશ્ય પધારશો. પણ શરત માત્ર એટલી જ છે કે જેણે કોઈ દિવસ શિબિરમાં પગ જ ન મૂક્યો હોય એવા એક નવા યુવાન મિત્રને પણ આ શિબિરમાં અવશ્ય સાથે લેતા આવશો. આપને બે ફોર્મ મોકલ્યા છે જે ભરીને તરત નીચેના સરનામે પરત કરશો અને વધુ જરૂર હોય તો બીજા મંગાવી લેશો અથવા ઝેરોક્ષ કરાવી લેશો. પ્રત્યેક શિબિરાર્થી દીઠ પાંચ રૂપિયા પ્રવેશ ફી રાખેલ છે. ફોર્મ



ભરીને મોકલો ત્યારે સાથે પ્રવેશ ફી પણ મોકલી આપવી. ત્રણે દિવસની સાધર્મિક ભક્તિ તથા આવાસ-નિવાસની બધી વ્યવસ્થા આયોજકો તરફથી નિઃશુલ્ક સાધર્મિક ભક્તિરૂપે ઉપલબ્ધ થશે. તા. ૦૯-૦૫-૧૯૯૧ ગુરુવારે સારો દિવસ હોવાથી એક મંગલ કાર્યક્રમ શરૂ કરી દેવાનો હોવાથી જે યુવાનોથી વહેલા આવી શકાય તેમ હોય તેમણે તા. ૯ ગુરુવારે સવારે આવી જવું. અન્ય વેપારી યુવાનોએ પણ સાંજ સુધીમાં અવશ્ય આવી જવું. (૧) જિનપૂજાના તથા સામાયિકનાં વસ્ત્રો, બે પ્રતિક્રમણ સૂત્રની બૂક, નોટ-પેન સાથે લેતા આવશો. (૨) શિબિર કાર્યક્રમ દરમ્યાન સફેદ વસ્ત્રોનું પરિધાન ફરજિયાત ગણાશે.

ફોર્મ મેળવવાનું અને મોકલવાનું સ્થળ : કલ્પેશ વિ. શાહ

C/o, આર. અશોકકુમાર એન્ડ કું. ૮૬, અજંટા સેન્ટર, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩.

# પરિશિષ્ટ (ભુવનભાનુનાં અજવાળાં)

- (પૂ. પં. શ્રી રત્નસુંદરવિજય ગણિ)

## આ નામ નહીં તો ભૂલી શકાય કે નહીં તો ભૂંસી શકાય

રસ્તાની એક બાજુ ટૂંટિયું વાળીને સૂતેલા ભિખારી પર નજર પડી ગઈ એક શ્રીમંતની ! કોણ જાણે શું થયું ? પોતાના માણસને મોકલીને એ ભિખારીને પોતાના ઘરે બોલાવ્યો, સુંદર મજાનાં વસ્ત્રો આપ્યાં, મજેના સ્વાદિષ્ટ ભોજન આપ્યાં, અને એથીય આગળ વધીને પાંચ લાખ રૂપિયા રોકડા આપ્યા. ટાળી દીધું એનું દારિદ્રય, બનાવી દીધો એને શ્રીમંત, કાયમ માટે એને અનેક પ્રકારની લાચારીઓથી બનાવી દીધો મુક્ત !

● ખૂણામાં પડેલા, અનેક માણસોના પગ નીચે કચરાતા ગંદકીઓથી ખરડાતા, કદરૂપા પથ્થર પર નજર પડી ગઈ એક કુશળ શિલ્પીની ! લઈ ગયો એને એ ઘરે, ટાંકણાંઓના માર દ્વારા એ પથ્થર બની ગયો પરમાત્માની મૂર્તિ રૂપે, અનેકથી પૂજાતો અને ગર્ભગૃહમાં કેન્દ્રસ્થાને ગોઠવાયો !

● દુઃખીને સુખી બનાવી દેવામાં એવો કોઈ ચમત્કાર સર્જાતો નથી, પથ્થરને પ્રતિમા બનાવી દેવામાં એવી કોઈ પ્રચંડ પ્રતિભાની જરૂર પડતી નથી, ભિખારીને શ્રીમંત બનાવી દેવાનું કામ એવું કાંઈ કપરું નથી પરંતુ દોષિત ને ગુણવાન બનાવી દેવામાં સફળતા પ્રાપ્ત થવી એ ખરેખર આશ્ચર્યકારક વાસ્તવિકતા છે. ક્રોધીને

ક્ષમાવાન બનાવી દેવો, માયાવીને સરળ બનાવી દેવો, વિષય લંપટને સદાચારી બનાવી દેવો, ઉચ્છ્રૃંખલને વિનયી બનાવી દેવો, ઊડાઉને ઉદાર બનાવી દેવો, અભિમાનીને સમર્પિત બનાવી દેવો એ માત્ર આજના જ કાળનો નહીં પણ દરેક કાળનો ચમત્કાર છે. અને આવો ચમત્કાર સર્જવામાં અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને સફળતા પ્રાપ્ત થઈ છે એ સફળતાનું દર્શન ભલભલા ચમરબંધીનેય એ તારક પ્રત્યે સદ્ભાવ પ્રગટાવી જ દે એમાં લેશ શંકા નથી.

● શ્રદ્ધાના ટમટમતા નાનકડા દીવડાને પળ બે પળમાં હતો નહતો કરી નાંખે એવા ભયંકર વિલાસના આ યુગમાં એ તારકે શરૂ કરી જૈન આધ્યાત્મિક શિક્ષણ શિબિરો ! વેકેશનના ગાળામાં સમયનો જબરદસ્ત સદુપયોગ કરી શકે યુવાનો, એ ખ્યાલે તેઓશ્રીએ જે સમયમાં આ શિબિરો શરૂ કરી એ સમયમાં આ શિબિરોનું આયોજન કેટલું કપરું હતું એ તો એ સમયની શિબિરો જેણે જોઈ હોય એને જ ખ્યાલ આવે !

પણ પોતાના ઉપકારી ગુરુદેવ પૂજ્યપાદ સિદ્ધાંતમહોદદિ આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું જબરદસ્ત પીઠબળ, એઓશ્રીના અંતરના આશીર્વાદ અને પોતાનું અદ્ભુત સંયમબળ, ગજબનાક શુભનિષ્ઠા, સોંસરાવી અંતરમાં ઊતરી જાય એવી મસ્ત પ્રવચનકળા, વિષય વૈરાગ્ય-કષાય ત્યાગવાળી સુંદર સંયમચર્યા આ બધાયના પ્રચંડ બળે શિબિરોના આ આયોજનમાં તેઓશ્રીએ ગજબનાક સફળતા મેળવી.

ઉનાળાની સખત ગરમી, આયંબિલનો તપ, રોજના પાંચ પાંચ કલાકનાં પ્રવચનો અને શ્રોતાઓ તરીકે ગુમરાહ બનેલા સેંકડો યુવકો ! મોરલીના અવાજે સર્પો ન ડોલે એ હજી બને, વાદળાંના ગડગડાટ છતાં મોરલાઓ ટહુકા ન કરે હજી બને પણ પૂજ્યશ્રીની ખળખળ વહેતી ગંગાના નીર જેવી વાણી અને યુવાનો ન ડોલે એ ન જ બને !

હું પોતે એ શિબિરોનો સાક્ષી છું. ષોડશક, જૈન ઈતિહાસ, માર્ગાનુસારી ગુણો, કર્મગ્રંથ જેવા કઠિન વિષયોની છણાવટ વખતે મારા સહિત અનેક યુવાનોને મેં ઝૂમતા જોયા છે, જયવંતા જિનશાસન પ્રત્યે ગદ્ગદ બની જતાં નિહાળ્યા છે, સદાચારમય જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કરતાં નિહાળ્યાં છે.

● ન સમજી શકાય કે ન કલ્પી શકાય એવો આ ચમત્કાર હતો ! દેરાસરમાં પૂજા કરવામાં કે ઉપાશ્રયમાં વ્યાખ્યાનો સાંભળવામાં, ઉપધાનતપની આરાધનામાં કે



સંયમ જીવન અંગીકાર કરવામાં યુવાનોની સંખ્યામાં જે ઉછાળો આવ્યો એ ઉછાળાએ અચ્છા અચ્છા બુદ્ધિજીવીઓને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા ! ના, આ ઉછાળો એ આવેશ નહોતો, યુવાનોનું સમજણપૂર્વકનું અને શ્રદ્ધાપૂર્વકનું પગલું હતું ! અને એ વાત ૧૯૬૩ની સાલથી માંડીને આજ સુધીમાં ધર્મારાધનાના સર્વ ક્ષેત્રે યુવાનોની વધી રહેલી સંખ્યાથી પુરવાર થાય છે.

લેશ અતિશયોક્તિ કર્યા વિના કહેવું હોય તો કહી શકાય કે શિબિરના માધ્યમ દ્વારા યુવા પેઢીને ધર્મ માર્ગે દોડતી કરીને જયવંતા જિનશાસનને ૫૦/૧૦૦ વરસ સુધી ઝળહળતું રાખવાનો પ્રધાન યશ પૂ. ગુરુદેવશ્રીના ફાળે જ જાય છે.

● બનાવેલા તૈયાર રસ્તા પર ચાલી જવું એ જુદી વાત છે અને નવો રસ્તો કરવો એ જુદી વાત છે. આજે અત્ર તત્ર સર્વત્ર લગભગ દરેક સમુદાયના પૂજ્યોની પાવન નિશ્રામાં ચાલી રહેલી શિબિરોમાં જ્યારે એક પણ પ્રકારની પ્રતિકૂળતા અનુભવાતી નથી ત્યારે શિબિરોમાં સફળતા મેળવવી એ જુદી વાત છે અને જે વખતે ઢગલાબંધ પ્રતિકૂળતાઓ હતી એ વખતે શિબિરોમાં સફળતા મેળવવી એ સાવ જુદી વાત હતી.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ એ વાતાવરણમાં સફળતા મેળવી હતી. ધુંધળા વાતાવરણમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ મક્કમ મનોબળ સાથે અને જ્વલંત સંયમબળ સાથે શિબિરોનો નવો રસ્તો તૈયાર કર્યો હતો અને એ રસ્તે પ્રથમ કદમ પણ તેઓશ્રીએ ખૂદ જ માંડ્યું હતું. આજે એ રસ્તો સંપૂર્ણ સાફ છે, વાતાવરણ બિલકુલ સ્વચ્છ છે, એ રસ્તા પર અવરજવર પણ બહોળા પ્રમાણમાં છે, અને પરિણામની બાબતમાં પણ ભરપૂર સંતોષ પ્રાપ્ત થાય એવી સ્થિતિ છે.

● ઈમારતનું દર્શન જેટલું સુલભ હોય છે એટલુ સુલભ પાયાનું દર્શન ભલે નથી હોતું. વૃક્ષ જેટલાની પ્રશસ્તિનો વિષય બને છે એટલાની પ્રશસ્તિનો વિષય મૂળ ભલે ન બનતું હોય. સફળતા તરફ જેટલાની નજર હોય છે એટલાની નજર સફળતાના કારણ તરફ ભલે ન હોય પણ હકીકત એ જ છે કે પાયો છે તો ઈમારત છે. મૂળ છે તો વૃક્ષ છે. મજબૂત કારણ છે તો સફળતા છે.

● બસ એ જ રીતે પૂજ્યપાદ ગુરુદેવશ્રી શિબિરોની પાયાના સ્થાને છે. શિબિરોના ફાલેલા-ફૂલેલા વિરાટ વડલામાં મૂળના સ્થાને છે. શિબિરોની જ્વલંત સફળતામાં અત્યંત મહત્ત્વના કારણ તરીકે છે.

● સૂર્યોદય-સર્યાસ્ત એ બે અવસ્થા ભલે સૂર્યની નિશ્ચિત હોય છે પણ વચગાળાના સમયમાં એનું જ્વલંત પ્રકાશદાન જગત માટે આશીર્વાદરૂપ પુરવાર

થતું હોય છે. તો ગુરુદેવશ્રીના જીવનનો પણ વચગાળાનો કાળ જિનશાસન માટે અને મારા જેવા હજારો યુવાનો માટે જ્વલંત આશીર્વાદરૂપ પુરવાર થયો છે.

● તેઓશ્રીના જીવનમાં તપ-ત્યાગ, સ્વાધ્યાય-જાપ, પ્રભુભક્તિ-અંતર્મુખવૃત્તિ, વાચના-અધ્યાપન વગેરે યોગો તો પરાકાષ્ટાનાં હતાં જ પણ 'ક્રિયોદ્ધાર' શબ્દ કાને જ પડતાં જ જેમ પૂ.પં.શ્રી સત્યવિજયજી મહારાજ યાદ આવી જાય છે, 'અમારિ પ્રવર્તન' શબ્દ સ્મૃતિપથ પર આવતાં જ જેમ પૂ.આ.ભ.શ્રી હીરસૂરિ મહારાજ યાદ આવી જાય છે, 'ન્યાય' શબ્દની સ્મૃતિ જેમ પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજને સ્મૃતિપથ પર લાવી જ દે છે, 'વ્યાકરણ'ની વાત યાદ આવતાં જ જેમ કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.ભ.શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આંખ સામે તરવરવા જ લાગે છે. બસ, એ જ રીતે **'શિબિર'** શબ્દ યાદ આવતાં કે કાને પડતાં જ એના આદ્યપ્રેરક તરીકે વર્તમાન પેઢી અને ભવિષ્યની પેઢી પણ વર્ધમાન તપોનિધિ વિશુદ્ધસંયમમૂર્તિ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજને યાદ કર્યા વિના નહીં જ રહી શકે એ નિર્વિવાદ વાત છે.

● શિબિરોના માધ્યમ દ્વારા જિનશાસનની જ્વલંત સેવા કરી જનારા અને મારા જેવા સેંકડો-હજારો યુવકોને સંયમ સદાચારના માર્ગે દોડતાં કરી ભાવિ અનંતકાળ સુધારી દેનારા ઓ પૂજ્યપાદ ગુરુદેવશ્રી ! આપશ્રીનું અમારા પરનું અનંતઋણ ચુકવવાની અમારામાં આમ તો કોઈ જ ક્ષમતા નથી પણ આપશ્રીએ ચીંધેલા કલ્યાણકર માર્ગે પ્રચંડ સત્ત્વ ફોરવીને અમે ચાલતા રહીએ અને એમાં સતત આપશ્રીનો અનુગ્રહ અમને પ્રાપ્ત થતો રહે તો એ દ્વારા પણ યત્કિંચિત્ અમે ઋણમુક્ત બની શકીએ ! આપશ્રી અનુગ્રહ વરસાવતા રહેશો ને ?

## ભાનુ-કિરણ

આખી નદી ઓળંગી ગયો પણ અંગુઠો ય ભીનો ન થયો કારણકે પૂલ પરથી પસાર થઈ ગયો. આખું 'નમુત્થુણં' સૂત્ર બોલી જવા છતા હૃદયમાં ભીનાશ અનુભવાતી નથી કારણકે અર્થચિંતન વગર સડસડાટ ગબડાવી જઈએ છીએ. સૂત્રો તો એવી રીતે બોલવા જોઈએ કે હૈયું ગદ્ગદ થઈ જાય.



# શિબિરનો ઉજ્જવળ ઈતિહાસ

- પૂ. મુનિરાજશ્રી કુલબોધિવિજય મ.

## શિબિર : પ્રારંભ..... પરિચય..... પરિણામ.....

જે પવિત્ર સંસ્કારગંગામાં ડૂબકી મારીને હજારો નવયુવાનોએ આધ્યાત્મિક નવચેતના પ્રાપ્ત કરી છે, જે અભિનવ અભિયાને ફિલ્મ યુગના ફેશનિયા યુવાનોને ધર્મના ધાવણ પાયા છે, જે જ્ઞાનની પરબે ઘૂંટડે ઘૂંટડે સંસ્કાર રસના પાન કરીને સંસ્કારની તૃષાથી તરફડતા યુવાનોને જીવનદાન પ્રાપ્ત કર્યું છે, જે અધ્યાત્મજ્યોતે હજારો દીવડાઓ પ્રગટાવીને ઘર, ગામ અને નગરો ઝળહળતા કર્યા છે, જેનાથી સેંકડો હજારો યુવાનોની પશુવૃત્તિઓનું ઊર્ધ્વીકરણ થયું છે..... તે સર્વસન્માનનીય શિબિરના ઉદ્ગમથી માંડીને ઉત્તુંગ ઊંચાઈ સુધી ઓતપ્રોત બનેલી ઉજ્જવળ પ્રતિભા એટલે **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.**

કલિકાલના કલ્પતરુ સમા પરમબ્રહ્મનિષ્ઠ સુવિશુદ્ધ સંયમમૂર્તિ પરમારાધ્યપાદ આચાર્ય ભગવંત દિવંગત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શુભ આશીર્વાદ શિબિર-અભિયાનના પાયામાં રેડાયેલા છે, તે જ તેની જ્વલંત સફળતાનું છૂપાયેલું રહસ્ય છે. કૉલેજના પશ્ચિમી ઢબના શિક્ષણ દ્વારા ભૌતિકતા અને નાસ્તિકતાના વિષથી વ્યાપ્ત બનેલા યુવાનોની સંસ્કાર-સુરક્ષા કરવાની મહાચિંતામાંથી ઉદ્ભવેલા આ શિબિર-અભિયાનનો પ્રથમ પ્રયોગ વિ. સં. ૨૦૧૦માં નાસિક મુકામે થયો. મુંબઈથી ૨૦-૨૫ યુવાનો, મુરબાડથી ૮ યુવાનો તથા આજુબાજુના ગામોમાંથી થોડાક યુવાનો આ પ્રથમ શિક્ષણ યજ્ઞમાં ભાગ લેવા આવ્યા હતા. સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શુભંકર સાન્નિધ્યમાં થયેલી આ પ્રથમ શિબિરમાં પરમ પૂજ્ય ભાનુવિજયજી મહારાજે મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તે યુવાનોને જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન અનુષ્ઠાન અને તર્કશાસ્ત્રના પાઠો ભણાવ્યા. આ શિબિર-પ્રવૃત્તિને વિશેષ વેગ ઈ.સ. ૧૯૬૩થી મળ્યો.

ઈ.સ. ૧૯૬૩ના ગ્રીષ્માવકાશમાં આબુના ઉત્તુંગ શિખરે જ્ઞાનગંગા ઉતરી. ઢંકાઈ ગયેલા સદાચારોને પ્રગટ કરવાનું મહાન કાર્ય હાથ ધરાયું. પશ્ચિમી વાયરાની થપાટોથી જીર્ણ બનેલા યુવાજીવનોનો જીર્ણોદ્ધાર કરીને નવી પેઢીને દિશાબોધ આપવાનું કાર્ય આરંભી દેવાયું. જાગૃતિનો શંખનાદ ફૂંકાયો અને શ્વેતક્રાન્તિનો પ્રારંભ થયો. ૨૦૦ ઉપરાંત કોલેજીયન યુવાનોએ તે શિબિરમાં જ્ઞાનામૃત પીઈને જીવન-પરિવર્તન કર્યું. વિકારથી તગતગતી આંખો વિકારમુક્ત બનીને વીતરાગના નિર્વિકાર નયનોનાં

દર્શનની પ્યાસી બની. પછી તો પ્રતિવર્ષ ગ્રીષ્માવકાશ દરમ્યાન જુદા જુદા સ્થાનોમાં આવી ૩૦ - ૨૫ કે ૨૧ દિવસીય શિબિરોના આયોજન થવા લાગ્યા. જૈન સંઘો અને શાણા શ્રેષ્ઠીઓ ઉદારતા દાખવી આ અત્યંત આવશ્યક પ્રવૃત્તિને ઉત્તેજન આપવા લાગ્યા. યુવાનો શિબિરની જ્ઞાનગંગામાં ડૂબકીઓ લગાવીને નાસ્તિકતાના મળ ધોવા લાગ્યા. સકલ સંઘમાં આ પ્રવૃત્તિ અત્યંત આવકાર અને ચાહના પ્રાપ્ત કરવા લાગી. શિબિરમાં જઈ આવેલા યુવાનના બદલાયેલા જીવન અનેકને માટે આદર્શ બન્યા. સ્વજનો અને મિત્રો પણ તે શિબિરાર્થી યુવાનના સંગથી ધર્મરંગે વધુ રંગાવા લાગ્યા. શિબિરાર્થી યુવાનો સહુના સન્માનનું પાત્ર બન્યા.

દિવાળીના વેકેશન દરમ્યાન શિબિરો થવા લાગી. પૂજ્યપાદશ્રીના શિષ્ય મુનિવરો આદિની નિશ્રામાં પણ શિબિરો યોજાવા લાગી. શિબિરના અદ્ભુત પરિણામોને જોઈને આ શિબિર પ્રવૃત્તિ ખૂબ જ વ્યાપક બની. અન્ય સમુદાયના પૂજ્ય ગુરુ ભગવંતોએ પણ બાલસંસ્કરણ અને યુવાસુધાર માટે શિબિરપ્રવૃત્તિને માધ્યમ બનાવ્યું. વિદુષી સાધ્વીજીઓની નિશ્રામાં કન્યા શિબિરો પણ આયોજિત થવા લાગી. ચાતુર્માસમાં રવિવારીય શિબિરોના આયોજન પણ શરૂ થયા. હવે તો શિબિર એ જૈન સંઘની વ્યાપક, સફળ અને અત્યંત લોકપ્રિય પ્રવૃત્તિ બની ગઈ છે.

-----●-----

## :: પૂજ્યપાદશ્રીની નિશ્રામાં યોજાયેલી શિબિરો ::

### જાણવા જેવું (ભુવનભાનુનાં અજવાળા)

❋ **શિબિરના મુખ્ય સંચાલકો તરીકે સેવા બજાવી ચૂકેલા મહાનુભાવો :**

૧. શ્રીયુત ભાણાભાઈ ૨. શ્રીયુત કેશવલાલ મોહનલાલ ૩. શ્રીયુત કુમારપાળ વિ. શાહ ૪. પ્રો. પ્રવીણચંદ્ર સી. શાહ

❋ **શિબિરોમાં પ્રવચનો આપી ચુકેલા પૂજ્ય ગુરુભગવંતો :**

- ❋ પૂ. આ. દે. શ્રીમદ્ વિજય દક્ષસૂરીશ્વરજી મ.
- ❋ પૂ. પં. પ્ર. શ્રી મુક્તિવિજયજી ગણિવર મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. પં. પ્ર. શ્રી કનકવિજયજી ગણિવર મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. પં. પ્ર. શ્રી અભયસાગરજી ગણિવર મ.
- ❋ પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. (પાછળથી આચાર્ય)



- ❋ પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. (પાછળથી આચાર્ય)
- ❋ પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મ. (પાછળથી આચાર્ય) ઈત્યાદિ.....

❋ **શિબિરમાં ભણાવાયેલા વિષયોની સંક્ષિપ્ત સૂચિ :**

- ❋ જૈન ધર્મનો સરળ પરિચય : જૈન તત્ત્વજ્ઞાન
- ❋ સમ્યક્ત્વના ૬૭ બોલ
- ❋ ગુણસ્થાનક ક્રમ
- ❋ માર્ગાનુસારીના ૩૫ ગુણ
- ❋ કર્મગ્રંથના પદાર્થો
- ❋ ત્રણ ભાષ્યના પદાર્થો
- ❋ ગણધરવાદ
- ❋ આવશ્યક સૂત્રના અર્થો
- ❋ અરિહંતની ઓળખાણ
- ❋ શ્રી પંચસૂત્ર
- ❋ શ્રાવકના આચાર
- ❋ ધ્યાન શતક
- ❋ યોગ અને અધ્યાત્મ
- ❋ તર્કશાસ્ત્ર
- ❋ ષોડશક પ્રકરણ... ઈત્યાદિ...

❋ **શિબિરમાં શિબિરાર્થીઓની દૈનિક પ્રવૃત્તિ :**

- ❋ સવારે પા। થી રાત્રે ૧૦ વાગ્યા સુધી સતત જ્ઞાનોપાસના આદિ પ્રવૃત્તિ
- ❋ રોજ ૬ કલાક વાચના - શ્રવણ
- ❋ નિત્ય સામાયિક, જિન પૂજા, નવકારશી, રાત્રિ ભોજન ત્યાગ આદિનું પાલન
- ❋ સાધર્મિક યુવાનોનો પરસ્પરનો પરિચય અને પ્રેમભાવ
- ❋ રાત્રે ૧ કલાક સંસ્કારવર્ધક કાર્યક્રમ ઈત્યાદિ.....

❋ **શિબિરમાં સ્પર્ધાઓ :**

❋ પામેલા શિક્ષણની લેખિત પરીક્ષા ❋ વક્તૃત્વ સ્પર્ધા ❋ નિબંધ સ્પર્ધા ❋ સંગીત સ્પર્ધા ❋ સૂત્ર શુદ્ધિ પરીક્ષા ❋ અન્ય વિવિધ સ્પર્ધાઓ

❋ **શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા સ્વીકારાયેલા વિવિધ નિયમો :**

❋ મા - બાપને પગે લાગવું ❋ મા - બાપ - વડીલો સામે ઉદ્ધત વર્તન ન

કરવું ❋ દેવદર્શન વિના મુખમાં પાણી ન નાંખવું ❋ નિત્ય જિન પૂજા ❋ ગદ્ય પ્રાર્થના ❋ થાળી ધોઈને પીવી ❋ જમતાં મૌન ❋ બીભત્સ સાહિત્ય ન વાંચવું ❋ સાત વ્યસનનો ત્યાગ ❋ હિંસક ચામડાના બુટ - ચપ્પલ ન પહેરવા ❋ ૯ લાખ નવકાર ગણવા ❋ મહિને એક એકાસણું ❋ રોજ એક સામાયિક ❋ રોજ નવકારશી ❋ રાત્રિ ભોજન ત્યાગ ❋ સિનેમા ત્યાગ અથવા નિયમન ❋ પોતાના અગરબત્તી - વરખ દેરાસરે લઈ જવા ❋ અભક્ષ્ય ત્યાગ ❋ દર કલાકે 'નમો અરિહંતાણ' ❋ એક વિગઈ ત્યાગ ❋ ભોજનના દ્રવ્ય - ટંક ધારવા ❋ બીડી - સીગારેટ - તમાકુ - માવા ત્યાગ..... ઈત્યાદિ.

❋ **શિબિરમાં પૂજ્યપાદશ્રીના ઓળીના પારણાં માટે શિબિરાર્થીઓનો ભાવોલ્લાસ :**

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદશ્રીને શિબિર દરમ્યાન ૬ - ૬ કલાકની વાચના આદિ સખત પરિશ્રમ સાથે મોટી - મોટી ઓળી તો ચાલુ જ હોય. ઘણીવાર શિબિર દરમ્યાન જ ઓળીનું પારણું આવતું અને ત્યારે પૂજ્યપાદશ્રીને પારણું કરાવવાનો લાભ લેવાનો શિબિરાર્થીઓનો ઉલ્લાસ ખૂબ ઉછળતો. આરાધનાના ચડાવાની વિગતો વાંચતા તે ભાવોલ્લાસનો પરિચય થશે.

❋ **સં. ૨૦૨૨માં ખંભાતની શિબિરમાં ૯૬મી ઓળીના પારણાંની ઉછામણી :**

૧. ૧૦ વર્ષમાં ૧૦ અઢાઈ : દિનેશ શાહ (૭ વર્ષમાં પૂર્ણ કરી)

૨. ૧૦ વર્ષમાં ૧૬ ઉપવાસ કરવા : ઈન્દ્રવદન કાન્તિલાલ
ન થાય તો મૂળથી ઘી ત્યાગ

૩. એક વર્ષમાં ૫ હજાર ગાથા : મુકેશ શાહ - જિતેન્દ્ર શાહ

૪. ૧૦ વર્ષમાં ૩૦૦ આયંબિલ : ૬૦ વિદ્યાર્થી

કપડવંજની શિબિરમાં પૂજ્યશ્રીને પારણું કરાવવા માટે ચાર વિદ્યાર્થીઓએ વર્ષમાં ૧,૪૬૦ સામાયિક અને નવ વિદ્યાર્થીઓએ વર્ષમાં ૩૫૫ બેસણાં કરવાનો સંકલ્પ કર્યો હતો.

❋ **પૂજ્યશ્રીના શિબિર સ્થળો :**

| | |
|---|---|
| ઈ.સ. ૧૯૫૪ - નાસિક | ઈ.સ. ૧૯૭૬ - માલેગામ |
| ઈ.સ. ૧૯૬૨ - દેલવાડા | |
| ઈ.સ. ૧૯૬૩ - દેલવાડા | ઈ.સ. ૧૯૭૭ - નાસિક |
| ઈ.સ. ૧૯૬૪ - અચલગઢ | ઈ.સ. ૧૯૭૮ - ધુલિયા |



| | |
|---|---|
| ઈ.સ. ૧૯૬૫ - પાટણ | ઈ.સ. ૧૯૭૯ - સાન્તાક્રુઝ |
| ઈ.સ. ૧૯૬૬ - ખંભાત | ઈ.સ. ૧૯૮૦ - મુલુન્ડ |
| ઈ.સ. ૧૯૬૬ - અમદા. વિદ્યાશાળા (ચોમાસામાં) ૪ દિવસની શિબિર | ઈ.સ. ૧૯૮૦ - ચંદનબાળા (મુંબઈ) રવિવારીય<br>ઈ.સ. ૧૯૮૧ - સુરત રવિવારીય |
| ઈ.સ. ૧૯૬૬ - મહાવીર વિદ્યાલય અમદા. (ઓકટોબર) ૧૧ દિવસની શિબિર | ઈ.સ. ૧૯૮૧ - કાવી સંમેલન<br>ઈ.સ. ૧૯૮૨ - પાલનપુર રવિવારીય<br>ઈ.સ. ૧૯૮૩ - કલિકુંડ (ધોળકા) |
| ઈ.સ. ૧૯૬૭ - મલાડ | ઈ.સ. ૧૯૮૩ - નવસારી રવિવારીય |
| ઈ.સ. ૧૯૬૮ - અમદાવાદ | ઈ.સ. ૧૯૮૪ - પુના રવિવારીય |
| ઈ.સ. ૧૯૬૯ - પિંડવાડા | ઈ.સ. ૧૯૮૫ - શ્રેયસ હોલ ચોપાટી - મુંબઈ રવિવારીય |
| ઈ.સ. ૧૯૭૦ - કલકત્તા | |
| ઈ.સ. ૧૯૭૨ - પાલનપુર | ઈ.સ. ૧૯૮૬ - ઈર્લા - મલાડ - રવિવારીય |
| ઈ.સ. ૧૯૭૩ - કપડવંજ | ઈ.સ. ૧૯૮૮ - બેંગલોર |
| ઈ.સ. ૧૯૭૪ - પાલીતાણા | ઈ.સ. ૧૯૯૧ - હુબલી |
| ઈ.સ. ૧૯૭૫ - પિંડવાડા | ઈ.સ. ૧૯૯૨ - સુરત - રવિવારીય |

• • •

## શિબિરથી પરિવર્તન

- યોગેશ એચ. ઘીયા, વડોદરા

### શિબિરે તો અમને સમૂળગા બદલી નાંખ્યા

એ સમય હતો જ્યારે અમે બધા મિત્રો સ્કૂલ અને કૉલેજના દિવસોમાં ફિલ્મી દુનિયાના ગીતો તરફ ગાંડા હતા. એવો ફાંકો રાખીને ફરતા કે અરે અમને કોઈ અડધી રાતે ઉઠાડીને કોઈપણ ફિલ્મી ગીતના ગાયક, લેખક કે સંગીતકાર વિશે પૂછો તો ખરા, અમે બેધડક તેઓના નામ આપી દઈશું. હાર્મોનીયમ ઉપર સતત એક કલાક સુધી નોનસ્ટોપ મુકેશ, રફી કે કિશોરકુમારના ગીતો મ્યુઝીક સાથે વગાડી શકવાનું અહં રાખતા. અમારી જિંદગીનું બીજું કોઈ લક્ષ હતું જ નહીં ત્યારે. કોઈ દેરાસરમાં બેસી સ્તવન ગાવું કે વ્યાખ્યાનમાં ઊભા થઈ ભક્તિગીત ગાવું તેવું તો અમારામાં ક્યાંથી હોય ? કોઈ ભગવાનનું સ્તવન ગાવાનું કે શીખવાનું

કહે તો હસી કાઢતા. તેને વેવલો કે ઓર્થોડોક્સ કહેતા. ભગવાનની સામે ઊભા રહીને સ્તુતિ ગાવાની વાત તો બાજુ ઉપર, ભગવાનની સામે ઊભા રહેતા પણ નહોતુ આવડતું. પછી ટાઈટબંધ ઈસ્ત્રીવાળા કપડાં પહેરીને નમવાની તો વાત જ ક્યાં હતી ? પરંતુ સબૂર... સબૂર... કુટુંબના વડીલના દબાણથી કહો કે, સમય પસાર કરવા કે, વેકેશનમાં બહારગામ જવાની લાલચે કહો કે અમોને શિબિરમાં જવાનો મોકો મળ્યો. શિબિરના આગલા દિવસે પૂ. ભાનુવિજય મ. તરીકે ઓળખાતા શિબિરના વ્યાખ્યાનકારને જોયા પછી લાગ્યું કે સ્કૂલ-કૉલેજના શિક્ષક પ્રોફેસરને નહીં ગાંઠનારા અમારા જેવા યુવાનોને શારીરિક રીતે ગાંધીજી જેવા દેખાતા આ મહારાજ સાહેબ આપણા જેવા ૨૫૦ થી ૩૦૦ યુવાનોને એક મહિના સુધી શું કંટ્રોલ કરશે ? ‘મહેતો મારે ય નહીં અને ભણાવે ય નહીં’ - આ કહેવત સાર્થક થશે. કાંઈ નહીં, અહીં રહી મફતનું ખાઈશું ને આરામ કરશું. શહેરમાં હરી ફરીશું. જોવા લાયક સ્થળો જોઈ ઘર ભેગા થઈ જઈશું, પરંતુ શિબિરની પ્રથમ પ્રભાતે જ ચમત્કાર..... ચમત્કાર. શિબિરની પ્રાતઃકાળની પ્રાર્થનાના સમયે પેલા ઓલીયા જેવા દેખાતા સાધુને કંઠે નમસ્કાર મહામંત્ર, ચત્તારિ મંગલં, શ્રી અરિહંતો સકલ હિતદા..... જેવી પંક્તિઓ સાંભળી અમે તો સ્તબ્ધ થઈ ગયા. કંઠની મધુરતા, તાલ, લય, સૂર, શાસ્ત્રીય રાગ પરની પૂરેપૂરી પકડ, ભાવ-વિભોર ચહેરો જોઈ અમે તો હચમચી ગયા. દંગ થઈ ગયા. અત્યાર સુધી જે ફિલ્મી ગીતો સાંભળતા અને હાલમાં જે સ્તુતિ સાંભળી રહ્યા છે તેની આપણા ઉપર અસરમાં કોઈ ફેર ખરો ? હૈયું રડી-રડીને પોકારતું હતું ઘણો જ ફેર, ઘણો જ ફેર અને પછી તો રોજ-બરોજના વ્યાખ્યાનોમાં જુદી-જુદી કથાઓ, દૃષ્ટાંતો દ્વારા અમારા જેવા યુવાનોમાં પરિવર્તન આવવા માંડ્યું. અમારા જેવા ઘણા યુવાનોને પૂ.પં. ભાનુવિજયજી મહારાજ સાહેબે વ્યાખ્યાનની શરૂઆત થતા પહેલા પોતે જે સ્તવન ગવડાવે તે માટે જોડે ઝીલવા અમોને ઊભા કરતા અને વચ્ચે વચ્ચે ભૂલ થાય તો શીખવાડતા, ભૂલને સુધારતા અને તેમના સ્તવન ગાતી વખતના હાવભાવ આજે પણ વિસરાય તેમ નથી અને આ રીતે જે અમારામાં સ્તવન માટેનો રાગ ઊભો થયો - કહેવું પડશે જ, આજે જે કોઈ સ્તુતિ કે સ્તવનો ગાઈ શકીએ છીએ તેમાં પ. પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ફાળો ઘણો જ મહત્ત્વનો હતો. તેમનો ઉપકાર જરાય વિસરાય તેમ નથી. તેમની પ્રેરણા અને કાળજી ન હોત તો કદાચ પ્રભુભક્તિની અમોને લગની લાગી ન હોત.

પિંડવાડાની આવી જ એક શિબિરમાં શિબિરસંચાલક કુમારપાળ વિ. શાહે અરિહંતની ધૂનનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. ગુરુ-મહારાજે ધૂનના આગલા દિવસે



અમોને અરિહંતના ગુણો વિશે વ્યાખ્યાનમાં રસ-તરબોળ વાણીમાં પ્રભાવિત કર્યા હતા. અને અરિહંતના ગુણ ઉપર નવીન કોઈ રચના કરવાનું સૂચન કર્યું. અમો મુંઝાયા કે આ શક્ય નથી, પરંતુ ગુરુદેવની પ્રેરણા અને આશીર્વાદ છે તો ચોક્કસ કાંઈ કરી શકીશું. ગુરુદેવે કહ્યું આવતીકાલે અરિહંતની ધૂન કાર્યક્રમની શરૂઆત તમારા નવા ભક્તિગીતથી કરીશું. અને ખરેખર તેમની જ કૃપાથી અને બીજા શિબિરાર્થી ડૉ. હેમંત વૈદ્યના સહકારથી સતત પ્રયત્ન કરવાથી હું ગુરુદેવની નિશ્રામાં બીજે દિવસે કાર્યક્રમની શરૂઆતમાં જે ગાઈ શક્યો હતો તે ગીતના શબ્દો હતા **‘ધૂન જગાવો અરિહંતની રે, ઓ ભક્તિના રસીયા, ધૂન જગાવો, ને ત્યાગ વધારો...’** આ ભક્તિગીત.

આજે પણ ઘણા યુવાનો ભાવનામાં ભાવપૂર્વક ઉલ્લાસ અને ઉપયોગી ગાય છે. સ્તવન ક્ષેત્રે જ નહીં પણ યુવાનોમાં જીવનના દરેક ક્ષેત્રે આધ્યાત્મિક, નૈતિક, બૌદ્ધિક, આચરણની બાબતમાં પણ આચાર્ય મહારાજનો ફાળો અતિ મહત્ત્વનો હતો. શિબિરના માધ્યમ દ્વારા જે તત્ત્વજ્ઞાન તથા માર્ગાનુસારીના ૩૫ ગુણોનું શિક્ષણ મળ્યું તેનાથી યથાશક્તિ જીવનમાં આચરણ કરી સ્વસ્થ રીતે જીવન જીવી રહ્યા છે. તેમણે આપેલું ધ્યાન વિશેનું જ્ઞાન આજે જીવનના રોજબરોજના કાર્યમાં એટલું તો ઉપયોગી થઈ પડ્યું છે કે સુખ-દુઃખમાં તો આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ન કરતા ધર્મધ્યાન દ્વારા શાંતિ મેળવી શકીએ છીએ. દિવ્યદર્શનના નિયમિત વાંચનથી પણ અતિપ્રસન્નતા રહે છે. અંતમાં આવા પ્રેરણાદાયી ગુરુદેવ પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની અમારા ઉપર સતત કરુણા વરસ્યા કરે એજ અભ્યર્થના.

----•----

## શિબિર પંગુને પણ પહાડ ચડાવે

પૂજ્યપાદશ્રીની શિબિરોએ તો મારા જીવનની રોનક બદલી નાંખી છે. પ્રભુભક્તિ અને તપના બે મહાન યોગ શિબિરની પ્રેરણાઓ દ્વારા પૂજ્યશ્રીએ ખૂબ સહજતાથી પકડાવી દીધા જે આજે મને અદ્‌ભુત આધ્યાત્મિક સ્ફુર્તિ આપી રહ્યા છે.

આજથી ત્રીસેક વર્ષ પહેલાની વાત છે, ત્યારે વરખની થોકડી દોઢ રૂપિયામાં આવતી અને તેમાં ૧૬ પાના આવતા. પૂજ્યપાદશ્રીએ અચલગઢની શિબિરમાં સમજણ આપી, રોજ સ્વદ્રવ્યથી પ્રભુજીની થોડી પણ આંગી રચો. એક વરખના પાનાના ૮ ટુકડા કરો તો ૧૬ પાનાની થોકડીના ૧૨૮ ટુકડા થાય. દોઢ રૂપિયામાં

૧૨૮ દિવસ સુધી વરખનો ટુકડો લગાવવા દ્વારા પ્રભુજીને આંગી રચી શકાય.

પૂજ્યશ્રીએ સમજાવેલો પ્રભુભક્તિનો મહિમા અને આ ગણિત અમારા મગજમાં ઉતરી ગયું. ઘણાં શિબિરાર્થીઓએ સ્વદ્રવ્યથી આંગી કરવાનો અભિગ્રહ લીધો. તે નાનકડા આંગીના નિયમે મને પ્રભુભક્તિનું અને આંગીનું ખૂબ ઘેલું લગાડ્યું. ભક્તિ કરતાં કરતાં પૂજ્યશ્રીની કૃપાથી આંગીનો ક્ષયોપશમ પણ ખીલવા લાગ્યો અને આજે હું મહાપૂજાઓમાં પણ આંગીઓ રચતો થઈ ગયો. આજ સુધીમાં સેંકડો વાર ભવ્ય અંગરચનાઓ કરવાનો અનુપમ લાભ મને પ્રાપ્ત થયો. પણ, આ બધાના મૂળમાં પૂજ્યશ્રીની પાવન પ્રેરણા છે.

તેવી જ બીજી વાત તપની, ખંભાતની શિબિરમાં પૂ. તપસ્વી મુનિરાજ શ્રી મણિપ્રભવિજય મ. ની ૧૦૦માં ઓળીના પારણા પ્રસંગે પૂજ્યશ્રીએ ફરમાવેલું : ‘વર્ધમાન તપ એટલે વધતો જતો તપ. પારણું આવે એ પહેલાં નવી ઓળી ક્યારે શરૂ કરશું એના મનોરથ સેવાય.’ આ પ્રેરણાએ મને ઓળીનું ઘેલું લગાડ્યું. જેનું સ્વપ્ન પણ દુષ્કર હતું તે વર્ધમાન તપની ૧૦૦ ઓળીની આરાધના પૂજ્યપાદશ્રીના પુણ્યપ્રભાવથી મારા જીવનમાં પૂર્ણ થઈ.

પૂજ્યપાદશ્રીની ભવ્ય સાધના આગળ મારી આરાધના તો મેરુ આગળ સરસવ જેવી વામણી લાગે. છતાં મારી ૧૦૦ ઓળીના પારણા પ્રસંગે આશીર્વાદ પાઠવતા મને પત્રમાં લખ્યું હતું :

‘આ ૧૦૦ ઓળી કરી તે તો તારા પોતાના આત્મા માટે. બાકી ગામે ગામ તેં રચેલી અંગરચનાના દર્શને હજારો ભવિજનોને તે જે શુભ અધ્યવસાયનાં દાન કર્યા તેથી સામેથી કુદરત પાસેથી તેં ભવિષ્યમાં ઉચ્ચ કોટિનાં શુભ ભાવોલ્લાસ મળવાનાં રિઝર્વેશન કરાવી દીધાં ! આ તારી કેવી કુનેહ ? તારે તો જીવનભરનાં સુખદ સંભારણા અને જિનભક્તિની અનુમોદનાની મૂડી ઊભી થઈ ગઈ. સુકૃત કર્યું એકવાર પણ અનુમોદના વારંવાર....’

પૂજ્યપાદશ્રીની કૃપા અને પ્રેરણાએ મારા જીવનમાં ધર્મસંચાર કર્યો.

એ ૠણ ક્યારે ચુકવાશે ? શિબિરે કેવો મહાન ઉપકાર કર્યો ? એક નાની પ્રેરણાએ કેટલું બળ આપ્યું ? શિબિરે તો મારા જેવા પંગુને પણ પહાડ ચડાવી દીધો જાણે !

**– અશોકભાઈ આંગીવાલા, કાંદીવલી**



## ● ભાનુવિજયની શિબિરોએ યુવાપેઢીના દેદાર પલટી નાંખ્યા છે

### આશિષ અભિનંદન અને અનુભવો

● આજના યુવાનોને ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર આપવાના શિબિરના પ્રયાસ સફળ બનો.

**– પૂ.આ.દે. શ્રીમદ્‌વિજયોદયસૂરીશ્વરજી મહારાજા**

● ભૌતિકવાદના આવેગને ટાળવો હોય તો આપણે નવી પેઢીના જીવનમાં ધર્મના આચાર, સંસ્કરણ અને તત્ત્વજ્ઞાન રેડવા જ પડશે. જરા પણ નિરાશ થયા વિના બાળકોના નૈતિક અને આધ્યાત્મિક જીવન ધોરણને ઊંચે લાવવા આપણી સઘળી શક્તિઓ શાસ્ત્રમર્યાદામાં રહીને ખર્ચવી પડશે. આ કાર્ય આધ્યાત્મિક શિબિરના આયોજન દ્વારા ચાલી રહ્યું છે તે અનુમોદનીય છે. શિબિરનો વિરોધ કરનારે એક વાર શિબિરનું કાર્ય જોવું જોઈએ. કેટલાય વિદ્યાર્થીઓ કેવા કેવા ત્યાગ કરે છે ? કેટલાક કોલેજીયનો તો સર્વવિરતિ પ્રત્યે ઉત્કટ રાગ ધરાવતા થઈ ગયા. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના ગામમાં જઈને ગામના વિદ્યાર્થીઓને ધર્મનું તત્ત્વ સમજાવે છે.

**– પૂ.આ.દે. શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

● આધુનિક વિચારસરણી ધરાવતી વર્તમાન પ્રજામાં શિબિરો દ્વારા સમ્યગ્જ્ઞાનનું દાન મહાલાભનું કારણ છે.

**– પૂ.આ.દે. શ્રીમદ્‌વિજયદક્ષસૂરીશ્વરજી મ.**

● વિદ્યાર્થીઓ ભાવિ સંઘના સ્તંભો છે. જો તેઓ સંસ્કારમય અને જૈનત્વમય હશે તો સંઘ પણ દીપી ઉઠશે. તે માટે જે કાંઈ શાસ્ત્ર મુજબ થાય તેને અમે આવકારીએ છીએ અને આશીર્વાદ પણ આપીએ છીએ. શિબિર પણ એક એવું કાર્ય છે.

**– પૂ.આ.દે. શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મ.**

● આધુનિક વિદ્યાર્થીઓમાં ધર્મસંસ્કાર સિંચનની શિબિર પ્રવૃત્તિ શાસનને અતિ લાભદાયી અને પ્રભાવક છે.

**– પૂ.પં. શ્રી મંગળવિજય ગણિ મ. (પછીથી આચાર્ય)**

● જીવનમાં રત્નત્રયીની આરાધના વધતાં એક ક્રાન્તિ સર્જાય છે. જેના પરિપાકરૂપે મોક્ષપ્રાપ્તિ થાય છે. શિબિર જીવનમાં આવી મહાન ક્રાંતિ સર્જવા જેવું મહાન કાર્ય કરે છે. શક્તિઓના ધોધ ઉન્માર્ગે વહી રહ્યો છે તેને કાબૂમાં આણી

ધર્મરુપી વિદ્યુત પેદા કરવા માટે આવી શિબિરો કરવી આવશ્યક છે.

**– પૂ.પં. શ્રી કનકવિજયજી ગણિવર મ.સા. (પાછળથી આચાર્ય)**

● મેં ૨ાા કલાક સુધી પૂ.પં.શ્રી ભાનુવિજય ગણિવરનું શિબિરમાં પ્રવચન સાંભળ્યું. મુનિશ્રીની શક્તિ, શિક્ષણશૈલી અને આધ્યાત્મિક જ્ઞાનમાં મને પ્રબળ વિશ્વાસ બંધાયો. શિક્ષણશૈલીમાં તેઓ અદ્ભુત મનોવૈજ્ઞાનિક દૃષ્ટાંત સમા છે. આ પદ્ધતિના શિક્ષણવાળી શિબિર જરૂર સફળ થશે. આવી શિબિર સારા કાર્યકર્તા, સુજ્ઞ નાગરિક અને જૈનધર્મના પ્રચારકો ઉત્પન્ન કરવામાં સારી સહાયક થઈ શકશે.

**– નિરંજનનાથ આચાર્ય, ઉપશિક્ષામંત્રી, રાજસ્થાન**

● તત્ત્વજ્ઞાન અને નીતિ જીવનમાં, આચારમાં અને વ્યવહારમાં ઉતારવા માટે શિબિરમાં શિક્ષણ આપવામાં આવે છે તે ઘણી ખુશીની વાત છે.

**– ઈન્દુમતી ચીમનલાલ, શિક્ષણપ્રધાન, ગુજરાત**

● શિબિરમાં જીવન સાદું અને નિયમિત છે. આવી શિબિર યુવક વર્ગને માટે ઘણી ઉપયોગી છે.

**– મોહનલાલ વ્યાસ, આરોગ્યપ્રધાન, ગુજરાત**

● ઉગતી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન અને ચારિત્રનું ઘડતર કરવામાં આવી શિબિરો ખૂબ જ ઉપયોગી છે. શિબિરમાં બાળકોની બધી પ્રવૃત્તિઓ જ્ઞાન, ધ્યાન અને ક્રિયામાં જ કેન્દ્રિત થતી હોઈ ધાર્મિક જ્ઞાન અને અનુભવનો વિકાસ થાય છે.

**– મુંબઈ સમાચાર તા.૯-૩-૧૯૬૩**

● ભૌતિકવાદી યુગમાં અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ ફરમાવેલ સંસારની જન્મ-જરા-મૃત્યુરૂપ આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત કરાવી સંપૂર્ણ અને શાશ્વત મોક્ષસુખ પ્રદાન કરનાર સમ્યગ્જ્ઞાનના દાન માટે યોજાતી શિબિરોની ભૂરિ ભૂરિ અનુમોદના.

**– શ્રી ઋષભદાસજી જૈન, મદ્રાસ**

● શિબિરની પ્રવૃત્તિ ખૂબ જ અભિનંદનને પાત્ર છે.

**– શ્રી કસ્તુરભાઈ લાલભાઈ**

● સમ્યગ્જ્ઞાનના દાન અને ચારિત્ર-ઘડતર માટે શિબિરો આજે ખૂબ જ લાભદાયી છે.

**– શ્રી માણેકલાલ ચુનિલાલ**

● શિબિર થઈ તે મારા માટે પરમ આનંદનો વિષય છે. કારણ કે આ



પ્રવૃત્તિ વર્તમાન યુગમાં આદરણીય અને આવશ્યક છે.

હું માત્ર એક દિવસ ખંભાતની શિબિર જોવા માટે આવેલ, પરંતુ તેનું આકર્ષણ એવું અદ્ભુત નીપજ્યું કે ૨૫ દિવસ રોકાઈ ગયો. મારા જેવા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક માટે પરમ અર્થની સિદ્ધિનો યોગ નીકળ્યો. શિબિરના મહાન લાભ ગણ્યા ગણાય તેમ નથી.

**– પ્રો. આર.જી.મજમુદાર, વાઈસ પ્રિન્સિપાલ, બાહુદીન કૉલેજ, જુનાગઢ.**

● મારા જેવા જૈનેતર વિદ્યાર્થીને જૈન ધર્મનો આટલો ઊંડો અભ્યાસ કરવાની તક આ શિબિરમાં આપવામાં આવી તે વાત મારાથી કેમેય વિસરી શકાશે નહીં.

**– પ્રો. નટવરલાલ જે. ભટ્ટ, એમ.એ.આર્ટ્સ કૉલેજ, ધોળકા.**

● આબુની શિબિરથી માંડીને ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવાનું મારું વલણ દૃઢીભૂત બન્યું. સ્વજનો અને સંબંધીઓની શંકા-કુશંકાઓનો ભોગ બનીને પણ મેં જૈન ધર્મનો અભ્યાસ કર્યો.

**– પ્રો. ઉમાકાંત કે. બારોટ, એમ.એ.**

● અરિહંત પ્રત્યે અચિંત્ય શ્રદ્ધાની ઘનીભૂતતા તથા વીતરાગ અને નવકારમાં તીવ્ર વિશ્વાસનું લક્ષ્યીકરણ મને શિબિરથી પ્રાપ્ત થયું છે. જિનશાસન, જિનવચન તથા જિનપ્રતિમા પ્રત્યે શ્રદ્ધા અને જિનપડિમા જિનસારિખી-એ સૂક્તિની સાકારતા આજે મસ્તકમાં રમી રહી છે.

**– સુરેન્દ્રકુમાર લોઢા, મન્દસૌર**

● શિબિર એ માનવજીવનને સંસ્કારો અને આચારોથી હૃષ્ટપુષ્ટ બનાવનાર વિટામીન છે. શિબિર એ એક માસનો જ્ઞાનયજ્ઞ છે. એ યજ્ઞની વેદીમાં હોમાય છે કુસંસ્કારો, ક્રિયાનું પ્રમાદીપણું અને અજ્ઞાનનું ઘોર અંધારું. એ બધાં બળીને ખાખ થઈ જાય છે. હું શિબિરને આધ્યાત્મિક હોસ્પિટલની ઉપમા આપું છું. વૈશાખના ધોમધખતા તાપમાં મુસાફરને એકાદ ઘેઘૂર વડલાની શીતલ છાંયડી મળી જાય કે રણમાં ભૂલા પડેલા તૃષાતુર મુસાફરને શીતલ પાણીનો એકાદ ઘડો મળી જાય તે આનંદ કદાચ શબ્દોથી વર્ણવી શકાય પણ ૧૯૬૪ અને ૧૯૬૫ની શિબિર દ્વારા મેળવેલો આનંદ વર્ણવી શકવા હું અસમર્થ છું.

**– કુમારપાળ વિ. શાહ, મુંબઈ**

● શિબિર એક અદ્ભુત રસાયણ આપે છે જે મનમાં રહેલા મિથ્યાત્વ અને અજ્ઞાનમળને સાફ કરી નાંખે છે. કુવાસના અને કુસંસ્કારોની જડ ઘાલીને પડેલા મિથ્યામતિ અને મિથ્યા-આચરણનાં કધોણાંને દૂર કરવા શિબિર એક ટીનોપોલ છે.

**– પ્રવિણચંદ્ર સી. શાહ, M.Sc.**

● એક સમયે હું ધર્મને ધતિંગ માનતો હતો. દર્શન અને પૂજન કરનારાઓને મૂર્ખ અને ઢોંગી માનતો હતો. સાધુઓને મફતનું ખાનારા અને ભારતને ભારભૂત થનારા માનતો હતો. દેવાનંદ (એક્ટર) એ દેવ અને થીયેટર એ મારા માટે ઉપાશ્રય સમાન હતા. બીભત્સ વાર્તા અને ગાળો એ મારી ગાથા હતી. નિંદા મારો સ્વાધ્યાય હતો. એવામાં શિબિરમાં હું આવ્યો અને મહાન જાદુગરની લાકડી મારા પર ફરી. શિબિરે મારા મન, વચન અને જીવનને સાવ બદલી નાંખ્યું. અનેક આત્માઓના મિથ્યાત્વ અને અજ્ઞાનને દૂર કરનાર શિબિર દર વર્ષે યોજાતી રહે એ જ દેવ-ગુરુ-ધર્મ પાસે યાચના.

**– કિશોર કાન્તિલાલ, માટુંગા**

● કૉલેજમાં ભણવા છતાં અને હોસ્ટેલમાં રહેવા છતાં રોજ જિનપૂજા, અભક્ષ્ય-ત્યાગ, થાળી ધોઈને રોજ પીવી, સિનેમા ત્યાગ ઇત્યાદિ અનેક આચારો શિબિરે મારા જીવનમાં સ્વાભાવિક વણી દીધા છે. હું એન્જીનિયરિંગનો વિદ્યાર્થી છું. અમારે ભણવામાં Efficiency નું સમીકરણ આ રીતે આવે છે..

Efficiency = Useful work that we get / Work that we input

પણ, જીવનની Efficiency = અરિહંતની ભક્તિ અને આજ્ઞામાં વિતાવેલ સમય / શેષ જીવનકાળ.

એવું નવું સમીકરણ શિબિર દ્વારા મને શીખવા મળ્યું છે.

**– દિનેશ એ. શાહ B.E.(Mech.), સીતાપુર**

● શિબિરે મારા જીવનમાં અપૂર્વ ચમત્કાર સર્જ્યો છે. શિબિર પહેલા ધર્મમાં જે શ્રદ્ધા હતી તે હવે વધુ દૃઢ બની છે. શિબિરમાં મેં જે પ્રતિજ્ઞાઓ લીધેલી જેવી કે - સિનેમા ત્યાગ, નિત્ય મા-બાપને પગે લાગવું, એમની સામે ઉદ્ધત વર્તન ન કરવું, ચત્તારિ મંગલંની ગાથાઓ રોજ યાદ કરવી વગેરે ભૂલ્યા વગર બરાબર કરી રહ્યો છું. મારા એક મુસ્લિમ મિત્રે ઈંડાનો ત્યાગ કર્યો છે. મારા કુટુંબના સભ્યો પણ મારા જેવી આરાધના કરવા લાગ્યા છે.

**– સંઘવી મહેન્દ્રકુમાર વિનયચંદ, ભાવનગર**

● શિબિર એ મારા માટે દિલને સાફ કરીને સાધના દ્વારા સિદ્ધિ મેળવવા જ્ઞાન સાથે આચાર શિખવતી એક અદ્ભુત આધ્યાત્મિક પ્રયોગશાળા બની છે.

**– શિબિરનો એક વિદ્યાર્થી, કપડવંજ**

● શિબિરમાં આવવાથી મને લાગે છે કે મારી જિંદગીનો એક ખરાબ ઈતિહાસ સમાપ્ત થઈ ગયો. નવો જ ઈતિહાસ શરૂ થયો.

**– શિબિરનો એક વિદ્યાર્થી, બેંગ્લોર.**



● હું વરસમાં ૧૦૦ જેટલી ફિલ્મ જોતો હતો પણ શિબિરમાં આવ્યા પછી મેં સિનેમાનો સર્વથા ત્યાગ કર્યો છે.

**– શિબિરનો એક વિદ્યાર્થી, બેંગ્લોર.**

● જ્યારે જ્યારે શિબિર યાદ આવે છે ત્યારે આંખના ખૂણામાંથી આંસું વહી આવે છે, દિલ રડી ઊઠે છે, બૂમ પાડી ઊઠે છે. - શિબિર...શિબિર...શિબિર...

**– રમેશચંદ્ર ઊંઝા.**

● શ્રીમંતાઈ અને કુસંગના કારણે મારું જીવન વ્યસનોના રવાડે ચડી ગયું હતું. મહિનામાં ૨૮ દિવસ તો જુગારના અડ્ડામાં રહેતો. રાતોની રાતો ત્યાં જ પસાર કરતો. પરસ્ત્રીગમન અને વેશ્યાગમનના ગોઝારા પાપો ખૂબ જ સીફતપૂર્વક મારા જીવનમાં પ્રવેશી ગયા. આ બધી બદીઓમાંથી કોઈ છોડાવવા આવે તો તેને મારીને ખો ભૂલાવી દેવાની જંગલી તાકાત મારામાં આવી ગઈ.

રવિવારીય શિબિરમાં અચાનક હું કેવી રીતે આવી ચડ્યો મને ય ખબર નથી. શિબિરના પ્રવચનોથી નવું જીવન પામ્યો છું. એક પણ કુવ્યસન મને રખડાવે નહિ તેવા મક્કમ નિર્ધાર સાથે જીવન જીવવાનું ચાલુ કર્યું છે. અત્યારે નિત્ય નવકારશી, સામાયિક, જિનપૂજા વગેરે ખૂબ ઉલ્લાસથી ચાલે છે. શિબિરે જે જીવન પરિવર્તન કર્યું છે તે અવર્ણનીય છે.

**– સુરતની રવિવારીય શિબિરનો એક શિબિરાર્થી.**

● કોલેજીયનને આધ્યાત્મિક પંથે પહોંચાડનારી શિબિર મહાન સંસ્કારધન છે.

**– બિપિનચંદ્ર એન. કપાસી, મુંબઈ.**

● **હાતાં કાલે ત્યહાં પરદ્રવ્ય મહીં રે ભટકતાં !**
**છીએ આજે રહ્યાં સ્વ-પર સમજી ભેદ ભણતાં !**
**હશું કાલે ધાયાં વિષય-વિષવામી જિનવરાં !**
**સહારે તારે રે, તરું અબ ભવાર્ણવ જ શિબિરાં !**

**– મુકેશ ન. શાહ, મુંબઈ.**

● મેં પાંચ વર્ષમાં ૧૦૦૦ સિનેમા જોવાનો સંકલ્પ કરેલો. ક્યારેક તો એક એક દિવસમાં ૩-૩ સિનેમા જોઈ લેતો. કુલ ૯૯૫ સિનેમા જોવાઈ ગયા અને પછી કાવિ સંમેલનમાં આવ્યો. શિબિરના પ્રવચનોએ મારા મનને ફેરવી નાંખ્યું. ત્યાં ને ત્યાં નિર્ણય કર્યો કે ભલે ૧૦૦૦માંથી પાંચ બાકી રહ્યા પણ હવેથી સિનેમા-થીયેટર પર ક્યારેય પગ નહિ મૂકું. બસ એ દિવસથી સિનેમા સાથે કાયમ માટે છૂટાછેડા થઈ ગયા છે.

**– કાવી શિબિરનો એક વિદ્યાર્થી.**

- શિબિર પછીના અને પહેલાના અમારા જીવનમાં ફરક જેટલો તફાવત જણાય છે. શિબિરે આત્માને પાપકર્મોથી શી રીતે લાઈટ કરી શકાય તેની ગુરુચાવીઓ આપી દીધી.
- વાનર જેવા જીવનમાંથી નર અને નારાયણ બની જવાની આ શિબિરે માસ્ટર-કી આપી છે.
- પૂજ્યશ્રીએ શાસ્ત્રોનાં શટર ખોલીને ગટરના જીવનમાં આળોટતા અમને અદ્ભુત અધ્યાત્મના બટર પીવડાવ્યા છે.
- શિબિરે અમને ભાગવાનું નહિ, જાગવાનું શીખવ્યું છે.

**– ચંદનબાળા (વાલકેશ્વર) શિબિરના શિબિરાર્થીઓ**

**બેંગ્લોર શિબિરની કેટલીક ઝલકો :**

- એક યુવાનનો વર્ષમાં ૧૫૦ ફિલ્મ જોવાનો રેકોર્ડ હતો. તેણે હવે વર્ષમાં ૩૬૦ સામાયિક કરવાનો સંકલ્પ કરીને જીવન સુધારી દીધું છે.
- એક યુવાન દિવસના ૩-૩ કલાક ટી.વી. સામે બેસી રહેતો હતો. તે હવે ટી.વી. નહિ જોવાનો અભિગ્રહ પાળી રહ્યો છે અને જીવદયાના કાર્યમાં જોડાઈ ગયો છે.
- ફિલ્મના મેગેઝીન અને અશ્લિલ પત્રિકાઓમાં જ રચ્યા પચ્યા રહેનારા એક યુવાને અશ્લિલ વાંચનાનો કાયમ માટે ત્યાગ કર્યો છે અને ઘરમાં સાત્ત્વિક સાહિત્યનું પુસ્તકાલય બનાવી દીધું છે.
- એક યુવાને રોજનું એક સામાયિક કરવાની અને ન થાય તો સો રૂપિયા ભંડારમાં નાંખવાની પ્રતિજ્ઞા લીધી હતી. પણ, તેને ક્યારેક દંડ ભરવાની નોબત આવી નથી.

**પ્રેષક : અશોકભાઈ સંઘવી, બેંગ્લોર.**

• શિબિરમાં જે જ્ઞાન અને વાત્સલ્ય અમીઝરણાં પ્રાપ્ત થયા એના દ્વારા જીવન સુવાસમય બની ગયું છે. ધર્મદષ્ટિએ જીવનસાગરમાં પથરાયેલા મહાશૂન્યાવકાશમાં ઉલ્લાસની લહેરો વહેવા માંડી છે. જીવન જીવવાની મજા આવવા માંડી છે.

**– અમદાવાદનો એક શિબિરાર્થી**

(આ બધા માત્ર પાંચ-દશ યુવાનોના ઉદ્ગારો નથી, પણ સેંકડો શિબિરાર્થીઓના હૃદયમાં ઉછળતા ભાવોનું પ્રતિબિંબ છે.)

**– પૂ.મુનિરાજશ્રી તત્ત્વસુંદરવિજય મ.**





**પરિચય**

જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન એક સપ્તાહથી માંડીને સળંગ ત્રણ સપ્તાહના સમય સુધી અનુકૂળ સ્થળે કરવામાં આવે છે. જૈનકુળમાં જન્મ થયો હોવા છતાંય જૈન ધર્મ અને જૈનાચારથી અલ્પ પરિચિત કે તેનાથી તદ્દન અજાણ એવા શાળા-કોલેજોમાં ભણતા કોઈપણ યુવાનોને તેમાં વિનામૂલ્ય પ્રવેશ અપાય છે.

આવા શિબિરાર્થીનો દિવસ સવારના સાડાપાંચથી શરૂ થાય છે અને રાતના દસના ટકોરે પૂરો થાય છે. આ સમયમાં તેઓને તબક્કાવાર જૈન તત્વજ્ઞાન,સામાયિક,ચૈત્યવંદન અને ગુરુવંદનના અર્થસહ સૂત્રો, મોક્ષમાર્ગ અને માર્ગાનુસારી જીવનપધ્ધતિ તેમજ ધ્યાન અને વિવિધ જૈનાચાર [જ્ઞાન-તપ-પૂજા આદિ]ની પ્રાયોગિક તાલીમ અપાય છે આ ઉપરાંત ચૈત્ય પરિપાટી,સ્નાત્ર પૂજા,રાત્રિ ભાવના,અરિહંત ધૂન જેવા વિવિધ ભક્તિના કાર્યક્રમો પણ યોજાય છે.

શિબિરાર્થીઓએ નવકારથી જયવીયરાય સુધીનાં સૂત્રો, પ્રાચીન સ્તુતિ,સ્તવન,સજ્ઝાય અને માંગલિક શ્લોકો કંઠસ્થ કરવાના હોય છે. આ ઉપરાંત તેઓ માટે રોજનું એક સામાયિક તેમજ શિબિર સમયમાં આવતી તિથિએ પ્રતિક્રમણ ફરજીયાત કરવાના હોય છે.

શિબિરના છેલ્લા દિવસોમાં લેખિત પરીક્ષાઓ લેવાય છે. નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાય છે.આ બન્નેમાં ઉત્તીર્ણ થયેલાઓને અને આચારવિશિષ્ટ શિબિરાર્થીઓને વિવિધ ઈનામો અપાય છે.

શિબિરાર્થીઓની સંભાળ મૈત્રીભાવ અને સાધર્મિક ભક્તિ ભાવથી લેવામાં આવે છે.



## પ્રયોજન

જૈન ધાર્મિક શિક્ષણ-શિબિરનું પ્રયોજન શાળાઓ અને કોલેજમાં ભણતા આપણા જૈન યુવાનોના જીવનમાં ધર્મ પ્રત્યે રસ અને રુચિ જાગૃત કરવાનું.

■ જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય, જૈન કલા તેમજ જૈન તત્ત્વજ્ઞાનનો પ્રાથમિક પરિચય કરાવવાનું.

■ જૈન માટે પ્રાથમિક દૈનિક કર્તવ્યરૂપ એવા સામાયિક, ચૈત્યવંદન અને ગુરુવંદન આદિના સૂત્રોનું અર્થ-રહસ્ય સમજાવવાનું.

■ જિનપૂજા, ગુરુપૂજા આદિ પ્રાથમિક વિધિઓની પ્રાયોગિક તાલીમ આપવાનું.

■ ભક્ષ્ય-અભક્ષ્ય અને પેય-અપેયની વૈજ્ઞાનિક સમજ આપવાનું.

■ વ્યસન અને વ્યભિચાર મુક્ત જીવનની કેળવણી આપવી.

■ જીવનમાં જૈન આદર્શ અને જૈન ભાવના કેળવવાનું.

■ જીવન વધુ સાદું સરલ અને સંયમી બને તેવું શિક્ષણ આપવાનું.

■ સાધર્મિક ભક્તિ અને નિઃસ્વાર્થ સેવાભાવ વિકસે તેવા સંસ્કાર રેડવાનું.

■ આપણી ધાર્મિક સંસ્થાઓના સંચાલન માટે જરૂરી પ્રાથમિક માર્ગદર્શન આપવાનું.

■ તેમજ તેઓનું નૈતિક અને આધ્યાત્મિક જીવનઘડતર કરનારી તાલીમ આપી તેમનામાં આત્મશ્રદ્ધા અને આત્મભાન સતત જાગૃત રાખવાનું છે







## પ્રગતિ

સન ૧૯૭૫ના એપ્રિલ-મેમાં પિંડવાડા (રાજસ્થાન)માં યોજાયેલ શિબિર સાથે આપણા સમાજમાં આવી કુલ ૧૩ શિબિરો યોજાઇ છે આ તમામ શિબિરોમાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજે ધર્મવાચના આપી હતી યોજાયેલ શિબિરોની સામાન્ય માહિતી આ પ્રમાણે છે

| સ્થળ | સાલ | અંદાજીત સંખ્યા | સ્થળ | સાલ | અંદાજીત સંખ્યા |
|---|---|---|---|---|---|
| દેલવાડા | ૧૯૬૨ | ૯૦ | પિંડવાડા | ૧૯૬૯ | ૨૮૦ |
| દેલવાડા | ૧૯૬૩ | ૧૨૫ | કલકત્તા | ૧૯૭૦ | ૧૧૦ |
| અચલગઢ | ૧૯૬૪ | ૧૮૦ | પાલનપુર | ૧૯૭૨ | ૨૪૦ |
| પાટણ | ૧૯૬૫ | ૨૦૦ | કપડવંજ | ૧૯૭૩ | ૧૯૦ |
| ખંભાત | ૧૯૬૬ | ૨૮૦ | પાલીતાણા | ૧૯૭૪ | ૨૦૦ |
| મલાડ-મુંબઈ | ૧૯૬૭ | ૧૯૦ | પિંડવાડા | ૧૯૭૫ | ૨૦૦ |
| અમદાવાદ | ૧૯૬૮ | ૧૮૦ | .. | .. | .. |

## આત્મપ્રગતિના પથદર્શક આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજ

શિબિરની આ પ્રગતિ માટે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયભુવન ભાનુસૂરિજી મહારાજનો અનહદ ઉપકાર છે. આપણા શ્વેતામ્બરમૂર્તિપૂજક સંઘમાં આવી સૌ પ્રથમ શિબિર તેઓશ્રીની પ્રેરણાથી થઈ. યુવાનોના નૈતિક અને આધ્યાત્મિક જીવનઘડતર માટેનો પાઠ્યક્રમ પણ તેઓશ્રીએ તૈયાર કરી આપ્યો અને ધર્મવાચના પણ તેઓશ્રીએ જ આપી

આચાર્યશ્રીના જીવનમાં સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપનો તેમજ વ્યાવહારિક અને આધ્યાત્મિક જ્ઞાનનો પ્રેરક સમન્વય છે. તેઓશ્રી લેખક, વ્યાખ્યાતા અને વિવેચક છે તત્ત્વજ્ઞ તપોમૂર્તિ, જ્ઞાનવૃદ્ધ પૂજ્ય આચાર્યશ્રીની મંગળ નિશ્રામાં આવી શિબિરો દ્વારા અનેક યુવાનો 'આત્મમાર્ગી' બન્યા છે અને ભવિષ્યમાં પણ બનશે.



## શિબિરાર્થીઓના સ્વાનુભવ

•....શિબિર મારી માતા છે જેણે મને જીવતા જીવત પુનર્જન્મ આપ્યો છે. શિબિરમાં તો હું મારાં માતા-પિતાની બીકે જ આવ્યો હતો. મને હતું કે શિબિરમાં આવીને તો કંટાળી જવાશે પણ હવે લાગે છે કે શિબિરમાં આવ્યા પછી મારું પરિવર્તન થઈ ગયું છે...

•... ખરાબ મિત્રોની સોબતમાં હું બીડી અને સીગરેટ પીતો. કાંદા અને બટાટા તો મારા પ્રાણસમાન પુરવાર થયેલા પરંતુ શિબિરમાં આવીને મેં કાંદા-બટાટા ન ખાવાનો નિર્ણય કર્યો છે અને બીડી-સીગરેટનો પણ આજીવન ત્યાગ કર્યો છે....

•...શિબિરમાં આવ્યો ત્યાર પહેલાં હું પ્રતિમાને પગે લાગતો અને હજી પણ પ્રતિમાને પગે લાગું છું. પણ તેમાં આસમાન-જમીનનો ફરક છે.


•... શિબિરમાં હું લહેર કરવા અને હવા ફેર કરવા માટે આવ્યો હતો પણ અહીં રહીને ખબર પડી કે [illegible] એ આનંદ છે અને આમ હવાફેરને બદલે મારો જીવનફેર થઈ ગયો...

• ..શિબિરમાં હું દાખલ ન થયો હોત તો હું મારા જૈનધર્મ વિષે શું જાણી શક્યો હોત? કશું જ નહિ...

•.. પહેલાં મારો સ્વભાવ ક્રોધી, માયાવી અને વિચિત્ર હતો. વાત વાતમાં મગજનો પારો ચડી જતો હતો. હવે તેમાં ખૂબ પરિવર્તન આવ્યું છે...

•... શિબિરનું ઋણ હું જિંદગીભર નહિ ચૂકવી શકું....

“શિબિરાર્થીઓની શિબિર રોજનીશીમાંથી”





# પ્રકીર્ણ પ્રસાદ

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૬,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૫૭

## આજનું શિક્ષણ અને વિદ્યાલયોનું કર્તવ્ય

**(લેખક : શ્રી રશ્મીકાંત કા.શાહ. બી.એ.બી.કોમ.)**

આજે આપણે બધા શિક્ષિત અને કેળવાયેલા વર્ગમાં ગણાઈએ છીએ, પણ ખરું જોતાં શિક્ષણ અને કેળવણીની જરૂર આપણા જેટલી બીજા કોઈને નથી. જો આપણે કેળવાયેલા હોઈએ તો આપણા શિક્ષણની ટીકા ન થવી જોઈએ. જો આપણું શિક્ષણ યોગ્ય હોય તે જીવનમાં આપણને મુશ્કેલીઓ ન પડવી જોઈએ. પરંતુ આજના શિક્ષિત વર્ગની થતી ટીકા એ વર્ગની ઉદ્ધતાઇ અને ઉછાંછળાપણું તથા જીવનનિર્વાહ ચલાવવાની આજના શિક્ષિત વર્ગની મુશ્કેલીઓ પુરવાર કરી આપે છે કે આપણને આપવામાં આવતા શિક્ષણમાં કાંઈક ખૂટે છે. એ શિક્ષણનો પાયો કાચો છે. એમાં પોપટીયા જ્ઞાન સિવાય માનસિક કે નૈતિક પ્રગતિ કે ઉન્નતિ કરાવે એવું કંઈજ નથી.

શિક્ષણનો સાચો હેતુ એ હોવો જોઈએ કે શિક્ષિત વ્યક્તિ એ શિક્ષણના ઉપયોગથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે. જે શિક્ષણમાં આ ત્રણમાંથી એક પણ પ્રકારની પ્રગતિ ખૂટતી હોય તે શિક્ષણ અપૂર્ણ કહેવાય, એટલું જ નહિ પણ અયોગ્ય કહેવાય.

શિક્ષણ એવું હોવું જોઈએ કે જેથી માનવી પોતાનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ એક સાથે સાધી શકે. ત્રણે રીતે સમતુલા જળવાય એવી શિક્ષણ પ્રણાલિકા હોવી જોઈએ. જ્યાં આ રીતે સમતોલપણું જળવાતું નથી ત્યાં એક ક્ષેત્રમાં વધારે વિકાસ થાય છે અને અન્ય ક્ષેત્રમાં પાછળ પડી જવાય છે. આવી સમતુલા વિનાની પ્રગતિવાળો માણસ સમતુલા મેળવવાનો પ્રયત્ન કરતાં કેટલીક વાર હાસ્યાસ્પદ બને છે. કારણ કે એક ક્ષેત્રમાં સાધેલી પ્રગતિ એને રોકવી નથી અને બીજા ક્ષેત્રોમાં પણ આગળ વધવાનો એ પ્રયત્ન કરે છે.

આ પ્રમાણમાં જોતાં પ્રાચીન વિદ્યાની રીત બરાબર હતી. શરીરને યોગ્ય વ્યાયામ આપવામાં આવતો. પાણી ભરવાનું, લાકડા ફોડવાનું વગેરે કામ જાતે કરવામાં આવતું. માનસનો વિકાસ થાય એવું શિક્ષણ પણ આપવામાં આવતું. રોજ અભ્યાસ થવો જોઈએ એવો આગ્રહ પણ સેવાતો અને આધ્યાત્મિક ક્ષેત્રમાં પૂજાપાઠ, ઈશ્વરસ્તુતિ, જાપ, સ્વાધ્યાય, ઈત્યાદિ પણ કરાવવામાં આવતા.

આના પરિણામરૂપે શિક્ષણ પામેલો માણસ સારી તંદુરસ્તીવાળો હોવા ઉપરાંત



જીવનનિર્વાહ સુખપૂર્વક ચલાવી શકતો અને પ્રભુ પ્રત્યે આસ્થા પણ રાખી શકતો તથા દેવદર્શન, પ્રભુપૂજા ઈત્યાદિ પણ ચૂકતો નહિ. જૂના વખતનો ભણેલો માણસ ઠરેલ ગણાતો. આજનો ભણેલ માણસ ચરેલ અને છકેલ ગણાય છે, કારણ કે શિક્ષણમાં વિવિધ જ્ઞાનની સમતુલા જળવાતી નથી.

નિયમિત વ્યાયામનું સ્થાન ટેબલટેનિસ અને કેરમ જેવી રમતોએ લીધું છે. પહેલાં વ્યાયામ ઘરકામમાં મદદરૂપ થઈ પડતો તેને બદલે આજનો કહેવાતો રમતગમતનો વ્યાયામ (!) ઘરમાં ખર્ચારૂપ થઈ પડ્યો છે. પહેલાંનો માણસ કેટલાંએ હિસાબો મોઢે જ ગણીને કરી શકતો, આજે એકવીસ એકાથી આગળ આંક જ કોને આવડે છે ? ૩૬ ને ૮ થી ગુણવા હોય તો કાગળ પેન્સિલની જરૂર પડે એવું આજનું શિક્ષણ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં આજનો શિક્ષિત જે નૈતિક અધોગતિમાં પડ્યો છે તેને માટે કયા શબ્દો વાપરવા ? દેવદર્શન કે પ્રભુપૂજા કરવાની વાત તો બાજુએ રહી પણ એ કરનારની મશ્કરી કરવામાં આજનો શિક્ષિત વર્ગ શિક્ષણની સફળતા જોઈ રહ્યો છે. એટલું જ નહિ પણ તેને જાત જાતના ધતીંગો સૂઝયા કરે છે અને લોકોના પૈસા કેમ પડાવવા એની જ તરકીબો લડાવ્યા કરે છે.

આપણને આવું શિક્ષણ આપવામાં આવે છે, એટલે મા-બાપ તરીકે વધુ સચેત થઈ આપણાં બાળકોનું ભાવિ સુધારવાની આપણી ફરજ છે. જે બાળકો મા-બાપની છાયા હેઠળ રહી અભ્યાસ કરવાને બદલે છાત્રાલયો કે વિદ્યાલયોમાં રહી અભ્યાસ કરતા હોય તેમનું ભાવિ સુધારવાની ફરજ છાત્રાલયોના અધિપતિઓની અને સંચાલકોની છે.

આજે શિક્ષણની પાછળ અને શિક્ષણના નામે લાખો રૂપિયા વપરાય છે, નહિ, વેડફાય છે કારણ કે વપરાશ પછી જોઈતી વસ્તુ હાથ આવવી જોઈએ. ધારેલું ફળ ન મળે તો કરેલો ખર્ચ વેડફાઈ ગયો એમ જ કહેવાય. લાખો રૂપિયા ખર્ચવા છતાં જીવનને ઉજાળે એવો કોઈ મહાન આત્મા પાકતો નથી. સીનેમા, નાટક, ચેટક, ખોટી ખોટી દલીલબાજી, સિગારેટ, બીડી, અમેરીકન નટનટીઓનાં જેવા અંગોપાંગોનાં પ્રદર્શન થાય તેવા કપડાં, આવી આવી વાતોમાં આપણો કહેવાતો શિક્ષિત વર્ગ ખરું જોતાં સ્ખલિત વર્ગ રાચે છે. આ સમયે મા-બાપની અને એમની જગ્યા સાચવનાર વાલી તરીકે વિદ્યાલયો અને છાત્રાલયોના ગૃહપતિઓ, ટ્રસ્ટીઓ અને સંચાલકોની જવાબદારી અને ફરજ શી તે વિષે આપણે હવે પછીના લેખમાં વધુ વિચારીશું.

**(-જૈન શિક્ષણ-સાહિત્ય પત્રિકાના સૌજન્યથી.)**

“દિવ્ય-દર્શન” - **“વચનામૃત”** વર્ષ-૬,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૫૭

**દુઃખના લાભ : ગરીબ-ધનિક વચ્ચે કુદરતે જે અસમાનતા મૂકી, તેનો બળાત્કારે સામનો કરવો, એ તો અજ્ઞાનતાથી પોતાનો અમૂલ્ય ધર્મસમય ગુમાવવા જેવું અને પોતાનું મન બગાડી નાખવા જેવું છે, એથી પોતાનો જ નાશ નોતરવાનું થાય કે બીજું કાંઈ ? કુદરતનો સામનો કરવો હોય તો એકમાત્ર ધર્મસત્તાનાં જોરે કરો. ધર્મસેવા દ્વારા અસમાનતા ટળશે; દુઃખ મીટશે. જાણો છો ? દુઃખના ચાર લાભ છે :**

**(૧) પરમાત્માને ઓળખાવે.**

**(૨) પુણ્ય-પાપને સમજાવે.**

**(૩) કસોટીનો કાળ દેખાડી ધૈર્ય, સમતાદિને કમાવવા તક દે; અને**

**(૪) પૂર્વના પાપને સાફ કરાવે.**

**આ ચાર લાભને ઓળખતાં ને સિદ્ધ કરતાં આવડે તેને જીવન જીવતાં આવડે.**

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૬,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૫૭

**પ્રાસંગિક :** મનુષ્ય વિચારક બને તો કેવી ઉદાત્ત વિચારસરણી અપનાવી શકે છે, કેટલો દયાળુ બની શકે છે અને હિંસામાં કેવી ભયાનકતા જોઈ શકે છે. એના એક નમૂના તરીકે બ્રિટનવાસી અંગ્રેજી પ્રસિદ્ધ નાટ્યકાર સ્વ. શ્રી જોર્જ બર્નાડ શોના ઉદ્‌ગાર જુઓ. એ લખે છે કે “આપણે મરેલા પશુઓની જીવતી કબર જેવા છીએ કે પશુઓની હત્યા જે આપણી ભૂખને શાંત કરવા માટે કરવામાં આવે છે. આપણે ક્ષણભર પણ આપણી કૂટેવો સંબંધમાં શાંતિથી બેસીને વિચાર નથી કરતા કે શું પશુઓને પણ જીવવાનો અધિકાર સંભવે છે કે નહિ. દર રવિવારે આપણે ઈશ્વરની એ પ્રાર્થના કરવા જઈએ છીએ કે ‘પ્રભુ ! તું અમને પ્રકાશ આપ જેથી અમે ઠીક માર્ગે ચાલી શકીએ’ હવે તો આપણે યુદ્ધથી તંગ થઈ ગયા છીએ. યુદ્ધ આપણને ગમતું નથી. યુદ્ધનો વિચાર માત્ર આપણા દિલમાં ભયનો સંચાર કરી દે છે, છતાં ય આપણે મારેલા પશુઓનું ભક્ષણ કરવાની લાલચ કરીએ છીએ. ગંદા કાગડાની જેમ આપણે માંસ ખાતાં ખાતાં જીવીએ છીએ અને વિચાર સરખો નથી કરતા કે એના કારણે શું દુઃખ અને કષ્ટ થાય છે. જો આપણે નિર્દોષ પશુઓની સાથે, આપણા લાભની લાલસામાં, આવી જાતનો ક્રૂર વર્તાવ કરતા રહીશું તો



સંસારમાં જે શાંતિ માટે આટલા ઉત્સુક છીએ, તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકવાની હતી ? એક બાજુ, મારી નાખેલા પશુઓની સેંકડો કબરો પર ઊભા રહી ઈશ્વરને શાંતિ માટે પ્રાર્થીએ છીએ. જ્યારે બીજી બાજુ આપણે નૈતિક નિયમોનું ઉલ્લંઘન કરીએ છીએ. આવા પ્રકારની ક્રૂરતા તો યુદ્ધને જન્મ આપે છે.”

ત્યારે અમેરિકન બાઈ શ્રીમતી ફલારેન્સગાસ્ક કહે છે, “આજે પણ મનુષ્ય પોતાની અજ્ઞાનતાના કારણે યુદ્ધ અને બીજા સંઘર્ષોનું મૂળ કારણ શું છે તે સમજી શક્યો નથી, તે મૂળ કારણ ક્રૂરતા છે. આ ક્રૂરતા પ્રકૃતિના જ આપણા રાજ્યમાં આપણા જ બંધુ તુલ્ય પશુઓ ઉપર ગુજરી રહી છે અને આપણા પતનને લીધે આપણે એની હત્યા કરી એના લોહી-માંસથી આપણું પેટ ભરીએ છીએ. જ્યાં સુધી આપણે મુંગા પશુઓની હત્યા અને ભક્ષણ બંધ નહિ કરીએ ત્યાં સુધી આપણને યુદ્ધોના ભયરૂપે માનવ માત્રનો રક્તપાત સહવો પડશે. ત્યાં સુધી આપણે સંસારમાં શાંતિ નહિ સ્થાપી શકીએ; કેમકે એવી શાંતિ સર્વથા મિથ્યા હશે.”

ઉપરના કથન ખાસ કરીને ભારતીય પ્રજા અને ભારત સરકારે ખૂબ ધ્યાનમાં લેવા જેવાં છે અને અમેરિકન ફેશનના ઘોર હત્યાકાંડો સર્જતા કત્લખાનાઓમાં સર્જન-રક્ષણ-વિકાસ તથા મરઘી મત્સ્ય ઉદ્યોગ અને માંસાહાર પ્રચાર કરી આર્યસંસ્કૃતિનો નિર્મૂળ વિનાશ કરતાં અટકવાની ખાસ આવશ્યકતા છે. અહિંસાના ફિરસ્તા બની જગતને અહિંસાનો પેગામ શિખવાડવા પૂર્વે જીવનમાં અહિંસા ઉતારવાની જરૂર છે. નહિતર હિંસાવાદ ઉપર તો પ્રજા જતે દહાડે એવી ઘોર હિંસકવૃત્તિની થઈ જશે કે જેથી પોતાના કારમા અધઃપતનને નોંતરશે અને અન્યોન્યની તથા સરકારની સલામતી જોખમાઈ જશે !

“દિવ્ય-દર્શન” - **“પ્રકીર્ણ પ્રસાદ”** વર્ષ-૬,અંક-૧૭,તા.૪-૧-૧૯૫૮

• ધર્મ કેવો જોઈએ ? રાગી-દ્વેષીનો નહિ; વીતરાગનો ! અજ્ઞાની-અલ્પજ્ઞાનીનો નહિ, અનંત જ્ઞાનીનો ! શક્તિ વિનાનો નહિ, અનંત શક્તિયુક્તનો ! ધર્મ કેવો જોઈએ ? આત્મવિનાશનો નહિ, આત્મરક્ષણનો જોઈએ; આત્મપતનનો નહિ, આત્માના ઉદયનો જોઈએ ! દેવ કેવા જોઈએ ? દેવ વીતરાગ સર્વજ્ઞ જોઈએ ! જગતને શુદ્ધ મોક્ષમાર્ગ અને સત્ય તત્ત્વો બતાવનારા જોઈએ ! મોક્ષ અને જગતને તેનાં સ્વરૂપમાં માત્ર બતાવનારા દેવ જોઈએ ! જગતને બનાવનારા નહિ, આપણો જીવ જગત-કર્તા દેવને પલ્લે પડ્યો એટલે આત્મપુરુષાર્થ ગુમાવી દેવાનો !

જગતના બનાવનાર દેવને પલ્લે પડી જનારો એમ માને છે કે "દુષ્ટો અતિ શિક્ષાને પાત્ર અને ભક્તો અતિ પૂજાને પાત્ર !" કેવી માન્યતા ! રાગ-દ્વેષને જે પોતાના ધર્મમાં સ્થિર કરવા ગયા તે બીજું શું નહિ કરે ? જગતની દારુણ પરિસ્થિતિને બતાવનાર દેવનું શરણ લીધું એટલે દુષ્ટો પર ભારોભાર દયા વરસશે ! દ્વેષ નહિ !

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૬,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૫૮

**નોંધ :** મુંબઈમાં વિશ્વ **શાકાહાર કોંગ્રેસનું અધિવેશન** ભરાઈ ગયું. એનું ઉદ્ઘાટન રાષ્ટ્રપ્રમુખ બાબુ શ્રી રાજેન્દ્રપ્રસાદના હસ્તે થયું. આવી પરિષદોના ઉદ્ઘાટન કરાવવામાં કશો જ સાર નથી. છતાં કોણ જાણે શાકાહાર કોંગ્રેસના યોજકોએ આ સાહસ કેમ કર્યું ? આમાં કેવળ સત્તાની જ પૂજા સિવાય, કે સત્તાશાહીની ગુલામી સિવાય અન્ય કશું જ નથી. તેઓએ જે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, તે આ શાકાહાર પરિષદની સમગ્ર કાર્યવાહી પર પાણી ફેરવે છે. 'રાષ્ટ્રદૂત' પત્રમાં આવેલા અહેવાલ પ્રમાણે બાબુ રાજેન્દ્રપ્રસાદને જ્યારે એક અમેરિકન મહિલાએ પૂછ્યું કે, 'ભારત સરકાર પરદેશમાં પોતાના એલચીઓને માટેના આહારમાં માંસાહાર તથા દારૂ બંનેનો વપરાશ શા માટે બંધ કરતી નથી ? તેમજ અન્ય દેશના મહેમાનોના સન્માન-સમારંભમાં દારૂ તથા માંસાહારની ખાણી-પીણીને ભારત સરકાર શા માટે ઉત્તેજન આપે છે ?'

આના જવાબમાં બાબુ રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું કે, 'આ ઘણો પ્રાસંગિક પ્રશ્ન છે. અમારા જીવનના વિરોધાભાસનું આ પ્રતિક છે, પણ ભારત સરકાર કેવળ શાકાહારીઓની પ્રતિનિધિ નથી, એ તો માંસાહારીઓનું પણ પ્રતિનિધિત્વ ધરાવે છે... આ દેશમાં માંસાહારીઓની બહુમતી છે, **માટે અમારી સરકારની નહિ પણ શાકાહારીઓની પણ એ જવાબદારી છે કે તેઓએ માંસાહારીઓના ભોજનની પણ વ્યવસ્થા કરવી.'** બાબુ રાજેન્દ્રપ્રસાદના આ શબ્દો, શાકાહાર કોંગ્રેસના પ્રયત્નો પર પાણી રેડે છે. એક બાજુ માંસાહારનો નિષેધ જ, જો આ કોંગ્રેસનો પ્રધાન ઉદ્દેશ હોય તો બાબુ રાજેન્દ્રપ્રસાદ જેવા એના ઉદ્ઘાટન પ્રમુખ કહે છે કે, **'શાકાહારીઓએ માંસાહારીઓ માટે વ્યવસ્થા કરવી.'** એટલે શાકાહારીઓએ માંસાહારીઓના ખોરાક માંસને માટે પ્રયત્ન કરવો. તો પછી હજારો-બલકે લાખો રૂા. ખર્ચીને આ કોંગ્રેસ ભરવાનું શું પ્રયોજન ? માંસાહારના પ્રચારની કે તેની વ્યવસ્થાની હિમાયત કરનાર શાકાહાર કોંગ્રેસના ઉદ્ઘાટન પ્રમુખ કેમ હોઈ શકે ? તેમજ એ જ અધિવેશનમાં



તેઓ માંસાહારના પ્રચાર માટે કેમ પ્રેરણા આપી શકે? અમારી દૃષ્ટિએ વિશ્વ શાકાહાર કોંગ્રેસના યોજકોએ બાબુ રાજેન્દ્રપ્રસાદને આ અધિવેશનના ઉદ્ઘાટનનું આમંત્રણ આપીને ભારતમાં માંસાહારના પ્રચારને રોકવાના પ્રયત્નમાં સરીયામ નિષ્ફળતા પ્રાપ્ત કરી છે.

• • •

બાબુ રાજેન્દ્રપ્રસાદ ભલે માંસાહાર ન કરે, પણ તેમના પોતાના રાષ્ટ્રપતિભવનમાં છેલ્લા આઠ વર્ષમાં પરદેશી મહેમાનો માટે હજારો મરઘાઓની કતલ થઈ છે, તેમજ માંસ, માછલી, ઈંડા તથા શિકાર માટે ટેન્ડરો મંગાવાય છે, જેમાં બાબુ રાજેન્દ્રપ્રસાદના સેક્રેટરીની સહી સાથે આ બધું કાર્ય થાય છે. તેઓના નેતૃત્વમાં જ ભારત સરકાર દર વર્ષે લાખ્ખો વાનરોની પરદેશમાં નિકાસ કરે છે. ભારત સરકારે ૧૯૫૬-૫૭માં ૭૨૭૩૦૦૦ રૂા. ની કિંમતના ૧૫૬૮૯૭ વાંદરાઓને અમેરિકા, કેનેડા આદિ દેશોમાં મોકલ્યા છે. તેમજ ૧૯૫૫-૫૬માં ૧૧૬૨૯૬ વાંદરાઓને મોકલ્યા છે. આમ ભારત સરકાર દિન-પ્રતિદિન કૂદકે ને ભૂસકે વાંદરાઓને પરદેશમાં મોકલીને ઘોર હિંસાને ઉત્તેજે છે. છતાં હજુ તે આ વાંદરાઓની નિકાસ બંધ કરવા તૈયાર નથી. ભારત સરકારના મધ્યસ્થ ખાદ્યવિભાગ દ્વારા એક પુસ્તક પ્રકાશિત થયેલું છે; જેનું નામ માંસ બજારનો રિપોર્ટ-Marketing of meat in India-છે, આ પુસ્તક સરકારી પુસ્તકાલય, નઈ દિલ્હીમાં મળે છે. જેમાં માંસના વ્યાપારને રાષ્ટ્રીય ઉદ્યોગ તથા આંતરરાષ્ટ્રીય દૃષ્ટિથી લાભકારી વ્યવસાય દર્શાવ્યો છે. ભારત સરકારની રાષ્ટ્રીય આય-વ્યય કમિટીના રિપોર્ટ પ્રમાણે **ઈ.સ. ૧૯૫૪માં માંસના વ્યાપારથી વાર્ષિક ઊપજ ૨૨ કરોડ ૧૦ લાખ રૂા. ની હતી. ભારતમાં હાલ માંસનું વાર્ષિક ઉત્પાદન ૪ લાખ ૬૪ ટન છે, જેની ઊપજ ૭૬ કરોડ રૂા. થાય છે.** આમ દિનપ્રતિદિન રાષ્ટ્રપ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદના નેતૃત્વ નીચે આવી ઘોર હિંસા વધતી ચાલે છે. લાખ્ખો મૂંગા જીવો પર ક્રૂર છરી ફેરવાતી રહી છે.

બાબુ રાજેન્દ્રપ્રસાદ કહે છે કે, 'માંસાહારીઓ માટે શાકાહારીઓએ વ્યવસ્થા કરવી જોઈએ.' પણ જેઓ શાકાહારી રહેવા માગે છે, તેવા ભારતીય લોકો પર બળજબરીથી માંસાહાર ઠોકી બેસાડવામાં આજના કોંગ્રેસી તંત્રે કેવા બાલિશ પ્રયત્નો કર્યા છે, અને કેવા ક્રૂર વિચારોનો પ્રચાર કર્યો છે, તેનું શું ? તેનો આ એક નમુનો ભારત સરકારના વિકાસમંત્રી શ્રી એસ.કે. ડેએ મસૂરી ખાતે વિકાસ કમિશનરોની પરિષદમાં કહ્યું છે કે, **'જો અન્ન અને વનસ્પતિઓનો પ્રયોગ ત્યજીને માંસ, ઈંડા અને માછલીઓનો ઉપયોગ વધારવામાં આવે તો ફળદ્રુપ જમીન પરનો બોજો**

**ઓછો થઈ જાય, અને વધારાનું અન્ન પરદેશમાં વેચાતા પરદેશી હુંડીયામણનો પ્રશ્ન ઉકેલી શકાય અને કમાણી સારી થાય.'** આ રીતે ભારત સરકાર પોતે માંસાહાર માટે પ્રેરણા જ્યારે ભારત સરકાર ખુદ જ કરી રહેલ છે, ત્યાં રાષ્ટ્રપ્રમુખની દલીલ માંસાહારીઓને માટે વ્યવસ્થાની રહેતી નથી, ઊલટું ભારતના વર્તમાન કોંગ્રેસી તંત્રમાં માંસાહારનો જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. આ હકીકત વિશ્વશાકાહાર કોંગ્રેસના પ્રચારકોના ધ્યાનમાં લાવવા માટે અમે ઘણી સ્પષ્ટતાપૂર્વક અહીં આલેખી છે.

આજના ભારતીય સત્તાધીશોનું માનસ કેટ-કેટલું હિંસક તથા માંસાહાર તરફ ઢળેલું છે, એ હકીકત સ્પષ્ટતાપૂર્વક કહેવાની હિંમત ન હોય, કે આજના ભારતીય રાજતંત્રને ઉઘાડું પાડીને તેઓ જેવા છે તેવા પ્રજા સમક્ષ ખુલ્લા કરવાની નીડરતા ન હોય તો કોઈ રીતે જીવદયાના સિદ્ધાંતના પ્રચાર નિર્દંભપણે નહિ કરી શકાય એમ અમારું માનવું છે.

## "દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૬,અંક-૨૮,તા.-૪-૧૯૫૮

**નોંધ :-** આજે એમ કહેવામાં આવે છે કે, 'ભારત આઝાદ બન્યા પછી ખૂબ ખૂબ વિકાસમાર્ગે જઈ રહ્યું છે. જો પ્રજા સંપૂર્ણ સહકાર આપે તો બીજી પંચવર્ષીય યોજના સફળ થશે, જેના પરિણામે ભારત વિકાસમાં પ્રથમ હશે.' આ બધી વાતો કેટલી વજુદ વિનાની છે તેનો નીચેના આંકડાઓ પરથી ખ્યાલ આવશે...

ભારતની ભાંગેલી પીઠ પર પરદેશના દેવાનો બોજ કેટલો બધો વધી રહ્યો છે કે અમેરિકાએ ભારતને ૧ અબજ ૭ કરોડ ડોલરની લોન આપવાની જાહેરાત કરી છે. જાપાન ભારતને ૧૮ અબજ યેનની લોન આપશે. રશિયા અને જર્મની પણ ભારતને લોન આપનાર છે. અત્યાર સુધી ભારતે પરદેશી સરકારોનું ૬ અબજનું દેવું કર્યું છે. કહેવાતા વિકાસનો બીજો નમુનો જુઓ કે ભારતની રાષ્ટ્રિય કોંગ્રેસનું ૬૩મું અધિવેશન ઓરિસા ખાતે ગોહાટીમાં શ્રી ઉછરંગરાય ઢેબરના પ્રમુખપદે મળી ગયું. કોંગ્રેસ પ્રમુખને તેમાં સાવ સ્પષ્ટ કહેવું પડ્યું કે, "આવતા પાંચ વર્ષમાં આપણે એક કરોડ દશ લાખ ટન અનાજ પરદેશથી આયાત કરવું પડશે, જેના રૂા. ૫ અબજ આપણે ચૂકવવા પડશે. છેલ્લા ત્રણ વર્ષમાં અનાજના જહાજીનૂર પેટે ૭૦ ક્રોડ રૂા. આપણે ચૂકવ્યા છે. આની વાસ્તવિકતાનો વિચાર કરવા માટે એટલું જ જુઓ કે છેલ્લા દસ વર્ષમાં ભારત સરકારે પરદેશથી ૨ કોડ ૫૪ લાખ ટન આયાત કર્યું. શું ભારતની પ્રજા એકાએક વધી ગઈ તે આમ કરવું પડ્યું ? પ્રાચીન કાળે



શું વસ્તી કમ હતી ? વળી અનાજ મંગાવવા ૧ અબજ ૬૯ કોડ રૂા. નું જહાજી નૂર ભરવું પડ્યું. તેમાં ભારતીય સ્ટીમર કંપનીને માત્ર ૧૧ કોડ ૨૮ લાખ રૂપિયા મલ્યા છે. એ સિવાય ૧ અબજ, ૫૭ કોડ ૫૨ દેશી હુંડીયામણ ખર્ચી નાખવું પડ્યું. શું આમાં ભારતને સમર્થન છે ? મુંદ્રાની કાં.ઓમાં ભારત સરકાર હસ્તક વીમા કોર્પોરેશને રોકેલા ૧ કોડ ૩૫ લાખ રૂા. વાળા પ્રકરણ અંગેનો ચાગલા કમીશને ભારત સરકારને રીપોર્ટ આપી દીધો, જેના પ્રત્યાઘાતરૂપે શ્રી નાણામંત્રી ટી.ટી.કે. છૂટા થયા, અને મધ્યસ્થ પ્રધાનમંડળમાં ઘણા ફેરફારો થયા. આ શું સૂચવે છે ? ભારતનું નૈતિક સ્તર ઊંચું આવ્યું ? કે નિચે ઉતરી ગયું ?

ત્યારે જગતમાં આજે જ વિનાશકારી વૈજ્ઞાનિકે શોધોનું ગાંડપણ ચાલી પડ્યું છે એ પણ વર્તમાન યુગની ઘોર અશાંતિનું સૂચક છે. દા.ત. તા. ૩૧-૧-૫૮ ની રાત્રે અમેરિકાએ ૩૦ રતલનો એક્સપ્લોરર ઉપગ્રહ આકાશમાં વહેતો મૂક્યો હતો. જે ૧૯ હજાર માઈલની ઝડપે પ્રદક્ષિણા કરી રહ્યો છે, જે ૯૦ મિનિટમાં પૃથ્વીની આસપાસ ફરે છે. બીજો ઉપગ્રહ એપ્રીલમાં આકાશમાં તરતો મૂકાશે. આવી શોધોથી એકાદ માણસની નહિ; પણ સમગ્ર પ્રજાની સલામતી જોખમાઈ રહી છે.

## "દિવ્ય-દર્શન" - **"મંત્રનો પ્રભાવ"** વર્ષ-૬,અંક-૨૯,તા.૧૨-૪-૧૯૫૮

લેખક : **મનુભાઈ લાલભાઈ શેઠ**

**છેલ્લા દસકામાં બનેલી સાચી ઘટના.** સંયુક્ત પ્રાંતમાં આવેલા ઝાંસી શહેરનો છેલ્લા દસકામાં બનેલો આ તાજો બનાવ છે. એક મુસલમાન જૈન સાધુના સંસર્ગમાં આવ્યો, એના આચારમાંથી તેથી ઘણું પરિવર્તન થયું, એણે માંસ-મદિરાનો ત્યાગ કર્યો. એટલું જ નહીં બલ્કે ત્યાગી ગુરુ પાસેથી તેણે નવકાર મંત્ર શીખી લીધો. પવિત્ર અને નિર્મળ બની હંમેશા એ મુસલમાન નવકારમંત્રનો જાપ જપે છે અને અજોડ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસથી એ નવકાર મંત્રનું પરિશીલન કરે છે.

એના આવા આચારથી તેની કોમની અન્ય વ્યક્તિઓમાં કચવાટ પેદા થયો. એમને થયું કે જરૂર આ કાફરોના પાશમાં ફસાયો છે અને પોતાનો ધર્મ ભૂલ્યો છે, એનું નિકંદન કાઢવું જોઈએ. પહેલાં તો બીજાઓએ એને ઘણું સમજાવ્યો અને કહ્યું કે આ બધું ધતીંગ છોડ પણ પેલો શ્રદ્ધાળુ મુસલમાન અડગ રહ્યો અને પોતાના વિચારમાં અફર રહી નવકાર મંત્રનો દૃઢ શ્રદ્ધાથી જાપ ચાલુ રાખ્યો. આથી તો બીજી વ્યક્તિઓ વધુ ઉશ્કેરાઈ અને એમાંના એકે એનો ઘાટ ઘડવાનો વિચાર કર્યો. આ દુષ્ટ મુસલમાન એક ઝેરી સર્પને ઉપાડી લાવ્યો અને પેલા શ્રદ્ધાળુ મુસલમાનની

પથારી નીચે મૂકી આવ્યો. રાત્રે હંમેશની એની રીત મુજબ પેલો શ્રદ્ધાળુ મુસલમાન પોતાની પથારીમાં સૂવા આવ્યો, સૂતાં પહેલા પલંગ ઉપર બેસી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. ત્યાં જ તેને ભાસ થયો કે પથારીમાં સર્પ છે. તરત જ તે ઉઠ્યો અને જોયું તો સર્પ ગભરાઈ રહ્યો હતો, તે જ ક્ષણે સર્પ ત્યાંથી નાસી છૂટ્યો. આથી પેલા શ્રદ્ધાળુ મુસલમાનની શ્રદ્ધા તો વિશેષ દૃઢ થઈ અને એ તો નિરાંતે પથારીમાં સૂઈ ગયો. એને સૂવાની થોડી વાર થઈ એટલામાં તો એને લાગ્યું કે કોઈ એને ઉઠાડી રહ્યું છે. ઉઠીને જોયું તો તેણે એક મુસલમાનને જોયો એણે પૂછ્યું "કેમ ભાઈ ! કેમ આટલી મોડી રાત્રે આવવું પડ્યું ? આવનારે કહ્યું, "ભાઈ સાહેબ ! હું આપના ચરણમાં પડું છું અને ગુનાની માફી માગું છું." પેલો શ્રદ્ધાળુ મુસલમાન તો વિચારમાં પડી ગયો અને પૂછવા લાગ્યો, "ભાઈ, માફી શાની ?" ત્યારે આવનાર વ્યક્તિએ કહ્યું કે-"મને માફ કરો. તમારી પથારી નીચે સાપ મૂકનાર હું જ દુષ્ટ હતો." અને કરગરીને કહેવા લાગ્યો, "બચાવો ! બચાવો ! મારી પુત્રીના પ્રાણ." શ્રદ્ધાળુ બોલ્યોઃ "કેમ શું થયું ?" દુષ્ટે કહ્યું કે "મારી પુત્રીને સર્પ કરડ્યો છે અને બેહોશ બની ગઈ છે. સઘળા ઉપાય અજમાવી જોયા, પણ નિષ્ફળ છે." શ્રદ્ધાળુએ કહ્યું : "હું થોડો મંત્રવાદી છું ?" ત્યારે પેલા દુષ્ટે કહ્યું : ભલે આપ મંત્રવાદી ન હો, પણ મને વિશ્વાસ છે કે આપ જ બચાવી શકશો. જે સાપ મેં આપની પથારી નીચે મૂક્યો હતો તે જ સાપ મારી પુત્રીને કરડ્યો છે." શ્રદ્ધાળુએ કહ્યું : "ચાલો, બીજાના પ્રાણ મારાથી બચતા હોય તો હું તો તૈયાર જ છું." કેવી ઉત્તમ ભાવના ! શત્રુ ઉપર પણ ઉપકાર કરવાની કેવી ઉચ્ચ મનોવૃત્તિ ! ઊઠીને બંને પેલા દુષ્ટની પુત્રી પાસે ગયા. પુત્રીના તો હોંશ હવાસ ઊડી ગયા હતા. વૈદ્ય-ડૉક્ટર, ભૂવા સર્વ કોઈએ હાથ ખંખેરી નાખ્યા હતા. બચવાનો કોઈ ઉપાય ન હતો. આવા વિકટ પ્રસંગમાં પેલા શ્રદ્ધાળુ મુસલમાને તો નવકારમંત્ર ઉપર અડગ શ્રદ્ધા હોવાથી તે મંત્ર ગણીને છોકરી ઉપર પાણી છાંટ્યું. છાંટતાની સાથે તરત જ તે ઊઠીને બેઠી થઈ. બધા હર્ષઘેલા થઈ ગયા અને શ્રદ્ધાળુ મુસલમાન ઉપર ફીદા થઈ ગયા. સૌના મુખથી સહેજે બોલી જવાયું : "કેવી પરોપકાર પરાયણતા અને કેવી મંત્રશક્તિ ! ધન્ય છે ધન્ય છે !" એક અપરાધી ઉપર પણ રહેમ નજર રાખવી એ કાંઈ નાનીસુની વાત નથી, આવા આત્માઓ જગતમાં બહુ જ વિરલા છે.

**(જૈન'માંથી સાભાર ઉદ્ધૃત)**



## સંસારમાં બૂરાઈ શાથી છે ?

(રશિયામાં ટોલ્સટોય નામે થઈ ગયેલ ગુણીયલ મહાન લેખકના નીચે પ્રગટ કરેલ વિચારો મનનીય હોવાથી 'હિંસા વિરોધ'-માંથી અહીં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. -પ્રકાશક)

**વિચાર-ભેદ :** એક વનમાં એક સાધુ રહેતા હતા. વન્ય પશુઓ સાથે એમને સારો પ્રેમ હતો. સાધુ અને જનાવરોના ઘન પ્રેમના લીધે સાધુજી તેમની ભાષા સંજ્ઞાથી સમજી શકતા હતા અને સાધુના હૃદયની ભાષા જનાવરો સમજતા હતા.

એક દિવસ એક વૃક્ષ નીચે સાધુજી સૂતા હતા ત્યાં એક કાગડો, એક તેતર, એક હરણ અને એક સાપ સૂવાના વિચારથી ત્યાં આવ્યા.

જનાવરો અંદરોઅંદર વિચારની આપ-લે કરવા લાગ્યા કે સંસારમાં આટલી બધી બૂરાઈ શાથી છે ?

**કાગડો** બોલ્યો, 'આ બધું પેટના પ્રપંચ છે. જ્યારે અમને પેટ પૂરતું ખાવા મળે છે ત્યારે અમે આનંદ પૂર્વક ગાઈએ છીએ. એક ડાળી ઉપરથી બીજી ડાળી ઉપર બેસીએ છીએ અને કિલ્લોલ કરીએ છીએ, આનંદથી નાચીએ છીએ. એ વખત આસપાસનું વાતાવરણ હાસ્યમય લાગે છે. પરંતુ જો અમને ભૂખ લાગે છે તો બધું વિપરીત થઈ જાય છે. ઈશ્વરની સૃષ્ટિમાં બધું અરમણીય દેખાય છે. અમે બેચેન રહીએ છીએ, પાગલની માફક અહીં-તહીં ઊડીએ છીએ. અને કોઈ દૂર જગ્યાએ કોઈ ખાદ્ય નજરે ચઢે છે તો લેવા ઊડીએ છીએ તો અમારા ઉપર લાકડી અને પત્થરનો મારો વરસે છે અથવા જંગલી કૂતરાં, શિયાળવાં અમને મારી નાંખે છે એટલા માટે ભૂખ બધી બૂરાઈની જડ છે.'

ત્યારે **તેતર** બોલી ઉઠે છે, 'હું માનું છું કે દુનિયામાં ભૂખ બૂરાઈનું કારણ નથી, પરંતુ સ્નેહ-પાસ ભયંકર છે. જો અમે એકલા રહીએ છીએ તો કોઈ દુઃખ નથી. પરંતુ જીવનનો સાથી શોધીએ છીએ દુઃખ બમણું થઈ જાય છે. જો અમે કોઈની સાથે સ્નેહની ગાંઠથી બંધાઈએ છીએ અને તેની સાથે પ્રેમ કરીએ છીએ તો અમને શાંતિ મળતી નથી. અમે રોજ ચિંતા કરીએ છીએ; જે ભોજન મને મળ્યું તે મારા સાથીને મળ્યું કે નહિ, એને ઠંડી તો લાગતી નથી ને ? અને જ્યારે અમારો સાથી અમારાથી દૂર થઈ જાય છે ત્યારે તો અમે હેરાન થઈ જઈએ. અમને એમ ચિંતા થાય છે કે કોઈ બાજ કે કોઈ શિકારીએ એને પકડ્યા તો નહિ હોય ને ? એટલે અમારે તેની શોધમાં નીકળવું પડે છે અને સખેદ માલૂમ પડે છે કે તે શિકારીની જાલમાં ફસાયું છે. આમ ગમગીન દશામાં અમે ખાવું પીવું ઊડવું બધું ભૂલી જઈએ છીએ;

એટલા માટે અમને લાગે છે કે બધી બૂરાઈનું મૂળ ભૂખ નથી પણ સ્નેહ છે.'

પછી **સાપ** બોલી ઉઠે છે, 'બૂરાઇ દુ:ખ ભૂખથી અને સ્નેહથી નથી, પરંતુ ક્રોધથી પ્રકટે છે.' અગર અમે શાંતિપૂર્વક રહીએ તો એટલી પરેશાની ન થાત. પરંતુ અમને જરા પણ કષ્ટ પડે છે એટલે અમે ક્રોધથી ધમધમી ઉઠીએ છીએ અને વૈરવૃત્તિ જાગે છે અને સાચા માણસ પ્રતિ વિષ વમીએ છીએ. અમે ભાન ભૂલી જઈએ, પ્રેમપિયૂષ જે જીવનામૃત છે તેને દબાવી ક્રોધમાં ધમધમી ઉઠીએ છીએ અને ક્રોધાંધ બની પોતાના માતાપિતાને પણ ડસીએ છીએ અને પોતે પોતાને હણીએ છીએ. આમ બધી બૂરાઈઓનું કારણ ક્રોધ છે.'

ત્યાંય છેલ્લું **હરણ** બોલી ઉઠ્યું, 'નહિ, નહિ. સર્વ અનર્થનું મૂળ નથી ભૂખ, નથી સ્નેહ, નથી ક્રોધ પરંતુ અનર્થોનું મૂળ ભય છે. જો અમારામા અભય પ્રકટે તો સર્વોત્તમ છે. અમને કુદરતે એટલી શક્તિ અર્પી છે કે અમે એક બીજાનું રક્ષણ કરી શકીએ. પરંતુ ભયથી મુક્ત થવું અસંભવ છે. અમે પળે પળે ભય અનુભવીએ છીએ. જો ક્યાંય પાંદડું ખખડ્યું તો અમે ભયથી કંપી ઉઠીએ છીએ. અમે ચારે પગે ભાગીએ છીએ. ભયના લીધે અમે ખતરામાં પડીએ છીએ. અને અહીં-તહીં દોડી મરણ સન્મુખ જઈએ છીએ. અમે નિરાંતે સૂતા કે ઊંઘતા પણ નથી. ખરેખર બધી બૂરાઈનું મૂળ ભય છે.'

સાધુજીએ કહ્યું, 'આ બધી બૂરાઈનું કારણ બરાબર નથી. સંસારમાં આટલી બધી બૂરાઈ અને દુ:ખ એટલા માટે છે કે આપણા બધાનો સ્વભાવ અને આદતો જુદી જુદી છે; એનાથી જ ભૂખ સ્નેહ, ક્રોધ અને ભય ઉદ્ભવે છે.

## : અરિહંતના અનંત ઉપકારનો ખ્યાલ :

જગતની આટલી અવળચંડાઈ જોઉં છુ. એક બાજુ ને બીજી બાજુ મારા વીરના સરળ અને સચોટ કલ્યાણમાર્ગોના ઉપકારોનો વિચાર કરું છું. ત્યારે કોઈ મેળ ખાતો નથી ! પહેલામાં જગતના પ્રેમે અને પછી વીરજિનના પ્રેમે, રાજા ઉદાયનમાં જુઓ કે કેવા આકાશ-પાતાળના અંતર પાડ્યા ! રાણી પ્રભાવતીનું નૃત્ય પ્રભુને પ્રસન્ન કરવા માટે અને રાજા ઉદાયનનું વીણાવાદન પત્ની પ્રભાવતીને રિઝવવા માટે. એક બાજુ પ્રભુના અનંત ઉપકારની કેવી શરમ ને બીજી બાજુ મોહનું કેવું નાટક ! રાજા જેવો રાજા કેવો પ્રેમનો પગારદાર ! પણ જ્યારે એ જ ઉદાયન પ્રભાવતી દેવથી પલટો પામી આરાધના કરે છે, જિનાજ્ઞાને વળગે છે, ત્યારે અનાદિના કર્મ પડળે ટપોટપ ખરી પડે એવી જિનભક્તિમાં ઓતપ્રોત થઈ



જાય છે ! જિનના આદેશ પાળવા પાછળ સગી પ્રભુની માયા લાગવી જોઈએ. એ માટે પ્રભુએ આપણા પર જે અનંતો ઉપકાર કર્યો છે, તેનો ભારે ખ્યાલ રાખવો જોઈએ. પ્રભુને વિનવો, 'જ્યાં સુધી પૃથ્વી પણ સૌભાગ્યવંતી છે !' ત્યાં સુધી જગતની શોભા છે ! આપ અનંત કલ્યાણના દાતાર છો ! આવા અનંત ઉપકારી ઓ મારા પ્રભુ ! આપ અમારા દુ:ખ ક્યારે કાપશો ? આપના અનંત પ્રભાવમાંથી અમને અલ્પ પણ દો તો અમે વિષયો અને કષાયો સાથે જંગ મચાવી મૂકીએ.

"દિવ્ય-દર્શન" - **"સુવાક્ય"** વર્ષ-૬,અંક-૪૧,તા.૫-૭-૧૯૫૮

આચાર્યોની સુંગધ આચાર્યો શીલરૂપી સુગંધથી યુક્ત હોય છે, પંચાચારને પાળનારા અને પળાવનારા હોય છે. સર્વોત્તમ શીલરૂપી ગુણને ધરનારા હોય છે. આચાર્યના શીલરૂપી ગુણને પ્રાપ્ત થનાર મનરૂપી ભમરો ત્યાં લીન થઈ જાય છે. ગુમાવેલી બધી વસ્તુ પાછી મળે છે. પરંતુ ગયેલી શીલરૂપી સુંગધ પાછી આવતી નથી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૬,અંક-૪૩,તા.૧૯-૭-૧૯૫૮

● **શ્રી પોપટલાલ રામચંદ શાહનું ભાષણ.**

● **પૂના** : ભાઈ શ્રી હસમુખકુમાર અંબાલાલ શાહ ધાર્મિક જીવનને વળગી રહીને આ વખતે મેટ્રિકની પરીક્ષામાં પાંચમા નંબરે ઉત્તીર્ણ થવાથી એમને અભિનંદન આપવાનો એક મેળાવડો શિક્ષણપ્રેમી શેઠ શ્રી મણીલાલ માણેકચંદના પ્રમખપદે યોજાયો હતો. તેમાં મુખ્ય ભાષણ માજી ધારાસભ્ય ભાઈ શ્રી પોપટલાલ રામચંદ શાહે આપ્યું હતું તેનું સારભૂત અવતરણ નીચે આપવામાં આવે છે.

સુજ્ઞ ભાઈઓ અને બહેનો,

આજના જમાનામાં આપણું ધાર્મિક શિક્ષણ બહારની સ્કૂલો, કૉલેજો કે વિદ્યાપીઠોમાંથી મળી શકતું નથી. નવ યુગનો યુવક ઘરમાંથી પણ આ શિક્ષણ મેળવી શકતો નથી. આવી રીતે ઘરમાંથી કે બહારથી આ શિક્ષણ ન મળતા જીવનભર તે આનાથી વંચિત રહે છે. જીવનમાં ડગલે અને પગલે સહાયક થનારું આ શિક્ષણ દિવસે દિવસે લોપ થતું દેખાય છે. આ ધાર્મિક શિક્ષણ વગર મનુષ્યની, પછી તે ગમે તે જ્ઞાતિ કે ધર્મનો હોય તો પણ, કેવી કફોડી સ્થિતિ થાય છે તે

આપણે સૌ જાણીએ છીએ.

માનવી જીવન ખાવા-પીવા કે મઝા કરવામાં સમાયેલ નથી. પેટની જે પ્રકારે ભૂખ હોય છે, મનની જે પ્રકારે ભૂખ હોય છે તેમ આત્માની ભૂખ તે ધર્મ. આજના યુવકો ધર્મનો અર્થ બદલવા તૈયાર થયા છે તેનું કારણ આજે જે પદ્ધતિએ અને જે પ્રમાણમાં ધાર્મિક શિક્ષણ અપાવું જોઈએ તે અપાતું નથી.

**ધર્મ**-આરાધના અને પ્રભાવના એ જીવનનું મુખ્ય તંત્ર હોવું જોઈએ. માનવીના જીવનને વિકસિત કરવાનું, સમૃદ્ધ કરવાનું સાધન ધાર્મિક પ્રવૃત્તિઓમાં સમાયેલું છે. ભણેલા નવયુવકોમાં પ્રચાર કરવાની વ્યવસ્થા આપણે પૂર્ણપણે કરી શક્યા નથી.

ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા ભાઈ શાહ હસમુખકુમાર અંબાલાલની વાત સાંભળી હૃદયમાં એક અનેરો આનંદ આવે છે. આજના નવયુવકોનો દિવસથી રાત સુધીનો કાર્યક્રમ શું હોય છે તે આપણે બધા જાણીએ છીએ; જ્યારે ભાઈ હસમુખ તેમાં અપવાદ છે ! પરીક્ષાના દિવસે પણ નિત્ય ધાર્મિકવિધિ પૂજા-ચર્યા વગેરે ન ચૂકતા આખા બોમ્બે સ્ટેટમાં મેટ્રિકની પરીક્ષામાં સવા લાખ વિદ્યાર્થીઓમાંથી પાંચમો નંબર મેળવી શકાય છે તેનો દાખલો ભાઈ હસમુખે પૂરો પાડ્યો છે. આજે તો એવો કાળ આવી લાગ્યો છે કે ભણેલા મોટેરાઓ ને યુવકો જે સંસ્કાર સાચવી જાણે તેની જ છાપ અન્ય પર પડી શકશે.

શ્રીમંત તેમજ વૈભવ-વિલાસમાં મહાલતા એવા સુસંસ્કારથી પરિપૂર્ણ શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીના કુટુંબનો દાખલો હાલ ઘણી પ્રેરણા અર્પે એવો છે. તેમણે પોતાના કુટુંબના દીકરા-દીકરીઓને સંયમના પુનિત પંથે વાળી જૈન શાસનની અનુપમ પ્રભાવના કરી છે. કૉલેજમાં ઉકાળેલું પાણી લઈ જતાં છોકરા-છોકરીઓને જોઈએ છીએ ત્યારે આપણો અંતરાત્મા નાચી ઉઠે છે.

આપણે ભાઈ હસમુખને પ્રોત્સાહન આપવા ભેગા થયા છીએ. હવેથી આપણી જવાબદારી વિશેષ વધે છે. સમાજના ભણતા ભાઈ-બહેનોને મુખ્યપણે તે જૈનત્વના ગૌરવવાળા બને અને શ્રાવક તરીકેના આચાર-વિચારમાં ચુસ્ત રહે એવી અનેકવિધ સાધન સામગ્રી પૂરી પાડી તે ક્ષેત્રમાં તેઓને ધાર્મિક સજ્જન તરીકે આગળ લાવવાનો પ્રયત્ન કરવાનો રહેશે.

આજે આપણા સમાજમાં નહિ પરંતુ આખા રાષ્ટ્રમાં જો કોઈ વસ્તુની મુખ્ય ખોટ હોય તો પ્રોત્સાહન આપવા બદલની છે. ઊગતા ઝાડને પાણી પિવડાવવામાં જ આપણે પાછા પડીએ છીએ. કેળવણીના ક્ષેત્રમાં પણ આપણે જેટલું જૈનત્વ ખીલવવા ધન વાવીશું તેટલો જ સમાજ ફાલેલો-ફૂલેલો નિહાળવા મલશે. દરેકને



વાત વાતમાં તોડી પાડવાની ટેવ આપણા નાનાથી માંડી મોટા સુધીમાં ઘર કરી ગઈ છે. એક સાધુ બીજા સાધુ વિરુદ્ધ લખે, એક લેખક બીજા લેખક વિરુદ્ધ લખે આ બધું શું છે ? આનાથી જ આપણો નાશ છે, ભયંકર નુકસાન છે. જગત જ્યારે વિમાનની ગતિએ આગળ વધી રહ્યુ છે ત્યારે આપણે ખટારામાં બેસવું કે નહિ તેની મારામારીમાં છીએ.

જગતમાં આજે એક સર્વમાન્ય એવો આત્મિક વિકાસ અને જીવન વિકાસ કરી શકે તેવા ''જૈનધર્મ''ની લાલસા પેદા થઈ છે અને સાચા આત્મિક વિકાસ અને જીવનવિકાસ તો માત્ર જૈનધર્મ પૂરી પાડવા સમર્થ છે. પણ ઈર્ષ્યા, દ્વેષ, અદેખાઈ, ખંડન વગેરે કર્યા સિવાય મંડનાત્મક પદ્ધતિથી જો ધાર્મિક પ્રભાવનાનું કાર્ય કરી શકાય તો આજે માનવીનો કાયા પલટો થઈ તેનો ઉદ્ધાર થયા વિના ન રહે અને આ કાર્ય આજના ભણેલા પાસેથી અપેક્ષિત છે.

આ અણુયુગમાં માનવીનું જીવન ધોકામાં છે. કઈ ક્ષણે માનવી-સંસાર વિખેરાઈ જશે તેનો ભરોસો નથી. માટે **''જીવો અને જીવવા દો''** એના મૂળને પોષવાવાળો અહિંસાના મંત્ર દેનારા જૈનધર્મ-પ્રભાવકોની આજે જરૂર છે અને તે ઉત્પન્ન કરવાની જવાબદારી આપણા શિરે છે. આ કાર્ય માટે બધીયે સાધન-સામગ્રી પ્રાપ્ત થાય અને તાત્ત્વિક સર્વોદય કરવાની સદ્બુદ્ધિ પ્રભુ આપણને અર્પે, તેમજ ભાઈ હસમુખ તેમજ બીજા સાથીદારોના હાથે ભવિષ્યમાં આધ્યાત્મિક ઉત્થાનવાળી દેશસેવા ને ધર્મસેવાના પવિત્ર કાર્યો થાય એવી શુભેચ્છા.

**''દિવ્ય-દર્શન'' - ''પ્રકીર્ણ પ્રસાદ''** **વર્ષ-૬,અંક-૪૫,તા.૨-૮-૧૯૫૮**

## શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ

### (તાજેતરમાં બનેલી એક સત્ય ઘટના)

તા.૨૦-૫-૫૮ને મંગળવારની મધ્ય રાત્રિનો સમય છે, તે વખતે સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન વીરમગામ તરફ દોડી રહી છે, તે ટ્રેનમાં ગામ પડાણા (હાલાર)ના વતની શ્રી હીરજી પોપટ મારૂ પણ પોતાના ઘરના છ માણસોના કુટુંબ સાથે મુંબઈ તરફ જઈ રહ્યા છે, રાત્રિના લગભગ એક વાગે તેમના ત્રીજા વર્ગના ડબામાં દરેક પ્રવાસીઓ નિદ્રાધીન થયેલા છે. તે સમયે હીરજીભાઈ મહામંત્ર શ્રી નવકારનો જાપ કરી રહ્યા છે. હીરજીભાઈના પરિચયમાં આવનાર સૌ કોઈ સારી રીતે જાણે છે કે હીરજીભાઈ મહામંત્ર શ્રી નવકારનો જાપ કરી રહ્યા છે.

હીરજીભાઈના પરિચયમાં આવનાર સૌ કોઈ સારી રીતે જાણે છે કે હીરજીભાઈ ગમે ત્યાં હોય પણ વાતચિત કરતાં જ્યારે સહેજ નવરા પડે કે તરત જ એમના હોઠ ઉપર નવકારના અક્ષરો રમતા જ હોય, ધર્મકાર્યમાં એમનું કુટુંબ હંમેશાં મોખરે રહ્યું છે. તેનું પણ એક કારણ શ્રી નવકાર ઉપરની તેમની અનન્ય પ્રીતિને ગણી શકાય અને જે ઘરમાં મુખ્ય વડીલ માણસો ધર્મ પ્રત્યે લાગણીવાળા હોય છે તેની અસર ઘરના બીજા માણસો ઉપર પણ ઓછેવત્તે અંશે પડ્યા સિવાય રહેતી નથી. હાલારમાં થયેલા ઘણાં ધાર્મિક કાર્યોમાં "મારૂ" કુટુંબનો ઘણો સુંદર ફાળો છે. ગતવર્ષમાં મોટામાંઢામાં થયેલ મહોત્સવની સફળતા નરસી પોપટ મારૂની દોરવણી અને આત્મભોગને આભારી હતી. તે વખતે એક એવો પ્રસંગ બન્યો હતો, કે તેમના કુટુંબમાંથી કોઈનું અવસાન થયેલું. તેમને ત્યાં આવવા માટે તેડું આવ્યું. નરશીભાઈએ કહી દીધું કે "સંસારમાં જન્મ-મરણની આવી ઘટમાળા તો હંમેશાં બન્યા જ કરવાની છે. મહાપુણ્યના ઉદયથી ધર્મમહોત્સવ જોવાની અને તેમાં ભાગ લેવાની તક મળે છે. એ અમૂલ્ય તક ગુમાવી અને હમણાં હું આવી શકું તેમ નથી." પોતે મુંબઈમાં મોટા વેપારી છે. લાખોનો વેપાર કરે છે અને બીજી પણ અનેક ઉપાધિઓ એમને ગળે વળગેલી હોવા છતાં મુંબઈ મહાજનવાડીના ફાળા માટે શ્રી હેમચન્દ્ર મેઘજીની સાથે આફ્રિકા જવા માટે સૌની એમના ઉપર નજર પડી અને પરોપકારના કાર્યમાં રસિક નરસીભાઈએ પોતાના સ્વાર્થી કાર્યો ગૌણ કરી આ પરમાર્થનું કામ હસ્તે મુખે સ્વીકારી લીધું. એ ફાળો સેંકડો કે હજારોનો નથી પણ દસ લાખનો છે. ધર્મશ્રદ્ધાના બળથી એ કાર્ય એમણે ઝડપી લીધું. આજે તેઓ ફાળા માટે આફ્રિકા ગયા છે અને સંભળાય છે કે એ ફાળામાં લગભગ બે લાખ રૂપિયા તો ભરાઈ પણ ગયા છે. આઠ વર્ષ પહેલાં નાના માઢામાં પરોણા તરીકે પ્રભુજીને બિરાજમાન કરવામાં આવ્યા હતા તે વખતે અઠ્ઠાઈ મહોત્સવ થતાં એ મહોત્સવની તમામ જવાબદારી નરશીભાઈએ સ્વીકારી હતી એટલું જ નહિ પણ એને સફળતા પૂર્વક પાર ઉતારેલ. ચાર હજાર મણ ઘીની ઉપજ થયેલી અને ત્યારબાદ ત્યાં દેરાસર થયું અને પ્રતિષ્ઠા વગેરે વખતે તેમના ભાઈ શામજી પોપટ મારૂએ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો. પડાણામાં અંજનશલાકા મહોત્સવ વખતે શામજી પોપટ મારૂએ સારી જહેમત ઉઠાવી હતી તે ઉપરથી તો ગોઈજ પ્રતિષ્ઠા વખતે એમને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું અને ગોઈજના સકલ સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે તેમની પસંદગી કરી. પોતાની તબીયત નાદુરસ્ત હતી તેથી ઘણી આનાકાનીને અંતે સંઘના આગ્રહને વશ થવું પડ્યું અને એ પ્રતિષ્ઠામાં બાર દિવસ સુધી રાત-દિવસ મહેનત કરી એ મહોત્સવને



સફળ બનાવ્યો, આ પરિશ્રમની એમના શરીર ઉપર પણ અસર થઈ અને એક માસ સુધી તબીયત અસ્વસ્થ રહી હતી. એમના કુટુંબમાં ધર્મપ્રેમ સંબંધી આ તો પ્રાસંગિક વાત થઈ. શ્રી હીરજી પોપટ મારૂને શ્રી નવકારમંત્ર ઉપર પહેલાથી જ પ્રેમ હતો અને તેઓ નવરાશના વખતમાં મોટે ભાગે મનમાં એ મંત્રનું રટણ કરતા. એમાં સદ્ભાગ્યે બે વરસ પહેલા મુંબઈ-શિવમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યની નિશ્રામાં લાખ નવકારનું અનુષ્ઠાન થયું અને તે વખતે ૨૦ દિવસ સુધી સતત શ્રી નવકાર મહામંત્ર મહિમા ગર્ભિત વ્યાખ્યાનો થયાં. ચાતુર્માસમાં દર રવિવારે લગભગ ૫૦ હાલારી ભાઈઓ વ્યાખ્યાન શ્રવણ કરવા આવતાં અને અનેકના મનમાં નવકારનો મહિમા વસી ગયો. હીરજીભાઈની શ્રદ્ધા પણ ત્યાર પછી ઘણી સતેજ થઈ અને એમને નવકાર ઉપર જ પ્રેમ હતો તે ઘણો વૃદ્ધિ પામ્યો.

મુસાફરીમાં રાતના એક વાગે મધ્ય રાત્રિએ બધા જ્યારે ગાઢ નિંદામાં પડ્યા છે ત્યારે પણ આ ભાઈ વિચારે છે કે અત્યારે નિરાંતે નવકાર ગણવાની તક બહુ જ સારી મળી છે. એમ ધારીને શ્રી નવકાર મહામંત્રનો જાપ કરી રહ્યા છે. એમની આજુબાજુ એમના કુટુંબના છ જણા પણ ગાઢ નિદ્રામાં પડ્યા છે. બરોબર ૧-૨૦ મિનિટે ચમારજ સ્ટેશને, જે સુરેન્દ્રનગરથી આઠ માઈલ દૂર છે. ત્યાં સ્ટેશનમાં ટ્રેન દાખલ થતાંની સાથે જ જબ્બર ધડાકા સાથે પાટા ઉપરથી એન્જિન ઉતરી ગયું અને એક જબ્બર આંચકો ડબાઓને લાગતાં ડબાઓ તૂટી પડ્યા. તે જ વખતે એન્જિનથી ત્રીજો ડબો કે જે ત્રીજા વર્ગનો હતો. તેના એક બાજુના પાટીયા દરવાજા સહિત તૂટી પડ્યા. તે જ વખતે જાણે હીરજીભાઈને કોઈ આંતર તત્ત્વે પ્રેરણા ન કરી હોય તેમ શ્રી નવકારનો જાપ મુખમાં ચાલુ છે અને પોતાના કુટુંબીઓને ડબાની બહાર પાછળની બાજુથી ખેંચી કાઢ્યા અને કોઈ પણ જાતની ઈજા વિના સહી સલામત બચી ગયા. આ વખતે થોડો પણ વિલંબ થયો હોત તો આખું કુટુંબ હતું નહોતું થઈ જાત. શ્રી હીરજીભાઈએ છ જણાને બહાર કાઢ્યા કે તરત જ તે જ ડબાના પાટીઆ તૂટવા માંડ્યા અને પંદર માણસો તે ડબામાં મરણ પામ્યા. એમનું આખું કુટુંબ બચવા પામી ગયું. તેમાં હીરજીભાઈ કહે છે કે શ્રી નમસ્કાર મહામંત્રનો જ આ પ્રભાવ છે. તેઓ કહે છે કે આ મંત્ર મને તો આ ભવમાં જ ફળ્યો છે. આ મહામંત્રના જેટલા ગુણ ગાઈએ તેટલાં ઓછા છે. શ્રી નવકારનો આ પ્રત્યક્ષ પ્રભાવ જોઈ સૌ કોઈ આ મંત્રને આત્મસાત્ બનાવી સંસારના ત્રિવિધ તાપથી સદાને માટે મુક્ત થઈ અનંત જન્મ-મરણની બેડીને તોડનારા બને એજ અભિલાષા.

**- મહાવીર શાસનમાંથી**

"દિવ્ય-દર્શન" - **"સુવચન"** વર્ષ-૭,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૫૮

દુન્યવી સગવડ-અગવડ અંગે ભાગ્યની પેટીના ભરોસે રહેવાનું. એ પેટી જો કાણી, તો બહાર કાણું જ સમજો. પેટી અધુરી થતી લાગે તો પરમાર્થ પરોપકારનાં સુકૃતો કર્યે રાખવાનાં, જેથી પેટી પુણ્યે ભરી રહે.

"દિવ્ય-દર્શન" - **"સુવાક્ય"** વર્ષ-૭,અંક-૧૬,તા.૩-૧-૧૯૫૯

પુણ્ય વિના કોઈને પણ ચાલ્યું નથી. જીવન મુસાફરી પાર કરવા માટે ભાતા સમાન પુણ્યની પણ જરૂર છે. કોઈ કહે છે કે મારે એકલા શુદ્ધનું જ કામ છે, પુણ્યની શી જરૂર છે, પણ તે બોલવા માત્રમાં જ સુંદર છે. વ્યવહારમાં પુણ્ય વગર ચાલતું નથી. ઉત્તમ મનુષ્યભવ શાથી મળે છે ? સુંદર સાધન-સામગ્રી શાથી પ્રાપ્ત થાય છે ? બધી ઉત્તમોત્તમ સાધન-સામગ્રી જે તત્ત્વથી મળે તે પુણ્ય-તત્ત્વ છે. આ વાત ખાસ કરીને મનુષ્ય જ સમજી શકે છે. સાત રાજ ઊંચે આવ્યો તેમાં પુણ્યની જ સહાય છે, નવકાર-મંત્રની પ્રાપ્તિ થઈ તેમાં પુણ્યનો જ પ્રભાવ છે. જે મંત્રને દેવ અને દાનવો ગણે છે તે જ મંત્ર આજે આપણને મળ્યો છે.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૭,અંક-૨૫,તા.૭-૩-૧૯૫૯

## ધર્મ સાધનામાં નિત્ય નવો વિકાસ કેમ થાય ?

**પ્ર.**- માણસ જે ચાલુ ધર્મસાધના અને ગુણપાલન કરતો હોય છે, એમાં તેવી સ્ફૂર્તિનો અનુભવ નથી થતો, એનું શું કારણ, અને એની સામે શા ઉપાય લેવા ?

ઉ.- સારી સ્ફૂર્તિ અને નવો નવો આલ્હાદ ન થવાની પાછળ અનેક કારણો હોઈ શકે છે. પરંતુ અહીં આપણે એક એવું કારણ અને એની સામે ઉપાય વિચારીશું કે જેથી ધર્મના સાધક અને ગુણના પાલકને સારો પ્રકાશ અને પ્રેરણા મળે.

ધર્મની અનેક પ્રકારની સાધનાઓ છે; કેટલીક ગુણાત્મક, કેટલીક ક્રિયાત્મક અને કેટલીક પ્રતિજ્ઞાત્મક. વિષય-વૈરાગ્ય, મોક્ષપ્રીતિ, પાપનો ભય, દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, દયા, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ, ઉદારતા, ન્યાયસંપન્નતા-સૌમ્યતાદિ માર્ગાનુસારીના ગુણો, સદાચાર, બ્રહ્મચર્ય, ઈત્યાદિ ગુણાત્મક ધર્મ છે. દેવ-દર્શન-પૂજા, સ્વાધ્યાય, ધર્મક્ષેત્રોની સેવા વગેરે ક્રિયાત્મક ધર્મ છે. શ્રાવકના વ્રતો, તપસ્યા,



ત્યાગ વગેરેના નિયમો, એવું બધું પ્રતિજ્ઞાત્મક ધર્મ છે.

હવે અહીં એ સમજવાનું છે કે આ પ્રત્યેક ધર્મમાં અનેક પ્રકારની ચઢતી ચઢતી કક્ષાઓ છે. કેટલીય વાર માણસ થાપ ખાય છે, ને એમ સમજે છે કે- 'જેટલો ધર્મ પોતે કરે છે તેમા હવે નવું કાંઈ થઈ ન શકે. દા.ત. વૈરાગ્ય ગુણ જે પ્રાપ્ત કર્યો તેમાં હવે નવું શું કરવાનું ? પાપનો ભય લાગે છે તો તે ભયમાં વિશેષ શું કરવાનું ? એમ દેવ-દર્શન, સાધુવંદના, સામાયિક, એકાશન-ઉપવાસ, વ્રત વગેરે જે ચાલુ છે, તેમાં આગળ શું વિકસાવવાનું ?'

પણ આ સમજ ભૂલભરેલી છે, એ જ વૈરાગ્યની કેટલીય ચઢતી માત્રા હોય છે. વિષયો પ્રત્યે સામાન્ય રીતે ઉદ્વેગ સચિંતતા ઊભી થયા પછી દિનપ્રતિદિન એમાં વૃદ્ધિ કરવાની. વિષયો પ્રત્યે અરુચિ, ભડક વધતી જાય, વિષયોના ઘેરાવામાં અસ્વસ્થતા, અકળામણ જોર પકડતા જાય. એમ પાપના ભયમાં પણ વૃદ્ધિ થતી જાય. દુનિયામાં પણ જોવાય છે કે, કરડકણા કૂતરા, કરતાં તોફાની ગધેડાનો ભય વધારે; ને તેના કરતાં તોફાની હાથીનો વધારે; તેના કરતાં જંગલી પશુનો ભય વધારે, ન ગમતી વસ્તુઓમાં અરુચિ, ઉદ્વેગનું પણ એમજ છે. કોઈ કરતાં કોઈના પર અરુચિ વધારે, ઉદ્વેગ વધારે ત્યારે ક્રિયાત્મક ધર્મમાં પણ વધતી માત્રાઓ છે, જેમકે, દેવદર્શન કરતાં જેમ જેમ આલ્હાદ વધે, એકાગ્રતા વધે, હૃદયનો ઝુકાવ વધે તેમ તેમ દર્શનની કક્ષા વધે, એમ વંદનસામાયિકાદિ ક્રિયામાં પણ એવું સમજવું. આનંદ-કામદેવાદિએ સામાયિક પોષધાદિમાં સત્ત્વ કેળવ્યા, એવા સત્ત્વે પહોંચવાનું છે. વ્રતનિયમ અને તપસ્યામાં પણ ભાવનાનું બળ એવું વધારાય કે એમાં દિન પ્રતિદિન ઉલ્લાસ અને સત્ત્વ વધે.

તાત્પર્ય, (૧) કોઈ પણ પ્રકારનો ધર્મ એ એક નિધાન, મહાનિધાન, પરમનિધાન મળ્યું છે એમ ભાવના વધારતા વધારતાં હૃદયમાં એનું મૂલ્યાંકન વધારતાં જવાય; જગતમાં બીજી કોઈ વસ્તુ આની આગળ કિંમતી નથી પણ તુચ્છ છે, અસાર છે, એવી પરિણતિ ઘડાય. (૨) સાથે એમાં ઉત્તરોત્તર કિંમતી કિંમતી નિધાન મળ્યા જેવો આનંદ વધારતા જવાય. મૂલ્યાંકન વધારવાથી એની વધુ ને વધુ કદર ઉત્પન્ન થતાં, સામે દુન્યવી પદાર્થોની કદર ઘટતી આવે, આનંદ વધારવાથી સામે દુન્યવી પદાર્થોના આનંદ ઓછા થતા આવે. (૩) વળી ધર્મ સાધતાં સાધતાં સત્ત્વ એવું વધારતા જવાય કે સામાન્ય વિઘ્નથી માંડીને મોટા મોટા દેવતાઈ ઉપસર્ગ આવે તો પણ 'આ ધર્મ ન છોડુ' એવી વિઘ્નજય અને સ્થિરતાની પરિણતિ વધતી આવે. (૪) ધર્મસાધનામાં દિનપ્રતિદિન એકાગ્રતાને વધારતા જવું જોઈએ. એ ૧

મિનિટ, ૨ મિનિટ....૫ મિનિટ ટકતી આવે, ૧ શ્લોક, ૨ શ્લોક...૫ શ્લોક સુધી ટકતી આવે, એકાગ્રતા વધતાં આડા-અવળા વિચારો ઓછા થતા આવે, અને ધર્મમાં તન્મયતા વધતી આવે, લયલીનતા વધતી આવે; ત્યાં સુધી કે આજુબાજુ બીજું શું ચાલી રહ્યું છે, એની કશી ખબર ન પડે. એટલું જ નહિ પણ, (૫) ધર્મસાધનામાં આત્મા વધુ ને વધુ ફોરો બનતો આવે, અને એની અસર ધર્મસાધના સિવાયના કાળમાં પણ એવી પડે કે ત્યાં આત્માને રસ ન આવે.

આમ, ગુણ, ધર્મક્રિયા અને બીજી ધર્મસાધનાની અનેક ચઢતી ચઢતી કક્ષાઓને લક્ષમાં લેવાય, અને ઉત્તરોત્તર કક્ષામાં ચઢવા માટેનો પ્રયત્ન થાય, તો નિત્ય નવી સ્ફૂર્તિનો અનુભવ કરવા મળે.

'નમોત્થુણં અરિહંતાણં'માં 'નમસ્કાર હો' કહીને ભાવનમસ્કાર પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરાય છે, ત્યાં પ્રશ્નોત્તર કરવામાં આવ્યો.

**પ્ર.**- ભાવ-નમસ્કાર જેને પ્રાપ્ત છે તે શા માટે આવી પ્રાર્થના કરે ?

**ઉ.**- ભાવ-નમસ્કારમાં પણ અનેકાનેક કક્ષાઓ છે. તેથી નીચેની કક્ષાનો છે. તેથી નીચેની કક્ષાનો ભાવનમસ્કાર કરનાર એની ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના કરે છે. પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા એ સિદ્ધ થાય છે, ત્યાં પણ એથી ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના અને પુરુષાર્થ ચાલુ હોય એટલે એ સિદ્ધ થતો આવે.

અહીં ધ્યાનમાં રહે કે ભાવનમસ્કારમાં પણ ચઢતી-ઉતરતી કક્ષાઓ કહી એટલે નામાદિ નમસ્કારનું તો કહેવું જ શું ? આનો પણ વિચાર કરવા માટે એ જોઈએ કે, નામાદિ-નમસ્કાર એ શી વસ્તુ છે ?

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૭,અંક-૨૭,તા.૨૧-૩-૧૯૫૯

## કેટલાક અગત્યના પ્રશ્નોનું સમાધાન

**(સમાધાન કરનાર : શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ)**

હાલના કાયદામાં રિલિજીયન તથા ચેરિટેબલ સંપત્તિ કોને ગણવામાં આવી છે ? વાસ્તવિક પરિસ્થિતિ શું હોવી જોઈએ ?

આપણા ધર્મની રૂએ ટ્રસ્ટી અને વહીવટદાર શબ્દોમાં શો ફેર છે ? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવા કે નહીં ? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવાથી શું નુકસાન છે ? દરેક ગામના સ્થાનિક સંઘે ધાર્મિક મિલકતો માટે કઈ રીતે વહીવટ કરવો ?



આજે કેટલાક વહીવટદારો ધાર્મિક મિલકતોના પોતે સર્વ સત્તાધિકારી હોય તેમ માનીને તે મિલકતોને ગમે તેવા બિન ધાર્મિક હેતુઓમાં ખર્ચવાના ઠરાવો કરે છે. તો તે પરત્વે તે મિલકતના મુખ્ય રક્ષકો પૂ. આચાર્ય મહારાજાઓ કેમ ઉપેક્ષા સેવે છે ?

૧. (૧) અપુનર્બંધક ભાવથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ક્ષમાદિક આધ્યાત્મિક ગુણોના વિકાસરૂપ અનાદિસિદ્ધ શાશ્વત ધર્મ-મોક્ષ માર્ગ-મોક્ષની સીડી છે. (૨) તીર્થંકર પરમાત્મા તેનો તો માત્ર ઉપદેશ જ આપે છે. પરંતુ સુપાત્ર જનોને તેની સુલભતા થાય તે માટે તેઓશ્રી જૈન શાસન નામની બંધારણીય ધર્મસંસ્થા સ્થાપે છે. એ શાસનને આધારે બીજા અનેક ધર્મશાસનો, રાજ્યશાસનો, જ્ઞાતિ વગેરે સામાજિક શાસનો, આર્થિક પુરુષાર્થનાં શાસનો તથા માર્ગાનુસારી સદાચારના આધાર ઉપર વ્યક્તિગત અને કૌટુમ્બિક વગેરે શાસનો અસ્તિત્વમાં આવે છે; જેથી માનવોને ચાર પુરુષાર્થની સંસ્કૃતિમાં સ્થિર રાખી, ખેંચી લાવી, જંગલીપણામાંથી બચાવાય છે. (૩) તે મહાશાસન સંસ્થાના સંચાલન માટે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના પણ તેઓશ્રી જ કરે છે. (૪) તે સર્વના માર્ગદર્શન માટે શ્રી દ્વાદશાંગીની રચના ગણધર ભગવંતો કરી શકે તે રીતે ત્રિપદી પ્રભુ સંભળાવે છે. (૫) પાંચ આચારોના અનુષ્ઠાનોની સંખ્યાબંધ વિધિઓમાં ઉપયોગી થતાં ઉપકરણો-સાધનો, સમ્યગ્દર્શનાદિક ભાવ સંપત્તિઓ, તીર્થો મંદિરો વગેરે અને તેમાં ઉપયોગી ધન વગેરે સ્થાવર અને જંગમ સાત ક્ષેત્રાદિક ધાર્મિક દ્રવ્ય મિલકતોનો શ્રી શાસનની મિલકતમાં સમાવેશ થાય છે. શ્રી જૈન શાસનની અનન્ય માલિકીની એ સર્વ સંપત્તિઓ છે અને તેનો અનન્ય સંચાલક શ્રી સંઘ છે. આમ આ પાંચ અંગમય જૈનધર્મ પુરુષાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

૨. (૧) સર્વધર્મની ધાર્મિક સંપત્તિઓને હાલના કાયદામાં રિલિજીયન ગણી છે અને (૨) બીજી ઉદારતાથી સામાજિક, આર્થિક, કૌટુમ્બિક હિતોને ઉદ્દેશીને અપાયેલી સંપત્તિઓ, તથા (૩) આધુનિક ભૌતિકવાદી પ્રગતિને પોષક નિશાળો, દવાખાનાં, કોલેજો, સુવાવડખાનાં, અનાથાશ્રમ તથા એવાં બીજા ખાતાઓની સંપત્તિને ચેરીટેબલ ગણવામાં આવી છે. તેમાં પણ પાંજરાપોળ, ગાયોનાં ઘાસ, કૂતરાના રોટલા, પારેવાની ચણ વગેરે અહિંસાની ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને એકત્ર કરેલી સંપત્તિને પણ ચેરીટેબલ ગણવામાં આવી છે.

૩. અને એ તમામ સંપત્તિઓના વહીવટ કરનારાઓને ટ્રસ્ટીઓ કહેવામાં આવે છે. અને તેઓએ પબ્લિક ટ્રસ્ટના એકટ મુજબ વહીવટ કરવાનું ઠરાવાયું છે.

એ કાયદાના ગુજરાતી ભાષાંતરમાં રિલિયજીન માટે ધાર્મિક શબ્દ વાપરવામાં આવ્યો છે, અને ચેરીટેબલ માટે ધર્માદા શબ્દ વાપરવામાં આવ્યો છે. એટલે ધાર્મિકમાં (૧)નો અન ધર્માદામાં (૨) અને (૩)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણી રીતે (૧) અને (૨) નો ધાર્મિકમાં સમાવેશ થવો જોઈએ. અને (૩) નો ધર્માદામાં સમાવેશ થવો જોઈએ.

૪. રાજ્યે ધાર્મિક વહીવટદારોને ટ્રસ્ટી તરીકે માનવાનું વલણ રાખ્યું છે. પરંતુ આપણા પરમાત્માના શાસન મુજબ ટ્રસ્ટી શબ્દનો ચોક્કસ અર્થ નક્કી થતો નથી. છતાં જવાબદાર જોખમદાર વિશ્વાસપાત્ર વહીવટ ચલાવનાર વ્યક્તિ એવો અર્થ કરી શકાય. એ અર્થ પ્રમાણે આપણા પ્રભુએ શાસનની સર્વ જવાબદારીઓ મુખ્યપણે શ્રમણ ભગવંતોને-ધર્મગુરુઓને સોંપેલી છે. તેથી ખરા ટ્રસ્ટીઓ ધર્મગુરુઓ છે. આપણા ધર્મગુરુઓ ત્યાગી હોવાથી તેઓ નાણાં વગેરેને અડકે નહીં તેમજ તેને લગતું કામકાજ સીધી રીતે ન કરે. તેથી તેમના વતી ધાર્મિક ખાતાઓનો વહીવટ શાસ્ત્રમાં ઠરાવેલી ઉત્કૃષ્ટ, મધ્યમ, અને જઘન્ય યોગ્યતાવાળા ગૃહસ્થો પોતાના આત્મકલ્યાણમાં નિર્જરા માટે ભક્તિથી કરે. તેવા ગૃહસ્થો મુખ્યપણે વફાદાર મુનીમને સ્થાને છે. તેથી તેઓને માટે વહીવટદાર શબ્દનો પ્રયોગ યોગ્ય છે, નહીં કે ટ્રસ્ટીઓ. પરંતુ સાચા ટ્રસ્ટી ધર્મગુરુ વર્ગને ખસેડી દઈ, વહીવટો ઉપર પોતાની સત્તા સ્થાપિત કરવા રાજ્યે ગૃહસ્થોને ટ્રસ્ટી બનાવ્યા યા માની લીધા, અને તેમને તે જાતનું મહત્ત્વ, માન-પાન અપાતું રહ્યું, વાસ્તવિક રીતે વહીવટ કરનાર ગૃહસ્થો સર્વ સત્તાધિશ નથી. તેઓ સકળ સંઘને અને છેવટે શાસનના ધુરંધર આચાર્ય મહારાજાઓને જવાબદાર છે. મુદ્દાના કોઈપણ ફેરફાર કરવાનો તેમને સ્વયં લેશમાત્ર અધિકાર નથી. રાજ્યને કંઈ ફેરફાર કરાવવો હોય તો તે ધર્મગુરુઓને મળીને ઘટતો ફેરફાર કરાવી શકે. કારણ કે ગામેગામના સંઘો અને તેમના હસ્તકની તમામ ધાર્મિક મિલકતો શ્રી જૈનશાસન અને સકળ સંઘના તાબાની વસ્તુ છે.

પરંતુ ગૃહસ્થોને ટ્રસ્ટી માની લેવાથી, સરકારી ટ્રસ્ટના નિયમ પ્રમાણે વર્તવાને તેઓ બંધાયેલા છે. એટલે કે તેઓ ધર્મગુરુઓ, શાસન અને સંઘને જવાબદાર રહેવાને બદલે રાજ્યને જવાબદાર રહેવા બંધાયેલા છે. આથી રાજ્ય તેવા વહીવટો, ટ્રસ્ટો અને ટ્રસ્ટીઓ સાથે સીધું જ સંબંધમાં આવી શકે. જુદા જુદા ગામના સંઘોને ધ્યાનમાં ન લેતાં, માત્ર ટ્રસ્ટીઓને જ ધ્યાનમાં લઇને તે દરેકને પોતાની સંસ્થાઓ માની લઈને રાજ્ય સીધા હુકમો-સીધા કેસો વગેરે કરી શકે. જો ગામેગામના વહીવટદારોને ટ્રસ્ટી માની લેવામાં ન આવ્યા હોત, તો રાજ્યને જ્યારે કંઈ ફેરફાર કરાવવો હોય, ત્યારે તે તે ગામના વહીવટદારોએ શ્રી સંઘને પૂછાવું પડે. અને શ્રી



સંઘ નામંજૂર કરે, તો તે તે ગામના વહીવટદારો ઉપર રાજ્ય સીધું દબાણ ન કરી શકે. રાજ્યને કેન્દ્ર સાથે વાટાઘાટ કરવી પડે. રાજ્ય અને કેન્દ્રનો પરસ્પર વિરુદ્ધ મતભેદ પડે, તો બ્રાન્ચ કેન્દ્રને જ વળગી રહેવા બંધાયેલી છે. જેમ પ્રાંતિક રાજ્યોને પોતાના અધિકારની બહારની બાબતમાં વડી સરકારની મંજૂરી પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ ગામેગામના વહીવટદારોને સીધા ટ્રસ્ટી માની લેવાથી કેન્દ્રની દરમિયાનગીરી રહે જ નહીં. રાજ્યની આ યોજના છે. કારણ કે રાજ્ય શ્રી જૈન શાસન સંસ્થાનું અને તેના સંચાલક શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનું અસ્તિત્વ જ માનતું નથી અને સીધા ટ્રસ્ટીઓ થનારા પણ રાજ્યની એ માન્યતામાં આડકતરા સમ્મત થઈ જાય છે. આનું બીજું પરિણામ એ આવે કે ટ્રસ્ટીઓ શાસનના નિયમ વિરુદ્ધ ધાર્મિક વહીવટોમાં વર્તન કરે અને રાજ્ય તેમાં સંમત થાય, તો પછીથી સંઘ, શાસન કે ધર્મગુરુઓનું તેમાં કંઈ ચાલી શકે નહીં.

૫. સ્થાનિક સંઘોએ જુદાં જુદાં બંધારણ ઘડવાની જરૂર નથી. નહીંતર દરેક સંઘને પોતાની મરજી મુજબ બંધારણ ઘડવાનો અધિકાર મળી જાય છે, અને તેથી ગમે તેવું બંધારણ ઘડી કાઢે. ખરી રીતે સૌ સ્થાનિક સંઘો પ્રભુએ સ્થાપેલા જૈનશાસનના બંધારણ પ્રમાણે વર્તવા બંધાયેલા છે, કારણ કે તે સર્વે બ્રાન્ચો છે. સ્થાનિક સંઘોએ સુવિહિત ધર્મગુરુઓની આજ્ઞાના પ્રમાણે અને પરંપરાગત રિવાજ પ્રમાણે શાસન અને સંઘને અનુસરીને ચાલવું. શ્રી સંઘની એટલે કે ધર્મગુરુઓની આજ્ઞા વિના અમારાથી કોઈપણ ફેરફાર થઈ ન શકે એવું વલણ સ્થાનિક સંઘોએ રાખવું જોઈએ. નહીંતર આપણે જ હાથે ભગવાનનું શાસન અને તેનો સંઘ નથી એવી કબૂલાત થઈ જાય છે અને તો તેના લોપના મહાપાપના ભાગીદાર બનીએ છીએ.

અત્યંત દુઃખનો વિષય તો એ છે કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને આગેવાન પુરુષોને એ ખ્યાલમાં જ નથી કે અમારી ઉપેક્ષાથી આ રીતે શાસનની મહાઅપભ્રાજના થઈ રહી છે. હિંસાના પાપ કરતાં પણ શાસનની અપભ્રાજનાનું પાપ વધારે મોટું છે એમ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે, કારણ કે તે મિથ્યાત્વ જેવા મોટા દોષોને પોષણ આપનાર છે.

## 'નમસ્કાર'ના ચાર નિક્ષેપામાં કક્ષાઓ

હવે પ્રસ્તુતમાં 'નમસ્કાર'ના પણ ચાર નિક્ષેપા કર્યા. અને એમાં ચઢતી-ઊતરતી કક્ષાઓ કેવી રીતે તે જોઈએ.

**પહેલો, નામ નમસ્કાર** એટલે એક તો કોઈનું **'નમસ્કાર'** એવું નામ પાડ્યું, તો એ વ્યક્તિ નામથી નમસ્કાર કહેવાય, પછી ભલે એનામાં નમસ્કારનો ગુણ ન હોય. તેમ બીજું, 'નમસ્કાર' એવી અક્ષરોની રચના એ પણ નામ-નમસ્કાર. ત્યાં, 'નમસ્કાર'નામની વ્યક્તિઓમાં તો ધન, સૌંદર્ય, હોશિયારી, વગેરેની ચઢતી-ઊતરતી કક્ષા અર્થાત્ તરતમતા હોય છે, એ અનુભવ સિદ્ધ છે. ત્યારે, 'નમસ્કાર', એમ બોલાતા વર્ણસમૂહમાં શુદ્ધિ-અશુદ્ધિ, મૃદુતા-કર્કશતા, વગેરે ઉચ્ચારણની ઢબના હિસાબે તરતમતા હોય, એ સમજાય એવું છે. **બીજો, સ્થાપના-નમસ્કાર** એટલે નમસ્કારની સ્થાપના; દા.ત. નમસ્કારનું કોઈ ચિત્ર, મૂર્તિ, વગેરે. તો જેમ દેવની મૂર્તિઓમાં ઘડતરના ને કળાના હિસાબે ચઢતી-ઊતરતી કક્ષા હોય છે, એમ આમાં પણ હોઈ શકે છે. **ત્રીજો, દ્રવ્ય-નમસ્કાર** એટલે પૂર્વે કહ્યું તેમ દ્રવ્ય-સંકોચ. ચિત્તમાં નમસ્કારનો ભાવ ન હોય, પણ બહારથી નમું છું, વંદુ છું વગેરે બોલે, હાથની અંજલિ જોડે, મસ્તકે લગાડે,... એ બધું દ્રવ્ય-નમસ્કાર. ત્યાં પણ એ બાહ્ય ક્રિયામાં ચઢતી-ઊતરતી કક્ષાઓ હોઈ શકે છે; કોઈનું બોલવાનું 'આપને વાંદું છું', અને કોઈનું 'તમને વાંદું છું'; કોઈની અંજલિ વ્યવસ્થિત, અને કોઈની અવ્યવસ્થિત; કોઈ અંજલિને લલાટે લગાડે છે, તો કોઈ મોંઢા આગળ, ને કોઈ છાતી આગળ રાખે છે. આ બધી દ્રવ્યનમસ્કારમાં કક્ષાઓ અર્થાત્ તરતમતા ગણાય. તો જેમ નામાદિ-નમસ્કારમાં કક્ષાઓ હોય છે, એમ, **ચોથો ભાવ નમસ્કાર** અર્થાત્ ભાવસંકોચ એટલે કે નમસ્કાર સંબંધી વિશુદ્ધ મનનું નિયોજન, એમાં પણ તરતમતા યાને ચઢ-ઉતર કક્ષા હોય છે; કોઈને માનસિક ઊંચી વિશુદ્ધિ, તો કોઈને નીચી. ઊંચીમાં પણ કોઈને અધિક ઊંચી, તો કોઈને ઓછી ઊંચી. આમાં નીચેની કક્ષાની વિશુદ્ધિવાળાને હજી ઊંચી કક્ષાની વિશુદ્ધિ પ્રાપ્ત નથી, સિદ્ધ નથી; તો **'असिद्धेता-प्रार्थनावचः'** પ્રાર્થના દ્વારા એ અસિદ્ધને સાધવાની આવશ્યકતા રહે છે જ, એટલે એ પ્રાર્થના સૂચક 'નમોત્થુણં' પાઠ બોલે એમાં કશું અઘટિત નથી. તેથી સમજાશે કે ભાવનમસ્કારવાળો પણ આ પાઠ બોલી પ્રાર્થના કરે એમાં મૃષાવાદ લાગવાનો આક્ષેપ કર્યો તે ખોટો ઠરે છે. માટે 'નમોત્થુણં' આ પાઠ સર્વ સામાન્ય ઘટી શકે છે.



**વીતરાગને માટે શું ? :** હા, જે માનસિક વિશુદ્ધિ, જેમ જેમ રાગ-દ્વેષાદિ દોષ ઘટતા ઘટતા આવે એમ, વધતી વધતી હોય છે, એની પરાકાષ્ઠા સર્વથા રાગાદિ વિનાના વીતરાગ આત્મામાં મળવાની. એનાથી હવે ઊંચો માનસિક વિશુદ્ધિ યાને ભાવનમસ્કાર નથી. **જેટલી સાધનાઓ છે, તે બધી વીતરાગ બનવા માટે છે. આત્માની સર્વથા શુદ્ધિ કરવા માટે છે. માટે કોઈ પણ ધર્મ સાધના કરતાં વીતરાગ બનવાનું ધ્યેય નજર સામે રહેવું જોઈએ.** વીતરાગ બની ગયા, સાધનાકાળ પૂરો થયો. એટલે સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કારવાળા વીતરાગને પ્રાર્થના કરવાની જરૂર પણ નથી. તો તેમને કાંઈ, 'નમોત્થુણં' બોલવાનું હોતું પણ નથી. હવે તો એ બીજાને માટે નમસ્કરણીય થયા, કૃતકૃત્ય થયા, એમણે બીજાને નમવાનું નહિ. વીતરાગ એ તો **સાધક** અવસ્થા મટીને **સિદ્ધ** અવસ્થા થઈ; હવે એમાં બીજા સાધકની જેમ નમસ્કારાદિ-સાધન કરવાની રહે નહિ.

પ્ર.- તો પછી વીતરાગ અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થતાં પહેલાં 'નમો તિત્થસ્સ' (તીર્થને નમસ્કાર) એમ શા માટે બોલે છે ?

ઉ.- એ નમસ્કારની સાધના તરીકે નહિ, પણ એક કલ્પ તરીકે, એક આચાર તરીકે. સાધનામાં તો એ ઉદ્દેશ હોય છે, એ આશંસા હોય છે, કે આ કરીને હું મારા કર્મોનો ક્ષય કરું, બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં, અને અંતરાત્મદશામાંથી પરમાત્મદશામાં જાઉં. પરંતુ ઘાતી કર્મોનો ક્ષય થઈ ગયો, પરમાત્મદશા સિદ્ધ થઈ, એટલે તો આશંસા પૂર્ણ થઈ. માટે તીર્થંકર પરમાત્માને નિરાશંસભાવે પોતાના કલ્પ મુજબ, 'નમો તિત્થસ્સ' કહીને સિંહાસને બેસવાનું; તેથી એ એમ બોલે છે. એટલે એ સિદ્ધ થયું કે વીતરાગ સિવાય બીજાને ભાવનમસ્કારની પરાકાષ્ઠા પ્રાપ્ત નથી, તેથી એમને પરાકાષ્ઠા સુધી પહોંચાડનાર ઊંચા ઊંચા ભાવનમસ્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવી જ રહે છે.

**પ્ર.- વીતરાગને ભાવનમસ્કારની પરાકાષ્ઠા શી રીતે ?**

ઉ.- પહેલાં કહ્યું છે, 'નમસ્કાર' શબ્દ 'પૂજા'ના અર્થમાં છે, ચાર પ્રકારની પૂજામાં ય ભાવપૂજા એ પ્રધાન છે, શ્રેષ્ઠ છે, તથા ભાવપૂજા 'પ્રતિપત્તિ' પૂજારૂપ હોય છે, ને તે વીતરાગમાં જ પૂર્ણપણે મળે છે. બીજાઓએ પણ કહ્યું છે **'पुष्पामिषि स्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यम् ।'**

"દિવ્ય-દર્શન" - **"સુવાક્ય"** વર્ષ-૭,અંક-૨૯,તા.૪-૪-૧૯૫૯

જીવને વિશ્રાંતિનું સ્થાન કયું ? ઇષ્ટ-નમસ્કાર એ જીવને વિશ્રાંતિ આપે છે. પંચ-પરમેષ્ઠિ એ ઇષ્ટ ગણાય છે. પંચ-પરમેષ્ઠિમાં ઇષ્ટ ન આવે ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર પણ ફળતું નથી. જેનાથી આપણી કાર્ય-સિદ્ધિ થાય તે આપણને ઇષ્ટ લાગે એવો અબાધિત નિયમ છે. આપણું કાર્ય આ પરમેષ્ઠિઓથી જ સિદ્ધ થાય છે એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી તેમના પ્રત્યે પ્રીતિ-ભક્તિ ઉત્પન્ન થઈ શકે નહિ. દરેક મનુષ્યને કંઈને કંઈ ઇચ્છા હોય છે. તે ઇચ્છાની પૂર્તિ જેનાથી થાય તે આપણને ઇષ્ટ લાગે છે. ધનથી માણસની ઇચ્છાઓ પૂરી થાય છે, તેથી ધન ઇષ્ટ લાગે છે. ઇષ્ટ એટલે જેના કાર્યમાં પરિશ્રમ ન લાગે તે. પરમેષ્ઠિ ઇષ્ટ છે એમ જ્ઞાનીઓ જાણે છે, પણ આપણે જાણતા નથી. તો પ્રથમ શરત એ છે કે આપણે જ્ઞાનીઓના વચનમાં વિશ્વાસ રાખવો જોઈએ, જ્ઞાનને વિકસાવવું જોઈએ અને તદનુસાર આચરણ કરવું જોઈએ. મનુષ્યને કોઈપણ સહેલું કાર્ય હોય તો તે ઇષ્ટ નમસ્કાર. (પરમેષ્ઠિ-નમસ્કાર) ઇષ્ટને નમસ્કાર કરવામાં શરીરને કશો પરિશ્રમ પડતો નથી.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૭,અંક-૩૨,તા.૨૫-૪-૧૯૫૯

## વર્તમાન દુર્લભ ક્ષણને પિછાણો :

**હે મહાભાગ ! આ જન્મની અપૂર્વ ક્ષણનાં યોગ્ય મૂલ્યાંકન કરો. આ તે ક્ષણ છે, તે અવસર છે, કે જ્યાં પ્રતિકૂળતા આવકારવા દ્વારા સંસારમાં સામા પૂરે જઈ શકાય, અને છતાં આશ્ચર્ય છે કે મુક્તિના કિનારે પહોંચી શકાય !** અને મુક્તિએ પહોંચ્યા પછી માથે કોઈ સત્તાધીશ નથી, પરાભવ કરનાર નથી, શત્રુ નથી, કે ક્લેશ દુ:ખનું કોઈ જ નિમિત્ત નથી. **આ તે અવસર છે કે જ્યાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના ઉત્તમ વ્યાપાર કરી શકાય. બીજા ત્રીજા વ્યાપાર ખેડવાના ભવ ઘણા, રત્નત્રયીના વ્યાપાર ખેડવાનો ભવ માત્ર એક મનુષ્યભવ. અને તે પણ માત્ર સામગ્રીસંપન્ન માનવભવ !** તો શા માટે એની એ પ્રમાણે કદર કરતા નથી ? ને અન્ય ભવ સુલભ કષાય પ્રવૃત્તિમાં શા સારુ તણાઈ રહ્યા છો ?

**બોધિ ફરીથી દુર્લભ છે :**

ધ્યાનમાં રાખજો કે આવી ક્ષણ, આવો મનુષ્ય ભવ તો દુર્લભ છે જ, પણ



વિશેષે કરીને **બોધિ યાને હિત પ્રાપ્તિ અહિત ત્યાગ અત્યંત દુર્લભ છે.** અહીં એને આદરી શકો એ સુલભ બન્યું છે, છતાં જો નહિ આદરો તો પરભવે તો એ ક્યાંથી જ પ્રાપ્ત કરી શકાશે ? કેમકે **અહીં છતી સગવડે એની ઉપેક્ષા એ એવા મોહનીય કર્મને દૃઢ કરે છે કે જે પરભવે મહાવિઘ્નભૂત બને છે. સંસારમાં જન્મ્યું સાર્થક થવાનો આધાર સારા જીવન પર છે. સારું જીવન એટલે જન્મ-મરણની જંજાળનો અંત લાવે તેવું જીવન. એ અંત થવાનો આધાર સંબોધિ પ્રાપ્ત કરવા ઉપર છે.**

**ત્રિવિધ-ત્રિવિધે હિંસા ત્યજો; નિદાન ત્યજો : સંવર કરો :**

સંબોધિમાં જે અહિતનો ત્યાગ કરવાનો છે, તેમાં **પહેલું તો જીવમાત્રની હિંસાનો ત્રિવિધિ-ત્રિવિધે ત્યાગ કરવાનો છે.** 'કોઈ પણ જીવને મનથી, વચનથી, અને કાયાથી મારું નહિ, મરાવું નહિ, ને મારતાં એને અનુમોદું નહિ;' એ રીતે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાત્યાગ કરવાનો છે, જીવમાત્ર પ્રત્યે, ચાહ્ય તે આપણો માથાવાઢ દુશ્મન હોય, એની ઉપર પણ આપણા દિલની આ દયાભરી કોમળતા વિના સકલ કર્મનું નિરાકરણ થઈ શકે એમ નથી. ઊલટું **હિંસાથી, તો કર્મના ભાર વધે છે.**

**અહિત ત્યાગમાં બીજું, કોઈ પણ પ્રકારનું નિયાણું કરવાનું નથી.** અર્થાત્ પર પુદ્ગલ માત્રની આશંસા ત્યજી દેવાની છે. ધર્મના ફળરૂપે ય નહિ, ને વર્તમાન આકાંક્ષારૂપે ય નહિ.

**હિતના આદર તરીકે સંવર આદરવાનો છે.** સંવર એટલે જગતમાં જેટલાં પાપસ્થાનક કહેવાય છે, એ સર્વથી નિવૃત્ત થવું તે. આગળ વધતાં ક્રિયા માત્રથી પાછા હટવાનું છે, અને અયોગી કેવળી બનવાનું છે.

**હે પુણ્યવાનો ! આમ કરીને આજ પૂર્વે અનંતા ઉત્તમ આત્મા સિદ્ધિપદને પામ્યા છે, વર્તમાનમાં ય ઉત્તમ જીવો એ રીતે સિદ્ધિપદ પામે છે, અને ભવિષ્યમાં પણ પામશે.** તો તમારે ય એમનો રાહ પકડી જીવનને સુંદર સફળતા પમાડવા જેવી છે. જે કાંઈ વિચારણા કરવાની છે તે આંખ મિંચાયા પહેલાં કરજો. **આંખ મિંચાયા પછી, જીવનદોરી કપાયા પછી, એક પણ વિચારણાને અવકાશ નહિ મળે."**

આ સાંભળીને અઠ્ઠાણું ય પુત્રો ભરત પ્રત્યેની દુશ્મનાવટને તો શું, પણ આખા ય સંસારમોહને વિસરી ગયા, મોહ મૂકી દીધો અને પ્રભુ પાસે ચારિત્ર લઈ સ્વ-પરના તારક બની ગયા.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૭,અંક-૩૫,તા.૧૬-૫-૫૯

**ગુરુજનની પૂજા એટલે માનવી તરીકે મળેલી બુદ્ધિ-શક્તિનો પહેલો સદુપયોગ.**

"દિવ્ય-દર્શન" - **"સુવાક્ય"** વર્ષ-૭,અંક-૩૭,તા.૬-૬-૧૯૫૯

**જેના હૃદયમાં ભારોભાર દયા ભરી હોય એનાં હૈયાં તો એટલા મૃદુ અને મીણ જેવા ઓગળી જનારાં હોય કે સામાની ભૂલ પર દયાના ભરપૂર ઝરણાં વહે.**

"દિવ્ય-દર્શન" - **"જીવો ને જીવવા દો"** વર્ષ-૮,અંક-૭,તા.--૧૯૫૯

- લેખક : **શ્રી મફતલાલ સંઘવી**

જીવો ને જીવવા દો.

એમને હેતભર્યું જીવન આપણને શાંતિપૂર્ણ જીવનની મોંઘી આશિષ આપશે.

તેમને 'મન' ભલે ન રહ્યું, પણ 'હૃદય' તો છે જ. તે હૃદયની આશિષ આપણા સુખચેનમાં સ્થિરતા આણશે.

સ્વપુરુષાર્થબળે જીવન જીવી રહેલા નિરપરાધી જીવોને રહેંસી નાખવાની આસુરી ભાવવાનું પોષણ અને સંવર્ધન એટલે જીવતા દોજખમાં નિવાસ. શું માનવીની આજની પ્રગતિને દોજખ સાથે સંબંધ છે ? શું આજનો માનવ દેવ હૈયાની આરઝુ અને તમન્નાને પાત્ર નથી રહ્યો ? શું એના હૃદયમાં દિવ્યતાને સ્થાને કેવળ અંધકાર છવાઈ ગયો છે ?

'અમે આગળ વધી રહ્યા છીએ.' એમ બોલનારા ભાઈ બહેનો શું ખરેખર આગળ વધી રહ્યાં છે ?

નાના સરખા છોડનો જીવનવિકાસ, વિશ્વસ્થ શુદ્ધ તત્ત્વોના સતત આસેવન વડે થાય છે કે તે તત્ત્વો તરફ પીઠ ફેરવવાથી થાય છે ?

વિકાસની દૃષ્ટિએ છોડ અને માનવના જીવનમાં ખૂબ જ સામ્ય છે.

નાનકડો છોડ જે રીતે સકળ લોકવ્યાપી સુસંવાદી જીવન-નીતિને અપનાવીને પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે. તેજ રીતે માનવી પણ પોતાના જીવનનો વિકાસ-જગતના સઘળા જીવો પ્રત્યેની સદ્ભાવનાભર્યા પોતાના હૈયાની પવિત્રતા અનુસાર જ સાધી શકે છે.



આજે આપણા હૈયામાં લોકવ્યાપી જીવો પ્રત્યે પૂરેપૂરો અવિરોધભાવ છે ખરો ? જીવ માત્ર પ્રત્યે સંપૂર્ણ સદ્ભાવ છે ખરો ?

જો નથી. તો પછી આપણી પ્રગતિ થશે કઈ રીતે ?

જીવનમાંથી પરમજીવનની પરમ સત્ત્વવંતી ભાવનાને દેશવટો આપ્યા પછી, તેમાં જે કાંઈ બાકી રહે, તેનામાં પ્રગતિની ક્ષમતા હોય ખરી કે ?

જળ ખેંચી લીધા પછી સરિતામાં જે કાંઈ બાકી રહે, સત્ત્વ ખેંચી લીધા પછી પુષ્પમાં જે કાંઈ બાકી રહે, તેલ ખેંચી લીધા પછી દીપકમાં જે કાંઈ બાકી રહે, તેનો વિકાસ અથવા પ્રગતિ એટલે સર્વનાશ કે બીજું કાંઈ ?

જે ઉત્કૃષ્ટ ભાવના વડે જીવન, ઊર્ધ્વગામી વલણ અપનાવી શકે છે, તેનું નિવાસસ્થાન 'હૃદય' છે અને નહિ કે 'મન'.

હૃદયની સર્વોપરિતાવિહોણું જીવન, સરવાળે અકર્મણ્યતાના ખારા પાટમાં જ લુપ્ત થાય. મનની જ સર્વોપરિતા સ્વીકારતું જીવન સરવાળે નરાશ્યના નિબિડ અંધકારમાં ખોવાઈ જાય.

આપણે હૃદય ખોઈ બેઠા છીએ, તેના જ પરિણામે પશુ પંખીઓની પત્થરને પણ રડવાનારી હૃદય-વાચાને સમજવાની આપણી સૂઝ ચાલી ગઈ. છે જો આપણા હૃદયમાં હૃદય હોત, અને તે હૃદયને મૈત્રીભાવની આંખ હોત, તો આપણે સ્વપ્નમાંય કોઈ જીવની હિંસા તો શું, પણ અહિત પણ ન વાંચ્છી શકતા હોત.

ભૌતિક સંસ્કૃતિના પ્રલયંકર પૂર વચ્ચે મનના ઘોડા ઉપર બેસીને આગળ વધવાની વાતો કરનારા ભાઈ-બહેનો એ કદી ન ભૂલે કે વિશ્વમૈત્રીની આંખ વગરનો તે અશ્વ ગમે તે પળે ભયાનક ઠોકર ખાઈને જળશાયી થઈ જશે.

રડતા જુવોને છાના રાખવાની વાતો તો ક્યાં રહી ? પરંતુ 'તેમને વધુમાં વધુ રીબાવીને અમે હસી શકીશું, ઉમંગમાં મહાલી શકશું' એવું માનનારા સ્ત્રી-પુરુષો શું એમ સમજી બેઠા છે કે 'આ જગતમાં કોઈ વ્યવસ્થા જ નથી, કોઈ વ્યવસ્થિત ન્યાયતંત્ર જ નથી, કોઈ ન્યાયી મહાસત્તા જ નથી.' કે જેથી કરીને તેમને ભયાનક પાપ કર્મોનાં પણ સારા ફળ મળશે એવી ગલત, પાયા વગરની વાતમાં શ્રદ્ધા બેસે છે અને તેઓ હિંસા વડે પોતાના જીવનબાગને હરીયાળો બનાવવાનાં સપનાં સેવે છે ?

જીવન જેમને વહાલું હોય, તેમના હૈયામાં કોઈનું જીવન લૂંટી લેવાનો બૂરો ભાવ જન્મે ખરો કે ?

નહિ જ.

તો પછી પરમ જીવના પરમ આદર્શની સિદ્ધિ અર્થે હું મળેલા માનવ દેહ વડે આપણે સહુએ સકળ જીવસૃષ્ટિમાં અભયનું હવામાન ફેલાવવું જોઈએ કે ભયનું ?

વાતાવરણ ઉપર ભય અને હિંસાની પકડ રહેશે ત્યાં સુધી. પવનમાં કંપતા પર્ણની જેમ-સંસ્કૃતિદત્ત સેંકડો સવલતો છતાં આપણા હૃદયપદ્મની પ્રત્યેક પાંખડી કંપ અનુભવતી જ રહેશે. તેનામાં સ્વસ્થતા, સત્ત્વપ્રધાનતા અને સર્વ કલ્યાણને યોગ્ય ગરિમા નહિ જ પ્રગટે.

હસતાં-ખીલતાં ફૂલ જેવા નિર્દોષ જીવોના જીવનને-પ્રકૃતિની પવિત્રતમ દેન સમજી સ્વીકારીને-કદી કોઈ મા ઉવેખશો !

સહુના જીવનના અભિવાદનમાંથી જ પ્રગટે છે. પૂર્ણજીવનનું પરમ મંગલમય પ્રભાત.

**"દિવ્ય-દર્શન" - "આપણી શાસનશક્તિ"** વર્ષ-૮,અંક-૧૦,તા.૨૧-૧૧-૧૯૫૯

- લેખક : **શ્રી મફતલાલ સંઘવી**

આપણું શાસન એટલે વીતરાગનું શાસન, વીતરાગનું શાસન એટલે વિશ્વશાસન, વિશ્વશાસન એટલે પ્રાણી માત્રના હિત માટેની સાંગોપાંગ વ્યવસ્થાવાળું સંપૂર્ણ શાસન.

શાસન એટલે કર્મ અને ધર્મના અચળ નિયમોને આધીન જીવોના જીવનના સર્વતોમુખી વિકાસની સંપૂર્ણ જોગવાઈવાળું બેનમુન તંત્ર. આ તંત્રના સર્વોચ્ચ પ્રણેતા સર્વજ્ઞ શ્રી વીતરાગ ભગવંત જ હોય છે.

એટલે કે આખુંય વિશ્વ એટલે વીતરાગ ભગવંતનો શાસન પ્રદેશ. આ શાસનનું સમગ્ર બંધારણ અને તેને અમલી બનાવનારા કાયદા, વર્તમાન દુનિયામાં અસ્તિત્વ ધરાવતાં નાના-મોટાં રાજ્યોનાં બંધારણ અને કાયદા જેવા ઢીલા, પોચા, જડ, એકાંગી કે અહંતાપ્રેરક નથી. પરંતુ પૃથ્વી, પાણી અને ગગન જેવા શાશ્વત છે કારણ કે તેમાં સર્વજ્ઞ ભગવંતના સર્વ કલ્યાણમય સંપૂર્ણ જીવનનું ભારોભાર અમૃત ભરેલું છે. જ્યારે કોઈ પણ નાનો-મોટો મનુષ્ય કે પશુ, પંખી, કે પ્રાણી એ કાયદા અથવા નિયમ વિરુદ્ધ એક પગલું પણ ઉઠાવે છે ત્યારે, -તેજ પળે તેના જીવનને એક સખત ધક્કો પહોંચે છે અને વિશ્વમય જીવનના જતન કાજેના નિયમના આંશિક ભંગ માટે પણ, તેના દરજ્જામાં તેજ ક્ષણે સૂક્ષ્મ ફેરફાર થાય છે અને તેમ છતાં જો તેટલી સજાથી તેની શાન ઠેકાણે નથી આવતી તો જતા દિવસે તેજ સૂક્ષ્મ



સજાનો તેના સ્થૂલસ્વરૂપમાં તેને સ્વીકાર કરવો જ પડે છે.

સર્વથા વિશ્વમય આ શાસનની સીધી આજ્ઞા નીચે દૃશ્ય જગતના બહૂ જ ઓછા આત્માઓ જોવામાં આવે છે. કારણ કે વિશ્વમય જીવનને સ્પર્શવાની સઘળી યોગ્યતાઓ એક જ સમયે સઘળા આત્માઓમાં પ્રગટવી તે લગભગ અશક્ય જ ગણાય.

તેમ છતાં જે ભવ્યાત્માઓ પોતાને આ શાસનની સીધી આજ્ઞા નીચે હોવાનો એકરાર કરે છે અને વ્યવહારથી ખરેખર છે પણ ખરા. તેમાંના કેટલા શાસનભક્તિનો પોતાનો ધર્મ બજાવવામાં પોતાનાં જીવનને ધન્ય ! સમજતા હશે ?

શાસનભક્તિ એટલે શાસન પ્રદેશના સમગ્ર વિસ્તારમાં પથરાયેલા જીવોની સુખ, સગવડ, શાંતિ, સલામતી અને ચઢતીને અનુરૂપ વર્તન. શાસનભક્તિ શાસનના સિદ્ધાન્તો, સૂત્રો અને શિસ્તને પ્રતિપળે અણિશુદ્ધ જાળવવા અને મૂર્ત સ્વરૂપ આપવા માટે પ્રયત્નશીલ રહેલા ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિ શાસનભક્તિ એટલે જિન આગમ અને જિન પ્રતિમાજીની ભક્તિ. શાસનભક્તિ એટલે આત્મશાસનને યોગ્ય બનાવનારા તપ, જપ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, કાયોત્સર્ગ, સજ્ઝાય અને ધ્યાનની ભક્તિ. શાસનભક્તિ એટલે તીર્થભૂમિઓની ભક્તિ, સાધર્મિક બંધુઓની ભક્તિ, વૃદ્ધ, ગ્લાન, બાળ અને તપસ્વીઓની ભક્તિ, ગુણાનુરાગી સજ્જનોની ભક્તિ.

ભક્તિનો એ ઉજ્જવળ ભાવ જન્મે, આપણી આસપાસ, ઊંચે-નીચે અને સર્વત્ર જ્યાં સુધી પહોંચે આપણી નજર બુદ્ધિ અને કલ્પના ત્યાં સુધી શાસનને જ ફેલાએલું સમજી લેવાથી.

ઘર, શેરી, નગર, જિલ્લો, પ્રાંત, દેશ, દુનિયા અને ત્રણ લોક સુધી છે વિસ્તરેલો જેનો પ્રભાવ તે શાસનના સર્વોચ્ચ નિયામક શ્રી અરિહંત ભગવંતોની ત્યાગ અને તપોમય જીવનપ્રભાને વરવા કાજે, આપણે કેવળ આપણા જ માટે નહિ, પરંતુ શાસનને માટે જીવવું જોઈએ. જ્યાં-ત્યાં, જ્યારે અને ત્યારે શાસનના પ્રતાપને ભૂલી જઈ; "મારાપણા" ના ખ્યાલને આગળ કરવાની વૃત્તિમાંથી શાસનના વિશ્વવ્યાપી કલ્યાણકર પ્રભાવની વચ્ચે આપણે આપણા જ હાથે નાના-મોટા ક્ષુલ્લક શાસનો ઊભા કરી દીધાં છે. એટલે આજે આપણામાંના ઘણા ખરા ભાઈઓને સાચા શાસનની ઓળખાણ પણ દુર્લભ બનતી જાય છે.

આજે આપણે સહુ કોના શાસનને દીપાવવા માટે દિનરાત પ્રયત્ન કરીએ છીએ ? સર્વોપકારી શ્રી જિનેશ્વર ભગવંતના ? ના, આજના આપણા પ્રયત્નો

આપણા પોતાના કલ્પિત શાસનની સ્થાપના અને પ્રભાવના માટેના જ છે અને તે પ્રયત્નોમાં વીતરાગ ભગવંતોના શાસનની જરૂર મદદ લેવી પડે તો લઈએ છીએ. મતલબ કે આપણે આપણા માટે જ જીવનનો કોડ સેવીએ છીએ.

જે પોતાના માટે જીવવા મથતો હોય તેને દુનિયા પાસે કાંઈ પણ માગવાનો હક્ક-અધિકાર રહે ખરો કે ? અરે, તેનાથી પૃથ્વી, પાણી અને પવનનો પણ ઉપયોગ ન થઈ શકે ! તેને શોભે દોસ્તી તેના જેવા જ સ્વાર્થીની, પરંતુ એ શક્ય નથી જ.

એટલે આપણે જીવનનો તેના વિશ્વવ્યાપી આત્મ સ્વરૂપની દૃષ્ટિએ જ ઉપયોગ કરવાની પરંપરાગત આપણી નીતિ-રીતિને અપનાવવી પડશે. શાસનની ભક્તિના જ રાજમાર્ગ પર આવવું પડશે. આપણું મનાતું બધું સારું, જેઓ આપણાથી વધુ યોગ્ય, વધુ પરોપકારી અને વધુ વિશ્વપરાયણ હશે તેમના ચરણે પ્રસન્નતાપૂર્વક સમર્પવું પડશે. ધન-દોલતના અર્થીની ખુશામતમાં નહિ, પરંતુ ધર્મના અર્થીની સેવામાં પ્રસન્નતા અનુભવવી પડશે. શ્રી વીતરાગ શાસનની વધુ નજીકમાં નિશદિન વસતા પરમોપકારી ભગવંતોની વધુ નજીક જવું પડશે. જિનપ્રતિમા અને જિનાગમને દિલ-દિમાગ અને દેહ સોંપવો પડશે. કારણ કે આ ઉત્તમ રસ્તે થઈને આત્મા પોતાને ઘેર પહોંચી શકે તેમ છે. બીજો કોઈ પણ માર્ગ તેના માટે જોખમી સાબિત થશે. તેમાં તેને કમાવા કરતાં ખોવાનું જ વધુ રહેશે.

આપણે સહુ આજે આપણાથી અત્યંત નાની વસ્તુઓના મોહમાં પડીને આપણી જાતને નાની બનાવી રહ્યા છીએ; પથ્થર સાટે હીરો વેચી રહ્યા છીએ, શરીર માટે આત્માને ગુમાવી રહ્યા છીએ, બુદ્ધિજન્ય ખ્યાલોની સાંકડી દુનિયામાં શાસનને ગોઠવવા મથી રહ્યા છીએ.

શ્રી નવકાર જેવો અણમોલ વારસો મેળવવાનું મહાપુણ્ય ધરાવનારા કલેશ, કંકાશ, કાવાદાવા અને કષાયના કીચડમાં ફસાવા માટે પોતાની જાતે દોટ મૂકે તેનો અર્થ શો ? શું આપણે તેના માટેની લાયકાત ગુમાવી ચૂક્યા છીએ ? કે તે પાસે હોવા છતાં દૂરને દૂર વસતો પ્રતીત થાય છે.

હકીકતમાં આપણે જ તેના સ્પર્શથી ગભરાઈએ છીએ. એટલે તે પાસે આવે છે તો પણ કટાણું મોં કરીને દૂર હડસેલી દઈએ છીએ. કારણ કે આપણી સઘળી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ આજે તેના માટે રહી નથી. પરંતુ તેનાથી તદ્દન વિપરીત પ્રકારની થઈ ગઈ છે.

પણ હવે જાગવું જ પડશે. જગતમાં પથરાયેલા જીવનને જોવું, જાણવું અને ચાહવું જ પડશે. શ્રી નવકારના અમૃતમય આંતરસ્પર્શ વડે દેહભાવના વજ્ર કિલ્લાને



તોડવો પડશે. અહિંસાનું શાશ્વત જીવનકાવ્ય રચવું જ પડશે, સત્ય, સંયમ અને પરિગ્રહ પરિણામ વડે કાયાની માયાને નાથવી પડશે. વીતરાગના પરમોપકારી શાસનની ભક્તિની આડે આવતા અંતરાયોને આત્મબળ વડે દૂર કરવા જ પડશે.

વીતરાગ ભગવંતની ભક્તિની ભાવના વિનાની એક પણ પળ, જૈનને આકરી સજા સરખી લાગે. કારણ કે વિશ્વને આત્મસ્નેહનાં અમી પાવા તલસતા તેના આત્માને તે સમયે દેહમાં જ પૂરાઈ રહેવું પડે. જે તે કોઈ પણ સંયોગમાં ચલાવી લેવા માટે હરગીઝ તૈયાર ન હોય. તેના સમયનો કણે કણ અદ્ભુત મંગલમય અને મનોહર જીવનપ્રતિભાના ઘડતર માટે જ હોય. અપૂર્ણ, એકાંગી, કષાયવર્ણા, કુબડા ફટાકીઆ રંગો, તેની પીંછી માટે કદી યોગ્ય ન જ ઠરે.

શ્રી વીતરાગ ભગવંતનો વહાલસોયો (Seloved) બનાવવાના કોડ તેને તેઓની આજ્ઞા પ્રમાણે વર્તવાની પ્રેરણાનાં અમૃત પાય. શારદી ચંદ્રના શુભ જ્યોત્સનામય રશ્મિઓની જેમ તે જ્યાં પણ જઈને બેસે ત્યાં મંગલનો પ્રકાશ પ્રસરે, બોલે ત્યાં ચંદન બાગની સુરભિ મહોરે, ચાલે ત્યાં જયણાનું જીવદયાનું સંગીત સંભળાય. વિશ્વભાવ સભર તેનો જીવન બાગ, સંસારમાં ધર્મની સુગંધ ફેલાવે. પરભાવના કાંટા-કાંકરાવાળા ભેંકાર જંગલોને છોડી, આત્મભાવના સરિયામ માર્ગે ચાલવાની તેની સાત્ત્વિક જીવનદૃષ્ટિ, સહુને સન્માન્ય બને.

શ્રી વીતરાગ શાસનનો જૈન એટલે જગત-ખાણનો અણમોલ હીરો, વિશ્વ-ગગનનો ઝળહળતો સિતારો, સંસારવનનું શતદલ પદ્મ, વિશ્વસ્નેહનો રેલો. આભ આંબતું તેનું વ્યક્તિત્વ હોય, સાગર-ગહન તેની ગંભીરતા હોય, ફોરમ-ફોરી તેની ભાવના હોય, પ્રકાશોજ્જવળ તેનું જીવન હોય, અણુએ અણુ ચાહતું, ચુમતું તેનું આત્મગાન હોય.

વિશ્વભરમાં સ્વ-વ્યક્તિત્વની સાત્ત્વિક લહેર ફેલાવવાના જિનશાસનના આદેશને ઝીલવામાં જે જેટલા અંશે સફળ થઈ શકે, તે તેટલા અંશે જગતને જિનશાસનનું નવનીત પીરસી શકે, અને તેનું જીવન પણ તેટલા જ અંશે સુવિકસિત બને.

શ્રી વીતરાગ શાસનમય વિશ્વને શ્વાસોશ્વાસમાં મેળવવાની સઘળી સર્વ પ્રકારની શિક્ષણ પદ્ધતિ, જ્યાં આજે પણ અમલમાં છે, તેજ શાસનના સુભટોનાં જીવન ક્ષુદ્રતાના ખાણ જેવા શા માટે હોવાં જોઈએ ?

જે શીખશે, સત્કારશે, સમાવશે, ખોવાઈ જવાનો મહામંત્ર સ્વજીવનમાં, તેને જડશે અણુ અણુમાં ઝળહળતો શાસન રવિનો પ્રકાશ.

શ્રી વીતરાગ ભગવંતોના સર્વ કલ્યાણમય શાસનને પામનારો પુણ્યાત્મા આજે શાસનભક્તિમાં ઓછો રસ દાખવે છે માટે, અનેકની સેવા-ચાકરી હલકા દરજ્જે ઊતરતો જાય છે.

અન્યથા ઉત્કૃષ્ટ, મંગલમય તત્ત્વના ચાહકનો પ્રવેશ પણ, આષાઢની જળરેલ સમ વાતાવરણને ભરતો સ્વ અધિકાર સ્થાપતો હોય છે-સ્થાપી શકે છે.

શ્રી વીતરાગનું શાસન અને અમૃતમય શ્રી નવકારનો અણમોલ વારસો એ બે બોલ બસ છે આપણા જગતવ્યાપી કલ્યાણના પ્રભાવ માટે, પ્રસાર માટે.

આ સિવાય બીજું કશું પણ મેળવવાની વૃત્તિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તો જ આપણે શાસનની ભક્તિના નિર્મળ રસભર ઝરણાના સંગીત વડે વિશ્વના જીવોને 'અભય'નું દાન કરી, જૈન શાસનનો જય-જયકાર ગજાવી શકીશું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૮,અંક-૧૧,તા.૨૮-૧૧-૧૯૫૯

## **વિશ્વપ્રતિભાનો વારસદાર** - લેખક (શ્રી મફતલાલ સંઘવી)

શ્રી જિનશાસન એટલે વિશ્વશાસન.

જૈન ધર્મ એટલે વિશ્વધર્મ.

જૈન એટલે વિશ્વમાનવ.

જન, સજ્જન અને મહાજનથી યે સવાયો હોય તે જૈન. જેને માથે એક નહિ, પરંતુ બે બે કલગીઓ (જૈ) શોભી રહી છે તે જૈન. જગતના જીવોનો સાચો મિત્ર હોય, ગુણીજનોના ગુણનો અનુરાગી અને પૂજક હોય; દુઃખી જીવોના દુઃખનું એના હૈયે હોય, દુષ્ટ જનોની બુદ્ધિમાં વિવેકનો દીવો પેટાવવાના એના પ્રયત્નો હોય.

દાન, શીલ, તપ અને ભાવમાં જૈન જીવે.

માત્ર શરીરનું જીવન તેને ગોઠે નહિ, તેનાથી તે સદા વેગળો રહેવા જ પ્રયત્ન કરે.

સુખ દુઃખને તે પુણ્ય પાપનો માત્ર ખેલ સમજે. તેમાં લપટાયા સિવાય, તે પુણ્ય-પાપની પાર તરતા આત્માના નિર્મળ પ્રકાશનું ગૌરવ વધારવા માટે દિન-રાતની સઘળી પળો દરમ્યાન પોતાનામાં જાગતો રહે.

જૈનના રોમરોમે વિશ્વાસનનું હિત રમતું હોય. ઉપકારને તે ઉપકાર નહિ, પણ સ્વ કર્તવ્ય સમજે. સ્વપ્નામાંય અપકારનો કાળો ડાઘ ન લાગી જાય, તેને માટે



તે સદા પ્રયત્નશીલ રહે.

મુક્તિ એનું ધ્યેય હોય. પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભાવોલ્લાસભરી ભક્તિમાંથી તે મેળવે શક્તિ, મુક્તિના સર્વ મંગલમય રાજમાર્ગ પર ચાલવાની. મનના કોઈ ખૂણે કષાયનો કચરો અને દુર્ભાવોની રજ એકઠી ન થાય તે માટે તે પોતાના આંતરભવને જળતો રાખે દીપક વિવેકનો. પોતાની અંદરના વિશ્વમય જીવનને ડગલે ને પગલે પડકારનારા ક્ષુદ્ર બળોથી બચવા માટે તે શરણું સ્વીકારે શ્રી નવકારનું. નવકારનાં અમી પીને, સંસારમાં તે સત્ત્વની સુગંધ ફેલાવે. અધર્મની અમાસને પુનમની અજવાળી રાતમાં પલટવાના તેના મંગલ મનોરથમાંથી અવિરતપણે પ્રસરતાં રહે રશ્મિઓ. આત્મ-સ્નેહનાં એંઠા, જૂઠા, સડેલા, કોહેલા અને વાસી વિચારોને ચાવતાં તે કંપી ઉઠે, તેના અંગેઅંગમાં અસહ્ય બળતરા ઉપડે.

ત્યાગમાં તે તરે. ત્યાગીને માણવાની મોજમાં જ તે મોજ માણે. બાંધીને બંધાવાની અને પકડીને પકડાવાની લાલચમાં તે કદી ન લપટાય.

ઉઘડેલો તેનો આત્મા, સહુના આત્મ દ્વારે 'જાગો ! 'સવાર થયું'નું સુમધુર ગીત રેલાવે.'

જૈનનો જીવનભાવ, રાગ-દ્વેષના ધુમ્મસની પાર રમતો હોય. સ્વધર્મનું ભાન તેને આંતર સ્થૈર્ય બક્ષે. ચંચળતા તેને છળે ખરી, પરંતુ ચંચળ ન બનાવી શકે.

સુસંસ્કાર-કુસુમો વડે મહેકતું તેનું જીવન, સંસારના તાપનો હળવો કરે; વિશ્વ-વિસ્તરેલા શ્રી વીતરાગ શાસનની અનન્ય ભક્તિમાં તે જીવનનો સઘળો કર્મમળ ધૂએ.

તેને પોતાનું કશું ન હોય. અરે, તે પોતે જ પોતાના શાસનનો સજાગ સુભટ બનીને જીવવામાં ગૌરવ સમજતો હોય !

પોતાના નિર્મળ આત્મપ્રકાશ વડે વિશ્વમાં વધતા જતા કષાયના તમિસ્રને ધોવા માટે, જૈને સવેળા જાગવું જોઈએ. વિશિષ્ટ કોટિના વારસાના અધિકારીએ, પોતાના તે વારસાનો વિશિષ્ટ રીતે ઉપયોગ કરવો જ જોઈએ. તેમાં જ તેની વિશિષ્ટતા ગણાય.

પરંતુ જે દિવસથી જૈન પોતાને નહિ છાજતી એવી નાની વસ્તુઓ અને વાતોમાં રસ ધરાવતો થયો છે, પરમોપકારી શ્રી વીતરાગ શાસનની ભક્તિને બદલે પોતાની એકલપેટી માન્યતાઓના સંસારની ભક્તિમાં ખેંચાતો ગયો છે, વિશ્વોપકારી પુરુષોની અમીશીળી નિશ્રાને તરછોડી, કલ્પનાના કનકવા ચગાવનારા મનાતા ચકોર અને ચતુર પુરુષોની શિખામણમાં લોભાતો ગયો છે; તે દિવસથી તે

નાનો અને નિસ્તેજ બનતો જાય છે.

જેવું આલંબન તેવું ઉત્થાન.

પરમોપકારી પરમ પુરુષોની આજ્ઞામાં જ જીવન ઘડવાના મનોરથ જૈનને શોભે, એનાથી જરા પણ નીચે ઉતરવાની તેની વૃત્તિમાં તે સાથ પૂરાવે એટલે સમજવું કે તે પોતાના અધિકાર પદેથી સ્વયમેવ છૂટો થવા માગે છે.

પોતાનું અહિંસામય વિશ્વમય જીવન પાછું મેળવવા માટે જૈન પોતાના પ્રતાપી પૂર્વજોની જેમ, સવાર, બપોર ને સાંજ શ્રી નવકારની તેજગંગામાં ડૂબકી મારવી જોઈએ.

સ્પર્શ્યા હશે જેને તેજ શ્રી નવકારનાં, તેને આ સંસારમાં કલ્યાણ અને મંગલ પૂરતો જ રસ રહેશે. તેનું સમગ્ર જીવન, પ્રેમપ્રકાશવંતા કાવ્યની માફક, જગતના માનવબંધુઓને પ્રેરણાનાં પિયૂષ પાશે.

વિશ્વવ્યાપી પ્રતિભાનો જેને મળ્યો છે પૂરો વારસો, તે મહાપુણ્યશાળી જૈન, તેનો સદુપયોગ કરવાની પોતાની ઇતિહાસ પ્રાચીન છતાં નિત્ય નૂતનત્વ બક્ષતી નીતિને અપનાવી સ્વશાસનભક્તિને ઉજ્જવળતા અર્પતો થાય. મન, વચન, કાયાનો સઘળો મેલ ભક્તિનાં નિર્મળ નીર વડે જ દૂર થાય છે. પ્રભુની પ્રેમલક્ષણા ભક્તિ સિવાય અંધાર ધોતી પ્રભુતાનું મનોહર પ્રભાત જ પ્રગટે.

જગતની ક્ષુદ્રતાને જીતવા માટે જન્મેલો જૈન, શાસનનો જયજયકાર ગજવવામાં જ જીવનની સફળતા સમજે; કારણ કે જૈનશાસનના જયજયકારમાં ગૂંજે છે જગત્ત્રયના સઘળાં નાના-મોટા જીવોનું કલ્યાણ ગાન.

અને 'જીવમાત્રનું કલ્યાણ' છે જૈનની વિશ્વ પ્રતિભાનું ગૂઢ રહસ્ય, વારસાની એની મૂડીનું સત્ત્વ, એની પ્રત્યેક પ્રવૃત્તિનો માર્મિક સૂર.

ત્યાગ અને સમતાનો સહોદર જૈન, જીવીને જગતના જીવોને જીવનનો આદર્શ પહોંચાડે. એનું મૃત્યુ પણ જીવને મનોહર હોય. જેનામાં મારવા જેવું કશું મૃત્યુને પણ જડે નહિ, તેવું તપ-જપમય જૈનનું જીવન જગતનું બેનમૂન મહાકાવ્ય બને.

સર્વજ્ઞ ભગવંતના વિશ્વોપકારી શાસનમાં પોતાનું સઘળું સમર્પિત કરવાની ઉત્કૃષ્ટ મંગલ ભાવના સાથે પ્રકટ થાય. જૈનનું ઝળહળતું જીવન, એવા જીવન વિહોણું જીવન જેને ગમે, સારું લાગે તે જૈન દિનપ્રતિદિન ઘસાતો જાય; અને આખરે 'જન'ની સામાન્ય ભૂમિકા ઉપર ફેંકાઈ જાય.



દેવ-ગુરુ ધર્મની પવિત્ર છાયામાં રમતો જૈન, જગતના બધા જીવોને વહાલો લાગે, તે અળખામણો ત્યારે જ બને, જ્યારે તેને દેવ-ગુરુ-ધર્મ અળખામણા લાગે.

અહિંસા અને સત્યની તેજકલામય બે બે કલગીઓ શોભી રહી છે જેના મસ્તકે તે જૈન, જગતમાં પોતાનું નામ દીપાવે એ જ મંગલ મનોરથ છે એમ સહુના મનમાં.

**“દિવ્ય-દર્શન” - “પ્રકીર્ણ પ્રસાદ”** **વર્ષ-૮,અંક-૧૫,તા.૨-૧-૧૯૬૦**

## સકલાર્હત્‌ની પ્રથમ ગાથામાંથી મંત્રોદ્ધાર

**- લેખક (અમૃતલાલ કાલીદાસ દોશી)**

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહર્ષિએ તેમના મહાકાવ્ય **'ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર'**ના મંગલાચરણમાં છવ્વીસ શ્લોકપૂર્વક વર્તમાન ચોવીસીના સકલ તીર્થંકરોની સ્તુતિ કરી છે. પ્રથમ શ્લોકના પ્રથમાક્ષરો પરથી તે **'સકલાર્હત્ સ્તોત્ર'**ના નામથી ખ્યાત છે.

આ સ્તોત્ર ઉપર બે ટીકા ઉપલબ્ધ થાય છે, એક શ્રી કનકકુશલગણિની અને બીજી શ્રી ગુણવિજયની, આ ટીકાઓમાં મંત્ર દૃષ્ટિએ કાંઈ વિચારણા મલતી નથી. અહીં આપણે પ્રથમ શ્લોકના મંત્રોદ્ધાર વિષે વિચારણા કરીશું.

પહેલી ગાથાના ચોથા ચરણને અંતે **'પ્રણિદધ્મહે'** શબ્દનો પ્રયોગ પદસ્થ ધ્યેયના ધ્યાનનો સંકેત કરે છે. આ પદસ્થ ધ્યેય શું હોઈ શકે ?

મંત્રાક્ષરો કેવળ સંજ્ઞા અક્ષરો કે વ્યંજનાક્ષરો નથી. ગુરુ - અને સદનુષ્ઠાન વડે લબ્ધિ અક્ષરો પણ પ્રાપ્ત થઈ શકે છે. અને તેજ કજ્જકારિ નીવડે છે. આ પ્રકારે જે કર્તૃત્વશક્તિ પ્રાપ્ત થાય તેનો સદુપયોગ તેમજ દુરુપયોગ થઈ શકે છે. મંત્રવિદ્ મહાત્માઓએ જ્યારે જ્યારે મંત્રનો નિર્દેશ કર્યો છે ત્યારે ત્યારે વિનાસંકોચ કર્યો છે. પરંતુ તેનો દુરુપયોગ ન થાય તે ખાતર-મંત્રને એવી શબ્દરચનાથી ગોઠવવામાં આવે છે કે તે સહેલાઈથી ઉપલબ્ધ થાય નહીં. કાળાંતરે તે વિષે ગુરુગમ પણ લુપ્ત થાય છે.

મંત્રને ગુપ્ત રાખવા માટે શબ્દરચનાના અનેક પ્રકારો યોજવામાં આવ્યા હોય તેમ જણાય છે. હાલ જે બે પ્રકારો ખ્યાલમાં આવ્યા છે તે અહીં દર્શાવવામાં આવે છે :

(૧) વિપ્રકીર્ણાક્ષરી પ્રકાર.

(૨) વિદર્ભિતાક્ષરી પ્રકાર.

પહેલા પ્રકારની શબ્દરચના 'ભયહરસ્તવ' (નમિઉણ)માં પ્રાપ્ત થાય છે. તેમાં વિસહર ફુલિંગ મંત્ર જે અઢાર અક્ષરનો છે તેના પદો અને અક્ષરો સ્તવમાં પ્રકટ અને અપ્રકટ રીતે નિક્ષિપ્ત કરવામાં આવ્યા છે. ગુરુગમ વિના તે જાણી શકાય તેમ નથી અને તે ગુરુગમ આજે લુપ્ત છે.

બીજા પ્રકારની શબ્દરચના શ્રી માનદેવસૂરિજીએ 'લઘુશાંતિ સ્તવ'માં કરી છે અને મંત્ર પણ ચૌદમી ગાથામાં દર્શાવાયો છે. સોળમી ગાથામાં 'મંત્રપદવિદર્ભિત સ્તવ' છે. તેમ પણ જણાવ્યું છે, છતાં વિદર્ભણ ક્યાં અને કેવી રીતે કર્યું છે તે સમજવા માટે ગુરુગમની આવશ્યક્તા રહે છે. શાંતિજિન પંચરત્ન સ્તુતિના પાંચ શ્લોકમાં મંત્રાક્ષરો ગૂંથી દીધા છે.

આ બીજા પ્રકારનો જ (વિદર્ભિતાક્ષરી પ્રકારનો) શ્રી હેમચંદ્રચાર્ય સકલાર્હત્‌ના પ્રથમ શ્લોકમાં ઉપયોગ કર્યો છે. હવે આપણે તપાસીએ કે તે ગાથામાં મંત્રાક્ષરોનું વિદર્ભણ કેવી રીતે કરવામાં આવ્યું છે.

**सकलार्हत्प्रतिष्ठानं**- આનો ગર્ભિતાર્થ આપણે પ્રકટ કરવો હોય તો આપણે એવો અક્ષર શોધવો જોઈએ કે જે અક્ષર સકલ અરિહંતોનો વાચક હોય અથવા તો જે અક્ષરની નિષ્પત્તિમાં અરિહંતના પ્રથમાક્ષરનો પ્રયોગ થયો હોય. તેવો અક્ષર તે પ્રણવ-ૐકાર પ્રથમ પદનો અર્થ આ રીતે કેવળ ૐ કાર થાય છે.

**अधिष्ठानं शिवश्रियः** આના ગર્ભિતાર્થ માટે એવો બીજાક્ષર શોધવો જોઈએ કે જે મોક્ષનો અધિકાર આપે તેવી વિભૂતિ દર્શાવે. અરિહંતો કેવલાધિષ્ઠિત છે. એટલે જ્ઞાનબીજ **श्रीं**કારનો અહીં સંકેત છે. બીજા પાદનો અર્થ આ રીતે કેવળ **श्रीं** થાય છે.

**भूर्भुवःस्वस्त्रयीशानम्ः भुवः स्वः** આ વ્યાહૃતિનો ત્રણ લોક દર્શાવવા માટે પ્રયોગ થાય છે. ત્રણ લોકના ઐશ્વર્યનો જે બીજાક્ષરથી સંકેત થતો હોય તેનો અહીં પ્રયોગ થયો છે. તે **ह्रीं** કાર છે. ત્રીજા પદનો અર્થ આ રીતે કેવળ **हीं** થાય છે.

**आर्हन्त्यं प्रणिदध्महे-आर्हन्त्य** નો બીજાક્ષર **हँ** કાર છે. એટલે કે **अर्हं** નું ધ્યાન ધરીએ છીએ.

આ પ્રકારે આ સાંકેતિક પ્રથમ ગાથાનો મંત્રોદ્ધાર નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

**ॐ श्रीं ह्रीं अर्हं नमः**



આ મંત્રાક્ષરો સુવિખ્યાત છે અને તેના મહિમાનો ઉલ્લેખ અનેક સ્થળે મળે છે. ૧

(૧) શ્રી સિંહતિલકસૂરિજીએ પોતાના મંત્રરાજરહસ્ય (હ.લિ.)માં આ મંત્રનો આ રીતે નિર્દેશ કર્યો છે.

પરમેષ્ઠિપઞ્ચનિર્મિતજિનમયમાચાર્યમેરુમર્હન્તમ્ ।

ત્રૈલોક્ય - શ્રીબીજં સર્વ ધ્યાયતિ સ સર્વજ્ઞઃ ૩૫૫

પરમેષ્ઠિપંચકથી નિર્માણ થયેલ 'ઓમ્' તે જિનસ્વરૂપ છે, તેમજ આચાર્યમેરુ શ્રી અરિહંત **'अर्हं'** સ્વરૂપ છે, ત્રૈલોક્યબીજ તે **'ह्रीं'** અને શ્રીબીજ તે 'શ્રી' અર્થાત્ **ॐ श्रीं ह्रीं अर्हं नमः** એ મંત્રનું ધ્યાન કરનાર સર્વજ્ઞ બને છે.

(૨) શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ પોતાના 'યોગશાસ્ત્ર' (૮મા પ્રકાશ)માં આ મંત્રનો નિર્દેશ નીચેના શ્લોકમાં કરે છે.

મુક્તિસૌખ્યપ્રદાં ધ્યાયેદ્ વિદ્યાં પંચદશાક્ષરામ્ ।
સર્વજ્ઞાભં સ્મરેન્મન્ત્રં સર્વજ્ઞાનપ્રકાશકમ્ ॥૮૮॥

મોક્ષસુખને આપનારી પંદર અક્ષરવાળી વિદ્યાનું ધ્યાન ધરવું અને સર્વજ્ઞાનપ્રકાશક સર્વજ્ઞસદૃશ મંત્રનું સ્મરણ કરવું. તે વિદ્યા અને મંત્ર અનુક્રમે આ પ્રકારે છે.

"ઓમ્ અરિહંત સિદ્ધસયોગિકેવલિને સ્વાહા ॥" આ વિદ્યા છે.

"ઓમ્ શ્રીં હ્રીં અર્હં નમઃ" આ મંત્ર છે.

(૩) શ્રી શુભચંદ્રાચાર્ય પોતાના 'જ્ઞાનાર્ણવ' (૩૮મા પરિછેદ)માં આ મંત્રનો મહિમા નીચેના શ્લોકમાં બતાવે છે.

સકલજ્ઞાન સામ્રાજ્યદાનદક્ષં વિચિન્તય ।
મન્ત્રં જગતત્રયીનાથચૂડારત્નં કૃપાસ્પદમ્ ॥ ૩૦ ॥

આ મંત્ર સકલ જ્ઞાનના સામ્રાજયને (કેવલજ્ઞાનને) જોવામાં કુશલ છે અને ત્રણ જગતના સ્વામિઓના મુકુટના રત્નસમાન છે અને તે કૃપાનું સ્થાન છે તે મંત્ર આ છે. "ઓમ્ શ્રીં હ્રીં અર્હં નમઃ"

(૪) શ્રી ભદ્રગુપ્તસૂરિજી પોતાની 'અનુભવસિદ્ધમંત્રદ્વાત્રિંશિકા'માં પણ આ મંત્ર વિશે નીચેના શ્લોકમાં ઉલ્લેખ કરે છે.

"સર્વજ્ઞાભં મહામન્ત્રં સર્વકલ્યાણકારકમ્ ।
સર્વ કર્મકરં ચૈવ સાધયેચ્ચ યથાવિધિ ॥૪॥"

"બ્રહ્મ-ત્રિલોક-કમલા અકારં નભસોઙક્ષરમ્
રેફ-બિંદુ-કલાક્રાંતં નમશ્ચ મંત્ર ઉચ્યતે ॥૫॥"

સર્વ કલ્યાણનું કારણ એવો સર્વજ્ઞાભ મંત્ર તે ઓમ્ હ્રીં શ્રીં અર્હં નમઃ અને સર્વકર્મકર મંત્ર તે 'ઓમ હ્રીં શ્રીં અર્હં નમઃ' તેને વિધિપૂર્વક સાધવો જોઈએ. (તે આગળના શ્લોકમાં જણાવે છે) બ્રહ્મ એટલે 'ઓમ્', ત્રિલોક એટલે 'હીં', કમલા એટલે 'શ્રીં' અને 'અ' પૂર્વક નભે'ક્ષર એટલે 'હ', જે રેફ, બિંદુ અને કલાવાળો છે અને અંતે 'નમઃ' છે (તે મંત્ર સર્વકાર્યકર મહામંત્ર છે એમ તેની ઉપરના ચોથા શ્લોકમાં તેમણે જણાવ્યું છે.)

(૫) "શ્રી ગૌતમસ્વામીઅષ્ટક"માં નીચેના શ્લોકમાં એ મંત્ર આ પ્રકારે ગૂંથેલો જોવાય છે :-

"ત્રૈલોક્યબીજ તે 'હ્રીં', પરમેષ્ઠિબીજ તે 'ઓમ્', સજ્જ્ઞાનબીજ તે 'શ્રીં' અને જિનરાજબીજ તે 'અર્હં' અર્થાત્ 'ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ' એવો મંત્ર છે.

શ્રી હેમચંદ્રાચાર્ય મહર્ષિ શબ્દ સ્વામી હોવાથી આ સંકેતિક ગાથામાં શબ્દ રચના એવી કરી છે કે જે મંત્રાક્ષરોને મંત્રવિદો સકલ આગમના રહસ્ય તરીકે અગર તેઓના સમન્વયના પ્રયાસ તરીકે સમજી શકે.

વૈદિક ગાયત્રી 'વરિવસ્યારહસ્યં'ના પુસ્તકમાં આ પ્રમાણે દર્શાવવામાં આવી છે.

**"क ए इ ल ह्रीं; ह स क ह ल ह्रीं: स क ल ह्रीं; श्रीं"**

આ ષોડશાક્ષરી મંત્રમાં **स** બે વખત, **क** ત્રણ વખત અને **ल** પણ ત્રણ વખત દર્શાવાયો છે. આથી **स, क,** અને **ल** ના અક્ષરોની મંત્રિકતા ઈતર શાસ્ત્રોમાં પણ સ્પષ્ટ થાય છે.

પ્રખ્યાત ગાયત્રીનો મંત્ર નીચે પ્રમાણે છે.

"ઓમ્ ભૂર્ભુવઃ સ્વસ્તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।"

વ્યાહૃતિ સ્વરૂપ ભુર્ભુવઃ સ્વઃનો પ્રયોગ જૈન પરિભાષામાં ભાગ્યે જ થાય છે, પરંતુ શ્રી હેમચંદ્રાચાર્યે સમન્વયને ખાતર તેનો પ્રયોગ 'સકલાર્હત્'માં કર્યો જણાય છે. ધીમહિ એટલે પ્રણિદધ્મહે.

આ ઉપરથી સમજાય કે, સકલાર્હત્‌ની પ્રથમ ગાથામાં શ્રી હેમચંદ્રાચાર્યે મંત્રાક્ષરોનો એક સુંદર વિદર્ભિતાક્ષરી પ્રયોગ સાધ્યો છે અને જે પદસ્થ ધ્યેય માટે



મંત્રાક્ષરો અથવા તો બીજાક્ષરો તેઓશ્રીએ સ્વીકાર્યા છે તે ગોપવીને અને ગર્ભિત રીતે મહાકાય કાવ્યના મંગલાચરણના પ્રથમ શ્લોકમાં રજૂ કર્યા છે અને મંત્રાક્ષરો સર્વમાન્ય થાય તે ખાતર ભાષાનો સુંદર સમન્વય પણ સાધ્યો છે. આ પ્રમાણે પ્રયાસ કરીએ તો બીજા મંત્રાક્ષરોના પ્રકારો તથા ગર્ભિત બીજાક્ષરોનો ઉકેલ હાથ લાગે. આ સ્તોત્રમાં ધ્યાનના ચાર પ્રકારો-પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ તથા રૂપાતીત વિદર્ભિત થયાં હોય તેવી સંભાવના જણાય છે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૮,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૬૦

## જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું એકવીશમું અધિવેશન (લેખાંક-૧)

જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું એકવીશમું અધિવેશન દિવાળી પછી તરત કલકત્તા ખાતે ભરાશે, એવા સમાચાર કેટલાક વખત પહેલાં વર્તમાન પત્રોમાં પ્રકટ થયા હતાં. તે સાથે સ્વાગત સમિતિની રચના કરવા માટે એક પ્રાથમિક સમિતિ (એડ હોક કમિટી) નીમાયાનું પણ જાહેર થયું હતું. પરંતુ એ પ્રાથમિક સમિતિની બેઠક મળી, ત્યારે સભ્યોની હાજરી કંગાળ રહી હતી અને કલકત્તા ખાતે કોઈને કૉન્ફરન્સનાં અધિવેશનમાં ખાસ રસ ન હતો, એ સ્પષ્ટ થયું હતું.

આ પરિસ્થિતિ જોયા પછી કૉન્ફરન્સના ચાલુ પ્રમુખ શ્રીયુત મોહનલાલ લલ્લુભાઈ કે જેમણે આ અધિવેશન કલકત્તા ખાતે બોલાવવાની હામ ભીડી હતી, તે ઢીલા પડી ગયા હતા અને હવે કલકત્તા ખાતે કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિ આગળ કરવાની તેમને ફરજ પડી હતી. આથી કૉન્ફરન્સનું આગામી અધિવેશન ક્યાં ભરવું. એ પ્રશ્ન વિચારણીય બન્યો હતો.

છેલ્લાં બે અધિવેશનો લાગલગાટ મુંબઈમાં ભરાયા હતા, એટલે ત્રીજું અધિવેશન ત્યાં ભરવાની કાર્યકર્તાઓની તૈયારી ન હતી. મહારાષ્ટ્ર કે જેને એક વખત કૉન્ફરન્સનો કિલ્લો માનવામાં આવતો હતો. તે આ વખતે ચૂપ હતું. ગુજરાતમાંથી તો તેને આમંત્રણ મળે એવા કોઈ સંયોગો જ ન હતા, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનને પણ તે માટે કોઈ ઉત્સાહ ન હતો. એટલે કાર્યકર્તાઓની દૃષ્ટિ પંજાબ પર પડી અને તેમની સૂચના, સલાહ કે દોરવણીને આધીન પંજાબની આત્માનંદ સભાએ કૉન્ફરન્સનું એકવીશમું અધિવેશન પોતાનાં આંગણે બોલાવવાનો ઠરાવ કર્યો. હવે તે માટે કેટલીક તૈયારીઓ પણ કરી નાખી છે. એ માટે સ્થાનની પસંદગી પામ્યું છે **લુધિયાના** અને તારીખો નક્કી થઈ છે, **તા.૨-૩-૪ એપ્રિલ.**

એટલે કૉન્ફરન્સનું એકવીશમું અધિવેશન ભરાય એવા સંયોગો ઉત્પન્ન થયા છે અને તે સામે રાખીને જ અમે તે અંગે કેટલીક વિચારણા કરવા ઇચ્છીએ છીએ.

કૉન્ફરન્સની સ્થિતિ આજે છેક જ નબળી પડી છે. તે મરવાના વાંકે જીવે છે, એમ કહીએ તો પણ ખોટું નથી, છેલ્લા અઢી વર્ષમાં તો તેનાં નામે એક પણ આંગળી ચીંધી શકાય એવું શ્રી જૈન સંઘને ઉપયોગી કાર્ય ચડ્યું નથી. આ સ્થિતિ થવાનું કારણ શું ? તેનો વિચાર પ્રથમ કરવો જોઈએ.

પ્રથમ કૉન્ફરન્સની સંસ્થા લોકપ્રિય હતી, કારણ કે સંઘ-શાસનની અમુક અંશે સેવા બજાવતી હતી, પણ જુન્નેર અધિવેશનમાં તેણે દીક્ષા સામે મોરચો માંડ્યો અને તેની લોકપ્રિયતામાં મોટું ગાબડું પડી ગયું. સમાજનો ધાર્મિક વર્ગ તેનાથી અલગ થઈ ગયો અને જ્યાં સુધી આ સંસ્થા દેવ-ગુરુ-ધર્મની વફાદારી બતાવવાના નિર્ણય પર ન આવે ત્યાં સુધી તેમાં ભાગ લેવો નહિ, એવો દૃઢ સંકલ્પવાળો બન્યો. ત્યારબાદ મુંબઈમાં ગોવાળિયા ટેંક ખાતે કૉન્ફરન્સનું અધિવેશન મળ્યું અને તેમાં કાર્યકર્તાઓના અથાગ પ્રયાસો છતાં એ અધિવેશન દેવ-ગુરુ-ધર્મની વફાદારી બાબતમાં ખાતરી આપી શક્યું નહીં ! અખિલ ભારત વર્ષના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજકોનું પ્રતિનિધિત્વ ધરાવવાનો દાવો કરતી સંસ્થા અને તેની દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા બાબતમાં કોઈ ઠેકાણાં નહિ, એ કેવી શોચનીય સ્થિતિ ? આ હાલતમાં તેને ધર્મી વર્ગનો ટેકો શી રીતે મળી શકે ?

ત્યારબાદ હાલના અધિવેશનમાં કૉન્ફરન્સે પોતાની ભૂલનું પરિમાર્જન કર્યું, પરંતુ એ તો માત્ર દેખાવ જ હતો, તે ત્યાર પછીના અનેક બનાવોએ પુરવાર કરી આપ્યું છે. આ સંયોગોમાં તેને ધાર્મિક વર્ગનો ટેકો ન જ મળે એ દેખીતું હતું.

મુંબઈમાં ભાયખલા ખાતે કૉન્ફરન્સનું ઓગણીસમું અધિવેશન ભરવાનું નક્કી થયું અને તે માટે શેઠ અમૃતલાલ કાલિદાસ દોશીની પ્રમુખ માટે ચૂંટણી કરવામાં આવી, ત્યારે તેમણે ધર્મીવર્ગનો વિશ્વાસ મેળવી શકાય એ માટે કૉન્ફરન્સનું આખું બંધારણ ફેરવવાની હિમાયત કરી હતી અને તેને સમસ્ત મૂર્તિપૂજક સમાજનો ટેકો મળી રહે તેવાં કેટલાંક સૂચનો પણ કર્યાં હતા. પરંતુ કૉન્ફરન્સના આગેવાનોએ એ વાત ઊડાવી દીધી હીતી અને ધાર્મિક વર્ગના સહકારની કોઈ ખ્વાઈશ બતાવી ન હતી.

**"દિવ્ય-દર્શન" - "(લેખાંક-૨)"** **વર્ષ-૮,અંક-૨૦,તા.૬-૨-૧૯૬૦**

ત્યાર પછી મુંબઈ રાજ્યની વિધાન સભામાં બાળદીક્ષાનો પ્રતિબંધ કરતું શ્રી



પ્રભુદાસ પટવારીનું બીલ આવ્યું અને આખો જૈન સંઘ ખળભળી ઊઠ્યો. તે માટે જાહેર સભાઓ થઈ. સમિતિઓ નિમાઈ અને શેઠ કસ્તુરભાઈ લાલભાઈ જેવાએ પણ આ બીલને અયોગ્ય માની તેનો વિરોધ કરવાની તૈયારી બતાવી, ત્યાંસુધી કૉન્ફરન્સના મોવડીઓનાં પેટનું પાણી હાલ્યું નહિ. જ્યારે એ બાબત વિચાર કરવા માટે કેટલાક સભ્યોનું રીક્વીઝેશન આવ્યું, ત્યારે મુંબઈમાં વસતા સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની સભા બોલાવવામાં આવી અને આ બીલ અંગે કંઈ પણ ન કરતાં મધ્યસ્થતા ધારણ કરવાનો ઠરાવ કર્યો, આ પરથી એ વાત સિદ્ધ થઈ કે કૉન્ફરન્સના આગેવાનો મોઢેથી ગમે તેવી વાતો કરતા હોય, પણ તેમનાં હૃદયમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે કોઈ ઉમળકો નથી. આ સંયોગોમાં તેમને સમાજનો સહકાર કેવી રીતે સાંપડે ?

ત્યારબાદ શાળામાં અપાતાં ધાર્મિક શિક્ષણને બંધ કરવાનો સરકારી સરક્યુલરનો પ્રશ્ન મોખરે આવ્યો, તેમાં કૉન્ફરન્સે કોઈ દિલચસ્પી બતાવી નહિ. તેનું એક ડેપ્યુટેશન મુંબઈ સરકારના કેળવણી પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈને મળ્યું ખરું, પણ તેમણે પાછળથી પત્રદ્વારા આ બાબતમાં કંઈ પણ કરવાની અશક્તિ પ્રગટ કર્યા પછી કંઈ હીલચાલ કરી નહિ; સિવાય કે શેઠ જીવતલાલ પ્રતાપશીની ઓફિસમાં આજથી ચાર માસ પૂર્વે એક મિટિંગ ભરી હતી. પરંતુ આ મિટિંગમાં થયેલા ઠરાવ કાગળ પર જ રહ્યા છે અને આજ સુધી તે અંગે કંઈ પ્રવૃત્તિ થઈ નથી. આ વસ્તુ એમ શંકા કરવા સહેજે પ્રેરે છે કે કૉન્ફરન્સનું સુકાન જેના હાથમાં છે તેમને ધર્મ કે ધર્મગુરુઓ પ્રત્યે કોઈ પ્રેમ છે કે કેમ ? અને તેઓ માત્ર પોતાની મોટાઈ નભાવવાની ખાતર જ કૉન્ફરન્સનું ગાડું હંકાર્યે રાખતા તો નથી ?

જો કૉન્ફરન્સના મોવડીઓને ધર્મ કે ધર્મગુરુઓ પ્રત્યે પ્રેમ હોય તો તેઓ પૂજ્ય આચાર્ય ભગવંતોને મળતા રહે, તેમની સૂચના-સલાહ લેતા રહે અને તેમના સહકાર માટેની ઝંખના રાખે, પરંતુ અત્યારે તો તેમાનું કંઈ પણ દેખાતુ નથી, એટલે જ ધર્મીવર્ગ ભારપૂર્વક જો એમ કહે કે કૉન્ફરન્સના આજના મોવડીઓને ધર્મ કે ધર્મગુરુઓ પ્રત્યે પ્રેમ નથી, તો એ સહજ છે.

સ્થાનકવાસી કૉન્ફરન્સ સ્થાનકવાસી સાધુઓના સહકારથી કામ કરી રહી છે, તેથી કેટલીક પ્રગતિ કરી શકી છે. તેરાપંથી મહાસભા આચાર્ય તુલસીની દોરવણીનો બરાબર સ્વીકાર કરે છે, તેથી તેની સ્થિતિ સંગીન છે. જ્યારે શ્વેતામ્બર મૂર્તિપૂજકોની આ કૉન્ફરન્સ જ માત્ર એવી છે કે જે પોતાના ગુરુઓથી દૂર રહી ધર્મ અને સમાજની સેવા કરવાની અભિલાષા રાખે છે. તેનું પરિણામ શું આવ્યું છે, તે આજે નજરે દેખાય છે, છતાં આંખ ઉઘડતી નથી, એ કેટલું ખેદજનક છે ?

જો એકવીશમું અધિવેશન ભરવા ખાતર જ ભરવું હોય તો અમારે એ સંબંધી વિશેષ કંઈ કહેવું નથી, પણ જો કૉન્ફરન્સને ફરી લોકપ્રિય અને જૈનશાસનની સેવક તથા સંઘ-સમાજોપયોગી સંસ્થા બનાવવી હોય તો અમે જણાવીએ છીએ કે આ અધિવેશન ભરતાં પહેલાં કૉન્ફરન્સના મોવડીઓએ એક ડેપ્યુટેશન રૂપે મુખ્ય મુખ્ય આચાર્ય ભગવંતોને મળી લેવું જોઈએ અને તેઓ જે સૂચના-સલાહ આપે તેના પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. તે ઉપરાંત ધર્મીવર્ગના આગેવાનોની એક સભા યોજી તેમના વિચારોથી પણ વાકેફ થવું જોઈએ અને તેમનો સહકાર શી રીતે પ્રાપ્ત થાય ? તે જાણી લેવું જોઈએ. જો આવું કંઈપણ કર્યા વિના એકવીશમું અધિવેશન ભરવામાં આવશે તો એ માત્ર ત્રણ દિવસનો તમાશો જ હશે અને તે કૉન્ફરન્સની તૂટી રહેલી દીવાલોને કોઈ જાતનો ટેકો આપી શકશે નહિ.

"દિવ્ય-દર્શન" - **"(લેખાંક-૩)"** વર્ષ-૮,અંક-૨૧,તા.૧૩-૨-૧૯૬૦

કૉન્ફરન્સના આગેવાનો જો એમ માનતા હોય કે આચાર્યોમાં પોતાનામાં મતભેદ છે, તે આપણને શી દોરવણી આપવાના હતા ? અથવા તો આજે આચાર્યોનું સમાજ પર વર્ચસ્વ રહ્યું નથી, તેથી તેમની દોરવણી લેવી નકામી છે, તો તેઓ ગંભીર ભૂલ કરે છે.

આચાર્યોમાં કેટલોક મતભેદ છે એ વાત સાચી, અને તે મતભેદ રહેવાનો એ વાત પણ એટલી જ સાચી, છતાં તેઓ બધા એ બાબતમાં તો એકમત જ છે કે કૉન્ફરન્સને દેવ, ગુરુ અને ધર્મની વફાદારી બરાબર જાળવવી જોઈએ અને પંચાંગીસ્વરૂપ જિનાગમો અને તેને અનુસરતાં શાસ્ત્રોથી વિરુદ્ધ જતી કોઈ પણ પ્રવૃત્તિ પોતાનાં કોઈ પણ ક્ષેત્રમાં દાખલ નહિ થાય એવી ઉદ્‌ઘોષણા કરવી જોઈએ. જો આમ થાય તો જ તેને સહકાર આપી શકાય. એટલે તેમની દોરવણી લેવાથી દૂર રહેવામાં કૉન્ફરન્સના મોવડીઓ મોટું જોખમ ખેડી રહ્યા છે અને તે આજે પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે. અમે અહીં સ્પષ્ટ કહેવા ઈચ્છીએ છીએ કે જો આજે કૉન્ફરન્સ ધર્મના રસ્તા પર હોત અને સાધુસંસ્થા સાથે બરાબર મેળ રાખતી હોત તો તે આચાર્ય ભગવંતોને મળી તેમની અંદર પ્રવર્તતા મતભેદોનું નિવારણ કરવામાં પણ ઘણી ઉપયોગી થઈ હોત અને એ રીતે સંઘ-શાસનની મહાન સેવા બજાવી શકત, પણ અફસોસ કે તે ધર્મના રસ્તા પર નથી એટલે તેમાનું કંઈ પણ કરી શકી



નથી, અને આચાર્યોમાં મતભેદ છે એમ જણાવી તેનાથી દૂર રહેવાનું પસંદ કરે છે.

જૈન સંઘ પર આચાર્યોનું વર્ચસ્વ રહ્યું નથી, એમ માનવામાં પણ કૉન્ફરન્સના આગેવાનો ભીંત ભૂલી રહ્યા છે. આચાર્ય ભગવંતોના ચારિત્ર અને શાસ્ત્રાનુસારી ઉપદેશથી તથા તેમની કલ્યાણકારી પ્રવૃત્તિઓથી સમાજનો બહુ મોટો ભાગ તેમના પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-બહુમાનવાળો છે અને તેમની દોરવણીને સ્વીકારનારો છે. આજે આચાર્ય ભગવંતો તથા તેમની નિશ્રામાં વિચરતા મુનિરાજોએ જનતા જોડે જેટલો સીધો સંપર્ક છે, તેટલો-તેના અડધા ભાગનો-ચોથા ભાગનો-રે આઠમા ભાગનો પણ સંપર્ક કૉન્ફરન્સના કાર્યકર્તાઓને નથી અને તેથી જ તેઓ આજે એકલા-અટૂલા પડી ગયા છે, તેમજ તેઓ પોતાની કોઈ પણ યોજના સફળતા પૂર્વક પાર પાડી શકતા નથી. જો તેઓ શાસ્ત્રવફાદારી જાહેર કરવા પૂર્વક આચાર્ય ભગવંતો તથા મુનિરાજોનો સહકાર મેળવીને કામ કરે તો કૉન્ફરન્સની ક્ષીણ થઈ ગયેલી કાયામાં નવું લોહી ઝડપથી આવે અને તેઓ ધારેલું બળ ભેગું કરી સંઘશાસનના હિતની પ્રવૃત્તિઓ કરી શકે.

કેટલાક એમ માને છે કે આ જમાનો પ્રચારનો છે, એટલે આપણે જોરથી પ્રચાર કરીશું તો આપણું ટટ્ટુ ચાલ્યા કરશે, પણ ખોટો પ્રચાર લાંબો વખત ચાલતો નથી. જ્યાં ગણ્યાગાંઠ્યા માણસોનો જ સહકાર હોય ત્યાં અખિલ ભારત વર્ષનું પ્રતિનિધિત્વ ધરાવવાનો દાવો કરવો એ કેટલું અશક્ય અને બેહૂદું છે ? આવા પોકળ પ્રચારનું પરિણામ પ્રતિષ્ઠા ઘટાડવા સિવાય બીજું કંઈ આવી શકે નહિ.

જો કૉન્ફરન્સે અખિલ ભારતના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના સાચા પ્રતિનિધિ બનવું હોય તો તેનો ઉપાય અમે ઉપર બતાવ્યો તેમ શાસ્ત્રની વફાદારી પૂર્વક સાધુ સંસ્થાનો સહકાર મેળવવામાં રહેલો છે. જે સંસ્થાને ૧૦૦૦ જેટલા સાધુ અને ૨૫૦૦ જેટલી સાધ્વીઓનું પીઠબળ હોય તે શું ન કરી શકે ? કૉન્ફરન્સ ગમે તેટલા પ્રચારકો રાખે તો પણ તે આ ત્યાગી પ્રચારકોની તોલે આવી શકે નહિ, જો કે આજે તો કૉન્ફરન્સની સ્થિતિ એવી છે કે તેનાં કાર્યાલયનો ખર્ચ પણ નીકળતો નથી ! ત્યાં યોગ્ય પ્રચારકો તો રાખે જ ક્યાંથી ?

કૉન્ફરન્સ ખરેખર જૈન સંસ્થા બને અને તેના દ્વારા સંઘ-શાસનનું કંઈ પણ હિત સાધી શકાય એવી દૃષ્ટિથી જ આ સૂચના કરી છે. કૉન્ફરન્સના આગેવાનો તેના પર તટસ્થતાથી વિચાર કરે અને હજી જે સમય તેમની પાસે છે તેમાં તેનો અમલ કરે. જો આજની જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી હાલતમાં પણ આ કડવું

સત્ય તેમનાં ગળે ન ઉતરે તો સમજવું કે સંસ્થાનું ભાવી નિરાશાજનક છે અને ગમે તેવો લાગવગવાળો કે શ્રીમંત પ્રમુખ તેને ઊંચી લાવી શકશે નહિ.

### "દિવ્ય-દર્શન" - **"વચનામૃત"** વર્ષ-૮,અંક-૨૧,તા.૧૩-૨-૧૯૬૦

આજની દુનિયાને મૈત્રીભાવ ખૂબજ જરૂરી બન્યા છે. કેમકે પ્રજ્ઞાએ પૃથ્વીને બહુજ સંકુચિત કરી મૂકી છે. મૈત્રીનો પ્રયોગ સૌ પ્રાણી સાથે અજમાવતા હૈયાનો સંકોચ વિદાય લે છે અને વિકાસ આકાર લે છે. દુનિયાને સુધારવા જવા કરતાં વિચારો કે એનામાં કોઈ ખોડખાપણ નથી. આપણો જ મેળ સુધારવાની જરૂર છે. મૈત્રીની કેળવણી આત્મ સુધારણાનો નક્કર પ્રયોગ છે.

જીવન છેવટ તો વર્તનનો જ વિસ્તાર છે. જીવવું એટલું વર્તવું અને એ વર્તનની પાછળનું પ્રેરકબળ છે સમજણ. જેની જેવી સમજણ તેનું તેવું વર્તન. આથી સાચી સમજણ માટે સમ્યગ્જ્ઞાન અતિ આવશ્યક છે. તેની સહજ પ્રાપ્તિ સત્સમાગમથી થાય છે. એજ સદ્વર્તન માટેનો એક સચોટ ઉપાય છે.

### "દિવ્ય-દર્શન" - **"મનનીય વિચારણા"** વર્ષ-૮,અંક-૨૪,તા.૫-૩-૧૯૬૦

**પરમાત્માને નજીક કોણ ? :** શું એમની મૂર્તિ પાસે બેસી રહે તે ? ના, પરમાત્માના આદેશોને અમલમાં ઉતારે, ભગવાનની દૃષ્ટિને જીવનમાં આત્મસાત્ રાખે, એ ભગવાનની નજક. સુલસા ક્યાં બેઠી છે ? દૂર દૂર, પણ ભગવાન એને હજૂરાહજૂર જેવા છે, તેથી જ અંબડે કેટલાય બ્રહ્મા વગેરેના આકર્ષક દેખાવો કર્યા છતાં એને જોવા જવાનું મન ન થયું. અનંત સૌંદર્યવાળા ભગવાન નજીક છે, પછી બીજે ક્યાં ભટકવું ? સ્વાર્થ ગૌણ કરી પરાર્થને અને અધમાર્થ ગૌણ કરીને પરમાર્થને મુખ્ય કરાય તો ભગવાન જાણે હજૂરાહજૂર થાય. ભગવાને અંબડદ્વારા સુલસાને સુખશાતા કહેવરાવી કેમ વારું ? અંબડને સમ્યગ્દર્શનમાં સ્થિર કરવા માટે - સુલસા ભગવાનને નજીક રાખનારી છે, તે અંબડને પમાડી દેશે. બાકી તો ભગવાનને કાયાથી શાખોશાખ પણ હૈયાથી દૂર રાખનારો બીજાને પમાડવાને બદલે ગુમાવરાવવાનું કરશે ! હિંસા, આરંભસમારંભ, પરિગ્રહાદિ પાપસ્થાનકો પ્રત્યે ઘૃણા વિનાનો માણસ ભગવાનને હૈયાથી નજીક નહિ પણ દૂર રાખનારો ગણાય.



### "દિવ્ય-દર્શન" - **"મનનીય વિચારણા"** વર્ષ-૮,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૬૦

**ધન મારું એટલે મારું નિકંદન કાઢનારું :** 'મારું છે તે કેમ આપું ?' એમ મનને થાય છે. ખરું ને ? પરંતુ સાથે એટલું યાદ રહે કે 'ધન મારું એટલે મારું નિકંદન કાઢનારું છે,' તો ખુશીથી દેવાનું મન થશે. એટલું ધ્યાનમાં રાખજો, કે આ ઉત્તમ ભવમાં દિલ પહોળા કરવાનો અવસર છે, તો તે કરી લેવું જોઈએ, નહિતર હલકા ભવમાં તો દિલ સાંકડા થઈ જશે એ ભૂલવા જેવું નથી. પછી ત્યાં સ્વાર્થ અને એની ખાતર કેઈ પાપરક્તતા સૂઝશે, પરમાર્થ નહિ સૂઝે, અને પરમાર્થથી પરમાત્માને નજીક થવાય.

### "દિવ્ય-દર્શન" - **"રસઝરણા"** વર્ષ-૮,અંક-૨૯,તા.૯-૪-૧૯૬૦

**છૂપી સત્તાના હાથ મજબુત ન કરાય :** સંસારમાં એવી ઘણી બાબતો બને છે જ્યાં માણસના હાથ હેઠા પડે છે. વરસાદ નથી આવતો ત્યાં અગર બહુ દેવા માંડ્યો ત્યાં માણસ બૂમ મારે કે 'હવે તો મહારાજ મહેરબાની કરે તો સારું,' પણ તેથી વળે શું ? વિજ્ઞાન ઘણું આગળ વધી ગયું કહો છો, પણ એ કરે ને અહીં સામનો ? દાદ-ફરિયાદ કે ધમપછાડા ને બળવો કરો તો ય કોણ સાંભળવાનું છે ? એકલા પોતાના મગજના દોરે ચાલ્યો જતો માનવી અજ્ઞાન છે. એ તો છૂપી કામ કરી રહેલી સત્તાને ઓળખી લેવી જોઈએ. સમજવું જોઈએ કે સત્તા પણ બધું ધોરણસર કરે છે, બિનધોરણી નહિ. જે કરે છે એની પાછળ કઈ તત્ત્વો કારણ ભૂત છે. આજના ચિંતકો પણ કહે છે કે તમને કોઈ તકલીફ આવી તો સમજી રાખો કે તમે પૂર્વે કોઈનું બુરું ચિંતવ્યું હશે. દુનિયા પર આફત ઉતરી પડે તેની પાછળ કેઈ દુષ્ટ ભાવનાઓ અને પાપકૃત્યો જવાબદાર હોય છે. છૂપી સત્તાની સામે આંખ-મિચામણા કરીને ચાલવું એ એના હાથ મજબૂત કરવા જેવું છે.

### "દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૮,અંક-૩૪,તા.૧૪-૫-૧૯૬૦

## દાનધર્મ પહેલો કેમ ?

વગર પૈસાનો ધર્મ પહેલો બતાવવો જોઈએ કે પૈસા ખર્ચવાનો ધર્મ પહેલો ? શીલ અને તપમાં પૈસા ખર્ચવા નથી પડતા, પણ એને પહેલા ન મૂકતાં દાનને

પહેલું મૂક્યું. શા માટે ? કહો દાન દેવાની વૃત્તિ નહિ હોય તો અનાદિની તામસી વૃત્તિઓ એમજ ખડી રહેશે, એ તામસી વૃત્તિઓ ઊભી રાખીને શીલ-વ્રતો અને તપસ્યાઓ થશે તેનું પાછું વેચાણ થશે, દાન નથી દેવું, પરાર્થ, પરોપકાર નથી કરવો એટલે પૈસા-સંપત્તિનો મોહરૂપી તામસીવૃત્તિ ઊભી રહેવાની. એ પૈસા ખર્ચવા નથી એટલે વધારવામાં સહેજે આનંદ રહેવાનો. શીલ-તપથી એ મળતા હોય તો ખુશી જ થવાની ને ?

## કલ્યાણવાદ કયો ?

પ્રશ્ન છે કલ્યાણવાદ કયો ? શું રાષ્ટ્રવાદ ? લોકશાસનવાદ ? સામ્યવાદ ? ના, ભલાઈનો વાદ એજ કલ્યાણવાદ છે. ભલાઈ એટલે પરાર્થ સંપાદન. માનવની એ વિશેષતા છે. સ્વાર્થ સંપાદનમાં તો આખી દુનિયા મસ્ત છે; કીડામંકોડાનેય એ આવડે છે, પરાર્થ સંપાદન એ જીવનની સુવાસ છે. આવા સુંદર વિવેકવંતા અને વિચાર સમૃદ્ધિવાળા માનવજીવનમાં તો આ લાલસા બની રહેવી જોઈએ કે બીજાની સેવા, બીજાનું ભલુ કરવાનું ક્યાં છે ! આર્યદેશની સંસ્કૃતિ આના ઉપર ઝાકઝમાળ હતી. ભલાઈનો વાદ મુખ્ય હતો, ભલાઈનો નાદ ગાજતો હતો.

પરાર્થ સંપાદન અને પરોપકારના ભારે અભિનંદન થતાં, કેમકે બીજાને દિલને ઠારનારી વસ્તુ એ છે. આજેય અભિનંદન થાય છે, પણ કોના ? વિલાયતથી ડિગ્રી લઈ આવે એના ! કરશો એ ડિગ્રીના જોર પર મફત સેવા ? કે અહીંના ડિગ્રીવાળા કરતાં ભારે મોંઘી સર્વીસ ? કેમ વારુ ? કહે છે, મેં વિલાયત જવાનો ખરચો કર્યો છે.' ખરચો કેટલો અને હવે નીચોવવાનું કેટલું ? ખરચો ભરપાઈ થઈ જાય એટલે પછી તો હાઈચાર્જ (મોટી રકમના ધોરણ) બંધ ને ? ના, એ તો જે ચાલ્યું, કન્સલ્ટીંગ ચાર્જ ૧૦-૨૦-૩૦ રૂપિયા જે લેવાતાં હોય તે લેવાનો, ભલે પછી દર્દીને જોઈને એટલું જ કહેવાનું હોય કે 'તમને સામાન્ય શરદી છે, મુંઝાશો નહિ. આટલી પેટન્ટ દવા ઈન્જેક્શન લેજો.' તો કહો સ્વાર્થ સાધના પણ કેટલી હદની ? લૂંટવાની જ વાત ને ? બસ, ઉધારોય નહિ. મૂકો ટેબલ પર, તમનેય લૂટું અને સરકારને પણ કહો, સરકારને બધાનો ઈન્કમટેક્ષ ભરાય ખરો ? અમે ચોક્કસ ન કહીએ, અમને ખબર નથી, પણ તમે વધારે જાણો, મેળાવડા-અભિનંદન આ ડિગ્રીના ને ? સોલીસીટર બેરીસ્ટરના ચાર્જ કેટલા ભારે ? એવા બીજા પણ ક્ષેત્રમાં સ્વાર્થસાધના પણ મર્યાદામાં રહીને કરવાની વાત જ્યાં ન હોય, ત્યાં પરાર્થવૃત્તિ, પરોપકારવૃત્તિ, બીજાનું કરી છૂટવાની કલ્યાણ તમન્ના શે' જોવા મળે ?



''દિવ્ય-દર્શન'' - **''અગ્રલેખ''** વર્ષ-૮,અંક-૪૦,તા.૯-૭-૧૯૬૦

### ભરૂચ ડી. કોર્ટ મેજીસ્ટ્રેટ જજ.

વકીલો — સિવિલ દરખાસ્ત નં. ૧૩ ઓફ ૧૯૫૮.
**શ્રી આર. એન. ઠાકોર** — મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ની
ડી. ગવ. વકીલ. — કલમ ૫૫-૨ અન્વયે.

**દાવો કરનાર : ધી ચેરીટી કમિશનર**

વિરુદ્ધ : **શ્રી ચુનીલાલ રાયચંદ શાહ**

**વકીલ ટી. એન. ગંડારીયા** ટ્રસ્ટી અને મેનેજર-ગંધાર જૈન શ્વે. પબ્લિક ટ્રસ્ટ.
**જે.સી. હીંડીયા** ૨ : શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા - તેના મેમ્બર
**શ્રી મનસુખલાલ ડાહ્યાભાઈ**

### જજમેન્ટ

ધી ચેરીટી કમિશનર મુંબઈ સ્ટેટના મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટની ૫૫-૨ કલમ અનવયે આ દાવો દાખલ કર્યો છે જેની હકીક્ત નીચે મુજબ દર્શાવી છે.

અરજદાર કાયદાની કલમ અનુસાર મુખત્યાર તરીકે છે. પ્રતિવાદી એ ગંધારતીર્થના ટ્રસ્ટ અને મેનેજર છે. જે ટ્રસ્ટ નં. અ ૧૦૬૬ કાયદાની કલમ અનુસાર રજીસ્ટર થયેલ છે. હિસાબ ઓડીટ થવાથી માલૂમ પડ્યું કે ૨૦૧૧ સંવતના આખરે ૨૮૦૭૦-૬-૬નો વધારો છે તે ઉપરથી આસીસ્ટન્ટ કમિશનરે બરોડાવાળાએ નં. ૧ના પ્રતિવાદીને વધારાની રકમ ખર્ચી નાખવા સલાહ આપી પણ ટ્રસ્ટીએ તે પર ધ્યાન આપ્યું નહીં. તેથી ૧૯૫૬ જાવક નં. ૧૦૮થી તેમના ઉપર નોટીસ કાઢવામાં આવી. તા. ૨૩-૧૧-૧૯૫૬ કાયદાની ૫૫ કલમ અનુસાર વધારાની રકમ નોટીસ મળ્યેથી ત્રણ મહિનાની અંદર તે ખર્ચવાની સૂચના માટે ડી. કોર્ટને અરજ કરવી. પ્રતિવાદી ટ્રસ્ટી તે પછી તા. ૨૭-૬-૫૭ વાદીને રૂબરૂ મળ્યા અને તેમને સમજાવ્યું કે વધારો દેવદ્રવ્ય છે અને તે બીજા કોઈપણ હેતુ માટે વાપરી શકાય નહીં અને ટ્રસ્ટના હિસાબ આગળ ખેંચવાના છે અને તે બીજા કોઈપણ હેતુ એટલે દેરાસર ખાતા સિવાય ૧૩૧૪૨-૧૨-૦ ની જુદા જુદા ખાતાની રકમ વધારાની રકમ છે જેવા કે ૧. કેશર-સુખડ, ૨. નવકારશી, ૩. ધર્મશાળા જીર્ણોદ્ધાર, ૪. આંગી વગેરે ૫. સાધારણ, જ્યારે ટ્રસ્ટીએ કોર્ટને અરજી ન કરી એટલે વાદીએ દેવદ્રવ્યને છોડીને બાકીની વધારાની રકમ વાપરવાની સૂચના મેળવવા માટે આ

કોર્ટને અરજી કરેલ છે. કારણ આ રકમ વપરાણી નથી અને ટ્રસ્ટીઓથી વપરાવાની પણ નથી માટે બીન ધાર્મિક કેળવણી અગર દવાકિય રાહત માટે ખર્ચવા તથા ટ્રસ્ટ મિલકતમાંથી દાવા ખર્ચ મેળવવા માટે આ કોર્ટને અરજી કરેલ છે.

૨. દરખાસ્ત મંજૂર કર્યા પછી પબ્લિક નોટિસ ડેલી પ્રતાપ : પાના બાર : માં આપેલ તેથી પ્રતિવાદી ટ્રસ્ટીએ પોતાનો લેખિત જવાબ એકઝી. ૧૭ પ્રમાણે આપ્યો, અને જૈન સં. રક્ષક સભા : પ્રતિવાદી નં. ૨ : પણ પોતાનું સ્ટેટમેન્ટ દાખલ કર્યું. એકઝી. ૩૧ બંનેના લખેલ સ્ટેટમેન્ટ એ છે કે કુલ રકમ ૨૮૦૭૦-૬-૦ જે દરખાસ્તમાં જણાવેલ છે તે દેરાસર ખાતા અને સાધારણ ખાતાની છે અને આ બંને ખાતા ધાર્મિક ખાતા ટ્રસ્ટોના હોવાથી પ્રતિવાદી આ.સા.ચેરીટી કમિશનરે કરેલ સૂચના મુજબ રકમનો કોઈ પણ ભાગ તે તે ખાતા સિવાય બીજે વાપરવા માટે સંમત થયેલ નથી અને તે કારણ છે કે ચેરીટી કમિશનરને યોગ્ય લાગેલ કે દેરાસર ખાતાની રકમને અડવું નહીં અને તેથી કરીને તેમણે તે રકમ માટે કોર્ટની સૂચના પ્રાપ્ત કરવાનો પ્રશ્ન પડતો મૂક્યો, પણ તેમણે ૧૩૧૪૨-૧૨-૦ ની રકમ માટે પોતાનો દાવો રજૂ કર્યો છે તો પણ પ્રતિવાદીનું કહેવું તો એ જ છે કે બાકીની રકમ પણ તે ખાતા સિવાય બીજે વાપરી શકાય નહીં. વળી પ્રતિવાદીનું એ પણ કહેવું છે કે તેમના ઉપર જે નોટિસ બજાવેલ તે કુલ રકમ ૨૮૦૭૦-૬-૬ અંગેની હતી જ્યારે વર્તમાન અરજી તો ફક્ત ૧૩૧૪૨-૧૨-૦ માટેની છે. તેથી તે નોટિસ યોગ્ય અને કાયદેસરની મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટની ૫૫ની કલમ અનુસાર ગણી શકાય નહીં. વળી પ્રતિવાદી જણાવે છે કે વાદીએ બતાવેલ ભિન્ન ભિન્ન ખાતાની રકમો તે અનુક્રમના ખાતાઓ પ્રમાણે અને વધારાની રકમો તે અનુક્રમના ખાતાઓ પ્રમાણે અને વધારાની રકમો નથી જેમકે કેસર સુખડ ખાતુ. કેસર અને સુખડ યાત્રીઓને પ્રતિમા પૂજન માટેનું છે. વાદી જે એમ જણાવે છે કે આ ખાતાની રકમ તેમાં પૂરેપૂરી વપરાતી નથી તે ખોટું છે. નવકારશી ખાતાના ૫૦૬૭-૧૦-૦ રકમ માટે પ્રતિવાદી મંજુર કરે છે કે આ રકમ તીર્થમાં યાત્રિઓ આવે તેમને ત્રણ પ્રસંગ કારતક સુદ ૧૫ મહા સુદ ૫ અને ચૈત્ર સુદ ૧૫.

મહા સુદ ૫નો દિવસ પ્રભુ પ્રતિમાનો પ્રતિષ્ઠા સાલગીરી દિવસ છે અને બીજા બે દિવસો પણ ઘણા અગત્યના અને પવિત્ર દિવસ છે કે જે દિવસે યાત્રિઓ આવે છે અને પ્રતિમાની ભક્તિ કરે છે તેઓએ જણાવેલ છે કે તેમને જમણ આપવું એ ધાર્મિક કૃત્ય છે. અને ટ્રસ્ટ પણ ધાર્મિક છે અને તે રિતિએ ટ્રસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ નથી નવકારશી ફંડની રકમ જરૂરિયાત કે અનાથ અગર ગરીબોને યા દુઃખીના ભોજન માટે નથી પણ ધાર્મિક ભક્તિ લાગણી અને ભ્રાતૃ પ્રેમના



સાધર્મિકપણાના સંબંધથી-શાસ્ત્ર સિદ્ધાંત મુજબ જમાડીને ભક્તિ કરાય છે. અને ત્રીજી રકમ ૨૦૭૧-૭-૦ ધર્મશાળા જીર્ણોદ્ધારની પ્રતિવાદી જણાવે છે કે આ રકમ તા.૩-૫-૫૫ ભેટ મળી છે, કીકાભાઈ અમીચંદ : હાલ સ્વર્ગવાસી : તરફથી ભરૂચના છે. ધર્મશાળામાં સ્નાનરુમો બનાવવા માટે ગંધારતીર્થમાં સ્ત્રી પુરુષ યાત્રિઓ માટે ભેટ આપેલ છે અને તે હેતુ માટે તેઓ ખર્ચવાના છે અને તેથી તે વધારાની રકમ નથી. જો આ રકમ બીજા કાર્યમાં ખર્ચાય તો દાતારનો વિશ્વાસઘાત કર્યો ગણાય. ૪ થી રકમ આંગી વગેરે સંબંધી ૨૩૨૯-૧૧-૦ ની પ્રતિવાદીનો વાંધો એ છે કે સં. ૨૦૧૧ના વરસનાં ઓડીટ રીપોર્ટમાં બતાવ્યા મુજબ જુદા જુદા ઘણા ખાતાઓની ભેગી રકમ છે પરિશિષ્ટ અ, માં બતાવ્યા મુજબ જુદા જુદા નવ ખાતાની તે રકમો છે. જુદી જુદી રકમો દેખવાથી માલૂમ પડશે કે દરેક ખાતાની નાની નાની રકમો છે તેથી વાદીના જણાવ્યા મુજબ તે પણ વધારાની રકમો નથી તેજ પ્રમાણે સાધારણ ખાતાની ૨૯૯૫-૧૦-૦ ની રકમ વધારાની બતાવી છે તે અંગે પ્રતિવાદી જણાવે છે કે જૈન ધર્મના સાતક્ષેત્રોના સાત ખાતાઓના ખર્ચ જે ધર્મશાળાની મરામત, યાત્રિની સગવડતા અને કોઈ પણ ખાતાને ટોટો પુરો કરવા માટે જે પરિશિષ્ટ : ૩ સી : લેખિત સ્ટેટમેન્ટમાં બતાવેલ છે, કોઈ પણ ખાતાની આવક સ્થાયીરૂપે કાયમી નથી જે હિસાબ ઉપર સ્પષ્ટ માલૂમ પડે છે અને આ રકમ તે તે ખાતાની ખોટ પૂરવા માટે જરૂરની છે તેથી આ રકમ એ વધારાની નથી અને નજીકનાં ભવિષ્યમાં ન વપરાય એમ પણ નથી. વળી પ્રતિવાદીઓનું એ પણ કહેવું છે કે -આ રકમો ધાર્મિક ખાતાની હોવાથી જે જે ખાતાની આ રકમો તે હેતુ સિવાય બીજે કોઈ પણ ઠેકાણે અગર બિનધાર્મિક કેળવણીમાં ખર્ચી પણ શકાય નહિ, તેઓ વધુમાં જણાવે છે કે, આ પરિસ્થિતિમાં આ રકમો ઉપર સાયપ્રસનો સિદ્ધાન્ત લાગું થઈ શકે નહીં. અને તે તે રકમો કે તેના કોઈ પણ ભાગને બીજે ખર્ચવાની સૂચના અપાય તો જૈનધર્મના સિદ્ધાંતનો ભંગ થાય અને તેથી અમારીધાર્મિક સ્વતંત્રના મૂળભૂત હક્ક પર ત્રાપ મારનાર છે ખર્ચ સાથે આ અરજી રદ થવી જોઈએ.

૩. નીચે મુજબના વિવાદી પ્રશ્નો એકટ ૩૮માં નક્કી કરવામાં આવેલ.

૧. જણાવેલ ૧૩૧૪૨-૧૨-૦ ની રકમ માટે પ્રતિવાદી પર મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટની ૫૫-૧ : કલમ અનુસાર નોટિસ બજાવી હતી ને સાબિત કરવામાં આવે છે તે બરાબર છે.

૨. જો તે પ્રમાણે નથી તો કોર્ટને આ દાવો સાંભળવાનો અધિકાર છે કે

નહિ.

૩. અરજીમાં જણાવેલ ૧૩૧૪૨-૧૨-૦ની રકમ વાસ્તવિક વધારાની રકમ ગણાય કે નહીં કે જે વપરાણી નથી અને વપરાય તેવી પણ નથી. અને તેને સાયપ્રસનો સિદ્ધાંત લાગુ પડે કે નહીં.

૪. વિવાદસ્પદ રકમ એ ધાર્મિક ટ્રસ્ટની છે કે કેમ અને તેના હેતુ નિષ્ફળ ગયો છે કે નહીં અને બીનધાર્મિક હેતુ માટે સાયપ્રસ લાગી શકે કે નહીં.

૫. અને તે અંગે હુકમ.

મારી ધારણા તપાસતા જવાબ નીચે મુજબ છે.

૧. હા. -૨. કોર્ટને અધિકાર છે : નં. ૩-૪ તે પ્રશ્ન ઊભો રહેતો નથી. એટલે વધારાની રકમ નથી. ધાર્મિક છે અને સાયપ્રસ લાગી શકે નહીં.

૫ જજમેન્ટના છેલ્લા પેરા મુજબ.

કારણો.

૫. પ્રતિવાદીઓએ કેટલીક એફીડેવિટ રજૂ કરી છે અને પ્રતિવાદીના ઘણા સાક્ષીઓની ક્રોસ ઉલટ પાલટ તપાસ પણ વાદી તરફથી થઈ છે. વાદીએ નટવરલાલ ડાહ્યાભાઈ કે જે આસી. ચેરીટી. કમિશનર વડોદરા ઓફીસના છે તેની પણ સાક્ષી લીધી છે.

૬. પ્રથમ પ્રશ્ન આ દાવો અરજીમાં જે નિર્ણય કરવાનો છે તે એ છે કે : દાવા અરજીમાં જે જમા રકમો બતાવી છે તે અંગેનો છે; આ સંબંધી વાદીને કોઈ પણ જાતનો વાંધો નથી અને તેથી અમો તે બાબત જે સત્ય માનીને ચાલવાનું કે દાવા અરજીની પેરા ૪માં બતાવેલ વાંધાવાળી રકમો ૧૩૧૪૨-૧૨ જે જે ખાતાની જમા બતાવી છે તે બરાબર છે, વળી તે પણ વાંધાવાળી બાબત નથી કે ૧૪૯૭૨-૧૦-૬ દેવદ્રવ્ય અગર દેરાસર ખાતામાં જમા રકમ ચાલુ દાવા અરજીનો વિષય નથી. ફક્ત ૧૩૧૪૨-૧૨-૦ ની રકમો ચાલુ અરજી મુજબ વાંધાવાળી છે અને વાદીએ જે નોટિસ આખી રકમ અંગે નોટિસ આપેલ છે તેનો આ અરજીની રકમ એક ભાગ બની રહે છે તેથી મારા અભિપ્રાય મુજબ એકટ ૫૫ ગેરકાયદેસર કહેવાય નહીં અને યોગ્ય નોટિસ સિવાય દાવો દાખલ કર્યો છે, એમ વાજબી કહી શકાય નહીં. મોટી રકમમાં નાની સમાય જાય છે બીજી કોઈ વધારાની રકમો ઉમેરવામાં આવી હોત તો પ્રશ્ન જુદો થાત તેથી હું નિર્ણય આપું છું કે ઈશ્યુ નં. ૧ અને નં. ૨ બરાબર છે,

૭ હવે ત્રીજો પ્રશ્ન એ છે કે સાયપ્રસનો સિદ્ધાંત લગાડી શકાય કે નહિ તો



આપણે પહેલાં એ નિર્ણય પર આવવું જોઈએ કે આ ટ્રસ્ટમાં કોઈ રકમ વધારાની છે કે નહીં ૧ વાદીની દાવા દરજી ૫૫ની કલમ ૧ બી.ના આધારે છે જે નીચે મુજબ છે.

જ ૫૫.૧. જો તેમને અરજી કરવામાં આવી હોય કે બીજી રીતે ચેરીટી કમિશનરને માલૂમ પડે અને એમ અભિપ્રાયના હોય કે આવક અગર કોઈ પણ વધારાની બેલેન્સ કોઈ પણ પબ્લિક ટ્રસ્ટની વપરાણી નથી અને વપરાવવાનો સંભવ નથી તો ચેરીટી કમિશનર ટ્રસ્ટીઓએ ઠરાવેલ સમયમાં કોર્ટની સૂચના લેવા માટે જણાવશે. હવે શબ્દ "વધારો રની" વ્યાખ્યા એક્ટમાં કોઈપણ ઠેકાણે કરી નથી પણ સામાન્ય રીતીએ ચાલુ ખર્ચ ઉપરાંત જે રકમ વધે તે વધારો ટ્રસ્ટના હેતુના કહેવાય. ડીકસનેરી મુજબ જરૂરીયાત ઉપરાંત તે વધારો કહેવાય. વરસની આખરે ખાતામાં ટ્રસ્ટના હેતુ માટે વપરાયા સિવાયની અમુક રકમ વધે એ સ્વાભાવિક બનવા જોગ છે અને તે રકમ તે વરસમાં ટ્રસ્ટના હેતુ માટે પણ ન વપરાઈ હોય અને તે દરેક વરસે વધતી રહેલ તેવી અમુક વરસો સુધી વધતી રહે છે જે અમુક વરસે ઉપયોગી થાય કે જે ચાલુ હેતુ કે તેથી વધારે સારા ટ્રસ્ટના હેતુ માટે વાપરી શકાય અને તેથી પણ કાયદાના અર્થ પ્રમાણે એકઠી રકમને વધારાની રકમ કહી શકાય. જો તેવા પ્રકારની એકઠી કરેલી રકમ હોય કે જે ટ્રસ્ટના હેતુ માટે અમુક નજીકના ભવિષ્યમાં યોગ્ય સમયમાં પણ વપરાવવાનો સંભવ નથી તો તે વધારો કહી શકાય. પણ જ્યાં સુધી એકઠી થયેલ રકમ ટ્રસ્ટના હેતુ માટે વપરાઈ શકે તેવી હોય તેને વધારો કહી શકાય નહીં અને તેથી કરીને આ અરજીનો નિર્ણય કરતાં આપણે એ દ્રષ્ટિ હોવી જોઈએ નહીં ભૂલવી જોઈએ નહીં; કે આ એકત્ર થયેલ રકમ ટ્રસ્ટના હેતુ માટે નજીકના ભવિષ્યમાં યોગ્ય સમયમાં ઉપયોગમાં આવી ખરચાશે નહીં. ૧ જો તેમાં કોઈપણ શંકા ન હોય કે ખરચાઈ શકાશે તો કોર્ટને કાયદાની કલમ ૫૫ : ૨ : અન્વયે બીજા કોઈ પણ એક્સન હુકમ કરવાનો અધિકાર નથી. કારણ કે ચેરીટેબલ ટ્રસ્ટ વિષય જો ખતમ થતો નથી તો કોર્ટને સહીલસ પર નિર્ણય આપવાનો અધીકાર છે અને મિલકત ચેરીટીમાં અપાયેલ છે. તો કોઈ પણ જાતની આવક કે વધારો તે ચેરીટીની માલિકીનો છે. જો આપણે ઉપરની હકીક્ત ધ્યાનમાં લઈને અરજદારની અરજી વાંચીએ તો અને સાથે પ્રતિવાદીનો જવાબ રાખીએ અને ઓડીટ કરેલ હિસાબના પરિ. ૦૭૮-૮૨ નજર સામે રાખીએ તો તે રકમ પૂરેપૂરી વપરાઈ નથી. અથવા તે તે ખાતામાં જરૂરિયાત પડી નહિ એમ રકમ વધી કારણ બીજા દાનો વધુ મળ્યા અને તેથી કરીને આપણને એ જોવાનું છે કે આ રકમો વપરાણી નથી પણ નજીકનાં ભવિષ્યમાં વપરાય એમ છે કે નહીં જો ફંડો

ટ્રસ્ટના હેતુ માટે વપરાય તેમ ન જ હોય તોજ સાયપ્રસનો સિદ્ધાંત લાગુ પાડી શકાય વાદીનું એમ કહેવું છે કે દાવા અરજીમાં બતાવેલ બધી રકમો એ વધારો છે. વપરાઈ નથી અને નજીકના ભવિષ્યમાં વપરાવા સંભવ નથી. હવે પ્રતિવાદીના આ સંબંધમાં ડબલ વાંધાઓ છે- ૧ : એક તો તેઓ કહે છે આ વધારાની રકમ નથી. અને તેને વધારાની રકમો ગણવામાં આવે તો પણ તે નજીકનાં ભવિષ્યમાં વાપરવાની નથી. એ સાચું નથી, વળી બીજાં વાંધાઓ એ છે કે વાંધાવાળી રકમો એ ધાર્મિક ટ્રસ્ટની છે કે જેના હેતું નિષ્ફળ થયેલ નથી. એટલે તેને સાયપ્રસ લાગી શકે નહીં.

૮ : હવે તે સ્પષ્ટ છે; કોઈનાથી પણ ઈન્કાર થઈ શકે એમ નથી; કે જૈન-શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ મુખ્ય બે જાતના ફંડો હોય છે. :૧: દેવદ્રવ્ય :૨: સાધારણ દ્રવ્ય. દેવદ્રવ્ય એટલે દેવને સમર્પિત કરેલ દ્રવ્ય, જે દ્રવ્ય એક જ મંદિરના જ કામમાં આવે, અને તે જાતે જૈન મંદિર માટેનું જ ખાસ દ્રવ્ય છે અને મંદિરના હેતુ માંજ વપરાય એમ મુંબઈની હાઈકોર્ટના ઠાકરસી દેવરાજ અને હસમુખ નરસીએ ૪૩૨માં જજમેન્ટ છે. વળી રતલામ પાનાચંદ વી. મુંબઈ સ્ટેટના સુપ્રીમ કોર્ટથી પણ નિર્ણય થયેલ છે. ૫૪ એલ.આર. ૧૮૫૪ કે. એ સંપૂર્ણ સાચું છે કે દેવદ્રવ્ય બીજા કોઈ પણ હેતુ માટે ફેરવી શકાય નહી. કોઈ પણ બિન ધાર્મિક સત્તાને તે પબ્લિક ટ્રસ્ટના નાણાને બીજા કોઈ પણ હેતુમાં ફેરવવાની સત્તા આપવી એ ધાર્મિક સ્વતંત્રતાનો ભંગ કરનાર થાય છે. આનો નિર્દેશ મેં એટલા માટે કરેલ છે કે પ્રતિવાદીનો એ પણ વિવાદ છે કે જે રકમો માટે ચાલુ દાવા અરજી છે તે પણ દેવદ્રવ્ય જેવી ગણવી. જો કે તે સાધારણ દ્રવ્યની છે અને તેથી કરીને કોર્ટથી તે રકમો જે સુપ્રીમ કોર્ટના ઉપર નિર્ણય અનુસાર સ્પર્શ કરી શકાય નહીં.

હવે નિર્ણય ઉપર આવતા પહેલા એ જોવાનું છે કે ભિન્ન ભિન્ન ખાતામાં રહેલી રકમો કે જે વિવાદનું સ્થાન બનેલ છે તે વધારાની રકમો છે કે નહીં તે અને તે નજીકના ભવિષ્યમાં તે તે હેતુ માટે ખર્ચાઈ શકે એમ છે કે નહીં. આના માટે પ્રતિવાદી તરફથી રજૂ થયેલી જુદી જુદી એફીડેવીટ પર ધ્યાન આપવું જોઈએ, મે બધી એફીડેવીટ પર મૌખિક સાક્ષી જુબાની પર પુરતી બારકાઈથી ધ્યાન આપેલ છે તેમાં મને મુનિ ધર્મસાગરજી જેઓ એક જૈન સાધુ છે આંક ૨૪. અને જેમની ઉલટ તપાસ વધુ જાણકારી માટે થયેલ નથી. કારણ કે સાક્ષીએ દુનિયાનો ત્યાગ કર્યો છે અને જેઓ પગે પગે ભારતમાં આઠ મહિના ભ્રમણ કરે છે અને ચાર માસ એક ઠેકાણે રહે છે. કોઈપણ ચર કે અચર મિલકતનો કબજો માલિકિ હક રાખતા નથી અને દુનિયાના કોઈ પણ પ્રપંચ કાર્યથી મુક્ત છે અને તેમણે ભિન્ન ભિન્ન



ધર્મશાસ્ત્રોની સાક્ષી પૂર્વક એફીડેવીટ કરેલી છે. જેવા કે દ્રવ્ય સપ્તતિકા, ઉપદેશ તરંગીણી, શ્રાદ્ધવિધિ, દર્શનશુદ્ધિ, મહાનિશીથ સૂત્ર વગેરે જે અનુસાર મુખ્ય ત્રણ પ્રકારના દ્રવ્ય છે. : ૧ : ૨ : દેવદ્રવ્ય : ૩ : જ્ઞાન દ્રવ્ય : ૪ : અને સાધારણ દ્રવ્ય. પ્રથમના બે એક જ ક્ષેત્રમાં વપરાય અને તે જિનપ્રતિમા અને જિનમંદિર માટેનું ધાર્મિક દ્રવ્ય છે. ત્રીજુ જ્ઞાન દ્રવ્ય ધાર્મિક જ્ઞાન અને દેવદ્રવ્યમાં વાપરી શકાય અને ચોથું સાધારણ દ્રવ્ય-સાતે ક્ષેત્રમાં વપરાય પણ બીજા કોઈ ખાતામાં વપરાય નહીં. તેમના કહેવા અનુસાર સાધારણ દ્રવ્ય-વૈદકીય અને કેળવણીના હેતુમાં વાપરી શકાય નહીં તે દ્રવ્ય-સાત ક્ષેત્રમાં જ્યાં જરૂર હોય ત્યાં વાપરી શકાય તેમના કહેવા અનુસાર કેસર સુખડ પણ એક જાતનું દેવદ્રવ્ય છે કારણ કે તે પ્રતિમાજીના પૂજન અંગે યાત્રીઓને ભક્તિ માટે વાપરવા અંગે છે. આ દ્રવ્ય બીજા કોઈ પણ હેતુ માટે વાપરી શકાય નહીં. જો તે ખાતામાં વધારો હોય તો તે બીજા મંદિરમાં પ્રભુ પૂજા માટે વાપરી શકાય, આપી શકાય, પણ બીજા કોઈ પણ બીનધાર્મિક કાર્યોમાં કોઈ પણ સંયોગોમાં આપી શકાય નહીં.

ગંધાર તીર્થમાં આવનાર યાત્રીઓ નાનીનાની રકમો આ ખાતે આપે છે જેમાંથી હેતુ મુજબ ખર્ચ થાય છે અને તે સ્પષ્ટ છે કે આ ખાતાની આવક સ્થાયી નથી અને તેથી કરીને કદાચ આપણે તેને દેવદ્રવ્ય ન સ્વીકારીએ તો પણ આ હેતુ માટે તે વપરાઈ જવાની પૂરી સંભાવના છે. કેટલાક વરસોમાં એમ પણ બને કે યાત્રીઓ આ કેસર સુખડ વધુ પ્રમાણમાં વાપરે અને કેટલીક વખત ઓછા પ્રમાણમાં પણ વપરાય. હું એ માનવામાં તૈયાર નથી કે આ તે ખાતાની વધારાની રકમ છે કે જે સદર હેતુ માટે ભવિષ્યમાં વપરાવાની નથી. વાદી તરફથી વિદ્વાન સરકારી વકીલ દલીલોના ટાઈમે આ ખાતાની રકમ માટે સાયપ્રસનો સિદ્ધાંત લાગુ કરવા માટે દબાણ પણ કરેલ નથી. ભાર મુકેલ નથી તેથી હું એ નિર્ણય કરું છું કે ૬૬૮-૯૦ની કેસર સુખડ ખાતાની રકમ તેમાં જમા રહેવી જોઈએ. જેવી રીતે તે છે તે રકમ માટે કોઈ પણ ઓર્ડર આપવાની જરૂર નથી.

૧. નવકારશી ફંડના ૫૦૬૭-૧૦-૦ ની રકમ અંગે પ્રતિવાદીનો વાંધો એ છે કે આ ધાર્મિક ટર્સ્ટ આ કોર્ટને કોઈ પણ જાતનો સાયપ્રસ લાગુ કરવાનો અધિકાર નથી. મુનિમહારાજ શ્રી ધર્મસાગરજી એક્ટ. ૨૪. જેમના ઉપર મોટો વિશ્વાસ રાખવા લાયક મેં માનેલ છે તેમણે પણ જણાવેલ છે કે આ રકમ જેના માટે રાખવામાં આવી છે તે સિવાય બીજે ખર્ચી શકાય નહીં. પ્રતિવાદી તરફથી બીજા સાક્ષીઓ જે રજૂ કરવામાં આવેલ છે તે બધા જણાવે છે કે આ રકમ યાત્રિકોને ગંધારતીર્થમાં ત્રણ પવિત્ર દિવસે ભોજન માટે વાપરવામાં આવે છે જેવા કે કારતક

પૂનમ મહા સુદ ૫ની અને ચૈત્રી પૂનમ વરસમાં ત્રણવાર, મહા સુદ ૫નો દિવસ એ મંદિર અને પ્રતિમા પ્રતિષ્ઠાનો સાલગીરાનો પવિત્ર દિવસ છે અને બીજા બે દિવસો પણ પવિત્ર છે કે જે દિવસોમાં યાત્રિકો પ્રતિમા ભક્તિ પૂજા માટે આવે છે. આ ફંડમાંથી કોઈ નિરાધાર, કે જરૂરિયાતવાળા કે સહાય વિનાના મનુષ્યોને અપાતું નથી પણ જૈનોના ધાર્મિક ભ્રાતૃભાવ અને સાધાર્મિક ભક્તિથી એક સરખી રીતે બધાને આપવામાં આવે છે. આ ફંડ વળી સ્વામીવાત્સલ્ય તરીકે ગણાય છે કે જે જૈનોને કોઈપણ ખાસ પ્રસંગોમાં જેવા કે પર્યુષણ અગર મંદિરની સાલગીરી વગેરે પ્રસંગોમાં અપાય છે. આવા જમણવારો એ ભોજન કહેવાથી નહીં જ્યારે દાતા તરફથી આ ખાતામાં રકમ અપાય છે ત્યારે આ ગરીબ છે, અસહાય, દુઃખી છે, અનાથ છે તે ઈરાદાથી મદદ કરવા માટે નહીં પણ આપનારની ઇચ્છા ધાર્મિક લાગણીથી અને ધાર્મિક ભ્રાતૃભાવની ભક્તિથી અને પોતાના ધર્મના અનુયાયીના પ્રેમથી મંદિરની ભક્તિ માટે આવે છે. તેમની ભક્તિ માટે આપે છે. આ ફંડ કાયમી છે અને તેના વ્યાજમાંથી તે હેતુ માટે વાપરી શકાય તે પણ સ્વભાવિક છે કે કયા દિવસે કેટલા યાત્રીની આ ત્રણ પ્રસંગોએ સંખ્યા થશે તે પણ કલ્પી શકાય નહીં. વળી જે યાત્રીઓ ભોજન લેશે તેઓ કંઈકને કંઈ પણ મંદિરમાં આપી જવાના છે કારણ કે જો કે આ રાખી મુકેલ ફંડમાંથી તેઓને જમાડવામાં આવશે પણ જમનાર કંઈપણ આપ્યા સિવાય આવા ધાર્મિક તીર્થે જમવું પસંદ કરશે નહીં અને તેથી કરીને આ રકમને એ ખાસ સ્પેશ્યલ કાર્ય ખાસ પ્રસંગો માટેની છે અને તે વધુ કે ઓછા પ્રમાણમાં ધાર્મિક ટ્રસ્ટનાં નેચરમાં છે. આ બધા કારણોથી આ રકમ વધારાની છે એમ કહી શકાય નહિ કે નજીકનાં કાળમાં વપરાય એમ નથી અને આ ફંડ ઓછા વધુ પ્રમાણમાં ધાર્મિક ટ્રસ્ટ હોવાથી મારા અભિપ્રાય પ્રમાણે સાયપ્રસનો સિદ્ધાંત લાગુ પાડી શકાય નહીં.

૧૧. ત્રીજી આઈટમ ૨૦૭૧-૭૦ ધર્મશાળાના જીર્ણોદ્ધાર સંબંધની છે. પ્રતિવાદીના સાક્ષીના જણાવ્યા મુજબ આ રકમ ભરૂચના કીકાભાઈ અમરચંદ જે હાલ સ્વર્ગવાસ થયેલ છે-તે તરફથી ગંધારતીર્થમાં સ્ત્રી પુરુષના નહાવાના રૂમો બંધાવવા માટે આપેલ છે આ રકમ અત્યાર સુધી ખરચાણી નથી એ બરાબર છે પણ પ્રતિવાદી નં. ૧ કે જે ટ્રસ્ટી છે તેમણે ખાત્રી આપી છે કે નજીકમાં ભવિષ્યમાં વહેલાસર તે હેતુ માટે ખર્ચી નાખવામાં આવશે. વાદીના સરકારી વકીલે પણ કબૂલ કરેલ છે કે જો પ્રતિવાદી તે હેતુ માટે તુરતમાં વાપરી નાખે તો ચેરીટી કમિશનરને વાંધો નથી. આ સંબંધમાં મારા તરફથી બીજી કોઈ પણ સૂચનાઓ અપાયેલી. દાતારની ઇચ્છા વિરુદ્ધ અને ટ્રસ્ટના ઉદેશનો આ પરિસ્થિતિમાં ભંગ



થાય છે એમ કહી શકાય એમ નથી કે આ રકમ વધારાની છે કે જે રકમ તે હેતુ માટે નજીકનાં ભવિષ્યમાં વપરાય તેમ નથી. તેથી કરીને આ પરિસ્થિતિમાં સાયપ્રસ લગાડીને આ રકમ માટે બીજી કોઈ પણ સૂચના આપી શકાય નહીં. પણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ભલામણ કરવામાં આવે છે કે તે રકમ જે બાંધકામ માટે આપવામાં આવી છે તેમાં જેમ બને તેમ તુરત ખર્ચી દેવી.

૧૨. ચોથી કલમ ૨૩૨૯-૧૧-૦ ની મોટી આંગી ખાતે વગેરેની છે જે ઘણા ખાતાઓની બનેલી રકમ છે. આના માટે પ્રતિવાદી નં. ૧નું કહેવું એ છે કે સં. ૨૦૧૧ ના સરવૈયામાં અનુકૂળતા ખાતર જુદા જુદા નવ ખાતાઓને ભેગા કરવામાં આવેલ છે જ્યારે આ બાબત ઉપર આપણે ધ્યાન આપીએ તો માલૂમ પડે છે કે આ બધા ખાતાઓમાં નાની નાની રકમો છે કે જે રકમો જ્યારે ખર્ચ વધુ હોય-આવક ઓછી હોય ત્યારે કામમાં ઉપયોગમાં ખર્ચાય તેમ છે. તેમાંની ઘણી ખરી રકમો ધાર્મિક હેતુ માટે જૈન ધર્મની શ્રદ્ધા અને ભક્તિ વધારવા માટેની પૂજા માટેની છે. કેટલીક રકમો પ્રતિમાની ભક્તિ શણગાર માટેની છે કે જે યાત્રીકોની શ્રદ્ધા વધારે અને ધાર્મિક લાગણી ભક્તિ માટેની છે. તેથી કરીને તે બધી ધાર્મિક ટ્રસ્ટના નેચર જાતની છે અને વળી તે એવી વધારાની રકમો નથી કે જે જે હેતુ માટે નજીકનાં ભવિષ્યમાં વપરાય તેવી ન હોય; જુઓ એક્સ ૫૧ જીવદયા અને પશુપંખી માટેની રકમ નાની છે તેથી કરીને જો કે તે તદ્દન ધાર્મિક ટ્રસ્ટ ન ગણાય તો પણ તે બીજા કોઈ પણ હેતુ માટે ફેરફાર કરવો એ યોગ્ય નથી અને તે બધી રકમો નજીકનાં ભવિષ્યમાં તે તે હેતુ માટે ખર્ચાઈ શકે તેમ હોવાથી મારા અભિપ્રાય મુજબ સાયપ્રસનો સિદ્ધાંત લાગુ પાડવાની જરૂર નથી.

૧૩. છેલ્લી રકમ ૨૯૯૫-૧૦-૦ની સાધારણ ખાતાની રકમ છે. આ રકમ સાતક્ષેત્ર પૈકી કોઈ પણ એક ખાતામાં કે બધા ખાતાઓમાં વાપરી શકાય. એકટ ૪૭ના બીજા પેરામાં જણાવ્યા મુજબ જૈન મુનિ એક્ટ ૨૪ ના જણાવ્યા મુજબ આ રકમ સાતક્ષેત્ર પૈકી કોઈ પણ ખાતામાં જ્યાં જરૂર હોય ત્યાં વાપરી શકાય જૈનશાસ્ત્ર સિદ્ધાંત આજ્ઞા અને રીવાજ મુજબ.

એકઝીબીટ ૪૭ એપેનડીક્સ એ.માં દ્રવ્ય સપ્તતિકાની ગાથા ૧૨માં પ્રતિવાદીની વાતનું સમર્થન મળે છે. એક્ઝી. ૪૭માં બતાવેલ સાત ક્ષેત્ર પવિત્રતાના હિસાબે ચઢ ઉતરતાં દરજ્જાવાળા છે. પ્રથમ ખાતુ બધાથી શ્રેષ્ઠ અને મહત્ત્વતાની પવિત્રતાવાળુ ગણાવેલ છે અને તે પછીના બીજા બીજા ઉતરતી કોટીના છે એ અને તે પ્રમાણે સાત સુધી વ્યવસ્થા છે. સાક્ષી પુરાવા ઉપરથી જણાય છે કે નીચેના

ખાતાનું દ્રવ્ય જરૂર પડે તો ઉપરનાં ખાતામાં ખર્ચી શકાય પણ ઊલટું નહીં. એટલે ઉપરનાં ખાતાનું નીચેના ખાતામાં ન ખર્ચી શકાય. સાધારણ ખાતાનું દ્રવ્ય ગમે તે વખતે ભવિષ્યમાં સાતેક્ષેત્રોની જરૂરિયાતને પહોંચી વળવા માટે એકત્ર કરી શકાય. પ્રતિવાદીના જણાવ્યા મુજબ પૂજાઓ પૂજારીની અને ચોકીદાર અને બીજા નોકરોના પગાર આ ખાતામાંથી અપાય છે. આ રક્ષા ટકાઉ અને મરામત ધર્મશાળા વગેરેની રસોઈ ખાતા અને સાફસુફ તથા યાત્રિકોની દરેક જાતની સગવડતા ખાતામાંથી કરવામાં આવે છે. આ ખાતાની આવક સ્થાયી નથી અને આ વાત આગલા વરસોના સં. ૨૦૦૮, સં. ૨૦૦૯ના હિસાબો ઉપરથી પુરવાર થાય છે તે વરસોમાં ૧૦૩૬-૧૫-૦ અને ૬૩૨-૨-૩નો અનુક્રમે ઘટાડો હતો અને પાછળના બે વરસમાં વધારો થયો તેથી કરીને આ રકમ ભવિષ્યનાં ઘટાડા માટે રાખવી જરૂરની છે. આ પરિસ્થિતિમાં એમ ન કહી શકાય તે આ રકમ વધારાની છે અને તે હેતુ માટે નજીકનાં ભવિષ્યમાં વપરાવવાની નથી. જો કે આ દેવ દ્રવ્ય કહેવાય નહીં પણ જૈન શાસ્ત્રોમાં મનાય છે કે બીજા કોઈ પણ ખાતામાં : ૭ ક્ષેત્ર સિવાય આ રકમ ખર્ચી શકાય નહીં પણ આ પ્રસંગને આપણે બાજુએ રાખીએ તો પણ આ રકમ આ ખાતામાં એકત્ર થયેલ વધારાની રકમ નથી. જો આ ખાતાની રકમ બીજા ખાતામાં ફેરવી દેવાય તો આ તીર્થનું કામકાજ જ બંધ થઈ જાય. આ બધા કારણોથી આ ખાતાની રકમ માટે કોઈપણ બીજા સૂચનો કરવા વ્યાજબી લાગતા નથી.

૧૪ પ્રતિવાદીના પુરાવા મુજબ અરજીનાં ચોથા પેરામાં બતાવેલ બધી રકમો એ પબ્લિક ટ્રસ્ટની નથી પુરાવાનુસાર આ રકમો ધાર્મિક ટ્રસ્ટને લગતી છે અને તેથી કરીને અરજદારની અરજી એક્ટની ૫૫મી કલમ : ૧ બી. મુંબઈ ટ્રસ્ટ એક્ટ અનુસારની ગેરવાજબી છે. પ્રતિવાદીનું આગળ વધીને એ કહેવું છે કે વળી કદાચ આ પબ્લિક ટ્રસ્ટ માનવામાં આવે તો પણ નજીકના ભવિષ્યમાં તે તે હેતુ માટે ન વાપરી શકાય તેવું વધારાની રકમો નથી. મેં ઉપર જણાવ્યા મુજબ અરજદાર કે પેરા ૪માં બતાવેલ વાંધાવાળી રકમો તે વધારાની પુરતો જ છે. કે જે વાપરવાની નથી. તે મારા માટે જરૂરનું નથી કે ઈસ્યુ નં. ૪માં જણાવેલ પ્રશ્ન કે આ રકમો ધાર્મિક ટ્રસ્ટની છે કે નહીં કે જેનો હેતુ નિષ્ફળ ગયો નથી અને સાયપ્રસ લાગુ કરી શકાય નહીં.

હવે જો આ બધી રકમો તો ચોખ્ખી ધાર્મિક ખાતાની છે પછી તે પ્રશ્ન જ રહેતો નથી કે તેના હેતુ નિષ્ફળ ગયેલ છે અને તેથી કરીને ઉપર બતાવેલ કારણોસર સાયપ્રસ લગાડવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.



૧૫ પરિણામે વાદી પોતાનો દાવો પુરવાર કરવા અસમર્થ નિવડેલ છે.

**ઓર્ડર**

અરજી રદ કરવામાં આવે છે વાદી પોતાનું ખર્ચ ભોગવે પ્રતિવાદી નં. ૧ અને ૨ નું ખર્ચ ટ્રસ્ટ ફંડમાંથી અપાય.

**જાહેર કરાએલ** **એસી.ડી.એન.જે. પંડ્યા.**
**તા.૧૮-૧૧-૧૯૫૯,** **ડીસ્ટ્રીક્ટ જજ.**

## “દિવ્ય-દર્શન” - **“સુવર્ણનું સંશોધન”** વર્ષ-૮,અંક-૪૨,તા.૨૩-૭-૧૯૬૦

**પડવું સહેલું છે, ચઢવું કઠિન છે.** નીચેથી ઠેઠ ઉપર સાતમી અટ્ટારીએ ચઢતાં વખત લાગે, પણ ઉપરથી નીચે પડવાનું એક સેકન્ડમાં થાય.

મોટું શહેર ઊભું કરવું કઠીન છે, પણ એટમબોંબથી તારાજ કરવાનું તત્કાલ થાય છે.

વેપારમાં લાખો રૂપિયા ભેગા કરવાનું મહામુશ્કેલીએ બને છે, પરંતુ ખોઈ નાખવાનું કાચી સેકન્ડમાં થાય છે. તાત્પર્ય, **વિકાસ કઠિન છે, વિનાશ સહેલો છે.**

પ્રકૃતિના આ નિયમને નાના-મોટા સૌએ અને નાનાઓએ તો ખાસ ધ્યાનમાં લેવા જેવો છે; અને એ હિસાબે સદ્ગુણો અને સુસંસ્કારોના અર્જન-રક્ષણ માટે ખૂબ સાવધાન બન્યા રહેવું જોઈએ. વર્ષોની જહેમત પછી એમાનું કંઈક કમાયાનો અનુભવ થાય છે.

આજે સારા માણસોનો અનુભવ પૂછો કે ‘તમે જે આ સત્યપ્રિય છો, સહિષ્ણુ છો, ગંભીર છો,... એ શી રીતે બન્યા ?’

તો કહેશે કે, ‘ઠેઠ નાનપણમાંથી મન દાબી દાબીને સત્ય જ બોલવાનું રાખ્યું, સહન જ કરી લેવાનું, અને જોયેલું જાણેલું અંદર પચાવવાનું કર્યે રાખ્યું છે ત્યારે આજે આ પરિણામ દેખાય છે.’

ત્યારે કોઈ દુર્ગણીનું વ્યસનીનું જીવન તપાસો કે એ શી રીતે એવો બન્યો તો દેખાશે કે મનને છૂટું મૂકી દઈને બહુ થોડા જ વખતમાં જૂઠા બોલો. અસહિષ્ણુ અને છીંછરા પેટો બન્યો છે, અગર બીજા દોષ-દુર્ગુણો કે વ્યસનોથી રંગાઈ ગયો છે.

આ સૂચવે છે કે જીવનમાં તમારે સદ્ગુણોના ભંડાર બનવું હોય, સારી આદતોવાળા થવું હોય, સુસંસ્કારો કમાવા હોય તો ઠેઠ નાની ઉંમરથી મન મારીને

પણ એનો અભ્યાસ પાડો. વિજ્ઞાને ભલે યુગની પ્રગતિ દેખાડી હોય, પણ ગુણ વિકાસની દૃષ્ટિએ વિચારતાં આજે અવનતિનો યુગ દેખાય છે. વૈજ્ઞાનિક આવિષ્કારો વધ્યા છે પરંતુ તે તો જડના ? જ્યારે જન સામાન્યના આત્મા તપાસીએ તો નૈતિક-આધ્યાત્મિક ગુણોના હ્રાસ દેખાય છે. અને દોષ-દુર્ગુણોના વિસ્તાર દેખવા મળે છે. નૈતિક હ્રાસમાં જૂઠ, પ્રપંચ અનીતિ, ટંટાફિસાદ, સ્વાર્થ શયતાનીયતા વગેરે ધૂમ પ્રસર્યા છે. એમ આધ્યાત્મિક હ્રાસમાં લક્ષ્મીની માયા, દુન્યવી સુખની ભૂખ, અભક્ષ્ય ભક્ષણ નિંદા-વિકથા ઈત્યાદિ ફાલ્યા ફૂલ્યા છે.

આજનો આ યુગ છે. એમાં પોતાના આત્માનું રક્ષણ કરી લેવું હોય તો ભારે ચોક્કસાઈ અને ચીવટથી મહેનત કરવી પડશે. દુનિયાનું વાતાવરણ અને તમારી આજુબાજુના સંયોગો તમને અસત્ય વગેરે આચરવા લલચાવશે. પરંતુ તમારે મનથી નક્કી કરી રાખવાનું કે હું મારા મહા કિંમતી આત્મ-રત્નને બગાડવા દેનાર નથી. જ્યાં જ્યાં પ્રસંગ ઊભો થશે ત્યાં ત્યાં સત્ય, ક્ષમા, ઉદારતાદિ ગુણોને અપનાવતો જઈશ. પડવું સહેલું છે ચઢવું કઠિન છે. મનુષ્યપણામાં આવવા માટે ઠેઠ એકેન્દ્રિયપણામાંથી નીકળી આગળ વધતાં વધતાં કાળના કાળ જાય છે. પણ અહીંથી સીધા એકેન્દ્રિયપણામાં પડવું હોય તો સહેલાઈથી પડાય છે.

આને બરાબર સમજી રાખી સારી આદતો અને સારા ગુણો કેળવવા માટે એક નિત્ય નોંધપોથી રાખવી અને એમાં રોજ હાજરી પૂરવી કે 'આટલી વખત જૂઠું બોલાયું, ગુસ્સો થઈ ગયો. ખરાબ વિચાર આવ્યો... ઈત્યાદિ. પાછી આ નોંધ જોતા રહેવું, તેથી એક પ્રકારની લજ્જા અને પશ્ચાતાપ રહેશે અને ભવિષ્ય માટે સંયમની જાગ્રતિ ઊભી થશે.'

સદ્ગુણો અને સુસંસ્કારોના ઘડતર માટે આવી નોંધ અને નિરીક્ષણ ઉપરાંત પ્રાયશ્ચિત્તની જરૂર છે. તે એ રીતે કે અમુક દોષ સેવાયો તો તેના પ્રાયશ્ચિત્ત રૂપે ૫-૫૦-૧૦૦-૨૦૦-૧૦૦૦ કે ૫૦૦૦ નવકાર મંત્રનો જાપ કરવો. જેટલા પ્રમાણનો દોષ તેટલા પ્રમાણનો દંડ. આદંડની પણ સુંદર માનસિક અસર Psychological Effect છે. ફરીથી કદાચ દોષ ઊભો થાય તો એના વેગને એ મંદ કરી દે છે.

બસ ખાસ કરીને વિદ્યાર્થીઓએ તો અત્યારથી જ દોષ દુર્ગુણો ઓછો કરતાં આવવાનું અને સદ્ગુણો તથા સારી આદતો કેળવતાં રહેવાનું. આપણો આત્મા તો એક અનુપમ સોનું કે હીરો છે. તીક્ષ્ણ પ્રયોગોથી પણ એનું સંશોધન કરી કરીને સો ટચના સોના જેવો અગર નિર્મળ ચકમકતા હીરા જેવો કરવાનો છે.





## અખિલ ભારતવર્ષીય જૈન સંસ્કૃતિ રક્ષક સભાની વિજ્ઞપ્તિ

ભારતવર્ષની ભૂમિ એ ધર્મ પ્રધાન સંસ્કૃતિ ધરાવતો અગ્રગણ્ય દેશ છે. એની સંસ્કૃતિની જડ એટલી બધી ઊંડી ગયેલી છે કે ભૂતકાળમાં પણ મુસલમાન બાદશાહોના સમયમાં અનેક ઝંઝાવાતો સહન કરવા છતાં તે ઉખેડી શકાઈ નથી. પણ વર્તમાન કાળે આપણે પ્રત્યક્ષ અનુભવ કરી રહેલ છીએ કે આધુનિક ભૌતિક કેળવણી-યંત્રવાદ અને આડંબરયુક્ત પ્રચારથી આધ્યાત્મિક સંસ્કૃતિ અને માનવતાના અણમોલ જીવન-સંસ્કારો પર ભયંકર કુઠારાઘાત થઈ રહેલ છે. પ્રખર વિદ્વાનોએ સાચે જ કહ્યું છે કે "કદાચ બ્રિટન અને અમેરિકાની હરોળ જેવો દેશ સમૃદ્ધ બનશે, પરંતુ તે સાથે તેની સંસ્કૃતિ અને ધર્મનો વારસો ભવિષ્યની પ્રજા ગુમાવતી જશે, એટલું જ નહીં પણ પ્રજાના શાંતિમય જીવનનો નાશ થશે." આધુનિક સ્વરાજ્ય મળ્યા પછી કેન્દ્ર અને રાજય સરકારો નાણાં મેળવવા અને સમગ્ર પ્રજાની જીવનચર્યામાં ભૌતિકવાદમાં પલટો કરાવવા ધાર્મિક સંસ્થાઓને સુવ્યવસ્થિત કરવાના બહાનાથી પબ્લિક ટ્રસ્ટ એક્ટ જેવા કાયદાઓ લાવી તેનો અમલ કરી રહેલ છે.

પરંતુ જૈન શાસનનું બંધારણ એટલું બધું સચોટ અને વ્યવસ્થિત છે કે જ્યાં લેશ માત્ર દુરુપયોગ થવાનો સંભવ નથી. અને ગમે તેવી બાહોશ વ્યક્તિથી પણ ઈરાદાપૂર્વક થતી અવ્યવસ્થા નભી શકતી નથી. કારણ બીજા બધા ધર્મો કરતાં જૈન ધર્મના સિદ્ધાંતો બહુ જ ઝીણવટ ભરેલા સ્પષ્ટ અને દૃઢ છે. ધર્મ એ સર્વોપરી છે. રાજ્ય સત્તા પણ ધર્મને આધિન છે તે વસ્તુને અવગણીને આધુનિક રાજ્યતંત્ર કાયદાઓ કરી ધર્મતંત્રમાં પણ ડખલગીરી કરી ભયંકર નુકસાન કરી રહેલ છે. તેની રક્ષા માટે પૂ. મુનિવર્ય શ્રી ધર્મસાગરજી ગણિવર્યના સદુપદેશથી શ્રી ચાણસ્મા જૈન સંઘ સ્થાપિત શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા યથાશક્ય કાર્ય કરી રહેલ છે. આ સભાના સેવાભાવી કાર્યકર્તાઓ અને સભ્યો હજારોની સંખ્યાં ભારતવર્ષના દરેક પ્રદેશના છે. સભાના કુલ છ અધિવેશનો (૧) શ્રી શંખેશ્વર તીર્થ (૨) સિદ્ધક્ષેત્ર પાલીતાણા (૩) મુંબઈ (૪) અંતરીક્ષજી તીર્થ (૫) મહેસાણા (૬) અને તારંગા તીર્થે થયેલ છે. અગીયાર વર્ષના ટૂંકા કાળમાં સંસ્થાએ શ્રી સંઘની આજ્ઞા અને સહકારથી યથાશક્ય વિવિધ કાર્યવાહીઓ કરી છે તેનો ટુંકમાં નિર્દેશ કરાય છે.

(૧) રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મુંબઈ અને મધ્યસ્થ સરકારમાં આવેલ બાલદીક્ષા, સંન્યાસ દીક્ષા પ્રતિબંધાદિ બીલોનો પ્રતિકાર કરી પસાર થતા અટકાવેલ છે. (૨)

બિહાર, મધ્ય પ્રદેશ, યુ.પી., રાજસ્થાન અને મુંબઈ સરકારના પબ્લિક ટ્રસ્ટ એક્ટોની ભયંકરતા પ્રજાને સમજાવી સખત પ્રતિકાર કરવા છતાં બહુમતીના જોરથી પાસ કરવામાં આવેલ તે કાયદાઓને વેજલપુર સંઘ તરફથી રતિલાલ પાનાચંદના નામથી મુંબઈ હાઈકોર્ટ દિલ્હી, સુપ્રીમ કોર્ટ સુધી કાયદેસર લડત ચલાવી જૈન જૈનેતર તમામ ધાર્મિક ટ્રસ્ટોને અમૂલ્ય લાભ પહોંચાડેલ છે. (૩) જૈન સમાજથી હિંદુ છે પણ ધર્મથી સ્વતંત્ર અને અનાદિકાળથી છે તે સાબિત કરી હરિજનો જૈન મંદિરમાં પ્રવેશ કરી શકે નહી તેવા પ્રકારના જજમેન્ટો હાઈકોર્ટથી પ્રાપ્ત થયેલ છે. (૪) તે ઉપરાંત ભગવાન મહાવીરદેવ પર માંસાહારનો આક્ષેપ મુનિચર્યા માટેના પાઠ્ય પુસ્તકોમાં થતી હાંસી, રતલામ શાંતિનાથ મંદિર પ્રકરણ-ભારત સાધુ સમાજની પોકળતા, હિંદુ કોડ બીલ આદિ આધ્યાત્મિક સંસ્કૃતિ ઘાતક બીલોમાં યોગ્ય પ્રતિકાર કરી રક્ષાનું કાર્ય કરેલ છે. (૫) રાજસ્થાન ટ્રસ્ટ બીલ આવતાં શ્રી નાકોડાજીતીર્થે શ્રી રાજસ્થાન જૈન સંસ્કૃતિ રક્ષક સભાની સ્થાપના કરી આ બીલનો સખત વિરોધ કરી બે વખત ઊડાડી દેવરાવેલ. આખરે હમણાં પાસ થયેલ છે તે અંગે રીટ કેસ કરી ગેરકાયદેસર ઠરાવવા વિચારણા ચાલુ છે.

(૭) સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી મુંબઈ ટ્રસ્ટ એક્ટની કેટલીક કલમો રદ કરાવવા છતાં ચેરીટી કમિશનર તરફથી સુપ્રીમનો સિદ્ધાંત લગાવી ધાર્મિક ટ્રસ્ટોને કેળવણી, દવાખાનામાં કોર્ટ કેસો થયા તેમાં આ સભાએ સામનો કરેલ છે. (૧) ભરૂચ ઝવેરચંદ ડાહ્યાભાઈ સ્વામીવાત્સલ્ય કેસ અપીલમાં સુપ્રીમ કોર્ટમાં ચાલુ છે. કાસોર પરબડી (૨) લુણસાવાડા પરબડી (૩) કડી ધર્મશાળા ટ્રસ્ટ (૪) ગંધાર તીર્થ સાતક્ષેત્ર આદિમાં કોર્ટદ્વારા વ્યવસ્થિત લડત આપી દરેક ટ્રસ્ટો કાયમ રખાવીને તે ખાતામાં જ વાપરવા તેવા સુંદર ચુકાદાઓ મેળવેલ છે. (૩) કાસોર કુતરા ખાતું (૨) ગવાડા પરબડી ખાતું (૩) અમદાવાદ સદાવ્રત ટ્રસ્ટ (૪) પાટના કુવા પરબડી ટ્રસ્ટ સભાની જાણ બહાર રહેવાથી ડી. કોર્ટના જજમેન્ટો સુપ્રીમનો સિદ્ધાંત લગાડી ફેરવવાનો થયેલ છે તે અંગે ગુજરાત હાઈ કોર્ટમાં અપીલો ચાલુ છે.

(૮) પરમ પવિત્ર પ્રાચીન **શ્રી કેશરીયાજી તીર્થ**માં ઉદયપુર સંઘની આપણી કમિટીને બાજુએ મૂકી રાજસ્થાન સરકાર આપખુદીથી મનસ્વી વહીવટ કરી ભયંકર આશાતના કરી રહેલ છે તે અંગે રાજસ્થાન સરકાર સામે કાયદેસર લડત ચાલુ છે. તીર્થપ્રેમી ભાઈઓ ઉદારતાપૂર્વક આ અંગે નાણાકીય મદદ મોકલી તીર્થ રક્ષાના કાર્યમાં પૂરેપૂરા સહકાર આપશે એવી આશા છે. (૯) વર્તમાન કાળે આપણી આરાધના સાથે આધ્યાત્મિક સંસ્કૃતિની રક્ષાની પણ તેટલી જ જરૂર છે. ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છની પવિત્ર ભૂમિઓમાં મત્સ્ય ઉદ્યોગ જેવી ભયંકર હિંસાની યોજનાઓ અને



પાઠ્ય પુસ્તકો દ્વારા માંસાહારનો પ્રચાર વધી રહેલ છે. આ બધા ધર્મરક્ષાના કાર્યોને પહોંચી વળવા આર્થિક સહાયતાની પૂરેપૂરી આવશ્યકતા રહે એ સ્વભાવિક છે.

અંતમાં પૂજ્ય આચાર્ય ભગવંતો, મુનિરાજો, સાધ્વીજી, મહારાજાઓ તથા સંઘોને આગ્રહભરી વિનંતિ છે કે શાસન રક્ષાના કાર્યોમાં ઉપદેશ આપી દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય અને જીવદયાના આવકોમાંથી સારી રકમો મોકલી આપી સંસ્થાનું કાર્ય વેગવંત રહે તે પ્રમાણે કરવા કૃપા કરશોજી. જે જે ખાતાના નાણાં હશે તે તે ખાતે જૈન સિદ્ધાંતાનુસાર ઉપયોગ થાય છે અને થશે. કોઈ પણ ધાર્મિક ટ્રસ્ટ અને શાસનના હિતોની રક્ષા માટે સૂચના મળવાથી યથાશક્ય સેવા કરવાના અમારા કાર્યોને આપ બધા પૂરતો સહકાર આપશો એ જ શુભેચ્છા.

લી.શ્રી સંઘ સેવકો **શા. હીરાલાલ ધરમચંદ** બી.એ. વગેરે

## :: નાણાં મોકલવાના સ્થળો ::

(૧) **ઈશ્વરલાલ વાડીલાલની પેઢી** : ૧૦૧-૧૦૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ.

(૨) **લાલભાઈ એલ. પરીખ (સી.એ.)** : દાલીયા બિલ્ડિંગ, એલીસબ્રીજ, અમદાવાદ.

(૩) **રતિલાલ જીવણલાલ** : નાથાવોરાની શેરી, વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)

(૪) **શ્રી જૈન શ્વે. સંઘની પેઢી** : પીપલી બજાર, ઈન્દોર સીટી. (M.P.)

''દિવ્ય-દર્શન'' - **''પ્રકીર્ણ પ્રસાદ''** વર્ષ-૯,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૬૦

## ''નમોત્થુણં૦ સંબંધી ચિંતન''

### - લેખક (અમૃતલાલ કાલીદાસ દોશી)

અમદાવાદમાં ફાગણ માસમાં શ્રી લલિત વિસ્તરા વિવેચન 'પરમતેજ'ના પ્રકાશન નિમિત્તે મારા વક્તવ્ય અંગે જે અનુચિત શંકાઓ ઉપસ્થિત કરવામાં આવે છે, તેના નિરાકરણ અર્થે આ લેખ લખ્યો છે, સાથે એટલો ખુલાસો કરી લઉં કે પંચ પરમેષ્ઠીનું ચિંતન નમુત્થુણં દ્વારા કેવી રીતે હું કરું છું તે મેં પહેલાં જ મારા વક્તવ્યમાં સ્પષ્ટ કહેલું, અને સાથે જ દર્શાવેલું કે આ મારો એક અખતરો જ છે અને આપ સૌ સમક્ષ ચિંતન માટે રજૂ કરું છું. એથી 'નમુત્થુણં'ના ચાલુ અર્થ મૂકીને બીજા જ અર્થ કરવા માંડ્યાં, એવી જાતનો કોઈ આક્ષેપ કરે તો તે પાયા વિનાનો છે, અર્થ તો પૂર્વ મહર્ષિઓએ કર્યા તે બરાબર માનું છું. પરમેષ્ઠી ઉપર

ચિંતન કરવાના વિવિધ સાધનોમાં 'નમુત્થણં' સૂત્ર પણ એક સાધન બની શકે છે એ માટેનો મારો પ્રયોગ મેં રજૂ કર્યો હતો.

જૈન દર્શનના પ્રાર્થના સૂત્રોમાં પરમેષ્ઠી શ્રી અરિહંતદેવની ભવસ્થપણાની અપેક્ષાએ નમુત્થુણં સ્તવનમાં સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિનું પંચમગંલ મહાસુયક્ખંધના અથવા નમસ્કાર મંત્રના સ્તુતિપદો સાથે કયા પ્રકારે સામ્ય છે તે આપણે અહીં તપાસીશું.

નમસ્કારમંત્રમાં નમસ્કાર કોનો અને શા માટે તે વિચારીએ.

'સર્વ જગતમાં જે કોઈ ઉત્તમોત્તમ થઈ ગયા અને જે કોઈ થશે તે સર્વ અરિહંત આદિ જ છે. તે સિવાય બીજા કોઈ નથી જ.' ચરમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુનાં વચનો શ્રી મહાનિશીથ સૂત્રમાં આ પ્રમાણે આપણને પ્રાપ્ત થાય છે. તેથી નમસ્કારમંત્ર દ્વારા દ્રવ્ય અને ભાવ નમસ્કાર થાય છે તે ઉત્તમોત્તમની પરમેશ્વર પરમેષ્ઠીની સ્તુતિરૂપ છે અને તે પરમસ્તુતિ છે. તથા તે દ્વારા ધ્યાન કરીએ તો તે પરમ ધ્યાન છે.

નમસ્કારમંત્રમાં 'મંત્ર' શબ્દનો અર્થ વિચારીએ. મંત્ર તે છે કે જે મનની કરવાથી રક્ષણ કરે છે; અથવા જાપ કરવાથી ફળદાયી થાય છે. અર્થક્રિયાકારી થાય છે. નમસ્કારમંત્રમાં સકલ અર્થક્રિયાકારિત્વનું સામર્થ્ય છે અને તેથી તે પરમમંત્ર છે. એવા મંત્રકલ્પો છે કે જેનું અર્થક્રિયાકારિત્વ અમુક અંશે ફળદાયી હોય પરંતુ એક સાથે અને સંપૂર્ણ પ્રકારે ફળદાયી હોય તેવો તે નમસ્કારમંત્ર જ છે.

આપણે ઉપર શાબ્દિક અર્થ વિચાર્યા; પરંતુ પરમાર્થની (નિશ્ચયની) દૃષ્ટિએ વિચારીએ તો (૧) મંત્ર (૨) દેવતા અને (૩) ગુરુ-આ ત્રણેનું ઐક્ય છે. આ કારણે મંત્રશાસ્ત્રોમાં મંત્રને સાધારણ શબ્દની માફક કેવળ સામાન્ય અર્થનો બોધક નથી માન્યો કે જે પ્રાપ્ત થવાથી મંત્રનું કાર્ય સમાપ્ત થાય. પરંતુ મંત્રને સમસ્ત શબ્દ અને અર્થનો મૂલ માન્યો છે. નમસ્કારમંત્ર લબ્ધિ અક્ષર રૂપે ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે. આ કારણે તે અતિ આવશ્યક છે કે આરાધકના ચિત્તમાં મંત્ર પ્રત્યે સાધારણ સદ્ભાવ ન રહેવો જોઈએ; પરંતુ બ્રહ્મભાવ જાગૃત થવો જોઈએ કે જેથી મંત્ર લબ્ધિ-અક્ષરરૂપે અથવા ચૈતન્યરૂપે સ્ફુરિત થાય અને આરાધક તેમાં લીન રહે.

ઉપર્યુક્ત મંત્રદેવતા અને ગુરુનું ઐક્ય શ્રી પરમેશ્વર પરમેષ્ઠી અરિહંતદેવમાં જ લાધશે. તેથી નમસ્કારમંત્રના પાંચ અધ્યયનો અરિહંતદેવની આરાધનાના પણ બોધક છે, તો તે દૃષ્ટિએ ઘટાવી શકાય. આ પ્રકારે શ્રી સિંહતિલકસૂરિએ તેમની અપ્રકાશિત 'મંત્રરાજરહસ્ય' નામની હસ્તલિખિત પ્રતમાં નિર્દેશ કર્યો છે તે નીચે



પ્રમાણે છે :

**अर्हत्-सिद्धाचार्योपाध्यायमुनित्वरूपमर्हन्तः ।**
**पूज्योपचार-देशक-पाठक-निर्विषयचित्तत्वात् ॥३१५॥**
**( श्री सिंहतिलकसूरिविरचित्तम् मंत्रराजरहस्यम् )**

'અરિહંતો પંચપરમેષ્ઠી સ્વરૂપે છે, કારણ કે તેમનામાં પૂજ્યતા હોવાને લીધે તેઓ અરિહંત છે. ઉપચારકતા (દ્રવ્ય સિદ્ધત્વ) હોવાને લીધે તેઓ (અરિહંત) સિદ્ધ છે, ઉપદેશકતા હોવાને લીધે તેઓ (અરિહંત) આચાર્ય છે, પાઠકતા હોવાને લીધે તેઓ (અરિહંત) ઉપાધ્યાય છે. અને ચિત્તનું નિર્વિષયીપણું હોવાને લીધે તેઓ (અરિહંત) સાધુસ્વરૂપે છે.'

તીર્થંકર દેવની અપેક્ષાએ દ્રવ્યતીર્થંકરોની સ્તુતિ થાય છે અને તેમાં બાધ નથી.

'આ રીતે આપણે અરિહંતમાં પાંચ પરમેષ્ઠીનું ચિંતન કરી શકીએ; અને તે માટે 'નમોત્થુણં' સૂત્ર એક સાધન બની શકે છે.'

શ્રી સિંહતિકલસૂરિના કથનને પુષ્ટિ કરે તેવા આધારો મળ્યા છે તે અહીં રજૂ કરું છું :

(૧) **व्यवच्छेदश्चेह सर्वत्र गुणप्रकर्षवान् स्तवार्ह इति, तस्य तत्संपादने तदन्तर्गतगुणानां तत्संपादनमेवेति न्यायख्यापनार्थमिति तु निराकरणार्थमेव ।**

**-श्रीपञ्चसूत्रम् पत्र-२, पृष्ठ १**

(૨) 'શ્રી જિનપ્રતિમાની આગળ સ્થાપનાચાર્ય સ્થાપવા નહિ, કારણ કે-શ્રી તીર્થંકરદેવમાં અરિહંતાદિ સર્વ પરમેષ્ઠી કહેલાં છે, જેથી તેઓના બિંબમાં પણ એ સર્વની સ્થાપના ઘટિત છે જ. શ્રી વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે-

**'सजिणो जिणाइसयओ, सो चेव गुरू गुरूवणसाओ ।**
**करणाई ( य ) विणयणाओ, सोचेव भओ उ उज्झाओ ॥'**

'તીર્થંકરના સર્વ અતિશયો તેઓશ્રીમાં હોવાથી તેઓ જિન છે, ગુરુરૂપે ઉપદેશ આપતા હોવાથી તેઓ ગુરુ-આચાર્ય પણ છે અને કરણ એટલે ઈન્દ્રિયો વગેરેને નમાવનારા અર્થાત્ વિનયમાં લાવનારા (ભવ્યાત્માઓને વિનીત બનાવનારા) હોવાથી તેઓ ઉપાધ્યાય પણ છે.'

વળી શ્રી સંઘાચારભાષ્યમાં શ્રી સ્કંદક કથામાં કહ્યું છે કે-

**बुध्यत्वं भविकाः ! स्कुटं तदरि( रु )हद्बिबेष्वपि स्थापना-चार्यत्वादि तथा क्षमाश्रमणकै कार्यो ( केर्यादिः ) विधि-स्तत्पुरः ।**